
णमो तित्थस्स

णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રમણ ભગવાન મહાવીરે દ્વાદશાંગીના સાર તરીકે દર્શાવેલ
સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિજી તથા કલિકાલસર્વજ્ઞશ્રીએ સંયમ બાળકની માતા તરીકે વ
શ્રી મુનિચન્દ્રસૂરિજીએ મહાવ્રત તરીકે વર્ણવેલ, મહોપાધ્યાય શ્રીયશોવિજયજીએ ચારિત્ર રૂ




# અષ્ટ પ્રવચન માતા


(માત્ર સંયમીઓ માટે)

## મુનિશ્રી ગુણહંસવિજયજી

णमो तित्थस्स

णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રમણ ભગવાન મહાવીરે દ્વાદશાંગીના સાર તરીકે દર્શાવેલ
સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિજી તથા કલિકાલસર્વજ્ઞશ્રીએ સંયમ બાળકની માતા તરીકે વર્ણવેલ
શ્રી મુનિચન્દ્રસૂરિજીએ મહાવ્રત તરીકે વર્ણવેલ, મહોપાધ્યાય શ્રીયશોવિજયજીએ ચારિત્ર રૂપે પ્રરૂપેલ




# અષ્ટ પ્રવચન માતા

(માત્ર સંયમીઓ માટે)

પ્રેરક


પં. ચન્દ્રશેખરવિજયજી મહારાજના શિષ્ય
મુનિશ્રી ગુણહંસવિજયજી મહારાજ સાહેબ

णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स ॐ णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,

રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**લેખક :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**ના વિદ્વાન શિષ્યરત્ન

**મુનિશ્રી ગુણહંસવિજયજી**

**આવૃત્તિ :**

પ્રથમ સંસ્કરણ : નકલ : ૨૫૦૦ વિ.સં. ૨૦૬૨,

તા. ૧૫-૫-૨૦૦૬

મૂલ્ય રૂા. ૧૦૦/-

**ટાઈપસેટિંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ

**મુદ્રક :**

**ભગવતિ ઓફસેટ**

બારડોલપુરા,

અમદાવાદ

णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स ॐ णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स

## ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ આપનું સ્નેહભર્યું સૌજન્ય.

પૂજયપાદ પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના નૂતન પ્રકાશિત થનારા પુસ્તકમાં આપના શ્રીસંઘે જ્ઞાનખાતાની રકમ આપી લાભ લીધો તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

---

● સૌજન્ય ●

**ડીસા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ પેઢી**

સદર બજાર, ડીસા-૩૮૫૫૩૫

(જીલ્લો - બનાસકાંઠા)

णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स ॥ णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स

## ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ આપનું સ્નેહભર્યુ સૌજન્ય.

પૂજ્યપાદ પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના નૂતન પ્રકાશિત થનારા પુસ્તકમાં આપના શ્રીસંઘે જ્ઞાનખાતાની રકમ આપી લાભ લીધો તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

---

● સૌજન્ય ●

### શ્રી મોરીયા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ

મુ. મોરીયા, તા. વડગામ, જીલ્લો - બનાસકાંઠા
(ઉત્તર ગુજરાત)

વીર વીર વીર વીર વીર વીર વીર વીર વીર વીર વીર વીર વીર વીર વીર

णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स ॐ णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स

णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स

# પ્રસ્તાવના

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી વિજયપ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત-જયશેખર-અભયશેખરસૂરિભ્યો નમઃ ॥

એક પ્રખ્યાત જૈન ડોક્ટરને મિત્રે બટાટાની વેફરની ઓફર કરી. ડોક્ટરે ના પાડી. ત્યારે મિત્રે પૂછ્યું - "શું ડોક્ટર થઈને પણ તું બટાટામાં અનંત જીવ છે એવી શ્રદ્ધા રાખે છે ?" ત્યારે ડોક્ટરે કહ્યું - "હું એવી શ્રદ્ધાથી ના નથી પાડતો, પણ મારી માતા પ્રત્યેની શ્રદ્ધાથી ના પાડું છું. મને એટલી ખબર છે કે મારી માતાને હું કંદમૂળ ખાઉં, તે નથી ગમતું. માટે હું કંદમૂળ નથી ખાતો."

પોતાના જીવન ઘડતરમાં, સંસ્કારસિંચનમાં માતાના અનન્ય ઉપકારને, માતાના વાત્સલ્યને અને માતાની પોતાના પ્રત્યેની કાળજીને નજરમાં રાખી ડોક્ટર માતાના હૃદયને સાચવે, તે ખોટું નથી. બલ્કે અત્યંત ઉચિત છે. દુનિયામાં ભલભલા મોટા માણસો માતાના ઉપકારને સ્વીકારે છે, ને ઋણ અદા કરવામાં ગૌરવ અનુભવે છે.

પંચ પરમેષ્ઠીમાં પંચમ પદે બિરાજતા અને બાકીના ચાર પરમેષ્ઠીપદમાં પણ બીજરૂપે રહેલા સાધુ ભગવંતો જગતના શ્રેષ્ઠ મહાપુરુષ છે. એમને તો એમની માતા પ્રત્યે કેવી લાગણી હોય ?

ભગવાને ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિને – આ આઠને સાધુના ચારિત્રરૂપી શરીરનું ઘડતર કરતી આઠ માતાઓ તરીકે નવાજી છે. સાધુમાં જે કાંઈ સાધુતા છે, જેટલો કશો પણ ગુણવિકાસ છે, દયાનો જે અસ્ખલિત સ્રોત વહેતો રહે છે તે બધા પાછળ આ આઠ માતાનો અનન્ય હિસ્સો છે.

સમજુ માતા જેમ નાના બાળકને મોંમા માટી નાંખતો અટકાવે છે ને મોટા બાળકને કંદમૂળ ખાતા રોકે છે. તેમ આ અષ્ટપ્રવચનમાતા નુતન સાધુને બાહ્યસ્તરે-પ્રાથમિક ભૂમિકાની સ્ખલનાઓથી રોકે છે, તો ગીતાર્થ સાધુને આંતરિક સ્તરે - ઉપલી ભૂમિકામાં થતા પ્રમાદોથી અટકાવે છે.

સંસારીઓ જે - જે પ્રવૃત્તિઓથી કર્મ બાંધે, તે-તે જ પ્રવૃત્તિ કરવા છતાં સાધુ કર્મ બાંધે નહીં, એવી જે સાધુમાં વિશિષ્ટતા ઉભરી આવે છે એમાં આ ગુપ્તિ-સમિતિરૂપ આઠ માતાઓનો જ મુખ્ય હિસ્સો રહે છે. સાધુ માટે 'જયં' 'જતના' એ પાપનિવારક મહામંત્ર છે અને આઠ પ્રવચનમાતાનું સારભૂત તત્ત્વ જ આ જતના (યતના) છે.

સંવરના મુખ્ય છ કારણો-ઉપાયો છે (૧) ગુપ્તિ (૨) સમિતિ (૩) ક્ષમા વગેરે યતિધર્મો (૪) અનિત્યાદિ ૧૨ ભાવના (અનુપ્રેક્ષા) (૫) પરીષહજય અને (૬) સામાયિક વગેરે પાંચ ચારિત્ર.

આના પેટા ભેદ ૫૭ છે. પણ હકીકતમાં બાકીના સમિતિ વગેરે પાંચ ભેદો ગુપ્તિ નામના મુખ્ય સાધુ ધર્મની રક્ષા માટે છે, અને આગળ વધીને કહીએ, તો 'બાકીના ૫૬ ભેદો મનોગુપ્તિ નામના પ્રથમ ભેદને જ ટકાવવા, મજબૂત કરવા છે' એમ કહીએ તો પણ વાંધો ન આવે. તેથી જ કહેવાય છે કે **મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.**

ઉપમિતિકારે પણ કાયાની એક પણ ચેષ્ટા વ્યર્થની ન કરનારને જઘન્ય તત્ત્વજ્ઞ, એક પણ વ્યર્થવચન ન બોલનારને મધ્યમ તત્ત્વજ્ઞ અને મનથી એકપણ ખોટો વિચાર નહીં કરનારને ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞ કહ્યા છે, અને જેનો નંબર આ ત્રણમાં ન આવે એને તત્ત્વજ્ઞ તરીકે સ્વીકારવાની જ ના પાડી દીધી છે.

આવા આ અત્યંત મહત્ત્વના ૩ ગુપ્તિ અને પાંચ સમિતિ રૂપ અષ્ટ પ્રવચન માતા અંગે પૂર્વાચાર્યોએ ઘણું વિવરણ કર્યું છે પ્રસ્તુતમાં પણ ખૂબ જ સુંદર – હૃદયસ્પર્શી ભાષામાં વિવેચન પીરસ્યું છે. દરેક સાધુ-સાધ્વીને આઠ માતાનું સૂક્ષ્મપાલન અને તે દ્વારા ચારિત્ર બાળકને પુષ્ટ કરવા માટે આ વિવેચન ખૂબ ઉપયોગી થશે તે નિઃશંક છે.

આ સમગ્ર વિવેચન મારી પાસે સંશોધન માટે આવ્યું ત્યારે વાસ્તવમા તો એના વાંચનથી મારું પ્રવચન માતાઓ પ્રત્યેના વ્યવહારનું સંશોધન થઈ ગયું.

આમાં ગુપ્તિ-સમિતિનું વિશદ-સાધુજીવનોપયોગી વિવેચન તો છે જ, પણ મનોગુપ્તિનું - ખાસ કરીને મધ્યસ્થભાવનું વિવેચન તો ટોચ પર છે - શિખર સમાન છે. જીવનમાં ડગલે-પગલે આવતા પ્રસંગોમાં કેવી ચીવટથી ગુપ્તિ-સમિતિ પાળી શકાય, તે અંગેનો પ્રકાશ પણ ચારિત્રજીવનમાં અજવાળુ પાથરવા સક્ષમ છે.

આ વાંચન દ્વારા આપણે પાળીએ છીએ, તે આઠ પ્રવચનમાતા વધુ રૂડી રીતે પળાય, જ્યાં સ્ખલના થાય છે ત્યાં સાવધાનીથી સ્ખલના દૂર કરાય અને આપણું ચારિત્રજીવન વધુ સુદૃઢ બને તો વાંચન સફળ.

છેવટે પેલા ડોક્ટરની જેમ આપણા ચારિત્રની જનક, પોષક, સંવર્ધક, સંશોધક અષ્ટ પ્રવચન માતા ખાતર પણ આપણે સ્ખલનાઓ - અજયણાઓથી મુક્ત થઈએ, તો પણ એ આપણી ઉત્તમતા ગણાશે. 'મારી અજયણા મારી આ માતાઓને નહીં ગમે' એ સતત યાદ રહે, તો પણ ઘણું સારું.

**પ્રાંતે આત્મહિતકર આવા પ્રકાશન આપણને સતત મળતા રહે તેવી લેખક પ્રત્યેની શુભેચ્છા સહ...**

જિનાજ્ઞા વિરુદ્ધ લખાણ માટે મિચ્છામિ દુક્કડમ્...

– અજિતશેખર વિજય.

णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स

## જરાક આટલું વાંચીને આગળ વધવું

આસન્નોપકારી, ચરમતીર્થાધિપતિ, શ્રમણ ભગવાન મહાવીરે વિશ્વના જીવોના હિત માટે સર્વવિરતિ નામનો સર્વોત્તમ મોક્ષમાર્ગ દર્શાવ્યો. સર્વવિરતિ એટલે મુખ્યત્વે પાંચ મહાવ્રતોનું અણિશુદ્ધ પાલન. પાંચ મહાવ્રતો જેટલા વધુ નિર્મળ-શુદ્ધ, આત્મપરિણતિ-ચારિત્રપરિણતિ એટલી જ વધુ નિર્મળ-શુદ્ધ !

ઉપદેશપદવૃત્તિકાર મહાપુરુષે ઈર્યાસમિતિ વગેરે આઠ પ્રવચનમાતાઓને મહાવ્રતસ્વરૂપ દર્શાવી છે, અને આપણે સૌ શ્રમણ-શ્રમણીઓ યાવજ્જીવ મહાવ્રતો પાળવાની ભીષ્મપ્રતિજ્ઞા લઈ ચૂક્યા છીએ. હવે જો આઠ માતાઓ એ મહાવ્રત રૂપ હોય, તો મહાવ્રતની પ્રતિજ્ઞાવાળા આપણે સૌએ આઠ માતાઓનું પાલન-રક્ષણ કરવું જ જોઈએ.

આપણી પાસે બીડી-સિગારેટ નહિ પીવાની પ્રતિજ્ઞા કરીને નીચે ઉતરેલો પુરુષ નીચે ઉતરતાની સાથે જ બીડી-સિગારેટ પીવા માંડે અને એ બારીમાંથી આપણે જોઈએ તો સ્વાભાવિક છે કે આપણને આઘાત લાગે. એને પાછો ઉપર બોલાવી કહીએ કે ભલા માણસ ! બીડી-સિગારેટ પીવાની છોડવી જ ન હતી, તો બાધા શું કામ લીધી ? હવે પ્રતિજ્ઞા લીધી જ છે, તો એને પ્રાણના ભોગે ય પાળવી જોઈએ. પ્રતિજ્ઞાભંગ અતિભયંકર પાપ છે.''

આ જ હકીકત આપણને લાગુ નથી પડતી ને ?

પાંચ મહાવ્રતની પ્રતિજ્ઞા લીધા બાદ એ પાંચ મહાવ્રતરૂપ આઠ માતાઓનું પાલન આપણે ન કરીએ, એના ભંગ કરીએ તો શ્રીગણધર ભગવંતો વગેરે આપણને એમ ન કહે ? કે, "આ રીતે પ્રતિજ્ઞા લઈને પછી નિષ્ઠુર બની એના ભંગ કરવા, એ તો અનંતસંસારનું કારણ છે. લીધેલી પ્રતિજ્ઞાને સખત પુરુષાર્થ સાથે પાળવી જ જોઈએ..."

એ પાલન માટે અષ્ટપ્રવચનમાતાનું સ્પષ્ટ જ્ઞાન હોવું આવશ્યક છે. આપણા પ્રભુવીરે ઉત્તરાધ્યયનસૂત્રમાં અને એ સિવાય અનેક મહાપુરુષોએ તે તે ગ્રન્થોમાં અષ્ટ માતાનું નિરૂપણ કરેલ છે, પણ એ નિરૂપણ અતિગંભીર હોવાથી સામાન્ય શ્રમણ-શ્રમણીઓ એનો ભાવાર્થ, એનું રહસ્ય સમજી શકે, એ લગભગ શક્ય નથી. એટલે જ એ બધાને લાભ થાય, તે માટે આ ગુજરાતી વિવેચન તૈયાર કર્યું છે.

આ પદાર્થો વાર્તા જેવા સરળ કે સડસડાટ વાંચવા જેવા નથી, પણ એ ચિંતનમનન કરવા જેવા છે. શક્ય છે કે આ અત્યંત સૂક્ષ્મ પદાર્થો કેટલાકોને કંટાળાજનક નકામા ય લાગે. પણ એમણે એ વિચારવું જોઈએ કે ખુદ પ્રભુવીર આ બધું પાળતા હતા અને આપણને સૌને આ પાળવાનું કહી ગયા છે. આ પદાર્થો ઉપર કંટાળો-અણગમો એટલે ભગવાનના વચન ઉપર અણગમો - મહાવ્રતો ઉપર અણગમો - લીધેલી પ્રતિજ્ઞા ઉપર અણગમો સાબિત થાય. શું આ નાનકડું પાપ છે !

**પુસ્તક અંગે કંઈક :**

(૧) એષણાસમિતિમાં મુખ્યત્વે ૪૨ + ૫ દોષોનું વર્ણન આવે. એ બધું જ મુનિજીવનની બાલપોથીમાં વર્ષો પૂર્વે છપાઈ ગયું છે. એટલે અહીં વર્તમાનકાળને નજર સામે રાખીને એ દોષોનું વર્ણન કરવામાં આવેલ

છે, એટલે કે એ ૪૨ દોષો વર્તમાનમાં કેવી કેવી રીતે લાગી શકે ?.... એનું મુખ્યત્વે વર્ણન કરેલ છે.

જેમણે તે ૪૨ દોષોના ભેદ-પ્રભેદ વગેરે જોવા હોય એમણે બાલપોથી... પુસ્તક જોવું.

(૨) પારિષ્ઠાપનિકા સમિતિમાં શરૂઆતમાં શાસ્ત્રીયદૃષ્ટિએ તેનું સ્વરૂપ વર્ણવ્યા બાદ છેલ્લે વર્તમાનકાળમાં આ સમિતિ અંગે જે અત્યંત ચિંતાજનક પરિસ્થિતિનું નિર્માણ થયું છે તે જણાવેલ છે. તમામ શ્રમણ-શ્રમણીઓને એ વાંચવા અને વિચારવા માટે ભલામણ છે.

(૩) મનોગુપ્તિનું વાંચન સંયમીઓને પરિણતિના ઘડતર માટે ઉપયોગી બની રહેશે એમ લાગે છે. એ વાંચવાનું ન ચૂકાય તો સારું.

(૪) પુસ્તકમાં છેલ્લે પરિશિષ્ટમાં દોઢસો જેટલા શાસ્ત્રપાઠો આપેલા છે. એના નંબરો આગળ લખાણમાં તે તે સ્થાને આપેલા જ છે. શાસ્ત્રપાઠો આપવાનું પ્રયોજન એટલું જ કે સંયમીઓને તે પાઠો જોઈ તે તે પદાર્થોમાં દૃઢ શ્રદ્ધા થાય.

પુસ્તકમાં શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા ન થઈ જાય એ માટે વિદ્વદ્વર્ય પંન્યાસ શ્રી અજિતશેખરવિજયજીને આખું ય લખાણ ચકાસવા આપ્યું અને એમણે સૂક્ષ્મ દૃષ્ટિથી એ તપાસી આપ્યું. આમ છતાં છદ્મસ્થતાને લીધે ક્યાંય પણ જિનાજ્ઞાવિરુદ્ધ લખાઈ ગયું હોય તો અંતઃકરણથી ક્ષમા ચાહું છું.

મહાયોગી આનંદઘનજીએ શ્રીઅજિતનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે કે, **"વસ્તુ વિચારે દિવ્યનયન તણો રે, વિરહ પડ્યો નિરધાર. તરતમજોગે તરતમવાસના રે, વાસિત બોધ આધાર."** વાસ્તવિક વસ્તુઓનો વિચાર કરવામાં સમર્થ જે દિવ્યદૃષ્ટિ હતી, એનો તો આજે વિરહ પડ્યો છે. આ નિશ્ચિત હકીકત છે. અર્થાત્ એવી ઢગલાબંધ બાબતો છે કે જે વિષયમાં અત્યંત સ્પષ્ટ બોધ ધરાવનાર વ્યક્તિ પ્રાયઃ મળતી નથી. એટલે જ જેને જેને જેવો જેવો યોગ મળે, તે તે તેવા તેવા પ્રકારના સંસ્કારથી વાસિત થાય અને એના માટે તો એ વાસિત થયેલો બોધ જ આધાર બની રહે.

સાર એ કે એવી કેટલીય બાબતો છે કે જેમાં ગીતાર્થ મહાપુરુષોના અભિપ્રાયો પરસ્પર જુદા જુદા પ્રવર્તતા હોય છે. અમે આધાકર્માદિ કેટલાક પદાર્થોમાં શાસ્ત્રપંક્તિઓને આધારે અમારા ક્ષયોપશમ મુજબ અભિપ્રાય દર્શાવેલ છે. શક્ય છે કે એ પદાર્થોમાં કે અન્ય પદાર્થોમાં અન્ય ગીતાર્થોનો અભિપ્રાય જુદો પણ હોય, શક્ય છે કે છદ્મસ્થતાદિદોષોને કારણે અમારી ભુલ પણ થઈ હોય. તે તે શાસ્ત્રવેત્તા આચાર્યભગવંતો વગેરેને વિનંતિ છે કે એવા કોઈ પદાર્થો જો ક્ષતિયુક્ત જણાય તો અવશ્ય અમને જણાવે, અને સાથે એ માટેની યુક્તિઓ પણ દર્શાવે કે જેથી એ બધું વિચારીને તત્ત્વનો નિર્ણય કરી શકાય, ક્ષતિ થઈ હોય તો સુધારીને ક્ષમાપના માંગી શકાય.

હા, જે વિષયમાં ક્ષતિ લાગે, તે વિષય અંગેનું અમારું લખાણ ધ્યાનપૂર્વક વાંચી, પૂર્વાપરનો વિચાર કરી પછી ક્ષતિ દર્શાવવી એવી નમ્ર વિનંતિ છે.

અંતે જિનશાસનને પામેલા શ્રમણ-શ્રમણી ભગવંતોનું સંયમજીવન વધુ ને વધુ વિશુદ્ધતમ બને, એ એકમાત્ર ભાવનાથી લખાયેલ આ લખાણ દ્વારા કોઈને લેશપણ દુઃખ થયું હોય તો ત્રિવિધે ત્રિવિધે ક્ષમાપના ચાહું છું.

–

॥ णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

# ૧. આપણે કોણ ? ગર્ભજ કે સંમૂર્ચ્છિમ ?

બે પ્રકારના સંસારી જીવો હોય છે (૧) ગર્ભજ (૨) સંમૂર્ચ્છિમ. એમાં માતાના પેટમાં નવ મહીના રહીને કે પછી ઈંડા વગેરે રૂપે ત્યાં જ શરીર બનાવીને જેઓ જન્મ પામે એ ગર્ભજ કહેવાય છે. જ્યારે માતાના પેટમાં નવ મહિના રહેવા વગેરે વિના જ એમને એમ બીજા કારણો મળી જવાથી જે જીવો ઉત્પન્ન થાય છે તે સંમૂર્ચ્છિમ કહેવાય છે. (દેવો અને નારકોની ઉત્પત્તિ ઉપપાત શબ્દથી ઓળખાય છે.)

સૌ જાણે છે કે સંમૂર્ચ્છિમજીવો મન વિનાના હોય છે, તેઓ વિરતિ તો શું ? પણ સમ્યગ્દર્શન પણ પામી શકતા નથી. સદ્‌ગતિની પ્રાપ્તિ પણ એમના માટે દુર્લભ હોય તો પછી મોક્ષની તો વાત જ શી કરવી ?

ગર્ભજ જીવોમાં ય તિર્યંચો માત્ર દેશવિરતિ જ પામે છે, માત્ર મનુષ્યો એવા છે કે જેઓ સર્વવિરતિ, મોક્ષ સુધીના બધા જ શિખરો સર કરી શકે છે.

એટલે એ વાત તો નક્કી છે કે ગર્ભજજીવો વિનાના તો દેશવિરતિ પણ પામતા નથી. ગર્ભજજીવોમાં જ એવી પાત્રતા છે કે તેઓ દેશવિરતિ, સર્વવિરતિ વગેરે પામી શકે છે.

આ જ પદાર્થ કંઈક અંશે આધ્યાત્મિક ક્ષેત્રમાં ય લાગુ તો નથી પડતો ને ?

જે આત્માઓને સાધુ-સાધ્વીના સમાગમથી, ઉપદેશ શ્રવણથી, પુસ્તક વાંચનથી, જિનભક્તિથી કે બીજા કોઈ કારણસર દીક્ષા લેવાની ભાવના પ્રગટી અને તેઓ પોત-પોતાના ગુરુજનો પાસે મુમુક્ષુ તરીકે રોકાયા, સદ્‌ગુરુઓએ એમને સંસાર વૈરાગ્ય તો પમાડ્યો જ, પણ ચારિત્ર-બાળકને જન્મ આપનારી અષ્ટ પ્રવચન માતાઓનું તલસ્પર્શી જ્ઞાન પણ આપવા માંડ્યું.[1] "ષડ્‌જીવનિકાયની રક્ષા અને આત્મપરિણતિની વિશુદ્ધિ" મુખ્યત્વે આ બે લક્ષ્યોને આંબવા માટેની તમામ પ્રકારની અષ્ટપ્રવચનમાતાના પાલનની તાલીમ આપવા માંડી. અને એ મહાન આત્માઓ પણ આ માતાઓ પ્રત્યે અતિશય ભક્તિવાળા બન્યા. મુમુક્ષુપણામાં જેટલું શક્ય હોય એટલું એ પ્રવચનમાતાઓનું પાલન કરવા લાગ્યા.

અંતરમાં એકજ ભાવ ! ચારિત્રની પ્રાપ્તિ ! આત્મવિશુદ્ધિની સિધ્ધિ ! ષડ્‌જીવનિકાયની સુક્ષ્મતમ દયા પાળવાનો ઉમળકો !

બસ, પછી તો પુછવું જ શું ?

ચારિત્ર બાળકનો ગર્ભાવસ્થાનો કાળ શરુ થઈ ગયો. આઠમાતાઓના ઉદરમાં એ બાળક સંવર્ધન પામવા માંડ્યું.

અંતે જોષીએ કુંડળી જોઈ, દીક્ષાનો દિવસ નક્કી થયો, હસતા મુખે, હસતા હૈયે, હર્ષાશ્રુ સાથે સદ્‌ગુરુના હસ્તે રજોહરણનો સ્વીકાર થયો. મન ભરીને મુમુક્ષુ નાચ્યો.

પણ સબૂર ! આ ય હજુ ચારિત્ર બાળકની ગર્ભાવસ્થા જ છે. ચારિત્રનો જન્મ, મુનિનો જન્મ તો જ્યારે એ પાંચ મહાવ્રતોને આત્મસાક્ષીએ, ગુરુસાક્ષીએ, અનંતા તીર્થંકરોની સાક્ષીએ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ ઉચ્ચરશે, ત્યારે થશે.

દીક્ષાના પ્રથમ દિવસથી જ અષ્ટ પ્રવચન માતાનું પાલન વધુ વેગવંતુ બન્યું. બરાબર નીચે જોઈ જોઈને ચાલવું, આખું મોઢું બરાબર ઢંકાઈ જાય એ રીતે મુહપત્તી રાખીને બોલવું; યોગ્ય અવસરે ૪૨ દોષ વિનાની ગોચરી જાણવી - લાવવી, કોઈપણ વસ્તુ લેતાં મૂકતા સતત આંખોથી જોવાનું અને ઓઘાથી પુંજવાનું, માત્રુ-સ્થંડિલ વગેરે અશુચિઓ તદ્દન નિર્દોષ સ્થાને, શાસ્ત્રાનુસારી વિધિથી પરઠવવા. મનમાં ક્યાંય ખૂણે-ખાંચરે નાનકડો પણ અશુભ વિચાર પ્રકટી ન જાય એ માટે ચોવીસ કલાક જાગ્રત રહેવું, જરૂર ન હોય તો એકેય અક્ષર ન બોલવો - વચનોચ્ચાર ન કરવો, કારણ વિના પગનો અંગુઠો ય ન હલાવવો, સ્થિર-એકદમ સ્થિર બેસી રહેવું. આ અષ્ટમાતાઓનું પાલન એ નૂતનદીક્ષિત કરતો જાય. મહાગીતાર્થ ગુરુભગવંતો એને બરાબર તાલીમ આપતા જાય.

રાજરાણીના પેટમાં જ્યારે રાજકુમારનો ગર્ભ હોય, ત્યારે એ રાજરાણીની કેટલી બધી કાળજી લેવામાં આવે ? આખુંય રાજકુળ રાજરાણીની રક્ષા માટે ખડે પગે તૈયાર હોય.

તો આ નૂતનદીક્ષિતના આત્મામાં, અષ્ટ પ્રવચનમાતાના ગર્ભમાં ચારિત્ર બાળક ઉછરી રહ્યું છે.

ચારિત્ર એટલે શું ? એ રાજકુમાર છે ? એ વાસુદેવ છે ? એ ચક્રવર્તી છે ? ના રે ના ! એ તો એનાથી ય અનંતગુણ ચડીયાતો આત્મગુણ છે. આઠ માતાઓના ગર્ભમાં જ્યારે આ ચારિત્ર ઉછરી રહ્યું હોય, ત્યારે ખુદ આચાર્ય દેવ, આખો ય ગચ્છ એ નૂતનદીક્ષિતની આઠ માતાઓને લેશ પણ હાનિ ન પહોંચે, આઠ માતાઓને સતત પોષણ મળતું જ રહે એ માટે પ્રયત્નશીલ હોય જ. એમાં વળી આશ્ચર્ય શું ?

ગચ્છના પ્રત્યેક સંયમીઓ નૂતનદીક્ષિતની આઠ માતાઓની કાળજી કરે. એ નૂતનદીક્ષિત ક્યાંય કશી ભુલ કરી ન બેસે એ માટે સતત તેઓ જાગ્રત રહે અને નૂતનદીક્ષિતને ય પ્રેરણા કરતા રહે.

બાળકની પ્રાપ્તિ માતા વિના થતી નથી. બાળકની પ્રસન્નતા, બાળકનું શારીરિક બંધારણ એ બધુંજ માતાને આભારી છે. ગર્ભવતી માતાની જેટલી વધુ કાળજી થાય, જેટલી સારી કાળજી થાય, બાળક એટલો જ પ્રસન્ન, તેજસ્વી, ગુણવાન, શક્તિમાન બને.

એમ અષ્ટપ્રવચન માતાની જેટલી વધુ સારી કાળજી થાય એટલું ચારિત્ર નિર્મળતમ બને ચારિત્ર પરિણામો વિશુદ્ધતમ બને.

જે મુમુક્ષુઓ મુમુક્ષુપણામાં અને કાચી દીક્ષાના પર્યાયમાં આઠ પ્રવચન માતાઓનું અણિશુદ્ધ પાલન કરવાનો સખત પુરુષાર્થ કરે છે, ગુરુજનો અને ગુરુભાઈઓ એને એ માટે વાત્સલ્ય ભરપૂર તાલીમ આપે છે, તે મુમુક્ષુનો ચારિત્ર પરિણામ અતિ ઉજ્જવળ કોટિનો હોય છે. એના મહાવ્રતો તેજસ્વી સૂર્ય જેવા આંખોને આંજી દેનારા બને છે. અષ્ટપ્રવચન માતાઓનું તલસ્પર્શી જ્ઞાન, પાલન માટેનો સખત પુરુષાર્થ, છેવટે નિરતિચાર પાલન... મુમુક્ષુ અવસ્થા અને કાચી દીક્ષાનો પર્યાય જો આ રીતે અષ્ટપ્રવચનમાતામય પસાર થાય તો માનવું કે આ તે ચારિત્રનો ખૂબજ સુંદર ગર્ભાવસ્થાકાળ પસાર થયો. હવે વડી દીક્ષા વખતે એ પાંચ મહાવ્રતો = ચારિત્ર જન્મ પામશે અને કરોડોના હૈયાને ધરપત આપનાર બનશે.

પણ જે કમભાગી આત્માઓ આ ગર્ભાવસ્થાકાળ નથી પામ્યા, અર્થાત્ મુમુક્ષુપણામાં રહ્યા તોય ગુરુઓ, ગુરુબેનોએ, ગુરુભાઈઓએ અષ્ટપ્રવચનમાતાનો કોઈ બોધ ન કરાવ્યો. કદાચ તે ગુરુઓ વગેરે જ એ બધુ જાણતા નહિ હોય. રે ! ક્યાંક એવું ય બને છે કે આઠ માતાના નામ પણ એ સંયમીઓને ન આવડે. રે ! આ કેવી કંગાલિયત ! દીકરો માતાનું નામ સુધ્ધા ય ભુલી જાય એ આ કળિયુગનું આશ્ચર્ય જ કહેવાય ને ? કળિયુગના કહેવાતા કપૂતોને પણ માતાનું નામ તો યાદ હોય છે. જ્યારે સંયમીને પોતાની આઠ માતાના નામની ય ખબર ન હોય તો ?

કદાચ ગુરુ-ગુરુભાઈ-બહેનો અષ્ટમાતાને જાણતા હશે, સારી રીતે ઓળખતા ય હશે, પણ જેમ કળિયુગના કપૂતો ન તો માતાને પગે લાગે કે ન તો એની કોઈ આમન્યા સાચવે. માતા પ્રત્યે ઉપેક્ષા, ધિક્કાર-તિરસ્કાર જ વરસાવે. એમ કલિકાલના પ્રભાવે કો'ક ગુરુ વગેરેને પણ અષ્ટમાતાની કિંમત વધુ ન લાગી હોય, એના પ્રત્યે બહુ આદર ન રહ્યો હોય અને એટલે જ મુમુક્ષુ-નૂતનદીક્ષિતને એ માતાના નામ પણ ન શીખવાડ્યા હોય એ શક્ય છે.

પણ એ કેવું મોટું દુર્ભાગ્ય એ મુમુક્ષુનું ! કે એને પોતાની સગી માતાઓના નામ પણ જાણવા ન મળ્યા, એના વિશેની કોઈ માહિતી ન મળી.

બસ !થોડા મહિના સાથે રહ્યો, સ્વભાવમેળ થઈ ગયો, અહીની જીવનપદ્ધતિ ફાવી ગઈ. અને શુભમુહૂર્તે દીક્ષા ય થઈ ગઈ.

હાય ! સંસારમાં જે છોકરા-છોકરીઓ એકબીજાના રૂપ જોઈ લે, એક-બે વાર મળીને સ્વભાવ તપાસી લે અને લગ્ન કરી લે એમ આ મુમુક્ષુઓ પણ માત્ર મનમેળ, વાક્છટા વગેરેથી ત્યાં સેટ થઈ જાય એટલે એને 'સંયમમાં સ્થિરતા' ગણી દીક્ષા લઈ લે. આ તે લોકોત્તર શાસનની દીક્ષા ? કે લૌકિકોના લગ્ન ?

(૨)જોવાનું તો એ હતું કે એ ગુરુજનોમાં મોક્ષપ્રાપ્તિ કરાવી આપવાનું સામર્થ્ય છે ? મોક્ષમાર્ગનું વર્ણન કરતા શાસ્ત્રોનો તલસ્પર્શી બોધ છે ? સ્વયં એ મોક્ષમાર્ગના આરાધક સાચા અર્થમાં છે ? પોતાની અષ્ટપ્રવચનમાતાના સંરક્ષક છે ?

પણ આ બધુ જોયા વિના મનમેળના એકમાત્ર ગણિત સાથે પ્રવ્રજ્યાના પાવનપંથે પુનિત પગરણ માંડ્યા એ મુમુક્ષુઓએ !

અને જુઓ તો ખરા ! એક નવું આશ્ચર્ય સર્જાયુ.

પ્રાચીન પરંપરા એ હતી કે કાચી દીક્ષા થયા બાદ પાંચ મહાવ્રતાદિની સૂક્ષ્મતમ તાલીમ આપવામાં આવતી. ગુરુજનો એને દશ સામાચારી + પાંચ મહાવ્રતો + આઠમાતા + બારભાવના વગેરે પાયાની બાબતોનો બોધ કરાવતા જાય, (૩) પછી ગુરુજનો જ એ ચકાસણી કરે કે એને આ બધી બાબતો સમજાય છે ? એમાં એને દૃઢ શ્રદ્ધા બેસે છે ? એ બધું થઈ ગયા બાદ એ નૂતનદીક્ષિતની પરીક્ષા કરવામાં આવે. એ ઈર્યા સમિતિ બરાબર પાળે છે ને ? આંખો ઉપર કે આડી-અવળી ભટકે અને નીચે સડસડાટ ગમન ચાલે, મુહપત્તી કમરમાં ભેરવેલી અને મોઢેથી વાણીનો વરસાદ, ગોચરીમાં ૪૨ દોષોના ત્યાગ માટેની સૂક્ષ્મતમ કાળજીમાં ગરબડ-ગોટાળા, રજોહરણ માત્ર લોકોને દેખાડવા કે પોતાની સાધુ તરીકેની સાક્ષી તરીકે જ પડ્યો રહે, એનો પૂંજવામાં ઉપયોગ ન થાય, ગમે ત્યાં સ્થંડિલ જઈ આવે કે નાંખી આવે, ગમે ત્યાં, ગમે તે રીતે માત્રુ પરઠવે.

આવી બધી જ બાબતોની ગુરુ પોતાની ચબરાક દૃષ્ટિથી પરીક્ષા કરી લે અને પછી એમ લાગે કે આ નૂતનદીક્ષિત બધું બરાબર પાળે છે. ત્યારે એને વડીદીક્ષા આપવાનો નિર્ણય કરે.

જ્યાં સુધી એ પરીક્ષામાં ઉત્તીર્ણ ન થાય ત્યાં સુધી ભલે વર્ષો વહી જતા પણ એ ગીતાર્થગુરુઓ એને વડીદીક્ષા ન આપતા.

આ આપણી પ્રાચીન પરંપરા !

અને આજે ?

હજી તો કાચી દીક્ષા ય ન થઈ હોય અને ત્યારે જ એની વડીદીક્ષા માટેનો દિવસ + સ્થાન + મહોત્સવાદિ પણ નક્કી થઈ જાય. એ ય પાછો મોડો દિવસ તો ન જ હોય. શક્ય

હોય તો કાચી દીક્ષાથી ચૌદ-પંદર દિવસ પસાર થતા જ વડી દીક્ષા દઈ દેવાની કેટલાકની ભાવના રમતી દેખાય.

શું એવું તો નથી ને ? કે પ્રાચીનકાળના આત્માઓની પાત્રતા ઘણી ઓછી હતી અને માટે એમને કાચી દીક્ષા બાદ સખત તાલીમ આપી, એની પરીક્ષાઓ કરી પછી દીક્ષા અપાતી. જ્યારે વર્તમાનકાળના જીવો ખૂબજ સુપાત્ર હોવાથી એમની પરીક્ષા કરવાની કોઈ જરૂર જ ન લાગવાથી વહેલી તકે વડીદીક્ષા દઈ દેવાતી હોય.

જો આ વાત સાચી ન હોય તો માનવું જ પડે કે આ એક ગંભીર ભુલ થઈ રહી છે.

ગમે તે કારણ હોય પણ જે આત્માઓ મુમુક્ષુપણામાં કે કાચી દીક્ષાના પર્યાયમાં અષ્ટ પ્રવચનમાતાના નામ, એનું તલસ્પર્શી જ્ઞાન, એનું સમ્યક્ પાલન વગેરે નથી પામતા તેઓનું ચારિત્ર આ ગર્ભાવસ્થામાંથી પસાર થયેલ ન હોવાથી તેઓની વડીદીક્ષા એ માત્ર વ્યવહારચારિત્ર બની રહે. ગર્ભાવસ્થા વિના જન્મ પામનારા સંમૂર્ચ્છિમ જીવોની જેમ મુમુક્ષુપણું + કાચીદીક્ષામાં અષ્ટ પ્રવચનમાતાની સિદ્ધિ ન પામનારા સંયમીઓ પછી ઉંચુ સંયમ પામે, સંયમ પરિણામ પામે, મોક્ષ પામે એ ધોળે દહાડે આકાશમાંથી તારલા તોડી લાવવા જેવું અત્યંત કપરું કામ છે.

(અલબત્ત, પ્રાચીન કાળમાં મુમુક્ષુ અવસ્થાનું વધુ મહત્ત્વ ન હતું. જેને દીક્ષાની ભાવના થાય તેની સામાન્ય પરીક્ષા કરી કાચી દીક્ષા અપાતી. પણ પછી વડીદીક્ષા આપતા પૂર્વે એને સખત તાલીમ અપાતી પણ એનું કારણ એ કે પ્રાચીનકાળમાં કાચીદીક્ષાનું મહત્ત્વ અલ્પ હતું, વડી દીક્ષા જ મુખ્ય દીક્ષા ગણાતી. જેમ આજે કોઈ મુમુક્ષુ દીક્ષાની તાલીમમાં ન ફાવવાથી દીક્ષા ન લે અને ઘરે જાય તો એ નિંદનીય નથી બનતું. તેમ તે વખતે કાચી દીક્ષા બાદ તે તાલીમમાં સફળ ન થાય તો એને પાછા સંસારમાં જવુ પડતું. પણ એ એટલું ભયંકર ન ગણાતું. પરંતુ આજે કાચીદીક્ષાનું મહત્ત્વ વ્યવહારમાં ખૂબજ વધ્યું છે અને દીક્ષા લીધા બાદ ઘરે જનાર ભયંકર નિંદાનું પાત્ર બને છે. માટે જ આ કાળમાં મુમુક્ષુકાળ પણ અત્યંત મહત્ત્વનો બની રહે છે. વળી પ્રાચીનકાળની અપેક્ષાએ આજના અતિવિકૃત વાતાવરણને નજરમાં રાખીને મુમુક્ષુ અવસ્થાને પણ મહત્ત્વ આપવું આવશ્યક છે.)

(ક)દરેક સંયમી જો પોતાના જીવનમાં અને પોતાના સહવર્તીઓના જીવનમાં દૃષ્ટિપાત કરશે તો એને દેખાશે કે જેઓને શરુઆતમાં જે જે સંસ્કારો મળ્યા છે એજ લગભગ કાયમ માટે સ્થિર થઈ ગયા છે. શરુઆતના એક બે વર્ષ જેઓને જે સારી-નરસી તાલીમ મળી એ એમના જીવનનું કાયમી અંગ બની ગયું હોય એવું ભાસ્યા વિના નહિ રહે.

શરુઆતથી જ નિર્દોષ ગોચરીની તાલીમ પામેલા કાયમ માટે ગમે ત્યાં નિર્દોષ ગોચરી

વાપરતા જોવા મળે. જ્યારે પ્રારંભથી જ આધાકર્મી-રસોડાની ગોચરી વાપરવાની તાલીમ પામેલાઓ વર્ષો સુધી એજ રીતે જીવતા દેખાય.

એમ સ્વાધ્યાય, વૈયાવચ્ચ, તપ, વિહાર, મૈત્ર્યાદિ ભાવો વગેરે બધી બાબતોમાં મોટા ભાગે આ જ ચિત્ર જોવા મળશે. પોતાનામાં પણ અને બીજામાં પણ !

એટલે જ બાળક માટે જેમ ગર્ભકાળ અતિ-અતિ મહત્ત્વનો છે. તેમ મુમુક્ષુઓ માટે એ મુમુક્ષુકાળ + કાચી દીક્ષાનો કાળ અતિ અતિ મહત્ત્વનો છે.

એટલે એમ કહી શકાય કે,

તાલીમકાળ જેઓનો અષ્ટપ્રવચનમાતાના બોધ+પાલન વગેરેથી ભર્યો ભર્યો પસાર થાય, એ સંયમીઓ (ગર્ભજ જીવોની જેમ) ઉત્તમોત્તમ ચારિત્ર પામી, પાળી, વધારી આત્મશુદ્ધિ સાધનારા બનશે.

જ્યારે તાલીમકાળ જેનો અષ્ટ પ્રવચનમાતાના બોધ-પાલનાદિ વિનાનો, નામમાત્રનો, કાળ પસાર કરવા પુરતો જ પસાર થાય તેઓ (સંમૂર્ચ્છિમજીવોની જેમ) પ્રાયઃ પછી આખી જીંદગી ભાવચારિત્રને પામી નહિ શકે.

માટે જ તો શાસ્ત્રકારોએ એ નૂતનદીક્ષિતોને સખત તાલીમ આપી, પરીક્ષા કરી પછી વડી દીક્ષા આપવાનું ભારપૂર્વક વર્ણન કરેલ છે.

(૫-૧)શાસ્ત્રકારો તો ત્યાં સુધી ફરમાવે છે કે જો ગુરુ પોતાના શિષ્યને મહાવ્રત સંબંધી સંપૂર્ણ જ્ઞાનાદિ આપ્યા વિના, ષટ્કાય સંબંધી સંપૂર્ણ માહિતી આપ્યા વિના, પરીક્ષા કર્યા વિના વડી દીક્ષા આપી દે. તો એ શિષ્ય આખી જીંદગી જે મહાવ્રત સંબંધી ગરબડો કરે, જે ષટ્કાય સંબંધી વિરાધનાઓ કરે... એ બધાયનું પાપ ગુરુને લાગે.

એક બીજી વાત.

એવું ય બને છે કે ગર્ભવતી માતાની પુરતી કાળજી લેવામાં ન આવે, એ નવમાસ દરમ્યાન એને પુરતું પોષણ ન મળે તો એ બાળક જન્મે તો ખરો પણ ખોડ-ખાંપણવાળો, દવા વગેરે પર જીવનારો જ જન્મે.

એમ કેટલાક જીવો એવા ય છે કે એમને તાલીમકાળ દરમ્યાન અષ્ટ પ્રવચનમાતાની તાલીમ મળે તો છે, પણ એ અધકચરી, ઉપરછલ્લી, દોષોથી ભરેલી, છૂટછાટવાળી મળી હોય તો એ સંયમીઓમાં ચારિત્રપરિણામ પ્રગટે તો ખરો, પણ દોષભરપૂર અષ્ટમાતાના પાલનથી એ ચારિત્ર પરિણામ પણ નબળો, ગમે ત્યારે ખતમ થઈ જાય તેવો, વારંવાર આલોચના, પ્રાયશ્ચિત્ત વગેરે કરવા દ્વારા જ ટકાવી શકાય તેવો પ્રગટે. જો આલોચના

પ્રાયશ્ચિત્તાદિ કરવામાં એ સંયમી જરાક ઢીલો પડે તો એનો સંયમ પરિણામ તુટી જતા વાર ન લાગે.

ટુંકમાં ત્રણ જીવો આપણે જોયા.

(૧) તાલીમકાળમાં અષ્ટપ્રવચનમાતાનું સૂક્ષ્મતમ જ્ઞાન + પાલનાદિ પામેલા જીવો. આ જીવો ઉત્તમ ચારિત્ર સંપન્ન બને એ નિશ્ચિત છે.

(૨) તાલીમકાળમાં અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન + પાલનાદિ કંઈ ન પામેલા, માત્ર સ્થૂલ ક્રિયાઓ પામેલા જીવો.(૫-૨) આ સંયમીઓ આખી જીંદગી માત્ર વિહાર-લોચાદિ સ્થૂલ આચારોમાં પાલન રૂપ સંયમ જીવે પણ સાચો ચારિત્રપરિણામ પ્રાયઃ ન પામે. કેમકે ચારિત્રપરિણામની માતાઓ જ એમની પાસે નથી.

(૩) તાલીમકાળમાં અધકચરું - દોષોવાળું, ઉપરછલ્લુ, અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન-પાલનાદિ પામેલા જીવો. આમનામાં મંદ મંદ ચારિત્ર પરિણામ પ્રગટી શકે ખરો. પણ એને ટકાવવો ઘણો જ ભારે પડે. એને વધારવો તો વળી વધુ કપરો પડે.

આગળ શાસ્ત્રાનુસારે અષ્ટપ્રવચનમાતાનું સૂક્ષ્મ વર્ણન કરાશે, તે વાંચ્યા પછી દરેક સંયમીને એની મેળે જ ખ્યાલ આવી જશે કે આપણે આ ત્રણમાંથી કેવા પ્રકારમાં છીએ ? આપણે સંમૂર્ચ્છિમજીવો જેવા છીએ ? કે ગર્ભજ જેવા છીએ ?

ગર્ભજમાં પણ હૃષ્ટપુષ્ટ બાળક જેવા છીએ ? કે માંદા, દવા પર જીવતા, રોગ ભરપૂર ગર્ભજ જેવા છીએ ?

શાસ્ત્રદૃષ્ટિએ વિચારતા એવું દેખાય છે કે લગભગ મોટા ભાગના સંયમીઓ બીજા કે ત્રીજા વિભાગમાંજ સમાવેશ પામે છે. પહેલા વિભાગમાં સમાવેશ પામનાર ખૂબ ખૂબ ઓછા છે. એ મહાત્માઓ તો અત્યંત વંદનીય છે ! આ કાળમાં એમના દર્શન જીવનનો સર્વોત્કૃષ્ટ લ્હાવો ગણાય.

પણ એ બધું જ અષ્ટ પ્રવચનમાતાનું શાસ્ત્રાનુસારી સ્વરૂપ જાણ્યા બાદ જ ખ્યાલ આવશે.

સંયમીઓ ! સંમૂર્ચ્છિમો એજ ભવમાં ગર્ભજ બની શકતા નથી એ સાચુ. પણ અધ્યાત્મક્ષેત્રના આપણે સંમૂર્છિમ હોઈએ, અષ્ટ પ્રવચનમાતાના જ્ઞાતા+પાલક ન હોઈએ, એમને એમ મહાવ્રતધારી બની ગયેલા હોઈએ, તોય એમાં આશ્વાસન એટલું તો ચોક્કસ છે કે અધ્યાત્મક્ષેત્રના સંમૂર્ચ્છિમો ય એ જ ભવમાં જો બાજી સુધારી લે, તો આત્મકલ્યાણ સાધી શકે છે.

ભલે, આપણો તાલીમકાળ કોઈપણ કારણોસર નકામો ગયો, આપણને આ

પ્રવચનમાતાઓનો સૂક્ષ્મબોધ + સૂક્ષ્મતાલીમ ન મળી, ભલે જીવનના વર્ષો, દાયકાઓ એમને એમ આ જ હાલતમાં પસાર થયા. પણ એથી શું ? હજી ય કંઈ બગડ્યું નથી.

આ આઠ માતાઓને બરાબર જાણી, ભાવથી ફરી દીક્ષિત બની, જીવનમાં એ આઠ માતાઓને આત્મ સાત કરી લઈએ તો દુનિયાની કોઈપણ વસ્તુ આપણા આત્મહિતને રોકવા સમર્થ બની શકે એમ નથી.

એજ રીતે એ વાત પણ સમજવી રાખવી કે તાલીમકાળમાં અષ્ટ-પ્રવચનમાતાનું જ્ઞાન, પાલન, સિધ્ધિ પામેલાઓ પણ ક્યારેક પાછળથી ખોટા નિમિત્તોમાં ફસાઈને એ સમિતિ-ગુપ્તિ ગુમાવી ય બેસે છે.

શરૂઆતમાં કારણસર જ ગમનાગમન કરનારા શ્રમણો પછી ભક્તો વગેરેને ખુશ કરવા કે ભક્તોની સંખ્યા વધારવા નિષ્કારણ ગમનાગમન કરે તો એય એમણે ઈર્યાસમિતિ ભાંગેલી કહેવાય.

શરૂઆતમાં તદ્દન નિરવદ્ય ભાષા બોલનારા શ્રમણ-શ્રમણીઓ ક્યારેક એવા કોઈક કુંડાળામાં પગ મૂકી દે છે કે એ પછી એમને સાવધભાષા બોલવી અનિવાર્ય થઈ પડે છે. નિષ્ઠુરપણે રોજેરોજ એ સાવદ્યભાષા બોલાતી જ રહે છે.

શરૂઆતમાં એકેય નાનકડો ય દોષ ન સેવનારાઓ પાછળથી ભક્તાદિની વિનંતિમાં પીગળી જઈ આધાકર્મી સુધ્ધા વાપરતા પણ થઈ જાય છે.

શરૂઆતમાં એક પાટ કે પાટલો હટાવતી વખતે ય ચારેય પાયાની જમીન વગેરે પુંજનારા સંયમીઓ પાછળથી પોતાના પરિગ્રહની હેરફેર માટે ગાડીઓ ય દોડાવતા થઈ જાય છે.

શરૂઆતમાં બે બે કિલોમીટર સુધી નિર્દોષ સ્થંડિલ ભૂમિમાં જનારા સંયમીઓ જ્યારે વૈરાગ્યધારામાં ઓટ આવે ત્યારે માત્ર વાડા જ નહિ, સંડાસ અને સચિત્ત પાણીનો ઉપયોગ કરતા ય થઈ જાય છે.

આ બધુ ય શા માટે બને છે ? એ વિચારવું જોઈએ. અલબત્ત જો તાલીમ કાળમાં વ્યવસ્થિત રીતે આઠમાતાનું જ્ઞાન-પાલન - સિધ્ધિ મળી હોય તો પછી પાછળથી આ બધું થવાની શક્યતા ઓછી રહે છે. છતાં જો આ કાળમાં આવું ય બનતું દેખાતું હોય તો એના કારણ તરીકે કુકાળ + કુસંસ્કાર + કુનિમિત્ત + કુકર્મને જ નજર સામે લાવવા પડે.

પણ હાલ એ પતનના વિચાર શીદને કરવા ? હાલ તો આપણે આત્મોત્થાનની જ ચિંતા ન કરીએ ?

●

## ૨. શાસ્ત્રકારોએ વર્ણવેલો અષ્ટ પ્રવચનમાતાનો અપરંપાર મહિમા

એમ કહેવાય છે કે ઉત્તરાધ્યયનસૂત્ર એ અનંતકરુણાભંડાર, દેવાધિદેવ, શ્રમણ ભગવાન મહાવીરની છેલ્લા ૧૬ પ્રહરની જ અંતિમ દેશના છે. માટે જ એ ઉત્તરાધ્યયનસૂત્રનો પ્રત્યેક શ્લોક અત્યંત અમૂલ્ય બની રહે છે. પ્રભુ છેલ્લે છેલ્લે આપણને સહુને શું કહી ગયા ? એ જાણવાની ઉત્સુકતા સૌને રહે એ સ્વાભાવિક છે.

આ ઉત્તરાધ્યયનસૂત્રમાં ૨૪માં અધ્યયનમાં દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીર ફરમાવે છે કે –

**एयाओ अट्ठसमिईओ समासेण वियाहिया । दुवालसंगं जिणक्खायं मायं जत्थ उ पवयणं ॥**

**અર્થ :** આ આઠ પ્રવચનમાતાઓ સંક્ષેપમાં કહેવાઈ છે કે જે આઠ પ્રવચનમાતામાં આખી ય દ્વાદશાંગી સમાઈ જાય છે.

આશરે ૧૬૩૮૩ જેટલા હાથીઓના વજન જેટલી સુકી સહી લઈ અને પછી એના દ્વારા જેટલું લખાણ કરવામાં આવે તે ચૌદપૂર્વ રૂપ બને, કે જે બારમાં અંગનો જ એક ભાગ છે. આવી અતિવિરાટ અબજો શ્લોકો પ્રમાણ આખીય દ્વાદશાંગી માત્ર આ અષ્ટપ્રવચન માતામાં જ સમાઈ જાય છે. આખીય દ્વાદશાંગીમાં એવી એકેય વસ્તુ નથી જેનો સમાવેશ આ અષ્ટ માતામાં ન થતો હોય.

ત્યાં જ પ્રભુવીર ફરમાવે છે કે :

**एया पवयणमाया जे सम्मं आयरे मुणी ।**

**सो खिप्पं सव्वसंसारा विप्पमुच्चइ पंडिए त्ति बेमि ॥**

**અર્થ :** જે મુનિ આ પ્રવચનમાતાઓને સમ્યક્ રીતે પાળે છે. તે પંડિત મુનિ ખૂબ જ ઝડપથી આખાય સંસારથી છુટકારો પામે છે.

આપણા અત્યંત વહાલા, સર્વ પદાર્થોના જ્ઞાતા, સર્વજ્ઞ પ્રભુ વીરનો આ અંતિમ ઉપદેશ છે.

સંસારમાં જે પુત્રો પોતાના પિતાની છેલ્લી ઈચ્છાને, છેલ્લા આદેશને નથી પાળતા, નથી આદરતા તેઓને આખો સમાજ ધિક્કારે છે. રે ! લોકોત્તર શાસનમાં ય પોતપોતાના ગુરુઓની છેલ્લી આજ્ઞાઓને નહિ પાળનારાઓને ગુરુદ્રોહી શબ્દથી નવાજાય છે. તો દેવાધિદેવના આ અંતિમ ઉપદેશનું બરાબર પાલન ન કરનારા આપણે શું સાચા વીરસંતાન કહેવાઈએ ખરા ?

(૯)તપાગચ્છીય પરંપરામાં જે આચાર્ય ભગવંત અત્યંત આદરણીય-સન્માનનીય છે, મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજ જેમને સુવિહિતગચ્છની પરંપરાના ધોરી તરીકે ઓળખાવે છે, જેઓ પાસે લગભગ એક પૂર્વ જેટલું જ્ઞાન હોવાનું પ્રચલિત છે, જેમના પ્રત્યેક વાક્યો સાગર જેવા અતિગંભીર-રત્ન ભરપૂર છે, જિનાગમોમાં ય જે પદાર્થો સીધેસીધા જોવા ન મળે તેવા અધ્યાત્મ-યોગના પદાર્થોના આદ્યપ્રણેતા જેવા જે જૈનશ્રમણ સંસ્થા માટે બની રહ્યા છે, આત્મોન્નતિ માટે આધ્યાત્મિક વિકાસ માટે જેમના યોગ ગ્રંથો વગેરેનો તલસ્પર્શી અભ્યાસ શ્રમણ સંસ્થામાં અનિવાર્ય બની રહ્યો છે, એવા ૧૪૪૪ ગ્રંથના રચયિતા ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજા ષોડશક પ્રકરણમાં ફરમાવે છે કે –

**अष्टौ साधुभिरनिशं मातर इव मातरः प्रवचनस्य ।**

**निश्चयेन न मोक्तव्याः परमं कल्याणमिच्छद्भिः ॥**

**અર્થ :** જેમ નાનકડો બાળક માતાને કદિ છોડતો નથી, એનાથી કદિ દૂર જતો નથી. એનો ખોળો, એનો સાડલો પકડીને એની પાસે જ રમ્યા કરે છે. અને એમાં જ એનું હિત છે. એમ જે સાધુઓ પરમ કલ્યાણને ઇચ્છતા હોય, મોક્ષપદની આકાંક્ષાવાળા હોય તેઓએ આ અષ્ટ પ્રવચનમાતાને સગીમાતાની જેમ કદિ ન જ છોડવી, એનાથી કદિ છેટા ન જ થવું.

અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ આ અષ્ટમાતા વિના શક્ય નથી, આ અષ્ટમાતાથી જ શક્ય છે એવું તેઓશ્રી ફરમાવે છે.

હજી આગળ તેઓ કહે છે કે –

**एतत्सचिवस्य सदा साधोर्नियमान्न भवभयं भवति ।**

**भवति च हितमत्यन्तं फलदं विधिनाऽऽगमग्रहणम् ॥**

**અર્થ :** અષ્ટ પ્રવચનમાતાનું સદાય પાલન કરનારા સાધુને કદિ સંસારનો ભય ન જ રહે. એટલું જ નહિ પણ આ જ સાધુને અત્યંત હિતકારી, ફલદાયી એવું વિધિપૂર્વકનું આગમગ્રહણ પ્રાપ્ત થાય.

આશય એ છે કે અષ્ટમાતાના પાલનમાં ગરબડ કરે તો જ સંયમીને અશુભ કર્મો બંધાય અને એટલે દુર્ગતિમાં જવાનો, સંસાર ભટકવાનો ભય એના માથે સતત તોળાયા કરે. આવા ગરબડવાળા સાધુઓ જો આસ્તિક હોય તો તેઓ પરલોકાદિથી સતત ગભરાતા જ હોય છે. પણ જે સંયમીઓ નિરતિચાર આઠમાતાઓને પાળે, તેઓને તો આવો કોઈજ ભય રહેતો જ નથી. તેઓ તો અત્યંત નિર્ભય બનીને જીવતા હોય છે.

બીજી અગત્યની બાબત એ કે જે સંયમી ચારિત્ર ન પાળે તે જિનાગમો ભણવાનો

અધિકારી જ નથી. સમ્યક્ચારિત્ર પાળનારાઓને જ ગીતાર્થ ગુરુઓ સુપાત્ર જાણી જિનાગમોનો અભ્યાસ કરાવતા હોય છે. (૭)માટે સ્તો ગૃહસ્થો વગેરેને આ જિનાગમોનું અધ્યયન કરાવાતું નથી.

આ અષ્ટપ્રવચનમાતા એ ચારિત્ર જ છે. જે એનું પાલન ન કરે એ ચારિત્રહીન જીવો ગમે તેવા શક્તિશાલી હોય, સાધુવેષધારી હોય, સુંદર સ્વભાવવાળા હોય તોય ગીતાર્થ ગુરુ ભગવંતો એમને કદિપણ આ જિનાગમોનું અધ્યયન (ઉત્સર્ગ માર્ગે) કરાવતા નથી.

જ્યારે જે સંયમીઓ બરાબર અષ્ટમાતાનું પાલન કરે તેમને તો ગીતાર્થો વિધિપૂર્વક આગમ-અધ્યયન કરાવે જ અને એના દ્વારા તેઓ મોટી કર્મનિર્જરા કરી, આત્મવિશુદ્ધિ પામી પરમપદને પામે.

(૮)હાં ! જે ગુરુઓ અપાત્રને ય આગમાભ્યાસ કરાવે તેઓ તો સ્વયં પણ અત્યંત નુકશાન પામે અને એ અપાત્ર - કુચારિત્રીઓ એ જ્ઞાનને પચાવી ન શકવાથી મોટા નુકશાન પામે.

ભગવાન ભદ્રબાહુસ્વામી કહે છે કે(૯) કાચા ઘડામાં પાણી નાંખો તો ઘડોય ફુટે અને પાણીય ઢોળાઈ જાય. એમ અપાત્રને આગમાભ્યાસ કરાવીએ તો એનું ય નિકંદન નીકળે અને એ શ્રુતજ્ઞાન પણ નિષ્ફળ જાય.

એટલે અષ્ટમાતાઓનું સમ્યક્પાલન આવા સર્વોત્તમ આગમાભ્યાસને મેળવી આપે છે. માટે જ એ અત્યંત આદરણીય છે.

જેઓ પોતાની વિદ્વત્તા-સમયસૂચકતાદિ ગુણોને કારણે કલિકાલ સર્વજ્ઞનું બિરુદ પામ્યા, જેમણે પોતાના જીવનકાળ દરમ્યાન કરોડો શ્લોકોની રચના કરી, કુમારપાળ મહારાજાને પ્રતિબધ પમાડી જેમણે અઢાર દેશમાં શ્રમણ ભગવાન મહાવીર કરતાય વધુ અહિંસા-જીવદયા પ્રવર્તાવી, વિશ્વમાં જોટો ન જડે એવું નવું સિદ્ધ-હેમ વ્યાકરણ જેમણે રચી દીધું, ઈતિહાસના સુવર્ણયુગમાં સુવર્ણાક્ષરે અંકિત થયેલા ભગવાન હેમચન્દ્રસૂરિ મહારાજા યોગશાસ્ત્ર ગ્રંથમાં ફરમાવે છે કે –

**एताश्चारित्रगात्रस्य जननात्परिपालनात्**

**संशोधनाच्चा साधूनां मातरोऽष्टौ प्रकीर्तिताः ॥**

**અર્થ :** આ પાંચ સમિતિ + ત્રણ ગુપ્તિને માતા એટલા માટે કહેવાય છે કે માતાના ત્રણ કાર્ય છે. (૧) પુત્રને જન્મ આપવો (૨) ઉત્પન્ન થયેલા પુત્રનો ઉછેર કરવો, એનું પાલન કરવું, એને મોટો કરવો. (૩) ઉત્પન્ન પુત્રને કંઈપણ અશુદ્ધિ લાગે, રોગાદિ થાય તો એને દૂર કરવા. એના વિકાસના તમામ અવરોધક તત્ત્વોને દૂર ફેંકી દેવા.

આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પણ સાધુમાં ચારિત્રપરિણામ રૂપી બાળકને જન્મ આપે છે, એ જન્મી ચૂકેલા બાળકનો ઉછેર કરે છે, એને વધારે છે અને ક્યારેય પણ એ ચારિત્ર પરિણામમમાં મલિનતા આવે તો એને ખતમ કરીને ચારિત્રને શુદ્ધ કરવાનું કામ પણ આ સમિતિ-ગુપ્તિઓ કરે છે.

આમ લૌકિક માતાના મહત્ત્વના ત્રણ ગુણો આ સમિતિ-ગુપ્તિમાં છે, અને માટે જ તેને **માતા** શબ્દથી ઓળખાવી છે.

કલિકાલ સર્વજ્ઞશ્રીનું વચન જોતા એવું સ્પષ્ટ થાય છે કે જો સાચા વિરતિપરિણામ જોઈતા હોય તો આઠ માતાઓનું પાલન કરવું જરૂરી જ છે. કેમકે માતા વિના બાળકનો જન્મ થઈ શકતો જ નથી.

જો વિરતિપરિણામોને આસમાનને આંબતા બનાવી દેવા હોય તો પણ આ અષ્ટ માતાનું શરણું લેવું જ રહેવું. કેમકે એના વિના વિરતિ પરિણામ અસંભવિત છે.

કેવી અદ્ભુત બાબત ! સામાન્ય બાળકનો ઉછેર એક બે ધાવમાતા કરે, રાજકુમારનો ઉછેર કરવા રાજાધિરાજો પાંચ પાંચ ધાવમાતાઓ રાખે, જ્યારે આ ચારિત્ર ઉછેર માટે અનંતા તીર્થંકરોએ આઠ આઠ માતાઓ રાખી. આ જ એની વિશિષ્ટતાનું સૂચન છે.

આમ શ્રમણ ભગવાન મહાવીર દેવ, સૂરિપુરંદર હરિભદ્ર સુરિજી અને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી એમ ત્રણ મહાન-અતિમહાન આપ્ત પુરુષોના વચનો આપણે જોયા.

આવા સેંકડો વચનો શાસ્ત્રોમાં ઠેર ઠેર જોવા મળે છે.

વળી પ્રતિમાવંદન-પૂજન સ્થાનકવાસી સંપ્રદાય વગેરે ન માને - મૂર્તિપૂજક સંપ્રદાય માને, ઉપધિ-ઉપકરણ વગેરેનો વપરાશ દિગંબરો બિલકુલ ન માને અને શ્વેતાંબરો માને, ચોથની સંવત્સરી તપાગચ્છ વગેરે માને અને દિગંબર-સ્થાનકવાસી વગેરે ન માને... આવા સેંકડો મતભેદો જૈન તરીકે ઓળખાતા સમાજમાં જોવા મળે છે. પણ અષ્ટપ્રવચનમાતા ન માનતો હોય તેવો તો એકપણ જૈન સંપ્રદાય નથી. અષ્ટ પ્રવચન માતાની આદેયતા-આવશ્યકતા ન સ્વીકારતો હોય તેવો તો એકપણ જૈન સંપ્રદાય નથી.

માટે જ આની આદેયતા-ઉપાદેયતા ઘણી જ વધી જાય છે.

દરેક સંયમી પોતપોતાના ઉપકારી ગુરુદેવના આદેશને ધ્યાનથી સાંભળે છે, સમજે છે, સ્વીકારે છે અને એનું પાલન કરવા કટિબદ્ધ બને છે. તો આ અષ્ટમાતા પણ આપણા અનંત ઉપકારી દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીરે બતાવી છે. તો આપણે સહુ એને બરાબર જાણવા માટે જિજ્ઞાસુ બનીએ, એને સૂક્ષ્મતમ રીતે જાણીને એનું પાલન કરવા કટિબદ્ધ બનીએ.

•

## ૩. ઉત્સર્ગ-અપવાદ

(૧૦)જિનશાસનને સ્પર્શેલા કોઈપણ આત્માનું એકમાત્ર લક્ષ્ય મોક્ષ જ હોય. કર્મોને પરવશ બની સંસારસુખોમાં એ જીવો લપેટાઈ જાય એ એક જુદી વાત છે. પણ એ શાસનસ્પર્શી આત્માને ક્યારેય પણ પુછવામાં આવે કે "ખરેખર મેળવવા જેવું શું ?" તો એ રોમે રોમથી આર્તનાદ કરે જ કે "મોક્ષ સિવાય આ સંસારમાં કશુંય ઉપાદેય નથી."

આ મોક્ષ માટે ચૌદમું ગુણસ્થાનક મેળવવું જ રહ્યું. કેમકે એ પછી જ સિદ્ધિપદની પ્રાપ્તિ થાય.

ચૌદમું ગુણસ્થાનક એટલે મન-વચન-કાયાના યોગોનો સંપૂર્ણ નિરોધ ! તીર્થકરો, કરોડો કેવલીઓ પણ ઘાતીકર્મોનો ક્ષય થઈ ગયા બાદ પણ જ્યાં સુધી આ ત્રણ યોગોનો સંપૂર્ણ નિરોધ ન કરી લે ત્યાં સુધી તેઓ પરમપદને પામી શકતા નથી જ.

વળી સિદ્ધાત્માઓએ પોતાનું વાસ્તવિક સ્વરૂપ મેળવી લીધું છે, અને તેઓ એક પણ કર્મ બાંધતા નથી જ. આનો અર્થ જ એ કે આત્માનો મૂળ સ્વભાવ તો એજ છે કે કોઈપણ પુદ્ગલ સાથે લેશ પણ સંબંધ ન કરવો. પણ કેવલી ભગવંતો તો હજી શાતાવેદનીય કર્મ બાંધે છે. અને એનું કારણ એમના મન-વચન-કાયાના યોગો છે. એટલે જ આ યોગો આત્માનો મૂળસ્વભાવ તો નથી જ. એ તો આત્માના મૂળસ્વભાવના બાધક તત્ત્વો છે. માટે જ જેમ બધા ય પાપકાર્ય હેય છે, ત્યાજ્ય છે. એમ સારા-સુંદર મન-વચન-કાયાના યોગો પરમાર્થથી તો હેય જ છે, ત્યાજ્ય જ છે. શાસ્ત્રીય પદાર્થોનું અદ્ભુત ચિંતન, કરોડો જીવોને ધર્મનો ઉપદેશ, ગુરુસેવા, વિહારાદિ શુભ ક્રિયાઓ... આ બધુજ અત્યંત શુધ્ધનયની દૃષ્ટિએ વિચારીએ તો એ જીવના મૂળસ્વભાવ સ્વરૂપ ન હોવાથી એ હેય છે, ત્યાજ્ય છે.

માટે જ શુદ્ધ નિશ્ચયનો ઉત્સર્ગમાર્ગ એ જ છે કે કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ ન કરવી. મનથી કંઈ જ ન વિચારવું, જીભથી કંઈજ ન બોલવું, કાયાથી લેશ પણ હલનચલન ન કરવું.

આપણી પાસે અત્યારે ત્રણેય યોગોનો સંપૂર્ણ નિરોધ કરવાનું સામર્થ્ય જ નથી. આ બધું તો છેક તેરમાં-ચૌદમાં ગુણસ્થાને થાય. જ્યારે આજે તો છટ્ઠા-સાતમાં ગુણસ્થાનથી વધારે તો આગળ વધી શકાતું જ નથી.

પણ એનો અભ્યાસ, એની પ્રેક્ટીસ તો અત્યારથી જ કરવાની છે. અનાદિકાળના આપણા સંસ્કાર પ્રવૃત્તિ કરવાના જ છે. એટલે ગમે તે બહાને આપણને પ્રવૃત્તિમાં રહેવું જ વધારે ગમે છે. એટલે હવે સિદ્ધપદની પ્રાપ્તિ માટે ધીમે ધીમે નિવૃત્તિનો અભ્યાસ કરવો જરૂરી

છે. આજે મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ જેમ જેમ ઘટાડતા જશું, તેમ તેમ આપણો આત્મા સિદ્ધપદને વધુને વધુ નજીક થતો જશે.

(૧૧)આમ મન-વચન-કાયાના યોગોનો નિરોધ કરવો એ ઉત્સર્ગમાર્ગ છે, માટે જ મનોગુપ્તિ+વચનગુપ્તિ+કાયગુપ્તિ એ ત્રણ પણ ઉત્સર્ગમાર્ગ છે. મનનો નિરોધ એજ મનોગુપ્તિ ! વચનનો નિરોધ એજ વચનગુપ્તિ ! કાયનો નિરોધ એ જ કાયગુપ્તિ !

સંયમીઓ એ ન ભૂલે કે આપનું સંયમજીવન ગુપ્તિપ્રધાન છે, ગુપ્તિ એ આપણો ઉત્સર્ગમાર્ગ છે. અને સંયમીઓ શક્તિ હોય તો ઉત્સર્ગમાર્ગ જ આદરે.

(૧૨)માટે જ તો શાસ્ત્રકારોએ સંયમજીવનની વ્યવસ્થા પણ ગુપ્તિપ્રધાન બતાવી છે. એક વર્ષમાં કુલ નવ સ્થાનોમાં જ રહેવાનું. આઠ સ્થાનોમાં એક એક માસ અને એક સ્થાનમાં ચાર માસ!

(૧૩)વળી જ્યારે એક સ્થાનથી બીજા સ્થાનમાં જવાનું હોય, ત્યારે પણ માસકલ્પને યોગ્ય જે ક્ષેત્ર નજીકમાં હોય, ત્યાં જ બીજો મહિનો રહેવાનું. માસકલ્પ યોગ્ય ક્ષેત્ર હોવા છતાંય વધુ વિહાર કરીને આગળ જવાનો શાસ્ત્રકારોએ નિષેધ કર્યો.

આમ આખા વર્ષમાં ઘણો ઓછો વિહાર કરવાનો રહેતો. આ દેખાડે છે કે કાયયોગની ગુપ્તિ માટે શાસ્ત્રકારો કેટલા જાગ્રત હતા !

(૧૪)આવશ્યક નિર્યુક્તિકાર ભગવાન ભદ્રબાહુ સ્વામીએ તો ગમનાગમન બંધ કરવાના લાભો ય બતાવ્યા છે.

ઉપાશ્રયમાં સ્થિર બેસીને ધ્યાનાદિ કરીએ, ગમનાગમનાદિ બંધ કરીએ તો (૧) ગમનાગમન કરવાથી બંધાતા કર્મોનો બંધ અટકે. (૨) ગમનાગમનમાં વાયુકાયાદિની જે વિરાધના થાય તે બધી વિરાધના પણ અટકે. (૩) સ્થિર બેસવાથી મન નિશ્ચળ બને, એકાગ્ર બને, અને તેથી ધ્યાનની ધારા લાગે. ગમનાગમનમાં એવી જોરદાર ધ્યાનની ધારા ન લાગે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે **"अकारणे न भासइ"** સાધુ જ્યાં સુધી કોઈ ગાઢ કારણ ન આવે ત્યાં સુધી મૌન જ રહે. શબ્દો બોલવાથી એના દ્વારા વાયુકાયાદિની વિરાધના થાય. એટલે કારણ ન હોય તો ન જ બોલે.

આ દર્શાવે છે કે વચનયોગનો નિરોધ શાસ્ત્રકારોને અભિપ્રેત છે.

ધ્યાનાદિ કરવા દ્વારા મનોયોગનો નિરોધ તો શાસ્ત્રકારોએ દેખાડ્યો જ છે. આમ આ ત્રણેય ગુપ્તિઓ ઉત્સર્ગમાર્ગ છે, સિદ્ધપદની પ્રાપ્તિનું અગત્યનું કારણ છે.

**શિષ્ય :** તમે બધી શાસ્ત્રની વાતો કરો છો, પણ શાસ્ત્રોમાં તો પ્રવૃત્તિ કરવાની પણ વાત

ઠેર ઠેર કરી છે. રે ! તમે જે શાસ્ત્રપાઠો નિવૃત્તિની મહાનતા દેખાડવા આપ્યા છે, એજ શાસ્ત્રપાઠોમાં પ્રવૃત્તિની વાતો કરી જ છે.

જુઓ ! શાસ્ત્રકારોએ એકજ સ્થાને આખી જીંદગી રહેવાની વાત નથી કરી. પણ નવ સ્થાનોમાં કુલ એક વર્ષ પસાર કરવાની વાત કરી છે. એનો અર્થ એ જ કે શાસ્ત્રકારોએ દર વર્ષે આઠ વાર તો વિહાર કરવાની આજ્ઞા કરી જ ને ?

જો કાયગુપ્તિ જ ઈષ્ટ હોત, તો દીક્ષાના પ્રથમ દિવસથી જ એક જ સ્થાને રહેવાનો આદેશ ન આપી દેત ? પણ એવું તો કહ્યું નથી. (૧૫)ઉલ્ટુ એકસ્થાને જ વધુ સમય રહેનારને શિથિલ, નિત્યવાસી કહી એની ટીકા જ કરી છે.

એમ બાલ-ગુરુ-ગ્લાન વગેરે માટે ગોચરી પાણી લાવવાનો આદેશ ફરમાવ્યો છે, સ્થંડિલ માત્રુ માટે ય જંગલમાં નિર્દોષ સ્થાને જવાની આજ્ઞા છે. પ્રતિક્રમણાદિ અનેક ક્રિયાઓ કરવાની કહી છે, ન કરે તો પ્રાયશ્ચિત્ત આપ્યા છે.

ઓ ગુરુદેવ ! આમાં કાગુપ્તિની તો વાત જ ક્યાં રહી ?

હવે વિચારીએ વચનગુપ્તિ માટે !

સાધુઓને સૂત્રપોરિસીમાં સૂત્રો સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક બોલીને ગોખવાની આજ્ઞા છે. સામૂહિક પ્રતિક્રમણ માંડલીમાં કોઈપણ એક સાધુએ બધા સૂત્રો મોટેથી બોલવાના હોય છે. પ્રભાવકોને વ્યાખ્યાન કરવાની આજ્ઞા ફરમાવી છે. જિજ્ઞાસુઓ પ્રશ્ન પુછે તો એના શાસ્ત્રાનુસારે ઉત્તરો આપવાનું ય વિધાન છે.

રે ! તમે જે ગાથાનો અડધો ભાગ બતાવ્યો, એમાંજ શરૂઆતની પંક્તિ આ જ છે. "**कज्जे भासइ भासं अणवज्जं**" કામ આવી પડે ત્યારે નિરવદ્યભાષા બોલવી." આમાં ભાષા બોલવાની સ્પષ્ટ આજ્ઞા જ છે ને ?

જો વાગ્યોગની ગુપ્તિ શાસ્ત્રકારોને ખૂબજ ઈષ્ટ હોત તો એમ જ કહી દેત ને, કે "સૂત્રો મનમાં ગોખવા, બધાએ મનમાં જ પ્રતિક્રમણ કરી લેવું, પ્રભાવકોએ વ્યાખ્યાન વિના માત્ર પોતાના અસ્તિત્વમાત્રથી લોકોને પમાડવા, કોઈ ગમે તે પુછે, કશો જવાબ ન આપવો."

પણ આવું તો ક્યાં કહ્યું છે ?

તો વળી મનોગુપ્તિ માટે ય તમારી વાત મને જચતી નથી.

શાસ્ત્રકારોએ તો અનુપ્રેક્ષા નામનો સ્વધ્યાય કરવાનો કહ્યો છે એમાં મન દ્વારા બધા શાસ્ત્રીય પદાર્થોનું ચિંતન કરવાની જ આજ્ઞા છે ને ? એટલે આ તો મનોયોગ આદરવાનો જ ઉપદેશ છે. એમ રોજ અર્થપોરિસીમાં અર્થચિંતન જ કરવાનું છે. અર્થાત્ મનોયોગ

આદરવાનો છે.

તો પછી "મનોયોગનો ત્યાગ જ શાસ્ત્રકારોને અભિપ્રેત છે" એવું કયા આધારે કહી શકાય?

ગુરુ : ધન્યવાદ છે શિષ્ય ! તને. પણ તે મારી વાત ધ્યાનથી સાંભળી લાગતી નથી.

મેં કહ્યું જ છે કે આ ત્રણગુપ્તિઓ ઉત્સર્ગ માર્ગ છે, અને તું એ જાણે જ છે કે શાસ્ત્રોના કોઈપણ ઉત્સર્ગો અવશ્ય અપવાદથી યુક્ત જ હોય છે. શાસ્ત્રવચન છે કે —

**जावइया उस्सग्गा तावइया चेव हुंति अववाया ।**

**जावइया अववाया तावइया चेव हुंति उस्सग्गा ॥**

**અર્થ :** જેટલા ઉત્સર્ગો છે, એટલા જ અપવાદો છે. જેટલા અપવાદો છે, એટલા જ ઉત્સર્ગો છે.

ઉત્સર્ગનું પાલન મોક્ષપ્રાપ્તિ માટે જ કરવાનું છે. પણ કેટલીકવાર એવી પરિસ્થિતિ ઉભી થાય કે જે પરિસ્થિતિમાં ઉત્સર્ગનું પાલન મોક્ષ નજીક લાવવાને બદલે મોક્ષને દૂર કરી દે. તો તે પરિસ્થિતિમાં ઉત્સર્ગનું સેવન ન કરાય, તે વખતે ઉત્સર્ગ છોડી અપવાદ જ સેવવો જોઈએ.

સીધી વાત એટલી જ કે સંયમીને મુખ્યરૂપે તો મોક્ષ જ જોઈએ છે. ઉત્સર્ગમાર્ગ કે અપવાદ માર્ગ સાથે એને એ માટે જ લેવા-દેવા છે. પણ એ મોક્ષ સામાન્યથી ઉત્સર્ગ સેવન કરવાથી મળે છે માટે મોક્ષાર્થી સંયમી મુખ્યત્વે ઉત્સર્ગ જ આચરે. પણ જે વખતે ઉત્સર્ગ સેવવાથી મોક્ષ અટકવાનો, દૂર થવાનો સંભવ થતો હોય તો મોક્ષાર્થી સંયમી એ વખતેય ઉત્સર્ગ સેવવાની મૂર્ખામી કરે ખરો ? એ તો તે વખતે મોક્ષને નજીક લાવનાર અપવાદને જ પકડી ન લે ?

ડૉક્ટરો કે વૈદ્યોનો પડછાયો પણ ન લેનારો સ્વસ્થ-આરોગ્યસંપન્ન પુરુષ જ્યારે માંદો પડે ત્યારે પોતાની સ્વસ્થતા ટકાવવા ડૉક્ટરો-વૈદ્યોના શરણે જાય જ છે ને ? આરોગ્ય ટકાવવા જ દવા વગેરે પણ લે જ છે ને ?

ઉનાળામાં ગરમીથી ત્રાસીને ઠંડી ઠંડી વસ્તુ વાપરનારા સંસારીઓ ભરશિયાળામાં ઠંડીના ત્રાસથી બચવા એજ ઠંડી વસ્તુઓને દૂરથી સલામ ભરે છે ને ?

સીધું સાદું ગણિત એટલું જ છે કે તમને જે વસ્તુ ઈષ્ટ હોય એને લાવી આપનાર વસ્તુ પણ તમને ઈષ્ટ બને. એને ન લાવી આપનાર, દૂર કરનાર વસ્તુ તે વખતે ઈષ્ટ ન બને.

જેને મોક્ષ જ ઈષ્ટ છે, તે તો ગાઢ માંદગી વગેરે વિચિત્ર પરિસ્થિતિઓમાં મોક્ષને દૂર

ધકેલનાર ઉત્સર્ગમાર્ગને બાજુ પર મૂકી મોક્ષને નજીક લાવનાર અપવાદ માર્ગને સ્વીકારી જ લે. અને અપવાદ સેવવાના માંદગી વગેરે કારણો જેવા દૂર થાય કે તરત જ પાછો મોક્ષને લાવી આપનાર ઉત્સર્ગમાર્ગને પકડી જ લે. કેમકે એને મોક્ષની તીવ્ર ઈચ્છા છે.

અપવાદના પ્રસંગે મોક્ષને અટકાવનાર બનતા એવાય ઉત્સર્ગને જે સેવે રાખે, તેને તો મોક્ષની ઈચ્છા જ નથી એમજ માનવું પડે. (અથવા ભયંકર અજ્ઞાન છે કે તે કાળે મોક્ષ પ્રતિબંધક બનનારા ઉત્સર્ગમાર્ગને એ મોક્ષપ્રાપક સમજે છે.)

એમ ઉત્સર્ગના પ્રસંગે ય અપવાદને સેવનારો ય મોક્ષેચ્છુ નથી, એમજ માનવું પડે (કે પછી ઘોર અજ્ઞાન માનવું પડે કે તે કાળે મોક્ષ પ્રતિબંધક બનનારા અપવાદને એ મૂર્ખ મોક્ષપ્રાપક માને છે.)

સુરત સ્ટેશન ઉપર ઉભેલા એક માણસને કો'કે પુછ્યું, "તમારે ક્યાં જવું છે ?" "અમદાવાદ" પેલાએ જવાબ આપ્યો. ત્યાં જ બોમ્બે જતી ટ્રેન સ્ટેશન ઉપર આવી. પેલો ઝપાટાબંધ એમાં ચડવા ગયો. "અરે ! તમારે તો અમદાવાદ જવું છે ને ? એની ટ્રેન તો બીજા પ્લેટ ફોર્મ ઉપર છે. આ તો બોમ્બે જાય છે.."

આમ કહેવા છતાંય પેલો તો એજ ટ્રેનમાં ચડી ગયો.

કહેવાની જરૂર ખરી ? કે એને પરમાર્થથી અમદાવાદ જવાની ભાવના જ ન હતી. એ જૂઠું બોલેલો. અથવા મને પેલાના વચન ઉપર વિશ્વાસ નથી. પોતાની જાતને જ એ સાચી માને છે.

એમ "મારે મોક્ષે જવું છે" એવું બોલનારાઓ જ્યારે ગીતાર્થગુરુ ભગવંત એને સમજાવે કે "આ પરિસ્થિતિમાં તારે આ ઉત્સર્ગમાર્ગ છોડી અપવાદ જ સેવવો જોઈએ. કેમકે એનાથી જ તને લાભ છે, મોક્ષ નજીક આવે છે." તે વખતે ય ગુરુની વાત અવગણી ઉત્સર્ગ જ જો પકડી રાખે તો એમને માટે કહેવું જ પડે કે એને ખરેખર મોક્ષની ઈચ્છા નથી. એ ઉત્સર્ગમાર્ગનો રાગી બન્યો છે, પણ મોક્ષનો રાગી નથી બન્યો. અથવા તો એને ગીતાર્થ ગુરુના વચન ઉપર શ્રદ્ધા નથી. (મોક્ષને અટકાવે, અસમાધિ ઉત્પન્ન કરે એવા પ્રકારના ય ઉત્સર્ગ માર્ગનો આગ્રહી આ જીવ કેમ બન્યો ? એનો ઉત્તર એ કે કાં તો એ અતિશય મૂઢ છે. અથવા તો એને ઉત્સર્ગમાર્ગના સેવનથી પોતાને જે યશ પ્રશંસાદિ પ્રાપ્ત થાય છે એનો લાલચુ છે.)

એમ "મારે મોક્ષ જ જોઈએ છે" એવું બોલનારાઓ પણ જ્યારે ગીતાર્થગુરુ સમજાવે કે "હવે તારે આ દોષિત ગોચરી-વિગઈભક્ષણ વગેરે અપવાદો સેવવાની કોઈ જ જરૂર નથી. તું પાછો ઉત્સર્ગમાર્ગ આરાધતો થઈ જા." અને છતાંય જો ન માને, અપવાદ સેવ્યા

કરે તો એને મોક્ષની ઈચ્છા નથી એમ કલ્પી શકાય. એ અપવાદનો મહારાગી બન્યો, પણ મોક્ષનો નહિ.

ટુંકમાં ગીતાર્થ ગુરુ એ જ કરવાનું કહેવાના કે "જેમાં મોક્ષ નજીક જ આવે." અને છતાં એની વાત જે ન સ્વીકારે તેને પરમાર્થથી મોક્ષનો રાગ નથી કે ગુરુમાં શ્રદ્ધા નથી એમ જ માનવું રહ્યું.

મૂળ વાત એટલી જ કે ગુપ્તિ ઉત્સર્ગમાર્ગ છે. વિશેષ કોઈ કારણો ન હોય તો એ ગુપ્તિઓનું સેવન જ કરવું. એજ મોક્ષને નજીક લાવે, કર્મક્ષય કરાવી આપે.

પણ વિશિષ્ટ પ્રસંગોમાં ય જો ગુપ્તિ જ પકડી રાખીએ, વચનયોગ-કાયયોગ ન સેવીએ તો એ વખતે તો એ ગુપ્તિ મોક્ષને રુંધનારી જ બને. અને એટલે જ મોક્ષાર્થી જીવે તે વખતે ગુપ્તિઓનો ત્યાગ કરી ઈર્યાસમિતિ વગેરે અપવાદ માર્ગનું સેવન કરવું એ જ અત્યંત હિતાવહ છે. એય વખતે ગુપ્તિનું સેવન કરનાર તો મહાપાપનો ભાગીદાર બને.

દા.ત. માંદો સાધુ પીડાતો હોય, એને તાત્કાલિક ગોચરી વાપરવી હોય એ વખતે કોઈ મૂઢ સંયમી સ્વાધ્યાયમાં બેસી રહે, હલન ચલન પણ ન કરે તો એ તો પેલા ગ્લાન સંયમી પ્રત્યે નિષ્ઠુર બનતો હોવાથી અવશ્ય પાપ બાંધે. એ વખતે એની ફરજ એ જ છે કે તરત બધું પડતું મૂકી એના માટે ગોચરી લેવા જવું, અને એ વખતે જ ઈર્યાસમિતિ, એષણા સમિતિ વગેરે પાળવાની રહે.

આમ ત્યાં અપવાદ માર્ગે થતી પ્રવૃત્તિઓમાં સમિતિઓનું પાલન કરવું જ હિતકારી છે.

એમ ગુરુ બોલાવે, કોઈ સાધુ પ્રશ્ન કરે, જિજ્ઞાસુ શ્રાવક કંઈક પુછે એ વખતે પણ મૂઢ સાધુ વચનગુપ્તિને આત્મસાત કરવા મુંગો જ રહે, તો એ ઘણાને અસમાધિનું કારણ બનતો હોવાથી, તદ્દન અનુચિત પ્રવૃત્તિ કરતો હોવાથી પાપનો ભાગીદાર બનવાનો જ.

આમ દરેક બાબતમાં સમજી લેવું.

એટલે એ પદાર્થ સ્પષ્ટ થયો કે ગુપ્તિઓ એ ઉત્સર્ગ છે અને સમિતિઓ એ અપવાદ છે. બેય પોત પોતાના યોગ્ય સમયે સેવવામાં આવે તો મોક્ષસાધક બને છે અને માટે જ મોક્ષૈકલક્ષી જિનશાસને આ બેયને આદર આપ્યો છે.

(૧૯)કોઈ વિશેષ કારણ ન હોય ત્યારે જે વસ્તુઓ મોક્ષસાધક બનતી હોય તે ઉત્સર્ગ માર્ગ! અને વિશેષ કારણો આવી પડે ત્યારે એ ઉત્સર્ગોમાં જે કોઈ શાસ્ત્રાનુસારી છૂટછાટ લેવાય એ બધો જ અપવાદ માર્ગ !

આમ મોક્ષની અપેક્ષાએ જ આ ઉત્સર્ગ અને અપવાદનું ગણિત ચાલે છે. જે મોક્ષને અટકાવે, જીવને મોક્ષની નજીક લઈ જવાને બદલે મોક્ષથી દૂર લઈ જાય એ બધું જ ઉન્માર્ગ

કહેવાય.

તાળી પાડવી, પાટ પાટલા ઉપર તબલા વગાડવા, પગ હલાવ્યા કરવા, ચપટી વગાડવી, કુદરતી સૌંદર્યાદિ જોવા માટે બહાર ફરવા જવું, માસકલ્પ પધ્ધતિ છોડી નજીવા કારણોસર ગુર્વાજ્ઞા ન હોવા છતાં લાંબા લાંબા વિહારો કર્યા જ કરવા.... આ બધું નિષ્કારણ કરાતું હોવાથી સંયમીઓ માટે ઉન્માર્ગ બની રહે છે.

તો હસી-મજાક કરવી, એકબીજાની ઠેકડી ઉડાડવી, ગીતો ગાવા, ભક્તો સાથે કલાકો સુધી વાતચીતો કર્યા કરવી, ગીતાર્થતા ન હોવા છતાં ગુર્વાદિની રજા લીધા વિના જ બીજાઓને ઉપદેશ આપવા.... આ બધી પ્રવૃત્તિઓ પણ મોક્ષને અટકાવનાર બનતી હોવાથી સંયમી માટે ઉન્માર્ગ બને છે.

એમ ખોટેખોટાં વિચારો કરવા વગેરે તો સ્પષ્ટ ઉન્માર્ગ છે.

આ બધા અસ્થાને સેવાતા અપવાદ રૂપ ઉન્માર્ગો છે. અપવાદ જો અપવાદ સિવાયના સ્થાને સેવાય તો એ સ્વયં ઉન્માર્ગ બની જાય છે.

એમ ઉત્સર્ગ પણ જો અસ્થાને સેવાય તો ઉત્સર્ગાભાસ એટલે કે ઉન્માર્ગ બની જાય છે. દા.ત. ગુરુ, ગ્લાન, બાલ વગેરે માટે ગોચરી લાવવી જરૂરી હોવા છતાં ગોચરી લેવા ન જવું અને ઉપાશ્રયમાં સ્થિર બની ધ્યાન ધરવું એ ઉન્માર્ગ છે.

એમ ગુરુ-સાધુ-શ્રાવક કંઈક પુછે ત્યારે પણ જવાબ ન આપવો, મુંગા રહેવું, મૌન વ્રત ધારણ કરવું, વિશિષ્ટ મહાત્માઓએ કોઈ સુકૃતો કર્યા હોય ત્યારે તેની અનુમોદના ન કરવી અને "મારે મૌન છે" એમ ધારી મુંગા રહેવું, (૧૭)અનેક લોકો ધર્મ પામતા હોય તેવા સ્થાને ગીતાર્થ સંવિગ્ન મહાત્મા ગમે તે કારણો દર્શાવી વ્યાખ્યાનાદિની શક્તિ હોવા છતાં મુંગા રહે... આ બધા જ ઉન્માર્ગ છે.

શાસ્ત્રના ગંભીર પદાર્થોમાં સૂક્ષ્મ બુદ્ધિ વડે જબરદસ્ત ચિંતન કરવાની શક્તિ હોવા છતાંય એ ચિંતનાદિ કરવાને બદલે માત્ર એકાદ પદ , એકાદ મંત્રના ધ્યાનમાં તન્મય બનવું. એ પણ ઉન્માર્ગ છે. અનેક પદાર્થોનું ચિંતન કરવામાં મનોયોગ વધુ થાય, જયારે એકાદ પદ-મંત્રાદિમાં મનને એકાગ્ર બનાવવામાં મનોયોગનો નિરોધ થાય. એટલે એ દૃષ્ટિથી ધ્યાન એ ઉત્સર્ગ બને. પણ ચિંતન રૂપી અપવાદ જ જયાં અત્યંત ઉપયોગી હોય એણે કરેલા ચિંતનો સકળ સંઘને અતિ અતિ ઉપયોગી બનનારા હોય ત્યાં ધ્યાનમાં ચોંટનારાઓ ઉન્માર્ગગામી કહેવાય.

માટે જ દશપૂર્વધર વગેરેને જિનકલ્પ લેવાનો સ્પષ્ટ નિષેધ છે. તેઓ જબરદસ્ત વચનશક્તિવાળા હોવાથી શાસનપ્રભાવના કરવા સમર્થ છે. એટલે જો તેઓ જિનકલ્પ

સ્વીકારે તો તેઓ શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરનારા બને.

એટલે જ શિષ્ય ! એક એક ડગલું ખૂબજ સમજી, વિચારીને ભરવું. ઉત્સર્ગ-અપવાદનું ગણિત અતિસૂક્ષ્મ છે. એમાં ગમે ત્યારે થાપ ખાઈ જવાય. અલબત્ત સતત શાસ્ત્રોનો અભ્યાસ કરનારા, ગીતાર્થ અનુભવી ગુરુઓ પાસે અનુભવ મેળવનારા મહાત્માઓ માટે આ કાર્ય દુષ્કર નથી. તેઓ તો પળવારમાં જ ઉત્સર્ગ-અપવાદનો નિર્ણય કરી લેતા હોય છે.

આ બધી જ વાતનો સાર એટલો જ કે –

ગુપ્તિ એ ઉત્સર્ગ માર્ગ છે, મોક્ષ પ્રાપ્તિનું અતિમહત્ત્વનું કારણ છે. એટલે વિશેષ કારણો વિના તો મનોયોગ, વચનયોગ અને કાયયોગ વધુને વધુ ઘટાડતા જવાનો જ પ્રયત્ન કરવો.

પરંતુ શાસ્ત્રકારોએ મોક્ષ પ્રાપ્તિ માટે જ અપવાદ માર્ગે જ્યાં જ્યાં એ યોગોનો વપરાશ કરવાનું ફરમાવ્યું છે. ત્યાં અપવાદ માર્ગે એ યોગો વાપરવા અર્થાત્ એ વખતે અપવાદ માર્ગરૂપી સમિતિનું સેવન કરવું. પણ એ અપવાદ માર્ગ સેવવાનું શાસ્ત્રે દર્શાવેલું કારણ જેવું બંધ પડે કે તરત જ સમિતિનું સેવન બંધ કરી ગુપ્તિમાં સ્થિર બનવું.

વર્તમાનકાળમાં કેટલીક બાબતો એવી દેખાઈ રહી છે કે જેને ઘણાઓ સારી, શુભ માને છે, પણ પરમાર્થથી એ ઉન્માર્ગ રૂપ હોવાની શક્યતા શાસ્ત્રદૃષ્ટિએ દેખાય છે.

(૧) માસકલ્પ વિહારપદ્ધતિ છોડી ગુર્વાજ્ઞા ન હોવા છતાં નજીવા કારણોસર સેંકડો-હજારો કિલોમીટરના વિહારો.

(૧૮)(૨) અગીતાર્થ-અસંવિગ્નોના પ્રવચનો.

(૩) રોજે રોજ શ્રાવકો સાથે કે સહવર્તી ગુરુ ભાઈ-બહેનો સાથે ઠઠ્ઠા મશ્કરી, ગપ્પા, ગામની પંચાત, વિકથા, આત્મશુદ્ધિ માટે બિનજરૂરી ચર્ચાઓ.

(૪) ગીતાર્થ સંવિગ્ન ગુરુભગવંતોની સંમતિ વિના, ભક્તોની સહાયથી જાત જાતના પુસ્તકોની છપામણી. ટ્રસ્ટો-તીર્થો-સંસ્થાઓની સ્થાપના.

આ બધી તો મોટા ઉન્માર્ગની વાતો થઈ. એ સિવાય નાના નાના ઉન્માર્ગો તો આપણે જાતે જ સમજવા રહ્યા.

જો મોક્ષની સાચી ઈચ્છા હશે, જો આતમશુદ્ધિની ઝંખના રૂંવાડે રૂંવાડે પ્રગટેલી હશે, જો દોષક્ષયની ભાવના રગેરગમાં વ્યાપેલી હશે તો એ સંયમીઓ ઉત્સર્ગ અને અપવાદ રૂપ આ ગુપ્તિ અંને સમિતિઓને બરાબર જાણી લઈ, એના ઉપર દૃઢ શ્રદ્ધા કરી એનું પાલન કરવા માટે કટિબદ્ધ બન્યા વિના નહિ જ રહે એ નિશ્ચિત વાત છે.

•

## ૪. ઈર્યાસમિતિ

આપણે જોઈ ગયા છીએ કે પાંચેય સમિતિઓ અપવાદ માર્ગ રૂપ છે. અપવાદ માર્ગ પુષ્ટ આલંબન હોય ત્યારે, ગાઢ કારણ હોય ત્યારે જ સેવવાનો હોય છે. એટલે સૌપ્રથમ તો ઈર્યાસમિતિ માટેના એ ગાઢ કારણો ક્યા છે ? એ જ જાણી લઈએ.

ઉત્તરાધ્યયનસૂત્રમાં શ્રમણ ભગવાન મહાવીરદેવ ફરમાવે છે **तत्थ आलंबणं नाणं, दंसणं चरणं तहा** "ગમનાગમન બિલકુલ કરવાનું જ નથી." એ ઉત્સર્ગમાર્ગ છોડી અપવાદ માર્ગે જે ગમનાગમન કરવાનું છે, તેના આલંબનો=કારણો ૩ છે. જ્ઞાન+દર્શન+ચારિત્ર.

(૧) પુસ્તક-પ્રત વગેરે મેળવવા માટે જ્ઞાનભંડારમાં જવું પડે.

(૨) બીજા ઉપાશ્રયાદિમાં રહેલા મહાત્મા પાસે કે પાઠશાળામાં પંડિતજી પાસે ભણવા જવાનું થાય.

(૩) સેંકડો કીલોમીટર દૂર રહેલા મહાવિદ્વાન, અનુભવી મહાત્મા પાસે વિશિષ્ટ કક્ષાના ગ્રંથોનો અભ્યાસ કરવા માટે સેંકડો કિલોમીટરનો વિહાર કરવો પડે.

(૪) વિશિષ્ટ અજૈનગ્રન્થો ભણવા માટે છેક કાશી વગેરે સ્થાને ય જવું પડે.

આ બધા જ્ઞાનપ્રાપ્તિ માટેના પુષ્ટ આલંબનો છે, આ બધા પુષ્ટ કારણોસર કાયગુપ્તિ રૂપી ઉત્સર્ગને છોડી ગમનાગમનાદિ રૂપ અપવાદ સેવવાનો છે.

હવે દર્શન માટેના વિકલ્પો જોઈએ.

(૧) રોજ સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે દેરાસરમાં જિનપ્રતિમાના દર્શન કરવા જવું.

(૨) વિહાર કરતા કરતા ખ્યાલ આવે કે આજુબાજુમાં ક્યાંક પ્રાચીન તીર્થ છે, પ્રાચીન જિનપ્રતિમા છે તો એના દર્શન-વંદન માટે જવું.

(૩) જે ગ્રંથો સમ્યગ્દર્શનને નિર્મળ બનાવે તેવા હોય અર્થાત્ અન્ય મિથ્યામતોની કુયુકિતઓનું ખંડન કરવા પૂર્વક જિનમતના સ્યાદ્વાદને સ્પષ્ટ સચોટ રીતે સિદ્ધ કરનારા હોય તે ગ્રંથોનો અભ્યાસ કરવા માટે વિશિષ્ટ મહાત્મા-પંડિતજી વગેરે પાસે જવું પડે.

સન્મતિતર્ક, સ્યાદ્વાદ મંજરી, સ્યાદ્વાદ કલ્પલતા વગેરે ઢગલાબંધ દાર્શનિક ગ્રંથો એવા છે કે જે વાંચવાથી જિનવચન ઉપરની શ્રધ્ધા ચોલમજીઠના રંગ જેવી બની જાય. અલબત્ત એ માટે સૂક્ષ્મપ્રજ્ઞા જરૂરી બને.

(૪) જિનશાસનની વિશિષ્ટતમ પ્રભાવના કરવા માટે વિહારાદિ કરવા પડે. દા.ત. કતલખાનાના વિરોધમાં મોટી રેલી કાઢવી, પર્યુષણાદિમાં રથયાત્રાદિ કાઢવા. તીર્થરક્ષાદિ

માટે વિહારો કરવા.

આ બધા સમ્યગ્દર્શનની વિશુદ્ધિ કરનારા કાર્યો છે, એના માટે ઉત્સર્ગમાર્ગની કાયગુપ્તિ ત્યાગી અપવાદ માર્ગે ગમનાગમન કરવાનું હોય.

ચારિત્ર માટેના વિકલ્પો ય ઘણા છે.

[૧૯](૧) એકજ સ્થાને વધારે રોકાવાથી ત્યાંના ગૃહસ્થો પ્રત્યે રાગભાવ, તે ક્ષેત્રની આસક્તિ, તે ગૃહસ્થોને અપ્રીતિ વગેરે ઘણા મોટા નુકશાનોથી ચારિત્ર મલિન બનવાની શક્યતા છે. માટે શાસ્ત્રાજ્ઞા પ્રમાણે તે તે સ્થાનમાં મહીનો મહીનો રોકાઈને પછી વિહાર કરવો જોઈએ.

(૨) ગુરુ - ગ્લાન - વૃદ્ધ - બાલ વગેરેની વૈયાવચ્ચ માટે ગોચરી પાણી લેવા જવું.

(૩) સ્થંડિલ-માત્રુની શંકા થાય ત્યારે જીવોની વિરાધના ન થાય એ આશયથી શુદ્ધતમ સ્થંડિલભૂમિમાં જઈ સ્થંડિલ-માત્રુની વિધિ કરવી.

[૨૦](૪) પોતાના ગુરુ મૂલગુણોમાં પણ શિથિલ થઈ ગયા હોય ત્યારે સ્વચારિત્રની રક્ષા માટે એમનો ત્યાગ કરી મૂલગુણોના પાલક અન્ય ગુરુની નિશ્રા સ્વીકારવા વિહાર કરવો.

(૫) કોઈક સાધુને કોઈક સ્થાનમાં સ્ત્રી વગેરેનો પરિચય થવાથી મોટું નુકશાન થવાની સંભાવના દેખાય ત્યારે એના સંયમની રક્ષા માટે તાત્કાલિક વિહાર કરવો.

(૬) ઉપાશ્રયમાં કીડી વગેરેનો પુષ્કળ ઉપદ્રવ હોય. અથવા નિર્દોષ ગોચરી દુર્લભ હોય અથવા સ્થંડિલ માટેની શુદ્ધ જગ્યા ન મળતી હોય તો તેવા સ્થાનમાંથી પણ તરત જ વિહાર કરવો પડે.

(૭) ગીતાર્થ ગુરુદેવની જ વિહારો કરવાની આજ્ઞા થાય તો તે આજ્ઞાના પાલન માટે વિહારાદિ કરવા.

આવા અનેક ચારિત્રપાલનના કારણો છે કે જેની હાજરી થતા જ ગુપ્તિનો ઉત્સર્ગ માર્ગ ત્યાગી આ વિહારાદિ કાર્યો કરવા પડે.

જ્યારે આવા પુષ્ટ કારણોસર ગમનાગમન ક્રિયા કરવાનો વખત આવે ત્યારે જ *ઈર્યાસમિતિ પાળવાની છે. એ ઈર્યાસમિતિનું લક્ષણ હવે આપણે જોઈશુ.* પણ એ વાત સમજી રાખવી કે જો ઉપર બતાવેલા કે એના જેવા કોઈ પુષ્ટ કારણ ન હોય અને નજીવા કારણોસર વિહારાદિ કરવામાં આવે તો એ વખતે, શાસ્ત્રીય દૃષ્ટિએ શુદ્ધતમ ઈર્યાસમિતિ પાળવામાં આવે તો ય એ અપવાદ માર્ગ બનતી નથી. અને માટે જ એ કર્મક્ષયકારક-મોક્ષસાધક બનતી નથી.

[૨૧]શાસ્ત્રકારોએ સ્પષ્ટ જણાવેલ છે કે ગીતાર્થ મહાત્માઓ યતનાપૂર્વક અપવાદમાર્ગ

સેવે તોય જો એ પુષ્ટકારણ વિના સેવે તો એ અપવાદમાર્ગ વાસ્તવિક બની શકતો જ નથી. દા.ત. વિશિષ્ટ તપસ્યા વગેરે કોઈ કારણ ન હોવા છતાં આસક્તિને કારણે કોઈ સાધુ એમ વિચારે કે "મારે મીઠાઈ તો ખાવી જ છે, પણ આધાકર્મી તો નથી જ વાપરવી." અને એટલે એ સાધુ શ્રાવક દ્વારા દુકાનમાંથી મીઠાઈઓ ખરીદ કરાવીને વાપરે તો આ યતનાપૂર્વક અપવાદ સેવ્યો હોવા છતાં પુષ્ટકારણ ન હોવાથી એને દોષ લાગે જ. એનું એણે પ્રાયશ્ચિત્ત કરવું જ પડે. (અલબત્ત, આધાકર્મીને બદલે ક્રીતદોષ જ સેવ્યો, એટલે એને ઓછો દોષ લાગે એ ખરું. એટલા અંશમાં એના પરિણામ સારા. પણ એ રીતે મીઠાઈનો વપરાશ અપવાદ માર્ગ તો ન જ બને. માટે જ એને એનું પ્રાયશ્ચિત્ત આવે.)

એટલે મહાસંયમીઓએ પણ કોઈપણ પ્રકારની ગમનાગમનક્રિયા કરતા પહેલા એ વખતે જાતને તપાસી લેવી કે "મારે ખરેખર જ્ઞાન, દર્શન કે ચારિત્ર માટેનું કોઈ પુષ્ટકારણ છે ને ? નજીવા કારણોસર તો હું ગમનાગમન નથી કરતો ને ? જો હું નિષ્કારણ ગમનાગમન કરીશ તો હું ગમે એટલી ઉત્કૃષ્ટ ઈર્યાસમિતિ પાળું, તોય મને એનો લાભ નહિ મળે. કેમકે હું ઉત્સર્ગના સ્થાને અપવાદનું સેવન કરનારો બનું છું."

એટલે ઈર્યાસમિતિના પાલન પહેલા પુષ્ટકારણની હાજરી હોવી ખાસ જરૂરી છે, એ ખાસ ધ્યાનમાં રાખવું.

આમ જ્યારે જ્ઞાન-દર્શન કે ચારિત્ર રૂપી પુષ્ટ કારણસર ગમનાગમન કરવું પડે ત્યારે જે ઈર્યાસમિતિ પાળવાની છે તેનું લક્ષણ હવે જોઈએ.

યોગશાસ્ત્રગ્રંથમાં પ્રથમ પ્રકાશમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી ફરમાવે છે કે –

**लोकातिवाहिते मार्गे चुम्बिते भास्वदंशुभिः ।**

**जन्तुरक्षार्थमालोक्य गतिरीर्या मता सताम् ॥**

**અર્થ :** (૧) જે માર્ગ રોજેરોજ લોકોની અવરજવર વાળો હોય (૨) જે માર્ગ ઉપર સૂર્યના કિરણો સ્પર્શી રહ્યા હોય (૩) એવા માર્ગ ઉપર કીડી વગેરે જીવોની રક્ષા કરવાને માટે (૪) નીચે બરાબર જોઈને ચાલવું એ સજ્જનોએ ઈર્યાસમિતિ માની છે.

ઈર્યાસમિતિમાં આ ચાર શરતો પુરી થવી જોઈએ. તો જ એ તદ્દન શુદ્ધ ઈર્યાસમિતિ ગણાય. જો એકાદ પણ શરત ઓછી હોય તો ઈર્યાસમિતિ અતિચારવાળી બને.

આ ચાર શરતોને ક્રમશઃ વિચારીએ.

(A) <u>લોકાતિવાહિત માર્ગ :</u> જ્યાં ઘણા લોકોની અવરજવર હોય ત્યાં પ્રાયઃ કરીને એ માર્ગ અચિત્ત થઈ જ ચૂક્યો હોય. વળી એવા રસ્તા ઉપર કીડી-મંકોડા વગેરે જીવોની

અવરજવર પણ ઓછી હોય. સહજ રીતે જ એ જીવો પોતાની રક્ષા માટે આવા સ્થાનથી દૂર રહેતા હોય. એટલે આવા રસ્તામાંથી પસાર થવામાં સૌથી મોટો ફાયદો એ જ છે કે પ્રાયઃ કરીને જીવવિરાધના થવાની શક્યતા ઘણી જ ઓછી રહે.

એને બદલે જે માર્ગમાં લોકોની અવરજવર ન હોય કે ખૂબ ઓછી હોય તે માર્ગમાં કાચી માટી વગેરે બધુ સચિત્ત હોવાની પાકી શક્યતા છે જ. વળી આવા સ્થાનમાં કીડી-મંકોડા-ઈયળો વગેરે પણ ચિક્કાર પ્રમાણમાં જોવા મળે. આમ આવા સ્થાનમાં જીવોની વિરાધના થવાની શક્યતા ઘણી બધી રહે છે. ગમે એટલો ઉપયોગ રાખીને ચાલીએ તોય નાની-મોટી વિરાધના થયા વિના રહેતી નથી.

તે આ પ્રમાણે :

(૧) ઘણીવાર સંયમીઓ ટુંકો રસ્તો પકડવા માટે, કીલોમીટર ઘટાડવા માટે કાચા રસ્તે પણ વિહાર કરતા હોય છે. એ માર્ગ જો માટીનો હોય તો ત્યાં એ માટી સચિત્ત હોવાની પણ ઘણી શક્યતા છે. આમ સચિત્ત માટીની ય વિરાધના થાય.

અલબત્ત સૂર્યનો તડકો પડવાથી એ માટી અચિત્ત થાય ખરી. પણ (i) ઘણીવાર આજુ બાજુની ઝાડીને કારણે વ્યવસ્થિત સૂર્ય તડકો ન મળવાથી એ પૃથ્વી - માટી સચિત્ત હોય, (ii) આવતા જતા ગાડાના કારણે ઉપરની માટી ઉખડી ગઈ હોય અને નીચેની માટી ઉપર આવી હોય એવું ય બને. નીચેની માટી મિશ્ર હોવાની શક્યતા છે જ. (૨૨)(iii) શાસ્ત્રોમાં દર બે મહિને ઋતુ બદલાય ત્યારે તમામ પૃથ્વી સચિત્ત થઈ જતી હોવાની વાત સ્પષ્ટ જણાવી છે. એ રીતે સચિત્ત થયા બાદ વળી પાછા સૂર્યતાપ વગેરે શસ્ત્રો દ્વારા ત્રણ ચાર દિવસે અચિત્ત થાય. વળી પાછી બે મહીના બાદ ઋતુ બદલાય એટલે પછી સચિત્ત થાય. એટલે છ ઋતુઓના પરિવર્તન પછીના જ દિવસોમાં જો એ માર્ગ પર વિહાર કરીએ તો એ રુક્ષ-લુખ્ખી હોવા છતાં ય સચિત્ત હોવાની ઘણી શક્યતા છે.

(૨) કાચા રસ્તા ઉપર ઘણીવાર નાનકડી નીક, પાણીના ખાબોચિયા વગેરે પણ હોય છે. એટલે એમાં અપ્‌કાયની વિરાધના થાય. એમાંય જો જેઠમાં વરસાદ પડી ચૂક્યો હોય અને પછી કાચા રસ્તે વિહાર કરવામાં આવે તો તો પ્રાયઃ કાદવ-કીચડ વગેરેની હિંસા-વિરાધના થાય જ છે.

(૩) લોકોની અવર જવર વિનાના કાચા રસ્તા ઉપર નિગોદો પણ ઝપાટાબંધ ઉત્પન્ન થાય. એક વરસાદ પડે કે આખોય રસ્તો નિગોદવાળો થઈ જાય. માટી વગેરેને કારણે એ નિગોદ સ્પષ્ટ ન પણ દેખાય, પણ નિગોદ કાળી-ધોળી-પીળી-લીલી-લાલ પાંચેય રંગવાળી હોઈ શકે છે. એટલે આવા માર્ગોમાં વિહાર કરવામાં નિગોદની ભયંકર વિરાધના થાય.

(૪) આવા કાચા રસ્તાઓમાં કીડીના નગરા, ઈયળો, મંકોડાઓ, ગોકળગાય વગેરે ત્રસજીવોનાં ઝૂંડના ઝૂંડ પણ ઘણા સ્થાનોમાં જોવા મળે છે. પુષ્કળ કાળજી રાખીએ તોય વિરાધના થયા વિના રહેતી નથી.

આ બધી સંયમવિરાધના જોઈ.

એમ આવા માર્ગોમાં આત્મવિરાધના પણ ખૂબ થાય.

(૧) એ કાચો રસ્તો જો કપચીવાળો-મેટલ રસ્તો હોય તો તો રાડ પડાવી દે. ચાલવાનું જ બિલકુલ ન ફાવે. પત્થરના અણિયાલા ભાગ ઉપર પગ પડે કે ચીસ પડી જાય. એ રસ્તો બે ચાર કિ.મી.નો જ હોય તોય ૮-૧૦ કિ.મી. જેટલો થાક કરાવે. મનમાં આર્તધ્યાન ઉત્પન્ન થાય.

(૨) એ રસ્તો જો કાંટાળો હોય તોય ઉપરની જેમ જ સંયમી ભારે પરેશાન થાય. કાંટાઓ વાગે, લોહી નીકળે, બાવળીયા કાંટા હોય તો બે ચાર દિવસ સુધી ભારે દુઃખાવો ય થાય. કાંટો જો બરાબર ન નીકળે તો એની વેદના ચીસ પડાવે એવી જ હોય.

એક સંયમી વિહારમાં સૌથી છેલ્લો હતો, કાચા રસ્તે વિહાર કરતા અચાનક એક મોટો કાંટો પગમાં ઘુસીને છેક ઉપરની બાજુ આરપાર નીકળી ગયો. સાથે કોઈ સાધુ ન હતો. સંયમી નીચે બેસી ગયો, ભાગ્યયોગે કાંટો તુટ્યો ન હતો. આખોને આખો કાંટો ધીમેથી ખેંચી કાઢ્યો. સખત વેદના સાથે ઉપાશ્રય પહોંચ્યો, સાધુઓએ ઉપચાર કરતા ઠેકાણું પડ્યું. આવા તો કંઈક પ્રસંગો બધા સંયમીઓ અનુભવતા જ હશે.

(૩) આવા કાચા રસ્તામાં સાપ-વીંછી વગેરે પણ ઘણા નીકળે. જો સ્પષ્ટ પ્રકાશ ન હોય તો સંયમીને ખ્યાલ ન રહેતા એ જીવો ઉપર જ પગ પડી જાય અને એ જીવો ડંખ મારી દે.

(૪) નિર્જન રસ્તા ઉપર ચોર લુંટારાઓ આવે તો એનાથી બચવું અશક્ય બને.

આવી અનેક પ્રકારની આત્મવિરાધના થાય. વળી આવા રસ્તા ઉપર લોકોની અવરજંવર ન હોવાથી સંયમીને ઉપર મુજબની કોઈપણ મુશ્કેલી પડે તો એને સહાય કરનાર પણ કોઈ ન મળે. ઘણીવાર એ કાચા રસ્તાઓમાં બે રસ્તા ફાંટે, ત્યારે સાચો રસ્તો દેખાડનાર પણ કોઈ ન મળે. બુમાબુમ કરીને દૂર ખેતરમાં કામ કરનાર કો'ક ભાઈને પુછીને માંડ માંડ જાણકારી પ્રાપ્ત કરાય.

લગભગ બધા સંયમીઓ વિહાર ઘટાડવા માટે આવા નાના-ટુંકા-કાચા રસ્તા પર જવા લોભાય છે અને એમાં થાકીને-કંટાળીને-પરેશાન થઈને છેલ્લે બોલે ય છે કે "આના કરતા તો સીધેસીધો રસ્તો જ સારો પડત. ભલે થોડું વધારે ચાલવું પડત. પણ આ બધી મુશ્કેલીઓ તો ન થાત."

પણ આ સમ્યક્ સમજણ ઝાઝી ટકતી નથી. સંસારીઓને જેમ શ્મશાનીયા વૈરાગ્ય થાય

અને પળવારમાં ખતમ થાય એમ આ સંયમીઓને પણ આવા કાચા રસ્તાઓના વિહારથી થયેલી હેરાનગતિના કારણે તાત્કાલિક તો આ સમ્યક્ સમજણ પ્રગટે છે, પણ વળી પાછો અવસર આવે ત્યારે પાછા કાચા રસ્તે વિહાર કરવા પ્રેરાય છે.

આવા રસ્તાઓમાં કેટલીયવાર સંયમીઓ માર્ગ પણ ભુલે છે, બે-ચાર કિ.મી. ઓછા કરવા જતાં બે-પાંચ કિમી વધારી દે છે. હેરાનગતિ થાય, વિરાધના થાય, આર્તધ્યાન થાય એ બધું જ વધારાનું !

ખરેખર તો આપણા સ્વાર્થ માટે નહિ, પણ એવા રસ્તાઓમં જીવોની વિરાધનાની સંભાવના હોવાથી જ એ માર્ગ સદંતર ત્યાગી દેવા જોઈએ. સંયમીને પોતાના કરતાંય ષડ્જીવનિકાયની ચિંતા વધારે હોવી જ જોઈએ. ખેદની વાત છે કે સંયમીઓને સંયમ પળાવવા માટે શાસ્ત્રકારોએ સંયમીઓના સ્વાર્થની વાત કરવી પડે છે.

જો આટલી બધી સંયમ વિરાધના અને આત્મવિરાધના થતી હોય, સંયમીઓએ જાતે જ અનેકવાર આ બાબત અનુભવી હોય, અને જો શાસ્ત્રાજ્ઞા જ આ હોય કે આવા રસ્તે વિહાર ન કરવો તો જિનાજ્ઞા પાળવા, ષટ્કાયની રક્ષા કરવા, છેવટે સ્વાર્થહાનિ અટકાવવા ય સંયમીઓએ આવા રસ્તાઓનો વિહાર ટાળવો જ જોઈએ.

એને બદલે જ્યાં લોકોની અવરજવર રહેતી હોય એવા પ્રસિદ્ધ માર્ગે જ વિહાર કરવો જોઈએ. ભલે ને થોડો વધુ વિહાર કરવો પડે પણ એની સામે આ બધા ઢગલાબંધ દોષોથી તો બચી જવાય ને ?

રોડના રસ્તામાં તો સતત વાહનોની અવર જવર હોવાથી નિગોદાદિ ઉત્પન્ન થયા હોય તોય વિનાશ પામે, તે રસ્તા ઉપર પાણી પણ ઝાઝીવાર ટકે નહિ. (અલબત્ત અકસ્માતનો ભય રહે છે. માટે જ વધુ પડતી અવરજવરવાળા રસ્તાઓ ટાળવા જરૂરી છે કે જેમાં અડફેટ લાગી જવાની સંભાવના રહે છે.)

ખ્યાલ રાખવો કે "આપણે વિહાર કરતા હોઈએ ત્યારે જ તે રસ્તા ઉપર લોકોની અવરજવર હોવી જોઈએ" એવો અર્થ ન સમજવો. પણ રોજબરોજ ગમે ત્યારે ત્યાંથી અવરજવર થતી હોવી જરૂરી છે. દા.ત. જે રસ્તા ઉપર નવ વાગ્યાથી પુષ્કળ અવર જવર શરૂ થતી હોય અને સાધુ ૭ વાગે એ રસ્તેથી વિહાર કરે, ત્યારે કોઈ અવરજવર ન હોય તો પણ એ લોકાતિવાહિત માર્ગ જ ગણાય.

હા ! અપવાદ માર્ગે કાચા રસ્તાઓમાં પણ વિહાર કરી શકાય. પણ એવા કોઈ ગાઢ કારણ વિના જો આવા કાચા રસ્તાઓ, ખેતરોમાંથી વિહાર કરવામાં આવે તો એ ઈર્યાસમિતિ દોષવાળી બને છે.

(B) <u>સૂર્યકિરણ સ્પર્શ :</u> [૨૭]ઓઘનિર્યુક્તિકારે સંયમીઓના વિહારની વિધિ દર્શાવતા ફરમાવ્યું છે કે જ્યારે એક સ્થાને એક મહિનો પૂર્ણ થાય અને વિહાર કરવાનો દિવસ આવે ત્યારે વિહારના દિવસે સવારે સૂત્રપોરિસી કર્યા બાદ, પાત્રા પ્રતિલેખન કરી, અર્થપોરિસી કરી પછી વિહાર કરવાનો. અર્થાત્ લગભગ બાર વાગ્યે વિહાર કરવાની વિધિ દર્શાવી છે.

એ સમયે તો બધા રસ્તાઓ ઉપર સૂર્યનો ચિક્કાર તાપ પડતો હોય. ત્રસ જીવો પોતપોતાના ઘરોમાં છૂપાઈ ગયા હોય એટલે વિરાધનાની સંભાવના જ ઘણી ઓછી રહે.

એ પછી અપવાદ માર્ગ બતાવતા છેક સૂર્યોદય સમયે પણ વિહાર કરવાની રજા આપી ખરી. પણ એક વાત તો નક્કી કે સૂર્યોદય બાદ સૂર્યના કિરણો જમીનને-રસ્તાને સ્પર્શે એ પછી જ વિહારાદિ કરવામાં ઘણા નુકશાનોથી બચી જવાય.

તે આ પ્રમાણે :

(૧) લગભગ સૂર્યોદયથી ૩૦-૪૦ મિનિટ પહેલા તો ઘણો પ્રકાશ ફેલાઈ ચૂક્યો હોય છે. એટલે સૂર્યોદય સમયે તો પુષ્કળ પ્રકાશ હોય જ. પરિણામે માર્ગમાં કીડી-મંકોડા, નિગોદ, ઈયળ વગેરે બધુ જ એકદમ સહેલાઈથી દેખાય એટલે એની જયણા કરીને ચાલી શકીએ. કોઈપણ જીવની આપણા નિમિત્તે વિરાધના ન થાય. આપણું પહેલું મહાવ્રત અતિચારોથી દૂષિત ન બને.

(૨) કાંટા-પથરા વગેરે પણ સ્પષ્ટ દેખાય એટલે આત્મવિરાધના થવાનો પ્રસંગ ન આવે. એકવાર કેટલાક મુનિઓએ અંધારામાં વિહાર શરુ કર્યો પણ "ગામથી રોડ સુધી પહોંચવાના રસ્તે વચ્ચે કાંટાઓ હતા" એની આ મુનિઓને ખબર નહિ. પરિણામે ઘણા કાંટા વાગ્યા, છેવટે પાસે રાખેલા જોડા પહેરી મહા-મુશ્કેલીએ બહાર રોડ સુધી પહોંચ્યા.

સૂર્યોદય બાદ વિહાર કર્યો હોત તો આ હેરાનગતિ ન થાત, પગમાં જોડા પહેરવા ન પડત.

(૩) સૂર્યોદય પછી વિહાર કરીએ તો રસ્તો બતાવનારા માણસો ઘણા મળી રહે. જ્યારે અંધારામાં વિહાર કરીએ ત્યારે કોઈ રસ્તો બતાવનાર ન મળે. કુતરાઓ ભસી ભસીને હેરાન કરે એ વધારામાં !

કેટલાકો વળી એમ કહે છે કે "પ્હો ફાટે પછી વિહાર કરવામાં શાસ્ત્રાજ્ઞાભંગ નથી." પણ આ વાત યોગ્ય નથી લાગતી. એ પ્હો ફાટે ત્યારે પ્રકાશ મંદ હોય છે. એમાં મોટી વસ્તુ, મોટા જીવો હજી દેખાય. પણ ઝીણા ઝીણા જીવો એ પ્રકાશમાં સ્પષ્ટ દેખાતા હોતા નથી જ. એટલે સૂર્યોદય બાદ વિહાર કરવો એ જ શાસ્ત્ર સંગત છે. માટે જ તો કલિકાલસર્વજ્ઞશ્રીએ **'ભાસ્વદંશુભિઃ ચુમ્બિતે'** (સૂર્યકિરણો વડે ચૂમ્બિત થયેલ=સ્પર્શાયેલ માર્ગ ઉપર) એમ

લખેલ છે.

(૪) અંધારામાં કે આછા પ્રકાશમાં વિહાર કરવામાં અકસ્માતનો ભય ખૂબ જ રહે છે. એમ સાંભળ્યું છે કે "સાધુ-સાધ્વીજીઓના ઘણા ખરા અકસ્માતો અંધારામાં કે વહેલી સવારના સમયમાં થાય છે. સ્પષ્ટ પ્રકાંશ થઈ ગયા બાદ અકસ્માતના પ્રસંગો ખૂબ ઓછા બને છે."

(૫) સાધ્વીજીઓને અંધારામાં વિહારાદિ કરવામાં શીલ અંગેના ય ઘણા પ્રશ્નો નડતરભૂત બને.

એટલે સાચી ઈર્યાસમિતિ ત્યારે જ ગણાય કે સૂર્યોદયથી સૂર્યાસ્ત વચ્ચે જ વિહાર કરેલો હોય. એ સિવાયના સમયમાં વિહારાદિ કરવામાં સાચી ઈર્યાસમિતિ ન ગણાય. રે ! અંધારામાં તો લેશ પણ દેખાતું જ ન હોય ત્યાં વળી ઈર્યાસમિતિ લેશ: પણ શી રીતે પળાય? આછા આછા પ્રકાશમાં વિહાર કર્યો હોય તો હજી ય કંઈક આછી પાતળી, દોષવાળી ઈર્યાસમિતિ પળાય.

આજે તો આપણી વિહારપદ્ધતિ ખૂબ નુકશાનકારી બની રહી છે. એક તો મોટા મોટા, લાંબા લાંબા વિહારો નક્કી કરવા અને પછી એને પહોંચી વળવા માટે અંધારામાં જ પ્રતિલેખન કરીને અંધારામાં જ પાંચ સાત કીલોમીટર ચાલી નાંખવા... વગેરે શિથિલતાઓ સંયમને ખૂબ જ મલિન બનાવી રહી છે.

કમ સે કમ આટલો નિયમ લેવામાં આવે કે "૧૦ કિ.મી..નો વિહાર હોય ત્યાં સુધી સૂર્યોદયથી અડધો કલાક વહેલો વિહાર કરવાની છૂટ, પણ એથી વહેલો વિહાર ન જ કરવો." તોય ઘણું જ બચી જવાય.

જો વિહારો ઘટાડી દેવામાં આવે, નાના નાના કરવામાં આવે, સહનશીલતા વધારવામાં આવે તો સૂર્યોદય બાદ જ વિહાર કરવાનો કે છેવટે પ્રકાશમાં જ વિહાર કરવાનો નિયમ પાળી શકાય.

(C) <u>જન્તુરક્ષાને માટે :</u> [(૨૪)]દશવૈકાલિક સૂત્રકાર ચૌદપૂર્વધર શય્યંભવસૂરિજીએ સંયમી માટે એક ખૂબજ મહત્ત્વનું વિશેષણ વાપર્યું છે. **"सव्वभूयप्पभूयस्स"** સાધુ વિશ્વના સર્વજીવોને પોતાનાથી અભિન્ન જ માનતો હોય. અર્થાત્ બીજા જીવને જે દુઃખ પડે એની અનુભૂતિ આ સાધુને થાય. કતલખાનામાં ઢોર કપાય તોય સાધુને એ ઉપયોગ આવતા જ વેદના થાય.

આવો સંયમી જ ષડ્જીવનિકાયની રક્ષા સારી રીતે કરી શકે. કોઈકના પગ તળીયે કીડી કચડાતી સંયમી જોઈ જ ન શકે. એના મોઢામાંથી સીસકારો નીકળ્યા વિના ન રહે.

હવે જ્યારે સંયમી સર્વજીવોને પોતાનાથી અભિન્ન જ માને છે, ત્યારે એ વાત નિશ્ચિત

છે કે જેમ એ પોતાને લેશ પણ દુઃખ ન પડે એવા પ્રયત્નવાળો હોય છે. એમ પોતાના દ્વારા કોઈપણ જીવને લેશ પણ દુઃખ ન પડે એવા પ્રયત્નવાળો હોય જ.

અને માટે જ વિહારમાં, ગોચરીમાં પોતાના પગ નીચે કોઈ નાનકડોય જીવ ચગદાઈ ન જાય એ માટે સંયમી બરાબર નીચે જોઈ જોઈને જ ચાલે. એના ડગલા તે જ ધરતી ઉપર પડે કે જે ધરતી એની દૃષ્ટિથી પૂત બની ચૂકેલી હોય. અર્થાત્ જે ધરતી ઉપર બરાબર જોયા બાદ સંયમીને લાગે કે એકેય જીવ નથી, એજ ધરતી ઉપર સંયમી પગ મૂકે.

એના રોમેરોમમાં એકજ નાદ ચાલે "મારા નિમિત્તે કોઈપણ જીવને લેશ પણ પીડા ન જ થવી જોઈએ."

ઉદયરત્ન મહારાજે ગાયું છે ને ? **"ષટ્કાયને હેતે, પંચ મહાવ્રત લેઈને, પાળશું મન પ્રીતે."**

આમ એ નક્કી વાત છે કે આ જે ઈર્યાસમિતિ પાળવાની છે. એ ષટ્કાયની રક્ષાના હેતુથી પાળવાની છે અને તો જ દશવૈકાલિકકારે આપેલું વિશેષણ સાર્થક થાય.

પણ જો કાંટાળા રસ્તે સંયમી "પોતાને કાંટો વાગી ન જાય" માત્ર એ જ માટે બરાબર નીચે જોઈ જોઈને ચાલે, આજુબાજુવાળા સાથે કશી વાત ન કરે, ઉતાવળ વિના ધીમે ધીમે ચાલે, મેટલવાળા-તુટેલા-કાચવાળા રસ્તે પણ એજ રીતે અત્યંત સાવધાન બનીને ચાલે અને જ્યારે કાંટા-પથરા કાચ વિનાના રસ્તે આજુબાજુ નિરીક્ષણ કરતો, સહવર્તી સંયમી સાથે વાતો કરતો ચાલે તો નક્કી માનવું પડે કે એને પોતાનો જીવ જેટલો વહાલો છે, એટલા આ ષટ્કાય વહાલા નથી જ. એ સંયમી ષટ્કાયના જીવોને પોતાનાથી અભિન્ન માની રહ્યો નથી જ. અર્થાત્ દશવૈકાલિકસૂત્રકારે જે વિશેષણ બતાવેલ છે તે આ સંયમીએ સિદ્ધ કર્યું નથી.

દશવૈકાલિકમાં તો આ સ્થાને લખ્યું છે કે "આવો સાધુ પાપકર્મ ન બાંધે." આનો અર્થ એ જ કે આ વિશેષણ જેણે આત્મસાત નથી કર્યું એ સાધુ તો પાપકર્મ બાંધવાનો જ.

(૨૫)એટલે માત્ર સ્વાર્થ ખાતર, પોતાને કાંટા-પથરા વાગી ન જાય એ ખાતર નીચે બરાબર જોઈને ચાલે તોય એ ઈર્યાસમિતિ ન ગણાય. આવું તો સંસારીઓ ય કરે છે. એ લોકો પણ આવા માર્ગ ઉપર જોઈ જોઈને જ ચાલે છે. તો પછી સંયમી અને સંસારીમાં ભેદ શું ? બેય સ્વાર્થી જ ને ?

હા ! કાયમ માટે જીવરક્ષા માટે નીચે જોઈને જ ચાલનારો સંયમી કાંટાળા માર્ગમાં કદાચ પોતાની રક્ષાના વિચારવાળો બની નીચે જોઈને ચાલે તોય એને દોષ નથી. કેમકે એ તો સર્વત્ર આ રીતે જ બરાબર જોઈને જ ચાલે છે.

કલિકાલ સર્વજ્ઞશ્રીએ આ "**જન્તુરક્ષાર્થં**" શબ્દ મૂકીને ખરેખર કમાલ કરી છે. સંયમીનો

સંયમપરિણામ આમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. બાકી તો જાતરક્ષા માટે આવી રીતે નીચે જોઈ જોઈને ચાલનારા સંસારીઓનેય ઈર્યાસમિતિપાલક માનવા પડત.

પણ સંસારીઓને ઈર્યાસમિતિપાલક માનવા ન પડે અને સંયમી પણ સ્વાર્થવૃત્તિ છોડી સાચી ઈર્યાસમિતિ પાળવા સર્વજીવો પ્રત્યે અપાર કરુણાવાળો બને એ માટે આ શબ્દ ખૂબજ અસરકારક છે.

(D) **જોઈને ચાલવું :** કલિકાલસર્વજ્ઞશ્રીએ "**आलोक्य गतिः**" એવો શબ્દ વાપર્યો છે. **लुक्** ધાતુનો અર્થ જોવું છે. પણ એની સાથે **आ** ઉપસર્ગ મૂકેલો છે. એનો સ્પષ્ટ અર્થ એ છે કે માત્ર ઉપલક દૃષ્ટિથી જોઈને ચાલે એ ઈર્યાસમિતિ ન કહેવાય. પણ ધારી ધારીને, અત્યંત એકાગ્રતાપૂર્વક નીચે જોઈ જોઈને ચાલે તો જ એ ઈર્યાસમિતિ કહેવાય.

જુઓ. ઉપદેશમાલામાં કહ્યું જ છે ને ? **जुगमित्तंतरदिट्ठी पयंपयं चक्खुणा विसोहिंतो, अव्वक्खित्ताउत्तो इरिआसमिओ मुणी होइ ।**

**અર્થ :** આગળની સાડા ત્રણ હાથ જેટલી જમીન ઉપર દૃષ્ટિ રાખતો, પગલા પગલાને ચક્ષુ વડે શુદ્ધ કરતો, વ્યાક્ષેપ = ચંચળતા વિનાનો ઉપયોગવાન સાધુ ઈર્યાસમિતિવાળો કહેવાય.

અહીં બે વાર **पयं पयं** લખીને ધર્મદાસગણિશ્રી એ જણાવે છે કે સંયમીના પ્રત્યેક પગલા ચક્ષુથી વિશુદ્ધ બનેલી જમીન ઉપર જ પડતા હોય. અર્થાત્ સંયમી ધ્યાનપૂર્વક જમીનને જોયા બાદ, જીવ ન દેખાય ત્યારે જ એના ઉપર પગ મૂકતો હોય.

સાર એટલો જ કે હીરાના વેપારીના હાથમાંથી પોતાની ઓફિસમાં ભુલથી કોઈક હીરાનું પડીકું પડી જાય અને બધા હીરા છૂટા છવાયા વિખેરાઈ જાય તો એ વેપારી એકદમ બારીકાઈથી બધા હીરા શોધે. એક-બે-ત્રણવાર જાતે ઝાડુ મારીને ય બધા હીરા શોધે. જો એક - બે હીરા જેટલું વજન ઓછુ આવે તો ફરી ઝાડુ લઈને બરાબર એને શોધવા મહેનત કરે.

હવે જો હજાર-લાખ રૂપિયાના એક હીરા ખાતર વેપારી આટલી કાળજી કરે, તો એના કરતા તો અત્યંત વધુ મૂલ્યવાન આ જીવોની રક્ષા ખાતર, પોતાના સંયમની રક્ષા ખાતર સંયમીએ કેવી કાળજી કરવાની હોય?

જેમ સંયમી કાંટાળા રસ્તે, મેટલના રસ્તે, રેલ્વેના પાટાના રસ્તે અત્યંત અપ્રમત્ત બનીને ચાલે છે, એમ જીવરક્ષા માટે સંયમી પ્રત્યેક વિહારમાં ખૂબ ધ્યાનથી જોઈ જોઈને ચાલે તો એ એની સાચી ઈર્યાસમિતિ ગણાય.

આમ આપણે વિસ્તારપૂર્વક ઈર્યાસમિતિના લક્ષણને જોઈ ગયા.

આ લક્ષણો સિદ્ધ કરવા માટે જ ઉત્તરાધ્યયન સૂત્રમાં શ્રમણ ભગવાન મહાવીરદેવે એક

અગત્યનો સંદેશો આપ્યો છે.

તેઓ શ્રી ફરમાવે છે કે –

**इंदियत्थे विवज्जित्ता, सज्झायं चेव पंचहा ।**

**तम्मुत्ती तप्पुरक्कारे संजए इरिअं रीए ॥**

**અર્થ :** ચાલતી વખતે સંયમી પાંચેય પ્રકારના ઈન્દ્રિય વિષયોને અને પાંચેય પ્રકારના સ્વાધ્યાયને છોડીને માત્ર નીચે જમીન ઉપર જ એકધ્યાનપૂર્વક જોતો જોતો ચાલે.

સંયમી રસ્તે ચાલતા ચાલતા સામેથી કોણ આવે છે ? એ જોવાની પંચાતમાં ન પડે. આજુ બાજુની દુકાનો, એના નામો, એની શોભા વગેરે ઉપર કદિ દૃષ્ટિપાત ન કરે. સેંટ-અત્તરાદિ સુંઘતો સુંઘતો કે મોઢામાં હિમજ-હરડે-ત્રિફળા વગેરે કંઈપણ ખાતો ખાતો ન ચાલે. એમ સાથે ચાલતા સંયમીની કે ગૃહસ્થની કોઈપણ પ્રકારની વાતો સાંભળતો સાંભળતો ય ન ચાલે. ચાલતી વખતે એ કોઈની સાથે વાતચીત ન કરે. સ્વયં કંઈપણ બોલે નહિ, કે બીજા બોલનારાના શબ્દો તરફ લેશ પણ ધ્યાન આપે નહિ.

ભગવાન પાંચમાં આરાના પોતાના સંયમીઓની વક્રતા જાણતા જ હતા. એટલે એમને પોતાના જ્ઞાનમાં દેખાયું હશે કે "મારા શિષ્યો મારી આજ્ઞામાંથી ય ઘણા છીંડા શોધી કાઢશે. મેં આજુ બાજુ જોવાની ના પાડી તો તેઓ સ્વાધ્યાયમાં લાગી પડશે."

એટલે જ પ્રભુએ પાંચેય પ્રકારના સ્વાધ્યાયનો પણ ચાલતી વખતે સ્પષ્ટ નિષેધ કર્યો. સંયમી ગાથાઓ ગોખતો ગોખતો ચાલે, ગોખેલી ગાથાઓનું પુનરાવર્તન કરતો કરતો ચાલે, ગુરુને-વડીલને સંયમ સ્વાધ્યાયાદિ સંબંધના જ સુંદર પ્રશ્નો પુછતો પુછતો ચાલે, ગુરુની વાચનાના પદાર્થો-શાસ્ત્રોના પદાર્થોનું ચિંતન કરતો કરતો ચાલે મુમુક્ષુ-શ્રાવક કે નાના સાધુને શાસ્ત્રના સુંદર પદાર્થોનો ઉપદેશ આપતો ચાલે, એ પણ પ્રભુને માન્ય નથી.

સ્વાધ્યાયનો અપરંપાર મહિમા બતાડનારા શ્રમણ ભગવાન મહાવીરે ચાલતી વખતે તો એ પાંચેય પ્રકારનો સ્વાધ્યાય ન કરવાની જ સ્પષ્ટ આજ્ઞા ફરમાવી.

રે ! ચાલતા ચાલતા ગુરુની વાચનાના પદાર્થોનો વિચાર કરતા કરતા સંયમીને અદ્ભુત ભાવો જાગતા હશે, શાસ્ત્ર પ્રત્યેનો અહોભાવ વધતો હશે, જિનશાસન પ્રત્યેનો પ્રેમ ઉછળતો હશે "અહો ! શું ગુરુદેવે અદ્ભુત વાત કરી ! શું પ્રભુએ અવર્ણનીય પદાર્થ બતાવ્યો" એવા વિચારો ય જાગતા હશે.

છતાં આવા કોઈપણ લાભો દેવાધિદેવે માન્ય ન કર્યા. એમણે એની સ્પષ્ટ ના પાડી. એક જ વાત કરી. "ચાલતી વખતે બરાબર નીચે ધ્યાનપૂર્વક જોઈને ચાલો."

હશે કોઈ આવા મહાત્મા ! જે દસ દસ કિલોમીટરના વિહાર ક્યારેય કોઈનીય સાથે (ગુરુ સાથે પણ નહિ) લેશ પણ વાતચીત કર્યા વિના કરતા હોય, વિહારમાં કોઈપણ પ્રકારનો સ્વાધ્યાય ન કરતા હોય, કાચા રસ્તાઓ કદી ન પકડતા હોય, સૂર્યોદય બાદ જ વિહાર કરતા હોય, જીવરક્ષાના એકમાત્ર ઉદ્દેશથી દસ દસ કિ.મી. જેટલો વિરાટ માર્ગ બીજા કોઈપણ વિચારો મનમાં લાવ્યા વિના "મારે કોઈપણ જીવને મારા નિમિત્તે પીડા થવા દેવી નથી." એવા એકમાત્ર અધ્યવસાય સાથે કાપતા હોય. જેમના પગમાં કદિ ઉતાવળ-પ્રમાદ-દોડાદોડી શોધી ય ન જડતી હોય.

રે ! આખી જીંદગીમાં આવો એકાદ વિહાર પણ કરનારા કો'ક હશે ? ખ્યાલ રહે કે કલાકનો વિહાર હોય તો એક સેકંડ પણ દૃષ્ટિ આડી-અવળી ગયેલી ન હોવી જોઈએ. એક ડગલું ય ચક્ષુથી નહિ જોવાયેલી જગ્યાએ પડેલું ન હોવું જોઈએ.

તદ્દન નિરતિચાર ઈર્યાસમિતિનું પાલન છે કો'કની પાસે ?

મારા જીવનમાં હું તો હજી સુધી એકપણ વિહાર આવી નિરતિચાર ઈર્યાસમિતિ પાળવા પૂર્વક કરી શક્યો નથી.

આમે ય પ્રભુએ આપણા સંયમ સાતિચાર = દોષ ભરપૂર = બકુશ/કુશીલ જ બતાવ્યા છે ને ? એટલે આવી નિરતિચાર ઈર્યાસમિતિ પાળનારા શી રીતે મળે ?

પણ એનો અર્થ એ નથી કે આજે ચારિત્ર જ નથી. સાતિચાર પણ ચારિત્ર તો હોઈ જ શકે છે. હા ! એ અતિચારો મોટા તો ન જ હોવા જોઈએ. કપડામાં નાનકડું કાણું પડે એ ચાલે, પણ બે ટુકડા જ થઈ જાય એ કપડું પછી વાપરવામાં ન ચાલે.

મારી દૃષ્ટિએ તો જે સંયમીઓ નીચેની શરત પાળતા હોય, તેઓ આ કાળની દૃષ્ટિએ સારામાં સારી ઈર્યાસમિતિના પાલક, વંદનીય, પૂજનીય, પ્રાતઃસ્મરણીય ગણાય.

(૧) દશ કિ.મી.નો વિહાર હોય ત્યાં સુધી સૂર્યોદયથી અડધો કલાક પૂર્વે જ વહેલામાં વહેલો વિહાર કરે. એનાથી વહેલો વિહાર ન જ કરે.

(૨) વિહારમાં કોઈની પણ સાથે કોઈપણ પ્રકારની વાતચીત ન જ કરે. (માત્ર પરસ્પર સ્વાધ્યાય કરે તો ચાલે, પણ સ્વાધ્યાય કઈ ઘડીએ વિકથામાં ફેરવાઈ જાય એ કહી શકાતું નથી. માટે વિકથા લેશ પણ ન જ થવાની હોય તો પરસ્પર સ્વાધ્યાયની રજા લઈ શકાય.)

(૩) આજુ બાજુ દુકાનો, પોસ્ટરો, ઝાડો વગેરે કશા તરફ નજર ન કરે. માત્ર આગળથી આવતા વાહનો વગેરે જોવા માટે આગળ જોઈ શકે.

(૪) શક્ય હોય તો જીવદયામાં જ ઉપયોગ રાખે, છતાં એવી એકાગ્રતા ન કેળવાય તો

છેવટે જાતે સ્વાધ્યાય કરે. પણ આડા-અવળા ખોટા વિચારો ન કરે.

જો આ ચાર નિયમ પાળે તો જઘન્યમાં જઘન્ય ઈર્યાસમિતિનો માલિક ગણાય.

જો આટલું ય પાળવાનું આપણું સામર્થ્ય ન હોય તો માનવું પડે કે આપણે અધ્યાત્મ જગતના ભિખારી છીએ. વેશ છે સંયમનો ! મહા-અધ્યાત્મીનો ! અને તન-મન-આતમમાં ઈર્યાસમિતિ જેવો નાનકડો આચાર પણ, જઘન્યમાં જઘન્ય કક્ષાનો પાળવાની પણ આપણી ક્ષમતા નથી.

અહો ! પ્રભુ વીર ! આજે સમજાય છે કે આપનો આતમ કેટલો મહાન છે ! (૨૬)શાસ્ત્રકારોએ જ કહ્યું છે કે વિહાર કરતી વખતે તદ્દન નિર્દોષ ઈર્યાસમિતિનું પાલન એજ પ્રભુનું તે વખતનું ધ્યાન હતું. રખે કોઈ બીજા ધ્યાનની કલ્પના કરતા !

કંઈ નહિ તો છેવટે આવી ઈર્યાસમિતિ પાળી ચૂકેલા ભૂતકાળના અનંતા મુનિવરોને અને વર્તમાનમાં પણ જઘન્ય કક્ષાની ય ઈર્યાસમિતિ પાળનારા સંયમીઓને અંતરના ભાવ સાથે, આંખના આંસુ સાથે, મુખની અનુમોદના સાથે, હાથના સંયોગ સાથે, મસ્તકના નમન સાથે કોટિ કોટિ વંદન કરીએ.

ચાલો, આ અનુમોદના માટે ઉપયોગી બને એવું એક નાનકડું દૃષ્ટાન્ત જોઈ આ ઈર્યાસમિતિનું વર્ણન પૂર્ણ કરીએ.

(૨૭)"એક સાધુ એવી તો ગજબની ઈર્યાસમિતિ પાળે છે કે એને એના ઈર્યાસમિતિના પાલનમાંથી ચલિત કરવા માટે દેવો ય સમર્થ નથી." ઈન્દ્રે દેવો પાસે એક મુનિરાજની પ્રશંસા કરી.

ગામ હોય ત્યાં ઉકરડો હોય જ. એક મિથ્યાત્વી દેવને આ વાત ઉપર શ્રદ્ધા ન બેસી, એટલે પરીક્ષા કરવા માટે સાધુના વિહારના માર્ગમાં માખીના પ્રમાણ જેટલી નાની નાની સેંકડો-હજારો દેડકીઓ વિકુર્વી.

મુનિરાજ બરાબર ઉપયોગ પૂર્વક, ધીમે ધીમે 'એકેય દેડકીને કિલામણા ય ન થાય' એવા પ્રયત્નપૂર્વક ચાલવા લાગ્યા. ત્યાં તો પાછળથી ધસમસતો હાથી આવ્યો. ચારે બાજુ દોડધામ થઈ ગઈ. ચીસાચીસ થવા લાગી.

પણ મુનિરાજ તો એજ ગતિથી, એજ ઉપયોગ સાથે દેડકીઓની રક્ષા કરતા કરતા જ ચાલી રહ્યા. જાણે કે હાથી આવતો હોવાની એમને ખબર જ નથી.

હાથીએ સૂંઢમાં ઉંચકી મુનિને આકાશમાં ઉછાળી નીચે પાડ્યા. પણ એ મુનિરાજ પડતી વખતેય પોતાના મોતનો લેશ પણ વિચાર પણ કરતા નથી. "હાય ! મારા નીચે પડવાથી

કેટલીય દેડકીઓ મારા કારણે મરી જશે ? મિચ્છા મિ દુક્કડં." એ જ વિચાર કરે છે.

દેવે મુનિરાજને ઝીલી લીધા. હાથી અલોપ થઈ ગયો. મુનિરાજની ઈર્યાસમિતિની ખૂબ પ્રશંસા કરી દેવ દેવલોકમાં પાછો ફર્યો.

આવા મુનિરાજોની અનુમોદના જ આપણને આ ભવમાં કે પરભવમાં સાચી નિરતિચાર ઈર્યાસમિતિ અપાવશે એ નિશ્ચિત હકીકત છે.

•



## ૫. ભાષાસમિતિ

(૨૮)વચનગુપ્તિ રૂપી ઉત્સર્ગમાર્ગના અપવાદ સ્વરૂપ આ ભાષા સમિતિ છે. ઉત્સર્ગ માર્ગ તો એજ છે કે સંયમીએ બોલવું જ ન જોઈએ. મોઢામાંથી હુંકારો ય ન કરવો જોઈએ. સંપૂર્ણ મૌન ધારણ કરવું જોઈએ. મૌન રાખવાના અનેક લાભો છે.

(૨૯)(૧) શાસ્ત્રકારો કહે છે કે માંદા વગેરે માણસોના મંદ શબ્દો જવા દો, બાકી બીજા જીવોના મધ્યમ-ઉત્કટ શબ્દો ઘણાંજ ઓછા સમયમાં ચૌદરાજ લોકમાં વ્યાપી જાય છે. આ શબ્દપુદ્ગલો વાયુની વિરાધના પણ કરે. વળી બોલતી વખતે મોઢામાંથી વાયુ પણ નીકળવાનો જ. એટલે એના દ્વારા પણ બહારના વાયુકાયની વિરાધના થાય. શરીરમાંથી નીકળતો વાયુ અચિત્ત અને બહારના વાયુકાય કરતા ગરમ હોય. એટલે એ વાયુ બહારના સચિત્તવાયુનો ઉપઘાત કરે. જો બોલવાનું જ ન હોય તો આ બધો આરંભ-હિંસા બંધ થાય.

(૨) બોલતી વખતે ઘણાઓને મોઢામાંથી થુંકનો વરસાદ વરસતો હોય છે. એ થુંક પુસ્તક ઉપર, સામે રહેલા ગુરુજનો ઉપર પડે તો એમની આશાતના થાય. પરસ્પર અપ્રીતિ થાય. આવા થુંકનો વરસાદ કરનારા સાથે કોઈ વાત કરવા ય તૈયાર ન થાય.

વળી આ રીતે ઉડેલું થુંક ક્યારેક ૪૮ મિનિટમાં ન સુકાય તો સંમૂર્ચ્છિમજીવોની ઉત્પત્તિ થવાથી એ બધી વિરાધનાઓ પણ માથે ચોંટે.

(૩) સૂત્ર છે કે "**वीर्यपाताद्वाक्पातो बलीयान्**" બોલવાથી શરીરની ઘણી બધી શક્તિ ખલાસ થઈ જાય. આજેય જોરજોરથી બોલનારાઓ વ્યાખ્યાનાદિ બાદ થાકીને ઢીલાઘેંસ થઈ જતા હોય છે. એ પછી શક્તિ વધારવા વિગઈઓ વાપરવી, લાગેલો થાક દૂર કરવા ઉંઘી જવું, હૃદય+ફેફસા નબળા પડવા, બોલ બોલ કરવાના કારણે કાનમાં બહેરાશ આવવી.... વગેરે વગેરે ઘણા નુકશાનો થાય છે એ અનુભવ સિદ્ધ હકીકત છે.

(૪) પ્રાયઃ બધા ઝઘડાઓનું મૂળ વાણી-વચન જ છે. કરોડો ઘરોમાં સાસુ-વહુ વગેરેના જે અનેક પ્રકારના ઝઘડાઓ ઉભા થાય છે, તેમાં તેઓ વડે બોલાયેલા વિચિત્ર શબ્દો, ખરાબ શબ્દો, આગ ભરેલા શબ્દો જ લગભગ કારણ હોય છે. એ બોલાયેલા શબ્દોને સાંભળનારાઓ મનમાં સંઘરી રાખી, વારંવાર યાદ કરી પરસ્પર વેર-વૈમનસ્ય વધારતા જ હોય છે.

સંયમીઓમાં ય જો કલહ-કંકાસ, ઝઘડા, ખટપટ, મનદુઃખ થતા હોય તો એની પાછળ કારણ તરીકે તો આ શબ્દો જ છે. જરાક ઉંડાણથી તપાસશો તો આ હકીકત જણાયા વિના

નહિ રહે.

**"ન બોલ્યામાં નવગુણ"** એ કહેવત એમને એમ નથી પડી.

(૫) બોલતી વખતે જો મુહપત્તીનો ઉપયોગ બરાબર ન રહે તો મોંઢામાં માખી-મચ્છરાદિ ઘુસીને મરી જવાની શક્યતાઓ પણ રહે છે. ઘણીવાર એવું અનુભવાયું છે કે રાત્રે વાતચીત કરતા, સ્તવન બોલતા, સૂત્રો બોલતા સંયમીના મોઢામાં મચ્છર ઘુસી ગયો અને મરી ગયો.

(૬) એવું દેખાય છે કે જે વસ્તુ મહામુશ્કેલીએ મળે એના ઉપર જીવ તુટી જ પડે છે. ત્રણ દિવસનો ભુખ્યો માણસ ભોજન ઉપર કેવો તુટી પડે ?

આધ્યાત્મિક ક્ષેત્રે પણ કંઈક આવો જ અનુભવ થાય છે. દરેક જીવ અનાદિ અનંતકાળ નિગોદ-એકેન્દ્રિય વગેરેમાં રહે છે ત્યાં બોલવાની શક્તિ જ ન હતી. અનંતકાળ બાદ બેઈન્દ્રય વગેરે જાતિમાં આવ્યા ત્યારે બોલવાની શક્તિ સાંપડી અને એટલે એવું દેખાય છે કે સામે જો સાંભળનાર બેઠો હોય તો બોલનારાની જીભ અટકતી જ નથી.

રાત્રે પ્રતિક્રમણ બાદ સ્વાધ્યાય કરવા બેસે તો ઝોકા આવે, પણ જો કોઈ ભગત મળવા આવી જાય અને ઉપદેશ સાંભળવાનો રસીયો હોય તો સંયમીને બાર વાગે તોય આંખોમાં ઘેન ન ચડે. અસ્ખલિત વાગ્ધારા વહ્યા જ કરે. ક્યારેક તો સાંભળનારો કંટાળે પણ શરમના કારણે ઉઠી ન શકે અને સંયમી તો બોલવાનું બંધ જ ન કરે.

**એ રીતે વિકથા વગેરેમાંય કલાકોના કલાકો ક્યાં પસાર થઈ જાય ? કશી ખબર ન પડે. એટલે જ આ વાણી=બોલવું પુષ્કળ સમય બગાડનારું તત્ત્વ છે. સ્વાધ્યાય, ગુરુસેવા વગેરે** અનેક યોગો આ બોલ બોલ કરવાના કારણે હાનિ પામે.

(૭) ખાધેલી વસ્તુ જો પચી જઈને, શરીરમાં લોહી વગેરે રૂપે ફેરવાઈ જાય તો એ શક્તિવર્ધક બને. પરંતુ ખાધેલી ઉત્કૃષ્ટતમ વસ્તુઓ પણ જો શારીરિક રોગના કારણે ઉલ્ટી થઈને બહાર નીકળી જાય તો એ શક્તિવર્ધક તો ન બને, ઉલ્ટું રોગવર્ધક બને. એ ઉલ્ટીને કોઈ હાથ લગાડવા પણ તૈયાર ન થાય.

ઘણું બોલનારાઓ મુખ્યત્વે સ્વપ્રશંસા અને પરનિંદા વધારે કરતા હોય છે. પોતે જે સુકૃતો આચર્યા હોય એ બધાને કહેતા ફરે. "મારે આટલા ગ્રંથો વંચાય્યા, મારે આટલી ઓળી થઈ, મારા આટલા શિષ્યો છે, મારા ગુરુ મારા ઉપર અતિ અતિ પ્રસન્ન છે, મેં આટલા પુસ્તકો લખ્યા, મારા ચોમાસામાં આટલી અઠ્ઠાઈ માસક્ષપણાદિ થયા, હું બ્રહ્મચર્ય બાબતમાં કટ્ટર છું, હું ખાવાનો લેશ પણ લાલચુ નથી, મીઠાઈ-ફળ-ફરસાણાદિ બધું મેં છોડી દીધું છે, મેં આટલા સાધુઓને ભણાવ્યા, મારા વ્યાખ્યાનમાં હજારો માણસ આવતા હતા. જગ્યા

નાની પડતી હતી.... આ પોતાના સુકૃતોનું અતિ વિરાટ લીસ્ટ એ સંયમી બધા પાસે ચાલાકીથી, પોતે અભિમાની ન દેખાય એવી હોંશિયારી સાથે રજુ કરતો જ જાય. અને એ સાથે જ આ બધું ન કરનારાઓની ગર્ભિત રીતે કે સીધી સ્પષ્ટ ભાષામાં નિંદા પણ કરતો જ જાય.

કેવો દયાપાત્ર આ સંયમી ! જો આ સેંકડો સુકૃતોને આત્મામાં પચાવી લીધા હોત તો એ સુકૃતોથી ઉત્પન્ન થયેલા શુદ્ધિ+પુણ્યથી એનો આત્મા અત્યંત તગડો બની ગયો હોત.

પણ અફસોસ ! એના આતમમાં અહંકાર નામનો એક રોગ પડેલો, માટે જ આ સુકૃતો પચ્યા નહિ. અને સ્વપ્રશંસા-પરનિંદા રૂપી ઉલ્ટી સ્વરૂપે એ બહાર ટપકી પડ્યા. હવે આ ઉલ્ટી બની આત્મામાંથી બહાર ફેંકાઈ ગયેલા સુકૃતો એના આત્માને શી રીતે હિતકારી બને?

કુતરાઓ કે ભૂંડો જ જેમ ઉલ્ટીને ચાટે, એમ બિચારા મૂઢ જીવોને જ આ સંયમીની સ્વપ્રશંસા-પરનિંદા રૂપી વાતોમાં ખૂબ રસ પડે. પણ સજજનો તો જેમ એ ઉલ્ટીથી દૂર ભાગે, એમ પરિણત આત્માઓ આવી સ્વપ્રશંસા-પરનિંદાની વાતોથી ત્રાસી જ જાય. એ આવા સંયમીઓથી દૂર ભાગતા ફરે.

બિચારો સ્વપ્રશંસક અને પરનિંદક સંયમી ! મૂઢ લોકોનો વધુ ને વધુ સંગ પામી વધુ ને વધુ સંસાર વધારવાના ધંધા કરે. સંસારનાશક ઉત્તમ આત્માઓનો સંગ એને કદી પ્રાપ્ત ન થાય.

આ બધા નુકશાનો સ્વપ્રશંસા પરનિંદાદિ વચનોના છે. જો મૌન હોય, બોલવાનું જ બંધ હોય તો કદિ આવા નુકશાન ન થાય.

આવા અનેક કારણોસર સંયમીઓએ મૌન રાખવું એ જ ઉચિત છે.

એક ગામના સરપંચે ચાતુર્માસ બાદ આચાર્ય ભગવંત પાસે આવીને સદ્ભાવપૂર્વક વંદન કરી પ્રશંસા કરી કે "મારું ઘર આપના ઉપાશ્રયની બરાબર પાછળ જ છે. ૬૦ સાધુઓ અહીં ચોમાસું હોવા છતાં મને કદિ ઘોંઘાટ-અવાજ સંભળાયો નહી. આ સાધુઓ કેવા જબરદસ્ત આત્માનંદી છે !"

(૩૦)જિનકલ્પીઓ એકજ વસતિમાં સાત-સાત જણ સાથે રહે તોય ક્યારેય કદીપણ એકબીજા સાથે કશી વાત ન કરે. "સુખશાતામાં છો ?" આટલું ય ન બોલે. આ કેવો ઉત્કૃષ્ટ વચનગુપ્તિનો આચાર !આમ ઉત્સર્ગ માર્ગે તો "બોલવું જ નહિ" એ સંયમીનો આચાર છે.

પરંતુ કોઈપણ ઉત્સર્ગમાં અપવાદ હોય જ.

નીચેના કારણો એવા છે કે એ વખતે મૌન ત્યાગી બોલવું અત્યંત જરૂરી છે. અર્થાત્ એ અપવાદમાર્ગના સ્થાનો છે. જો તે વખતે પણ સંયમી ન બોલે, મૌન પકડી બેસી રહે તો એ

અપવાદના સ્થાને ઉત્સર્ગ સેવતો હોવાથી એની વચનગુપ્તિ ત્યારે ઉન્માર્ગ બની જાય છે. કર્મબંધ કરાવનાર બની રહે છે.

એ કારણો આ પ્રમાણે છે :

(૧) આગમો, પ્રકરણો, ગ્રન્થો ગોખતી વખતે શુદ્ધ, સ્પષ્ટ, મંદ ઉચ્ચાર સાથે એ ગાથાઓ બોલી-બોલીને ગોખવી, રાત્રે એ બધાનો સ્પષ્ટ ઉચ્ચાર સાથે પાઠ કરવો.

(૨) બીજાઓને ભણાવવાની શક્તિ હોય, અને બીજા સુપાત્ર જીવો ભણવા તૈયાર હોય એ વખતે એમને એક-બે-પાંચ-સાત કલાક પણ ભણાવવા અને એ માટે રોજ સાત સાત કલાક બોલવું.

(૩) કોઈ સંયમી ઉગ્રતપ કરે, ઉંચું સંયમ પાળે, ગુરુસેવા ઉત્કૃષ્ટ કોટિની કરે, જોરદાર સ્વાધ્યાય કરે, શાસનપ્રભાવનાનું શ્રેષ્ઠ કાર્ય કરે.... એ વખતે હર્ષોલ્લાસ સાથે ઉચિત અવસરે ખુલ્લા મનથી એની ભરપેટ પ્રશંસા કરવી.

(૪) સહવર્તી સંયમીઓ પૃચ્છા કરે કે "અહીં સ્થંડિલ જવાની અનુકૂળ જગ્યા ક્યાં છે? માત્રુ પરઠવવાની કુંડી ક્યા છે ? આ સ્થાનમાં કેટલા દેરાસર છે ? તમારી ગોચરી શું લાવવાની છે ?" આવા વખતે મુંગા મુંગા ઈશારાથી જવાબ આપવાને બદલે પૃચ્છા કરનાર સંયમીને સંતોષ થાય, અકળામણ ન થાય એ રીતે સ્પષ્ટ ઉત્તર આપવો.

(૫) જે ગીતાર્થ સંવિગ્ન સંયમીના વ્યાખ્યાનથી સેંકડો હજારો લોકો સાચા અર્થમાં ધર્મ પામતા હોય, એવા સંયમીને સેંકડો હજારોની સામે કલાકો સુધી વ્યાખ્યાન કરવાનો અવસર આવે.

(૬) સંયમજીવનમાં અસ્થિર બનેલા સંયમીને સમ્યક્ પ્રેરણાઓ કરી, બરાબર સમજાવી સંયમમાં સ્થિર કરવાનો અવસર આવે.

(૭) વાતે વાતે મૂંઝાતા નૂતન દીક્ષિતો, મુમુક્ષુઓને સ્નેહાળ શબ્દોપૂર્વક તે તે પદાર્થો સમજાવી એમની મુંઝવણ દૂર કરી સમ્યગ્ માર્ગદર્શન આપવું.

આવા અનેક કારણો એવા છે કે એ વખતે ન બોલવું, "મારે તો મૌન છે મારે ગામની પંચાતમાં પડવું નથી. જેણે જે કરવું હોય તે કરે" એવા વિચારો કરવા એ પાપ છે, ઉન્માર્ગ છે, જિનાજ્ઞાભંગ છે.

(૩૧)શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે કે બે સંયમી વચ્ચે ઝઘડો થાય અને તે વખતે જે સંયમી એ ઝઘડો અટકાવવા સમર્થ હોવા છતાં "પારકી પંચાતમાં પડવું નથી, મારે મારી ચિંતા કરવી." ઈત્યાદિ વિચારીને મૌન રહે છે, ઉપેક્ષા કરે છે, તે પ્રાયશ્ચિત્તનો ભાગી બને છે.

મૌનના કારણે સુકૃતોની અનુમોદના ન કરનારો સંયમી ઉપબૃંહણા નામના સમ્યગ્દર્શનના આચારને ન પાળતો હોવાથી પોતાના સમ્યક્ત્વને મલિન કરે છે, બીજાના ઉત્સાહને ઘટાડનારો બને છે.

એમ સંયમી જ્યારે આપણને કંઈપણ પુછે,તે વખતે સરખો જવાબ ન દેવો, ઈશારા કરવા, તે તરફ ધ્યાન જ ન આપવું એ (૩૨)સહાયકતા નામના સાધુના મુખ્યગુણનું દેવાળું સૂચવે છે. પૃચ્છા કરનાર સંયમીએ સ્થંડિલ જવું હોય, દર્શન કરવા જવું હોય. છતાં એને સ્પષ્ટ જવાબ ન અપાય તો એ મુંઝાય, અકળાય, ઈશારા દ્વારા અધકચરું સમજીને ઠલ્લે-દેરાસર જાય, તો રસ્તો ભુલે, ઘણું ભટકીને-કંટાળીને પાછો આવે.

આવા સમયે મૌન રહેનાર સંયમી પોતાના ચારિત્રને મલિન કરે જ છે.

એમ નાના-મોટા સંયમીઓ કોઈપણ પ્રશ્ન પુછે, શ્રાવકો જિજ્ઞાસાથી કંઈક પૃચ્છા કરે, આ બધા પ્રસંગોમાં ઉચિત શબ્દો બોલવા, એ સંયમી પ્રત્યે આદરભાવ સાથે મીઠા શબ્દોથી પ્રત્યુત્તરો આપવા, રે ! કદાચ એણે પુછેલા કોઈપણ પ્રશ્નનો જવાબ ન આવડે તોય મીઠા શબ્દોથી કહેવું કે "મહાત્મન્ ! મને ખ્યાલ નથી હોં !" – એ ઔચિત્ય છે.

પણ આ બધા ઔચિત્ય ન જાળવી, મૌન બેસી રહેનારાઓ દોષભાગી બને છે. (હા ! કાઉસ્સગ્ગ, વિશિષ્ટ જપ વગેરેના કારણે જવાબ ન આપી શકાય એ જુદી વાત છે.)

મૂળ વાત પર આવીએ.

જ્યારે આવા પુષ્ટ કારણો આવી પડે કે જે વખતે બોલવાથી જ વધુ લાભ થાય, મુંગા રહેવાથી નુકશાન થાય, ત્યારે અપવાદ માર્ગે વચનો ઉચ્ચારવાના છે. અને એ વખતે આ ભાષાસમિતિ પાળવાની છે.

એ ભાષાસમિતિનું લક્ષણ જોઈએ એ પહેલા આ ધ્યાનમાં રાખવું કે ગાઢ કારણ વિના નીચે કહેવાશે એ પ્રમાણે બરાબર લક્ષણવાળી ભાષા બોલે તો પણ એ ભાષા સમિતિ નહિ જ ગણાય. એ અપવાદ માર્ગ નહિ જ ગણાય. મોઢામાંથી શબ્દો ઉચ્ચારતા પહેલા ઉપર બતાવેલા કે તેના જેવા બીજા શાસ્ત્રમાન્ય કારણોમાંથી કોઈપણ એક કારણની હાજરી હોવી આવશ્યક છે. તોજ એ ભાષાસમિતિ અપવાદ માર્ગ બનશે.

કલિકાસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી ભાષાસમિતિનું સ્વરૂપ આ પ્રમાણે દર્શાવે છે કે

**अवद्यत्यागतः सर्वजनीनं मितभाषणम् ।**

**प्रिया वाचंयमानां सा भाषासमितिरुच्यते ॥**

**અર્થ :** (૧) અવદ્ય - પાપના ત્યાગવાળું (૨) સર્વને હિતકારી એટલે કે કોઈને પણ

અહિતકારી ન બને તેવું (૩) અલ્પ = જરૂરિયાત હોય એટલું જ વચન એ સાધુઓને પ્રિય (=હિતકારી) એવી ભાષા સમિતિ કહેવાય છે.

મુખ્યત્વે ભાષાસમિતિમાં ત્રણ વસ્તુઓ ચકાસવાની છે. (૧) એ વચન એવું હોવું જોઈએ કે જેનાથી કોઈપણ પાપ ઉત્પન્ન ન થાય. (૨) એ વચન બધાને હિતકારી હોવું જોઈએ. અર્થાત્ અમુકને અહિતકારી બને અને અમુકને હિતકારી બને તેવું ન હોવું જોઈએ. (૩) જેટલું જરૂરી હોય એટલું જ હોવું જોઈએ.

(અ) <u>અવદ્યત્યાગ :</u> સંયમી આત્મા પરિણત-ચતુર હોય. શું બોલવાથી શું શું થઈ શકે છે ? એ બધુ જ જાણતો હોય અને માટે જ કોઈપણ વચન ઉચ્ચારતા પહેલા એ વિચારી લે કે "આ વચન બોલવાથી શું શું થઈ શકે છે ?" અને પછી નિશ્ચય થાય કે એકેય પાપ ઉત્પન્ન નથી થવાનું, તો જ એ વચન ઉચ્ચારે. જેમાંથી હિંસા વગેરે પાપો ઉત્પન્ન થવાની શક્યતા હોય એવા વચનો કદિ ન ઉચ્ચારે.

સંયમીઓના કયા કયા વચનોથી કેવા કેવા સાવદ્ય ઉત્પન્ન થઈ શકે છે ? એના કેટલાક દૃષ્ટાંત જોઈએ.

(૧) સંયમી ઘણા શ્રાવકોની વચ્ચે એમ બોલે કે "ફલાણા ગામનો ફલાણો વૈદ્ય અત્યંત હોંશિયાર છે. રે ! કેન્સર જેવા રોગો ય મટાડી દે છે. મને ઝેરી મેલેરિયા હતો તોય એણે ચાર દિ'માં મને વિહાર કરતો કરી દીધો. પૈસા પણ ઓછા લે છે અને ભલભલા રોગો મટાડી દે છે. એને ત્યાં તો રોગીઓની લાઈન લાગે છે...."

આ બધુ સાંભળી એ શ્રાવકો પોતાના રોગી સ્વજનો વગેરે બધાને એ વૈદ્યની દવા કરવા લઈ જશે. એમને ય જો સારુ થયું તો બીજા ઘણાયને તે શ્રાવકો પ્રેરણા કરશે. હવે સાધુના વચન સાંભળી એ સેંકડો શ્રાવકો ગાડી-ટ્રેન વગેરેમાં બેસી વૈદ્ય પાસે જાય, વૈદ્યની દવા દ્વારા ઝાડા વગેરે ય થાય, શરીરના કીડાઓ મરે, સાજા થયેલા એ સંસારીઓ સંસારમાં ઢગલાબંધ પાપો કરે. આ બધાયનું પાપ સંયમીને ચોંટે.

(૨) સંયમી ગૃહસ્થને પુછે કે "કેટલા વાગ્યા છે ?" કે તરત ગૃહસ્થ મોબાઈલ કાઢી સ્વીચ દબાવી ટાઈમ જોઈને કહે. અથવા જાતે ચાલીને ક્યાંક ઘડિયાળમાં ટાઈમ જોઈ આવી કહે. અથવા "સાધુઓને ઘડિયાળ ન હોવાથી મુશ્કેલી પડે છે." એમ વિચારી ઘડિયાળ લાવી ઉપાશ્રયમાં લગાડી દે, અથવા તો નાનકડી ઘડિયાળ ખરીદીને સંયમીને વહોરાવવા લઈ આવે.

આ બધામાં એ ગૃહસ્થ વડે જે પુષ્કળ વિરાધના કરાય, એ બધાનો દોષ સંયમીને લાગે.
(૩) [૭૭]નિશીથસૂત્રમાં ફરમાવ્યું છે કે સંયમીએ ગોચરીમાં કોઈપણ વસ્તુની યાચના ન કરવી

જોઈએ. કેમકે એમાં ઘણા દોષો ઉત્પન્ન થાય. દા.ત. સંયમી કોઈ ભક્ત શ્રાવકને ત્યાં યાચના કરે કે "દળેલી ખાંડ છે ?" શ્રાવિકા એ ખાંડ ન હોવાથી ત્યારે તો ના પાડે, પણ પછી તરત જ મિક્ષ્ચરમાં આખી ખાંડને પીસી નાંખી દળેલી ખાંડ તૈયાર કરી દે. બીજા દિવસથી કાયમ દળેલી ખાંડ મળવા માંડે. આમ સંયમીની આ વાણીથી તેજસકાયની હિંસા વગેરે ઘણા દોષો પ્રગટે.

એમ "આંબિલના લુખા ખાખરા છે" એવી યાચના કરે અને જો શ્રાવિક એકદમ ભાવવાળાં હોય તો બીજા દિવસથી ચોપડ્યા વિનાના લુખા ખાખરા તૈયાર રાખવા માંડે. બહાનાઓ કાઢી, જુઠ્ઠું બોલી ભક્તિ ભાવથી એ આધાકર્મી ખાખરા સંયમીને વહોરાવે. એને તો હજી પુણ્યબંધ થાય પણ આ બધી હિંસા થવાથી સંયમીને કેટલો મોટો દોષ ?

આમ કોઈપણ વસ્તુની યાચના કરવામાં આવા અનેક દોષો ઉત્પન્ન થવાની શક્યતા રહે. આ બધા જ યાચનાવચનો સાવદ્ય વચન બને.

(૪) "અમે આવતીકાલે અહીંથી વિહાર કરશું" એક પ્રસિદ્ધ તીર્થસ્થાનમાં મુખ્ય સાધુએ ટ્રસ્ટીને વાત કરી. ત્યાં ઘણા સાધુઓને જોગ ચાલતા હતા. ૨૦૦-૩૦૦ ઘરો હોવાથી ગોચરી વગેરે સુલભ હતા. એટલે જ મુખ્ય સાધુની આવી વાત સાંભળી ટ્રસ્ટી આશ્ચર્ય પામ્યા "સાહેબ ! અમારી કોઈ ભુલ થઈ ? આપ ચાલુ જોગમાં વિહાર કરી જશો ?"

અને સાધુથી અજાણતા ગંભીર ભુલ થઈ ગઈ. "જોગના હિસાબે જ વિહાર કરવો પડે છે. આ તીર્થના ચોગાનમાં મોટું ઝાડ છે. એમાં ઢગલાબંધ પંખીઓ માળા બાંધીને રહે છે અને એટલે એને ખાવા બિલાડીઓ આવે છે. રોજ એકાદ બે કલેવર પડે છે. વળી રોજ એકાદ બે ઈંડા ફુટે છે. અમારે તો રોજ આ માંસ-ઈંડાથી અસજ્ઝાય થાય છે. એટલે જ વિહાર કરવો પડે છે. તમારો કોઈ દોષ નથી."

અને ટ્રસ્ટીએ સાધુઓને કંઈપણ પુછ્યા-કહ્યા વિના અતિશય વિરાટ એ વૃક્ષ કપાવી નાંખ્યું. હાય ! સેંકડો પંખીઓ નિરાધાર બન્યા, પ્રત્યેક વનસ્પતિની ઘોર હિંસા થઈ.

(૫) "સાહેબ ! તમે આ ક્ષેત્રમાં શા માટે મહીનો રહેવા નથી આવતા ?" શ્રાવકે પ્રશ્ન કર્યો અને ભોળા સાધુએ કહી દીધું કે "અમારા આચાર્યશ્રીને અનુકૂળ એવી ગોચરી (શાલિ-ઓદન) અત્રે મળતી નથી. (પ્રાચીન કાળનો આ પ્રસંગ છે. તે વખતે શાલિ પ્રકારના ભાત વિશિષ્ટ દ્રવ્ય ગણાતું. આચાર્યશ્રી માટે ઉત્તમ દ્રવ્ય ગણાતું.)

અને શ્રાવકે શાલિ ચોખાના બીજ મંગાવી ખેતરોમાં એની મોટા પાયે ખેતી શરુ કરી. પુષ્કળ શાલિ ઉગાડ્યા, ઘેર ઘેર એ ચોખાઓ આપ્યા કે જેથી સાધુઓને આધાકર્મીની શંકા ન પડે.

એક સાધુના ભોળપણમાં ખેતરો ખેડાયા, સચિત્ત માટી, પુષ્કળ સચિત્ત પાણી, કરોડો અબજો ત્રસકાયની હિંસા, રે ! કેટલાય સાપ-દેડકા પણ મર્યા જ હશે ને ?

(૬) શ્રાવકો પાસે સર્ફ, બોલપેન, ચોક્કસ પ્રકારની નોટો, દવાઓ વગેરે જાત જાતની વસ્તુઓ સંયમીઓ વારંવાર મંગાવતા જ હોય છે. સંયમીઓને તો એટલો જ ખ્યાલ રહે છે કે "મેં વસ્તુ મંગાવી અને અડધો પોણો કલાકમાં ગૃહસ્થ એ વસ્તુ આપી ગયો." પણ "એ વચ્ચે અડધો પોણો કલાક દરમ્યાન આપણી એ વસ્તુ મેળવવા શ્રાવકે કેટલી હિંસા કરી ?" એનો ક્યારેય વિચાર આવ્યો ખરો ?

આજના શ્રાવકો એક મિનિટ ચાલવા જેટલો રસ્તો હોય તોય પગે ચાલીને જતા નથી. મોટા ભાગે સ્કુટર વગેરે ઉપર જ બધે જ ફરે. એટલે આપણી વસ્તુ લાવવા સ્કુટર-બાઈક વગેરે લઈને જ દૂકાને જવાના. વરસાદ પડેલો હોય તો તો અપ્કાય, નિગોદ વગેરેની પારાવાર હિંસા થવાની જ.

ક્યારેક કોઈક વિશિષ્ટ વસ્તુ રોજીંદી દુકાનેથી ન મળે તો એને માટે ઘણે દૂર રહેલી દુકાનમાં પણ લેવા દોડે.

(૭) "ઉપાશ્રયમાં તો ઘણું અંધારું છે, કંઈ દેખાતુ જ નથી" એક સાધુ શ્રાવકોની હાજરીમાં સહજ રીતે આટલું બોલ્યો અને ભક્તિમંત શ્રાવકોએ ત્યા કાયમી બલ્બ લગાડી દીધો. જેની પ્રભા-છાયાથી ગાઢ અંધારું ન લાગે.

આવા ઢગલાબંધ નાના-મોટા પ્રસંગો પ્રત્યેક સંયમીએ પોતપોતાના જીવનમાં અનુભવ્યા જ હશે કે એમનાથી જાણતા-અજાણતા બોલાયેલા શબ્દોથી નાની-મોટી-અતિ મોટી હિંસાઓ ઉત્પન્ન થઈ હોય.

એટલે જ ભાષાસમિતિની પ્રથમ શરત આ જ છે કે સંયમીના વચન સાવદ્ય-પાપ ઉત્પન્ન કરનારા ન જ હોવા જોઈએ.

અત્યંત ખેદ સાથે કહેવું પડે છે કે આજે સંયમીઓ અજાણતા નહિ, પણ જાણીને, બિન્ધાસ્ત બનીને પણ સાવદ્ય શબ્દોનો પ્રયોગ કરી નાંખે છે. "પુજારીજી ! પાંચ ઘડા પાણી ઉકાળો, (સાથેના માણસને કહે કે) આ વ્હીલચરના ટાયરમાં હવા ભરી આવ. જા, સાઈકલ લઈ જલ્દી આગળ પહોંચી પાણી ઉકાળી દે. (રસોડામાં રસોઈઆને કહે કે) સાંજે ભાખરી-શાક પાંચ વાગે બનાવી દેજો, અમારે વિહાર કરવાનો છે. (સંઘના શ્રાવકો કે ટ્રસ્ટીઓને કહે કે) આ મહેમાનોને જમાડી દો, જો જો ! બરાબર ભક્તિ કરજો....વગેરે.

રે ! દેરાસરો, ઉપાશ્રયો વગેરેની ડીઝાઈન પણ જો સંયમીઓ નક્કી કરે, ઉપાશ્રયમાં ક્યાં રૂમ બનાવવી અને કયાં ન બનાવવી એ પણ જો સંયમીઓ નક્કી કરે, કઈ ટાઈલ્સ

નાંખવી અને કઈ ટાઈલ્સ ન નાંખવી એની સૂચના પણ જો સંયમીઓ આપે તો પછી એ સંયમીને "બિલ્ડર" નામ જ આપી દેવું ન જોઈએ ?

ક્યાં જિનશાસનની ભાષાસમિતિ અંગેની અદ્ભુત-સુક્ષ્મતમ વ્યવસ્થા ! જરાક વાંચો તો ખરા ઉપમિતિભવપ્રપંચકથાના શબ્દો !

(૩૪)"ઉત્તમબુદ્ધિ (મનીષી) દીક્ષા લેવા તૈયાર થયો, તે વખતે હજારો લોકોની વચ્ચે ઉભા થઈ રાજાએ આચાર્ય ભગવંતને વિનંતિ કરી કે- ભગવાન ! આ ઉત્તમબુદ્ધિ તો અમારા નગરનું રત્ન છે. એ એમને એમ દીક્ષા લઈ લે એ અમને ન પરવડે. એને ભલે કશી સ્પૃહા ન હોય, પણ અમે તો એની દીક્ષા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ કરવા માંગીએ છીએ.

પ્રભો ! આપ આઠ દિન પછી એને દીક્ષા આપો, આજે નહિ. અને અમને આઠ દિવસની મહોત્સવ કરવાની રજા આપો."

આચાર્યશ્રી મૌન રહ્યા.

રાજા મુંઝાયો પણ એ જ વખતે જૈનશ્રાવક સુબુદ્ધિમંત્રીએ ઉભા થઈ રાજાને સમજાવ્યો કે "મહોત્સવ એ શુભ અનુષ્ઠાન હોવા છતાં એમાં અલ્પ અંશમાં હિંસા છે. એટલે આચાર્ય દેવ એની સ્પષ્ટ રજા તો નહિ જ આપે. પણ આ અનુષ્ઠાન આપણા માટે હિતકારી હોવાથી જ તેઓએ સ્પષ્ટ ના પણ નથી પાડી અને માટે જ એ મૌન રહ્યા છે. આ મૌનમાં એમની સંમતિ જ સમજી લેવી."

અને એ રીતે પછી મહોત્સવ થયો.

(૩૫)શ્રમણ ભગવાન મહાવીરદેવને દેવોએ ભક્તિનૃત્ય કરવાની રજા આપવા માટે વિનંતિ કરી. ત્યાં પણ પ્રભુ મૌન રહ્યા. ન તો હા પાડી કે ન તો ના પાડી. છેવટે ત્યાં પણ દેવોએ પ્રભુના મૌનમાં સંમતિ સમજી લઈ નૃત્ય કર્યું. પ્રભુ મૌન રહ્યા એની પાછળ ત્યાં પણ આ જ કારણ હતું કે જો પ્રભુ એમને સીધી હા પાડે તો એ નૃત્યમાં થનારી વિરાધના વગેરેની ય અનુમતિ આવે અને વળી એમના નૃત્યના કારણે સાધુઓને વિક્ષેપ પડવાનો ય સંભવ હતો જ. માટેજ પ્રભુએ હા ન પાડી. અને જો પ્રભુ ના પાડે તો એ નૃત્ય દ્વારા એ દેવો જે જબરદસ્ત આત્મશુદ્ધિ પામવાના હતા તે અટકી જાય. આવું ય ન કરાય. માટે જ ના પણ ન પાડી.

પ્રભુ તો ઘાતીકર્મ ખતમ કરી ચૂક્યા હતા, હવે એ ગમે તે બોલે તોય એમને કર્મબંધ થવાનો જ ન હતો, એમનું ચારિત્ર મલિન થવાનું જ ન હતું. છતાં પણ જો પ્રભુ પોતાનો આચાર અક્ષત પાળતા હોય તો આપણા બધાની ફરજ શું ?

મહામહોપાધ્યાયજી તો ૧૫૦ ગાથાના સ્તવનમાં ફરમાવે છે કે –

**"યતનાએ સૂત્રે કહ્યો મુનિને, આર્યકર્મ ઉપદેશ.**
**પરિમાણિક બુદ્ધિ વિસ્તારી, સમજે શ્રાદ્ધ અશેષ."**

**અર્થ :** શાસ્ત્રકારોએ કહ્યું છે કે ગૃહસ્થોના કેટલાક કાર્યો એવા છે કે જેમાં હિંસા હોવા છતાં એમની ભૂમિકાની અપેક્ષાએ એ એમના માટે હિતકારી છે. અને એટલે એમને એ હિતકાર્યમાં જોડવા માટે ગીતાર્થમુનિએ એ હિંસાગર્ભિત આર્યકર્મનો ઉપદેશ તો આપવો જ જોઈએ. એ વિના તો એ અબુઝ લોકો શી રીતે સાચી સમજણ પામે ?

પણ એ ઉપદેશ યતનાપૂર્વક જ આપવો. પોતાના શ્રમણ ધર્મને બાધ ન આવે એ રીતે મર્યાદાપૂર્વક ઉપદેશ આપવો.

ગૃહસ્થ એ ગૂઢ ભાષામાં કહેવાયેલા ઉપદેશના રહસ્યને પોતાની પરિણામિક બુદ્ધિને વિસ્તારીને બધુ સમજી લેશે.

આશય એ છે કે સાધર્મિક વાત્સલ્ય, અનુકંપાદાન, વ્યાખ્યાન શ્રવણ, જિનપૂજા વગેરે અનેક કાર્યો એવા છે કે શ્રાવકો એ કાર્યો દ્વારા ઉત્તરોત્તર આત્મવિકાસને સાધે. પણ આ બધું એમને સમજાવે કોણ ? એ તો ગીતાર્થમુનિએ જ સમજાવવું પડે.

હવે જો ગીતાર્થ મુનિ એવું બોલે કે "તમે આખા સંઘને જમાડો બે બે મીઠાઈ ખવડાવો, બધાના દૂધ-પાણીથી પગ ધુઓ, કપાળે કંકુનું તિલક કરો." તો આ બધી જ સાવદ્યભાષા છે. રસોઈ બનાવવામાં, મીઠાઈઓ બનાવવામાં, દૂધ-પાણીથી પગ ધોવામાં ચિક્કાર વિરાધનાઓ તો છે જ. સંયમી તો સર્વવિરતિધર છે, એટલે એનાથી તો આવી સાવદ્યભાષા બોલી જ ન શકાય.

એમ "પર્યુષણમાં હજારો ગરીબોને ભરપેટ ખવડાવો. ઝુંપડીએ ઝુંપડીએ શિયાળામાં ધાબડા આપી આવો. ગાડી, સ્કુટરમાં આવવું પડે તોય વ્યાખ્યાન સાંભળવા આવો. મોટું દેરાસર બનાવો. એમાં મોટી આરસની પ્રતિમા મૂકાવો. મહાપૂજા કરો, અને જો, જો, પુષ્પો ઓછા ન ચાલે. બે ટ્રક ભરીને પુષ્પો તો જોઈએ જ. એમાં લાઈટ ન ચાલે, ચોક્ખા ઘીના દિવા મૂકાવો. હા ! સંગીતકાર પણ શ્રેષ્ઠ કક્ષાના જોઈએ. માઈક સીસ્ટમ ગમે તેવી ન ચાલે. સારામાં સારા માઈક વાપરવા. તમે બધા જિનપૂજા કરો છો ? જિનપૂજા વિના ન ચાલે. ચાલો, બધાએ આવતી કાલથી જિનપૂજા કરવાની, કેસર જાતે જ ઘસવાનું....

એમ છ'રી પાલિત સંઘ કે સામૈયાદિના પ્રસંગમાં પણ → બેંડ તો સારામાં સારું જ લાવજો હોં ! અમારો ટેન્ટ જરા મોટો બનાવજો. નીચે ચટાઈ પાથરજો. ખેતરમાં ઢેફા વાગે છે.... બે ચાર હાથી મંગાવી લેજો.... ←

તો એમાં થનારી હિંસા વગેરેના દોષો એ મુનિને લાગે. શ્રાવકોનો આચાર જુદો છે,

અને સંયમીનો આચાર જુદો છે. આ બધા અનુષ્ઠાનો શ્રાવકોને એમની ભૂમિકામાં હિતકારી હોવા છતાં આમાંથી એકેયનો ઉપર પ્રમાણે ઉપદેશ ન જ અપાય કેમકે એમાં સંયમીના ચારિત્રપરિણામને કુહાડીના ઘા લાગે છે.

[૩૬]સંયમી તો એ વખતે માત્ર એ આર્યકર્મોના ફળોનું જ વર્ણન કરે. "સાધર્મિક ભક્તિ બધા કૃત્યો કરતા શ્રેષ્ઠ કૃત્ય છે. એનાથી પ્રચંડપુણ્ય બંધાય અને પુષ્કળ નિર્જરા થાય..... અનુકંપાદાનથી શાસન પ્રભાવનાદિ વિશિષ્ટ લાભો થાય.... જિનવાણી શ્રવણથી સમ્યક્ સમજણ મળે, અનંત સંસારનો અંત આવે..... જિનમંદિર, જિનપ્રતિમા કરાવવાથી આટલા આટલા લાભો થાય, આ બધા કાર્યો કરનારા અમુક અમુક શ્રાવકોને અમુક અમુક લાભો થયા..... જો ભાવના વગેરેમાં સંગીતકાર સારા હોય તો લોકોને ખૂબજ ભાવ જાગે. ઉલ્લાસ વધે..... સામૈયાદિમાં વ્યવસ્થિત બેંડ હોય તો શાસનની શોભા વધે....." આવા માત્ર તે તે અનુષ્ઠાનોથી પ્રાપ્ત થતા ફળોનું જ વર્ણન કરે.

એ ફળ વર્ણન એટલું બધું આકર્ષક હોય કે એ સાંભળીને એ ફળની ઈચ્છાવાળા શ્રાવકો પોતાની મેળે જ એ અનુષ્ઠાન કરવા લાગે.

જેમ "મેટાસીન લેવાથી માથાનો દુઃખાવો મટે" આ શબ્દ સાંભળીને માથાનો દુઃખાવો મટાડવાની ઈચ્છાવાળો મેટાસીન લેવાનો જ.

[૩૭]હા ! એવી રીતે પણ વર્ણન થઈ શકે કે "જિનપૂજા ગૃહસ્થોનું કર્તવ્ય છે." અર્થાત્ જે વાસ્તવિક પદાર્થ હોય તે બતાવી દે. પણ આ બધામાં આદેશ, બળજબરી વગેરે તો સંયમના હાનિકારક તત્ત્વો છે.

આ પદાર્થ કાલ્પનિક નથી. પણ શાસ્ત્રાધારિત છે. ઉપદેશરહસ્યમાં મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજે આ આખોય પદાર્થ દર્શાવ્યો છે. તેઓએ તો આનાથી પણ વધુ ઉંચી વાત કરી છે. તે આ પ્રમાણે.

[૩૮]કોઈકને પ્રશ્ન થયો હશે કે "→ સાધુઓ માત્ર આર્યકર્મનું ફળ જ બતાવે કે પછી વાસ્તવિક હકીકત બતાવે, પણ સાક્ષાત્ ઉપદેશ તો ન જ આપે. ← આવું તમે કહો છો. પરંતુ આ ફળવર્ણન કરવા પાછળ કે સિદ્ધાન્ત બતાવવા પાછળ પણ એમના મનમાં એ આશય તો હોય જ ને ? કે 'આ ફળવર્ણન સાંભળીને શ્રાવકો એ આર્યકર્મ કરતા થઈ જાય.' અને જો આવી ઈચ્છા એ સંયમીઓને હોય તો તો એમને હિંસાની અનુમોદનાનો દોષ ન લાગે ?"

આવા કોઈક પ્રશ્નના સમાધાન રૂપે ઉપાધ્યાયજી ફરમાવે છે કે ગીતાર્થ પરિણતસંયમીને આવી પણ કોઈ ઈચ્છા હોતી જ નથી કે "મારું આ ફળવર્ણન કે વિધિવર્ણન સાંભળીને

શ્રાવકો એ આર્યકર્મો આચરતા થઈ જાય.'' તેઓ તો માત્ર દેશના આપવારૂપ પોતાનું કર્તવ્ય જ નિભાવે. (જેમ આજે શાસ્ત્રમાં આવતું જિનકલ્પીનું વર્ણન વાચનામાં કોઈ ગુરુ શિષ્યને સમજાવે ત્યારે ગુરુ એવી ઈચ્છાવાળા હોતા જ નથી કે ''મારા શિષ્યો આજે આ જિનકલ્પને પાળે.'' તેઓ તો માત્ર શાસ્ત્રાનુસારે પદાર્થવર્ણન જ કરતા હોય છે.

એ જ રીતે ગીતાર્થ-પરિણત મહાત્માના મનમાં આવી ઈચ્છા હોતી જ નથી કે ''મારા આ ફળવર્ણન કે વિધિવર્ણનને સાંભળીને શ્રોતાઓ એ આર્યકર્મો આદરતા થઈ જાય.'' પણ તેઓ તો માત્ર શાસ્ત્રાનુસારે પદાર્થનિરૂપણ કરવામાં જ લીન હોય છે.)

ઉપદેશરહસ્યની મહોપાધ્યાયજીની આ વિચારણા સાથે વર્તમાનકાળની આપણી ભાષાને કંઈ મેળ ખરો ? આભ-ગાભનું અંતર નથી લાગતું ?

(૩૯)હજી આગળ તેઓ લખે છે કે કોઈ શ્રાવક જ્યારે આવા હિંસાયુક્ત અનુષ્ઠાનો કરવાની સંમતિ માંગે, (દા.ત. હું અષ્ટપ્રકારી પૂજા કરવા જાઉં ? મારી સ્વામિવાત્સલ્ય કરવાની ભાવના છે, મારી ગરીબોને ભોજન કરાવવાની ભાવના છે....) તો એ અનુષ્ઠાનો એને હિતકારી હોવાથી ના તો ન પાડવી. પણ એમાં ''**जहासुहं** તને જેમ સુખ ઉપજે એમ કર'' એ શબ્દ પણ ન બોલવો. કેમકે '**जहासुहं**' શબ્દ પણ અનુમતિદર્શક છે. અને માટે ત્યાં સાધુની ભાષાસમિતિમાં અતિચાર લગાડનારો બની જાય છે.

ત્યાં મૌન જ રહેવું. ''આ અમારો વિષય નથી.'' એમ કહેવું એ સાધ્વાચાર છે.

સબૂર ! રખે કોઈ એમ માને કે ''આ બધી વાતો તો સામાન્ય સાધુઓને પાળવા માટે છે. જેઓ શાસનપ્રભાવક બની ચૂક્યા છે, તેવા આચાર્ય ભગવંતો, વ્યાખ્યાનકારોને માટે આ બધુ ઝીણું ઝીણું કાંતવાનું નથી. તેઓ તો શાસનપ્રભાવનાના ઉદેશથી ચોકખીચટ ભાષામાં બધુ બોલી શકે.''

આ માન્યતા ઘોર મિથ્યાત્વ છે. ઉપમિતિભવપ્રપંચકથામાં દર્શાવેલા આચાર્ય ભગવંત મહાન શાસનપ્રભાવક જ હતા. શ્રમણ ભગવાન મહાવીર દેવ માટે શું કંઈ કહેવું પડે ? પ્રાચીનકાળના સેંકડો પ્રભાવક આચાર્ય ભગવંતોએ પોતાની ગ્રંથરચનામાં ક્યાંય સાવદ્યભાષા વાપરી નથી. ફળવર્ણન કે વિધિવર્ણન સિવાય તેઓએ કંઈ જ પ્રતિપાદન કર્યું નથી.

આમ જો આપણી અતિ મહાન પૂર્વપરંપરાએ અખંડિતપણે આ આચાર પાળ્યો જ છે, તો હવે આવું બોલવું જિનાજ્ઞા વિરુદ્ધ જ છે ને ? કે ''વ્યાખ્યાનકારો, શાસન પ્રભાવકોને સાવદ્યભાષાની છૂટ છે.''

કેટલાકો વળી બળાપો પણ વ્યક્ત કરે છે કે ''આ આજના શ્રાવકો કંઈ સમજતા જ

નથી. એમને કંઈ ગતાગમ જ નથી. એમને ચોક્ખા શબ્દોમાં આદેશ ન કરીએ, એમની પાછળ ન પડીએ તો તેઓ એકેય કામ કરતા નથી. હવે જો આપણે ભાષાસમિતિની બાંગ પોકાર્યા કરીએ તો એમાં તો આ શ્રાવકો કોઈ શાસનના કાર્યો કરશે જ નહિ. એટલે જ શાસનના કાર્યો કરાવવા માટે શાસ્ત્રીય ભાષાસમિતિને ગૌણ કરી થોડી ઘણી સાવદ્યભાષા તો બોલવી જ પડે ને ?"

આ બળાપાઓ સાંભળી મોઢામાંથી સીસકારા નીકળી જાય છે. "ઓ મહાવીર ! તારા આ વર્તમાનકાલીન શ્રમણોને મિથ્યાભ્રમણાઓમાંથી બચાવજે."

આવું બોલનારા સંયમીઓને એમ લાગે છે કે "આપણે ભાષાસમિતિ પકડી રાખી છે, માટે શ્રાવકો શાસનના કાર્યો કરતા નથી. જો ભાષાસમિતિને બાજુ પર મૂકી દઈએ તો ધડાધડ શાસનના કાર્યો થાય."

પણ મને તો એમ લાગે છે કે વર્તમાનકાલીન શ્રમણોની ભાષાસમિતિ ઉપરની શ્રદ્ધા તુટી છે, એના પાલન માટેની દૃઢતા ઘટી છે, અને માટે જ એમના ચારિત્ર પરિણામ મંદ પડવાથી શુદ્ધિ અને પુણ્ય પણ નબળા પડ્યા છે. અને કદાચ એટલે જ તેઓથી ધાર્યા કામ થતા નથી. પણ એમાં ભાષાસમિતિનો દોષ નથી, દોષ છે, પોતાના ચારિત્ર પરિણામની મંદતાનો !

વળી જે શાસનના કાર્ય માટે ભાષાસમિતિનો ભુક્કો કરો છો, એ શાસનનું કાર્ય તો જ્યારે થશે ત્યારે થશે, કે કદાચ નહિ પણ થાય. પણ અત્યારે જ આ રીતે ભાષાસમિતિરૂપ જિનશાસનનો ભુક્કો તો થઈ જ ગયો.

ખેર ! આ વિષય પર વધુ ચર્ચા કરતો નથી.

મૂળ વાત પર આવીએ.

સંયમીનું વચન સાવદ્ય ન જ હોય. શ્રાવકોને એમના હિતકારી છતાં હિંસાગર્ભિત અનુષ્ઠાનો સંબંધમાં માત્ર એ અનુષ્ઠાનોના ફળ બતાવવા, શાસ્ત્રીય વિધિ બતાવવી, "શ્રાવકોનું આ કર્તવ્ય છે" એ શાસ્ત્રો દર્શાવવા, પણ આદેશ-બળજબરી વગેરે તો ન જ કરવા.

**શિષ્ય :** પણ ગુરુદેવ ! કયા વચનો સાવદ્ય અને કયા વચનો નિરવદ્ય ? એ બધાને તો ક્યાં ખબર છે ? આપે જે દૃષ્ટાન્તો બતાવ્યા એ મુજબ તો એમ લાગે કે અમને જે વચનો નિરવદ્ય લાગે એય ઘણીવાર સાવદ્ય બની જતા હશે. તો અમારે શું કરવું ?

**ગુરુ :** માટે જ તો શિષ્ય ! અગીતાર્થોને એકપણ અક્ષર બોલવાનો સ્પષ્ટ નિષેધ જ કર્યો છે. દશવૈકાલિક નિર્યુક્તિમાં કહ્યું છે કે સાવદ્ય અને નિરવદ્ય વચનોની જેને પાકી સમજણ

જ નથી. એને તો બોલવાનો ય નિષેધ છે. તો પછી એમને ઉપદેશ આપવાની રજા તો મળે જ શી રીતે ?"

એટલે અગીતાર્થ અપરિપક્વ સંયમીઓએ તો કોઈપણ વાતમાં ડહાપણ ડહોળવાની જરૂર જ નથી. ગીતાર્થ ગુરુ જે કહે, જે કરે એજ સ્વીકારી લેવું... છતાં કંઈક બોલવાની, કહેવાની ઈચ્છા થાય, તોય ગૃહસ્થોની હાજરીમાં કંઈ ન બોલવું, કેમકે ગૃહસ્થો સાંભળે તોજ સાવદ્ય ઉત્પન્ન થવાની શકયતા વધારે રહે. એમની ગેરહાજરીમાં માત્ર સંયમીઓની હાજરીમાં કદાચ ભૂલચૂકથી આડુ-અવળું બોલાઈ જાય તોય પ્રાયઃ ગૃહસ્થોથી જ ઉત્પન્ન થનારા હિંસાદિ દોષો ન પ્રગટે.

(બ) <u>સર્વજનીન :</u> સંયમીનું વચન બધાયને હિતકારી બને એવું હોવું જોઈએ. અલબત્ત કોઈપણ વચન સકળજીવોને હિતકારી બની શકવાનું નથી. પરંતુ આનો અર્થ એટલો જ કરવો કે સંયમીનું વચન કોઈને પણ અહિતકારી ન બનવું જોઈએ. (અથવા તો સંયમીનું વચન સ્વરૂપતઃ તો એવું જ હોવું જોઈએ કે જે બધાયને હિતકારી જ બને. જીવો એ વચન ન સ્વીકારે... અને હિત ન પામે તો ય એ વચન તો હિતકારી જ ગણાય.)

આજ કારણસર સંયમી જિનપૂજા-સાધર્મિકવાત્સલ્ય, અનુકંપાદાન, દેરાસર, ઉપાશ્રય બાંધકામ વગેરેનો સાક્ષાત્ ઉપદેશ આપી ન શકે. કેમકે આ બધા કાર્યો એવા છે કે એમાં શ્રાવકોનું હિત થાય છે, પણ એમાં પૃથ્વી, પાણી, વનસ્પતિ, અગ્નિ, વાયુ અને ત્રસ છ ય જીવનિકાયની વિરાધના થાય છે. અર્થાત્ આ બધા જીવોને તો સંયમીનું જિનપૂજાદિના સાક્ષાત્ ઉપદેશ રૂપ વચન અહિતકારી બને છે. અને માટે જ સંયમી આવા વચનો ન ઉચ્ચારે. એ વખતે ઉપર જણાવી ગયા પ્રમાણે ફળવર્ણન-વિધિવર્ણન જ કરે.

હા ! વિરતિ સંબંધી કોઈપણ અનુષ્ઠાનો હોય તો એ કોઈને પણ અહિતકારી બનતા નથી. દા.ત. શ્રાવકો સામાઈક, પૌષધ કરે. તો સાધુ એ વિરતિ સંબંધી અનુષ્ઠાનોનો સાક્ષાત્ ઉપદેશ આપી શકે. પણ એમાંય બળજબરી ન કરે.

આનો સૂક્ષ્મ અર્થ વિચારીએ તો ઘણી અવનવી બાબતો જાણવા મળે.

(૧) સંયમી રસ્તામાંથી પસાર થતો હોય અને રસ્તામાંથી પસાર થતી ગાડીવાળા ભાઈઓ સંયમીને પુછે કે "સાહેબજી ! ઉપાશ્રય ક્યાં છે ?" કે "દેરાસર ક્યાં છે ?" એ વખતે જો સંયમી એમને રસ્તો દેખાડે તો સંયમીના માર્ગદર્શન પ્રમાણે તેઓ ગાડી દોડાવે અને એ બધી વિરાધનાનો દોષ સંયમીને લાગે.

એ વખતે એમ કહે કે "મને ખબર નથી" તો એ મૃષાવાદ કહેવાય. જો કે હરણિયાના દૃષ્ટાન્તમાં હરણિયાઓને બચાવવા માટે શિકારી સામે મૃષા બોલવાની પણ રજા આપી જ

છે. છતાં અહીં એવો અતિગંભીર પંચેન્દ્રિયવધાદિનો પ્રસંગ નથી. એટલે ચોકખો મૃષાવાદ ઉચિત નથી લાગતો. વળી સાધુ ઉપાશ્રય-દેરાસરનો રસ્તો ન જાણતો હોય એ વાત ઉપર ગૃહસ્થોને શ્રદ્ધા ન જ બેસે. એટલે ત્યારે મૃષાવાદ બોલે તો ગૃહસ્થોને અસદ્ભાવ પણ થાય.

તો આ પ્રસંગે શું કરવું ?

આમાં એમ લાગે છે કે (૧) મૌન રહી નીકળી જવું. (૨) મૌન રહેવામાં જો ઔચિત્યભંગ દેખાતો હોય તો "અમારા આચાર મુજબ અમારે તમને રસ્તો બતાવી ન શકાય. માટે ક્ષમા કરજો." એવા મીઠા છતાં સ્પષ્ટ શબ્દોમાં જણાવી દેવું. આમા ખોટું લાગવાનો કોઈ પ્રશ્ન જ નથી. જેમ શ્રાવકો આધાકર્મી ખૂબ ભક્તિથી વહોરાવતા હોય તો પણ આપણે ના પાડી દઈએ છીએ કે "આ અમારે બિલકુલ ન ચાલે." એમ અહીં પણ સ્પષ્ટ-નમ્ર ભાષામાં કહી શકાય.

છતાં આ અંગે ગીતાર્થ ગુરુ ભગવંતને પુછીને તેમના કહ્યા મુજબ કરવું.

(૨) બહારગામથી સ્વજનો વગેરે સંયમીને મળવા આવ્યા હોય ત્યારે એમના જમવા વગેરેની વ્યવસ્થા કોણ કરે ? સંઘના શ્રાવકો હોંશિયાર હોય તો સંયમીએ કંઈ કહેવું ન પડે. એની મેળે જ શ્રાવકો બધી વ્યવસ્થા ગોઠવી દે.

પણ આવું ભાગ્યે જ જોવા મળે છે. એ વખત સંયમીને મુંઝારો પણ થાય. જો એમના સ્નાન-ભોજનાદિની બધી વ્યવસ્થા પોતે ગોઠવાવે તો પોતાનું સંયમ મલિન થાય અને જો કોઈ વ્યવસ્થા ન કરે તો ભક્તિભાવથી છેક દૂરથી આવેલા સ્વજનોને ખરાબ લાગે, તેઓ અધર્મ પામી જાય.

જો કે આજે ય એવા સંયમીઓ છે કે જેઓ પોતાને મળવા આવેલા કોઈપણ સ્વજનની વ્યવસ્થા સ્વયં કદિ ગોઠવતા નથી અને એમના સ્વજનોને પણ આ વાતનો આનંદ છે. તેઓ પોતાની મેળે બધી વ્યવસ્થા ગોઠવ્યા બાદ જ વર્ષે એક-બે વાર મળવા આવે છે.

આવો આદર્શ કેળવી શકાતો હોય અને સ્વજનોને સમજાવી શકાતું હોય કે "મારા તો હવે કોઈ સ્વજન નથી. મારે મારું સંયમ એજ સર્વસ્વ છે. અને એના આચાર પ્રમાણે તમારી કોઈપણ વ્યવસ્થા ગોઠવવી મારા માટે દોષરૂપ છે. એટલે તમે મળવા આવો તોય આવું સમજીને જ આવવું કે અહીં તમારા મહારાજ વ્યવસ્થા કરવાના નથી." તો એના જેવો શ્રેષ્ઠ માર્ગ કોઈ નથી.

પણ આવું સત્ત્વ કેળવાતુ ન હોય, સ્વજનો પ્રત્યે અનુરાગ રહેતો હોય તો પછી પોતપોતાના ગીતાર્થગુરુને પૂછીને યથોચિત કરવું.

[૪૦](૩) ભગવાન વજ્રસ્વામીજીની પાટપરંપરામાં થયેલા શ્રી અગસ્ત્યસિંહસૂરિએ રચેલી દશવૈ. નિર્યુક્તિની ચૂર્ણિમાં સાતમાં અધ્યયનમાં તેઓ શ્રી ફરમાવે છે કે સંયમી કદિ એવો વિચાર તો ન જ કરે કે એવું બોલે પણ નહિ કે 'વરસાદ ન પડો, દુકાળ પડો.' કેમકે દુકાળ પડે તો કરોડો લોકો પાણીની અછતમાં પરેશાન થાય, મરી જાય. પણ એજ રીતે સંયમી એવો વિચાર પણ ન કરે કે એવું બોલે ય નહિ કે "વરસાદ પડો, સુકાળ થાઓ." કારણ કે વરસાદ પડે તો ખેતી થાય અને એમાં કરોડો ત્રસજીવો મરે. ધસમસતા નદીના પ્રવાહમાં ય કેટલાય નાના મોટા ત્રસજીવો તણાઈને મરી જાય. કેટલાય વૃક્ષો ઉખડી-ઉખડીને તણાઈ જાય.

હદ તો એ થઈ કે તેઓશ્રી લખે છે કે "જો દુકાળ હોય તો ઘણા લોકો મૃત્યુ પામવાથી સ્મશાનના કામદારને અને લાકડાનો ધંધો કરનારને ઘણો વધારે નફો થાય. હવે જો સુકાળ હોય તો લોકો ઓછા મરવાથી એ કામદાર અને લાકડાના વેપારીને નુકશાન થાય, ઓછો નફો થાય. અને માટે જ સુકાળની ઈચ્છા કરનાર સંયમી ગર્ભિત રીતે એ શ્મશાનના કામદાર અને લાકડાના વેપારીના દુઃખની અનુમોદના આપી રહ્યો છે. જે સંયમી માટે ઉચિત નથી. એને માટે તો તમામે તમામ જીવો સરખા છે. એટલે જે બાબત અમુકને હિતકારી અને અમુકને અહિતકારી હોય તેવી બાબતોની સંયમી ઈચ્છા પણ ન કરે તો એનું નિરૂપણ તો કરે જ શી રીતે ?

અલબત્ત આ અતિ ઉચ્ચકોટિના, પરમ માધ્યસ્થ્યભાવને પામેલા મહાત્માઓની અપેક્ષાએ સમજવાનું લાગે છે. સરાગદશામાં રહેલા સંયમીઓ કરોડો જીવોની દયાથી પ્રેરાઈને સુકાળની ઈચ્છા કરે તોય એમાં એમને એમની ભૂમિકા પ્રમાણે દોષ નથી લાગતો. એમનાં મનમાં એ વખતે કરોડો જીવો પ્રત્યેની કરૂણાનો જ ભાવ હોય છે. લાકડાના વેપારી કે શ્મશાનના માણસ વગેરેને નુકશાન પહોંચાડવાનો લેશ પણ આશય હોતો નથી.

પણ છતાં એ હકીકત તો છે જ કે વર્તમાન કાળની આપણી જે ભાષા છે, એ ભલે સરાગદશાની હોય પણ આપણું લક્ષ્ય તો એ પરમમાધ્યસ્થ્ય જ છે.

સાર એટલો જ કે જે વચનો અમુકને હિતકારી અને અમુકને અહિતકારી બનતા હોય એવા વચનો સંયમી ન બોલે. પણ કોઈનેય અહિતકારી ન બને એવા વચનો બોલે. (જિનપૂજા-સાધર્મિકભક્તિ વગેરે મિશ્રકાર્યોના ઉપદેશ યતનાપૂર્વક આપે એ વાત આપણે જોઈ ગયા.)

ઉપમિતિમાં આચાર્યશ્રીએ રાજાને મહોત્સવની રજા ન આપી એનું કારણ જ એ છે કે એ મહોત્સવ રાજા વગેરેને હિતકારી હતો. છતાં સ્થાવરજીવોની હિંસા થવાની હોવાથી

જીવોને અહિતકારી હતો અને એટલે તેઓ મૌન રહ્યા.

પ્રભુવીરે પણ આજ કારણે દેવોને નૃત્યની અનુમતિ ન આપી, પણ મૌન રહ્યા.

(ક) <u>**મિતભાષણ :**</u> સંસ્કૃતનું સુપ્રસિદ્ધ એક વાક્ય ! "**अति सर्वत्र वर्जयेत्**" એ વાક્ય ઉપદેશ વગેરેમાં પણ લાગુ પડે જ છે. ઉપદેશ ગમે તેટલો સારો હોય, વ્યાખ્યાનકાર ગમે એટલો પ્રસિદ્ધ વક્તા હોય તોય એમના વચનો મર્યાદિત હોવા અત્યંત આવશ્યક છે.

**શિષ્ય :** જો ભાષાસમિતિનો અર્થ એવો હોય કે મિત-મર્યાદિત-ઓછું બોલવું તો તો બધા તીર્થંકરો ભાષાસમિતિ વિનાના માનવા પડશે. કેમકે તેઓ તો રોજ ૬-૬ કલાક દેશના આપે છે.

**ગુરુ :** આંનું રહસ્ય એ છે કે શ્રોતા ઉદ્વેગ ન પામે, કંટાળી ન જાય, સાંભળતા સાંભળતા થાકી ન જાય ત્યાં સુધી ગીતાર્થ-સંવિગ્ન મહાત્મા ઉપદેશ આપે તો એ મિતભાષણ જ ગણાય.

તીર્થંકરો છ-છ કલાક બોલે છે, છતાં ત્યાં કોઈ શ્રોતાઓ કંટાળતા નથી. એમનો સાંભળવાનો રસ ખતમ થઈ જતો નથી. એટલે એ મિતભાષણ જ ગણાય.

એમ વર્તમાનકાળમાં પણ જે ગીતાર્થ સંવિગ્નોના કલાકો સુધીના વ્યાખ્યાન શ્રોતાઓ એકતાન બનીને સાંભળતા હોય તે ગીતાર્થ સંવિગ્નો બે ત્રણ કલાક બોલે તો પણ એ મિતભાષણ જ ગણાય.

[૪૧]માટે જ તો દશવૈકાલિક નિર્યુક્તિમાં ભગવાન ભદ્રબાહુસ્વામીએ ફરમાવ્યું છે કે ગીતાર્થ સંવિગ્ન મહાત્મા આખો દિવસ બોલ્યા જ કરે તો પણ એ વચનગુપ્તિવાળો જાણવો. ('બોલે છે' એટલે ખરેખર તો ભાષાસમિતિવાળો કહેવાય. છતાં એને વચનગુપ્તિ જેટલું જ ફળ મળે છે, એટલે એ મહાત્માને વચનગુપ્તિવાળા કહ્યા છે. વળી ગુપ્તિ પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભય સ્વરૂપ છે. એટલે વચનપ્રવૃત્તિ વખતે સમિતિ તો ગણાય જ, વધારામાં ગુપ્તિ પણ ગણાય.)

પણ "શ્રોતાઓ ખરેખર રસથી સાંભળે છે કે કેમ ?" એની તટસ્થ મનથી ચકાસણી કરવી જોઈએ. શ્રોતાઓ લજ્જાના કારણે સાંભળવા બેસી રહે, સાધુને ખુશ કરવા હાવ-ભાવ દેખાડ્યા કરે, વ્યાખ્યાન બાદ બે ચાર મશ્કા ય મારી જાય. એટલા માત્રથી તેઓને વ્યાખ્યાન શ્રવણનો ખૂબ રસ છે એવું લગીરે માની ન લેવાય.

સંયમીએ એ ખાસ ખ્યાલ રાખવો કે શ્રોતાનો સાંભળવાનો રસ ખલાસ થાય, એ થાકે એ પહેલા જ પોતે બોલવાનું બંધ કરી દેવું જોઈએ. આવું થાય તો જ શ્રોતાની જિજ્ઞાસા જળવાઈ રહે, એ પાછો બીજીવાર દોડીને સાંભળવા આવે.

એને બદલે વ્યાખ્યાનનો ટાઈમ ૯ થી ૧૦ આપ્યો હોય અને ૧૦-૩૦, ૧૧-૦૦ વાગ્યા સુધીય 'સર્વ મંગલ' જ ન થાય, વચ્ચે કોઈ ઉઠીને જવા જાય તો ખખડાવીને બેસાડી દઈએ, તો પછી એ શ્રોતાઓ બીજીવાર ઉપાશ્રયમાં આવતા સો વાર વિચાર કરે.

આવા જ કેટલાક કારણોસર આજે ભારતભરના લગભગ ઘણા ખરા સંઘોમાં વ્યાખ્યાન સભા ખાલી જ જોવા મળે છે. એમાંય શેષકાળમાં તો માણસો ભેગા કરતા દમ નીકળી જાય.

તમામ શ્રોતાઓ ઉંઘતા ઉંઘતા સાંભળે તોય ઉપાશ્રયની ઘણી જગ્યા ખાલી પડી રહે એટલી અલ્પ સંખ્યા વ્યાખ્યાનમાં હોય છે. વ્યાખ્યાનમાં ત્રણસો ચારસો માણસ આવે તો સંયમી તો રાજી થઈ જાય છે, પણ સંઘના ચાર પાંચ હજાર જૈનોમાંથી માત્ર ત્રણસો ચારસો જ વ્યાખ્યાનમાં કેમ આવ્યા ? બાકીની ૯૦% જૈન પ્રજા વ્યાખ્યાનમાં કેમ નથી આવતી ? એમાંય યુવાનવર્ગ તો પર્યુષણાના અમુક દિવસો સિવાય ભાગ્યેજ ઉપાશ્રયમાં પ્રવેશ કરતો દેખાય છે.

આ બધું શા માટે ?

કોઈક વળી એવોય બચાવ કરે કે "આ તો જિનવાણી સિંહદેશના છે, આ બધા શિયાળીયાઓ એને સાંભળી ન જ શકે. એટલે ન જ આવે." અથવા એવો ય બચાવ કરે કે "રત્નના વેપારીઓ તો ઓછા જ હોવાના. મોક્ષાર્થી આત્માઓ ઓછા જ હોય એટલે ઓછા જ જીવો ધર્મમાં જોડાય....

આ બધા બચાવો સાવ ખોટા તો નથીજ. પણ આ બધાની સાથે સંયમીએ બીજા પણ કેટલાક મહત્ત્વના કારણો જોવા જોઈએ.(૪૨) શાસ્ત્રકારોએ પ્રારંભિક દશામાં જીવોને ધર્મમાર્ગે વાળવા આક્ષેપણી-વિક્ષેપણી કથાઓ કરવાની કહી છે. એવી કથા-વ્યાખ્યાનથી જીવો ખેંચાય અને પછી ધર્મ માર્ગે વળે. પણ આજે જો સંયમીઓના વ્યાખ્યાનથી લોકો કંટાળતા હોય તો માનવું પડે કે એ કથામાં દમ નથી.

(૪૩)એમાં એક કારણ આ પણ છે કે **"અમિત ભાષણ"** લાંબા લાંબા વ્યાખ્યાનોથી એ શ્રોતાઓ કંટાળે એ સ્વાભાવિક છે.

ઉપદેશરહસ્યમાં મહોપાધ્યાયજીએ સૂયગડાંગસૂત્રની સાક્ષી આપીને ફરમાવ્યું છે કે "સંયમીએ કોઈપણ પદાર્થ લંબાવી લંબાવીને ન કહેવો. શ્રોતાને રુચિ રહે એટલું જ લંબાણ કરવું."

(૪૪)તેઓશ્રીએ સામાચારી પ્રકરણમાં પણ ફરમાવ્યું છે કે **"मितं च सारं च वचो हि वाग्मिता"** સાચો વક્તા એ જ છે કે જે અલ્પ બોલે છે અને સારભૂત બોલે છે."

"આપણું બોલવું શ્રોતાને હવે ગમતું નથી, ઓછુ રસપ્રદ છે" એ જાણવાના કેટલાક ચિહ્નો આ પ્રમાણે છે.

(૧) સૌથી મહત્ત્વનું ચિહ્ન એ કે શ્રોતાને ઝોકા આવે.

(૨) શ્રૌતા સાંભળતા સાંભળતા આજુ-બાજુ-આગળ-પાછળ જોયા કરે. અવર જવર કરનારા ઉપર દૃષ્ટિપાત કરે.

(૩) શ્રોતા બગાસા ખાવા માંડે.

(૪) શ્રોતા પલાઠી છોડી ચૈત્યવંદન કે વંદિત્તાની મુદ્રામાં આવી જાય, અર્થાત્ ડાબો-જમણો પગ ઉભો કરીને બેસે.

(૫) શ્રોતા વારંવાર ઘડિયાળ તરફ નજર કરે.

આવું જો સહેજ પણ દેખાય તો અનુભવી સંયમીએ તરતજ બોલવાનું બંધ કરી દેવું જોઈએ.

"શ્રોતાને સાંભળવાનો જરાય રસ નથી અને વક્તાને સંભળાવવાનો બેહદ રસ છે." આ બે વિરોધી વાતો જયાં ભેગી થાય ત્યાં ભારે મુશ્કેલી પડે.

સંયમી તો ઓછુ બોલે એ જ શોભે. ઉપર તો વ્યાખ્યાન ઉપદેશ અંગેની વાત કરી પણ એ સિવાય રોજીંદા વ્યવહારમાં પણ ઓછા બોલા સંયમી પ્રત્યે વડીલોનો આદર વિશેષ રહેવાનો. જે ખૂબ ગપ્પા મારે, વાત-ચીતો જ કર્યા કરે, દિવસમાં પાંચ સાત મીટીંગ તો કરી જ નાંખે, ભક્તોને પકડી પકડીને ઉપદેશ દીધે રાખે, સતત કટાક્ષ વચનો, મજાક-મશ્કરી કર્યા કરે એની કિંમત કાણી કોડીની થઈ જાય. (૪૫)શાસ્ત્રો એને કાંદર્પિક, કાથિક વગેરે વિશેષણોની ભેટ ધરી અવંદનીય તરીકે જાહેર કરે છે એ ભુલવું નહિ.

સંયમીઓના અતિભાષણના મુખ્ય સ્થાનો પ્રાયઃ બે જોવા મળે છે. (૧) ગોચરી માંડલી (૨) સાંજના પ્રતિક્રમણ પછીનો કાળ. ગોચરી તો ૧૫-૨૦-૨૫ મિનિટમાં વપરાઈ જાય, પણ ત્યાં બધા સંયમીઓ ભેગા થયા હોવાથી રોજેરોજ કંઈક ને કંઈક અવનવી વાતો નીકળે, બધાય સંયમીઓ પ્રાપ્ત થયેલી મનપર્યાપ્તિનો સદુપયોગ (!) કરે અને પછી ભાષાપર્યાપ્તિના બળથી પોતાનો અભિપ્રાય પણ વ્યક્ત કરતા જાય. વાપરતા જેટલો સમય થાય એના કરતા બમણો સમય પસાર થયા બાદ બધા સંયમીઓ ગોચરી માંડલી ત્યાગે.

આ બધા **અતિભાષણ**ના જ પ્રકારો છે. 'એ બધી વાતો કેટલી મહત્ત્વની છે ? કે નિરર્થક છે ?' એ તો સંયમીઓ સ્વયં સમજી શકે છે.

એમ પ્રતિક્રમણ બાદ પણ ક્યારેક એક-બે-ત્રણ કલાક પણ વાતચીતોમાં જ પસાર થાય.

દુનિયાભરનું સાહિત્ય ત્યાં ઠલવાય. જાણે કે વિશ્વના હિતચિંતકોની ગંભીર મિટીંગ ન ચાલતી હોય !

જ્યાં સુધી સાચા અર્થમાં અંતર્મુખતા નહિ આવે, જ્યાં સુધી આત્માનંદની મસ્તી સાચા અર્થમાં નહિ પ્રગટે, ત્યાં સુધી આ વાણી-વિલાસો, નિરર્થક વચનોના તોફાનો અટકવા પ્રાયઃ શક્ય નથી. સંયમીઓ ૧૦ દિવસ માટે એકપણ અક્ષર ન બોલીને જીવવાનો પ્રયત્ન તો કરી જુએ, એમાં જો અકળામણ થાય, ગુંગળામણ થાય તો માની જ લેવું કે આતમ ધરતી લુક્ખી, સુકી, રસહીન છે. કોઈ આત્માનંદ હજી પ્રગટ્યો જ નથી.

આમ **નિરવદ્ય + સાર્વજનીન + મિત** એવા શબ્દો ઉચ્ચારવા એ ભાષાસમિતિ છે એ નક્કી થયું.

અતિ-અગત્યની વાત એ કે આવા વચનો પણ જો મુહપત્તીના બરાબર ઉપયોગ વિના બોલાય તો એ ભાષા સમિતિ ન ગણાય. એ સંયમી હિંસક બની જાય છે. આખુ મોઢું બરાબર ઢંકાય, પ્રત્યેક શબ્દો મુહપત્તી રૂપી ગળણીમાંથી ગળાઈને જ પસાર થાય ત્યારે જ ઉપર મુજબના શબ્દો ભાષાસમિતિ બને.

મુહ = મુખ અને પત્તી = વસ્ત્ર. મોઢા પાસે રાખીને ઉપયોગ કરવા યોગ્ય વસ્ત્ર એનું નામ મુહપત્તી.

અલબત્ત આજની પરિસ્થિતિ જોતા એના ઘણા નામ આપવા પડે એવું લાગે છે. કેટલાક સંયમીઓ મુહપત્તીને ઓઘા ઉપર મૂકી રાખીને જ અસ્ખલિત વાગ્ધારા વહાવતા હોય છે. તેઓ માટે એ વસ્ત્ર ઓઘાપત્તી કહેવાય.

કેટલાકો વળી કાયમ કમરમાં જ એ મુહપત્તી લટકાવી રાખે. તેઓ માટે એ **કમરપત્તી** બની જાય.

કેટલાકો વળી બોલતી વખતે મુહપત્તી હાથમાં તો લે પણ એ મુહપત્તીવાળો હાથ છાતી પાસે કે દાઢીના ભાગ પાસે રાખીને પછી બોલે. તેઓ માટે એ છાતીપત્તી કે દાઢીપત્તી બની જાય.

ભગવાને તો મુહપત્તી જ રાખવાની કહી છે, એટલે આ ઓઘાપત્તી-કમરપત્તી... રાખનારાઓ આજ્ઞાભંજક બને જ એ નિઃસંદેહ હકીકત છે.

મુહપત્તી ભલે ગમે ત્યાં હોય, પણ બોલતી વખતે તો એ મુહપત્તી બરાબર મોઢા આગળ જ હોવી જ જોઈએ. આ સંયમીનો ઉત્તમ આચાર છે. એમાં જ એની શોભા છે.

પ્રાચીનકાળ તો એવો હતો કે જ્યાં સુધી નૂતનદીક્ષિત સંપૂર્ણપણે મુહપત્તીનો ઉપયોગ

રાખતો ન બને, મુહપત્તી વિના એકેય અક્ષર ન બોલવાના દઢ સંસ્કાર એનામાં ન પડે ત્યાં સુધી એને વડીદીક્ષા પણ ન અપાતી.

આજની પરિસ્થિતિ માટે તો કોને દોષ દેવો ?

નિષ્કર્ષ એ આવ્યો કે :

કારણ આવે ત્યારે, મુહપત્તીના બરાબર ઉપયોગપૂર્વક નિરવદ્ય + સાર્વજનીન + મિત વચનો બોલવા એ ભાષા સમિતિ છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન મહાવીર દેવે કહ્યું છે કે :

**कोहे माणे य माया य, लोभे य उवऊत्तया ।**

**हासे भय मोहरिए, विगहासु तहेव य ॥**

**एयाइं अट्ठ ठाणाइं परिवज्जित्तु संजओ ।**

**असावज्जं मियं काले भासं भासिज्ज पन्नवं ॥**

જ્યારે બોલવાનો અવસર આવે ત્યારે, પ્રજ્ઞાવાન સંયમીએ ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, વાચાળતા, વિકથા આ આઠ સ્થાનોને ત્યાગીને અસાવદ્ય + અલ્પ વચન બોલવા જોઈએ.

યોગશાસ્ત્ર અને ઉત્તરાધ્યયનની ભાષાસમિતિની વ્યાખ્યામાં શબ્દો ભલે જુદા જુદા દેખાય, પણ બેયનો પરમાર્થ તો એક જ છે. સંયમી ક્રોધાદિથી જ્યારે કોઈપણ વચન બોલે ત્યારે એ નિરવદ્ય, સાર્વજનીન-સર્વહિતકારી હોતું નથી. એમાં સાવદ્ય પણ આવી જાય, ઘણાને અહિત પણ થતું હોય જ છે. એટલે આ સ્થાન છોડી દેવા જોઈએ.

આપણે ટૂંકમાં આ આઠેય સ્થાનો વિચારીએ.

**(૧) ક્રોધ :** ગમે એટલી સારી-સાચી-હિતકારી વાત પણ જો મનના ક્રોધપૂર્વક બોલવામાં આવે તો એ ભાષાસમિતિ ગણાતી નથી. કારણ કે ક્રોધથી બોલાયેલા શબ્દો ભાગ્યેજ કોઈકને સીધી-સારી અસર કરે છે. મોટા ભાગે આવા શબ્દોની અસર ઉંધી જ પડતી હોય છે. બોલનારા પુણ્યશાળી હોય તો સામેવાળા સંયમીઓ/શ્રાવકો ભલે ત્યાં કંઈ ન બોલે, એની વાત સ્વીકારી લે પરંતુ તેઓ ક્રોધી-પુણ્યશાળી પ્રત્યેનો સદ્ભાવ ગુમાવી બેસે એવી શક્યતા ઘણી બધી છે.

એટલે જ સંયમીઓ પરસ્પર કોઈને પણ ક્રોધથી તો કંઈપણ કહી શકવા માટે લાયક જ નથી. [૪૯]હા ! ગુરુને શિષ્યોના દોષો દૂર કરવા માટે ક્રોધ કરવાની છૂટ છે. પણ એ માત્ર વચન-કાયાનો જ ! મનનો નહિ. કડવા વચન સંભળાવે, મોઢાના હાવભાવ પણ એવા જ

કરે પણ મનમાં ક્રોધ પરિણામ ન હોય. માટે જ તો "**शिष्यस्य कुप्यति विनयार्थं गुरुः**" એવો પ્રયોગ વ્યાકરણમાં કલિકાલ સર્વજ્ઞશ્રીએ કર્યો છે. ક્રોધ, દ્રોહ વગેરે જેના ઉપર કરવામાં આવે એને ચોથી વિભક્તિ લાગે. પણ જો એ ક્રોધ માત્ર દેખાવનો જ હોય તો ત્યાં છઠ્ઠી વિભક્તિ લાગે અને એ વાતનું દૃષ્ટાન્ત બતાવવા માટે તેઓશ્રીએ આ વાક્યપ્રયોગ કર્યો છે. અહીં '**शिष्याय**' ને બદલે '**शिष्यस्य**' એમ છઠ્ઠી વિભક્તિ છે. એ દર્શાવે છે કે ગુરુ પણ શિષ્ય ઉપર મનનો ક્રોધ કરીને કંઈપણ કહેવા માટે હકદાર નથી.

**શિષ્ય :** પણ, ગુરુદેવ ! મેં તો કેટલાક ગુરુ એવા જોયા છે કે તેઓ પોતાના શિષ્ય ઉપર ક્રોધથી તુટી પડે છે અને 'ક્રોધ હૃદયનો હોય છે' એવું સ્પષ્ટ દેખાય છે. તો એનું શું ?

**ગુરુ :** જે ગુરુને શિષ્યોના દોષો-ભુલો જોઈને મનમાં ક્રોધ આવી જતો હોય. ભાષા ક્રોધથી સળગતી બની જતી હોય તેઓ ખરેખર ગુરુ બનવાને લાયક નથી. ગુરુ તો ગીતાર્થ-સંવિગ્ન હોય, અત્યંત પરિપક્વ હોય. શિષ્યોના ગમે તેવા દોષો બદલ પણ એ મનમાં તો ક્રોધ ન જ પામે. હા ! પણ શાસ્ત્રાનુસારી રીતે એ દોષો દૂર કરવા વચન-કાયાથી ક્રોધ કરે ય ખરા, કડક નિર્ણય પણ લે.

પણ જો મનમાં ક્રોધ આવી જતો હોય, ભયંકર સંક્લેશ થતો હોય તો એ ગુરુની પરિપક્વતા ન કહેવાય. અને અપરિપક્વ સંયમીએ ગુરુ બનવું જ ન જોઈએ.

(હા ! સંજવલન કક્ષાનો ક્રોધ તો તે વખતે થવાનો જ. પણ એ પરિસ્થિતિમાં તે પ્રશસ્ત ગણાતો હોવાથી એમાં વાંધો નથી.)

જો ગુરુ પણ શિષ્ય ઉપર ક્રોધપૂર્વકની ભાષા બોલવા હકદાર ન હોય તો પછી બાકીના સંયમીઓ પરસ્પર કે શ્રાવકાદિને ક્રોધપૂર્વક કર્કશ શબ્દો બોલવા માટે હકદાર બની જ શી રીતે શકે ?

શ્રાવકો ગમે તેવી ભુલ કરે, સહવર્તી ગમે તેવા વિચિત્ર વર્તન કરે તોય સંયમી કષાયી બની કર્કશ શબ્દો બોલવાનો અધિકારી નથી જ. જો એ આવા શબ્દો બોલે, તો એ શબ્દો સાચા હોય તો પણ ભાષાસમિતિ ન ગણાય.

**માન :** અહંકારથી સાચી વાત કરે તોય એ ભાષા સમિતિ ન ગણાય. "મારે ૬૦ મી ઓળી ચાલે છે, મેં સંસ્કૃત ટીકાઓ લખી છે, મારો છેદાભ્યાસ થઈ ગયો છે, મારા ભક્તોએ જ કરોડો રૂપિયા ખર્ચી આ કામ પાર પાડ્યુ છે, મારા ૧૦ શિષ્યો થઈ ગયા છે.... વગેરે વગેરે સાચી સ્વપ્રશંસા કે સાચી પરદોષ નિંદા પણ (પેલા ગચ્છાવાળાઓમાં તો કંઈ સંયમ જ નથી, માત્ર મોટી મોટી વાતો કરે છે, પેલા સાધુઓ ભટકયા જ કરે છે, પેલા સંયમીઓ

વિગઈ જ ખાધે રાખે છે...વગેરે.) એ પ્રાયઃ અહંકારથી જ થતી હોય છે.

અને માટે જ જે શબ્દોમાં સ્વપ્રશંસા કે પરનિંદાનો સૂર સંભળાય એ તમામ શબ્દો મુહપત્તીના ઉત્કૃષ્ટ ઉપયોગ સાથે બોલાયા હોય તો ય સંયમી માટે એ ભાષાસમિતિનો ભંગ જ ગણાય.

સ્વપ્રશંસા કે પરનિંદા કદી ભાષા સમિતિ બની શકે જ નહિ. કેમકે પ્રાયઃ આ બેય અહંકારની જ પનોતી દીકરીઓ હોય છે.

**માયા :** માયાપૂર્વક સાચા કે ખોટા કોઈપણ શબ્દો બોલાય, એ ભાષા સમિતિ ન બને.

પ્રાયઃ તો માયાપૂર્વક બોલતા શબ્દો જુઠ્ઠા જ હોય. દા.ત. મીઠાઈ ખાવાની લાલસા થાય એટલે સંયમી "અશક્તિ છે" એમ જુઠ્ઠુ બોલી મિષ્ટાન્નાદિ વાપરે. એમ જ્યારે પણ મનમાં કંઈક બીજું જ હોય અને વચનમાં કંઈક જુદુ જ પ્રદર્શિત કરે ત્યારે એ બધા જ વચનો માયાપ્રેરિત હોવાથી ભાષા સમિતિ ન બને.

મનમાં મુમુક્ષુને પોતાનો શિષ્ય બનાવવાના વિચારો સંતાકુકડી રમતા હોય અને છતાં બહાર એમ બોલે કે "મને શિષ્ય બનાવવામાં કોઈ રસ નથી. શિષ્યથી કંઈ થોડો મોક્ષ થવાનો છે ?"

બીજા દ્વારા કરાતી પોતાના પુસ્તકો, વ્યાખ્યાન, તપ, વિદ્વત્તા વગેરેની પ્રશંસા સાંભળી મનમાં તો અહંકારના ઘોડાપૂર ઉમટતા હોય છતાંય વચન તો એમજ ઉચ્ચારે કે "મારી તો કોઈ લાયકાત નથી. બધી ગુરુદેવની કૃપા છે."

આ બધા જ માયાપ્રેરિત જુઠ્ઠા વચનો ભાષાસમિતિના ભંગ રૂપ જાણવા.

આમ પ્રાયઃ તો માયા હોય ત્યાં વચનો પણ ખોટા જ હોય. પણ ક્યારેક સાચા વચન બોલે તોય જો મનમાં માયા હોય તો એ વચન પણ ભાષાસમિતિ નથી ગણાતા. દા.ત. કમળો થવાથી શેરડીનો રસ પીવાનો અવસર આવ્યો, મનમાં ખૂબ આનંદ થયો કે "મહીના સુધી પુષ્કળ શેરડીનો રસ પીવા મળશે." પણ બહાર તો એમજ બોલશે કે "કમળો થયો છે, માટે ડોક્ટરના કહેવાથી શેરડીનો રસ લઉં છું." આ વાત સાચી હોવા છતાં અંદર જે ભયંકર આસક્તિ પડી છે, એનો યોગ્ય સ્થાને ઉલ્લેખ સુધ્ધાં ન કરે તો આ વચન માયાપ્રેરિત હોવાથી ભાષાસમિતિ ન બને.

**(૪) લોભ :** કોઈપણ વસ્તુ ઉપરની આસક્તિના કારણે સાચા કે ખોટા કોઈપણ શબ્દો બોલે તો એ ય ભાષાસમિતિનો ભંગ કહેવાય. દા.ત. કોઈકના કામળી કપડો ભુલથી કોઈ બીજો સંયમી વાપરવા લેતો હોય ત્યારે "મારા કામળી-કપડો એના પરસેવાથી મેલા થશે"

એવા ભાવને કારણે માલિક સંયમી બોલે કે "આ કપડો-કામળી મારા છે, હોં !" તો આ વાત સાચી હોવા છતાં પોતાના વસ્ત્રો પ્રત્યેની આસક્તિથી પ્રેરાયેલા આ વચનો હોવાથી ભાષાસમિતિ ન બને.

એમ આવેલા મુમુક્ષુ ઉપર આસક્તિના કારણે, બીજા કોઈ સાધુ-સાધ્વી એને ખેંચી ન જાય એ માટે સંયમી બધાની વચમાં કહે કે "આ મુમુક્ષુ તો મને સારી રીતે ઓળખે છે. મારી પાસે બે મહિના ભણેલો. મારાથી જ ધર્મ પામેલો." આ વાત તદ્દન સાચી હોય તોય લોભપ્રેરિત હોવાથી ભાષાસમિતિનો ભંગ ગણાય.

વંદન કરવા આવેલા શ્રીમંત શ્રાવકો પાસેથી કોઈક કાર્ય માટે પૈસા કઢાવવા હોય, અથવા તો એ પોતાના ભક્ત બની રહે, એમની સાથેનો પરિચય ભવિષ્યમાં આર્થિક દૃષ્ટિએ ઉપકારી બની રહે એ માટે શ્રાવકોની હાજરીમાં જ સંયમી મોટેથી બોલે કે "આ શ્રાવકોને ઓળખો છો ? જબરદસ્ત એમની ઉદારતા છે. આવા શ્રાવકો તો શાસનના કોહિનૂર રત્ન છે." આ બધી ગુણાનુમોદના તદ્દન સાચી હોય તોય લોભભાવગર્ભિત હોવાથી એ ભાષાસમિતિ બનતી નથી.

જો લોભપ્રેરિત સાચી ભાષા ય ભાષાસમિતિ ન બને તો લોભપ્રેરિત જુઠ્ઠાણાઓ તો ભયંકર મૃષાવાદ બની જ રહે એ નિર્વિવાદ હકીકત છે.

**(૫) હાસ્ય :** પ્રાયઃ દરેક મોટા ગ્રુપોમાં એકાદ બે સંયમીઓ તો હાસ્યકલાકારનું બિરુદ પામેલા હોય જ છે. એમની કટાક્ષ ભાષા, બોલવાનો લહેકો, યોગ્ય અવસરે જબરદસ્ત શબ્દબોંબોનો ધડાકો.... વગેરેને કારણે આખુંય ગ્રુપ ખડખડાટ હસતું ય જોવા મળે.

અલબત્ત પરસ્પરસંક્લેશો વગેરે હોય એના કરતા આ બધાને આનંદદાયી બનતું હાસ્યનું મોજું ઓછું ખરાબ છે.

(૪૭)પણ આ તો મોક્ષૈકલક્ષી જિનશાસન છે. એમાં આવા ભૌતિક, તુચ્છ, હાસ્યાદિ સુખને લેશ પણ અવકાશ મળે જ ક્યાંથી ?

પોતાની કટાક્ષભરપૂર વાણી વડે બીજાઓને હસાવનારા સંયમીઓની એ ભાષા ભાષાસમિતિ ન બને. આ સંયમીઓ કાંદર્પિક કહેવાય. તેઓ મરીને કાંદર્પિક કક્ષાના દેવ થાય અને ત્યાંથી મરીને દીર્ઘકાળ સંસારમાં ભમે એવું શાસ્ત્રવચન છે.

એટલે આવી હાસ્યજનક, મશ્કરી ગર્ભિત ભાષા બોલવી મોક્ષાર્થી સંયમીને ન કલ્પે.

ખેદની વાત તો એ છે કે આવા આખાય ગ્રુપને હસાવનારા સંયમીઓની બીજા સંયમીઓ પણ ખૂબ ઉપબૃંહણા કરે, એટલે આવા હાસ્યકલાકારો વધુ જોરમાં આવે. પોતાની

વાતના પ્રભાવે બધાને હસતા જોઈ એવી વાણી બોલવા વધુ તત્પર બને. અને આ ચેપ એવો તો ફેલાય કે એ ગ્રુપમાં દિવસમાં અનેકવાર હાસ્યના મોજાઓ ઉછળ્યા જ કરે. સ્વાધ્યાય, સંયમ, વૈરાગ્ય, ગંભીરતા, ધીરતા વગેરે બધા ગુણોની શ્મશાનયાત્રા રોજ નીકળે.

જો ગુરુ ગીતાર્થ હોય તો તો આવા સંયમીને શિક્ષા કરી અટકાવે, પણ ગુરુ પણ એ હાસ્યખેલમાં જોડાય તો ? ભગવાન બચાવે !

**ભય :** સંયમીઓ અનાદિકાળના કુસંસ્કારોને પરવશ બની નાના-મોટા દોષો સેવી તો બેસે, પણ પછી ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત કરતા ગભરાય. "આ બધા પાપો ગુરુને કહીશ, તો ગુરુના મનમાં મારા વિશે શું છાપ પડશે ? હું ખાઉધરો, માયાવી, ક્રોધી, ગુરુદ્રોહી, કામી છું એમજ ગુરુને મારા દોષો જોઈને લાગશે. ના, ના ! મારે આ બધુ ગુરુને કહેવું નથી."

અને એ સંયમીઓ આવા ભયને કારણે મહત્ત્વના પાપોનું પ્રાયશ્ચિત્ત ન કરે, બાકીના સામાન્ય દોષો જ કહે. આમાં એ સામાન્ય દોષ કથનમાં પણ ભૂલેચુકે પેલા મહત્ત્વના દોષો કહેવાઈ ન જાય તે ભય પડેલો હોય. આથી આ બધા વચનો પણ ભયપ્રેરિત બનવાથી ભાષાસમિતિ ન બની શકે. ગુરુ ઘણું ઘણું પુછે તોય પેલા દોષો છુપાવે.

એમ "આ આટલી બધી ગોચરી વધી કેમ ? કોણ ગોચરી ગયેલું ? ગણીને લાવેલો ?" ગુરુ મોટા અવાજે પુછે અને ઠપકાના ભયથી ગમે તેમ ઉપાડી લાવનાર સંયમી પણ કહી દે કે "ગુરુદેવ ! બરાબર ગણીને જ લાવેલો."

**મૌખર્ય :** જેને આપણે વાચાળ, બકબક કરવાના સ્વભાવવાળો, લાંબી જીભવાળો વગેરે વિશેષણોથી ઓળખીએ છીએ. શાસ્ત્રકારો એને માટે "મુખરી" શબ્દ વાપરે છે. ખૂબ ખૂબ બોલનારો ઘણું ઉંધુ ચત્તુ બોલી જ દેવાનો. એટલે એની વાણી પણ ભાષાસમિતિ ન બને.

**વિકથા :** રાષ્ટ્રનેતા વગેરે અંગેની ચર્ચાઓ સંયમીઓ કરે, ભોજનાદિ સંબંધી ચર્ચા માટે કલાકો પસાર થાય, રાષ્ટ્ર અંગેની જાત જાતની વિચારણાઓ કરે, બહેનો સંબંધી અનેકવિધ વાતો કરે. આ બધી વિકથાઓ ભાષાસમિતિનો ભંગ ગણાય.

**શ્રમણ ભગવાન મહાવીરદેવ** ફરમાવે છે કે આ આઠ દોષો છોડી દો, પછી જ્યારે બોલવું જરૂરી હોય ત્યારે નિરવદ્ય + જરૂરિયાત પુરતું બોલશો તો તમે ભાષાસમિતિના પાલક ગણાશો.

અહીં ભાષાસમિતિનું વર્ણન સમાપ્ત થાય છે.

સંયમી માત્ર એટલું જ વિચારે કે બેઈન્દ્રિયથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીનાં બધા જીવો બોલે તો છે જ. પણ તેઓ પાસે મન ન હોવાથી મનથી વિચાર્યા વગર જ બોલે છે,

માટે જ તેઓ અસંજ્ઞી છે.

હવે જો આપણે પણ મનથી વિચાર્યા વિના જ જેમ તેમ બોલીએ તો આપણામાં અને એ અસંજ્ઞીજીવોમાં ભેદ શું રહ્યો ?

આપણા પ્રત્યેક શબ્દો મનથી વિચાર કરવાપૂર્વક જ બોલાતા હોય તો ઘણા નુકશાનો થતા અટકે.

"હું જે બોલીશ, એનાથી કોઈક પાપકાર્ય તો ઉભુ નહિ થાય ને ? સામેવાળાને આઘાત તો નહિ લાગે ને ? મારામાં રાગદ્વેષ વધી તો નહિ જાય ને ?" આ બધુ બરાબર વિચારીને જ જો સૌ સંયમી બોલે તો એમનું સંજ્ઞિપણું સાર્થક થાય.

•



## ૬. એષણા સમિતિ

સંયમપાલન દ્વારા જ મોક્ષની પ્રાપ્તિ થવાની છે, અને સંયમ માટે આહાર, ઉપધિ, પાત્રા, ઉપાશ્રય વગેરે વસ્તુઓ અનિવાર્ય છે. એટલે શ્રમણજીવનમાં આ બધી વસ્તુઓની રોજેરોજ જરૂર પડવાની જ.

પણ જો આ વસ્તુઓ ગમે તે રીતે મેળવવામાં આવે તો સંયમપાલન માટે ગ્રહણ કરાતી આ જ બધી વસ્તુઓ સંયમઘાતક બની જાય. દા.ત. સંયમી ઓર્ડર આપી રસોઈ તૈયાર કરાવે તો આ રીતે આહાર તો મળ્યો, પણ એમાં ષટ્કાયની હત્યા સંયમી નિમિત્તે થવાથી ઉલ્ટુ સંયમને જ ઘા લાગ્યો.

સંયમીનું જીવન તો એવું હોય કે એના નિમિત્તે એકપણ જીવ ન મરે. માટે જ શાસ્ત્રકાર ભગવંતોએ આ બધી સંયમ માટે આવશ્યક વસ્તુઓ મેળવવા માટે એવી અદ્ભુત વ્યવસ્થા બતાવી છે કે જેમાં સંયમી નિમિત્તે એકેય જીવની હિંસા ન થાય અને છતાં આ બધી વસ્તુઓ સંયમીને મળી રહે અને તેના દ્વારા તે ઉત્તમોત્તમ સંયમ પાળી વહેલો મોક્ષમાં પહોંચે.

આ સંયમપાલન માટે ઉપયોગી વસ્તુઓને મેળવવા માટેની શાસ્ત્રીય વ્યવસ્થા એ પણ સ્વયં સંયમ જ છે. એટલે આ વ્યવસ્થા જે ન પાળે તે સંયમી સંયમઘાતક બની રહે છે.

શાસ્ત્રકાર ભગવંતોનું આ વચન છે કે :

[૪૮](૧) ૪૭ દોષોને ત્યાગતો સંયમી પિંડ-ગોચરીને પણ શુદ્ધ કરે છે, એમાં કોઈ સંદેહ નથી. પણ આ ૪૭ દોષોને ન ત્યાગનાર સંયમીના ચારિત્રનો વિનાશ થાય છે એમ જાણવું.

(૨) જિનેશ્વરોએ સાધુપણાનો સાર ભિક્ષાચર્યા બતાવેલ છે. જે સંયમી આ ભિક્ષાચર્યામાં શિથિલ બને છે, સંકલેશ અનુભવે છે તે મંદ વૈરાગ્યવાળો જાણવો.

(૩) જિનેશ્વરોએ ભિક્ષાચર્યાને જ્ઞાન અને ચારિત્રના મૂળ તરીકે ફરમાવી છે. એમાં સખત ઉદ્યમ કરનારાને તીવ્ર વૈરાગ્યવાળો જાણવો.

એ પછી તો સ્પષ્ટ શબ્દોમાં શાસ્ત્રકારો ફરમાવે છે કે :

(૪) ગોચરી દોષોને ન ત્યાગતો સાધુ અચારિત્રી જ જાણવો. એમાં કોઈ સંશય નથી અને જો ચારિત્ર ન હોય તો પછી એની દીક્ષા નિરર્થક=નકામી બની રહે છે.

(૫) કેમકે ચારિત્ર ન હોય તો મોક્ષ ન મળે, અને મોક્ષ વિના તો બધી દીક્ષા નકામી જ છે.

શાસ્ત્રકારના આ વચનો એમ જણાવે છે કે સંયમીએ સખત પ્રયત્ન કરીને પણ આહાર,

ઉપધિ, પાત્રા, ઉપાશ્રય વગેરે વસ્તુઓ તમામ દોષોથી રહિત, નિર્દોષ જ વાપરવી જોઈએ નહિ તો એનું ચારિત્ર જોખમમાં છે.

અલબત્ત ઉપરની ગાથાઓમાં તો માત્ર આહાર સંબંધી જ વાત કરી છે અને આપણે પણ આ એષણાસમિતિમાં આહાર-પાણી અંગેનીજ વિચારણા કરશું, પરંતુ હકીકતમાં ઉપધિ વગેરે બધી વસ્તુઓ માટે આ નિયમ જાણવાનો છે.

પ્રાચીન વ્યવસ્થા જાણીએ તો આપણને આશ્ચર્ય થાય કે "આટલું ઉંચુ સંયમ પાળવાનું?"

એક જ દાખલો આપું. (૪૯)વિશાળ ગચ્છમાં કોઈ એક સાધુને એમ લાગે કે "મારે હવે નવી મુહપત્તીની જરૂર પડશે. જુની વધુ ચાલે તેમ નથી." તો એ સાધુ ગચ્છના વ્યવસ્થાપકને આ હકીકત જણાવે. ગચ્છ વ્યવસ્થાપક ગચ્છાચાર્યને કહે કે "અમુક સાધુને મુહપત્તીની જરૂર છે."

હવે જો ગચ્છમાં એવા અભિગ્રહધારી સાધુઓ હોય કે "કોઈપણ સાધુને મુહપત્તી વગેરે વસ્ત્રોની જરૂર પડે તો એ અમે લાવી આપીશું." તો એ સાધુઓને બોલાવી આચાર્યશ્રી કહે કે "અમુક સાધુ માટે મુહપત્તી લાવવાની છે." અને તેઓ ઘરોમાંથી નિર્દોષ મુહપત્તી લાવી આપે.

પણ ધારો કે આવા કોઈ અભિગ્રહધારી ન હોય તો આચાર્ય પોતેજ જે સાધુને મુહપત્તીની જરૂર હોય એને બોલાવી મુહપત્તી લાવવાની રજા આપે.

પૂર્વકાળમાં લગભગ બધા સાધુઓ ગોચરી લેવા જતા. એટલે આ સાધુ પણ સૂત્ર પોરિસી, અર્થપોરિસી કર્યા બાદ જ્યારે ગોચરી લેવા જાય, ત્યારે જ ગોચરીની સાથે સાથે મુહપત્તીની પણ ગવેષણા=તપાસ કરે. આમ છતાં જો એને મુહપત્તી ન મળે, તો પછી સૂત્ર પોરિસી કર્યા બાદ, અર્થપોરિસી છોડી દઈ એ સમયે મુહપત્તીની તપાસ કરવા નીકળે. જેથી વધુ તપાસ કરી શકે અને મુહપત્તી પ્રાપ્ત થાય.

છતાંય જો ન મળે તો પછી સવારે પ્રતિલેખનાદિ બાદ સૂત્રપોરિસી પણ છોડી દઈ ત્યારે જ મુહપત્તી લેવા નીકળી જાય. બધે તદ્દન નિર્દોષ મુહપત્તી માટે, ઉપયોગી વસ્ત્ર માટે પ્રયત્ન કરે.

ધારો કે લાભાંતરાયના તીવ્ર ઉદય વગેરેને લીધે પુષ્કળ તપાસ કરવા છતાં નિર્દોષ મુહપત્તી ન મળે, તો છેવટે આચાર્ય ગચ્છના તમામ સાધુઓને કહે કે તમે બધા જ્યારે ગોચરી લેવા જાઓ, ત્યારે ગોચરીની સાથે આ સાધુ માટે મુહપત્તીની પણ તપાસ કરજો અને નિર્દોષ

મુહપત્તી મળે તો લાવજો."

અને ગચ્છના ૨૫-૫૦ બધા સંઘાટકો ગોચરી સમયે ગોચરીની સાથે એક સાધુ માટે જરૂરી મુહપત્તીની પણ તપાસ કરે. જો તેઓને પણ ન મળે તો તેઓ પણ સૂત્રપોરિસી કરી અર્થપોરિસી છોડી તે સમયે તપાસ કરવા નીકળે. છતાં ન મળે તો પછી છેવટે વહેલી સવારથી જ બધા મુહપત્તી શોધવા નીકળે.

છતાંય ધારો કે મુહપત્તી ન મળે તો ? તો પછી **'वृन्दसाध्यानि कार्याणि'** એ ન્યાય પ્રમાણે (જે કામ એક બે જણથી ન થાય, તે ઘણાથી થાય એ આનો અર્થ છે.) હવે બધા સાધુઓ ભેગા મળી એક સાથે એ એક સાધુની મુહપત્તી માટે ગવેષણા કરવા નીકળે. પહેલા બધા જ બે બેના ગ્રુપમાં તપાસ કરતા હતા. જ્યારે હવે સમૂહ થઈને ગવેષણા કરે છે અને એ રીતે નિર્દોષ મુહપત્તી મેળવે.

આમ છતાંય જો ન મળે તો પછી છેવટે ગૃહસ્થોએ ખરીદીને આપેલી કે સાધુઓને આપવા માટે પોતાના ઘરે સ્થાપી રાખેલી વગેરે ક્રીત-સ્થાપનાદિ ઓછામાં ઓછા દોષવાળી મુહપત્તી અપવાદ માર્ગે લે. (આજે આપણી બધાની મુહપત્તી પહેલેથી જ ક્રીત વગેરે દોષોવાળી આવે છે.)

એક નિર્દોષ મુહપત્તી માટે આટલી બધી યતના પ્રાચીન સાધુઓ કરતા. (હા. કટોકટી હોય તો આ યતના કર્યા વિના સીધી દોષિત વસ્તુ લેવામાંય દોષ ન લાગે. પણ યતના પાળવા માટે પુરતો સમય હોય, ઉતાવળ ન હોય તો આ યતના પળાતી જ.)

આજ યતના યથાસંભવ તમામે તમામ વસ્ત્રો માટે, ઉપાશ્રયાદિ માટે પણ સમજી લેવી. પૂર્વના કાળમાં આજની એમ સાધુ-સાધ્વીઓ માટે જ બનતા ઉપાશ્રયો ન હતા. સાધુ-સાધ્વીજીઓ ગોચરી વગેરેની જેમ તદન નિર્દોષ વસતિ મેળવતા અને તેમાં રહેતાં.

"આવી જયણા આજે શક્ય છે કે નહિ ?" એની અત્યારે ચર્ચા નથી કરવી. મારે તો આ એટલા માટે જણાવવું પડ્યું કે આવો ઉત્તમ આદર્શ નજર સામે હોય તો સંયમીઓ મોટા મોટા દોષો છોડી, ઓછામાં ઓછા દોષથી ચલાવી લેવાની ભાવનાવાળા તો બને.

દા.ત. મુહપત્તી માટે સ્પેશ્યલ કાપડ મંગાવી એમાંથી મુહપત્તી તૈયાર કરાવનારા સંયમીઓ આ વાંચી એટલું તો વિચારતા થાય કે "હવે જે મુહપત્તી મળે, તે ચલાવી લઈએ. એના માટે ચોક્કસ પ્રકારના જ કાપડ વગેરેનો આગ્રહ ન રાખીએ."

એમ દરેક બાબતમાં સમજવું.

આજની પરિસ્થિતિ પ્રમાણે હવે ઉપાશ્રયો તો લગભગ દોષિત બન્યા છે. અને આજના

કાળમાં પૂર્વકાળની જેમ ગૃહસ્થોના ઘરમાં વસતિની યાચના કરીને રહેવું એ ઉચિત પણ નથી લાગતું. એટલે ઉપાશ્રય અંગે કોઈ એષણાસમિતિ આપણે પાળવાની રહેતી નથી. ( હા ! આપણી માલિકીના ફલેટ, બંગલા, ઉપાશ્રય ન બંધાવડાવવા, ઉપાશ્રયોના પ્લાન જાતે ન બનાવવા. માત્ર એમાં સંયમને અનુલક્ષીને સંયમ રક્ષા થાય તે માટેની સૂચનાઓ આપવી વિગરે કેટલીક બાબતો ઉપાશ્રયની એષણા સમિતિ ગણી શકાય.)

પાત્રા પણ સાધુ-સાધ્વીઓ માટે જ સ્પેશ્યલ બનતા હોવાથી એ પણ મોટા ભાગે આધાકર્માદિ દોષવાળા જ છે. એટલે એની ય એષણા સમિતિ પાળવાની લગભગ રહી નથી. (હાં ! ક્યારેક ગૃહસ્થોના ઘરેથી નિર્દોષ પાત્રા મળી જાય ખરા.)

સાધુ-સાધ્વીઓના ઉપકરણો-વસ્ત્રો આધાકર્મી કે ક્રીત વગેરે દોષોવાળા જ લગભગ હોય છે. સાધુ-સાધ્વીઓ આ કાળમાં ઘેર ઘેર ફરી ગોચરીની જેમ પોતાના તમામ ઉપકરણો મેળવતા હોય એવું તો દેખાતું નથી. એટલે હાલ તો વસ્ત્ર સંબંધી એષણા પણ લગભગ લુપ્ત થઈ ચૂકી છે. (હા! કેટલાક સંયમીઓ કપડા, ચોલપટ્ટા, ઉતરપટ્ટા, સંથારા ગૃહસ્થોના ઘરેથી પણ વહોરી લાવે છે ખરા. એમના ધોતી વગેરેનો કપડા વગેરે તરીકે ઉપયોગ કરે છે. પણ આવા સંયમીઓ ઘણા જ ઓછા છે)

ગોચરી પાણીમાં પણ પાણી મોટા ભાગે આધાકર્મી જ તમામ સંયમીઓ વાપરે છે. જૂજ સંયમીઓ કાયમ માટે ઘેર ઘેર ફરીને નિર્દોષ પાણી વાપરતા દેખાય છે.

એટલે એષણા સમિતિ ધીમે ધીમે લુપ્ત થઈ રહેલી દેખાય છે. હવે માત્ર ગોચરી - આહાર બાકી રહ્યો છે. એમાં ય વિહારધામો વગેરે સ્થાનોમાં સંયમીઓ આધાકર્માદિનો વપરાશ કરે જ છે. એટલે ધીરે ધીરે આ ગોચરીની એષણા ય અદૃશ્ય થઈ જાય એવી શક્યતા જણાય છે.

અલબત્ત ભગવાનનું શાસન જયવંતુ છે. આજેય ઘણા સંયમીઓ આધાકર્માદિ મોટા દોષો કદિ ન સેવવાની દૃઢ ટેકવાળા જણાય જ છે. પણ આ એષણા ય લુપ્ત ન થઈ જાય અને સંયમીઓ એના માટે ઉદ્યમવંત બને એ અત્યંત આવશ્યક લાગે છે.

અહીં આપણે એ ૪૭ દોષોનું સ્વરૂપ જોશું.

પિંડનિર્યુક્તિ ગ્રંથમાં આ જ ૪૭ દોષો ખૂબજ વિસ્તારથી જણાવ્યા છે અને મેં મુનિજીવનની બાળપોથીમાં એ ગ્રંથને આધારે જ લગભગ તમામ પદાર્થો લઈ લીધા છે. એટલે એ ગ્રંથ પ્રમાણેના પદાર્થો જેણે જાણવા હોય એમણે મારું 'મુનિજીવનની બાળપોથી'' પુસ્તક જોઈ લેવું.

અહીં એ ૪૭ દોષની ટૂંકાણમાં વ્યાખ્યા જોઈ લેશું. વધુમાં વર્તમાનકાળમાં ઘણા દોષોના

સ્વરૂપો નવી રીતે જોવા પડે એ જરૂરી છે. પ્રાચીન કાળની ગૃહસ્થોની જીવન શૈલીને અનુસારે પ્રાચીન શાસ્ત્રોમાં એ દોષો દર્શાવ્યા છે, હવે આજે વર્તમાનમાં ગૃહસ્થોની જીવનશૈલી ઘણી ઘણી બદલાઈ ગઈ. એટલે જ હવે આ કાળમાં તે તે દોષો કઈ રીતે લાગુ પડે તે સમજવું ય જરૂરી બની જાય છે.

એટલે એવા જીવનોપયોગી મુદ્દાઓ ઉપર આપણે વિચાર કરશું. ૪૭ દોષોને ચાર વિભાગમાં વહેંચી દેવા.

| | |
|---|---|
| (૧) ઉદ્‌ગમ દોષ : | ૧૬ |
| (૨) ઉત્પાદન દોષ : | ૧૬ |
| (૩) એષણા દોષ : | ૧૦ |
| (૪) માંડલી દોષ : | ૦૫ |
| | ૪૭ |

સૌ પ્રથમ ૧૬ ઉદ્‌ગમ દોષો અંગે વિચારીએ.

**(૧) આધાકર્મી :** માત્ર સાધુ નિમિત્તે કંઈપણ બનાવવામાં આવે તો એ આધાકર્મી કહેવાય આ એની સામાન્ય વ્યાખ્યા છે.

હવે વિશેષથી વિચારીએ.

(૫૦)આધાકર્મી બે રીતે થશે. (૧) સંયમી નિમિત્તે સચિત્ત વસ્તુને અચિત્ત બનાવે. દા.ત. સંયમી માટે જ લીંબુ સમારી એનો રસ કાઢી રાખે. સંયમી માટે સફરજન-ચીકુ વગેરે સચિત્ત વસ્તુઓ સમારીને અચિત્ત બનાવે. શિયાળામાં સંયમી માટે જ કોથમીર વાટીને એની ચટણી બનાવે...વગેરે.

(૨) સચિત્ત કે અચિત્ત વસ્તુને તેજસકાય-અગ્નિનો સંપર્ક કરાવવા દ્વારા સંયમી માટે ઉપયોગી ખાદ્ય સામગ્રી બનાવે. દા.ત. સચિત્ત લીંબુનો રસ સંયમી માટે જ ગરમ કરે. સંયમી માટે જ શાકભાજી સમારી એને રાંધે. એમ અચિત્ત એવું દૂધ સંયમી માટે ગરમ કરે. અચિત્ત શાક કે દાળ સંયમી માટે ફરી ગ્યાસ ઉપર ચડાવી ગરમ કરે.

આ બે પદ્ધતિ બરાબર ધ્યાનમાં રાખવી કે કોઈપણ સચિત્ત વસ્તુ જો સંયમી માટે અચિત્ત બની હોય તો એ આધાકર્મી જ છે. અને સચિત્ત કે અચિત્ત કોઈપણ વસ્તુને જો અગ્નિ ઉપર ચઢાવી ખાદ્યવસ્તુ બનાવવામાં આવે તો એય સંયમી માટે આધાકર્મી છે.

(૫૧)વળી આમાં નીચેના ચાર ભાંગા બરાબર સમજી રાખવા.

(૧) સંયમી માટે જ સચિત્તવસ્તુ અચિત્ત બનાવવાની શરૂઆત કરે અને સંયમીના ઉદ્દેશથી

જ સચિત્ત અચિત્ત બને.

(૨) સંયમી માટે જ સચિત્તવસ્તુ અચિત્ત બનાવવાની શરૂઆત કરે પણ પોતાના ઉદ્દેશથી જ સચિત્ત અચિત્ત બને.

(૩) પોતાના માટે જ સચિત્તવસ્તુ અચિત્ત બનાવવાની શરૂઆત કરે અને સંયમીના ઉદ્દેશથી જ સચિત્ત અચિત્ત બને.

(૪) પોતાના માટે જ સચિત્તવસ્તુ અચિત્ત બનાવવાની શરૂઆત કરે અને પોતાના ઉદ્દેશથી જ સચિત્ત અચિત્ત બને.

વળી બીજી ચતુર્ભંગી આ છે કે....

(૧) સંયમીના ઉદ્દેશથી ચૂલા ઉપર ચડાવે અને સંયમીના ઉદ્દેશથી જ ચૂલા ઉપરથી ઉતારે.

(૨) સંયમીના ઉદ્દેશથી ચૂલા ઉપર ચડાવે અને પોતાના ઉદ્દેશથી જ ચૂલા ઉપરથી ઉતારે.

(૩) પોતાના ઉદ્દેશથી ચૂલા ઉપર ચડાવે અને સંયમીના ઉદ્દેશથી જ ચૂલા ઉપરથી ઉતારે.

(૪) પોતાના ઉદ્દેશથી ચૂલા ઉપર ચડાવે અને પોતાના ઉદ્દેશથી જ ચૂલા ઉપરથી ઉતારે.

આમાં બેય ચતુર્ભંગીમાં વચ્ચેના બે ભાંગાઓમાં એ વસ્તુ નિર્દોષ ગણાય. પહેલા અને છેલ્લા ભાગામાં એ વસ્તુ આધાકર્મી ગણાય.

બીજી ચતુર્ભંગીના આ ચારેય ભાંગા દૃષ્ટાન્તપૂર્વક સમજીએ.

(૧) કોઈ શ્રાવિકાએ સાધુનો લોચ થતો જોઈ ઘરે જઈ સાધુને વહોરાવવા માટે શીરો બનાવવો શરૂ કર્યો અને શીરો બની જતા સાધુના ઉદ્દેશથી જ શીરો નીચે ઉતાર્યો. આ પહેલો ભાંગો છે. એમાં બીજા દૃષ્ટાન્તો જાતે જ વિચારી લેવા.

(૨) સવારે સાધુએ ચાહની યાચના કરી, શ્રાવિકાએ કહ્યું કે "સાહેબ ! ઉપર જઈને પાછા પધારો." સાધુ ઉપર ગયા, શ્રાવિકાએ ચાહ મૂકી દીધી. હજી ચાહ બની જ ન હતી અને સાધુને નીચે ઉતરતા જોઈ બેને બુમ પાડી "સાહેબ ! બે જ મિનિટ લાગશે." પણ સાધુએ કહ્યું કે "હવે ખપ નથી. વર્તમાન જોગ !" અને સાધુ નીકળી ગયા.

હવે એ શ્રાવિકાના મનમાંથી સાધુનો વિચાર નીકળી જ જાય. એટલે હવે એ ગ્યાસ ઉપરથી ચાહ ઉતારે તો એ નિર્દોષ કહેવાય. ધારો કે ત્યાં જ કોઈ સાધ્વીજી વહોરવા પહોંચી જાય તો એમને એ ચાહ વહોરવા-વાપરવા છતાં આધાકર્મીનો દોષ ન લાગે.

આવા અનેક દૃષ્ટાન્તો વિચારી લેવા.

(૩) શ્રાવિકાએ ઘર માટે જ રસોઈ બનાવવાની શરૂ કરી અને એ જ રીતે રસોઈ બની જતાં ઘર માટે જ ગ્યાસ ઉપરથી ઉતારી.

(૪) શ્રાવિકાએ ગ્યાસ ઉપર દાળ મૂકેલી જ હતી. લગભગ થઈ જ ગઈ હતી અને ત્યાંજ ધર્મલાભ ! શબ્દ સાંભળ્યો એટલે તરત ગ્યાસ બંધ કરી "પધારો" કહ્યું.

અહીં "ધર્મલાભ" સાંભળ્યા બાદ ગ્યાસ બંધ કર્યો છે એટલે એ સાધુના ઉદ્દેશથી બંધ કરેલો હોવાથી એ દાળ આધાકર્મી બની જાય.

એ રીતે સવારે દૂધ કે ચાહ પોતાના ઘર માટે જ ગરમ કરવા મૂકેલા હોય અને સાધુને આવેલા જુએ કે તરત ગ્યાસ બંધ કરી દે, તો એ પણ આધાકર્મી બની જાય.

જો કે એ બધું જ દૂધ સાધુને વહોરાવવાના નથી. છતાં તે વખતે તો એમનો મુખ્ય ઉદ્દેશ સાધુ જ બની જતા આધાકર્મી દોષ લાગે.

આ ચાર ભાંગા બરાબર ધ્યાનમાં રાખવામાં આવે, તો આધાકર્મી અંગેના ઘણા પ્રશ્નોનું સમાધાન સહજ રીતે મળી જાય.

હવે નીચેના મુદાઓ પણ સમજી લઈએ જેથી આ બાબતમાં બોધ સ્પષ્ટ બને.

(અ) સાધુએ દળેલી ખાંડની યાચના કરી, શ્રાવિકાએ ત્યારે તો ન હોવાથી ના પાડી પરંતુ પછી સાધુઓનો લાભ મળે એ માટે આખી ખાંડ દળી નાંખી. હવે જો ખાંડી-દસ્તા વગેરેમાં ખાંડનો ભુક્કો કરે તો એ આધાકર્મી નહિ. કેમકે અહીં સચિત્ત વસ્તુ અચિત્ત નથી બનતી કે અગ્નિ ઉપર પાક નથી થતો. (હા ! પશ્ચાત્કર્મ, સ્થાપનાદિ દોષો લાગે. પણ હાલ એની વિચારણા નથી.)

પણ મિક્ષ્ચરમાં આખી ખાંડ સાધુ માટે દળે તો એ આધાકર્મી બની જાય. કેમકે અગ્નિનો ઉપયોગ થયો છે.

(બ) સાધુ માટે થાળી-ડીસમાં ઘી-ગોળ-સુંઠ ભેગા કરી ગોળી બનાવે તો એ આધાકર્મી નહિ... પણ એ ગ્યાસ ઉપર ચડાવીને કરે તો આધાકર્મી બને.

(ક) આંબિલની ઓળી કરનારા સંયમીઓ ગૃહસ્થોને કહે કે "તમે અમુક રોટલી લુખી રાખજો." હવે ધારો કે તે મોટું ઘર હોવાથી ચાર પાંચ રોટલી માટે કંઈ વધારે લોટ ન બાંધે. રોજ પ્રમાણે જ લોટ બાંધે, તોય રોટલી બનાવતી વખતે જે લુખી રોટલી જુદી રાખવાની હશે એ તો સાધુના ઉદ્દેશથી જ ઉતરે છે. માટે એ આધાકર્મી ગણાય.

હકીકત એ છે કે સાધુ જ્યાં રોજેરોજ લુખી રોટલી વગેરે વહોરવા જવાના જ હોય ત્યાં પ્રાયઃ તો રસોઈ થોડી વધારે બનતી થઈ જ જાય. અને એટલે લોટ પણ થોડો વધારે બંધાવા જ માંડે. હવે લોટ બાંધતી વખતે સાધુનો અને પોતાનો બે યનો ભેગો ઉદ્દેશ છે. અને એમાં અપકાયની વિરાધના તો થાય જ છે. (અહીં જે પાણી વપરાય છે, તે ખાદ્ય સામગ્રીના જ

અંશભૂત છે એટલે એમાં મિશ્રાદિ દોષ લાગે. જ્યારે સાધુને વહોરાવવા હાથ ધુએ તો એ વખતે વપરાતુ પાણી ખાદ્યસામગ્રીના અંશભૂત નથી માટે એમાં મિશ્રાદિદોષ નહિ. પણ પૂર્વ કર્માદિદોષ જ લાગે.) એટલે એ લોટ મિશ્રદોષવાળો કહેવાય. પણ ઉતરતી લુખી રોટલી તો સાધુના ઉદ્દેશથી ઉતરતી હોવાથી એ આધાકર્મી જ ગણાય. એટલે સાધુ કોઈક કારણસર એ બાંધેલો લોટ વહોરે તો એને મિશ્રદોષ લાગે અને રોટલી વહોરે તો આધાકર્મી દોષ લાગે.

**શિષ્ય :** ગુરુદેવ ! તમારી વાત મને ન સમજાણી. આ લોટ માત્ર સાધુ માટે નથી બાંધ્યો, તેમ રોટલી પણ માત્ર સાધુ માટે બનાવવા નથી બેઠા. ઘર માટેની ૨૦ રોટલી અને સાધુ માટેની ચાર પાંચ રોટલી બધી ભેગી જ બનાવે છે. માત્ર એમાં અમુક રોટલી લુખી રાખે છે. એટલે આમાં તો બેયનો ભેગો આશય હોવાથી મિશ્રદોષ જ લાગે.

જેમ ૧૫-૨૦ ઘરોવાળા ગામમાં સાધુઓ પહોંચે તો તેઓ શાક દાળ વધારે રાંધે છે અને એ મિશ્ર દોષ કહેવાય છે. એમ અહીં પણ સમજવું જોઈએ.

**ગુરુ :** શ્રાવિકાએ ઘરના જ સભ્ય માટે દૂધ ઉકાળવા મુક્યું હોય અને સાધુને આવેલા જોઈ તરત ગ્યાસ બંધ કરે તો એ દૂધ આધાકર્મી ? કે મિશ્ર ? સ્વાભાવિક છે કે ઘરના પાંચ છ સભ્યો માટેનું એ દૂધ બધું જ તો સાધુને વહોરાવવાનું નથી જ. આમ છતાં બંધ કરતી વખતે મુખ્યત્વે સાધુનો ઉદ્દેશ આવી જવાથી આધાકર્મી જ ગણાય છે.

તો પછી જે રોટલીઓ ઉતારતી વખતે સાધુનો જ મુખ્ય ઉદ્દેશ હોય તે આધાકર્મી કેમ ન બને ?

શાક-દાળ એવી વસ્તુ છે કે તે બધાનું એક સાથે જ ગ્યાસ પર બને છે. અને એટલે શાક-દાળનો ગ્યાસ બંધ કરતી વખતે ઘરવાળાઓનો અને સાધુનો બેય નો ભેગો ઉદ્દેશ હોઈ શકે છે, એટલે એને મિશ્ર કહેવાય. પણ રોટલી તો દરેકે દરેક જુદી જુદી જ ઉતરે છે. એટલે દરેકે દરેક રોટલી માટેનો આશય સ્વતંત્ર જ મનાય. અને એટલે જ સાધુ માટે જુદી લુખી રોટલી રાખતી વખતે સાધુનો આશય આવી જવાથી એ આધાકર્મી ગણાય.

એટલું જ નહિ પણ એ શ્રાવિકાએ ઘર માટે જે ૨૦ ચોપડેલી રોટલી બનાવી હોય. એમાંથી બે રોટલી વહોરીએ તોય એ સંયમીને મિશ્રદોષની સંભાવના છે. કેમકે રોટલીનો લોટ બાંધતી વખતે સાધુ+ઘરના સભ્યો બેયનો આશય હોવાથી લોટ મિશ્ર દોષવાળો હતો. અને એટલે મિશ્ર લોટથી બનેલી રોટલી પણ મિશ્ર દોષવાળી બને.

**શિષ્ય :** જેમ સાધુ માટે ચાહ મૂક્યા બાદ પણ ગ્લાસ ઉપરથી ઉતારતી વખતે જો સાધુનો આશય ન હોય તો એ નિર્દોષ જ ગણાય છે. તેમ અહીં પણ ભલે લોટ મિશ્ર દોષવાળો હોય તોય રોટલી ઉતારતી વખતે તો સાધુનો આશય ન હોવાથી (ચોપડેલી રોટલીમાં) એ નિર્દોષ

જ ગણાય ને ?

**ગુરુ :** એક વાત ધ્યાનમાં રાખ. આધાકર્મી, મિશ્ર વગેરે છ દોષો એવા છે કે એ દોષો જે ગોચરીમાં એકવાર લાગુ પડી ગયા, એ ગોચરીમાંથી પછી સાધુનો આશય નીકળી જાય તો પણ એ દોષો જતા નથી. એ વસ્તુ તે દોષવાળી જ ગણાય.

દા.ત. સાધુ માટે એક લીટર દૂધ ગરમ કર્યું. પછી અડધો લીટર વહોરાવ્યા બાદ બાકીનું દૂધ સાંજે ઘરે જમતી વખતે પોતાના માટે ગરમ કરે, તો એ દૂધ ઉતારતી વખતે સાધુનો આશય ન હોવા છતાં આ દૂધમાં પહેલા આધાકર્મી દોષ લાગી ચૂકેલો હોવાથી હમણા પોતાના આશયથી એ દૂધ ગરમ કરી ઉતારે તો પણ એ આધાકર્મી જ કહેવાય.

એ જ ગણિત અહીં છે. ઘઉંનો લોટ બાંધતી વખતે સચિત્ત પાણીની હિંસા સાધુ+ઘર માટે થઈ જ છે. એટલે આ વખતે મિશ્ર દોષ લાગી જ ચૂક્યો છે. હવે એ લોટની રોટલી ઉતારતી વખતે માત્ર ઘરનો આશય હોય તો ય એમાં મિશ્રદોષ ગણાય.

તે જે ચાહનું દૃષ્ટાન્ત આપ્યું,એમાં તો હજી ચાહ સાધુ માટે ગ્યાસ ઉપર મૂકી છે જ્યારે એ ચાહ બની જશે ત્યારે જ એમાં આધાકર્મી દોષ લાગવાનો, ત્યાં સુધી તો એ ચાહમાં એકેય દોષ લાગ્યો જ નથી અને એટલે જ જો એ ચાહ ઉતરતી વખતે જ સાધુનો આશય નીકળી જાય તો એમાં કોઈ દોષ લાગ્યો જ ન હોવાથી એ ચાહ નિર્દોષ ગણાય.

હા ! એ ચાહ સાધુ માટે જ ઉતાર્યા બાદ સાધુને થોડી વહોરાવી દીધા પછી, થોડીવાર બાદ ઠંડી પડેલી એ ચાહને તે પોતાના માટે ગરમ કરે તોય એ ચાહમાં એકવાર આધાકર્મી દોષ લાગી ગયો હોવાથી એ આધાકર્મી જ ગણાય.

**શિષ્ય :** પણ તો પછી અમારે આંબિલની ઓળી છોડી દેવી ? એના બદલે લુખી રોટલીને નિર્દોષ જ માની લો તો ? તો અમે ઓળીઓ તો કરી શકીએ. તમે આધાકર્મી દોષ બતાવો એટલે અમારે તો ઓળી બંધ જ કરી દેવી પડે ને ?

**ગુરુ :** કારણસર નિગોદ ઉપર ચાલવું જ પડે તો એ વખતે આપણે એમ તો ન જ કહેવાય ને? કે "આ બધી નિગોદ તો અચિત્ત જ છે. કોઈ એમાં જીવ નથી." હા ! આપણા પરિણામની કોમળતા માટે શાસ્ત્રકારોએ એમ કહ્યું છે કે ત્યાં એવી કલ્પના કરવી કે "બધે ધર્માસ્તિકાય તો છે જ. એટલે હું તો ધર્માસ્તિકાય ઉપર જ છું." પણ શાસ્ત્રકારોએ એમ નથી કહ્યું કે "આ નિગોદ અચિત્ત જ છે. હું તો અચિત્ત નિગોદ ઉપર બેઠો છું" એવું વિચારવું. કેમકે જે નિગોદ સચિત્ત છે, એને અચિત્ત શી રીતે કહેવાય ?

રે ! હજી કદાચ પરિણામની કોમળતા ટકાવવા આવી કલ્પના કરીએ, પણ જ્યારે વાસ્તવિકતાનો વિચાર કરવો હોય ત્યારે તો કહેવું જ પડે ને ? કે આ નિગોદ અનંતજીવોથી

ભરેલી જ છે.

એમ શાસ્ત્રીય દષ્ટિએ જો એ લુખી રોટલી આધાકર્મી જ બનતી હોય તો પછી એને નિર્દોષ કહેવી એ તો ઉત્સૂત્ર પ્રરૂપણા જ કહેવાય. હા ! પરિણામની કોમળતા ટકાવવા માટે એમ ચોક્કસ કલ્પના કરાય કે "અમારા વડીલોએ આસક્તિ નામના મોટા પાપમાંથી બચવા માટે આવી રોટલી વાપરવાની અનુમતિ આપી હોવાથી મારા માટે એ નિર્દોષ જ છે." પણ વાસ્તવિકતાનો અપલાપ કરવાનું સાહસ ન કરાય.

વર્તમાન પરિસ્થિતિ એવી છે કે કેટલાક ગુરુજનો એમ ફરમાવે છે કે "જો સંયમીઓ એકાસણાદિ કરશે, તો દૂધ-ઘી-મીઠાઈમાં લલચાશે, આસક્તિ કરશે. વિગઈઓ વાપરી પરિણામને મલિન કરશે. એટલે વર્તમાન સંયમીઓ વધુને વધુ આંબિલ કરે એ જ હિતકારી છે. હવે આંબિલ માટે લુખી રોટલી-મોળી દાળ વગેરે મળી રહેવું દુર્લભ છે. એટલે એ માટે ગૃહસ્થોના ઘરોમાં સૂચના કરવી જ પડે છે અને એમાં ઉપર મુજબ દોષો લાગે છે ખરા. પણ એ બધા દોષો કરતા આ આસક્તિપોષણ-વિગઈભક્ષણ વગેરે દોષો અતિભયંકર છે. એટલે આવી દોષિત ગોચરી વાપરીને ય આંબિલ કરવા વધુ હિતકારી છે. શાસ્ત્રકારોએ ૪૨ દોષ કરતા ય માંડલીના પાંચ દોષોને વધુ ભયંકર કહ્યા છે.

બીજી બાજુ કેટલાક આચાર્ય ભગવંતોનો એવો અભિપ્રાય છે કે "સાધુ માટે તો નિર્દોષ ગોચરી એજ પ્રાણભૂત છે. આ રીતે સાધુ આજે આંબિલાદિના કારણે દોષિત ગોચરી વાપરતો થશે, તો દોષિત ગોચરીની સુગ નીકળી જશે. પછી તો પારણામાં અને આંબિલાદિ ન હોય ત્યારે પણ બિન્ધાસ્ત દોષિત ગોચરી વાપરશે. એટલે **દોષિત ગોચરીની અનવસ્થા** ઉભી કરવા જેવી નથી. સાધુઓને તદ્દન નિર્દોષ ગોચરીની જ **તાલીમ આપવી જોઈએ. એમાં** શક્ય એટલો વિગઈ ત્યાગ કરાવવો જોઈએ. "**સાધુઓ ચાલુ ગોચરીમાં આસક્તિ કર્યા વિના** રહી શકતા નથી. માટે એમને દોષિત આંબિલની છૂટ આપી દો." **આ નિર્ણય વધારે પડતો** છે. એના બદલે એવી કોઈ વ્યવસ્થા જ ગોઠવવી કે સાધુઓ દોષિત બિલકુલ ન વાપરે અને આસક્તિથી પણ બચતા રહે.

આ બેય અભિપ્રાયો પ્રવર્તી રહ્યા છે.

મારી દષ્ટિએ એમ લાગે છે કે :

(૧) નિર્દોષ ગોચરીથી આંબિલો થતા હોય તો એ જ કરવા. જેમાં આધાકર્મી રોટલી-દાળ કંઈ જ ન આવે. ગૃહસ્થોને સૂચના કરવી જ ન પડે. આજેય કેટલાક મહાત્માઓ ચણા-પૌઆ, કોરા ખાખરા વગેરેથી નિર્દોષ આંબિલ કરે છે. પણ આધાકર્મ, મિશ્ર આદિ છ મોટા દોષો સેવતા નથી.

(૨) જો આ પ્રથમ વિકલ્પ શક્ય ન હોય તો (અ) રોટલી, શાક, દાળ, ભાત, દૂધ એ પાંચ જ દ્રવ્યો વાપરવાની બાધા સાથે (બ) મહીનામાં ત્રણ-પાંચ દિનથી વધુ મિષ્ટ ન વાપરવાની બાધા સાથે (ક) ૩૦ થી વધારે માણસના રસોડામાંથી ફરસાણ-મિષ્ટ નહિ વાપરવાની બાધા સાથે નિર્દોષ એકાસણા કરવા વધુ યોગ્ય છે.

(૩) પણ જો એકાસણામાં આ રીતે ત્યાગ પ્રધાન ગોચરી વાપરવી શક્ય ન હોય, મન લલચાઈ જ જતું હોય, આંબિલના પચ્ચ. કરવાથી જ મનની કૂદાકૂદ અટકતી હોય તો પછી માત્ર રોટલી+દાળ આ બે દ્રવ્યો જ આધાકર્મી વાપરવાની છૂટ સાથે આંબિલની ઓળીઓ કરવી. પણ પછી ઢોકળા-પુડલા બધું આધાકર્મી વાપરીને આંબિલની ઓળીઓ કરવી બિલકુલ યોગ્ય જણાતી નથી.

છતાં આ વિષયમાં ગીતાર્થ ગુરુ ભગવંતોને પુછીને યથોચિત કરવું. આ વિષય એવો છે કે વ્યક્તિ વ્યક્તિએ ગીતાર્થોએ જુદો જુદો ઉત્તર આપવાનો અવસર આવે જ.

(ડ) સાધુ માટે સક્કરજન સમારીને રાખ્યું. હજી ૪૮ મિનિટ થઈ નથી ત્યાંજ સાધુએ આવીને કહ્યું કે "ગ્લાન માટે સક્કરજનનું કહેલું, પણ એને રુચિ જ નથી. એટલે હવે અમે વહોરીશું નહિ."

(૫૨)હવે અહીં શ્રાવિકાનો સક્કરજનમાંથી સાધુ માટેનો આશય નીકળી ગયો. સક્કરજન સચિત્તમાંથી અચિત્ત બને ત્યારે જ એ આધાકર્મી બનવાનું હતુ. એટલે સક્કરજનમાં આધાકર્મી દોષ હજી સુધી લાગ્યો ન હતો. અને વચ્ચે જ શ્રાવિકાનો આશય નીકળી ગયો, તો એ સક્કરજન નિર્દોષ ગણાય. ૪૮ મિનિટ થાય ત્યારે શ્રાવિકાનો હવે ઘર માટે જ આશય હોવાથી એ નિર્દોષ બની જાય. એ જ વખતે કોઈ બીજો સાધુ વહોરવા જાય અને તે વહોરે તો એને દોષ ન લાગે.

જેમ ગ્યાસ પર સાધુ માટે ચાહ મૂક્યા બાદ ચાહ બનતા પહેલા જ સાધુનો આશય શ્રાવિકાના મનમાંથી નીકળી જાય અને ચાહનો ગ્યાસ બંધ કરતી વખતે એના મનમાં પોતાનો જ આશય આવી જાય તો એ નિર્દોષ બને છે. એ જ ગણિત અહીં લાગુ પડે કે સમારેલું સક્કરજન અચિત્ત બનતા પહેલા જ સાધુનો આશય નીકળી જાય અને અચિત્ત બનવાના કાળે શ્રાવિકાના મનમાં ઘરનો આશય આવી જાય તો એ દોષિત રહેતું નથી.

હા ! ૪૮ મિનિટ થઈ ગઈ અને પછી સાધુએ આવીને ના પાડી કે "અમારે સક્કરજનની જરૂર નથી. તો ૪૮મી મિનિટે તો સાધુનો આશય જ એ સક્કરજનમાં શ્રાવિકાના મનમાં પડેલો હતો એટલે એમાં આધાકર્મી દોષ લાગી ચૂકેલો હોવાથી એમાંથી હવે સાધુનો આશય નીકળી જાય તો પણ એ આધાકર્મી જ ગણાય. એ શ્રાવિકા ઘર માટે એ સક્કરજનનું શાક

બનાવી દે તો પણ એ આધાકર્મી જ ગણાય.

શાસ્ત્રીય દૃષ્ટિએ વિચારતા ઉપર મુજબ ભાસે છે. પરંતુ વર્તમાનમાં એવોજ વ્યવહાર દેખાય છે કે "એકવાર સાધુ માટે સફરજન સમારી દીધું એટલે ૪૮ મિનિટ પછી નહિ, પણ તે જ સમયથી આધાકર્મી જ ગણાય."

જો કે આ રીતે તો એમ પણ માનવું પડે કે "એકવાર સાધુના ઉદ્દેશથી ગ્યાસ ઉપર ચાહ મૂકી એટલે એ આધાકર્મી જ ગણાય. પછીની વિચારણા કરવાની જ નહિ." પણ આવું તો મનાતું નથી.

છતાં હાલ જે રીતે વ્યવહાર ચાલે છે એજ રીતે ચલાવવો ઉચિત લાગે છે. સફરજન વગેરેમાં સમારવાના કાળથી જ આધાકર્મી. નહિ કે ૪૮ મિનિટ બાદ અને ચાહ વગેરેમાં ચાહ ઉતરતી વખતે સાધુનો આશય હોય તો જ આધાકર્મી. નહિ કે ચાહ મૂકતી વખતે.

(ચ) ચૂલા ઉપરથી વસ્તુ ઉતારતી વખતે "સાધુ માટે આ છે" એવો આશય હોય તો આધાકર્મી ગણાય. પણ એ આશય કોનો ? રસોઈ બનાવનાર બહેન કે રસોઈયાનો જ આશય લેવાનો ? જો એમ કરશું તો મોટી અનવસ્થા ઉભી થવાની શક્યતા રહે.

તે આ પ્રમાણે :

સાધુ શ્રાવકને કહે કે, "મારે શીરો જોઈએ છે. પણ દોષિત નહિ. તું ઘરે જઈ શ્રાવિકાને તારા જ માટે શીરો બનાવવાનું કહે અથવા તો મહેમાનનું બહાનું કાઢી શીરો બનાવવાનું કહે. એટલે શ્રાવિકા તો તારા આશયથી કે મહેમાનના આશયથી જ શીરો બનાવશે, એમાં સાધુનો આશય નહિ આવે અને માટે એ મને નિર્દોષ બની જશે."

હવે આ રીતે તો સાધુ સાધ્વીઓ પોતાના માટે જ પુષ્કળ આરંભ-સમારંભ આવી માયા દ્વારા કરાવે અને તેને આપણે નિર્દોષ માનવું પડે.

એક સાધુએ આવું જ કર્યું. એણે સાથેના માણસને કહ્યું કે "તું હોટલમાં જઈ તારા માટે ટામેટાનું શાક બનાવડાવ. અને એ શાક બની જાય એટલે કોથળીમાં લઈ આવી મને વહોરાવ. અહીં જૈનના ઘરો નથી. હાઈ-વે છે અને મારે દોષિત વાપરવું નથી."

સાધુને એમ કે "આ શાક બનાવનાર હોટલવાળાના મનમાં મારા માટેનો આશય ન હોવાથી મને આ શાક નિર્દોષ મળશે."

આ બધી વિચિત્રતા ઉભી થતી હોવાથી આવા સ્થળે માત્ર રસોઈ બનાવનારનો જ નહિ, પણ સાધુને માટે રસોઈ બનાવડાવનારનો આશય પણ લક્ષ્યમાં લેવો જોઈએ. અને અહીં તો રસોઈ બનાવડાવનારનો આશય સાધુ માટે જ છે, એટલે એ પણ આધાકર્મી ગણાય.

એ રીતે છ'રીપાલિત સંઘોમાં-તીર્થોમાં પણ રસોડામાં રસોઈ બનાવનાર રસોઈયાને કંઈ ખબર પણ ન હોય કે આ મને બનાવવાની કહેવાયેલી વસ્તુ કોના માટે છે ? એ તો માલિકના આદેશ પ્રમાણે વસ્તુ બનાવી આપે. પણ એ માલિક જો સાધુના માટે જ એ વસ્તુ બનાવડાવતો હોય તો એ વસ્તુ આધાકર્મી જ ગણાય. આમાં ખોટી છેતરપીંડી કરવી નહિ.

(છ) જેના ઘરે જે દિવસે આધાકર્મી બને એ ઘર આખું એ દિવસે આધાકર્મી ગણાય. અર્થાત્ એ દિવસે એના ઘરે એ આધાકર્મી વસ્તુ તો આધાકર્મી ગણાય જ. પણ એ સિવાયની તમામ વસ્તુઓ પણ આધાકર્મી જ ગણાય.

દા.ત. સાધુએ ગ્લાન માટે એક ભક્તિમંત શ્રાવિકાને ત્યાં શીરો બનાવડાવ્યો કે ઉકાળો કરાવ્યો. હવે એ જ દિવસે એ ઘરથી રોટલી-શાક-દાળ -ભાત-દૂધ વગેરે તો ન જ વહોરાય પરંતુ ખાખરા-ખાંડ-સુંઠ-પીપરીમુળ-ગોળ વગેરે સુકી વસ્તુઓ પણ ન વહોરાય. જો એ વહોરવામાં આવે તો એ બધું આધાકર્મી ગણાય.

(૫૭)શાસ્ત્રકારોએ એ ઘરને એ દિવસ માટે આધાકર્મી ગણેલ છે. એનો અર્થ જ એ કે દિવસે એ ઘરની કોઈપણ વસ્તુ વહોરવામાં આધાકર્મી દોષ લાગે જ.

આજે તો સાધુ-સાધ્વીજીઓને માંદગી વગેરે ઘણા કારણોસર આધાકર્માદિ કરાવવું પડતું હોય છે. હવે જે ઘરમાં તેઓ કરાવે એ જગ્યાએ બીજા ગ્રુપના સંયમીઓ ય વહોરવા જતા હોય. તેઓને તો એ ખબર જ ન હોય કે અહીં આધાકર્મી બને છે. એટલે તેઓ બધી વસ્તુ નિર્દોષ સમજી વહોરે. આમ તેઓને પણ આધાકર્માદિ ભક્ષણનો દોષ લાગે.

રે ! બીજા ગ્રુપવાળા તો ત્યાં અજાણતા વહોરે પણ જે ગ્રુપના સંયમી માટે ત્યાં આધાકર્મી કરાવેલું હોય, તે ગ્રુપના બાકીના સંયમીઓ જાણતા હોવા છતાં ય તે ઘરમાં બીજી બધી વસ્તુઓ વહોરતા હોય છે. તેઓ એમ જ સમજે છે કે "ગ્લાન માટે સ્પેશ્યલ બનાવેલ વસ્તુ જ આધાકર્મી છે. એ સિવાયની બીજી વસ્તુઓ આધાકર્મી નથી." પણ આ મોટી ભ્રમણા છે. સ્પષ્ટ શાસ્ત્રવચન છે કે "જયાં જે દિવસે આધાકર્મી બને, ત્યાં એ દિવસે એ ઘર જ આધાકર્મી ગણવું."

એટલે જ સંયમીઓએ ઝટઝટ શ્રાવકોના ઘરે આધાકર્મી બનાવડાવવું જ નહિ કેમકે એમાં બીજા ય અનેક સંયમીઓ જાણે અજાણે દોષના ભાગીદાર બને. છતાં ગાઢ કારણસર બનાવડાવવું જ પડે તો એ શ્રાવિકાને એટલી સૂચના આપવી કે → તમારા ઘરે બીજા કોઈપણ સંયમી વહોરવા આવે તો તમારે એટલું કહી દેવું કે-સાહેબ ! અહીં અમુક સાધુ-સાધ્વી માટે આધાકર્મી બને છે." પછી એ સંયમી વહોરે તો વહોરાવવું. પણ આટલું તો કહી જ દેવું.←

જો આ બધી જયણા સચવાય તો આધાકર્મી નામના અતિભંયકરદોષથી બચાય, નહિ

તો એક જ નાનકડી ભુલને કારણે ઢગલાબંધ સંયમીઓ આધાકર્મીદોષથી દૂષિત બને.

(૫૪)શાસ્ત્રકારોએ આધાકર્મને અધઃકર્મશબ્દથી પણ ઓળખ્યું છે અને કહ્યું છે કે જે ભોજન સાધુને નરકાદિ અધોગતિમાં લઈ જાય, તે અધઃકર્મ.

એટલે આધાકર્મીની બાબતમાં નિષ્ઠુરતા તો ન જ ચાલે પણ ઉપેક્ષા-પ્રમાદ પણ બિલકુલ ચાલી ન શકે.

(જ) મોટા રસોડાઓમાં એકાદ સાધુ-સાધ્વી માટે ય જો આધાકર્મી બને તો ત્યાંજ વહોરનારા તમામ સાધુ-સાધ્વીઓને (નિર્દોષ વહોરે તોય) આધાકર્મીનો દોષ લાગે. દા.ત. છ'રી પાલિત સંઘનું રસોડું, ઉપધાનનું રસોડું, તપોવનાદિ તીર્થસ્થાનોના રસોડા... આ બધામાં ઘણા લોકો માટે ગોચરી બનતી હોવાથી એ બીજી બધી ગોચરી નિર્દોષ હોય તોય ત્યાં કોઈ સાધુ-સાધ્વી પોતાના માટે ઉકાળો વગેરે કંઈપણ કરાવે તો આખુ રસોડું તે દિવસ માટે આધાકર્મી ગણાય. રોજેરોજ કરાવે તો રોજેરોજ આધાકર્મી ગણાય. અને ત્યાંથી જ ૨૫-૫૦ મહાસંયમીઓ પણ વહોરતા હોય તો એ બધા આધાકર્માદિ દોષના ભાગીદાર બને.

આવા પ્રસંગે જો આધાકર્મી કરાવવું જ પડે તો સ્ટાફના માણસોનું પોતાનું જુદું ઘર-રસોડું હોય, ત્યાં એમના ઘરે આધાકર્મી કરાવવું વધુ ઉચિત છે. એ માણસો ગરીબ હોય તો શ્રાવક પાસે પૈસા અપાવડાવી શકાય પણ આખા ય રસોડાને ભ્રષ્ટ કરવું ઉચિત જણાતું નથી.

(ઝ) જે ઘરમાં રોજ ચાર-પાંચ લુખી રોટલી ખવાતી જ હોય અને એટલે રોજ ચાર પાંચ લુખી રાખતા જ હોય, એવા ઘરમાં સાધુએ લુખી રોટલી રાખવાનું કહ્યું હોય તો તેઓ ચાર પાંચને બદલે હવે ૧૦-૧૨ લુખી રોટલી રાખશે. હવે અહીં ચાર પાંચ રોટલી પોતાના માટે અને ચાર પાંચ સાધુઓ માટે... એમ હોવાથી કોઈકને એમ લાગે કે આમાં મિશ્રદોષ છે. પણ પૂર્વે જ જણાવી દીધું કે જેમ દાળ-શાક એક જ સાથે બધાના ભેગા બની જાય છે. એમ બધી રોટલી એકજ સાથે ઉતરતી નથી. એટલે દરેક રોટલી માટે જુદી જુદી જ ગણતરી માંડવી પડે.

હવે આ ૧૦ રોટલીમાંથી કઈ પાંચ સાધુને આપવી અને કઈ પાંચ ઘર માટે રાખવી ? એવો તો કોઈ ભેદ પાડતું નથી. ૧૦માંથી ગમે તે પાંચ સાધુને વહોરાવે છે અને વધેલી ઘરમાં વાપરે છે. એટલે જ આમાં દરેક રોટલી ઉતારતી વખતે શ્રાવિકાના મનમાં કયો આશય હોય એ પકડવો અઘરો છે. "આ ઉતરતી એક રોટલીમાંથી અડધી સાધુને અને અડધી ઘર માટે." આવો ભાવ હોય તો તે એક રોટલી મિશ્ર બને. પણ એવી રીતે તો કોઈ જ વિચારતું નથી. કુલ ૧૦માંથી જ કોઈપણ પાંચ સાધુને અને કોઈપણ પાંચ ઘર માટે...." એમ સ્થૂલ વિચાર જ ૧૦ રોટલીમાં હોય છે.

આ પરિસ્થિતિમાં એ રોટલીઓને તદ્દન નિર્દોષ માનવી એ તો યોગ્ય નથી. તો મિશ્ર માનવી ય શક્ય નથી. એટલે આ બધી જ રોટલીઓ આધાકર્મી ગણવી એવું ભાસે છે. છતાં આ વિષયમાં ગીતાર્થો જે કહે તે પ્રમાણ.

કેટલાક વિદ્વાનો એમ કહે છે કે જેમ સાધુ+ઘર માટે ભેગા બનાવેલું શાક મિશ્ર છે, તેમ સાધુ + ઘર માટે બનાવેલ ૧૦ રોટલી પણ બધી જ મિશ્રદોષવાળી ગણાય, કેમકે જેમ મિશ્રશાકમાં અમુક ભાગ જ સાધુનો અને અમુક ભાગ ઘરનો... એમ સ્પષ્ટ ભેદ પડતો નથી. એમ આ ૧૦ રોટલીમાં પણ એવો સ્પષ્ટ ભેદ પડતો નથી.

(ટ) અત્યંત અગત્યનો એક મુદ્દો એ છે કે :

(૧) સાધુ માટે સચિત્ત વસ્તુ અચિત્ત કરવા ચૂલા ઉપર ચડાવેલી હોય, અને અચિત્ત થતા પહેલા જ એમાંથી ઘર માટે-શ્રાવકાદિ માટે કેટલોક ભાગ બહાર કાઢી લે તો એ બહાર કાઢેલા ભાગમાંથી બનાવેલી વસ્તુ કે એ ભાગ પણ (કાળક્રમે અચિત્ત થઈ ગયા બાદ) સાધુને કલ્પે. અર્થાત્ એ આધાકર્મી ન ગણાય. દા.ત. ૫૦૦ માણસોને સાકર-એલચીનું પાણી આપવા માટે એ પાણી તો તૈયાર કરી દીધું. હવે એમાં ખટાશ લાવવા માટે ચાર પાંચ ગ્લાસ લીંબુરસ કાઢયો. પણ "એ સીધો જ પેલા પાણીમાં નાંખી દે તો સાધુઓને ૪૮ મિનિટ ન કલ્પે." એમ વિચારી એ ગરમ કરવા મૂક્યો. હવે ત્યારે જ દાળ-શાકાદિમાં નાંખવા માટે થોડાક લીંબુ રસની જરૂર પડી. એટલે અડધો ગ્લાસ લીંબુરસ ઉકળતા લીંબુ રસમાંથી જુદો કાઢી એનો દાળ-શાકાદિમાં ઉપયોગ કર્યો. એમાંથી થોડોક રસ વધ્યો. એ રસવાળો ગ્લાસ તેઓએ એમને એમ મૂકી રાખ્યો. ૪૮ મિનિટ બાદ આ રસ અચિત્ત થઈ ગયો. તો આ રસ નિર્દોષ જ ગણાય, સાધુને કલ્પે. પણ જે બીજો રસ સાધુઓના ઉદ્દેશથી જ સંપૂર્ણ અચિત્ત થયો એ દોષિત ગણાય, સાધુઓને ન કલ્પે. એ લીંબુરસવાળું શાક પણ સાધુને કલ્પે.

(૨) સાધુ માટે જ સચિત્ત વસ્તુ ચૂલા ઉપર ચડાવે અને એ અચિત્ત થઈ જાય તો પછી ગ્યાસ બંધ કરે કે ન કરે એમાંથી શ્રાવકાદિને આપવા માટે લેવાયેલી વસ્તુ પણ આધાકર્મી જ ગણાય. દા.ત. મોટુ તપેલું ભરીને પાણી સાધુઓ માટે ઉકાળ્યું, પાણી ઉકળી ગયું છતાં ગ્લાસ ધીમા તાપે ચાલુ જ હતો. એજ વખતે કોઈ મુમુક્ષુ ઘડો ભરીને પાણી વહોરવા આવે અને માણસ એને ઘડોપાણી વહોરાવે તો એ પાણી નિર્દોષ ન ગણાય. ભલે એ મુમુક્ષુ માટે જ એ તપેલામાંથી દૂર કરાયું, તોય એ સાધુ માટે અચિત્ત બની ચૂકેલું હોવાથી એ આધાકર્મી જ ગણાય.

(૩) સાધુ માટે કોઈપણ અચિત્તવસ્તુ ચૂલા ઉપર ચડાવે અને અધવચ્ચેજ શ્રાવકાદિ માટે એમાંથી કેટલુંક કાઢી લે તો એ નિર્દોષ બને. દા.ત. વિહારધામાદિમાં આવેલા ૪૦ સાધુ માટે

તપેલું ભરીને દૂધ ઉકાળવા મૂક્યું હોય, ત્યાં જ મુમુક્ષુઓને તાત્કાલિક નાસ્તો કરાવવા માટે એ ઉકળતા તપેલામાંથી ચાર પાંચ કપ દૂધ જુદુ કાઢી જલ્દી ગરમ કરે તો એ ચાર પાંચ ગ્લાસ દૂધ નિર્દોષ ગણાય. કેમકે દૂધ સાધુ માટે જ જ્યાં સુધી સંપૂર્ણ ઉકળી ન જાય ત્યાં સુધી એમાં આધાકર્મી ન લાગે. અને સાધુ માટે સંપૂર્ણ ઉકળી જાય, એ પૂર્વે જ શ્રાવકો માટે કાઢી લીધેલું છે માટે એ નિર્દોષ ગણાય.

(ઠ) શિથિલમાં શિથિલ સાધુ પણ જ્યાં સુધી સાધુવેશધારી છે, લોકમાં સાધુ તરીકે ઓળખાય છે, એના માટે બનાવાયેલું ભોજન પણ વિશ્વના કોઈપણ સાધુ માટે આધાકર્મી જ ગણાય.

આધાકર્મી માટે ઉપયોગી કેટલાક મુદ્દાઓ જોયા. આ બરાબર ધ્યાન રાખવામાં આવે તો આધાકર્મી અંગે ઉઠતી બીજી પણ શંકાઓના સમાધાનો આ ઉપરથી મળી જ જશે. આટલું વિસ્તારથી લખવાનું કારણ એ જ છે કે આ અતિગંભીર બાબત છે, એટલે એમાં સંયમીઓ ભ્રમણામાં પડે, ઉંધુ જ સમજયા કરે એ ઉચિત નથી.

**ઔદ્દેશિક :** આના બે ભેદ છે. ઓઘોદ્દેશિક + વિભાગોદ્દેશિક.

(૧) 'યાચક, ભિખારી, સાધુ, બાવા વગેરે જે કોઈપણ આવે એને થોડુંક આપશું.' એવી બુદ્ધિથી પોતાના માટે બનાવાતી રસોઈ સાથે જ થોડી વધારે રસોઈ પણ બનાવવામાં આવે તો એ રસોઈ ઓઘોદ્દેશવાળી કહેવાય.

(૨) **વિભાગોદ્દેશિક** →
- <u>ઉદ્દિષ્ટ</u> (૧) ઉદ્દેશ (૨) સમુદ્દેશ (૩) આદેશ (૪) સમાદેશ
- <u>કૃત</u> (૧) ઉદ્દેશ (૨) સમુદ્દેશ (૩) આદેશ (૪) સમાદેશ
- <u>કર્મ</u> (૧) ઉદ્દેશ (૨) સમુદ્દેશ (૩) આદેશ (૪) સમાદેશ

• **ઉદ્દિષ્ટ :** લગ્નપ્રસંગાદિ પતી ગયા બાદ વધેલા લાડવા વગેરે વસ્તુ દાન આપવાની બુદ્ધિથી જુદા રાખી મૂકે તો ઉદ્દિષ્ટ વિભાગોદ્દેશિક કહેવાય.

• **કૃત :** વધેલી લાડવાદિ વસ્તુમાં અગ્નિનો સંપર્ક કરાવ્યા વિના કંઈપણ ફેરફાર કરે અને રાખે તો કૃત કહેવાય.

• **કર્મ :** વધેલી લાડવાદિ વસ્તુમાં અગ્નિનો સંપર્ક કરાવવાપૂર્વક કંઈપણ ફેરફાર કરે અને રાખે તો એ કર્મ કહેવાય.

આ ઉદ્દિષ્ટ, કૃત કે કર્મ એ યાચક + પાખંડી વગેરે બધાયના આશયથી કરે તો **ઉદ્દેશ**, માત્ર પાખંડીના આશયથી કરે તો **સમુદ્દેશ**, માત્ર શ્રમણોના આશયથી કરે તો **આદેશ** અને માત્ર જૈન સાધુના આશયથી કરે તો **સમાદેશ**.

હવે આમાં કેટલીક અગત્યની બાબતો જોઈએ.

(ક) ધાર્મિક આર્યપ્રજાના લોહીમાં જ દાનધર્મ વસેલો હોય એટલે એને દાન આપવા વગેરેના ભાવો જાગે તો એ સ્વાભાવિક ઘટના છે. [૫૫]પરિણત શ્રાવક તો રોજ વિચારે કે "સાધુ વહોરવા આવે તો મારો બેડો પાર થાય" બે મિનિટ બહાર ઉભો રહી રસ્તા ઉપર નજર પણ કરે કે "કદાચ કોઈ સાધુ-સાધ્વી દેખાય."

એમ શ્રાવિકા પણ રસોઈ બનાવતી વખતે આવા કોઈ ભાવોમાં રમતી હોય તે શક્ય જ છે. પણ એટલા માત્રથી કોઈપણ વસ્તુ દોષિત ન બને. એ શ્રાવક-શ્રાવિકાઓ પોતાના ઘર માટે જે રસોઈ રોજ બનાવતા હોય. એટલી જ જો બનાવે એમાં લેશ પણ વધારો ન કરે. તો એવી રોજેરોજ બનતી રસોઈમાં તેઓ સાધુ વગેરેના લાભનો અધ્યવસાય રાખે તોય એ ગોચરી બિલકુલ દોષિત ન થાય.

હા ! સાધુ વગેરેની ભક્તિ કરવાના ઉદ્દેશથી રોજીંદી રસોઈમાં જો વધારો કરે, પોતાના ઘરને જરૂરી રસોઈ કરતા થોડીક પણ વધારે બનાવે તો એ ગોચરી દોષિત બને.

[૫૬]ભગવાન હરિભદ્રસૂરિજીનું અષ્ટકપ્રકરણમાં વચન છે કે :

**स्वोचिते तु तदारम्भे तथासंकल्पनं क्वचित् । न दुष्टं शुभभावत्वात् ।**

**અર્થ :** ગૃહસ્થો પોતાને ઉચિત રસોઈ વગેરે કોઈક આરંભમાં જૈન સાધુ વગેરેના લાભનો સંકલ્પ કરે તો એમાં એ વસ્તુ દોષિત ન બને કેમકે એ ભાવો શુભભાવ સ્વરૂપ છે.

દા.ત. શ્રાવકને ત્યાં પુત્રની સગાઈ નિમિત્તે ૩૦ જણ જમનારા છે, તો શ્રાવિકા વિચારે કે "આજે મહેમાનો છે. તો સાધુઓનો ય સારો લાભ મળશે." અને શ્રાવકને સાધુને તેડી લાવવા મોકલે. હવે રસોઈ બનાવતી વખતે એના મનમાં સાધુને વહોરાવવાદિનો ભાવ હોય તોય એ કંઈ સાધુ માટે વધારે રસોઈ નથી બનાવતી. ૩૦ જણ માટેનો સ્વોચિત આરંભ જ કરે છે તો એમાં સાધુ પ્રત્યેનો ભાવ હોવા છતાં તે ગોચરી મિશ્રાદિદોષવાળી બનતી નથી.

હા ! ઘણા બધા સાધુઓનો લાભ લેવા ૩૦ને બદલે ૪૦,૫૦ ની રસોઈ બનાવે, રસોઈ વહેલી બનાવે. તો દોષો લાગવાના જ.

[૫૭]સંયમીઓ ! આપણી બે ચર્યા બરાબર ધ્યાનમાં રાખો. (૧) મધુકરી ભિક્ષા (૨) અજ્ઞાતપિંડ.

જો આ બે વસ્તુનું પાલન કરવામાં આવે તો દોષ લાગવાની શક્યતા ઘણી જ ઘટી જાય. ભમરાની જેમ દરેક ઘરમાંથી થોડુંથોડું જ વહોરે, ધાડ ન પાડે અને એકના એક ઘરસ્થાનમાં સતત બે દિવસ ન જ જાય.

૧૦ રોટલીમાંથી ૪ વહોરી લઈએ, ૨૫ થી ૩૦ ટકા શાક વહોરી લઈએ, દાળ-શાક પણ મોટા પ્રમાણમાં વહોરીએ, ૧૫-૨૦ સુખડીના ટુકડામાંથી ૫-૬ વહોરી લઈએ. તો પછી મિશ્ર વગેરે ઘણા દોષો ઉભા થવાના જ.

સાધુ વધારે વહોરે અને એટલે શ્રાવક પોતાના માટે નવું બનાવે તો એ પશ્ચાત્કર્મ નથી. પણ આ રીતે સાધુઓ વધારે વહોરવા લાગે એટલે ગૃહસ્થો બીજા-ત્રીજા દિવસથી વધુ ગોચરી બનાવવા લાગે. એમાં સાધુનો પણ આશય ભળી જવાથી મિશ્રદોષ લાગે.

સાધુને વહોરાવ્યા બાદ તરત જ એંઠા હાથ-વાસણ ધુએ એ જ પશ્ચાત્કર્મ છે. જો આવું ન માનીએ તો વાંધો એ આવે કે ઘર માટે કાયમ સુખડી બનાવી રાખનારા ગૃહસ્થોના ઘરેથી સાધુ બે-ચાર ટુકડા વહોરે તો એ એટલું વહેલું ખાલી થાય. ગૃહસ્થ વહેલી સુખડી નવી બનાવે... તો ત્યાં પણ પશ્ચાત્કર્મ માનવું પડે.

એમ એકજ ઘરે રોજેરોજ જઈએ, એકજ સ્થાને રોજેરોજ વહોરીએ એટલે ત્યાં પણ ઢગલાબંધ દોષ લાગવાના જ. આજેય ઘણા સંયમી એવા છે કે ઘર પુરતા હોય તો બે ત્રણચાર દિવસના ખાડા પાડી પાડીને જ તે તે ઘરમાં જાય. જેથી સાધુ નિમિત્તે કોઈ દોષો ઉત્પન્ન ન થાય.

આ અંગે ઘણું કહેવા જેવું છે. પણ અત્યારે આટલું જ પુરતું છે.

(ખ) ખાસ ધ્યાનમાં રાખવું કે જેમાં જૈન સાધુનો આશય ભળેલો હોય તે જ વસ્તુ દોષિત બનશે. દા.ત. "મારા ઘરે કોઈપણ આવે એને આપવું" એવા આશયમાં કોઈપણની અંદર જૈન સાધુ પણ આવીજ જાય છે. માટે એ ગોચરી ઉદ્દેશ દોષવાળી બને છે.

પણ કોઈ હિન્દુને ત્યાં ૪૦ સંન્યાસી જમવા આવવાના હોય અને સંન્યાસીઓ માટે રસોઈ બનાવે તો એમાં ૪૦ સંન્યાસીઓનો આશય હોવાથી એ રસોઈ નિર્દોષ ગણાય. અલબત્ત "જૈન સાધુને ન વહોરાવવું" એવો એનો ભાવ નથી જ. પણ રસોઈ બનાવવાના એના સંકલ્પમાં ૪૦ સંન્યાસીઓ જ છે અને માટે જ એ રસોઈ નિર્દોષ ગણાય.

એમ ૫૦૦ ગરીબોને ખવડાવવા માટે કોઈ શ્રીમંત રસોઈ બનાવે તો એમાં જૈન સાધુ એ આશયમાં વિષય ન બનતા હોવાથી એ રસોઈ નિર્દોષ ગણાય. (સંખડિ વગેરે દોષ લાગે, એ જુદી વાત.)

કોઠારિયાગામમાં વજા ભગત કુતરાઓ+સંન્યાસી માટે રોજ ૪૦૦૦ રોટલા બનાવે છે. એમાં એના આશયમાં જૈન સાધુ ન હોય તો એ નિર્દોષ ગણાય. હા ! એનો આશય એવો હોય કે "જે આવે, તે બધાયને આપવું" તો એ દોષિત બને.

ખ્યાલ રાખવો કે "જૈન સાધુને ન વહોરાવવું" એવો આશય તો પ્રાયઃ કોઈપણ ન જ રાખે. એટલે આવા અનુકંપાદિ દાન કરનારાને પુછીએ કે તમારે ત્યાં જૈન સાધુ આવે તો તમે વહોરાવો કે નહિં ? " તો એ ના પાડવાનો નથી જ. પણ એટલા માત્રથી "એના આશયનો વિષય જૈન સાધુઓ પણ છે જ" એવું ન માનવું.

એને એમ પ્રશ્ન પુછવામાં આવે કે "આ બધું તમે કોના માટે કરો છો ?" અને એનો જવાબ એ મળે કે "ગરીબો માટે, કુતરાઓ માટે, જમવા આવનારા ૪૦-૫૦ સંન્યાસીઓ માટે, યાત્રાળુઓ માટે.... તો આમાં ક્યાંય સાધુનો સમાવેશ ન થાય. કેમકે સાધુ ગરીબ, કુતરા, સંન્યાસી કે યાત્રાળુમાં નથી ગણાતા.

પરંતુ પેલો એવો જવાબ આપે કે "મારે ત્યાં જે કોઈપણ ભિક્ષા લેવા આવે એને માટે, આ રસ્તેથી પસાર થતા તમામ લોકો માટે, સંસારત્યાગી તમામ માટે.... તો એમાં જૈન સાધુનો સમાવેશ થાય. કેમકે જૈન સાધુ તેના ઘરે ભિક્ષા લેવા જનારા, રસ્તેથી પસાર થનારા, સંસાર ત્યાગી તરીકે ગણી જ શકાય છે.

એમ પાખંડીઓમાં પણ જૈન સાધુનો સમાવેશ થાય. [૫૮]પાખંડ એટલે વ્રત. એને જે ધારણ કરે તે પાખંડી. એટલે વ્રતધારી તમામ જીવો પાખંડી કહેવાય. યાચક, ભિખારી, ગરીબો, કુતરાઓ એ બધાં એમાં ન ગણાય.

એટલે "પાખંડી માટે હું રસોઈ બનાવું" એવા ભાવથી કોઈક ભોજન બનાવે તો એ દોષિત બને. પરંતુ અઘોરી બાવા માટે કોઈ રસોઈ બનાવે, તો એ પાખંડી તો છે જ. છતાં એ રસોઈ બનાવનારને પુછીએ કે "તું કોના માટે રસોઈ બનાવે છે ?" તો જવાબ મળશે કે "અઘોરી બાવા માટે."

સાધુ પાખંડી હોવા છતાં અઘોરી બાવા નથી, એટલે આ ગોચરી સાધુ માટે નિર્દોષ બને.

એ જ રીતે શ્રમણોને માટે કોઈ વ્યક્તિ રસોઈ બનાવે તો એમાં [૫૯]પાંચ પ્રકારના શ્રમણોનો સમાવેશ થાય. એમાં નિર્ગ્રન્થરૂપી શ્રમણ તરીકે જૈન સાધુઓ ય આવી જાય. એમ બૌદ્ધ ભિક્ષુઓ, ગોશાળાના શિષ્યો પણ આમાં આવી જાય. કેમકે તેઓ શ્રમણ તરીકે ઓળખાય છે. એટલે 'શ્રમણ'ના ઉદ્દેશથી બનાવાયેલ ગોચરીમાં સાધુ પણ આવી જતા હોવાથી એ ગોચરી આદેશ દોષવાળી બને.

પણ કોઈક માત્ર બૌદ્ધ સાધુ માટે રસોઈ બનાવે, તો એમાં જૈન સાધુનો સમાવેશ થતો ન હોવાથી એ ગોચરી નિર્દોષ ગણાય.

જ્યારે માત્ર જૈન સાધુના જ ઉદ્દેશથી ઉદ્દિષ્ટ કૃત કે કર્મ કરે ત્યારે તો એ સ્પષ્ટ દોષિત ગણાય જ.

એટલે જે કેટલાકો એમ માને છે કે સંન્યાસીઓ માટે બનાવેલી ગોચરી શાસ્ત્રોમાં દોષિત કહી છે.... વગેરે. તેઓએ એ સમજવા જેવું છે કે જેમાં જૈનસાધુનો સમાવેશ ન થાય તેવા પ્રકારનો દાતાનો આશય હોય, ત્યાં એ ગોચરીમાં આ દોષ ન લાગે. (ત્યાં વહોરવાથી સંન્યાસીઓને અપ્રીતિ થાય.... એ બધાની અત્યારે વિચારણા નથી. અત્યારે માત્ર ૪૨ દોષ અંગેની જ સમજણ અપાય છે.)

(ગ) કોઈપણ વિભાગોદ્દેશિકમાં સ્થાપના દોષ તો લાગી જ જવાનો છે. છતાં સામાન્ય સ્થાપના કરતા અહીં કંઈક વિશેષતા છે એટલે એને જુદો દોષ દર્શાવ્યો છે.

જોગ કરનારા નિર્દોષના આગ્રહી સંયમીઓ ત્યાં જો સંઘજમણાદિ થયેલ હોય તો એની વધેલી મીઠાઈને જુદી રાખી મૂકાવે છે, જેથી જોગમાં નીવીના દિવસે ચાલે. આ મીઠાઈ ઉદ્દિષ્ટ સમાવેશ દોષવાળી ગણાય.

હોંશિયાર શ્રાવકો જ્યારે એ વધેલી મીઠાઈનો કાળ થવા આવે ત્યારે એના ભુકામાં ઘી વગેરે નાંખી ચૂલા ઉપર ચડાવી નવી મીઠાઈ તૈયાર કરી દેતા હોય છે. [૬૦]આ કર્મ-સમાદેશ દોષ કહેવાય. આ આધાકર્મી જેટલો જ ભયંકર છે.

વધેલા ચૂરમાના લાડવાના ભૂકામાં ઘી-ગોળ-ખાંડ ઓછા હોય તો એમાં એ બધું નાંખીને નવેસરથી એ લાડવા વાળી દે કે જેથી સાધુઓને ચાલે. આ રીતે કરે તો કૃત સમાદેશ બને.

હાલ ઉદ્દેશ-સમુદ્દેશ-આદેશ દોષના પ્રસંગ ઓછા દેખાય છે. કેમકે આપણી ગોચરી જૈનો પુરતી મર્યાદિત થઈ ચૂકી છે. જ્યારે આ ત્રણ દોષો અજૈનોના ઘરોમાં જ વધુ સંભવિત છે. એટલે મુખ્યત્વે સમાદેશ દોષ ઉપર આપણે વિચાર કર્યો.

**પૂતિ :** જે વસ્તુ સ્વયં નિર્દોષ હોવા છતાં અવિશોધિકોટિ દોષવાળા કોઈપણ વસ્તુના અવયવથી લેશ પણ મિશ્રિત થાય તે પૂતિ દોષવાળી કહેવાય.

(૧) આધાકર્મી (૨) વિભાગોદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદ, કર્મ સમુદ્દેશ, કર્મ-આદેશ, કર્મસમાદેશ (૩) પાખંડિમિશ્ર+સાધુમિશ્ર એમ બે મિશ્ર (૪) ભક્તપાનપૂતિ (૫) બાદર ઉત્ષ્વસ્કણ અવષ્વષ્કણ (૬) પાખંડિ અધ્યવપૂરક+ સાધુ-અધ્યવપૂરક, એમ બે અધ્યવપૂરક.

આ છ અવિશોધિકોટિના દોષ છે, આ દોષવાળી વસ્તુનો સુક્ષ્મ અંશ પણ જે નિર્દોષ વસ્તુમાં ભળે તે આખી ય વસ્તુ પૂતિદોષવાળી ગણાય. એના બે ભેદ છે.

[૬૧]● **સૂક્ષ્મ પૂતિ :** આધાકર્મી વસ્તુમાંથી નીકળતો ધૂમાડો+ આધાકર્માદિ વસ્તુની ગંધ+ આધાકર્મી વસ્તુમાંથી નીકળેલ બાષ્પ + આધાકર્મી બનાવવામાં સળગેલા લાકડા વગેરેની રાખ. આ ચાર વસ્તુ કોઈ નિર્દોષવસ્તુને લાગે તોય એ પૂતિદોષવાળી ન બને. કેમકે આ બધા

પુદ્ગલો ચૌદરાજ લોકમાં વ્યાપી જતા હોવાથી એને દોષ ન કહેવાય. જો એને દોષ કહીએ તો એનો ત્યાગ કરવો શક્ય નથી. એટલે શાસ્ત્રમાં આને દોષરૂપ ગણી નથી.

● **બાદરપૂતિ :** આધાકર્માદિ દોષવાળા વાસણો નિર્દોષ વસ્તુમાં પડે તો એ નિર્દોષ વસ્તુ ઉપકરણ પૂતિદોષવાળી બને. જ્યારે આધાકર્માદિ દોષવાળા આહાર-પાણી નિર્દોષ વસ્તુમાં પડે તો એ વસ્તુ ભક્તપાનપૂતિ દોષવાળી બને.

આમ સામાન્યથી પૂતિનો વિચાર કર્યો.

વર્તમાનમાં આ અંગે કેટલાક ખુલાસાઓ અત્યંત આવશ્યક છે.

(ક) પૂર્વકાળમાં વાસણો, થાળી, તપેલી, ચૂલો, ડોયો વગેરે બધું લગભગ માટીનું વપરાતું. વર્તમાન કાળમાં સર્વત્ર સ્ટીલ વગેરે ધાતુના જ વાસણો વપરાય છે. અને માટીના ચૂલાને બદલે ગ્યાસ વગેરે આવી ચૂક્યા છે. એટલે પ્રાચીનકાલમાં એવું બનતું કે સાધુ નિમિત્તે કોઈ જગ્યાએ માટીમાંથી નવો ચૂલો બનાવાય, નવા વાસણ વગેરે બનાવાય, અથવા જુના તુટી ગયેલા માટીના ચૂલા-વાસણોને નવા માટીના કાદવ દ્વારા સાંધવામાં આવે.

આ બધું સાધુ માટે થાય ત્યારે એ ઉપકરણો આધાકર્માદિ દોષવાળા બનતા. અને પછી એ ચૂલા-તપેલી વગેરેમાં ગૃહસ્થો પોતાના માટે પણ રસોઈ બનાવે તો એ રસોઈ ઉપકરણપૂતિદોષવાળી બનવાથી સાધુને ન ખપતી.

દા.ત. આધાકર્મી ચૂલા ઉપર દાળ-ભાતની તપેલી પડી હોય, આધાકર્મી તપેલીમાં દાળભાતાદિ હોય. આધાકર્મી ચમચી-ડોયો દાળ-ભાતાદિમાં નાંખેલા હોય.... આ બધા જ પ્રસંગોમાં એ ગોચરી ઉપકરણપૂતિદોષવાળી બનતી. ટુંકમાં આધાકર્માદિ દોષવાળા કોઈપણ ઉપકરણ સાથે સંબંધવાળી વસ્તુ એ ઉપકરણપૂતિદોષવાળી બનતી.

જો આ આધાકર્માદિ દોષવાળા ઉપકરણો સાથે એ દાળ-ભાતાદિનો સંપર્ક એની મેળે તુટી જાય, (સાધુ માટે નહિ) તો એ ગોચરી નિર્દોષ બની જાય.

દા.ત. શ્રાવિકા આધાકર્મી ચૂલા ઉપર પડેલી દાળની તપેલી જમવા માટે નીચે ઉતારે અને ત્યારે જ સાધુ પહોંચે તો એ દાળ નિર્દોષ ગણાય.

આધાકર્મી તપેલીમાંથી નિર્દોષ વાટકીમાં દાળ લઈને શ્રાવિકા જમવા માટે બેસે અને સાધુ પહોંચે તો એ દાળ નિર્દોષ ગણાય.

દાળની અંદર રહેલો આધાકર્મી ડોયો દાળ લેવા માટે બહાર કાઢ્યો અને ત્યારે જ સાધુ પહોંચે તો એ તપેલીની દાળ નિર્દોષ ગણાય. ડોયાની દાળ દોષિત જ ગણાય.

પણ સાધુ પહોંચે પછી શ્રાવિકા સાધુને વહોરાવવા માટે આધાકર્મી ચૂલા ઉપરથી દાળની

તપેલી નીચે ઉતારે, કે વાટકીમાં દાળ લે કે ડોયો દૂર કરે તો ન ચાલે. કેમકે આ બધુ સાધુ માટે થયું છે.

આજેય ગામડાઓમાં માટીના બનેલા ચૂલા વિગેરે જોવા મળે છે.

અલબત્ત આ ઉપકરણપૂતિનો વર્તમાનમાં પ્રેક્ટીકલ ઉપયોગ ઓછો થાય છે. કેમકે હવે ગ્યાસ અને વાસણો બધા ધાતુના જ બને છે, માટીના નહિ. અને એ પણ મોટી કંપનીઓમાં બને છે. એટલે એ ગ્યાસ-વાસણો આધાકર્માદિ દોષવાળા પ્રાયઃ હોતા નથી. માટે આ ઉપકરણપૂતિ દોષ લગભગ નથી લાગતો.

પણ આજે એ ઉપકરણપૂતિને પણ ટક્કર મારે એવી મોટી ઉપકરણપૂતિ ઉભી થઈ છે. પ્રાચીનકાળમાં તો ગૃહસ્થના વાસણો આધાકર્મી બનતા. આજે તો લગભગ તમામે તમામ સાધુ સાધ્વીઓના પાત્રા આધાકર્મી જ છે. એટલે ગમે એટલી નિર્દોષ ગોચરી લાવીએ તોય એ આ આધાકર્મી પાત્રામાં પડતા જ ઉપકરણપૂતિદોષવાળી બની જાય.

એમ તુંબડાઓ, લાકડાના બનતા લોટ, અમદાવાદી ઘડા વગેરે પણ બધું જ લગભગ આધાકર્મી જ બને છે. એટલે ગમે એટલું નિર્દોષ પાણી વહોરીએ તોય એ ઉપકરણપૂતિદોષવાળું બની જાય.

પણ વર્તમાનકાળમાં આ દોષનો ત્યાગ કરવો શ્રમણ-શ્રમણીઓ માટે પ્રાયઃ અશક્ય જ લાગે છે. એટલે જ જેમ શાસ્ત્રકારોએ સૂક્ષ્મપૂતિનો ત્યાગ અશક્ય હોવાથી એને દોષ નથી ગણ્યો અને એ દોષવાળી વસ્તુઓ નિર્દોષ જ માની છે. એમ હવે આ આધાકર્મી પાત્રાદિથી થનાર ઉપકરણપૂતિદોષનો ત્યાગ પણ શક્ય ન હોવાથી એ દોષવાળી વસ્તુ પણ આજે નિર્દોષ જ માનવી એ જરૂરી લાગે છે.

જો એને ય ભયંકર દોષ ગણશું તો સંયમીઓ એમ જ વિચારશે કે "આમેય આપણી ગોચરી દોષવાળી જ છે, તો પછી બીજા દોષો ત્યાગ કરવાનો અર્થ શું ?" અને પરિણામે તેઓ દોષોનો ત્યાગ કરવામાં ઢીલા પડશે.

માટેજ સૂક્ષ્મપૂતિની જેમ આજે આ ઉપકરણપૂતિ પણ દોષરૂપ હોવા છતાં ય દોષરૂપ ન ગણવી ઉચિત લાગે છે.

(૬૨)(ખ) જે ઘરમાં જે દિવસે આધાકર્મી બને, એ ઘર એ દિવસે આધાકર્મી અને પછીના ત્રણ દિવસ પૂતિ ગણાય. અર્થાત્ કોઈ શ્રાવિકાના ઘરે સોમવારે આધાકર્મી ઉકાળો બનાવડાવ્યો, તો મંગળ, બુધ, ગુરુ એ ઘર પૂતિદોષવાળુ ગણાય. એ ત્રણ દિવસ ત્યાં કંઈપણ વહોરનારને પૂતિદોષ લાગે. જે આધાકર્મીની ખૂબજ નજીકનો જ દોષ છે.

હા ! વચ્ચે જો પાછુ બુધવારે ત્યાં આધાકર્મી કરાવાય, તો બુધવારે એ ઘર આધાકર્મી

અને ગુરુ-શુક્ર-શનિ એ ઘર પૂતિદોષવાળુ ગણાય. અર્થાત્ એ ત્રણ દિવસ એ ઘરમાંથી ખાંડ વગેરે વસ્તુ વહોરવામાં પણ પૂતિદોષ લાગે.

(ગ) મોટી માંડલીમાં ગોચરી જનારાઓને ચાલુની અને આંબિલની બે ય ગોચરી લગભગ સાથે લાવવાની હોય છે. એમાં પાત્રા ઓછા પડતા હોય તો ભાતના પાત્રામાં જ આંબિલની રોટલી લઈ લેતા હોય છે. અથવા તો પછી એકજ પાત્રામાં આંબિલની ખીચડી અને ચાલુના ભાત પણ ભેગા વહોરતા હોય. ચાલુના ખાખરા અને આંબિલના ખાખરા પણ ક્યારેક ભેગા વહોરે.

આંબિલની ઘણી ખરી વસ્તુઓ મિશ્ર-આધાકર્માદિ દોષવાળી હોય છે. અને જો એમ હોય તો ચાલુની બધી ગોચરી પૂતિદોષવાળી બને. આ ભક્તપાનપૂતિ છે. એટલે હવે એ વસ્તુ જો પાછી બીજી કોઈ વસ્તુમાં નાંખે તો એ ય પૂતિ બને. દા.ત. આંબિલની આધાકર્મી - મિશ્રાદિ દાળનું એક ટીપું ચાલુના ભાતમાં પડયું, તો એ ભાત બધાજ દોષિત થાય. એ ભાતનો કણ પણ જો રોટલીના પાત્રામાં પડે તો બધી રોટલી પણ પૂતિવાળી બને.... ચેપીરોગની જેમ ધડાકાબંધ આખી માંડલીની બધી જ વસ્તુ પૂતિવાળી બની જાય તોય કોઈ નવાઈ નહિ.

આનો અર્થ એ નથી કે આંબિલો બંધ કરી દેવા. આનો અર્થ એટલો જ કે આવી જે દોષિત ગોચરી લાવવાની હોય તે બધી જ ગોચરી તદ્દન છુટા પાત્રમાં જ લાવવી જોઈએ. શક્ય હોય તો આંબલિખાતામાંથી એ દોષિત ગોચરી લાવવા માટે જુદા જ સાધુની નિમણુંક કરી દેવી. એણે કોઈપણ શુદ્ધ ગોચરી લાવવાની નહિ અને બાકીના સાધુઓએ દોષિત લાવવાનું નહિ.

આમ શુદ્ધ અને દોષિત ગોચરી લાવનાર જ જો જુદા જુદા રાખવામાં આવે તો આ દોષ અટકાવી શકાય છે.

(ઘ) જે સંયમીઓ આંબિલાદિ માટે શ્રાવકોના ઘરોમાં દાળ રાખવાનું કહે કે રોટલી રાખવાનું કહે તેઓ ભલે કદાચ એમ માનતા હોય કે આ માત્ર સ્થાપના દોષ જ છે. પણ આ તેઓની ભ્રમણા લાગે છે. એવું અનુભવાય છે કે (૬૭)રોજેરોજ જ્યાં સંયમી વહોરવા જાય ત્યાં તે તે વસ્તુઓ વધારે પ્રમાણમાં બનવા જ લાગે છે. અર્થાત્ રોટલીમાં, દાળમાં સાધુના આશયથી ગોચરી વધુ બનવા લાગે છે. એટલે દોષિત - મિશ્રદોષવાળી બનવાની શક્યતા છે જ, ભલે આપણે મનને મનાવીએ. પણ ત્યાં આ મિશ્રાદિદોષવાળી વસ્તુ અને તેની સાથેની બીજી વસ્તુઓ પણ દોષિતપૂતિ બની જાય છે. પાછી એજ વાત કે આનો અર્થ એ નથી કે આંબિલ બંધ કરી દેવા. આસક્તિ ત્યાગ માટે પૂજ્ય ગુરુદેવોના માર્ગદર્શન અનુસાર

આંબિલો અવશ્ય કરવા. પણ "એમાં આ દોષો લાગે છે." એ સ્વીકારી એના પ્રાયશ્ચિત્ત પણ લઈ લેવા. જો મનના સંતોષ ખાતર મોટો દોષ હોવા છતાંય નાના દોષો જ માની એના જ પ્રાયશ્ચિત્ત કરીએ. તો મોટા દોષોનું પ્રાયશ્ચિત્ત ન થવાની સશલ્યમરણ થાય.

બેફામ બનીને નિર્દોષ વિગઈઓ વાપરનારા કરતા યતના પૂર્વક આધાકર્માદિ દોષ વાળી ગોચરીથી આંબિલ કરનારાઓ કરોડ ગણા મહાન છે. પણ જે દોષ લાગે છે, એનો અપલાપ નિહ્નવ કરવો એ તો આતમ સાથે છેતરપિંડી કહેવાય. એટલે તટસ્થ મનથી આ વાતનો વિચાર કરી, જો ખરેખર મિશ્ર પૂતિ વગેરે દોષો જણાય, તો આંબિલો ચાલુ રાખીને બીજી બાજુ આ દોષોનું પ્રાયશ્ચિત્ત પણ કરતા જ રહેવું એજ શાસ્ત્રીય માર્ગ છે.

(ચ) આંબિલખાતામાં જે ભઠ્ઠી વગેરેમાં બલવંત તૈયાર કરાય છે, એ લગભગ આધાકર્મી અથવા તો મિશ્ર દોષવાળું જ હોય છે. એનું કારણ એ છે કે (૧) આંબિલખાતાની રસોઈમાં તો ત્યાંના રસોઈયાઓ કાચુ મીઠું જ નાંખતા હોય છે, કેમકે રસોઈમાં તો એ અચિત્ત થઈ જ જાય છે. એટલે આંબિલ ખાતામાં બનતી રસોઈમાં તો પાકું મીઠું વપરાતું નથી જ તથા આંબિલખાતામાં આંબિલ કરનારાઓ પોતાની રસોઈ મીઠાવાળી જ હોવાથી બલવંતનો ઉપયોગ ઘણો જ ઓછો કરે. એટલે આ બલવંતનો વધુ ઉપયોગ તો સાધુ-સાધ્વીઓ જ કરતા હશે. (૨) ધારો કે શ્રાવકો બલવંત વાપરે છે તોય બીજીબાજુ સાધુ-સાધ્વીઓ પણ એ બલવંત સારા પ્રમાણમાં વાપરે છે. ઘણા શ્રાવકો સાધુ-સાધ્વીઓનો લાભ લેવા માટે જ ઘરે બલવંત ભરી રાખતા હોય છે. એટલે આ બલવંત કમ સે કમ મિશ્ર તો લાગે જ છે.

અને એ બલવંત મિશ્રદોષવાળું હોય તો હવે આંબિલની નિર્દોષ દાળમાં કે મોળા ભાતમાં એ બલવંત નાંખીએ કે તરત એ બધું જ પૂતિદોષવાળું બની જાય. કહેવાતી આખી નિર્દોષ ગોચરી માત્ર આ બલવંતના કારણે પૂતિ બને.

આવી બીજી પણ અનેક બાબતો ગીતાર્થ ગુરુભગવંતો પાસેથી જાણી લેવી.

**મિશ્ર :** પોતાની રસોઈની સાથે જ યાચકાદિ માટે, પાખંડી માટે કે જૈન સાધુ માટે પણ સાથે રસોઈ બનાવે તો એ વહોરેલી ગોચરી મિશ્રદોષવાળી બને.

આના ત્રણ ભેદ છે.

(૧) "જે કોઈ આવશે એ બધાને આપશું" એવા આશયથી પોતાની રસોઈ સાથે જ વધારે રસોઈ બનાવે તો એ યાવત્કથિક મિશ્ર.

(૨) "જે કોઈ પાખંડી આવશે, એને આપશું" એવા આશયથી પોતાની રસોઈની સાથે

જ વધારે રસોઈ બનાવે તો એ પાખંડિ મિશ્ર.

(૩) "જૈન સાધુને વહોરાવશું" એમ જૈન સાધુના આશયથી પોતાની રસોઈની સાથે જ વધારે રસોઈ બનાવે તો એ સાધુ મિશ્ર.

હવે આમાં વિશેષ બાબતો જોઈએ.

(ક) આધાકર્મીમાં જેમ "વસ્તુ ઉતારતી વખતે કયો આશય છે ?" એ મહત્ત્વનું હતું, એજ વાત અહીં પણ સમજી લેવી. અર્થાત્ ગ્યાસ ઉપર વસ્તુ બનાવવા મૂકતી વખતે ઘરનો+સાધુનો બેયનો આશય હોય, તો ય એ વસ્તુ બની જાય તે વખતે માત્ર ઘરનો જ આશય આવી જાય તો નિર્દોષ કહેવાય અને માત્ર સાધુનો આશય આવી જાય તો આધાકર્મી !

એટલે આધાકર્મીમાં જે ચારભાંગા વગેરે બતાવ્યું છે. લગભગ બધું એ જ પ્રમાણે મિશ્રમાં પણ સમજી લેવું.

(ખ) નાનકડા ગામમાં એક જ ઘરમાં ૨૫ સાધુઓ + ૩ ઘરના સભ્ય એમ ૨૮ માટે રસોઈ બને તો એ મિશ્ર જ કહેવાય. પણ આ મિશ્ર આધાકર્મીની ઘણી નજીક રહેલું મિશ્ર ગણવું.

"૨૫ ઘરના સભ્યો અને ૩ સાધુઓ" એમ મિશ્ર બનેલું હોય તો એ તો સ્પષ્ટપણે મિશ્ર છે જ. ટૂંકમાં સાધુની સંખ્યા જેટલી વધારે એટલો મિશ્ર દોષ મોટો, અને સાધુની સંખ્યા જેટલી ઓછી એટલો મિશ્ર દોષ નાનો.

આંબિલ ખાતે ૨ બહેનોને આંબિલ હોય અને ૮-૧૦ સાધુ-સાધ્વીજી વહોરનારા હોય તો એ મોટો મિશ્ર દોષ કહેવાય. અને ચૌદશના દિવસે ૨૫ બહેન આંબિલમાં હોય અને ૮-૧૦ સાધુ-સાધ્વી વહોરવા આવે તો એ વખતે મિશ્ર દોષ નાનો લાગે.

(ગ) આધાકર્મી વઘારેલા મમરા અને નિર્દોષ સેવ વહોરી ભેગી કરીએ તો એ મિશ્રદોષ ન બને. એમાં મમરા વપરાતા હોવાથી આધાકર્મી દોષ, અને સેવમાં ભક્તપૂતિ દોષ લાગે. મિશ્ર તો ત્યારે ગણાય કે જ્યારે ગ્યાસ ઉપરથી ઉતારતી વખતે સાધુ+ઘર બે ય નો ભેગો આશય હોય.

એક દોષિત અને બીજી વસ્તુ નિર્દોષ એમ બે ભેગા મળીને મિશ્ર ન બને.

**અધ્યવપૂરક :** ગૃહસ્થ પોતાના માટે જ રસોઈ બનાવવાની શરૂ કરે અને થોડીવાર બાદ સાધુ વગેરેનો લાભ લેવાની ભાવનાથી એ બનતી રસોઈમાં જ વધુ પ્રમાણ ઉમેરી દે તો એ અધ્યવપૂરક દોષ કહેવાય. એના ત્રણ ભેદ છે.

**(૧) ઓઘ-અધ્યવપૂરક :** "જે આવશે એને દાન આપશું" એવી ભાવનાથી પોતાના

માટે રાંધવાના શરુ કરેલા ભાત વગેરેમાં વધુ ચોખા નાંખે.

(૨) **પાખંડિ-અધ્યપૂરક :** પાખંડિના ઉદ્દેશથી ઉપર મુજબ વધુ ચોખા નાંખે.

(૩) **સાધુ-અધ્યવપૂરક :** સાધુના ઉદ્દેશથી ઉપર મુજબ વધુ ચોખા નાંખે.

આમાં વિશેષ બાબતો જોઈએ.

(ક) પોતાના માટે રસોઈ શરૂ કર્યા બાદ, વચ્ચે સાધુના ઉદ્દેશથી એમાં વધારો કર્યા બાદ પણ જો એ વસ્તુ ઉતારતી વખતે માત્ર પોતાનો જ આશય આવી જાય તો એ નિર્દોષ અને જો માત્ર સાધુનો જ આશય આવી જાય તો આધાકર્મી, અને સાધુ+ઘર બે યનો આશય રહે તો અધ્યવપૂરક.

આંબિલ ખાતે ખીચીયું ઘટી પડતા પાંચ-છ જણ માટે નવું ખીચીયું રાંધવા મૂક્યું; ત્યાં જ પાંચ-છ સાધ્વીજીને વહોરવા આવતા જોઈ રંધાતા ખીચીયામાં વધુ લોટ-પાણી-મીઠું નાંખી દીધું. સાધ્વીજીઓએ ગમે તે કારણે એ વહોર્યું નહિ, અને નીકળી ગયા.

હજી ખીચીયું બન્યું ન હતું, સાધ્વીજી જતા રહેવાથી હવે એ ખીચીયું ગ્યાસ ઉપરથી ઉતારતી વખતે માત્ર ગૃહસ્થનો જ આશય છે અને ઉતાર્યા બાદ તરત કોઈ બીજા સાધ્વીજી વહોરવા આવે તો એમને એ ખીચીયું વહોરવા-વાપરવામાં કોઈ દોષ નથી.

આજ વાત ચાહ વગેરેમાં ય વિચારી લેવી.

(ખ) કોઈને શંકા પડે કે "આધાકર્મીની જેમ મિશ્રમાં પણ ચાર ભાંગા લગાડવાના હોય તો એ મિશ્રમાં એક ભાંગો એય આવશે કે "વસ્તુ બનાવવાની શરુ કરી ત્યારે માત્ર પોતાનો આશય અને વસ્તુ ઉતારી, ત્યારે સાધુ + ઘર બેયનો આશય.

તો હવે અધ્યવપૂરક પણ આવું જ છે ને ? એમાંય વસ્તુ બનાવવાની શરુ કરતી વખતે માત્ર ઘરનો જ આશય છે. જ્યારે ઉતારતી વખતે ઘર+સાધુ બેયનો આશય છે. તો આ મિશ્રનો ભાંગો અને અધ્યવપૂરક વચ્ચે ભેદ નહિ રહે."

આનું સમાધાન એ છે કે અધ્યવપૂરકમાં વચ્ચે વસ્તુમાં વધારો કરવામાં આવ્યો છે, જ્યારે મિશ્રમાં આ વધારો કરવામાં આવતો નથી. આમ વધારો/અ-વધારો એ બેની દૃષ્ટિએ બેમાં ભેદ સમજી લેવો.

<u>અભ્યાહૃત :</u> સાધુને વહોરાવવા માટે ગૃહસ્થો આહાર-પાણી વગેરે લઈને સાધુ પાસે આવે તો એ વસ્તુઓ અભ્યાહૃત કહેવાય.

એના બે પ્રકાર છે. આચીર્ણ અને અનાચીર્ણ.

૧૦૦ ડગલાની અંદરથી જ સાધુ પાસે ગોચરી લવાતી હોય અને સાધુ એ લવાતી

ગોચરીમાં ૧૦૦ ય ડગલા ઉપર ઉપયોગ રાખી શકે તો એ અભ્યાહૃત હોવા છતાં દોષ નથી ગણાતો. આ આચીર્ણ અભ્યાહૃત છે.

અનાચીર્ણ અભ્યાહૃત બે રીતે છે. સ્વગામ-અભ્યાહૃત અને પરગામ-અભ્યાહૃત.

સાધુ જે ગામમાં છે, એજ ગામમાંના શ્રાવક કે શ્રાવિકા સાધુ માટે ગોચરી લાવે તો એ સ્વગામ અભ્યાહૃત.

અને બીજા ગામમાંથી સાધુ માટે ગોચરી લાવે તો એ પરગામ અભ્યાહૃત.

આ બધુ જો એવી રીતે શ્રાવકો કરે કે સાધુને એ ગોચરી નિર્દોષ જ લાગે. અભ્યાહૃત ન લાગે. તો એ પ્રચ્છન્ન અભ્યાહૃત.

અને સરળ શ્રાવકો સાધુઓને કહી જ દે કે "તમારા માટે જ લાવ્યા છીએ." તો એ પ્રગટ અભ્યાહૃત.

આ દોષમાં વિશેષ બાબત જોઈએ.

(ક) પ્રાચીનકાળના ઘરો જોશો તો દેખાશે કે એમાં ગાળા પદ્ધતિના ઘરો ય રહેતા. અર્થાત ઉભી લાઈનમાં એકજ ઘરમાં પાંચ-છ ઓરડાઓ હોય, પહેલા ઓરડામાં રહેલાને છેક પાંચમાં ઓરડામાં રહેલી વ્યક્તિ પણ દેખાય એ રીતે સીધી લાઈનમાં બધાના એક સરખા દરવાજા રહેતા. હવે ક્યારેક આવા એકજ ઘરમાં ત્રણ-ચાર રસોડા પણ હોય. તો પહેલા ઓરડાના પહેલા રસોડામાં વહોરનારા માટે પાંચમાં ઓરડામાંના ત્રીજા-ચોથા રસોડામાંના બહેન વસ્તુ લઈને છેક પહેલા ઓરડામાં લાવે તો આ અભ્યાહૃત ગણાય.

અહીં પૂર્વે તો સંઘાટક વ્યવસ્થા હતી એટલે એક સાધુ વહોરવામાં ઉપયોગ રાખે અને બીજો સાધુ ત્રણ ઘર દૂરથી આવતા બહેન, ગોચરી વગેરેમાં ઉપયોગ રાખે. જો એ બહેન કાચાપાણીની ડોલ વગેરે હટાવીને કે વનસ્પતિ વગેરે હટાવીને આવતા દેખાય તો સાધુ એ ન વહોરે અને આવા કોઈ દોષ ન હોય તો સાધુ વહોરે.

ટૂંકમાં જયાંથી રસોઈ-ભોજન લવાય છે, તે જગ્યાથી માંડીને સાધુ સુધીની બધી જગ્યામાં જો સાધુનો ઉપયોગ રહેતો હોય તો જ એ ગોચરી વહોરાતી.

હા ! જો એક જ સાધુ વહોરનાર હોય તો તો આવી ગોચરી પણ ન ચાલે. કેમકે એનો ઉપયોગ તો ગોચરી વહોરવામાં હોવાથી દૂરથી આવતી ગોચરીમાં એને ઉપયોગ ન જ રહે.

આજે આવી ઘરપદ્ધતિ ઓછી જોવા મળે છે. ફ્લેટ કે બંગલા પદ્ધતિમાં આ બધુ શક્ય જ નથી. વળી સંઘાટક વ્યવસ્થા પણ લગભગ પળાતી નથી. એટલે બાજુના ઘરમાંથી લાવવામાં આવે તોય એ વસ્તુ સાધુને ન કલ્પે.

ઘણીવાર એક ફલેટમાં વહોરતા હોઈએ અને બાજુના ફલેટવાળા અમુક વસ્તુ ત્યાં જ લાવીને વહોરાવતા હોય છે. પણ એ બધુ અભ્યાહૃત જ ગણાય.

એટલે આજે તો આજુબાજુના ઘરમાંથી લાવેલી ગોચરી અભ્યાહૃત દોષવાળી જ બની જતી હોવાથી એ વહોરી ન શકાય.

(ખ) બાજુના ઘરથી લાવેલું તો ન જ ચાલે. પણ ઘણીવાર એવું બને છે કે જે ઘરમાં વહોરતા હોઈએ ત્યાં પણ અભ્યાહૃત દોષ લાગતો હોય છે. સાધુ બહારની રૂમમાં ઉભો રહી વહોરતો હોય અને શ્રાવિકા અંદર રસોડામાંથી વસ્તુ લાવીને વહોરાવતી હોય એ વખતે રસોડાની દિવાલ વચ્ચે આવવાથી અંદર ગયેલ શ્રાવિકા નીચે ક્યાં ક્યાં પગ મૂકે છે ? વસ્તુઓ કયા કયા સ્થાનથી લાવે છે ? વગેરે કંઈ જ ન દેખાય, એટલે લવાતી વસ્તુ વગેરેમાં ઉપયોગ ન રહેતો હોવાથી આ અભ્યાહૃત દોષ ગણાય, સંયમીને ન કલ્પે.

ક્યારેક સાધુ રસોડામાં વહોરતો હોય અને શ્રાવિકા અમુક વસ્તુ વહોરાવવા એ વસ્તુ લેવા બીજી રૂમમાં જાય. હવે ત્યાં તો સાધુનો ઉપયોગ ન રહેવાથી એ વસ્તુ અભ્યાહૃત બની જાય. ક્યારેક કેટલીક વસ્તુ રસોડામાં પડી હોય, કેટલીક બહાર ટેબલ ઉપર પડી હોય તો ત્યારે રસોડામાં વહોરતા સાધુને બહારની વસ્તુઓ વહોરાવવા બહેન બહાર નીકળી વસ્તુ રસોડામાં લાવે. અહીં પણ સાધુનો ઉપયોગ ન રહેતો હોવાથી અભ્યાહૃત દોષ લાગે.

આ બધા પ્રસંગોમાં સાધુ બહેનની પાછળ-પાછળ છેક રૂમમાં જાય.. તો એ બેહુદું લાગે, એટલે કાં તો એ વસ્તુ વહોરવા ના પાડી દેવી અથવા તે બહેનને આપણો આચાર સ્પષ્ટ શબ્દોમાં સમજાવી, એમની રજા લઈ એમની સાથે રૂમ-રસોડા વગેરેમાં જવું. આચાર જણાવ્યા બાદ કોઈ વાંધો ન આવે, છેવટે ગાઢ કારણે એ દોષ સેવવો પડે તો પ્રાયશ્ચિત્ત કરી લેવું.

(ગ) ઉપરના અભ્યાહૃત તો હજી નાના છે. પણ સાધુ માટે શ્રાવક કે શ્રાવિકા છેક ઉપાશ્રયમાં બધું લાવી વહોરાવે એ અતિ ભયંકર ઘટના છે. રે ! ચોમાસામાં ચાલુ ધીમા વરસાદે પણ સાધુ જો વાપરવું અત્યંત જરૂરી હોય તો જાતે ઘરોમાં ગોચરી વહોરવા જાય પણ ઉપાશ્રયમાં ગોચરી ન મંગાવે, તો પછી શિયાળા-ઉનાળામાં ભાઈ-બેનો ઉપાશ્રયમાં ગોચરી લાવી વહોરાવે એ તો ખૂબ જ ખોટું કહેવાય.

આમાં શ્રાવકોનો દોષ જેટલો છે, એના કરતા વધારે દોષ સાધુઓનો છે. તેઓ આ રીતે લાવેલું વહોરે છે, રે ! સામેથી આવી રીતે લાવવાની પ્રેરણા કરે છે ત્યારે જ શ્રાવકો ઉપાશ્રયમાં ગોચરી લાવે છે.

જિનશાસન માટે કલંકભૂત એક પ્રવૃત્તિ સાંભળવા મળી કે સવાર-બપોર -સાંજ ત્રણ

ટાઈમ ચાર પાંચ બહેનો ટિફીન તૈયાર કરી ઉપાશ્રયમાં લાવી પડદાની પાછળ મૂકી દેતા, સાધુ એમાંથી જે ઈષ્ટ લાગે તે વહોરી, વાપરી લે. અને પછી બહેનો ટિફીનો પાછા લઈ જાય.

માંદગી વગેરે કોઈપણ કારણો વિના માત્ર આસક્તિ ખાતર યુવાન સાધુ દ્વારા કરાતી આ પ્રવૃત્તિ જિનશાસન માટે મોટુ કલંક કહેવાય. કેટલી ભયંકર અનવસ્થા ચાલે !

કોઈપણ ભોગે આ રીતે ઉપાશ્રયમાં લાવેલા ગોચરી પાણી ન જ વહોરવા જોઈએ. આપણા કહ્યા વિના જ શ્રાવકો પોતાની મેળે લઈને આવે તોય એમને ખુશ કરવાની પંચાતમાં પડ્યા વિના જિનેશ્વરદેવોની આજ્ઞાના પાલનમાં કટિબદ્ધ બનવું જોઈએ. સ્પષ્ટ ના પાડી કહેવું કે "તમારે ઘરે ગોચરી વહોરવા આવું ત્યારે વહોરાવજો. મને જે નિર્દોષ લાગશે, તે લઈશ."

વળી અત્યારની અભ્યાહૃત ગોચરી આધાકર્મી, મિશ્ર વગેરે દોષાવાળી જ લગભગ હોય છે. કેમકે આ રીતે ગોચરી લાવનારા ભક્ત શ્રાવકો જ હોય છે અને તેઓ સાધુઓ પ્રત્યેની ગાંડી ભક્તિથી સારી સારી વસ્તુઓ બનાવીને લાવે એ શક્ય જ છે. એટલે વર્તમાનકાળની અભ્યાહૃત ગોચરીઓમાં માત્ર અભ્યાહૃત દોષ નહિ, પરંતુ આધાકર્મ વગેરે દોષો પણ લાગતા હોય છે.

વળી આ બધી વસ્તુઓ પ્રાયઃ આસક્તિકારક જ હોય છે. સાધુના સંયમપરિણામનું કચૂંબર થયા વિના ન રહે.

એટલે જ આત્માર્થી સંયમીએ ઉપાશ્રયમાં લવાયેલી ગોચરી કદિ ન વહોરવી, કે ન વાપરવી.

(ઘ) "બહારગામથી સાધુને ગોચરી વહોરાવવાના ઉદ્દેશથી ગોચરી લઈને શ્રાવકો આવે" એવો પ્રસંગ વર્તમાનમાં ઓછો જોવા મળે છે. જ્યાં ગોચરી દુર્લભ છે, ત્યાં લગભગ રસોડા વગેરેની વ્યવસ્થા થઈ ચૂકી હોય છે. હા ! જ્યાં રસોડાની વ્યવસ્થા નથી, ત્યાં નજીકના ગામના સંઘો ગોચરી-પાણી લાવતા હોય છે. આ પરગામ અભ્યાહૃત બને છે.

ગાડી સ્કુટર ઉપર આ રીતે સાધુ માટે ગોચરી લાવવામાં એ એક્સીડન્ટ વગેરે થાય તો સાધુને માથે કલંક ચોંટે કે "એમને ગોચરી વહોરાવવા જતા આ પ્રસંગ બન્યો." એટલે જ આ પરગામ અભ્યાહૃત વધારે ભયંકર છે. આ કાળની દૃષ્ટિએ એમ લાગે કે જો નિર્દોષ ગોચરી ન જ મળે તો છેવટે ત્યાં જ આધાકર્મી વાપરવું ઓછું નુકશાનકારી છે, પણ શ્રાવકો પાસે બહારગામથી ગોચરી મંગાવવી વધુ નુકશાનકારી છે.

આમ જ્યાં ગોચરીની વ્યવસ્થા નથી, તેવા સ્થાનોમાં પરગામ-અભ્યાહતનો પ્રસંગ બને છે. પણ એ સિવાય પ્રાયઃ આ પ્રસંગ બનતો નથી.

(૬૪)સાધુના સંસારી સ્વજનો વર્ષે એક બે વાર મળવા આવતા હોય છે, ત્યારે તેઓ લાભ લેવા સાથે વસ્તુઓ પણ લેતા આવે. છતાં એ અભ્યાહત ન ગણાય. કેમકે તેઓ સાધુને વહોરાવવા માટે નથી આવ્યા. એમનો મુખ્ય ઉદ્દેશ તો સાધુને મળવાનો, વંદનાદિ કરવાનો હતો. ગોચરી વહોરાવવી એ કંઈ મુખ્ય ઉદ્દેશ નથી હોતો. અને માટે જ આવી ગોચરી અભ્યાહત દોષવાળી ન ગણાય.

પરંતુ સ્વજનસાધુના સ્નેહથી તેઓ સારી સારી વસ્તુ બનાવીને લઈ આવે એ તો બને જ છે. એટલે અભ્યાહત કરતાં ય મોટો આધાકર્માદિ રૂપ દોષ લાગે.

કોઈને પ્રશ્ન થાય કે "શિયાળામાં કાજુ બદામ વગેરે લાવે, ખાખરા વગેરે વસ્તુ લાવે, ઘર માટે જ બનાવેલી સુખડી વગેરે લાવે. તો એમાં તો કોઈ દોષ નહિ ને ?"

એનો ઉત્તર એ કે તેમાં આધાકર્મી ન પણ લાગે. પરંતુ આ બધી વસ્તુ સાધુને વહોરાવવા માટે ડબ્બા વગેરેમાં ભરે, કબાટ ખોલબંધ કરે. આ બધામાં બીજા દોષો લાગવાની સંભાવના છે. (સ્થાપના, કપાટોદ્ભિન્ન, ક્રીત વગેરે) એટલે આ વસ્તુઓ વહોરવી નહિ.

નવો પ્રશ્ન થાય કે "સંસારી સ્વજનો ૮-૧૦ દિવસ માટેના યાત્રા-પ્રવાસ માટે જ નીકળ્યા હોય અને સાધુને મળવા આવે. તો તેઓ તો બધી જ વસ્તુ પોતાના માટે જ લઈને નીકળ્યા હોય. આવાં પ્રવાસમાં પુરતો નાસ્તો લઈને જ બધા નીકળતા હોય છે. એટલે આમાં તો કોઈપણ જાતનો દોષ નથી જ લાગતો."

સમાધાન એ કે, આ વાત સાચી છે. આવી યાત્રા પ્રવાસ માટે નીકળેલી બસો, ગાડીઓ વગેરેમાં નાસ્તો વગેરે હોય જ છે અને એ સંપૂર્ણ નિર્દોષ પણ હોઈ શકે છે. પણ છતાં વર્તમાન સાધુઓની મંદ વૈરાગ્યધારા વગેરેને લીધે આવી વસ્તુ પણ વહોરવા જેવી નથી. જ્યાં આપણે રોકાયા હોઈએ, ત્યાં પુરતી ગોચરી મળી જ રહેતી હોય તો મળવા આવેલ ગાડી બસ વગેરેમાંથી ગોચરી વહોરવાની જરૂર જ શી છે ?

શું સંયમીઓ એમાંથી લુખા ખાખરા જ વહોરે છે ? કે પછી મીઠાઈ-સુખડી, વેફર, ચવાણું વિગરે આસક્તિકારક વસ્તુઓ વહોરે છે ?

વળી આજે જો આ રીતે નિર્દોષ માની વહોરવામાં આવશે, તો આ સંસ્કાર આવતી કાલે દોષિત વહોરવા માટેય પ્રેરણા કરનારા બનશે. ગચ્છમાં અનેક સંયમીઓ હોય, હમણાં વહોરનાર સંયમી નિર્દોષની ગવેષણા કરીને વહોરતો હોય તોય બાકીના સંયમીઓ તો આનું

દૃષ્ટાન્ત લઈ ભવિષ્યમાં આધાકર્મી પણ વહોરવા જ માંડવાનાં.

આવા અનેક કારણસર આવી બસ-ગાડીઓની વસ્તુઓ તદ્દન નિર્દોષ હોય તો પણ વહોરવા જેવી નથી.

હા ! વિહારધામ વગેરે જે સ્થાનોમાં ગોચરી દુર્લભ જ હોય અને ત્યાં બસ-ગાડી આવી જાય તો એમના ભાવ પ્રમાણે યતનાપૂર્વક વહોરી શકાય. પણ એ વખતે પણ તમામ સાધુઓને સ્પષ્ટ કહેવું કે આ ય દોષ જ છે. માત્ર આધાકર્માદિ મોટા દોષથી બચવા આ નાનો દોષ સેવીએ છીએ.

(ચ) સાથેના માણસ પાસે પાણી મંગાવવું, પરાતમાં ઠરાવવું, ઘડાઓમાં ગળાવવું વગેરે બધુ જ અભ્યાહૃત વગેરે દોષોની સંભાવનાવાળું જ છે. આવું કરાવનાર સંયમી અને સંસારી શેઠીયાઓ વચ્ચે શું ભેદ ? એની તપાસ કરાવવાની બાકી છે.

**સ્થાપના :** સાધુને વહોરાવવાના ઉદ્દેશથી જે વસ્તુ ગૃહસ્થ રાખી મૂકે એ સ્થાપના દોષ કહેવાય. આમાં વિશેષ પદાર્થો જોઈએ.

(૧) એપાર્ટમેન્ટોમાં ફ્લેટ પદ્ધતિની અંદર સ્થાપના દોષ લાગવાની શક્યતા ઘણી છે. સાધુ એક ઘરમાં ગોચરી માટે જાય અને આજુ-બાજુ, ઉપર-નીચેવાળાઓને સાધુ આવ્યા હોવાની ખબર પડે એટલે તેઓ તૈયાર રસોઈ નીચે ઉતારી વહોરાવવા માટેની બધી તૈયારી કરી દે. આ સ્થાપનાદોષ ગણાય. અને આવું તો વારંવાર બનતું જ હોય છે. એપાર્ટમેન્ટમાં પ્રવેશ કરીએ અને ઘણાને ખબર પડી જ જાય એટલે આ દોષ લાગી જાય.

એપાર્ટમેન્ટોમાં છેક ઉપર ચડી પછી ઉપરથી વહોરતા વહોરતા નીચે આવવું એના કરતાં ભોંયતળીયાના ઘરથી જ વહોરવાનું શરૂ કરી વહોરતા-વહોરતા ઉપર જવું વધુ હિતાવહ છે. કેમકે પહેલેથી જ છેક ઉપરના માળે જતા સાધુને નીચેના માળવાળાઓ જોઈ લે એટલે આધાકર્મી, સ્થાપના વગેરે દોષો ઉભા કરી જ દે. જયારે નીચેથી જ વહોરી વહોરીને ઉપર જઈએ તો ઉપરવાળાને સાધુ આવ્યાની ખબર ન પડી હોવાથી આધાકર્મી દોષ ન લાગે.

એમાંય વળી સાધુ આવ્યાની ખબર પડવાથી રોટલી તૈયાર ન હોય તો ઝટપટ બે-ચાર રોટલી બનાવી દે, દાળ-શાક ગરમ કરી દે કે ભાવિક બહેનો તો ચાર-પાંચ મિનિટમાં જ પાકા કેળાના શાક વગેરે પણ બનાવી દે. ઢોળાયેલું પાણી લુંછી નાંખે.... વગેરે ઘણા દોષો ય લાગે. હાલ તો આપણે સ્થાપનાની જ વિચારણા કરવાની છે.

(૨) આંબિલ માટેની દાળ-રોટલી કાઢી રાખવાનું કહીએ તો એમાં ઓછામાં ઓછો

સ્થાપના દોષ તો લાગે જ.

(૩) યોગોદ્‌વહનમાં નીવી માટે ઉપયોગી થાય એવી દૃષ્ટિથી સંઘ જમણાદિ બાદ વધેલી મીઠાઈ જુદી રખાવીએ એ સ્થાપના દોષ છે.

(૪) સંઘજમણ, છ'રી પાલિત સંઘના રસોડા, ઉપધાનના રસોડા વગેરેમાં જો સાધુ-સાધ્વીઓને વહોરાવવાનું કાઉન્ટર સ્વતંત્ર જુદુ રાખવામાં આવે અને ત્યાં રસોઈની બધી વસ્તુ લાવી રાખવામાં આવે કે જેથી સાધુઓ વહોરવા આવતા જાય અને એ સાધુઓને ત્યાંથી જ વહોરાવાય. તો ત્યાં સાધુ માટે જ જુદી તૈયાર કાઢી રાખેલી વસ્તુઓ આધાકર્માદિ દોષવાળી ન હોવા છતાં સ્થાપનાદોષવાળી ગણાય.

અલબત્ત એ વખતે ગૃહસ્થના કાઉન્ટર ઉપરથી જ ગોચરી વહોરવાનો આગ્રહ રાખવો પણ ઉચિત નથી લાગતો. કેમકે એમાં ગૃહસ્થોને અપ્રીતિ થાય, મોટા પ્રમાણમાં પાત્રાઓ ભરાતા જોઈ અપરિણત શ્રાવક અધર્મ પણ પામે. એટલે એ વખતે જેમાં ઓછું નુકશાન એ કરવું હિતાવહ છે.

**પ્રાભૃતિકા :** નક્કી કરેલા સમય કરતા સાધુને ઉદ્દેશીને રસોઈ વહેલી મોડી કરવી એ પ્રાભૃતિકા દોષ. એમાં વહેલું કરે તે અવષ્વષ્કણ અને મોડું કરે તો ઉત્ષ્વષ્કણ. બે ય સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે છે.

દીકરા-દીકરીના લગ્ન વૈશાખમાં નક્કી થયા હોય અને પછી ખબર પ્રડે કે સાધુઓ ચૈત્ર મહીને પધારી ચૈત્રના અંતમાં નીકળી જવાના છે. ત્યારે સાધુઓનો લાભ લેવા માટે શ્રાવક એ લગ્ન વહેલા રાખી દે અથવા જેઠ મહીનામાં સાધુ આવવાના જાણી વૈશાખના લગ્ન જેઠમાં કરી દે તો ક્રમશઃ બાદર અવષ્વષ્કણ અને ઉત્ષ્વષ્કણ ગણાય.

શ્રાવિકા ઘરના કોઈક કામમાં પરોવાયેલી હોય, છોકરો જમવાનું માંગે ત્યારે શ્રાવિકા કહે કે "હમણા ૧૫-૨૦ મિનિટમાં સાધુ વહોરવા આવશે. ઉપર આઠમાં માળે ગયા છે. ત્યારે એમને વહોરાવવા ઉભી થઈશ અને ભેગું તને પણ જમવાનું આપીશ. જેથી મારે વારે ઘડીએ ઉભા થવું ન પડે." અને એ પ્રમાણે કરે તો એ સૂક્ષ્મ ઉત્ષ્વષ્કણ દોષ કહેવાય. કેમકે અહીં સાધુ નિમિત્તે દીકરાને મોડું ભોજન આપે છે અને એમાં હાથ ધોવાદિ નાની-મોટી વિરાધના કરે છે.

એમ બાર વાગ્યે દીકરાને ભોજન આપવાનું હોય શ્રાવિકા કામમાં હોય ત્યાં પોણાબારે સાધુ આવે એટલે એમને વહોરાવવા ઉભી થાય અને દીકરાને કહી દે કે "તું હમણા જ જમવા બેસી જા, જેથી પાછુ મારે પંદર મિનિટ પછી ઉભા થવું ન પડે." અને એ પ્રમાણે કરે તો એ સૂક્ષ્મ અવષ્વષ્કણ કહેવાય.

આમ સાધુ નિમિત્તે ઘર સંબંધી આરંભ સમારંભ વહેલો / મોડો થાય તો આ બે પ્રકારની સૂક્ષ્મપ્રાભૃતિકા લાગી જાય.

આ અંગે કેટલીક વિશેષ બાબતો.

(૧) કેટલાકો એવું માને છે કે "શ્રાવિકા રોજ બાર-એક વાગે રોટલી વગેરે બનાવતી હોય અને સાધુ વહોરવા આવવાથી સાડા-અગ્યાર વાગે બનાવી દે તો આ સાધુ નિમિત્તે વહેલુ બન્યું એટલે સુક્ષ્મ અવષ્વષ્કણ દોષ લાગે.

અથવા રોજ ૧૦ વાગે જ જમી લેનાર શ્રાવિકા સાધુ ૧૧-૧૨ વાગ્યે આવતા હોવાથી સાધુના આશયથી મોડી રસોઈ બનાવે તો એ સૂક્ષ્મ-ઉત્ષ્વષ્કણ કહેવાય."

મારી દૃષ્ટિએ આ મોટી ગેરસમજ છે. શાસ્ત્રકારોએ જે બાદર-સૂક્ષ્મના દૃષ્ટાન્ત આપ્યા છે, તે ધ્યાનથી વિચારશો તો આમાં મોટો ભેદ દેખાશે.

બાદરપ્રાભૃતિકામાં લગ્ન વહેલા-મોડા કર્યા છે. એમાં એ તો સ્વાભાવિક હકીકત છે કે લગ્નના રસોડે ૩૦૦-૬૦૦ માણસ તો જમનાર હોય જ. એટલે એમાં શ્રાવકનો ભાવ સાધુનો લાભ લેવાનો ખરો.. પણ જે કંઈ રસોઈ બને છે, એ બધી તો ત્યારે ૬૦૦ માણસના ઉદ્દેશથી જ બને છે. એમાં સાધુનો આશય હોવા છતાંય વસ્તુઓ બનાવતી વખતે એ આશય મુખ્ય નથી બનતો કે એના માટે રસોઈ પણ વધુ નથી બનતી. એટલે એ બાદરપ્રાભૃતિકા કહેવાય પણ આધાકર્મી કે મિશ્ર ન બને.

જ્યારે સૂક્ષ્મપ્રાભૃતિકા વખતે શાસ્ત્રકારોએ બાદરના જેવું જ દૃષ્ટાન્ત નથી આપ્યું કે "શ્રાવિકા સાધુ નિમિત્તે વહેલું કે મોડું બનાવે." પરંતુ બાદર કરતા આખી શૈલિ બદલી કે "સાધુ નિમિત્તે દીકરાને વહેલુ-મોડું ભોજન આપે."

આની પાછળ સ્પષ્ટ રહસ્ય એ છે કે સાધુ નિમિત્તે જો અગ્યાર વાગે રોટલી ઉતારે, તો એમાં સ્પષ્ટ રીતે સાધુનો આશય હોવાથી એ આધાકર્મી જ બને. એમ દાળ-શાક વહેલા બનાવે તો એમાં સાધુનો આશય પણ ભેગો હોવાથી મિશ્રદોષ તો બની જ જાય.

એટલે સાધુને જ વહોરાવવા માટેની વસ્તુ જો વહેલી-મોડી બનાવે તો તો આધાકર્મી-મિશ્ર દોષ જ લાગે કેમકે વસ્તુ ઉતારતી વખતે ભેગો સાધુનો આશય ભળેલો છે. ત્યાં સૂક્ષ્મપ્રાભૃતિકા ન કહેવાય.

માટે જ શાસ્ત્રકારોએ ત્યાં બાળકના ભોજનને લઈને દૃષ્ટાન્ત બતાવેલ છે. એટલે કે એમાં સાધુ નિમિત્તે કોઈ વસ્તુ વહેલી-મોડી નથી બનતી, પરંતુ સાધુને વહોરાવવાની સાથે સાથે જ બીજા આરંભ સમારંભ થાય છે. એને સૂક્ષ્મપ્રાભૃતિકામાં ગણેલ છે.

ઉંડાણથી આ પદાર્થ વિચારવો.

(૨) શ્રાવિકાની દિકરી લેસન કરતી હોય, શ્રાવિકા એને કચરાપોતા કરવાનું, ઈસ્ત્રી કરવાનું, રસોઈ બનાવવાનું, પાણી ગરમ મૂકવાનું કામ સૂચવે. દીકરી જવાબ આપે કે "બસ ૫-૧૦ મિનિટ. આ લેસન પૂર્ણ થવા આવ્યું છે." ત્યાં જ સાધુ પ્રવેશે એટલે દિકરી લેસન બાજુ પર મૂકી વહોરાવવા માટે ઉભી થાય.

હવે જો સાધુએ પેલી વાતચીત સાંભળી હોય તો એ ત્યાં ન વહોરે. કેમકે સાધુને વહોરાવીને હવે એ બહેન લેસન કરવા બેસવાને બદલે બીજા બધા કામ કરવા લાગી પડે એ શક્યતા ઘણી છે. એટલે ત્યાં સૂક્ષ્મ અવષ્વષ્કણ લાગી જ જાય.

(૩) શ્રાવિકા તૈયાર થઈને ક્યાંક બહાર જતા હોય અને ત્યાંજ સાધુને સામેના ઘરમાં વહોરવા આવેલા જોઈ પાછા ઘરે જઈ તાળું ખોલી સાધુને વહોરાવવા લઈ જાય... અહીં પણ સાધુ નિમિત્તે એમનું બહાર જવું, વાહન ચાલુ કરવું વગેરે મોડું થાય છે, એટલે આ સૂક્ષ્મ ઉત્ષ્વષ્કણ કહી શકાય.

ખાસ ખ્યાલ રહે કે સાધુ માટે ઘરોમાં વહેલી-મોડી બનતી રસોઈને સૂક્ષ્મપ્રાભૃતિકા માનવાની ભુલ કોઈ ન કરે. ત્યાં આધાકર્મી, મિશ્રાદિ દોષની જ સંભાવના લાગે છે.

**પ્રાદુષ્કરણ :** સાધુ માટે અંધારામાં રહેલી વસ્તુ પ્રકાશાદિવાળા સ્થાનમાં લાવે અથવા તે જ સ્થાનમાં પ્રકાશ થાય તે માટે લાઈટ દીવો વગેરે કરે... આ બેય આ દોષમાં ગણાય..

આના વિશેષ અર્થો જોઈએ.

(ક) અંધારામાં રહેલી વસ્તુ સાધુ માટે પ્રકાશમાં લાવે તો જ આ દોષ છે. પ્રકાશમાં જ રહેલી વસ્તુ ગોચરી વહોરાવવાના સ્થાને લાવે અને સાધુની નજર પડતી હોય તો એમાં આ દોષ સમજવાનો નથી. સાધુની નજર ન પડતી હોય તોય જો પ્રકાશમાંથી જ પ્રકાશમાં લાવે તો એ અભ્યાહૃત જ ગણાય. ત્યાં આ પ્રાદુષ્કરણ દોષ ન લાગે.

(ખ) અત્યારની ગીચવસ્તી, ફલેટ પદ્ધતિ વિગેરેને લીધે ઘણા ઘરોમાં ધોળે દહાડે ભયંકર અંધારુ કે મધ્યમ અંધારુ હોય છે. બપોરે બાર વાગે પણ તેઓ રૂમ, રસોડાદિમાં લાઈટ કરીને કામ કરતા હોય છે.

એટલે જ્યારે સાધુ વહોરવા જાય, ત્યારે કાં તો તેઓ અંધારાવાળા રસોડામાંથી બધું બહાર લાવીને સાધુને વહોરાવે અને નહિ તો એ અંધારાવાળા રસોડામાં જ લાઈટ ચાલુ કરીને ત્યાં સાધુને ગોચરી વહોરાવે. આ બેય પરિસ્થિતિમાં સાધુને આ દોષ તો લાગે જ.

હા ! એ લોકો લાઈટ ચાલુ કરીને રસોડામાં કામ કરતા જ હોય અને સાધુ પહોંચે તો

સાધુ માટે લાઈટ કરવાની તો ન રહે. પરંતુ ત્યાં ઉજઈની વિરાધના થવાથી સાધુથી વહોરાય નહિ. દિવસે પણ અંધારાવાળા સ્થાનોમાં લાઈટ-બલ્બના પ્રકાશની ઉજઈ ગણાય જ. અને શ્રાવિકાએ અંધારુ હોવાના કારણે જ તો લાઈટ શરુ કરી છે એટલે ત્યાં તેજસકાયની વિરાધના લાગે જ.

અલબત્ત કેટલાક વિદ્વાનોનું એમ કહેવું છે કે જે બલ્બાદિમાં ચોક્ખો તાર દેખાય એનો પ્રકાશ ઉજઈ ગણાય. બલ્બમાં અંદર રહેલો તાર સ્પષ્ટ દેખાતો હોવાથી એનો પ્રકાશ ઉજઈ ગણાય, પણ ટ્યુબલાઈટ વિગેરેનો પ્રકાશ ઉજઈ ન ગણાય.

જો આ વાત સાચી હોય તો ત્યાં ઉજઈની વિરાધનાનો દોષ ન લાગે. પણ ખોટી હોય તો દોષ લાગે. એટલે આ અંગે પોત પોતાના ગીતાર્થ ગુરુજનોને પુછીને તેમના કહ્યા પ્રમાણે કરવું.

(ગ) રસોડામાંથી અંધારુ દૂર કરવા માટે રસોડાના બારી બારણાદિને જો શ્રાવિકા સાધુને ગોચરી વહોરાવવા માટે જ ખોલે, તો એ પણ આ દોષ ગણાય. એનું કારણ એ કે બહેન એક તો અંધારામાં જ એ બારી બારણા પાસે ચાલીને જવાના અને અંધારામાં જ એ બારી બારણા ખોલવાના. એટલે આ બધામાં જીવહિંસાદિની શક્યતા રહે જ છે. પરિણામે આ દોષ ત્યાં લાગુ પડે.

અલબત્ત એ બારી બારણા રોજેરોજ ખોલબંધ થતા હોવાથી ત્યાં જીવો રહ્યા હોય અને ખોલબંધથી તેમની વિરાધના થઈ હોય એ શક્યતા ઓછી છે અને પ્રકાશ થયા બાદ નીચેની જમીન જોઈને નિર્ણય કરી શકાય કે અંધારામાં ચાલેલા બહેને કોઈ જીવવિરાધના કરી છે કે નહિ !

પરંતુ આ બધાયમાં જીવોની વિરાધના થવાની શક્યતા તો છે જ. અને સંયમી આ બધા જોખમો ન ખેડે.[૯૫] માટે જ તો જે ઘરનું બારણું નીચું હોય, તે ઘરમાં અંધારાની શક્યતા અને એના કારણે વિરાધનાની શક્યતા હોવાથી ગોચરી જવાનો જ નિષેધ કરી દેવાયો છે. છતાં કારણ હોય તો પછી ઉપર પ્રમાણેની યતના સાચવી શકાય.

**ક્રીત :** પૈસા કે વસ્તુ વગેરે આપીને સાધુ માટે ખરીદવામાં આવે તે ક્રીત કહેવાય. એના ચાર ભેદ છે.

સાધુ સ્વયં કોઈક વસ્તુ આપી, એના દ્વારા શ્રાવકને આવર્જિત કરીને ગોચરી મેળવે તો એ આત્મદ્રવ્યક્રીત કહેવાય.

સાધુ ગોચરી મેળવવાના ઉદ્દેશથી જ પોતાની વિદ્વત્તા, કવિત્વ, વક્તૃત્વ વગેરે શક્તિઓને પ્રગટ કરી શ્રાવકોને આવર્જિત કરી ગોચરી મેળવે તો એ **આત્મભાવક્રીત**

કહેવાય.

શ્રાવકો સાધુને માટે પૈસા વગેરે આપીને વસ્તુ ખરીદે તો એ પરદ્રવ્યક્રીત કહેવાય. શ્રાવક પોતાની હોંશિયારી દ્વારા, પૈસાદિ આપ્યા વિના સાધુ માટે વસ્તુ મેળવે તો એ પરભાવક્રીત કહેવાય.

હવે આમાં વિશેષ બાબતો જોઈએ.

(ક) પ્રાચીન પરંપરા એ હતી કે સંયમીઓ માંદગી વગેરેમાં જરૂરી દવાઓ પણ ગોચરીની માફક જ મેળવતા. પણ આજે એ જમાનો લગભગ ગયો. શક્તિ માટે ગ્લુકોન-ડી કે ગ્લુકોન-સીથી માંડીને લગભગ તમામે તમામ દવાઓ સંયમીઓ ગૃહસ્થો પાસેથી ખરીદીને જ વાપરે છે. એમાં ઘણી દવાઓ મોંઘી, અતિમોંઘી હોય છે. ગૃહસ્થો શરમના કારણે, સાધુ પ્રત્યે બહુમાનાદિના કારણે એ દવાઓ ખરીદી તો આપે છે પણ મનમાં અરૂચિ ખેદ વગેરે પણ એમને થાય છે. કેમકે મધ્યમવર્ગના શ્રાવકોને આ બધો ખર્ચો પોષાતો નથી.

શ્રીમંતોને ખર્ચો પોષાતો હોવા છતાં સાધુ-સાધ્વીઓને મોંઘીદાટ દવા વાપરતા જોઈને એમને અસદ્ભાવ થવાની ય શક્યતા છે.

હવે આ દવાઓ આજે ગોચરી દ્વારા મેળવવી પ્રાયઃ અશક્ય છે. દુકાનમાં જઈ સાધુ દવાની યાચના કરે અને દવાવાળાઓ મફત વહોરાવી દે એ હવે આશ્ચર્યકારી ઘટના કહેવાય.

વળી આવી રીતે સાધુ દુકાન પર જઈને ઉભો રહે એ આ કાળમાં અત્યંત અનુચિત દેખાય છે. એટલે જો દવાઓ અનિવાર્ય વસ્તુ બની ગઈ હોય તો પણ અત્યંત પરિણત શ્રાવકો પાસે જ મંગાવવી કે સંઘના વૈયાવચ્ચ ખાતામાંથી મંગાવવી. પણ "કંઈ ખપ છે ?" એવું પુછનારા અજાણ્યા શ્રાવકોને બેધડક દવાના ખપ કરાવી દેવાની ઉતાવળ ન કરવી.

(ખ) "શ્રાવકો મારા પ્રત્યે આકર્ષિત થઈ મને સારુ સારુ વહોરાવે" એવો ઉંડે ઉંડે આશય પડેલો હોય અને એ દ્વારા સાધુ પોતાની વિદ્વત્તા, કવિત્વ, વક્તૃત્વશક્તિને પ્રદર્શિત કરતો હોય તો જ એનાથી મળેલ આહારાદિ ભાવક્રીતમાં ગણાય.

પણ મનમાં આવો કોઈ ભાવ ન હોય અને સ્વાભાવિક રીતે જ દેશના આપે. અને એનાથી શ્રાવક-શ્રાવિકાઓ બહુમાનભાવવાળા બની સારી વસ્તુ વહોરાવે તો એ ભાવક્રીતમાં ન ગણાય.

ઘણીવાર એવું બને છે કે નવા સ્થાને પહોંચેલા સાધુ ગોચરી વહોરવા નીકળે ત્યારે વિશેષ આદરસત્કાર ન દેખાય. પણ પછી એ સાધુના ત્યાં વ્યાખ્યાનો ગોઠવાય અને એ સાધુ

જોરદાર વ્યાખ્યાનો આપે અને એ પછી તે વહોરવા જાય તો બધે જ જોરદાર આદર-સત્કાર થાય. આ બધો પ્રભાવ એની વ્યાખ્યાનશક્તિનો જ પરચો છે. પણ સાધુના મનમાં આવો ગોચરી મેળવવાનો કોઈ આશય ન હોય. સાચી પરોપકારની ભાવનાથી જ વ્યાખ્યાનો કર્યા હોય તો એ ગોચરી સ્વભાવક્રીત તરીકે બનતી નથી.

(ગ) સાધુઓ વાસક્ષેપ નાંખવા દ્વારા, રક્ષાપોટલીઓ આપવા-બાંધવા દ્વારા, મંત્રિત શંખ, મંત્રિત યંત્ર વગેરે આપવા દ્વારા શ્રાવકોને ખુશ કરતા હોય એવું ય ક્યાંક જોવા મળે છે. આ બધામાં ય જો મનમાં આવો આશય રમતો હોય કે "એ શ્રાવક મારો ભક્ત બની જાય, અને મારી બધી જાતની ભક્તિ કરે" તો ખૂણે-ખંચરે છૂપી રીતે પણ પડેલા આ આશયને લીધે એ પછી શ્રાવક દ્વારા એ સાધુને વહોરાવાતી વસ્તુઓ સ્વદ્રવ્યક્રીત બની જાય.

આ બધું કરવા પાછળ સીધો તો ગોચરી મેળવવાનો આશય ન પણ હોય. પણ એ શ્રાવકોને પોતાના કરી લેવા... વગેરે આશય ઉંડે ઉંડે પણ જો છૂપાયેલો હોય તો પછી નક્કી આ દોષ લાગે. આવો કોઈ આશય ન હોય, માત્ર શ્રાવકના દુઃખ દૂર કરીને એને સમાધિ આપવાનો ભાવ હોય અને એટલે ઉપરની પ્રવૃત્તિ કરાતી હોય તો પછી એ શ્રાવકની વસ્તુઓ સ્વદ્રવ્યક્રીત દોષવાળી ન કહેવાય. અલબત્ત "આવું બધું કરવું એ મોક્ષૈકલક્ષી જિનશાસનમાં ઉત્સર્ગ માર્ગે માન્ય બને ખરુ ?" એ ગીતાર્થોને પુછી લેવું.

(ઘ) ક્યારેક ગામડાઓમાં અજૈનોને ત્યાં ગોચરી જવાનું હોય ત્યારે સાથે એક શ્રાવકને લઈ જઈએ છીએ. એ શ્રાવક ઘરો જ બતાવે, ત્યાં સુધી તો વાંધો નહિ. પણ પછી એ જ શ્રાવક બધા ઘરોમાં પોતાની વાક્છટાથી બધાને સમજાવે કે "આ જૈન સાધુઓ છે, મહાત્યાગી છે. બધે થોડું થોડું વહોરે, તમે વહોરાવો" તો એ પરભાવક્રીત બની જાય છે.

આવેલા ગૃહસ્થે માત્ર ઘર જ બતાવવાનું હોય. બાકી એ ઘરોમાં યાચના કરવી, વહોરવું વગેરે કામો સંયમીના છે. ગૃહસ્થો પોતાની વક્તૃત્વશક્તિનો ત્યાં ઉપયોગ કરે અને એ દ્વારા સાધુને ગોચરી અપાવે તો એ પરભાવક્રીત બને એવું લાગે છે.

(ચ) સંયમીઓ જો દવાદિને બદલે ચ્યવનપ્રાશ+વરીયાળીનો પાવડર+તૈયાર શરબતના બાટલા+ મેવો+ખાટી-મીઠ્ઠી ગોળીઓ+આમળાનો પાવડર+આમળાના ટુકડા.... આ બધું પણ ભક્તગૃહસ્થો પાસે ખરીદાવીને પોતાની પાસે રાખતા હોય તો એ ખૂબ દુઃખની બાબત છે. એ કોને કહેવું ?

**પ્રામિત્ય :** સાધુ માટે વસ્તુ ઉછીની લઈને સાધુને વહોરાવે તો એ પ્રામિત્યદોષ ગણાય. એના બે ભેદ છે (૧) લૌકિક (૨) લોકોત્તર.

શ્રાવકો-શ્રાવિકાઓ સાધુ માટે કોઈક વસ્તુ કોઈકની પાસેથી ઉછીની-વ્યાજ ઉપર -

પાછી આપવાની શરતે લે તો એ લૌકિક પ્રામિત્ય છે.

સાધુ બીજા સાધુ પાસેથી કોઈક વસ્તુ પાછી આપવાની શરતે લે તો લોકોત્તર પ્રામિત્ય..

આમાં જે વિશેષ બાબતો છે, તે જોઈએ.

(ક) વર્તમાનકાળમાં લૌકિક પ્રામિત્યના પ્રસંગ ખૂબ ઓછા બને છે. સંયમીઓ મોટા ભાગે જૈનોને ત્યાં જ વહોરવા જાય અને જૈનો તો ભાવથી વહોરાવે જ. વળી કોઈ જૈન પોતાના ઘરે કોઈ વસ્તુ ન હોવાથી બાજુના ઘરમાંથી લાવીને સાધુને વહોરાવે તો બાજુવાળા ય રાજી જ થતા હોય છે. "તે એ વસ્તુ પાછી માંગે." એવું આજે તો પ્રાયઃ બનતું નથી.

છતાં કેટલીક વિચિત્ર બાબતો ય બને છે.

કોઈક જૈનની દવાની દુકાન હોય પણ એ એકદમ ધાર્મિક ન પણ હોય. હવે સંઘના શ્રાવકો સાધુ-સાધ્વીની દવા એને ત્યાંથી જ લાવે. એને કહે કે "આ સાધુ-સાધ્વી માટે છે. એટલે તારે પૈસા ન લેવાય. તને ભક્તિનો લાભ મળે." પેલો જૈન શરમના કારણે કંઈ બોલી ન શકે. પણ એમાં એને ખેદ-આર્તધ્યાન થાય.

ક્યાંક વળી સંઘના શ્રાવકો એ દુકાનવાળા જૈનને દવા વગેરેની મૂળકિંમત જ ચૂકવે. પણ નફો લેવાની ના પાડે અને મંદશ્રદ્ધાવાળા એ જૈનને આ બધુ અપ્રીતિ કરાવનાર બને. આ બધું થાય એટલે એ ધર્મથી વિમુખ બને, સાધુ-સાધ્વીઓ પાસે આવતા પણ ગભરાય.

(ખ) સંઘના શ્રાવકો સાધુ-સાધ્વીની માંદગીમાં જૈન ડોક્ટરને વધુ પસંદ કરતા હોય છે કે જેથી ફી ચૂકવવી ન પડે. આ મફતની કરાવાતી ચિકિત્સા પણ એ જૈન ડૉક્ટરોને અપ્રીતિનું કારણ બની શકે છે. ડોક્ટર ભલે ને કરોડપતિ હોય પણ આવી રીતે મફતચિકિત્સા કરવી એને ગમે જ એવું માની ન લેવાય.

એજ રીતે સાધુ-સાધ્વી માટેના વસ્ત્રો-સ્ટેશનરી (નોટબોલપેન વગેરે) વગેરે પણ જૈન દુકાનદારો પાસેથી મફત લાવવામાં એમને અપ્રીતિ વગેરે થવાની શક્યતા છે જ.

ઉપરના દૃષ્ટાન્તોમાં પાછુ આપવાનું નક્કી કરાતું ન હોવાથી એને એ દૃષ્ટિએ પ્રામિત્ય ન ગણીએ તોય એ સાધુ-સાધ્વીના નામે જૈન દુકાનદારો ઉપર બળજબરી કરવા જેવું તો થાય જ છે. એટલે આચ્છેદ્યદોષ તો લાગવાનો જ.

એ દુકાનદાર હર્ષથી વહોરાવે, સામેથી જ વહોરાવવા આવે, સાધુ એ વસ્તુની યાચના કરે ત્યારે હર્ષપૂર્વક એ વસ્તુ આપે તો વાંધો નથી.

(ગ) સાધુઓ પરસ્પર એકબીજાની વસ્તુ ઉછીની ઘણીવાર લેતા હોય છે. દા.ત. ગોચરી જનાર સાધુ ક્યારેક કારણસર બીજા સાધુના ઝોળી-પલ્લા લઈ જાય. કાપ કાઢતી વખતે

બદલવા માટે બીજા સાધુના વસ્ત્ર લે. બહાર જવા માટે ઉતાવળમાં ક્યારેક બીજા સાધુની કામળી વાપરવા લે, આ બધામાં એ વસ્તુ પાછી આપવાની જ હોય છે એટલે આ **પ્રામિત્ય** દોષ કહેવાય.

આમાં ઝોળી-પલ્લા બગડે, બીજો સાધુ પોતાના કપડા પહેરે એટલે એનો પરસેવો વગેરે લાગવાથી એ કપડાના માલિક સાધુને અપ્રીતિ થાય. કામળીના માલિક સાધુને અચાનક કામળીની જરૂર પડે તે વખતે કામળી બીજો સાધુ લઈ ગયો હોવાથી ખેદ થાય કે "મેં ક્યા એને કામળી આપી...." વગેરે કારણોસર આ લોકોત્તર ઉધાર વ્યવહાર કરવા જેવો નથી. સંયમી પોતાની જ વસ્તુ વાપરે, બીજાની વસ્તુ ન વાપરે એ જ એના માટે હિતકારી છે.

ગાઢ કારણ આવી પડે તો એવા જ સાધુ પાસેથી વસ્તુ લેવી કે જેનો સ્વભાવ ઉદાર, પરગજુ હોય, કે જેથી એની વસ્તુ બગડે, વહેલી-મોડી પાછી અપાય તો ય એને ઉદ્વેગ-દ્વેષ - અરુચિ ન થાય.

**પરાવર્તિત :** સાધુને વહોરાવવા માટે શ્રાવકો પોતાની અમુક વસ્તુ બીજાને આપી એના બદલામાં એની પાસેથી સાધુને વહોરાવવા માટેની વસ્તુ મેળવે તો એ પરાવર્તિત કહેવાય.

એના ય બે ભેદ છે: લૌકિક અને લોકોત્તર.

એમાં ગૃહસ્થો જો ઉપર મુજબ કરે તો લૌકિક અને સાધુઓ પરસ્પર વસ્તુની અદલાબદલી કરે તો લોકોત્તર.

આમાં કેટલીક વિશેષ બાબતો જોઈએ.

(ક) લૌકિક પરાવર્તિતના પ્રસંગો વર્તમાનમાં પ્રાયઃ જોવા મળતા નથી.

(ખ) સાધુઓમાં પરસ્પર પરાવર્તિતનો પ્રસંગ બને ખરો. એક સાધુને પોતાની પાસેની બોલપેન ન ફાવતી હોય, ત્યારે બીજાને કહે કે "તમારી બોલપેન મને આપશો ? તમે મારી લઈ લો. અમુક કારણોસર મને આ નથી ફાવતી." પેલોય આ અદલાબદલી સ્વીકારી તો લે, પણ પછી એને એ બોલપેન ન ફાવે તો અપ્રીતિ થાય.

એમ ગોચરીમાં ય સાધુઓ પરસ્પર રોટલી-ખાખરા, દાળ-કઢી, ભાત-ખીચડી, મિષ્ટ-અમિષ્ટ, મિષ્ટ-આહાર વગેરેની અદલાબદલી કરતા હોય છે. એમાં અપ્રીતિ વગેરે થવાના પ્રસંગો ય બને છે. માટે જ આવી અદલાબદલીની પદ્ધતિ અજમાવવી નહિ. કારણસર આ અદલાબદલી કરવી જ પડે તો પણ બીજા સાધુને લેશ પણ અપ્રીતિ ન થાય, એની પુરતી કાળજી સાથે જ આ અદલાબદલી કરવી.

એ સિવાય કામળી, આસન, સંથારા, દાંડા વગેરેની અદલાબદલી અને એ નિમિત્તે

ક્યાંક ક્યાંક સંક્લેશોત્પત્તિ પણ જોવા મળે છે.

**ઉદ્‌ભિન્ન :** સાધુને વહોરાવવા માટે બંધ ડબા વગેરે ખોલવા, તોડવા કે બારણાદિ ઉઘાડવા એ ઉદ્‌ભિન્ન દોષ કહેવાય.

એના બે ભેદ છે. કપાટોદ્‌ભિન્ન અને પિહિતોદ્‌ભિન્ન.

(૧) જે રૂમના બારણા રોજે રોજ ખુલતા ન હોય એવી રૂમમાં પડેલી વસ્તુ સાધુને વહોરાવવા માટે રૂમ ખોલવામાં આવે, એવા કબાટ ખોલવામાં આવે તો એ બધું કપાટોદ્‌ભિન્ન દોષવાળું બને.

(૨) ઘીના ડબા, તેલના ડબા, મીઠાઈનું તદ્દન તાજુ બંધ બોક્સ, મુરબ્બા વિગેરેની ન ખોલેલી ડબીઓ. આ બધું સાધુ માટે જ ખોલવામાં આવે તો પિહિતોદ્‌ભિન્ન દોષ લાગે.

વિશેષ બાબતો એ છે કે :

(ક) અત્યારે ફલેટ કે બંગલાના બારણાઓ લગભગ બંધ જ હોય છે. સાધુ ખખડાવે, બે-ચાર વાર મોટેથી ધર્મલાભ બોલે ત્યારે માંડ બારણા ખુલે.

અલબત્ત આ ઘરનું બારણું દિવસમાં અનેકવાર ખુલતું જ હોવાથી એના સાંધાના ભાગમાં જીવો ભરાઈ ગયા હોવાની કે કરોળીયાએ જાળા બાંધ્યા હોવાની શક્યતા ઓછી રહે છે. અને એટલે એ દૃષ્ટિએ કપાટોદ્‌ભિન્ન દોષ કદાચ ન પણ ગણાય પણ સંયમીનો ધર્મલાભ શબ્દ સાંભળ્યા બાદ કે દરવાજો ખખડયાનો અવાજ સાંભળ્યા બાદ અંદરથી દરવાજો ખોલવા આવનાર વ્યક્તિ ક્યાંથી આવે છે ? શું કરીને આવે છે ? એની સંયમીને તો ખબર ન જ પડે. એટલે અહીં અંદર વિરાધનાઓ થઈ હોવાની શક્યતા હોવાથી આવા બંધ બારણાવાળા ઘરોમાં બારણું ખોલાવીને ગોચરી વહોરવા જવામાં દોષો તો લાગે જ.

દા.ત. કપડા ધોવા બેઠેલા બહેન સંયમીની બુમ સાંભળી ઝડપથી સાડલા વગેરેથી કાચા પાણીવાળા હાથ લુંછીને બારણું ખોલે. ટી.વી. જોનારા બહેન ટી.વી. બંધ કરીને બારણું ખોલે, રસોડામાં રસોઈ કરતા બહેન ગ્યાસ ઉપર ઉકળતા દાળ-દૂધ ભાત વહોરાવવા મળે એ આશયથી તરત ગ્યાસ બંધ કરી બારણું ખોલે, કાચા પાણી વગેરે ઉપર ચાલી આવીને બારણું ખોલે, શાકભાજી સમારતા હોય તો એ બધું એકબાજુ ઢસડી લઈ બારણું ખોલે.... આવી અનેક જાતની વિરાધનાઓ બંધ બારણાવાળા ઘરમાં સંયમીની બુમના કારણે થવાની સંભાવના છે જ. એટલે જ આવા ઘરોમાં ગોચરી જવાય નહિ.

પણ આજે તો બધા ઘરો લગભગ બંધ બારણાવાળા જ હોય છે. તો હવે જો બીજી રીતે ગોચરી પુરી ન થતી હોય તો અપવાદ માર્ગે દોષ સેવીને પણ પ્રાયશ્ચિત્ત તો કરવું જ.

સંયમીઓ સંપર્કમાં આવનારા શ્રાવક-શ્રાવિકાઓને એમનો આચાર સમજાવે કે

શ્રાવકોના બારણા સદા ખુલ્લા જ હોય. છતાં ચોર વગેરેના ભયથી બંધ રાખવા પડતા હોય તો ય સાધુ-સાધ્વીઓના ગોચરી સમયમાં તો એકાદ કલાક બારણું ખુલ્લુ રાખવું જોઈએ. સાધુ આવે કે ન આવે પણ આટલો વિવેક શ્રાવકોએ જાળવવો જોઈએ." તો આ દોષ કંઈક ઓછો થાય.

(ખ) ખાખરા-સુખડી વિગેરેના ડબ્બાઓ લાકડાના ખાનાઓમાં પડ્યા હોય છે. આ બધી વસ્તુ વહોરાવવી હોય તો એ ખાનાઓ અને પછી એ ડબાઓ ખોલવા જ પડે. પણ આ ખાના અને ડબા [99]લગભગ રોજ ખુલતા હોવાથી એમાં બીજી કોઈ વિરાધનાની સંભાવના લગભગ નથી અને માટે એ વહોરવામાં ઉદ્‌ભિન્ન દોષ જણાતો નથી. પણ "એ ખાના વગેરે ઉપર ગિરોળી ફરતી નથી ને ? કરોળીયા નથી ને ?" એ સંયમીએ ધ્યાનથી જોઈ લેવું ખરું. ગિરોળી હોય તો ક્યારેક ખાના ખોલબંધમાં એ સાંધાના ભાગમાં ફસાઈને મરી જાય છે.

છૂંદો-અથાણું વગેરે પદાર્થો બરણીમાં રખાતા હોય છે. એ બરણીઓ અઠવાડિયે એકાદવાર ખુલતી હોય છે. એના ઉપર કપડાની સાથે જ ઢાંકણ ઢાંકેલું હોય છે. એટલે (૧) સંયમીને વહોરાવવા એ બરણી ખોલાય તો એ છૂંદો વગેરે વહોરાવવા માટે ચમચી-ચમચો નવો બગાડવો પડે (૨) શ્રાવિકાના હાથ બગડે એટલે પાછળથી હાથ ધુવે કે લુંછે... આવા દોષોની સંભાવના હોવાથી વહોરવું નહિ. પણ રોજીંદા વપરાશ માટે નાનકડી વાટકી વગેરેમાં જે છૂંદો-મુરબ્બો કાઢેલો હોય એમાંથી વહોરવું. એ પણ થોડુંક જ વહોરવું. આખું ખાલી કરી દે તો પછી એ ભરવા માટે બરણી ખોલવી પડે. એમાં પાછી વિરાધના થાય.

(ગ) ઘીનો કે તેલનો ડબો ખોલીને વહોરાવવાનું ભાગ્યે જ બને છે. છતાં જો આવું બને તો તે ઘી-તેલ ન વહોરાય. ગૃહસ્થો મોટી બરણીમાં ઘી-તેલ ભરી રાખતા હોય છે. આ બરણીમાંથી વહોરવામાં પણ છૂંદાની બરણીના જેવા દોષો લાગવાની શક્યતા છે. એટલે એવી બરણીમાંથી ન વહોરાય તો સારું.

(ઘ) કબાટ કે ઓરડામાં રહેલ વસ્તુ વહોરાવવા જો ચાવી દ્વારા તાળું ખોલવું પડે, કબાટનું લોક ખોલવું પડે તો એ તાળા-લોકના ઉંડા કાણામાં ચાવી નાંખવાથી એમાં રહેલા કુંથવા વગેરે જીવોની વિરાધના થવાનો સંભવ છે.

**માલાપહૃત :** ઉંચા સ્થાનમાં રહેલી વસ્તુ સાધુને વહોરાવવા માટે શ્રાવિકા ટેબલ ઉપર, રસોડાના પ્લેટફોર્મ ઉપર ચડે, કે પગની પાનીથી ઉંચા થઈને વસ્તુ લે તો એમાં માલાપહૃત દોષ લાગે.

**વિશેષ બાબતો :**

(ક) ખાખરા-સુખડીના ડબા, ધાણી, મમરા, પૌંઆના ડબા, સુંઠ, પીપરીમૂળ વગેરેની

ડબીઓ જો ઉંચા સ્થાને રહેલા ખાના વગેરેમાં હોય તો શ્રાવિકાઓ પગની પાનીથી ઉંચા થઈને એ ડબાઓ નીચે ઉતારતા હોય છે.

આમાં એ ડબા ઉપરના ભાગમાં ઘસડાય એટલે ડબાની આજુબાજુ રહેલ કીડી વગેરેની હિંસા થાય, ક્યારેક આવી રીતે ડબો લેવા જતા ડબો હાથમાંથી છટકી જાય અને નીચે પડે, વસ્તુ ઢોળાય. કાચની ડબી હોય તો ફુટી જાય, આવી રીતે વસ્તુ લેવા જતાં ક્યારેક કમર રહી જાય. સ્લીપડીસ પણ થાય. ઉપર રહેલી વસ્તુ લેવા જતા ક્યારેક નીચે ચાલુ ગ્યાસને પહેરેલા કપડા અડી જાય તો મોટી હોનારત થાય.... આવા અનેક કારણોસર શ્રાવિકાએ પગની પાની ઉંચી કરીને, ટેબલ ઉપર ચડીને, રસોડાના પ્લેટફોર્મ ઉપર ચડીને જે વસ્તુઓ વહોરાવવી પડે તે બધાયનો ત્યાગ જ કરવો.

(ખ) ડુપ્લેક્સ ઘરોમાં, બંગલાઓમાં ક્યારેક ઉપરના માળ ઉપર રહેલી વસ્તુ વહોરાવવા માટે શ્રાવિકા સીડી-દાદરા ચડીને ઉપર જાય તો ય ત્યાં માલાપહૃત ન લાગે. કેમકે આ દાદરા તો વ્યવસ્થિત હોવાથી પડવાનોં કે બીજો કોઈ ભય રહેતો નથી. (હા ! અભ્યાહૃત દોષ લાગે. એટલે જ તે વખતે શ્રાવિકાને આચાર સમજાવી, રજા લઈ ઉપર સાથે જવું. જો એ અનુચિત લાગે તો વહોરવું જ નહિ કે છેવટે અપવાદે વહોરી પ્રાયશ્ચિત્ત કરવું.)

**આચ્છેદ્ય :** સાધુને વહોરાવવા માટે કોઈકની વસ્તુ બળજબરીથી મેળવીને, એ વસ્તુના માલિકની ઈચ્છા વિના મેળવીને ગૃહસ્થ સાધુને આપે તો એ આચ્છેદ્ય દોષ કહેવાય.

એના ત્રણ ભેદ છે.

શેઠ પોતાના ઘરના નોકર વગેરેની વસ્તુ સત્તાના જોરે સાધુને અપાવડાવે તે **પ્રભુ-આચ્છેદ્ય.**

ગામનો મુખી-સરપંચ વગેરે માણસો ગામવાળા પાસે સત્તાના જોરે સાધુને ગોચરી અપાવડાવે તે **સ્વામિ-આચ્છેદ્ય.**

સાધુ પ્રત્યે બહુમાનવાળા ચોર-લુંટારુઓ બીજાઓ પાસેથી વસ્તુઓ ચોરી-લુંટીને સાધુને વહોરાવે તો એ **સ્તેન-આચ્છેદ્ય.**

આમાં વિશેષ બાબતો જોઈએ :

(ક) સાધુને લુખી રોટલી, રોટલા જોઈતા હોય અને શ્રીમંતના નોકરો વગેરેને ત્યાં બનતા હોય તો શ્રીમંત શ્રાવક સાધુને નોકરની ઓરડીમાં લઈ જાય અને જાણે પોતે જ માલિક છે એમ તૈયાર રોટલી-રોટલા વહોરાવવા માંડે. નોકર તો શેઠની સામે શું બોલે ? પણ એને અપ્રીતિ થવાની શક્યતા તો છે જ.

એક ઘરમાં સાધુ વધઘટમાં ગોચરી ગયા ત્યારે શ્રાવકની રસોઈ તો પૂર્ણ થઈ ગયેલી પણ ઘરના ચાર નોકરો માટેની જાડી જાડી ૧૫-૨૦ રોટલી હતી. શ્રાવકે એમાંથી જ ચાર-છ રોટલી વહોરાવી દીધી.

શક્ય છે કે આમાં એ નોકરોને અપ્રીતિ-દ્વેષ વગેરે થાય.

(ખ) સાંભળ્યું છે કે પૂજ્યપાદ વિક્રમસૂરિજી મ.ની નિશ્રામાં શિખરજી જઈ રહેલો સંઘ જ્યારે ચંબલની ખીણમાંથી પસાર થવાનો હતો, ત્યારે એ પ્રદેશના પ્રારંભમાં જ વહેલી સવારે ડાકુઓ સંઘની છાવણીમાં આવ્યા. આચાર્યશ્રીને વંદન કરીને કહ્યું કે "રાત્રે મને આપ સ્વપ્નમાં દેખાયા, મને સૂચના થઈ કે મારે તમારી રક્ષા કરવી. એટલે આ આખી ખીણ પસાર કરાવવાની જવાબદારી મારી છે. મારા ૫૦-૬૦ સાગરીત આખા સંઘની રક્ષા કરશે. પોલીસોની કોઈ જરૂર નથી."

આમ ચોરો-ગુંડાઓ-ડાકુઓ ક્યારેક સાધુઓના ભક્ત બની જતા હોય છે. તેઓ પોતાની સત્તા-ગુંડાગીરીના જોરે સાધુઓને બીજાઓ પાસેથી મનગમતી વસ્તુ અપાવડાવે તો એ બધું જ આચ્છેદ્યદોષવાળું ગણાય.

(ગ) નિર્દોષ ગોચરીના આગ્રહી સાધુઓ અજૈન ગામડા વગેરેમાં સરપંચને સાધી લઈ એને જ બધા ઘરોમાં ગોચરી માટે સાથે લઈ જાય. સરપંચ પણ સત્તાના જોરથી બધાના ઘરેથી અપાવડાવે.

હા ! જો આપનારાઓ ઉલ્લાસથી આપે તો કોઈ દોષ નથી. પણ આવા સત્તાધારીઓને ગોચરીમાં સાથે લઈ ન જવા એજ વધુ યોગ્ય છે.

**અનિસૃષ્ટ :** જે વસ્તુ જેની માલિકીની હોય, તેની રજા વિના એ વસ્તુ વહોરવામાં આવે તો અનિસૃષ્ટ દોષ લાગે..

**વિશેષ બાબતો :**

(ક) આચ્છેદ્યદોષમાં વસ્તુના માલિકની રજા નથી છતાં બળજબરીથી એની પાસેથી વહોરવામાં આવે છે, જ્યારે અનિસૃષ્ટદોષમાં ય વસ્તુના માલિકની રજા નથી, છતાં અહીં બળજબરી પણ નથી કરાતી. પરંતુ માલિકની ગેરહાજરી હોવાથી એને કહ્યા વિના જ વસ્તુ અપાય છે. આમ આ બે દોષ વચ્ચે ભેદ છે.

વળી આચ્છેદ્યમાં તો એ વસ્તુનો માલિક એક જ છે. બળજબરીથી એની પાસે લઈને વહોરાવનાર વ્યક્તિ એ વસ્તુનો માલિક નથી. જ્યારે અનિસૃષ્ટમાં વહોરાવનાર પણ એ વસ્તુનો ભાગીદાર છે. એટલે એ રીતે ય બે દોષ વચ્ચે ભેદ છે.

(ખ) ગોચરીને બદલ ધનદાનની અપેક્ષાએ વિચારીએ તો ક્યારેક એવું બને છે કે ચારભાઈઓનો ધંધો એક જ હોય, એમાં એક ભાઈ દાનપેટે લાખ-પાંચ લાખ રૂપિયા લખાવી દે. પણ બાકીના ભાઈઓને આ ન પણ ગમે. હવે ધંધો એક હોવાથી સંપત્તિ ઉપર બધાની માલિકી સરખી છે. એટલે આવી રીતે લાખ-પાંચ લાખ આપવાની બાકીના ભાઈઓની ઈચ્છા ન પણ હોય.

હવે પેલો ભાઈ શરમના કારણે એ રકમ ભરી તો દે, પણ પછી અંદર અંદર એ ભાઈઓ વચ્ચે અણ-બનાવ, બોલાચાલી પણ થાય. ક્યારેક પોતાનો બચાવ કરવા દાન દેનાર ભાઈ એમ પણ કહી દે કે "મારે લખાવવા જ ન હતા, પણ મહારાજ પાછળ પડ્યા એટલે ના છૂટકે લખાવ્યા." તો બાકીના ભાઈઓને સાધુઓ પ્રત્યે અસદ્ભાવ થાય.

આ બધી શક્યતા હોવાથી સાધુઓએ આવા દાન લેવા ન જોઈએ. ધારો કે પાછળથી આ બધી ખબર પડે તોય સાધુએ એ દાન રદ કરાવવા જોઈએ. (જો કે દાન લેવા-રદ કરાવવા એ સાધુનો વિષય જ નથી. આ બધુ તો શ્રાવકો જ કરે. પણ હવે જ્યારે સાધુઓ જ આ બધી વ્યવસ્થા સંભાળતા હોય, ટ્રસ્ટીઓ રાષ્ટ્રપતિની ભૂમિકામાં હોય ત્યારે સાધુઓને જ આ સૂચના આપવી રહી ને ?)

સાંભળ્યું છે કે એક ભાઈએ ઉત્સાહમાં આવી કરોડ રૂપિયાનો ચડાવો લઈ લીધો, પણ એમના ભાગીદાર ભાઈઓને આ ન ગમ્યું. કોઈ એ ચડાવાના પ્રસંગમાં હાજર ન રહ્યું.

(ગ) કોઈ સાધુ પાંચ-છ ટ્રસ્ટીમાંથી એક ટ્રસ્ટીને ભક્ત બનાવી એના દ્વારા ટ્રસ્ટમાંથી પોતાના તીર્થાદિ પ્રોજેક્ટ માટે દેવદ્રવ્યાદિના ૨૦-૨૫ લાખ મેળવી લે અને બાકીના ટ્રસ્ટીઓને આ બિલકુલ ન ગમે તો આ ય સાધારણાનિસૃષ્ટ જેવું જ કંઈક નથી બનતું ને ?

અહીં ઉદ્ગમના ૧૬ દોષો પૂર્ણ થયા. આ બધા ય દોષો શ્રાવકો ઉભા કરે છે. હવે પછીના ઉત્પાદનના ૧૬ દોષો સાધુ પોતે ઉભા કરે છે.

**ઉત્પાદના દોષો :**

**ધાત્રીપિંડ :** બાળકને રમાડવા દ્વારા, બાળક માટે મીઠી મીઠી વાતો બોલવા દ્વારા એની માતાને ખુશ કરી જે ગોચરી મેળવાય એ ધાત્રીપિંડ કહેવાય.

વિશેષ બાબતો આ પ્રમાણે છે.

(ક) સંયમી નાના છોકરાની માતાને ખુશ કરવા માટે એની સામે નાના છોકરાને રમાડે, એ બાળક સાથે કાલીકાલી ભાષામાં વાતો કરે, એના માથા ઉપર હાથ ફેરવે, "તમારો છોકરો તો બહુ હોંશિયાર, તેજસ્વી લાગે છે." વગેરે મીઠા શબ્દો બોલે "કેમ ? પરીક્ષાના પેપરો સારા ગયા ને ? હવે ઘેર મમ્મી-પપ્પાને હેરાન નથી કરતો ને ?" વગેરે શબ્દો માતા-

પિતા સામે એના બાળકને કહે, "જો ! માતા પિતા તો ભગવાન કહેવાય. એમની બરાબર સેવા કરજે હોં !" વગેરે શબ્દો બાળકને એના માતા પિતા સામે કહે.

આ બધાયમાં સહજ રીતે જ માતા-પિતા ખુશ થાય, સંયમી પ્રત્યે સદ્ભાવવાળા બને અને ભક્તિભાવથી સારી સારી વસ્તુ વહોરાવે.

આ બધુ જ ધાત્રીપિંડ કહેવાય.

હા ! શ્રાવિકાને ખુશ કરવાના, ગોચરી મેળવવાના આશય ન હોય અને સાચા ભાવથી બાળકના કોઈ સદ્ગુણની અનુમોદના કરે તો ત્યાં ધાત્રીપિંડ ન લાગે. પણ આ બધી અનુમોદના ય ગોચરી વહોરવાના સમયે તો ન જ કરાય.

**દૂતી :** શ્રાવક-શ્રાવિકાઓના સંદેશા-સમાચાર એકબીજાને મોકલવાનું કામ કરનાર સાધુ દૂત કહેવાય. અને આવું કરવા દ્વારા તેઓને ખુશ કરી જે ગોચરી મેળવાય એ દૂતીદોષવાળો પિંડ કહેવાય.

કેટલીકવાર શ્રાવકો સાધુને આવા કામ ભળાવતા હોય છે કે "અમે અમુક જગ્યાએ જઈએ છીએ. અમુક વ્યક્તિ અહીં આવે તો એટલું જણાવી દેજો ને."

તે વખતે સાધુની ફરજ છે કે "આ અમારો આચાર નથી. તમે ક્યાં ગયા છો ? એ આગંતુકને કહીએ એટલે એ પણ તરત તે સ્થાને જવા નીકળે. એની વિરાધના અમને લાગે." એમ કહી દેવું.

**નિમિત્ત :** જ્યોતિષ, શરીરના લક્ષણો વગેરેનો જાણકાર સાધુ શ્રાવકોને ભૂતકાળની, ભવિષ્યકાળની ઘટનાઓ કહી એના દ્વારા એમને આવર્જિત કરી ગોચરી મેળવે તે નિમિત્તદોષ કહેવાય.

**આજીવક :** શ્રાવક-શ્રાવિકાને ખુશ કરવા માટે એમની જાતિ, કુળ, દેશ, ગામ, ભાષા, કાર્ય વગેરેને જાણી સાધુ પોતાની પણ એ જાતિ, કુળ, દેશાદિ (સાચા કે ખોટા) પ્રગટ કરે તો એના દ્વારા મેળવાતો પિંડ આજીવક પિંડ કહેવાય.

**વિશેષ બાબતો :**

(ક) કેટલાક સાધુ રાજસ્થાની શ્રાવિકાદિ સામે રાજસ્થાની ભાષા બોલે, મહારાષ્ટ્રના શ્રાવક સામે મરાઠી બોલે, મારવાડીઓ સામે મારવાડી બોલે, કચ્છીઓ સામે કચ્છી ભાષા બોલે. આવી ભાષા સાંભળીને તે શ્રાવકોને સાધુ આત્મીય-પોતાનો લાગે. "સાહેબ ! તમે મરાઠી / મારવાડી છો ?" એમ આશ્ચર્ય સાથે પુછે અને પછી પરિચય વધતા એ ભક્ત બને. ઉત્કૃષ્ટ ગોચરીભક્તિ કરે.

(ખ) "તમે કયો ધંધો કરો છો ? હીરાનો ? કાચામાં છો કે તૈયારમાં ? અત્યારે તો મંદી ખૂબ જ છે કેમ ?" સામેવાળો જે ધંધો કરતો હોય એ ધંધા અંગેની પોતાની જાણકારી પ્રગટ કરી સાધુ ગર્ભિત રીતે એમ જણાવે છે કે "મેં પણ આ ધંધો કરેલો છે." અને ધંધાની સમાનતાને લીધે ય શ્રાવકને સાધુ પ્રત્યે આકર્ષણ થાય.

(ગ) "તમે સૌરાષ્ટ્રના છો ? સૌરાષ્ટ્રમાં કયા ગામના ? સુરેન્દ્રનગરના ? મારુ મોસાળ ત્યાં જ છે. મેં ત્યા ત્રણ ચોમાસા કર્યા છે." મુંબઈ-અમદાવાદમાં સૌરાષ્ટ્રવાસી શ્રાવકને ખુશ કરવા સાધુ પોતાને પણ સૌરાષ્ટ્રવાસી, સૌરાષ્ટ્ર સંબંધી દર્શાવે.

સ્વાભાવિક છે કે દેશની સમાનતાને લીધે પણ એ શ્રાવકો સાધુ પ્રત્યે અહોભાવ વાળા બની વિશિષ્ટ ભક્તિ કરે.

આજે તે તે ગામ શહેરના સાધુઓને તે તે ગામ શહેરના શ્રાવકો "અમારા મહારાજ" તરીકે ઓળખતા હોય છે.

ચૌદરાજનો હિતચિંતક સાધુ કોઈ ગામ દેશ વગેરેમાં રાગી હોય એ તો જિનશાસનમાં માન્ય બને જ શી રીતે ?

ટૂંકમાં શ્રાવક-શ્રાવિકાને પ્રસન્ન કરવા માટેના આવા તુચ્છ પ્રયત્નો સાધુએ ન જ કરવા જોઈએ.

સાંભળો તો ખરાં યોગસારના વચનો !

**आगमे योगिनां या तु सैंही वृत्तिः प्रदर्शिता ।**

**तस्यास्त्रस्यति नाम्नाऽपि का कथाऽऽचरणे पुन : ॥**

**અર્થ :** જિનાગમોમાં જૈન સાધુઓને જે સિંહ જેવી વૃત્તિ, આજીવિકા, ભિક્ષાચર્યા બતાવી છે. બિચારા હરણિયા જેવા સાધુઓ તો એના નામથી પણ ત્રાસ પામે છે, તો પછી તેઓ એને આચરી તો શકે જ શી રીતે ?

**વનીપક :** શ્રાવક-શ્રાવિકા જે ભગવાનાદિના ભક્ત હોય, એ ભગવાનાદિના માટે સારા-સારા શબ્દો બોલી એ શ્રાવિકાદિને ખુશ કરવા દ્વારા જે ગોચરી મેળવાય તે વનીપકદોષવાળી કહેવાય.

જેમ ભિખારી ભીખ મેળવવા માટે દાતા જે કહે એ બધાની જય બોલવા તૈયાર થાય. ભુખ્યો મુસલમાન ભોજન મળતું હોય તો ભગવાન મહાવીરની જય બોલવા પણ તૈયાર થાય. એમ સાધુ પણ આવી દીનતા દાખવે અને શ્રાવકોને ખુશ કરવાની પંચાતમાં પડે એ યોગ્ય કાર્ય ન ગણાય.

**વિશેષ બાબતો :**

(ક) શિથિલાચારી સાધુઓના ભક્ત શ્રીમંતોને ખુશ કરવા, એમની પાસેથી ગોચરી તો

ઠીક, પણ લાખો રૂપિયા મેળવવા સાધુ એ શિથિલો સાથેની પોતાની આત્મીયતા-મિત્રતાને પ્રગટ કરે, એમની પ્રશંસા કરે એ શ્રમણત્વની ખુમારીની ખામી જ સૂચવે છે.

(ખ) માત્ર શિથિલાચારીના જ ભક્તો નહિ, પણ મહાસંવિગ્ન મહાત્માઓના ભક્તોને ખુશ કરવા માટે પણ જો સાધુ એ મહાસંવિગ્ન મહાત્માઓના સદ્ભુત ગુણોની અનુમોદના કરે તો પણ એમાં એ સાધુનો આશય જો તે ભક્તોને ખુશ કરી પોતાના કામ કઢાવી લેવાનો જ હોય તો સંવિગ્નોની પ્રશંસા દ્વારા મેળવાતો પણ એ પિંડ વનીપકપિંડ કહેવાય.

**ચિકિત્સા :** ગોચરી મેળવવાદિના આશયથી શ્રાવક-શ્રાવિકાને ખુશ કરવા માટે એમના રોગો દૂર કરવા માટેના પ્રયત્નો કરવા-કરાવવા અને એના દ્વારા ગોચરી મેળવવી એ ચિકિત્સાપિંડ કહેવાય.

**વિશેષ બાબતો :**

(ક) ગોચરી ગયેલો સાધુ શ્રાવકના ઘરમાં કોઈકને તાવવાળા, કેન્સરવાળા, માથાના દુઃખાવાવાળા, ફીટવાળા, લકવાવાળા જુએ અને પોતાનો વર્ષોનો અનુભવ જણાવે કે "તમે આ આ દવા કરો, તો બધું મટી જશે. અમુક વૈદ્ય-ડોક્ટર ખૂબજ હોંશિયાર છે. એને બતાવો. ઠેકાણું પડી જશે.... વગેરે બોલે તો એ ચિકિત્સા કરેલી કહેવાય. સ્વાભાવિક છે કે આ બધું કરવાથી સાધુ ઉપર તેઓ ખુશ થવાના જ અને એ રીતે ભક્તિથી ગોચરી વહોરાવવાના જ.

(ખ) સાધુ સામેથી તો ન બોલે, પણ એ શ્રાવક શ્રાવિકાઓ કોઈ રોગથી પરેશાન થયા હોય તો સાધુ પ્રત્યેની શ્રદ્ધાથી સાધુ સામે પોતાનું દુઃખ વ્યક્ત કરે કે "મહારાજ ! આ આ રોગો છે. કંઈક ઉપાય બતાવો ને ?"

ભોળા ગૃહસ્થોને અને એમાં ય બધેથી થાકેલા હારેલા ગૃહસ્થોને સાધુ ઉપર દૃઢ શ્રદ્ધા થાય અને એટલે સાધુને આ બધી પૃચ્છા કરે, એ વખતે સાધુની પરીક્ષા થઈ જાય. જેના ઘરે વહોરવાનું છે કે વહોરી લીધું છે એની આવી અરજ સાંભળ્યા બાદ સાધુ દાક્ષિણ્યથી પણ દવાનું સૂચન કે વૈદ્ય વગેરેનું સૂચન કરવા પ્રેરાય જ અને એમ થાય તો આ ચિકિત્સા દોષ લાગે.

ત્યાં સાધુએ એમ કહેવું જોઈએ કે "ગૃહસ્થોના રોગો દૂર કરવા કે એ માટેની સલાહ આપવી એ અમારો આચાર નથી. અમારો આચાર મોક્ષમાર્ગમાં લોકોને જોડવા એ છે." પણ આવુ નમ્ર છતાં સ્પષ્ટ શબ્દોમાં કહેવાની હિંમત તો પરિણતિમાન સાધુ જ દાખવી શકે.

(ગ) પજુસણમાં તપશ્ચર્યા કરનારાઓને પિત્ત થાય, પાણી ન વપરાય, બેચેની થાય, ઉલ્ટીઓ થાય.... તો એ અંગેની અણાહારી ગોળીઓ સાધુ સાધ્વીજીઓ જ આપે છે.

અલબત્ત આની પાછળ એમની પાસેથી ગોચરી મેળવવાનો કોઈ આશય નથી. એટલે

ચિકિત્સાપિંડનો પ્રશ્ન નથી. પરંતુ "પેલા રોગીને અરોગી બનાવું" એવી લૌકિક પરોપકારની ભાવનાથી ચિકિત્સા કરવી પણ સાધુઓને ન કલ્પે. અને એટલે જ આ રીતે ઔષધાદિ ન અપાય.

પણ "તપસ્વીનો તપ સુખરૂપ થાય, તપસ્વીને શાતા રહે.. એવા આશયથી જે આ ચિકિત્સા સાધુ-સાધ્વીઓ કરે છે, એની પાછળ ક્યાંક એવો આશય પણ છૂપાયેલો જોવા મળે છે કે 'પોતાના ચાતુર્માસમાં ખૂબ તપશ્ચર્યા થાય', એવું એ સંયમીને ગમતુ હોય. એમાં જ એના ચાતુર્માસની જ્વલંત સફળતા, શાસન પ્રભાવકતા ગણાવાની હોય અને એટલે જ એ સંયમીઓ ભાઈઓ-બહેનો બધાય તપસ્વીઓની ચિકિત્સા કરવા પ્રેરાતા હોય.

જો આવો મલિન આશય હોય તો તો અવશ્ય ચારિત્ર મલિન બને જ.

પણ જો "ખરેખર તપસ્વીને શાતા રહે" એ જ આશયથી સંયમીઓ દવા આપતાં હોય તોય આ સાધ્વાચારનું ઉલ્લંઘન ગણાય કે નહિ ? એ ખૂબ જ વિચારણીય છે તે આ પ્રમાણે.

(૧) આ દવાથી આજે તો એ તપસ્વી તપ સારો કરશે. પણ ભવિષ્યમાં તપ વિના પણ જ્યારે પિત્ત વગેરે થશે, ત્યારે તેઓ આ દવા જાણી ગયા હોવાથી એ જ દવા લેવાના અને ત્યારે તો તેઓ આ બધુ ધર્મ માટે નહિ, પણ સંસાર માટે જ કરવાના.

હવે "આ રોગમાં અમુક દવા લેવાય" એ જાણકારી તો એ ગૃહસ્થોને સાધુ પાસેથી જ મળી હોવાથી, હવે પછી દવા લઈ જે કંઈ સંસારના પાપો કરશે એ બધાનું પાપ સંયમીને પણ લાગવાનું જ.

દા.ત. ઉપધાનમાં કોઈક આરાધકને ઝાડા થઈ ગયા હોય તો સાધુ એને અતિવિષની ગોળી આપે અથવા કોફી વાપરવાનું કહે, કોઈને તાવ આવે કે માથુ દુઃખે ત્યારે સાધુ એને પેરાસુટામોલ વગેરે અણાહારી ગોળી આપે, સખત વાયુ થયો હોય તો ત્રિફળા વગેરે આપે... આવી અનેક બાબતોમાં એ શ્રાવકો સાધુના નિમિત્તે એવા બોધવાળા બને કે "અમુક અમુક મુશ્કેલીઓ થાય, ત્યારે અમુક અમુક દવા લેવાય." અને પછી ભવિષ્યમાં સંસારમાં પણ એનો ઉપયોગ કરવાના જ. આ બધાનું પાપ સાધુને ચોંટે.

એક વાત સમજી રાખવી કે સાધુ વિશ્વના સર્વજીવોનું હિત ઈચ્છે છે, કોઈને કશું ય દુઃખ ન પડે એજ એની ભાવના છે. એટલે જ કોઈ માંદા રહે, રોગથી પીડાયા કરે... એવું સાધુ કદિ ન ઈચ્છે, પણ એની સાથે જ સાધુ સર્વવિરતિધર છે. એના લોકોત્તર આચારો જ એનું ઘરેણું છે. એમાં શ્રાવકોના રોગો દૂર કરવા, એમની આર્થિક જરૂરિયાતો સંતોષી આપવી.. વગેરે કાર્યો જૈનશ્રમણ સ્વયં ન કરે.

હા ! અપવાદ માર્ગે ગીતાર્થ ગુરુભગવંતો યથોચિત બધું કરી શકે, પણ એનું આલંબન

લઈ અગીતાર્થો પણ એજ રાહે ચાલવા જાય તો **"કૌઆ ચલા હંસ કી ચાલ"** જેવો ઘાટ થાય.

(૧૭)(૨) સાધુએ જાતે આપેલી, બીજા પાસે અપાવડાવેલી કે સૂચિત કરેલી દવા દ્વારા શ્રાવકાદિને સારુ થવાને બદલે ખરાબ થાય તો ? તબિયત સુધરવાને બદલે મરણ થાય તો? સાધુની, શાસનની કેટલી નિંદા થાય ?

એક ૧૪ વર્ષના છોકરાને કેન્સર થયું. સાધુએ એને સાજો કરવા માટે કો'ક સંન્યાસીએ શોધી કાઢેલી રોટલીના આકારની વનસ્પતિ મંગાવી. એ રોટલી એવી કે અમુક પાણીમાં એને રાખી મૂકીએ એટલે બે દિવસમાં એની બે રોટલી બની જાય. "એ રોટલી ખાવાથી અને પાણી પીવાથી કેન્સર મટી જાય" એવું સંન્યાસીનું કહેવું હતું.

સાધુએ આ રોટલી છોકરાના પરિવારને આપી. જો કે એ જૈનપરિવારને આ રોટલી ઉપર શ્રદ્ધા ન બેસી એટલે એમણે પોતાની મેળે બીજા ઉપચારો કર્યા. છોકરો બચી ગયો.

થોડાક દિ' બાદ સમાચાર મળ્યા કે સંન્યાસીની એ રોટલી જે જે કેન્સરના રોગીએ વાપરેલી, તે બધાયને બે-ત્રણ મહિના બાદ ભયંકર વેદના શરુ થઈ. કેન્સર વકર્યું અને બધા મરી ગયા.

જો નાનકડા છોકરાએ પણ એ રોટલી વાપરી હોત તો ? એનું મરણ થાત અને પરિવારને અતિશય આઘાત લાગત. સાધુ પર ભયંકર દ્વેષ થાત.

એટલે જ ગૃહસ્થોની દવા કરવામાં, એમને સાજા કરવામાં સાધુએ બિલકુલ રસ લેવા જેવો નથી. છતાં જો રસ પડતો હોય તો સાધુવેષ બાજુ પર મૂકી વૈદ્યનો કે ડોક્ટરનો વ્યવસાય સ્વીકારી શકાય છે. બાકી વેષ સાધુનો અને ધંધા વૈદ્ય તરીકેના એ જિનશાસનને પોષાય નહિ.

(૩) શ્રાવક-શ્રાવિકાઓની ચિકિત્સા કરવામાં, એ તપસ્વી બહેનો વગેરે સાથે ય વધુ પરિચય થાય. વિષમકાળની ભીષણતા સૌ જાણે છે કે આ ધર્મનિમિત્તે શરૂ થયેલા પરિચયો ક્યારેક મહા અધર્મ રૂપે અંત પામતા હોય છે.

હવે જો સંયમજીવન જ જોખમાતું હોય તો એવા તપો કરાવીને સાધુ શું મેળવશે ? ઘર બાળીને તીરથ કરવાની મૂર્ખતા બુદ્ધિમાન શ્રમણ કદિ ન કરે.

આવા કેટલાક કારણોસર સંયમીઓ તપસ્વીઓને દવા વગેરે આપે, એ ઉચિત લાગતું નથી. છતાં જો તપસ્વીઓને દવા આપવી અનિવાર્ય બનતી હોય, તો સંઘના પરિણત શ્રાવક શ્રાવિકાને જ એ બધી દવા આપી દઈ જાહેરાત કરી શકાય કે "તપમાં જે કંઈ મુશ્કેલી થાય એ અંગેની બધી જ દવા ફલાણા શ્રાવક-શ્રાવિકા પાસેથી મેળવી લેવી. મેં એમને બધું સમજાવી દીધેલ છે."

એક વિદ્વાન મુનિરાજે તો તપસ્વી બહેનોનો રોજ વાસક્ષેપ નાંખવા નિમિત્તે પણ પરિચય ન થાય તે માટે જાહેરાત કરી દીધી કે "મેં મારો મંત્રેલો વાસક્ષેપ સાધ્વીજીને મોકલાવી દીધો છે. એટલે બહેનોએ સાધ્વીજી પાસેથી મારો વાસક્ષેપ નંખાવી લેવો. મારી પાસે આવવું નહિ."

આવી વિશિષ્ટ યતના પાળશું તો જ સંયમપરિણામને ટકાવી શકશું.

(ઘ) મોટા તપના પારણામાં તપસ્વીઓએ શું શું વાપરવું ? એનું લિસ્ટ સંયમીઓ આપતા હોય છે. અલબત્ત આ ય ખોટું છે. સાધુ એમ કહે કે "પહેલા બે-ત્રણ દિવસ મગનું પાણી વાપરવું. ગરમાગરમ વાપરવું. કેરનું પાણી-ઢીલા મગ-કેર વગેરે લેવા." એટલે એ બધુ બનાવવામાં થનારી વિરાધના સાધુના ખાતે જ લખાય.

પણ જો અજ્ઞાની શ્રાવક-શ્રાવિકાઓ પારણામાં ગમે તે વાપરે, ભાન ન રાખે તો એમની તબિયત બગડે, હોસ્પિટલમાં દાખલ કરવા પડે અને મરી ય જાય. લોકો બોલે કે "આ તપ કરવાથી માંદા પડ્યા, મરી ગયા." આમાં તો તપની વગોવણી થાય, શાસનની નિંદા થાય. એટલે જ શાસન હીલના અટકાવવા, તપની વગોવણી અટકાવવા તપસ્વી ગૃહસ્થોને પારણા અંગેનું માર્ગદર્શન આપવું જરૂરી બની રહે છે.

છતાં એનો અર્થ એ નથી કે સાધુ વ્યાખ્યાનની પાટ ઉપર એ બધું સ્વયં સમજાવવા માંડે કે મળવા આવેલા ગૃહસ્થોને સાધુ પોતે આ બધું સમજાવે. આ માટેનો ઉપાય એવો જણાય છે કે લગભગ દરેક સંઘમાં જુના અનુભવી તપસ્વીઓ તો હોય જ છે. એમને બધી ખબર જ હોય છે. આવા અનુભવી માણસો દ્વારા જ તપસ્વીઓને પારણા અંગેની સમજુતી અપાવડાવાય. તે અનુભવી તપસ્વી વ્યાખ્યાનમાં કે એ સિવાય પણ તપસ્વીઓને પારણાની બધી વિગત સમજાવે. અને તપસ્વીઓ પણ પોતાની તબિયત માટે જ આ બધી શિખામણ હોવાથી એ વાત સ્વીકારે. સાધુ પણ તપસ્વીઓને સમજાવે કે જો તમારા પારણા બગડશે તો ધર્મ નિંદાશે. અને તેથી પારણામાં ખૂબજ કાળજી રાખવી પડશે. એ માટે આ અનુભવી ભાઈની બધી શિખામણ ધ્યાનમાં લેવી જોઈએ."

આ એવો માર્ગ છે કે જેમાં સંયમીએ કોઈ સાવદ્યભાષા બોલવી ન પડે અને શાસનની હીલના વગેરે પણ ન થાય.

સંયમનો કટ્ટર પક્ષપાત હશે, તો જ આ બધી યતના વાળવી શક્ય બનશે. બાકી તો (૯૮)'**गिहिणो वेयावडियं न कुज्जा**' વગેરે શાસ્ત્રપાઠોને ઘોળીને પી જઈ ગૃહસ્થો માટે બધું જ કરનાર સંયમીઓ પણ કો'ક મળી જાય તો એમાં ભીષણકાળને સલામ ભરી દેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

**ક્રોધપિંડ :** સાધુ પોતાના સ્વભાવથી, તપતેજથી, સત્તાથી ગૃહસ્થને ગભરાવીને જે ગોચરી મેળવે તે ક્રોધપિંડ તરીકે ઓળખાય.

**વિશેષ બાબતો :**

(ક) કેટલાક સંયમીઓ જો પોતે મંગાવેલી દવા વગેરે વસ્તુઓ શ્રાવકો ન લાવે તો એનો ઉધડો કાઢી નાંખતા હોય છે. આવા સાધુઓથી ગભરાયેલા શ્રાવકો એમના કહ્યા પ્રમાણે બરાબર યાદ રાખીને, એમની ઈચ્છા પ્રમાણેની વસ્તુ લાવી આપતા હોય છે. આ બધું ક્રોધપિંડ ગણાય.

(ખ) સાધુના ભાવ નિર્મળ હોય, કોમળ હોય છતાંય શ્રાવક પોતાની મેળે જ જાત-જાતના વિચાર કરી સાધુથી ગભરાય અને એ રીતે સાધુના ગભરાટથી પિંડ વહોરાવે તો એ પિંડ સ્વરૂપતઃ ક્રોધપિંડ હોવા છતાં પરમાર્થથી ક્રોધપિંડ નથી. કેમકે સાધુએ કોઈ ક્રોધાદિ કર્યા જ નથી.

**માનપિંડ :** અહંકારથી મેળવાયેલો પિંડ માનપિંડ કહેવાય.

(ક) લબ્ધિધારી તરીકેની ખ્યાતિ પામેલા સંયમીઓ માટે માનપિંડ થવાની શક્યતા ઘણી છે. "મને બધું મળે" આવા અભિમાનથી પોતાની સારી છાપ પાડવા માટે સંયમી બીજા ૪૧ દોષ વિનાના મિષ્ટાન્નાદિ લાવે તો પણ એ માનપિંડ કહેવાય.

ટુંકમાં જે ગોચરી ચર્યામાં વૈયાવચ્ચાદિનો ભાવ ન હોય, પણ અહંકારનો ભાવ હોય તે ગોચરી માનપિંડ બની રહે.

**માયા :** કપટ દ્વારા વહોરાયેલી ગોચરી માયાપિંડ કહેવાય.

(૧૯)(ક) શાસ્ત્રકારોએ કહ્યું છે કે ગોચરી વહોરતી વખતે વહોરવાની વસ્તુઓ પાત્રામાં વ્યવસ્થિત ગોઠવવી નહિ. પાત્રામાં જે વસ્તુ જ્યાં પડે ત્યાં જ રહેવા દેવી. એમ કોઈક વસ્તુ બીજી વસ્તુથી ઢાંકવી પણ નહિ, કેમકે એ માયા છે.

આજે તો આપણે શાક પણ પદ્ધતિસર વહોરીએ, વહોરેલી વસ્તુ જુદી જુદી વ્યવસ્થિત ગોઠવીએ અને મિષ્ટાન્નાદિને રોટલી વગેરે વડે ઢાંકીએ પણ છીએ.

આ શાસ્ત્રવિરુદ્ધ છે, પણ વર્તમાનકાળમાં આમાંનું કેટલુંક જરૂરી પણ લાગે છે. સંયમીઓ જો મિષ્ટાન્નાદિ વાપરતા ન હોય, સાદી રસોઈ જ વાપરતા હોય તો તો આ ઢાંકવાની ક્રિયા કરવી ન પડે. પણ હવે મિષ્ટાન્ન-મેવો-ફ્રુટ વગેરે બધુ વાપરતા જ હોય તો એક ઘરે વહોર્યા બાદ વસ્તુ ઉપર રોટલી વગેરે જો ઢાંકી દેવામાં ન આવે તો બીજા ઘરે એ વસ્તુ, એનું પ્રમાણ જોઈ ગૃહસ્થો અધર્મ પામે.

દા.ત. 'ઉપાશ્રયમાં ત્રણ સાધુ છે' એમ શ્રાવકો જાણે છે. હવે સંયમીઓનું પ્રમાણ મોટું હોવાથી ઘણા બધા મીઠાઈના ટુકડા સાધુએ વહોર્યા હોય, હવે જો ગૃહસ્થ આ જોઈ જાય તો એ વિચારમાં પડે કે "ત્રણ સાધુ આટલી બધી મીઠાઈ ખાશે" આમ એ અસદ્ભાવ પામે.

એટલે આજે આવી વસ્તુઓ ઢાંકી દેવી વધુ ઉચિત જણાય છે, ભલે એ માયા કહેવાય.

**લોભપિંડ :** આસક્તિથી અમુક જ વસ્તુ વહોરવાના સંકલ્પથી ગોચરી ભમવી અને એજ વસ્તુ વહોરવી. બીજી વસ્તુ મળતી હોય તો પણ ન વહોરવી. આ રીતે મળેલી ગોચરી લોભપિંડ કહેવાય.

**વિશેષ બાબતો :**

(ક) શિયાળામાં ખજુર-મેથીપાક-લાડવા, મેવો વગેરે મેળવવા સંયમી ઘણા ઘરોમાં ફરે, બીજી ઘણી સાદી વસ્તુ મળતી હોવા છતાં ન વહોરે, એમ ઉનાળામાં કેરીના રસ માટે લાંબો કાળ ગોચરી ભમે. કેરીના રસ માટે ઘણા ઘરે ફરવું જરૂરી લાગવાથી જ બધા ઘરેથી આહાર, ઓદન, વ્યંજનાદિ પુરતું મળતું હોવા છતાં ઓછું ઓછું વહોરી ઘણા ઘરોમાં ફરે. આ બધા લોભપિંડના સ્વરૂપો છે.

(ખ) જેઓ રીતસર આધાકર્મી જ વહોરે છે, એમણે તો વધારે ઘરો ફરવાનું હોતું જ નથી. એટલા માત્રથી તેમની ગોચરી લોભ દોષ વિનાની ન કહેવાય. આસક્તિ ખાતર આધાકર્મી વહોરનારાઓ-વાપરનારાઓનો પિંડ લોભપિંડ જ ગણાય.

(ગ) સારી વસ્તુ મળે એટલે ગૃહસ્થોનો વિચાર કર્યા વિના, પાછળથી થનારા આરંભોનો વિચાર કર્યા વિના પાત્રા-તરપણી ભરી દેવા, ગૃહસ્થોના વાસણો તળીયાઝાટક કરી દેવા, એ પણ લોભદોષનો જ પ્રકાર છે.

(ઘ) સંઘ જમણ, સ્વામિવાત્સલ્ય વગેરેમાં ગોચરી નિર્દોષ ગણી પાત્રા-તરપણીઓ ભરીને મિષ્ટાન્ન વહોરવા, (૭૦)'શ્રાવકોના ભાવ પડી જાય છે કે નહિ ?' એ તરફ લક્ષ્ય જ ન આપવું, પણ "મારા પાત્રા-તરપણી ભરાયા કે નહિ" એ જ લેશ્યા રાખવી એ લોભદોષનું જ સ્વરૂપ છે.

**સંસ્તવ :** ગોચરી મેળવવાના ઉદ્દેશથી ગૃહસ્થના સાચા-ખોટા ગુણોની પ્રશંસા કરવી, એમની સાથેના સંસારી પરિચય, સંસારી સંબંધ પ્રગટ કરવા અને એ રીતે ગોચરી મેળવવી એમાં એ ગોચરી સંસ્તવદોષવાળી બને.

**વિશેષ બાબતો :**

(ક) "તમે પ્રતિષ્ઠામાં ઘણો સારો લાભ લીધો / તમારો કંઠ જબરદસ્ત છે. ભલંભલાને

ડોલાવી નાંખે તેવો છે / તમારી પૂજા-પ્રતિક્રમણાદિ ક્રિયાની આરાધના જોઈ આશ્ચર્ય થાય છે.આ કાળમાં આવા આરાધકો ભાગ્યેજ જોવા મળે.... આવી અનેક પ્રકારની પ્રશંસા હૃદયના સાચા ભાવથી કરવાને બદલે માત્ર શ્રાવકને ખુશ કરવાના ઉદ્દેશથી સાધુ કરે અને એ રીતે શ્રાવકને પોતાનો પરિચિત, ભક્ત બનાવવાના પ્રયત્નો કરે.

આ રીતે મેળવાતી ગોચરી સંસ્તવદોષવાળી ગણાય.

(ખ) "ઓળખાણ પડી ? તમારા પિતાજી અને મારા સંસારી બાપુજી પાકા મિત્ર હતા. આ તો ધંધાદિના કારણે દૂર દૂર રહેવાનું થયું. એટલે પરિચય ઓછો થઈ ગયો / તમારા મામાની દીકરી મારે સંસારી ભાભી થાય. તમારો દીકરો અને હું સાથે જ સ્કૂલમાં ભણતા હતા..... આવા અનેક પ્રકારના સંસારી પરિચયો શ્રાવકને ખુશ કરવા માટે કહેનાર સંયમીની એ શ્રાવક પાસેથી મળેલી ગોચરી સંસ્તવદોષવાળી કહેવાય.

આમેય આવા સંબંધો યાદ કરવાની મોક્ષ માટે તો કંઈજ જરૂર જ નથી. એટલે ગોચરી મેળવવાના ઉદ્દેશ વિના એમને એમ પણ આ બધું બોલનાર સાધુ દોષભાગી છે. ગમે તેટલો નજીકનો સંબંધ હોય, તોય એ યાદ કરવાની જરૂર જ શી છે ?

બનાસકાંઠાના પ્રદેશમાં વિહાર કરતા આચાર્યશ્રીએ એક સાંજે ૩૦ સાધુઓને ભેગા કરી કહ્યું કે બાજુના અમુક ગામની વિનંતિથી મારે ત્યા જવાનું નક્કી થયું છે. આપણે બધાએ જ જવાનું હતું પણ એમાં ૫-૭ કિ.મી. વધે છે. એટલે તમે સીધા જ આગળના સ્થાને પહોંચો. હું પરમદિવસે ત્યાં આવીશ."

અને બે સાધુ સાથે આચાર્યશ્રી એ ગામમાં પહોંચ્યા. શ્રાવકો બોલી ઉઠ્યા. "બધા સાધુ ક્યાં ? એ નથી આવવાના ? રે ! એક તો અમારા પડોશી હતા. વર્ષોથી સાથે રહ્યા છીએ. તમે એમનેય ન લાવ્યા ?"

આચાર્ય કહે "મને તો એ સાધુએ કશી વાત નથી કરી." બીજા દિવસે બધા ભેગા થયા, ત્યારે આચાર્યશ્રીએ એ શિષ્યને આ વાત પુછતા તેણે જવાબ વાળ્યો કે "દીક્ષા બાદ હવે આ સંસારના સંબંધ યાદ કરાવાય ? અને એમાંય ગુરુ પાસે આવા ખુલાસા શી રીતે કરાય ? મારે ત્યાં કોઈ કામ હતું જ નહિ."

આચાર્યશ્રી શિષ્યની નિઃસ્પૃહતા બદલ ખૂબ ખુશ થયા.

શું આવો વૈરાગ્ય આપણે કેળવી શકશું ?

**વિદ્યા-મંત્ર-યોગ-ચૂર્ણ :** સાધુ વિદ્યા, મંત્ર, યોગ કે ચૂર્ણનો પ્રયોગ કરી એના દ્વારા શ્રાવકાદિને પ્રસન્ન કરી ગોચરી મેળવે તો એ ક્રમશઃ વિદ્યાપિંડ.....ચૂર્ણપિંડ કહેવાય.

જેને સિદ્ધ કરવા સાધના કરવી પડે અથવા જેની અધિષ્ઠાત્રી દેવી હોય તે વિદ્યા. જેને

સિદ્ધ કરવા સાધના ન કરવી પડે, માત્ર બોલતાની સાથે જ જે સિદ્ધ થાય અથવા જેનો અધિષ્ઠાતા દેવ હોય તે મંત્ર.

અદૃશ્ય કરનારા, આંખમાં આંજવામાં ઉપયોગી દ્રવ્યો વગેરે ચૂર્ણ કહેવાય. જે લેપ વગેરે પગમાં લેપવાથી પાણી ઉપર પણ તરી શકાય, એ લેપાદિ યોગ કહેવાય.

વર્તમાનમાં આવી બધી વિશિષ્ટ શક્તિઓ ભાગ્યે જ જોવા મળે છે. માટે જ આ દોષો લાગવાનો સંભવ ઓછો છે.

જો કે મંત્રિત વાસક્ષેપ, પદ્માવતી વગેરેના મંત્રો વગેરેના સહારે કેટલાક સંયમીઓ શ્રાવકોને ભક્ત બનાવી પોતાના ધાર્યા કામ કરાવી લે છે. જે સંયમીઓ આ રીતે ગોચરી મેળવતા હોય તેઓની ગોચરી વિદ્યાદિદોષવાળી બને.

**મૂલકર્મ :** ગર્ભાધાન, ગર્ભપાત, લગ્ન, છુટાછેડા વગેરે કરાવનારા સંયમી એ રીતે જે ગોચરી મેળવે એ મૂલકર્મદોષવાળી ગોચરી ગણાય.

આ અતિભયંકર કક્ષાનું પાપ છે.

(ક) જો સાધુઓ (૧) પોતાના ભક્તોના દીકરા-દીકરીઓના પરસ્પર લગ્નો ગોઠવી આપતા હોય, (૨) કોઈક શ્રીમંત શ્રાવકને પોતાનો ભક્ત બનાવી દેવા તેના દીકરા સાથે પોતાની ભક્તાણી કન્યાને પરણાવવાની પ્રવૃત્તિ કરતા હોય (૩) પોતાના ભત્રીજો, ભત્રીજી, ભાણેજ, ભાણેજી, ભાઈ, બહેન વગેરેનો સંસાર મંડાતો ન હોય તો એમના માટેની સીધી કે આડકતરી મહેનત કરતા હોય અને એમાં સફળ પણ થતા હોય. (૪) જે બહેનોને સંતાન ન થતું હોય એને એ માટે વાસક્ષેપ નાંખી આપતા હોય, સંતાન માટેની રક્ષા પોટલી આપતા હોય. (૫) અનાચાર સેવવાથી ગર્ભવતી થયેલ બહેનના ગર્ભને પાડી નાંખવા માટેની ઔષધિ આપતા હોય.

તો એ સાધુઓ મૂલકર્મ દોષવાળા બને છે. આ બધું શ્રમણ ભગવાન મહાવીરનો શ્રમણ કરે એ શક્ય જ નથી. પણ આ હળહળતો કળિયુગ છે ! કશુંય અશક્ય નથી.

હજી ગર્ભાધાન, ગર્ભપાતાદિના પાપો સુધી તો શ્રમણ-શ્રમણીઓ નહિ જ જતા હોય. પરંતુ પોતાના સંસારી સ્વજનમાં ગણાતા છોકરા-છોકરીઓના ઠેકાણા પાડવામાં સીધી કે આડકતરી રીતે, જાણતા કે અજાણતા મહત્ત્વનો ભાગ ભજવી જતા હોય એવી શક્યતા તો છે જ.

(ખ) જે શ્રાવકો વર્ષોથી તે તે સાધુની બધી રીતની સેવા કરતા હોય, તન, મન, ધનથી સહકાર આપતા હોય. એ શ્રાવકો જ્યારે પોતાના દીકરા-દીકરીના પ્રશ્નો લઈને સાધુ પાસે

આવે અને કકળતા હૃદયે વેદના ઠાલવે એ વખતે સાધુની ખરી પરીક્ષા થઈ જતી હોય છે.

સાધુ શાસ્ત્રીયમર્યાદા ભુલી, પોતાનો સર્વવિરતિ ધર્મ ભુલી ભક્તોના દીકરી દીકરાઓના સંસારી જીવનમાં પડેલા ભંગાણો સાંધી આપવાનું કે તદ્દન નવા સંસારીજીવન માંડી આપવાનું કાર્ય કરે તો પછી ગુરુ અને ગોર એક જ બની ગયા ને ?

સાંભળ્યું છે કે એક જગ્યાએ સાધ્વીજી પાસે રહેલ મુમુક્ષુ બહેન અને સાધુ પાસે રહેલ મુમુક્ષુભાઈ બેય જણે લગ્ન માંડી દીધા.

સંયમીઓએ ખૂબ સાવચેત રહેવાની જરૂર છે. આપણા નિમિત્તને લઈને સંસારીઓ પોતાના સંસારી સુખ અંગેના સ્વાર્થો સાધી લે એ બરાબર નથી.

અહીં ૧૬ ઉત્પાદના દોષો પૂર્ણ થયા.

હવે ૧૦ એષણાદોષો જોઈએ.

**શંકિત** : નિર્દોષ ગોચરીમાં પણ જો સંયમીને એવી શંકા પડે કે "આ આધાકર્માદિ દોષવાળી હશે" અને એવી શંકા પડવા છતાં વહોરે અને વાપરે તો એ ગોચરી શંકિતદોષવાળી ગણાય.

અહીં ધાત્રી-દૂતી વગેરે ૧૬ ઉત્પાદના દોષો તો સંયમી પોતે જ ઉભા કરતો હોય છે. એટલે જો એ દોષવાળી ગોચરી હોય તો સંયમીને નિશ્ચય જ હોય કે "આ ધાત્રીપિંડ છે." ત્યાં એવો સંશય ન જ પડે કે "આ ધાત્રીપિંડ હશે કે નહિ ?"

કેમકે પોતે ધાવમાતા જેવા કામ કરેલા હોય તો પોતે તો જાણતો જ હોય અને ન કર્યા હોય તો એ ય જાણતો હોય એટલે એમાં હા-નાનો નિશ્ચય જ હોય, શંકા નહિ. માટે જ આ શંકા ૧૬ ઉદ્ગમદોષો અને હવે પછીના નવ એષણાદોષો અંગેની જ હોય.

આ શંકિતદોષમાં ચાર ભાંગા છે.

(૧) વહોરતી વખતે આધાકર્માદિની શંકા હોય અને વાપરતી વખતે પણ આધાકર્માદિની શંકા હોય.

(૨) વહોરતી વખતે આધાકર્માદિની શંકા હોય પણ વાપરતી વખતે આધાકર્માદિની શંકા ન હોય.

(૩) વહોરતી વખતે આધાકર્માદિની શંકા ન હોય અને વાપરતી વખતે આધાકર્માદિની શંકા હોય.

(૪) વહોરતી વખતે આધાકર્માદિની શંકા ન હોય અને વાપરતી વખતે પણ

આધાકર્માદિની શંકા ન હોય.

એમાં ચોથા ભાંગામાં તો સાધુને કોઈ દોષ ન લાગે. (૭૧)બીજા ભાંગામાં વાપરતી વખતે આધાકર્માદિની શંકા નીકળી ગઈ હોવાથી, વસ્તુ નિર્દોષ હોવાની ખાતરી થઈ ગયા બાદ વાપરતો હોવાથી આધાકર્મ-ભક્ષણનો દોષ તો ન લાગે. પરંતુ વહોરતી વખતે આધાકર્માદિની શંકા હોવા છતા વહોર્યું છે એટલે આધાકર્માદિ દોષનો અતિચાર તો લાગે જ.

વહોરતી વખતે જો એ વસ્તુ દોષિત હોવાની શંકા હોય તો વહોરાય જ નહિ. સાધુનો આચાર એ છે કે "આ વસ્તુ સંપૂર્ણ નિર્દોષ છે" એવો નિશ્ચય થયા બાદ જ વહોરે. જરાક પણ શંકા પડે તો જ્યાં સુધી એ શંકાનું સમ્યક્ નિવારણ ન થાય ત્યાં સુધી ન જ વહોરે. એને બદલે આ સાધુએ શંકા હોવા છતાં વહોર્યું છે. એટલે એટલો દોષ તો લાગે જ.

પહેલો ભાંગો તો દોષવાળો જ છે.

ત્રીજા ભાંગામાં વાપરતી વખતે આધાકર્માદિની શંકા હોવા છતાં વાપરે છે. એટલે બીજા ભાંગા કરતા વધુ દોષ લાગે.

કેટલીક વિશેષ બાબતો જોઈએ.

(ક) શંકિત દોષમાં જે દોષ અંગેની શંકા પડી હોય એ જ દોષ સાધુને લાગે અને પ્રાયશ્ચિત્ત પણ એ મુજબ જ આપવામાં આવે. દા.ત. સાધુને આધાકર્મીની શંકા હોવા છતાં વાપરે, તો એને આધાકર્મીનું પ્રાયશ્ચિત્ત આવે. જો મિશ્રની શંકા હોવા છતાં વાપરે તો મિશ્રનું પ્રાયશ્ચિત્ત આવે.

(૭૨)જિન શાસનમાં પરિણતિ પ્રધાન છે એ આ પદાર્થ ઉપરથી વધુ સ્પષ્ટ થાય છે. જે સાધુ ખરેખર આધાકર્મી ગોચરીને આધાકર્મી સમજી વાપરે અને જે સાધુ તદ્દન નિર્દોષ વસ્તુને આધાકર્મી સમજીને વાપરે તે બેય ને સરખુ પ્રાયશ્ચિત્ત આવે છે. વસ્તુ દોષિત કે નિર્દોષ હોવા છતાં એના કારણે અહીં પ્રાયશ્ચિત્તમાં ભેદ પાડવામાં આવ્યો નથી.

(ખ) કોઈક શ્રાવકના ઘરે ચાલુ દિવસે દૂધપાક બનેલો જોઈ સાધુને શંકા તો ગઈ, પણ ગમે તે કારણે તે પુછી ન શક્યો અને દૂધપાક વહોર્યો. વાપરતી વખતે પણ મનમાં વિચાર ચાલુ છે કે "આ દૂધપાક આધાકર્મી હશે તો ?" છતાં વાપરે છે તો એ પ્રથમ ભાંગામાં ગણાય.

આજ પ્રસંગમાં દૂધપાક વાપરતા પહેલા જ કોઈ સાધુ આવીને કહે કે આજે પેલા શ્રાવકને ત્યાં ૧૫-૨૦ મહેમાનો છે.. દૂધપાક બનાવ્યો છે." તો આ સાંભળી પૂર્વના સાધુની આધાકર્મીની શંકા નીકળી જાય. એટલે હવે એને બીજો ભાંગો લાગુ પડે.

"આંબિલખાતામાં ૫૦ આંબિલ છે." એમ સાંભળી એક સાધુ ત્યાંથી મગનું પાણી વગેરે વહોરી લાવ્યો. એ એમ સમજે છે કે 'આ નિર્દોષ છે.'

એ હજી પાણી વાપરે એ પહેલા જ બીજો સાધુ બહારથી આવી કહેવા લાગ્યો કે "આંબિલખાતે માત્ર દસ જ આંબિલ છે. ૫૦ ની વાત ખોટી છે. **અથવા** આંબિલ ખાતે ૫૦ આંબિલ છે ખરા, પણ મેં પૂછ્યું તો જવાબ આપ્યો કે ૧૦-૧૨ સાધ્વીજીઓ વહોરી ગયા છે. એટલે આ બધુ મિશ્રદોષવાળું તો ખરું જ."

આ સાંભળીને પેલા મગપાણી લાવનારાને શંકા પડી કે "મગનું પાણી મિશ્રદોષવાળું છે." અને છતાં એ વાપરે તો એને ત્રીજો ભાંગો લાગુ પડે.

**મ્રક્ષિત :** સચિત્તવસ્તુ વડે વ્યાપ્ત બનેલ નિર્દોષ ગોચરી કે અચિત્ત નિંદનીય વસ્તુ વડે વ્યાપ્ત બનેલ નિર્દોષ ગોચરી આ બેય મ્રક્ષિતદોષવાળી ગણાય.

(ક) શ્રાવિકા સાધુને વહોરાવવા માટે પોતાના સાબુવાળા હાથ, તેલ-ઘી વાળા ચીકણા હાથ ધુએ અને પછી વહોરાવે, અજૈનોમાં ય બહેનો "સાધુઓને હાથ ધોયા વિના વસ્તુ ન અપાય" એમ વિચારી હાથ ધોઈને જ વહોરાવે તો એમાં મ્રક્ષિતદોષ લાગે.

એ કાચા પાણીવાળા હાથથી જ રોટલી, ખાખરા, સુખડી, ચેવડો વગેરે ઉપાડીને વહોરાવે તો એમાં ય મ્રક્ષિત દોષ લાગે.

કેરીનો રસ કાઢતા હોય, હાથ વડે લીંબુ નીચોવતા હોય, કોથમીરની ચટની બનાવવા મરચા, કોથમીર પીંસતા હોય, સેવ-ચકરી વગેરે બનાવવા તૈયાર કરેલા ચણાના લોટવાળા હાથ હોય અને એવા સચિત્ત સંઘટ્ટાવાળા હાથથી રોટલી વગેરે ઉપાડીને વહોરાવે તો એ મ્રક્ષિતદોષ કહેવાય.

(ખ) સાધુને ઘીથી લથપથ રોટલી ઉપાડીને વહોરાવે, અથવા ઘી વહોરાવ્યા બાદ હાથથી વાસણાદિ લુંછે. મુરબ્બો, છુંદો વહોરાવ્યા બાદ છાંટો વગેરે નીચે ન પડે તે માટે હાથથી લુંછે.

આવી અનેક રીતે સાધુને વહોરાવતા શ્રાવિકાના કે શ્રાવકના હાથ તે તે વસ્તુથી ખરડાય એટલે પછી તેઓ પાછળથી હાથ ધુએ તો એ પણ મ્રક્ષિતદોષમાં ગણાય.

એટલે જ જ્યાં તેઓના હાથ બગડવાની શક્યતા હોય તે વસ્તુ જ ન વહોરવી. હાથ બગાડ્યા વિના કે પહેલેથી જ બગડેલા હાથથી વહોરાવવાના હોય તો એ વસ્તુ વહોરી શકાય.

છેવટે જો એમના હાથ બગડે એ રીતે વહોરવું પડે, તો એમને પુછી લેવું કે "તમે આ

હાથ તરત ધોશો ? કે જમ્યા બાદ કે તમારું કોઈ કામ કર્યા બાદ ધોશો ?" જો જમણાદિ પતાવ્યા બાદ જ ધોવાના હોય તો તો કોઈ વાંધો જ નથી. જો તરત ધોવાના હોય તો સંક્ષેપમાં આપણો આચાર સમજાવવો. અને આપણુ લુણું એમને હાથ લુંછવા આપી દેવું. એટલે હાથ લુંછ્યા બાદ તેઓ હાથ ધુએ નહિ.

(ગ) જે વસ્તુઓ શ્રાવક-શ્રાવિકા વર્ગમાં અભક્ષ્ય તરીકે પ્રચલિત છે તે વસ્તુઓ અચિત્ત થઈ ગયેલી હોય અને સાધુ-સાધ્વીને ખપે તેવી બીજી વસ્તુ સાથે મિશ્ર થયેલી હોય ત્યારે એ પણ ન વહોરવું.

દા.ત. બહારથી લાવેલો માવો ઘરે એ જ દિવસે ગરમ કરીને, સેકીને મોહનથાળાદિ મીઠાઈમાં નાંખેલો હોય તો માવો અચિત્ત થઈ ગયો હોવા છતાંય આવા ઘણા દિવસ પહેલાના દુકાનમાંથી લાવેલા માવા અભક્ષ્ય તરીકે પ્રસિદ્ધ હોવાથી એ ન વહોરવા ઉચિત છે.

એમ ફાગણ ચોમાસી બાદ દૂધપાક વગેરે મીઠાઈઓમાં કાજુ-દ્રાક્ષ વગેરે નાંખેલ હોય, કચોરી વગેરેમાં પણ કાજુ-દ્રાક્ષ નાંખેલા હોય. તો એ ગ્યાસ પર ચડવાના કારણે અચિત્ત થઈ ગયા હોવા છતાં અભક્ષ્ય તરીકે પ્રચલિત હોવાથી એ દૂધપાકાદિ ન વહોરાય.

દાળ-શાકમાં કાંદા, બટાકા, લસણાદિ કોઈપણ કંદમૂળ નાંખેલ હોય તો એ પણ ગ્યાસ પર ચડી જવાથી અચિત્ત થઈ જવા છતાં અભક્ષ્ય તરીકે પ્રસિદ્ધ હોવાથી એવા શાક-દાળ વગેરે ન વહોરાય.

જો સંયમીઓ આ બધુ વહોરે તો (૧) શ્રાવકો વિચારે કે "આ સાધુઓ શિથિલ છે. અભક્ષ્ય વસ્તુઓ પણ વાપરે છે." અને એટલે તેઓ ધર્મવિમુખ બને. (૨) કોઈક વળી એમ વિચારે કે "સાધુઓ જો આ બધુ વાપરતા હોય, તો આપણને વાપરવામાં શું વાંધો ?" એટલે તેઓ પણ કંદમૂળ વગેરે ખાતા થઈ જાય.

ટૂંકમાં જે વસ્તુઓ લોકમાં અભક્ષ્ય-અકલ્પનીય તરીકે પ્રસિદ્ધ હોય તે વસ્તુઓના મિશ્રણવાળી કોઈપણ વસ્તુ સંપૂર્ણ નિર્દોષ હોય તો પણ એ વહોરવી નહિ.

**નિક્ષિપ્ત :** સાધુને વહોરાવવાની વસ્તુ સચિત્તાદિ વસ્તુ ઉપર પડેલી હોય અને એ વસ્તુ લઈને વહોરાવે ત્યારે આ નિક્ષિપ્તદોષ લાગે.

આનું વિસ્તૃતવર્ણન બાળપોથી પુસ્તકમાંથી જાણી લેવું. અહીં ટુંકાણમાં પદાર્થ કહેશું. તથા આ પદાર્થ બરાબર ધ્યાનમાં રાખવો કેમકે આગળ પિહિત+સંહૃત એ બે દોષમાં પણ આજ પ્રમાણે વર્ણન છે. માત્ર સામાન્ય ભેદ છે.

(ક) ચાલુ ગ્યાસ ઉપર દૂધ ગરમ થતું હોય તો જો એ દૂધની તપેલી નીચે ઉતારે તો સહજ

રીતે જ ગ્યાસની અગ્નિ તપેલી સાથે અથડાવાથી સાધુ નિમિત્તે વિરાધના થવાની. જો ગ્યાસ બંધ કરી દે તો પણ સાધુ નિમિત્તે તેજસકાય ની વિરાધના થયેલી કહેવાય. એટલે આવું દૂધ, દાળ, શાક વગેરે ચાલુ ગ્યાસ ઉપરથી નીચે ઉતારેલું વહોરવામાં નિક્ષિપ્તદોષ લાગે.

(ખ) ઘણીવાર રસોડાના પ્લેટ ફોર્મ ઉપર કાચું પાણી ઢોળાયેલું હોય અને ત્યાં જ ઉપર દૂધ, ભાત, દાળ વગેરેની તપેલી, રોટલીનો ડબો વગેરે પડેલું હોય. હવે જો એ કાચા પાણી પર પડેલી તપેલી વગેરેને શ્રાવિકા સાધુને વહોરાવવા માટે ઉંચકે તો અપ્કાયની વિરાધના થવાની જ. આમ અહીં પણ નિક્ષિપ્તદોષ લાગે.

સંયમીએ ખૂબ ઝીણવટથી જોવું પડે કે "રસોડાના પ્લેટફોર્મ ઉપર રહેલી તપેલી વગેરેની નીચે કાચા પાણીના નાના મોટા ટીપા નથી ને ?" પછી જ નિર્દોષ જણાય તો વહોરાય.

(ગ) ક્યારેક એવું બને કે કાચું મીઠું, આખું જીરુ વગેરેની ડબીની ઉપર જ હળદર, સુંઠ વગેરેની ડબી કે બીજી કોઈ વહોરાવવા યોગ્ય વસ્તુ પડેલી હોય. તે વહોરાવતા જો નીચેની સચિત્ત મીઠાવાળી ડબી હલી જવાની હોય તો પૃથ્વીની વિરાધના સાધુ નિમિત્તે થવાથી દોષ લાગે. એટલે ત્યાં ન વહોરાય.

(ઘ) સમારેલી કોથમીર, સંતરા, મોસંબીની છાલ, ઘઉં વગેરેના દાણા, ભીંડા વગેરે શાક ભરેલી કોથળી.... આ બધાની ઉપર તપેલી પડી હોય, પાકા કેળા પડેલા હોય, મીઠાઈનું બોક્ષ પડેલું હોય તો એ કેળા-મીઠાઈ વગેરે વહોરાવતા અવશ્ય સચિત્ત વનસ્પતિનો સંઘટ્ટો થવાનો જ. પરિણામે ત્યાં પણ વિરાધના સંભવિત હોવાથી એ વસ્તુ પણ ન વહોરાય.

ટૂંકમાં સાધુને ખપે એવી વસ્તુ બીજી સચિત્ત વસ્તુ ઉપર એવી રીતે પડી હોય કે એ કલ્પ્ય વસ્તુ લેવા જતા સચિત્તવસ્તુનો સંઘટ્ટો વગેરે થઈ જ જાય તો ત્યાં આ નિક્ષિપ્ત દોષ ગણાય.

(૭૭)પણ જો એ કલ્પ્ય વસ્તુ એવી રીતે પડી હોય કે એ લેવા છતાં કોઈપણ સંઘટ્ટાદિ દોષ ન જ લાગે તો એ વહોરવામાં વાંધો નથી.

દા.ત. આજના મોટા ગ્યાસોમાં એક બાજુ ચાલુ ગ્યાસ ઉપર દાળ ગરમ થતી હોય અને બીજી બાજુ બંધ ગ્યાસ ઉપર દૂધની તપેલી પડી હોય. તો શ્રાવિકાને કહી શકાય કે "ગ્યાસ હલે નહિ, એ રીતે દૂધની તપેલી લઈ લેશો તો અમને ચાલશે."

એમ ચાલુ ફ્રીજની છેક ઉપર કેળા પડેલા હોય તો ત્યાં પણ એ કેળા લેવામાં ફ્રીજ હલવું કે એવી કોઈ વિરાધના થતી ન હોય તો એ કેળા વહોરી શકાય છે.

નીચે કોથમીર વગેરે વનસ્પતિ હોય અને ઉપર ઉપરાઉપરી બે-ત્રણ તપેલી મૂકી હોય ત્યારે જો નીચેની તપેલી બિલકુલ ન હલે એ રીતે ઉપરની તપેલી લઈ શકાતી હોય તો ત્યાં

પણ વહોરવામાં વાંધો નથી.

ગ્યાસ ઉપર મોટી તપેલીમાં દૂધ ઉકળતું હોય તો ગ્યાસ બંધ કર્યા વિના પણ એ દૂધ વહોરાવાય તો વહોરી શકાય. પણ એ વખતે તપેલી બિલકુલ હલવી ન જોઈએ. ઉપર કપ વગેરેથી દૂધ લે અને નીચે અગ્નિમાં ટીપુ ન પડે એ રીતે વહોરાવે તો એ વહોરી શકાય છે.

**પિહિત :** સાધુને વહોરાવવાની વસ્તુ નીચે હોય અને એની ઉપર સચિત્તપાણી - વનસ્પતિ વગેરે પડેલા હોય તો એ વસ્તુ વહોરવામાં પિહિત દોષ લાગે.

નિક્ષિપ્ત અને પિહિતમાં આટલો જ ભેદ છે કે નિક્ષિપ્તમાં કલ્પ્યવસ્તુ ઉપર હોય અને પિહિતમાં કલ્પ્યવસ્તુ નીચે હોય. એ સિવાય બધું જ નિક્ષિપ્ત પ્રમાણે સ્વયં વિચારી લેવું.

છતાં કેટલીક બાબતો જોઈ લઈએ.

(ક) દાળની તપેલી કે શાકની કઢાઈની ઉપર (છીબા પર) લીંબુ, કોથમીર પડી હોય. કાચા પાણીના ટીપા પડ્યા હોય, મીઠાની કે આખા જીરા વગેરેની ડબી પડી હોય. અને એ દૂર કરીને નીચેથી દાળ-શાક વહોરાવવામાં આવે તો ત્યાં પિહિતદોષ લાગે.

(૭૪)(ખ) જો કલ્પ્યવસ્તુ ઉપર પડેલ સચિત્તવસ્તુ બિલકુલ ન હલે એ રીતે દૂર કરી દેવાય તો પછી નીચેની વસ્તુ વહોરવી કલ્પે. દા.ત. દાળની તપેલી ઉપર મીઠાની નાનકડી ડબી પડી હોય તો ડબીને અડ્યા વિના, ડબી હલે નહિ એ રીતે જો છીબા સાથે એ બાજુમાં મૂકી દેવાય તો પછી એ દાળ કલ્પે.

એમ છીબા ઉપર અડધું લીંબુ ઉંધુ સ્થિર પડેલું હોય તો એને અડ્યા વિના, લીંબુ ન હલે એ રીતે છીબુ બાજુ પર મૂકી દાળ-શાક વહોરાવાય તો એ કલ્પી શકે છે.

પણ નિક્ષિપ્ત કરતા પિહિતમાં વધુ સાવધાની જરૂરી છે. એમાં સચિત્ત વસ્તુનો સંઘટ્ટો થઈ જવાની કે હલી જવાની શક્યતા વધુ છે. એટલે શ્રાવિકા હોંશિયાર જણાય તોજ આ આપણો આચાર વ્યવસ્થિત સમજાવી એ ઉપરની વસ્તુ દૂર કરાવી વહોરી શકાય.

પણ જો આ બધુ અશક્ય હોય તો પછી ત્યાં તે વસ્તુ ન વહોરવી જ યોગ્ય છે.

• **સંહૃત :** સાધુને વહોરાવવાની વસ્તુની સાથે પડેલી બીજી વસ્તુ જો ત્યાંથી ઉંચકી સચિત્ત એવી કોઈ બીજી વસ્તુ ઉપર મૂકે તો ત્યાં સંહૃત દોષ લાગુ પડે.

(ક) સાધુઓને સુખડી વહોરાવવા ઉપરનું ખાનુ ખોલી સુખડીના ડબાની ઉપર રહેલો ચેવડાનો ડબો સીધો નીચે રસોડાના પ્લેટ ફોર્મ ઉપર ઢોળાયેલા પાણી પર મૂકે તો હવે એ સુખડી સંહૃતદોષવાળી થાય.

એમ સુખડીનો ડબો ખોલી ઉપરનું ઢાંકણું કાચા પાણીના ટીપા પર, કોથમીર વગેરે

વનસ્પતિ ઉપર મૂકી દે તો ત્યાં પણ સંહૃત દોષ લાગે.

દાળ વહોરાવવા માટે દાળની ઉપર પડેલી ભાતની તપેલી કે દાળનું છીબું ઉપાડી કાચા પાણી, વનસ્પતિ વગેરે ઉપર મૂકે તો ત્યાં પણ સંહૃતદોષ લાગે.

આવા અનેક દૃષ્ટાન્તો સ્વાનુભવ પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિથી વિચારી લેવા.

(ખ) મોટા રસોડામાં મોટા તપેલામાં રહેલ ભાત વગેરે વહોરાવવા માટે ઉપરનું છીબું નીચે ચોખ્ખા સ્થાને મૂકવામાં આવે તોય એ છીબા ખૂબ વજનદાર હોવાથી ઉંચકનારો સહેલાઈથી એને ઉંચકી શકતો ન હોય તો એને પીડા થાય, ક્યારેક કમર રહી જાય, ક્યારેક ભાર ન ઉંચકાવાથી એ મોટા છીબા હાથમાંથી છટકી જાય. એમ નીચેના તપેલાની વસ્તુ વહોરાવવા માટે ઉપર પડેલ મોટું તપેલું દૂર કરવામાં પણ ઉંચકનારને પુષ્કળ કષ્ટ પડે... આ વખતે ત્યાંથી એ વસ્તુ વહોરાય નહિ.

મોટા વાસણથી જ વસ્તુ વહોરાવે તોય ન ચાલે. ઘણીવાર રસોઈયો, શ્રાવક કે બહેન મોટું તપેલું ઉંચકી એનાથી જ સીધી દાળ-રસ વગેરે વહોરાવતા હોય છે. એ વખતે જો એમને એ તપેલું ઉંચકવામાં શ્રમ પડતો હોય, મુખની રેખાઓ અક્કડ બનતી હોય તો એ રીતે વહોરવું ય ઉચિત નથી જ. એ મોટા વાસણમાંની વસ્તુ નાની તપેલી વગેરેમાં લઈને વહોરાવે તો દોષ ન લાગે. અલબત્ત ત્યાં પણ પશ્ચાત્કર્માદિનો વિચાર કરવો રહ્યો.

**દાયક :** બાળક, વૃદ્ધ વગેરેના હાથે વહોરવામાં કેટલાક દોષો લાગી શકતા હોવાથી તેવા શાસ્ત્રનિષિધ્ધ વ્યક્તિના હાથે વહોરવામાં દાયક દોષ લાગે.

શાસ્ત્રકારોએ કુલ ૪૦ પ્રકારના દાયકો બતાવ્યા છે, કે જેમના હાથે ન વહોરાય. એમાંય ૨૫ના હાથે અમુક અમુક અવસ્થામાં વહોરવાની રજા પણ આપી છે.

અહીં આપણે વર્તમાનકાળને નજર સામે રાખીને કેટલીક વિચારણા કરીએ.

(૭૫)(ક) જે સ્થાનમાં જે ઘરો નિંદનીય ગણાતા હોય, તે ઘરોએ વહોરવા ન જવું. દા.ત. માંસ ખાનારા, દારુ પીનારા, ચમારો, માછીમારો, હરિજનો, મુસલમાનો વગેરે ઘરોમાં સાધુઓ વહોરવા જાય તો એ ત્યાંના શિષ્ટલોકોમાં નિંદનીય બનતું હોય છે.

એમ જે શ્રાવકો દેવદ્રવ્યના ભક્ષક હોય, જેઓ શ્રમણ સંસ્થાની નિંદા-હીલના, મશ્કરી કરનારા હોય. આ બધાના ઘરે પણ વહોરવા ન જવું.

(ખ) બાળકના હાથેથી આમ તો ન વહોરાય, પણ એના માતા-પિતા એના હાથે વહોરાવડાવતા હોય અથવા બાળક જે વસ્તુ જેટલા પ્રમાણમાં વહોરાવી રહ્યો હોય એમાં એ માતા-પિતાની સંમતિ એમના મુખ ઉપરથી જણાતી હોય તો તેના હાથે વહોરી શકાય છે.

(ગ) વૃદ્ધ વગેરે જેઓના હાથ ધ્રુજતા હોય, ચાલવામાં ય જેમને મુશ્કેલી પડતી હોય તો એમના હાથે ન વહોરાય. એમના સ્વજનો વૃદ્ધને પકડીને એમના હાથે વહોરાવડાવે તો પછી વહોરવામાં વાંધો નથી.

(ઘ) તાવવાળા, કોઢવાળા, ચેપી રોગવાળાના હાથે ન વહોરવું. નહિ તો કદાચ એનો રોગ આપણામાંય ઘુસી જાય.

(ચ) રસોઈયા, ઘરના નોકર-નોકરાણી વિગેરેના હાથે જ જો વહોરવું પડે તો ઓછા પ્રમાણમાં વહોરવું. તથા ખાતરી કરી લેવી કે "એના શેઠ-શેઠાણીને વાંધો નથી ને ?"

એક અજૈનને ત્યાં સાધુઓ વહોરવા ગયા, નોકર ઠેઠ અંદર વહોરવા લઈ ગયો, ત્યાં જ માલિક આવ્યો "અલ્યા ! સંન્યાસીઓને બારણા પાસે જ ભિક્ષા આપવાની, અંદર નહિ લાવવાના. એ તને કહ્યું તો છે. મર્યાદા કેમ ભાંગે છે ?"

છેવટે સાધુઓએ માફી માંગી.

એટલે જ આવા વ્યક્તિઓ પાસે વહોરવું જ પડે તો ખૂબજ સાવચેતી રાખવી.

(છ) આ સિવાય લંગડા, હાથ વિનાના, ગાંડા, અંધ વગેરેના હાથથી પણ વહોરવું નહિ.

(જ) ગર્ભવતી બહેન કે સ્તનપાન કરનારા બાળકવાળી બહેનના હાથે પણ વહોરવું નહિ. ગર્ભવતી બહેન સાધુને વહોરાવવા માટે ઉભા થાય, વળે, બેસે એમાં એમને અને બાળકને પીડા થાય.

(૭૯)હા ! શરૂઆતના જ મહિનાઓ હોય અથવા તો છેલ્લા મહિનાઓમાં પણ એ બહેન ઉઠ-બેસ કર્યા વિના જ જ્યાં બેઠા હોય ત્યાં જ ભિક્ષા વહોરાવે તો વહોરાય.

ટૂંકમાં એમને લેશ પણ પીડા થાય તે રીતે તેમની પાસેથી ન વહોરાય.

એમ ગર્ભવતીસ્ત્રીનો બાળક માત્ર સ્તનપાન ઉપર જ જીવતો હોય તો એ બહેનના હાથે ન વહોરાય. કેમકે એ બહેન એને મૂકી ઉભા થાય એટલે બાળક રડે. એની કાળજી કોઈ ન કરે...

હા ! એ બાળકને સાચવનાર કોઈક હોય અને બાળક બિલકુલ ન રડે તો પછી વહોરવામાં દોષ જણાતો નથી.

(ઝ) બહેન જમતા હોય ત્યારે તેમના એંઠા હાથથી ન વહોરાય. જો કે બહેનો પોતે જ આટલી સમજણ તો ધરાવતા જ હોય છે. પણ ક્યારેક બીજુ કોઈ વહોરાવનાર ન હોય તો એંઠા હાથથી વહોરાવવા ય કોઈ પ્રયત્ન કરે. ત્યારે ન વહોરવું.

બહેન જો એંઠા હાથ લુંછી નાંખે તો એ કપડું ધોવા વગેરે પશ્ચાત્કર્મની સંભાવના રહે છે. હા ! એ હાથ લુંછયા બાદ પણ એ કપડું બીજા કામમાં ઉપયોગમાં લીધા બાદ જ ધોવાવાનું હોય અને વહોરવું જરૂરી હોય તો પછી વહોરવામાં દોષ જણાતો નથી,.

(ટ) સૌથી ભયંકર પ્રશ્ન આજે નડે છે M.C. નો ! આજે જૈનોના ઘરોમાં પણ M.C.નું પાલન ઘણું ઘણું ઘટી ગયું છે. એના અનેક કારણો છે.

(૧) નવમા-દશમાં ધોરણમાં ભણતી છોકરીઓને દર મહિને ત્રણ દિવસ સ્કુલ ટ્યુશનમાં ખાડા પાડવા પરવડતા નથી. સ્કુલ ટ્યુશનવાળા એ મંજુર પણ રાખતા નથી. વળી સમજણના અભાવે નવા વર્ગને M.C.નું પાલન આવશ્યક લાગ્યું નથી. એટલે ઘર ઘરમાં છોકરીઓ M.C. ન પાળતી હોવાથી એ ઘરો અશુદ્ધિથી ભ્રષ્ટ થયેલા હોય છે.

અલબત્ત M.C.ના દિવસોમાં તો તે બહેનો નથી જ વહોરાવતા. પણ M.C.ના દિવસોમાં આખા ઘરમાં બધે જ અડાઅડ કરતા હોવાથી શરીરની અશુદ્ધિથી આખુ ઘર અશુભ પુદ્ગલોથી અપવિત્ર થયેલું હોય છે. M.C. સિવાયના દિવસોમાં પણ ત્યાં વહોરવામાં અશુદ્ધિ લાગવાની શક્યતા તો છે જ.

(૨) સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટી પડવાથી દરેક ઘરમાં રસોઈથી માંડીને બધા કામ કરનાર બહેનો એક બે જ હોય અને એટલે તેઓ નાછૂટકે પણ M.C. પાળવાનું છોડી દે છે.

(૩) વિકૃતિના વાવાઝોડામાં બધી પ્રાચીન વ્યવસ્થાઓ ભાંગી જવા લાગી છે. એમાં આ M.C. પાલન પણ હવે Out of date જેવું લાગવા લાગ્યું છે. "એ ન પાળવામાં બહુ નુકશાનો છે" એવું ઘણા બધાને મનમાં જચતું નથી.

એટલે ખરેખર તો આવા અશુદ્ધિવાળા ઘરોમાં કદી વહોરવા ન જવાય. જ્યાં M.C.નું પાલન નહિ ત્યાં સાધુના પગલા નહિ. પણ છેવટે એટલું તો સાચવવું જ રહ્યું કે M.C.ના સમય દરમ્યાન તો એ બહેનના હાથે કે એમના ઘરથી ન વહોરવું.

છતાં છેવટે પોતપોતાના ગુરૂજનોને પુછી લેવું.

(ઠ) સાધુ વહોરવા જાય એ વખતે શ્રાવિકા રોટલી બનાવતા હોય અને સાધુને આવેલા જાણી ગ્યાસ બંધ કરે તો તેમના હાથે કે તેમના ઘરથી બીજા કોઈના હાથે પણ ન વહોરવું કેમકે સાધુ નિમિત્તે તેજસકાયની વિરાધના થઈ છે. એમ સાધુ આવવાના કારણે ટી.વી., લાઈટ, પંખો વગેરે કંઈ પણ બંધ કરે, ફોન પર વાતો કરતા હોય અને સાધુ આવવાથી ફોન કટ કરે, બંધ કરે. તો ત્યાં પણ એમના હાથે કે બીજાના હાથે પણ એ ઘરમાં ન વહોરાય.

છતાં જો ત્યાં વહોરવું જરૂરી હોય તો પછી જેણે આ ગ્યાસ બંધ કરવા વગેરે રૂપ

વિરાધના કરી હોય એમના હાથે ન વહોરવું. ઘરમાં રહેલ બીજાના હાથે વહોરવું. અલબત્ત, એ પણ દોષ તો કહેવાય જ.

(ડ) જાણકાર શ્રાવિકા ગ્યાસ બંધ ન કરે અને તવી ઉપર પડેલી રોટલી બળવા દઈ સાધુને વહોરાવે, તો ત્યાં ન વહોરાય. હા ! જો તવી ઉપરની રોટલી ઉતરી ગઈ હોય, નવી રોટલી નાંખી ન હોય અને તે વખતે સાધુ પહોંચે તો ત્યાં વહોરી શકાય છે.

(૭૭)તે વખતે ગ્યાસ ચાલુ હોવા છતાં શાસ્ત્રકારોએ વહોરવામાં દોષ ગણ્યો નથી. જો કે બુદ્ધિથી વિચારતા એમ લાગે કે સાધુ જેટલો ટાઈમ તે ઘરમાં વહોરે એટલો ટાઈમ ગ્યાસ નકામો જ બગાડવાનો. જો સાધુ ત્યાં ન વહોરે તો એટલો ટાઈમ વહેલું કામ પતી જતા એટલો ઓછો ગ્યાસ વપરાત. એટલે સાધુ ત્યાં વહોરે, એમાં અગ્નિની વિરાધના તો વધુ થાય જ છે. છતાં આ રીતની પરિસ્થિતિમાં શાસ્ત્રકારોએ વહોરવામાં કોઈ દોષ જણાવ્યો ન હોવાથી વહોરી શકાય છે.

(ઢ) સાધુને વહોરાવવાની ક્રિયા ચાલુ હોય એ જ વખતે ચાલુ ગ્યાસ ઉપર રહેલ દૂધ-દાળ વગેરેની તપેલીમાં ઉભરો આવે અને એ ઢોળાઈ ન જાય એ માટે શ્રાવિકા ત્યારે જ ગ્યાસ બંધ કરે તો એ દૂધ-દાળનો ગ્યાસ આપણા નિમિત્તે બંધ કર્યો ન હોવાથી આધાકર્મી ન ગણાય. તેમ અગ્નિકાયને ઓલવવાની ક્રિયા પણ આપણી સામે થઈ હોવા છતાં આપણા નિમિત્તથી નથી થઈ એટલે તે દૂધ-દાળ વગેરે વહોરવામાં, એ શ્રાવિકાના હાથથી વહોરવામાં કોઈ દોષ જણાતો નથી.

આવી અનેક બાબતો સ્વયં વિચારી લેવી.

**ઉન્મિશ્ર :** શ્રાવિકા સાધુને વહોરાવવા યોગ્ય વસ્તુની સાથે એવી વસ્તુ મિશ્રિત કરીને આપે છે કે જે સાધુને કલ્પ્ય ન હોય. આવી ગોચરી ઉન્મિશ્ર દોષવાળી ગણાય.

દા.ત. પતેવડી=પાતોડી=દહીંવડી ઉપર કાચા તલ નાંખેલા હોય, કાચા દહીંમાં વડા નાંખેલા હોય, શાક ઉપર ગ્યાસ બંધ કર્યા બાદ ઉપર-ઉપરથી કોથમીર નાંખી હોય, એ કોથમીર શાકમાં બરાબર હલાવી ન હોય, લાડુ વગેરેમાં ખસ ખસ નાંખી દીધી હોય, કેરીના રસમાં બરફ નાંખ્યો હોય, છાશમાં કાચુ મીઠું નાંખ્યું હોય અને હજી ૪૮ મિનિટ ન થઈ હોય, ફ્રુટસલાડમાં લીલી દ્રાક્ષ ઓસાવ્યા વિના નાંખેલી હોય.... આ બધી જ વસ્તુઓ સાધુને અકલ્પ્ય એવી વસ્તુથી મિશ્રિત હોવાથી એ વહોરવામાં ઉન્મિશ્રદોષ લાગે છે.

મ્રક્ષિત અને ઉન્મિશ્ર દ્વારમાં ભેદ એ છે કે મ્રક્ષિત દ્વારમાં જે કાચું પાણી વગેરે લાગેલ છે તે, તે વસ્તુના સ્વાદમાં વધારો કરવા કે એ વસ્તુની બનાવટમાં ઉપયોગી ન હતા. જ્યારે

અહીં ઉન્મિશ્રમાં તો વસ્તુના સ્વાદમાં વધારો કરનાર, વસ્તુની બનાવટમાં ઉપયોગી એવી અકલ્પ્ય વસ્તુઓ મિશ્ર થાય છે.

વળી મ્રક્ષિત દોષમાં અકલ્પ્યવસ્તુ એ કલ્પ્ય વસ્તુની ઉપર ઉપર લાગતી હતી. એમાં એકમેક થવાની વાત તે દોષમાં નથી. જ્યારે ઉન્મિશ્રદોષમાં અકલ્પ્ય વસ્તુ કલ્પ્ય સાથે એકમેક થાય છે. *મિશ્રિત થાય છે.*

**અપરિણત :** વસ્તુ અચિત્ત ન થઈ હોય તો એ અપરિણત કહેવાય.

દા.ત. ત્રણ ઉભરા-ઉકાળા વિનાનું પાણી, સ્વાદિષ્ટ લાગે તે માટે કાચા કાચા રંધાતા કાકડી વગેરેના શાક, ૪૮ મિનિટ ન થઈ હોય તેવા સમારેલા સક્કરજન કલીંગર વગેરે ફળો, વાસી રોટલી, પુરી, ભાખરી, જેમાં બધુ પાણી બરાબર બાળી નંખાયુ નથી એવા લાલ ન કરાયેલા દૂધના માવા અને એ માવાની બનેલી મીઠાઈઓ.... (બીજા દિવસથી અભક્ષ્ય બને. જે દિવસે માવો કે માવાની મીઠાઈ બનાવી છે તે દિવસે ચાલે પણ એ માવો તેજ દિવસે દૂધ બાળીને બનાવેલો હોય તો જ. દુકાનમાંથી લાવેલા માવા વગેરે તો એ જ દિવસે પણ અભક્ષ્ય જ ગણાય.)

આવી અનેક વસ્તુઓ એવી છે કે જે સચિત્ત=જીવવાળી બની ગઈ હોવાથી એ વહોરવી વાપરવી કલ્પે નહિ.

એમ બે સાધુ વહોરવા ગયા હોય એમાં બેમાંથી એક પણ સાધુને જો વહોરાવાતી વસ્તુમાં આધાકર્માદિ દોષ હોવાની શંકા પડે તો પછી જ્યાં સુધી એ શંકા દૂર ન થાય ત્યાં સુધી બીજા સાધુને એ વસ્તુ નિર્દોષ લાગતી હોય તો પણ એ વસ્તુ વહોરાય નહિ. એ ભાવ અપરિણત દોષવાળી ગણાય.

જો પૃચ્છા-સમજાવટ વગેરે દ્વારા એ શંકા દૂર થઈ જાય અને એને પણ એ વસ્તુ નિર્દોષ લાગે તો પછી વહોરી શકાય છે.

**લિપ્ત :** જે વસ્તુથી પાત્રા ખરડાય, લેપાય એ કોઈપણ વસ્તુ લેપદોષવાળી કહેવાય.

(૭૮)અત્યારે વપરાતા તમામ પ્રકારના શાકો, તમામ પ્રકારની દાળો, તમામ પ્રકારના ફળો, તમામ પ્રકારની મીઠાઈઓ, તમામ પ્રકારના ફરસાણો, દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, છાશ વગેરે બધુ જ પ્રાયઃ લેપકૃત ગણાય છે. શાસ્ત્રકારોએ આ બધી જ વસ્તુ વાપરવાનો નિષેધ કર્યો છે. રે ! ભાતના ઓસામણ, ભાત વગેરેને પણ લેપકૃતમાં ગણેલા છે.

લુખી રોટલી, લુખા રોટલા, લુખા ખાખરા, ચણા, મમરા, સેકેલા ધાન્યો તદ્દન સુકાઈ ગયેલા વાલ વિગરે અલેપકૃત ગણાય.

લેપકૃત કોઈપણ વસ્તુ લેવામાં લિપ્તદોષ માનેલો છે.

અપવાદ માર્ગે માત્ર છાશ રૂપી એક જ લેપકૃત દ્રવ્ય લેવાની રજા આપી. છાશ પાચનશક્તિ વધારવાનું શ્રેષ્ઠ સાધન છે. કહેવત છે કે **તક્રં શક્રસ્ય દુર્લભમ્** (છાશ ઈંદ્રને ય દુર્લભ છે.)

પણ આજે તો આંબિલ કે એકાસણા બધું જ લગભગ લેપકૃત દ્રવ્યોથી જ થાય છે.

હવે જો લેપકૃત દ્રવ્યો વાપરવાના જ હોય તો એમાં વહોરવાની વિધિ નીચે પ્રમાણે છે.

જે તપેલી-વાટકી-વાટકામાંથી શાક, દાળ, ભાત, દૂધ વગેરે વહોરાવાતા હોય તે આખા ખાલી થઈ જાય તે રીતે ન વહોરવું. આપણા વહોર્યા બાદ એમાં થોડુંક તો શાક-દાળ વગેરે વધેલું હોવું જ જોઈએ.

જો એ સંપૂર્ણ ખાલી થઈ જાય તો પછી ગૃહસ્થો એ ધોવા જ નાંખે એટલે પશ્ચાત્કર્મ દોષ લાગે. એટલે એમાં છેલ્લે થોડુંક રહેવા દેવું.

એજ રીતે હાથ વડે વહોરાવે ત્યારે પણ છેલ્લી મુઠ્ઠી વહોરતી વખતે આખો હાથ ખાલી ન કરવા દેવો. અડધી મુઠ્ઠી વહોરાવી દે અને અડધી મુઠ્ઠી એના હાથમાં બાકી રહે, ત્યારે વહોરવું.

જો આખી મુઠ્ઠી વહોરી લઈએ તો પછી એ ગૃહસ્થ ઘી-તેલ વગેરેવાળા થયેલા હાથને ધુએ એ શક્ય છે અને એમાં સાધુને પશ્ચાત્કર્મ દોષ લાગે.

કેટલાક સંયમીઓ એવી જયણા પણ કરે છે કે સાધુને વહોરાવવા માટે જે તપેલી, ચમચા, ચમચી એંઠા કર્યા હોય તે સીધા ધોવામાં ન જાય એ માટે "આનો કશાકમાં ઉપયોગ કરી લેજો. સીધા ધોવા ન નાંખશો" એમ સૂચના કરે છે. આવું ય છેલ્લે ચાલે. પણ શક્ય હોય ત્યાં સુધી તો ઉપર મુજબ જ આચાર પાળવો.

(૭૯)શાસ્ત્રકાર ભગવંતોએ વર્તમાનકાળમાં છાશ વાપરવાની જે છૂટ આપી છે તેનું કારણ તેઓશ્રી જ ફરમાવે છે કે "સાધુઓના કપડા મેલા હોવાંથી, સાધુઓનો આહાર ઠંડો વપરાતો હોવાથી અને સાધુઓના ઉપાશ્રયો અગ્નિ-ગરમાટા વિનાના હોવાથી એમના શરીરને પુરતી ગરમી મળતી નથી અને પરિણામે જઠરાગ્નિ નબળી પડતા તેઓને ખોરાક પચતો નથી. હવે જો ખોરાક ન પચે તો મોટા રોગો થાય. એટલે પાચનશક્તિ વધે અને એના દ્વારા શરીર ધર્મારાધના માટે અનુકૂળ રહે તે માટે છાશ વાપરવાની રજા આપીએ છીએ.

માછીમારો-ગરીબો વગેરે જો કે વિગઈ વિના જ જીવે છે. છતાં તેઓ ગરમ ખોરાક વાપરતા હોવાથી, તેઓના વસ્ત્રો સાધુની જેમ મેલા=મહીને બે મહીને ધોયેલા નહિ પણ-બે-પાંચ દિવસે ધોવાતા હોવાથી, તેમના ઘરો ચૂલા વગેરેની અગ્નિથી ગરમીવાળા બનતા

હોવાથી તેઓને બધું પચે. એટલે તેઓને છાશાદિ લેવાની જરૂર ન પડે એ શક્ય છે. પણ એ ન્યાય સાધુમાં લગાડવો નહિ.

**છર્દિત :** સાધુને વહોરાવતા કે વહોરાવવાના નિમિત્તથી જો ખાદ્ય વસ્તુ જમીન પર ઢોળાય તો એ છર્દિત દોષ કહેવાય. ત્યાં ગોચરી ન વહોરાય.

(ક) તરપણીમાં કે નાના પાતરામાં ખાખરા વહોરાવવામાં ટુકડા નીચે ઢોળાતા હોય છે. દૂધ વગેરે વહોરાવતા તરપણીની બહાર પણ દૂધ ઢોળાય. છૂંદો-મુરબ્બો વહોરાવતા એના ચાસણીના ટીપા નીચે ઢોળાય. ઘડા વગેરેમાં પાણી વહોરાવતા થોડુ-ઘણું પાણી નીચે ઢોળાય. ખોરાક કે પ્રવાહીનું એક ટીપું પણ નીચે ઢોળાય તો ત્યાં સાધુથી વહોરી ન શકાય.

ત્રણવાર પાણીથી ધોયેલા ચોખ્ખા પાત્રમાં પણ ઘી વગેરેની સુગંધથી ખેંચાઈને સંકડો કીડીઓ ચડી જતી અનુભવાય છે. તો સાક્ષાત્ ઢોળાયેલા ટીપા-દાણા માટે તો પુષ્કળ કીડીઓ દોડી આવવાની શક્યતા છે જ. એટલે આ ટીપા ઢોળાઈ જવા એ સામાન્ય દોષ નથી. ત્યાંથી અવર જવર કરનારાઓના પગ નીચે કેટલી ય કીડીઓ મરી જાય. એ બધાનો દોષ સંયમીને લાગે.

(ખ) જેનું મુખ ઓછામાં ઓછુ એટલું તો પહોળુ હોય જ કે એની વચ્ચેથી અંદર હાથ નાંખી બહાર કાઢવા છતાં આજુબાજુ ક્યાંય સ્પર્શે નહિ એવું બની શકે. તેવું જ પાત્ર વાપરવાની શાસ્ત્રાજ્ઞા છે. હવે તરપણી-ટોક્સી-ઘડા વગેરેના મુખ નાના હોવાથી એમાં ખાખરા વગેરે વહોરવામાં નક્કી આમ તેમ થોડુંક તો ઢોળાઈ જ જાય.

વળી નાની પાતરી વગેરેમાં વહોરવામાં પણ છર્દિત દોષ લાગવાની સંભાવના ઘણી છે.

મનને થોડુ મોટું કરી શક્ય હોય ત્યાં સુધી મોટા પાતરાઓમાં જ વસ્તુ વહોરીએ તો આ દોષનો પરિહાર કરી શકાય છે.

(૮૦)(ગ) શાસ્ત્રકારોએ ગરમ વસ્તુ વહોરવાની સ્પષ્ટ ના પાડી છે. ઉકાળેલું પાણી પણ ગરમ તો નથી જ વહોરવાનું, પરંતુ ઠંડુ કર્યા બાદ વહોરવાનું છે. એની પાછળ ઘણા કારણો છે.

● ગરમ વસ્તુ વહોરાવતા ગૃહસ્થના પણ હાથ દાઝે, ક્યારેક ગરમ વાસણ હાથમાંથી પડી જાય, વસ્તુ ઢોળાઈ જાય, નીચે એ ગરમવસ્તુના કારણે ઘણા જીવો મરે. જો એ ગરમ પાણી-દૂધ-દાળ વગેરે ગૃહસ્થના હાથ-પગ ઉપર જ ઢોળાય તો એ બળી જાય.

● ઘણીવાર તો તરપણીમાં એટલી બધી ગરમ વસ્તુ આવે કે છેક માંડલીમાં આવ્યા બાદ પણ એ તરપણી ઉંચકીને માંડલીમાં વસ્તુ વહેંચવી ભારે પડી જાય. વહેંચનારે બે ત્રણવાર

તો તરપણી લઈ લઈને મૂકી દેવી પડે એવી પરિસ્થિતિ સર્જાય. [૮૧]ઉતાવળીયા મહાત્માઓ પાતરાની એ ગરમ વસ્તુને જોર જોરથી હલાવીને કે ફુંક મારીને ઠંડી કરવાનો પ્રયત્ન કરે. એ હલાવવામાં કે ફુંક મારવામાં સ્પષ્ટપણે વાયુની વિરાધના થાય. ટાઈમ બગડે એ તો વધારામાં !

● લોટ-ઘડામાં ગરમાગરમ પાણી લાવતા જો એ ફાટી જાય તો બધું પાણી સંયમીના પગ પર ઢોળાય, આખી ચામડી બળી જાય. અને આવા પ્રસંગો બન્યા પણ છે.

એટલે જ કોઈપણ વસ્તુ ગરમાગરમ વહોરવાનો શાસ્ત્રમાં સ્પષ્ટ નિષેધ ફરમાવેલો છે.

આ રીતે સંક્ષેપમાં ૪૨ દોષો જોયા. પિંડનિર્યુક્તિગ્રંથ અને મહાન ટીકાકાર શ્રી મલયગિરિ મહારાજની ટીકા એ આ ૪૨ દોષોના પદાર્થો રૂપી રત્નો માટે મહાસાગર જેવા છે. તેમાં તો અનેક કથાનકો દર્શાવી દરેક દોષોની ગંભીરતા, ભયાનકતા પણ ખૂબજ સુંદર રીતે દર્શાવી છે. એટલે જેઓ સંસ્કૃત ભણી ચૂક્યા હોય અને આ બધા પદાર્થોમાં રસ ધરાવતા હોય તેઓ ગીતાર્થ મહાત્મા પાસે આ ગ્રંથનો ખાસ અભ્યાસ કરે.

સંસ્કૃત ટીકા વાંચવી ન ફાવે તો મુનિજીવનની બાલપોથી વાંચે. એમાં પિંડનિર્યુક્તિને આધારે જ મેં ૪૨ દોષોનું વિસ્તારથી વર્ણન કરેલ છે.

આ એષણાસમિતિમાં તો મેં વર્તમાનકાળની દૃષ્ટિએ જે નવી નવી અગત્યની બાબતો હતી, એ જણાવવાનો પ્રયાસ કર્યો છે.

છતાં આ તો માત્ર બિંદુ છે. જેમ જેમ ઉંડા ઉતરશો તેમ તેમ અનેક પ્રશ્નો થશે અને એના ઉત્તરો પણ મળ્યા જ કરશે, જો આ લખાણનું કાળજીપૂર્વક ચિંતન મનન કર્યું હશે તો.

**શિષ્ય :** ગુરુદેવ ! આપ તો કહેતા હતા ને ? કે બધી સમિતિઓ અપવાદમાર્ગ રૂપ છે. તો અપવાદ તો એને કહેવાય કે જે કારણસર સેવવામાં આવે. આમાં વળી કયું કારણ છે ? કે જેના કારણે ગોચરી વહોરવી વગેરે અપવાદ સેવાય છે.

**ગુરુ :** કાયગુપ્તિ ઉત્સર્ગમાર્ગ છે. એમાં "સાધુએ કંઈપણ ખાવું નહિ, દાંત હલાવવા નહિ, જીભ હલાવવી નહિ, હાથમાં કોળીયો લઈ મોઢા સુધી હાથ લઈ જવો નહિ" એ બધું જ આવી જાય.

એટલે વાપરવું જ નહિ, ખાવું પીવું નહિ એ ઉત્સર્ગમાર્ગ છે.

[૮૨]પરંતુ છ કારણો એવા છે કે જો એ વખતે વાપરવામાં ન આવે તો મોક્ષમાર્ગ તરફ આગળ વધવાને બદલે જીવ મોક્ષમાર્ગથી દૂર ધકેલાઈ જાય છે. એટલે તે વખતે મોક્ષમાર્ગ તરફ આગળ વધવાના એકમાત્ર ઉદ્દેશથી જ કાયગુપ્તિ છોડીને ભોજનની પ્રવૃત્તિ કરવાની છે.

એ છ કારણો આ પ્રમાણે છે.

**વેદના :** સખત ભુખ લાગે ત્યારે જો વાપરવામાં ન આવે તો આર્તધ્યાન થાય. એમાં કર્મક્ષય થવાને બદલે કર્મબંધ થાય, તિર્યંચગતિ-આયુષ્ય પણ બંધાઈ જાય.

(૮૭)આ જ કારણસર અનશન કરી ચૂકેલા સંયમીને પણ જો સખત આર્તધ્યાન થાય તો એને ભોજન-પાણી વપરાવીને પણ સમાધિ આપવાની વાત શાસ્ત્રકારોએ કરી છે. કેમકે જો એ વખતે એને ભોજન-પાણી ન મળે, તો એના જ આર્તધ્યાનમાં મરી એ ભોજન-પાણીમાં જ કીડા વગેરે તરીકે ઉત્પન્ન થાય. અનશનથી પરમગતિ, સદ્ગતિ મળવાને બદલે દુર્ગતિ જ મળે.

એક શ્રાવકે અનશન કરેલું અને છેલ્લા દિવસોમાં એને ઘરના આંગણે ઉગેલા બોરડી વૃક્ષને જોઈને એ ખાવાની ખૂબ જ ઈચ્છા થઈ. મરીને એજ બોરડીમાં ઉત્પન્ન થયો.

જો આવું કંઈક થાય તો અનશન કરવાનું ફળ તો ન મળે, ઉલ્ટું વિપરીત ફળ મળે. માટે જ તે વખતે અપવાદ માર્ગે ચાલાકીપૂર્વક અનશનીને વપરાવી દેવાની પણ શાસ્ત્રાજ્ઞા છે.

એટલે પ્રસ્તુતમાં પણ જ્યારે ભુખનું દુખ સહન ન થાય, આર્તધ્યાન થવાની શક્યતા રહે ત્યારે અપવાદ માર્ગે ગોચરી-પાણી વાપરી શકાય

**વૈયાવચ્ચ :** ગ્લાન, આચાર્ય, વડીલો, વૃદ્ધો, બાલ, મહેમાન વગેરેની સેવા-ભક્તિ કરવા માટે વાપરવું જરૂરી બને. એ વખતે જો સાધુ ન વાપરે તો એને આર્તધ્યાન ન થતું હોય તોય જો શરીર નબળું પડી જવાથી વૈયાવચ્ચ કરવા સમર્થ ન બને તો આ વૈયાવચ્ચનો અમૂલ્ય લાભ ગુમાવે. એટલે વૈયાવચ્ચ કરવા માટે પણ અપવાદમાર્ગે વાપરવું.

**ઈર્યા :** ન વાપરવાથી આંખે અંધારા આવતા હોય, નીચે જોઈ જોઈને ચાલવાની શક્તિ ન રહેતી હોય. ઈર્યાસમિતિ પાળવાની ધીરજ તુટી જતી હોય તો પછી ભલેને આર્તધ્યાન ન થતું હોય, ભલેને વૈયાવચ્ચાદિ ન કરવાની હોય તો પણ ઈર્યાસમિતિ પાલન માટે અપવાદ માર્ગે વાપરવું.

**સંયમ :** ન વાપરવાના કારણે શરીરમાં અશક્તિ આવે અને તેથી પ્રતિલેખન માટે વસ્ત્રો ઉંચકવા, જોવા વગેરે પણ ભારે પડે. એટલે પ્રતિલેખન વિધિસર ન થાય. રે ! બારી બંધ કરવા માટે પુંજવાની હોય તો એ માટે હાથમાં ઓઘો લઈ ત્યાં પુંજવામાં પણ સખત શ્રમ પડે એવી અશક્તિ પણ આવે. પરિણામે પુંજવા-પ્રમાર્જવાની વિધિ ન પાળી શકાય.

વળી અશક્તિના કારણે હાથમાં મુહપત્તી પકડી મોઢુ ઢાંકી બોલવું પણ અશક્ય થઈ પડે. હાથ એ રીતે રાખવો કપરો પડે.

આમ ન વાપરવાના કારણે જો સંયમપાલનમાં ગરબડ થતી હોય તો પછી અપવાદ માર્ગે વાપરવું.

**પ્રાણ :** ન વાપરવાથી જો ધીમે ધીમે મરણ થઈ જાય તો આ દોહિલો માનવભવ, દોહિલું સંયમ જીવન, દોહિલી આરાધનાઓ બધું ગુમાવી દેવું પડે. સાધુને મરવાનો ડર ન હોય પણ પોતાના સંયમ-આરાધના વગેરે માટે વધુ જીવવાની ઈચ્છા હોય તો એ કંઈ દોષ નથી અને તેથી મરી ન જવાય તે માટે જીવવા માટે અપવાદમાર્ગે વાપરે.

**ધર્મચિંતા :** ખાલી પેટે અશક્તિ લાગવાથી શાસ્ત્રીય પદાર્થોનું ચિંતન ન થઈ શકે, એમાં મનની એકાગ્રતા ન આવે, મન ચંચળ જ બની રહે. ધર્મધ્યાન પ્રચંડ નિર્જરાનું કારણ છે. માટે જ જો વાપર્યા વિના અર્થચિંતન અનુપ્રેક્ષા વગેરેમાં તકલીફ પડતી હોય તો સાધુ ઉત્કૃષ્ટ ધર્મધ્યાન સાધવા માટે અપવાદ માર્ગે વાપરે.

આમ કંઈ જ ન વાપરવું એ ઉત્સર્ગમાર્ગ છે. અને ઉપરના છ કારણોસર વાપરવું એ અપવાદ માર્ગ છે જો ઉપરના છમાંથી કોઈપણ કારણ ન હોય અને છતાં સાધુ વાપરે તો એ ઉન્માર્ગસેવક ગણાય. જેઓ દિવસમાં બે-ત્રણ-ચારવાર વાપરે, ગૃહસ્થોની જેમ છૂટું મોઢું રાખે. તેઓએ એ ખાસ વિચારવું જોઈએ કે આ મારુ ભોજન ઉપરના છમાંથી કોઈપણ એક-બે કારણસર જ છે ને ? નિષ્કારણ નથી ને ?

જો એકાસણાદિ કરવાથી કોઈ તકલીફ ન પડતી હોવા છતાં પણ સાધુ-સાધ્વી બે-ત્રણ-ચાર વાર વાપરે તો તેઓ ઉન્માર્ગ ઉપર છે એમ શાસ્ત્રકાર ભગવંતોનો અભિપ્રાય ફલિત થાય છે.

જ્યારે કારણસર અપવાદ સેવીએ ત્યારે પણ એ ગમે તેમ, આપણી ઈચ્છા મુજબ નથી સેવવાનો. પણ શાસ્ત્રકારો અપવાદ સેવવા માટે ઓછામાં ઓછો દોષ લાગે તેવા પ્રકારની જે જયણા બતાવી હોય તે પાળવાપૂર્વક જ અપવાદ સેવવાનો હોય છે. જો કારણસર પણ અવિધિથી-અયતનાથી અપવાદ સેવે તો દોષ લાગવાનો જ.

(૮૪)જેમ ગ્લાનને શીરો વપરાવવો જરૂરી હોય તો પહેલા ત્રણવાર તો નિર્દોષશીરા માટે પ્રયત્ન કરે, એ ન મળે તો પછી ઉત્તરોત્તર મોટા મોટા દોષો સેવીને શીરો મેળવે. પણ કારણસર પણ સીધો જ આધાકર્મી શીરો ન વાપરે. (ગાઢ કારણસર તો તાત્કાલિક પણ શીરો કરાવડાવે એ શક્ય છે.)

એજ રીતે અહીં છ કારણસર ગોચરી વાપરવા રૂપ અપવાદમાર્ગમાં યતના તરીકે જ આ ૪૨ દોષથી રહિત નિર્દોષ ગોચરીચર્યા છે.

અર્થાત્ શાસ્ત્રકાર મહાપુરુષો કહે છે કે "શ્રમણો ! અણાહારીપદ પ્રાપ્ત કરવાના એક માત્ર ઉદ્દેશથી નીકળેલા તમારે ઉત્સર્ગમાર્ગે તો કશું જ ખાવાનું નથી, કશું જ પીવાનું નથી.

પણ એ ખાધા-પીધા વિના મોક્ષમાર્ગ + અણાહારીપદની પ્રાપ્તિ શક્ય ન બને તો છેવટે છ કારણસર તમને અપવાદ માર્ગે વાપરવાની છૂટ આપીએ છીએ.

પણ ધ્યાન રાખજો કે આ અપવાદ યતનાપૂર્વક જ સેવવાનો છે અને એ યતના એ છે કે ૪૨ દોષ વિનાનો તદ્દન નિર્દોષ આહાર લાવવો.

જો કારણસર પણ તમે યતના વિના, સ્વચ્છંદ બનીને અપવાદ સેવશો તો એમાં ચારિત્ર પરિણામ મલિન થવાની પુરેપુરી સંભાવના છે. કદાચ ધીમે ધીમે આ અયતનાના કારણે ચારિત્ર સંપૂર્ણ ખતમ થઈ જાય તો ય નવાઈ નહિ.

એટલે શ્રમણો ! ૪૨ દોષ વિનાની ગોચરી લાવવા રૂપ યતના કરવામાં પ્રમાદી-ઢીલા-દીન ન બનશો."

યોગસારગ્રંથમાં પૂર્વાચાર્ય ફરમાવે છે કે →

(૮૫) રે ! તલવારની ધાર ઉપર ચાલવા જેવું અતિશય કપરું આ સંયમજીવન તો દૂરની, અતિદૂરની વાત છે. બિચારા સત્ત્વહીન સાધુઓને તો "પોતાના પેટ ભરાશે કે નહિ ?" એની ય ચિંતા હોય છે. તેઓ શું આ અતિ દુષ્કર સંયમ પાળી શકવાના !

માટે જ તો ભોજન માટે તે સાધુઓ અનેક પ્રકારે ગૃહસ્થોને સેંકડો મશ્કા મારતા હોય છે. કુતરાની જેમ દીનતા દેખાડતા હોય છે.

"તમે મારા પૂજ્ય છો, તમે માતા છો, તમે બહેન-ફઈ છો." આવા સંસારિક સંબંધોને સત્ત્વહીન સાધુઓ તુચ્છ આહાર માટે પ્રગટ કરતા હોય છે.

"હું તમારો પુત્ર છું. તમારા જ કોળીયાઓ ખાઈને વધેલો છું."…. બિચારો નપુંસક જેવો શ્રમણ બધાની આગળ આવા ભિખારીવેડા દેખાડતો હોય છે.

આગમમાં સાધુઓ માટે જે સિંહના જેવી જબરદસ્ત ભિક્ષાચર્યા બતાવેલી છે. બિચારો આ સત્ત્વહીન સાધુ તો એ ૪૨ દોષ રહિત ગોચરીના નામથી પણ ગભરાય છે. તો પછી એ એનું પાલન કરે એ તો કલ્પી જ કેમ શકાય ?

પણ, બિચારો એ સાધુ ! એકમાત્ર ભોજનાદિમાં લંપટ બની વસ્ત્ર, આહાર વગેરેની ઈચ્છાથી મંત્ર-તંત્ર દોરા-ધાગા, મશ્કાબાજી વગેરે કરે છે.

હાય ! જ્યોતિષ જોઈ આપતો, વેપાર-ધંધાના લાભ-નુકશાનો પણ શ્રાવકોને કહેતો એ સાધુ એક પૈસાને માટે કરોડ રૂપિયા ગુમાવે છે. હાસ્તો ! મહામૂલા વ્રતો ભાંગીને તુચ્છ

આહારાદિ માટે આજ્ઞાભંગ કરનારા માટે વળી બીજું શું કહેવાય ?

શું આ મૂઢ સાધુની ઘોર અજ્ઞાનતા ! એની પાસે ચારિત્રનું ઐશ્વર્ય-સમૃદ્ધિ છે. પુષ્કળ પુણ્યના બળે એને સદ્‌ગુરુ - સુદેવ અને ચારિત્રધર્મ મળ્યો છે. એના જેવો પુણ્યવાન કોઈ નથી. પણ અભાગીયો સાધુ ! ત્રણલોકના સર્વજીવો કરતા મહાન એવી ય પોતાની જાતને પોતેજ ઓળખી શકતો નથી.

અને તેથી જ પોતાની જાતને ભિખારી જેવી માનતો આ ભિખારીપણાના ભ્રમને લીધે જ પેલા ધર્મધનની અપેક્ષાએ સાવ ભિખારી એવા શ્રીમંતોની પગચંપી કર્યા કરે છે." ←

શાસ્ત્રકાર ભગવંતોની ભાષા તો સૌમ્ય હોય, તેમ છતાં આ પૂર્વાચાર્યશ્રીએ દોષિત ગોચરી વાપરનારા, શુદ્ધગોચરીચર્યામાં ગરબડ કરનારા શ્રમણો માટે સત્ત્વહીન+કુતરા જેવો+દીન+નપુંસક+લંપટ+મૂઢબુદ્ધિ વગેરે ગાળ જેવા શબ્દો વાપર્યા છે.

આની પાછળ પણ એ મહાપુરુષની આપણા ઉપરની અપાર કરુણા જ કામ કરી રહી છે. આવા શબ્દો સાંભળી આપણું સ્વમાન ઘવાય, આપણો આતમ જાગી જાય અને પ્રચંડ સત્ત્વ ફોરવી ૪૨ દોષ રહિત ભિક્ષાચર્યામાં પ્રયત્નશીલ બને, એજ એ મહાપુરુષનો આશય હોય એ સ્વાભાવિક છે.

સત્ત્વશાળીને, હિંમત નહિ હારનારાને કશું જ અશક્ય નથી. આ કાળમાં પણ તદ્દન નિર્દોષ ગોચરી શક્ય છે જ.

પણ સત્ત્વહીન, વૈરાગ્યહીન સંયમીઓ માટે તો આધાકર્મી જેવા અતિ ભયંકર દોષનો ત્યાગ કરવો ય ભોં ભારે પડીને રહેશે.

ફરી યાદ કરો એ શબ્દો ! **पिंडं असोहंतो अचरित्ती नत्थि संदेहो** જે નિર્દોષ ગોચરી નથી વાપરતા, દોષિત વાપરે છે તેઓ અચારિત્રી છે. તેમાં કોઈજ સંદેહ નથી. અને **अचरित्तस्स य सव्वा दीक्खा निरत्थिया** ચારિત્રહીન આત્માની બધી દીક્ષા નકામી છે.

શું આપણે આપણી દીક્ષા નકામી બનવા દેવી છે ? શું શાસ્ત્રકારોની દૃષ્ટિએ આપણે માત્ર સાધુવેષધારી, અસંયમી જ બની રહીએ એ આપણને માન્ય છે ? શું યોગસારકર્તાએ આપણા માટે વાપરેલા શબ્દોનો આપણે સમ્યક્ રીતે પ્રતીકાર નથી કરવો ?

જો સહન કરવાની તૈયારી રાખશું, ગોચરી માટે વધુ ફરવાની તૈયારી રાખશું, સારી-સ્વાદિષ્ટ-મનગમતી વસ્તુઓ પણ દોષવાળી દેખાય તો એક ઝાટકે છોડી દેવાની શૂરવીરતા કેળવશું, જિનવચન ઉપર અગાધ-અસીમ બહુમાન કેળવશું તો નિશ્ચિત હકીકત છે કે આ કાળમાં પણ ૪૨ દોષ રહિત ગોચરી અશક્ય તો નથી જ.

હા ! જિનશાસન ઉત્સર્ગ-અપવાદમય છે. એવા ગાઢ કારણોસર ગોચરીના દોષો સેવવા જ પડે તો એમાં ચારિત્રનો નાશ નથી થતો. પણ શરુઆતમાં કારણસર સેવાતા દોષો પછી કારણ વિના ય કાયમી સેવાતા થઈ જાય, એનો પશ્ચાત્તાપ, ડંખ, પ્રાયશ્ચિત્ત વગેરે કશું જ ન થાય, જયણા વિના ગમે તેમ દોષો સેવાય તો એ અહિતકારી બન્યા વિના ન રહે એ ય નિશ્ચિત વાત છે.

કમસેકમ આધાકર્મી + મિશ્ર વગેરે જે અવિશોધિકોટિના મોટા દોષો છે, એ તો છોડી જ દેવા જોઈએ. અને આ કાળની દૃષ્ટિએ અભ્યાહૃત દોષ કે જેમાં પુષ્કળ આસક્તિ પોષાવાની શક્યતા છે એ પણ છોડી દેવો જોઈએ.

આટલો સાપેક્ષભાવ કેળવાશે તોય ઘણું બચાશે.

એક દૃષ્ટાન્ત શાંતચિત્તે વિચારજો કે મેટાસીન-પેરાસીટેમોલ વગેરે ગોળીઓ કોઈપણ સાજા માણસો ખાતા નથી. એટલે આ બધી ગોળીઓ ન લેવી એ ઉત્સર્ગમાર્ગ છે.

જ્યારે સાજા માણસો માંદા પડે ત્યારે સ્વાસ્થ્ય મેળવવા અપવાદ માર્ગે ગોળી લે છે. પણ કોઈપણ ડાહ્યો માણસ આવી રીતે ગોળી લેવાનો અવસર આવે ત્યારે ખુશ તો થતો નથી જ. ઉલ્ટુ ઓછામાં ઓછી ગોળીથી પતતું હોય એવો જ પ્રયત્ન કરે અને જેવો રોગ મટી જાય કે બીજી સેકન્ડે જ ગોળી છોડી દે.

ડાહ્યા માણસોને માંદગીમાં આ બધી ગોળીઓ ખાવી ખૂબ ગમી હોય અને એટલે બેફામ ગોળીઓ ખાધી હોય કે માંદગી મટ્યા પછી પણ એ ગોળીઓ ખાવાની ચાલુ જ રાખી હોય એવું કદિ ક્યાંય સાંભળ્યું છે ખરું ?

'માંદગી વિના લેવાતી આ ગોળીઓ નુકશાનકારી છે' એ વાત ડાહ્યા માણસો ખૂબ સારી રીતે સમજે જ છે.

ડાહ્યા માણસ જેવો સાધુ પણ કારણ વિના કદિય આ ગોળી જેવો આહાર/દોષિત આહાર ન જ વાપરે. જ્યારે છ કારણસર આહાર વાપરવાની જરૂર પડે, દોષિત આહાર વાપરવો પડે ત્યારે પણ જો એ ખરેખર ડાહ્યો હોય તો (૧) એ આહાર/દોષિત આહાર એટલો જ વાપરે કે જેટલાની એને જરૂર હોય. (૨) કારણ પૂર્ણ થાય કે બીજી જ પળથી એ સાધુ આહાર/દોષિત આહાર છોડી જ દે. કારણ સંપૂર્ણ થયા પછી આહાર/દોષિત આહાર કદિ ન વાપરે. (૩) એ ડાહ્યા સાધુને એ આહાર કે દોષિત આહાર ગમી જાય, સારા લાગી જાય એવુ કદિ ન બને.

જે સાધુ કારણસર દોષિત ગોચરી વાપરતી વખતે એમાં આસક્ત થાય,માંદગી વગેરે

દૂર થયા પછી ય દોષિત ગોચરી વાપરતો રહે, શરીરને જરૂરી હોય એના કરતા ય વધારે આહાર વાપરે તે શું મૂઢબુદ્ધિવાળો ન કહેવાય ?

તમે જ કહો ! તાવ મટી ગયા પછી પણ મેટાસીન, પેરાસીટેમોલ વગેરે ગોળીઓ નિષ્કારણ રોજેરોજ ખાધે રાખનારને તમે શું કહેશો ?

પેટ ભરાઈ ગયા બાદ અનુકૂળ વસ્તુ માંડલીમાં આવી અને પીરસાઈ તો શું સંયમી એ વાપરે ખરો ? આ તો ગોળી છે અને આજની ગોળી તો લેવાઈ ગઈ છે. બમણી ગોળી સંયમી લે ખરો ?

શું આપણા જીવનમાં આવું નથી બનતું ? કે પેટ ભરાઈ ગયા પછીય અનુકૂળ વસ્તુ મળતી હોય તો એ લઈને વાપરી લેતા હોઈએ ?

જો આવું હોય તો મેટાસીનના રાગી મૂઢ સંસારી જેવી જ આપણી દશા ન કહેવાય ? એમ દરેક અપવાદ વિશે સંયમીએ આ પદાર્થ સૂક્ષ્મતાથી વિચારવો જોઈએ.

યોગશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞશ્રી ફરમાવે છે કે

**दिचत्त्वारिंशता भिक्षादोषैर्नित्यमदुषितम् ।**

**मुनिर्यदन्नमादत्ते सैषणासमितिर्मता ॥**

**અર્થ :** મુનિ કાયમ માટે ૪૨ દોષથી રહિત જે ગોચરી ગ્રહણ કરે તે એષણાસમિતિ કહેવાય.

આ અર્થ પ્રમાણે ૪૨ દોષો વિનાની ગોચરી લેવી-વાપરવી એ જ એષણાસમિતિ છે. એટલે એનું વર્ણન તો પૂર્ણ થઈ ગયું.

પણ પિંડનિર્યુક્તિકારે ગ્રાસૈષણા રૂપ એષણા પણ બતાવી છે એટલે એને પણ એષણાસમિતિની અંદર ગણી લઈ તેનું વર્ણન પણ કરી લઈએ.

વાપરતી વખતે જે દોષો લાગે એ ગ્રાસૈષણા દોષો કહેવાય છે.

એ પાંચ છે (૧) સંયોજના (૨) ઈંગાલ (૩) ધૂમ (૪) અતિપ્રમાણ (૫) અકારણ.

**(૧) સંયોજના :** બે વસ્તુ ભેગી કરવી એ સંયોજના છે. એના બે પ્રકાર છે. બાહ્ય અને અભ્યંતર.

ઉપાશ્રયની બહાર જ ગોચરી વહોરતી વખતે દૂધમાં ખાંડ નંખાવવી, રોટલીમાં ઘી નંખાવવું, આંબિલની મોળી દાળમાં મીઠું નંખાવવું, દૂધ અને ચાહ ભેગા કરવા.... ખાદ્ય વસ્તુને સ્વાદિષ્ટ બનાવવા, જીભને અનુકૂળ બનાવવા માટે આ રીતે કરવું એ બાહ્ય સંયોજના કહેવાય.

ઉપાશ્રયની અંદર કરાતી સંયોજના ત્રણ પ્રકારે છે.

(૧) પાત્રામાં જ દાળ-ભાત ભેગા કરવા, ખાખરા ચૂરી એમાં ઘી નાંખવું, મોળી લાપસીમાં ખાંડ-ઘી નાંખવા, ઘી-ગોળ-સુંઠ ભેગા કરવા. આ પાત્ર સંબંધી અભ્યંતર સંયોજના કહેવાય.

(૨) હાથમાં રોટલીનો ટુકડો લઈ બીજા હાથે ગોળનો ટુકડો લઈ એ રોટલી સાથે ભેગા કરી વાપરવો, હાથમાં મમરા લઈ બીજા હાથે સેવ લઈ બે ભેગા કરીએ તો એ હસ્તસંયોજના કહેવાય.

(૩) મોઢામાં રોટલીનો ટુકડો નાંખી પછી ઉપર દાળ-દૂધ વાપરવામાં આવે.... તો એ મુખસંયોજના કહેવાય.

રસ ઉત્પન્ન કરવા, આસક્તિ માટે આ રીતે વાપરનારા સંયમીઓને દરેક સંયોજના દીઠ મોટું પ્રાયશ્ચિત્ત આવે. (૮૬)શાસ્ત્રકારો કહે છે કે આવી રીતે આસક્તિથી ખાનારાની ગોચરી વધી પડે તો પણ કોઈએ તે ગોચરી ખપાવવી નહિ. જે ખપાવે એને આચાર્યશ્રી સખત ઠપકો આપે અને ગચ્છમાંથી કાઢી મૂકે.

જો એ સાધુ કહે કે "હું બીજીવાર આવી ગોચરી નહિ ખપાવું" તો પછી એને પ્રાયશ્ચિત્ત આપી ગચ્છમાં રાખે. નહિ તો ગચ્છની બહાર કાઢી મૂકે. આ બધા ઉપરથી ફલિત થાય છે કે સંયોજના એ નાનકડો દોષ નથી.

(૮૭)**(૨) ઈંગાલ :** વાપરતી વખતે સારી સ્વાદિષ્ટ વસ્તુની પ્રશંસા કરવી એ ઈંગાલ દોષ છે. છદ્મસ્થજીવોને ગોચરી વગેરેમાં સંજ્વલનકક્ષાનો રાગ તો સહજ રીતે હોવાનો જ. પરંતુ એ રાગ જ્યારે એની મર્યાદા ઉલ્લંઘે ત્યારે એ પ્રશંસાના શબ્દો રૂપે બહાર ટપકી પડતો હોય છે. આ જ ઈંગાલ દોષ કહેવાય છે.

"આ ખીચડી ખૂબ સરસ છે" એમ બોલવાને બદલે "આ ખીચડી એકદમ અનુકૂળ છે" એમ બોલો તોય ભાષા સુધરવા છતાં ઈંગાલદોષ તો ગણાય જ. કેમકે બેયમાં એ ખીચડી પ્રત્યેનો આસક્તિભાવ ધ્વનિત થાય છે.

એમ "આ મગ એકદમ ગળેલા છે. આવા મગ જો રોજ મળે તો હું એકજ દ્રવ્યથી એકાસણું કરી લઉં. આ તાજુ ચોક્ખુ દૂધ લાગે છે. વગર ખાંડે પણ કેટલી બધી મીઠાશ છે! હાશ ! એકદમ ઠંડુ આઈસ પાણી છે. આવું પાણી જ રોજ મળે તો ?... આવા અનેક પ્રકારના પ્રશંસાવચનો ઈંગાલદોષના સ્વરૂપ છે.

માયાવી સાધુઓ અંદર ખૂબ આસક્તિ હોવા છતાંય પોતે આસક્ત ન દેખાય તે માટે

બહાર એ ભોજનાદિની પ્રશંસા ન કરતા હોય તોય મનમાં "ખૂબ સરસ મીઠાઈ છે" વગેરે ભાવો જો પ્રગટ થતા હોય તો ત્યાં પ્રશંસા ન હોવા છતાંય ઈંગાલદોષ તો ગણાય જ.

**ધૂમ :** અણભાવતી, સ્વાદરહિત, અનિષ્ટ વસ્તુની નિંદા કરવી એ ધૂમદોષ કહેવાય.

છદ્મસ્થજીવોને અણભાવતી વસ્તુમાં સંજવલન કક્ષાનો સામાન્યદ્વેષ થાય એ શક્ય જ છે. પણ એ દ્વેષ જ્યારે મર્યાદા ઓળંગે ત્યારે નિંદાના શબ્દો રૂપે બહાર પ્રગટ થઈ જતો હોય છે.

"અરે ! આવું ઠંડુ દૂધ ઉપાડી લાવ્યા ? વળી એમાં ખાંડ પણ નથી નાંખી. આવાઓને ગોચરી કેમ મોકલો છો ? ગોચરી લાવતા તો આવડતી નથી.... આ રસોઈયાને રસોઈ બનાવતા જ નથી આવડતી. શીરામાં એટલી બધી ખાંડ ઠોકી છે કે મોઢુ જ મરી જાય.... આ મારવાડીઓની રોટલી તોડતા દાંત તુટી જાય છે. આટલી જાડી રોટલી તે હોતી હશે ?... આ ખીચડી-પૌંઆ કેટલા બધા ખારા છે ! મીઠાની બરણી જ ઉંધી વાળી છે કે શું ?... આ શ્રાવકો ઘનચક્કર જેવા છે. સ્વામિવાત્સલ્યના એમના શાક-દાળમાં કેટલું બધું તેલ-મરચું નાંખે છે ! કોણ આવા શાક-દાળ ખાતું હશે....

ડગલે ને પગલે આવા નિંદાવચનો મુખમાંથી જો સરી પડતા હોય તો વૈરાગ્યની માત્રા ફરી ચકાસવાની ખાસ જરૂર છે.

સાચો સંયમી તો તે કહેવાય કે જેની જીભને કોઈપણ વસ્તુ અણભાવતી-ભાવતી ન હોય. જે મળે તે વાપરી લે. કદિ એક હરફ પણ ન ઉચ્ચારે. વધુ ખારી, વધુ તીખી, વધુ મીઠી, વધુ કડવી વસ્તુઓ વાપરવાનો અવસર આવે ત્યારે એને સંયમજીવનનો મહોત્સવ માની પ્રસન્નતાપૂર્વક, હસતા મુખે, નિંદા શબ્દો ઉચ્ચાર્યા વિના વાપરી જાય.

સંયમીએ તો મરણાન્ત ઉપસર્ગો પણ સમાધિથી સહન કરવાનું સત્ત્વ ફોરવવાનું છે. એની સામે આવી અનિષ્ટ વસ્તુઓ વાપરવા રૂપ ઉપસર્ગ તો શી વિસાતમાં !

પણ કોણ જાણે કેમ ? ભલભલા આત્માઓ આ મોહજાળમાં ફસાયા વિના રહેતા નથી. જો અમુક વસ્તુથી શરીરમાં મુશ્કેલી ઉભી થતી હોય તો સંયમી એ વસ્તુ ન લે, કદાચ એંઠી થઈ હોય તો પરઠવે ય ખરો. પણ એ વસ્તુ ઉપર અરુચિ, દ્વેષ, નિંદા તો એના સ્વપ્નમાં પણ ન હોય.

જેમ સંયમી સંયમરક્ષા માટે બહેનોથી દૂર રહે, ગૃહસ્થોનો પરિચય ટાળે તો એમાં "એને બહેનો-ગૃહસ્થો ઉપર દ્વેષ છે" એમ નથી કહેવાતું એમ સંયમી સંયમોપયોગી શરીરની રક્ષા માટે પ્રતિકૂળ વસ્તુઓ ન લે, ભુલથી લેવાયેલી પરઠવી દે તો એને એ વસ્તુઓ ઉપર

દ્વેષ ન ગણાય.

**અતિપ્રમાણ :** ઓછામાં ઓછું જેટલું વાપરવાથી સંયમના બધા જ યોગો સચવાતા હોય એ સાધુઓ માટે પ્રમાણસર ભોજન કહેવાય. આસક્તિ વગેરેને કારણે એ પ્રમાણ કરતા વધારે વાપરવામાં અતિપ્રમાણ ભોજન રૂપ આ માંડલી દોષ લાગે.

(૮૮)શાસ્ત્રકારોએ પુરુષનો ૩૨ કોળીયા પ્રમાણ અને સ્ત્રીઓનો ૨૮ કોળીયા પ્રમાણ આહાર બતાવેલો છે. પણ કોળીયાની વ્યાખ્યા જુદી જુદી અનેક પ્રકારની બતાવી છે. એ બધાનો સાર આ જ છે કે જેટલું વાપરવાથી સંયમના બધા યોગો જળવાય એ પ્રમાણસર આહાર ગણાય. અને એમાં એક, બે, ત્રણ કોળીયા ઓછા વાપરવા એ ઉણોદરી તપ કહેવાય.

(૮૯)સામાન્યથી એમ કહેવાય છે કે "આહાર અને ઉંઘ વધારીએ એટલા વધે અને ઘટાડી એટલા ઘટે" કેટલાક સંયમીઓ પોતાની આહારમાત્રામાં ઘણીવાર ભ્રમણામાં જ રમતા હોય છે. વધારે વાપરવાના લીધે શરીરમાં જડતા આવે તેને તેઓ અશક્તિ માની લઈ, શક્તિ માટે હજુ વધારે વાપરવા તરફ ધસી જતા હોય છે. આમાં તો વધુ ને વધુ જડતા-આળસ વધતા જ જાય.

અનુભવ એવો છે કે પેટ જો હળવું હોય, ખાલી હોય તો શરીરમાં ખૂબ જ સ્ફૂર્તિ અનુભવાય, ઝોકા ન આવે, કામ કરવાનો ઉલ્લાસ જાગે.

એટલે જ સંયમીઓએ ખૂબ સમજણપૂર્વક પોતાની આહારમાત્રા નક્કી કરી લેવી જોઈએ. અને પછી કાયમ એ જ પ્રમાણે આહાર લેવો જોઈએ. એમાં ઓછો કરે, એ હજી ચાલે. પણ સારી વસ્તુ મળવાથી, આસક્તિને વશ થઈ આહારમાત્રા ઉલ્લંઘીને વધુ વાપરીએ એ બિલકુલ ન ચાલે.

દીક્ષાના બે-ચાર વર્ષો બાદ તો સંયમીની આહારમાત્રા નક્કી થઈ જ ચૂકી હોવી જોઈએ. એને બદલ ૧૦-૧૫ વર્ષે પણ રોજ આહારમાત્રામાં વધ-ઘટ થયા કરતી હોય તો એ ઉચિત ન ગણાય. નાના બાળકોને આ બધી ગતાગમ ન પડે એ બરાબર. પણ સંયમીઓ પણ વર્ષો પછીય આહારની માત્રામાં ગોથા ખાય એ તો શરમજનક બાબત કહેવાય.

સંયમીની માનસિક દૃઢતા એવી હોય કે પોતાની માત્રા પ્રમાણેનું ભોજન વાપર્યા બાદ ગમે તેવી સારામાં સારી વસ્તુ આવી પડે તોય એ નજર સુધ્ધાં ય ન કરે. ચાખી લેવાય ન લલચાય. એને બદલે રોજીંદી ગોચરી વાપર્યા બાદ પણ અનુકૂળ વસ્તુ આવી જાય તો બીજો એક બે જુમ્મો ય પેટમાં પધરાવી દેવાતો હોય તો એ બિલકુલ ઉચિત જણાતું નથી.

વર્ધમાન તપોનિધિ, શાસન પ્રભાવક, પૂજ્યપાદ આચાર્ય દેવ ભુવનભાનુસૂરીશ્વરજી

મહારાજ સાહેબનો આંબિલનો ખોરાક એકદમ માપસર અને કાયમી હતો. ૧૨ રોટલી અને એક મોટો ટોક્સો ભરીને દાળ ! બસ, આમાં કદિ કોઈ ફેરફાર નહિ. ન ઢોકળા આવે કે ન ચણા આવે. ન ખાખરા આવે કે ન દાળબાટી આવે.

"માત્ર શરીર ટકાવવા જ ખાવાનું છે." આવું જેના રોમેરોમમાં વણાઈ ગયેલું હોય તે મહાત્માઓ જ આ દોષને ત્યાગી શકશે.

**નિષ્કારણ** : પૂર્વે બતાવેલા છમાંથી કોઈપણ કારણ ન હોય છતાં ય વાપરે તો એ નિષ્કારણ દોષ લાગે.

રોજ એકાસણા કરનારાઓને ખબર પડે કે "સવારે ૫૦૦ માણસનું મજેદાર રસોડું છે." તો એનો આસ્વાદ માણવા બેસણું કરી દે,બપોરે ગોચરી વધી જવાથી "સાંજે ન વાપરવું" એમ નક્કી કર્યું હોવા છતાં સ્વાદિષ્ટ ફરસાણ જોઈને પેટમાં જગ્યા ખાલી કરી દે.... આ બધા નિષ્કારણ ભોજનના પ્રકારો છે.

૪૨ દોષો કરતાં ય આ પાંચ માંડલીદોષો વધુ ભયંકર છે. ૪૨ દોષથી રહિત સંપૂર્ણ નિર્દોષ ગોચરી પણ જો આ પાંચ દોષોપૂર્વક વાપરે તો એ સંયમી ઘણું નુકશાન પામે છે.

(૯૦)શાસ્ત્રકારોએ માટે જ વાપરતી વખતે આત્માને શિખામણ આપવાની સલાહ સંયમીને આપી છે કે "વાપરતા પહેલા તુ તારા આતમને સમજાવજે કે હે આત્મન્ ! ૪૨ દોષ વિનાની સંપૂર્ણ નિર્દોષ ગોચરી મેળવવી જ પહેલા તો અતિ-અતિ દુષ્કર છે છતાં તું એમાં તો પાર પામી ગયો. પણ હવે આ પાંચ દોષોમાં ક્યાંય ફસાઈ ન જાય એની ખાસ કાળજી કરજે."

(૯૧)૪૨ દોષ અંગે એક અતિમહત્ત્વની વાત એ કે શાસ્ત્રકાર ભગવંતોએ એમ ફરમાવ્યું છે કે ઉત્સર્ગ માર્ગે તો ૪૨ દોષ વિનાની જ ગોચરી વાપરવાની છે. જો ભુલથી પણ ૪૨માંથી કોઈપણ એકાદ દોષવાળી ગોચરી વહોરાઈ જાય અને પાછળથી એ દોષની ખબર પડે, તો નાનામાં નાના દોષવાળી વસ્તુ પણ પરઠવી જ દેવી. એટલું જ નહિ, એ નાનામાં નાના દોષવાળી વસ્તુ બીજી જે કોઈપણ વસ્તુને અડી હોય તે બધી વસ્તુઓ પણ પરઠવી જ દેવી.

દા.ત. સાધુને આંબિલમાં ચણા વહોરાવવા માટે શ્રાવિકાએ દૂકાનેથી ખરીદીને ઘરે રાખ્યા હોય અને એ ચણા વહોર્યા બાદ ગમે તે રીતે સાધુને ખબર પડે કે આ ચણા ક્રીત દોષવાળા છે. તો એ ચણા તો પરઠવી જ દે. પણ એ ચણા પાત્રામાં જે ખાખરા, મમરા, મીઠાઈ વગેરે વસ્તુને અડ્યા હોય એ બધું પરઠવી દેવું. એમાંથી એક કણ પણ ન વાપરવો.

આવું દરેકે દરેક નાના મોટા તમામ દોષોમાં સમજી લેવું.

એ બધું પરઠવીને પછી બીજી નવી જરૂરિયાત પુરતી ગોચરી લાવવી.

જો નવી ગોચરી ન મળતી હોય તોય જો આ વાપર્યા વિના ચાલી જ શકતું હોય તો બધું પરઠવી જ દેવું. પરંતુ નવી ગોચરી ન મળતી હોય અને વાપર્યા વિના ચાલે તેમ ન હોય તો પછી હવે નીચે મુજબની જયણા પાળવી.

જે આધાકર્મી વગેરે ૬ અવિશોધિકોટિના દોષો છે. એ તો અતિભયંકર હોવાથી એ દોષવાળી વસ્તુ અને એને સ્પર્શેલી વસ્તુ બધું જ પરઠવી દેવું.

પણ એ સિવાયના જે વિશોધિકોટિના દોષો છે. એમાં એ દોષવાળી વસ્તુ તો પરઠવી જ દેવી. પરંતુ એને સ્પર્શેલી વસ્તુઓ પરઠવવાને બદલે વાપરી જવી કે જેથી આપણો નિર્વાહ થાય.

દા.ત. ક્રીત ચણા પરઠવી દેવા, પણ ખાખરા વગેરે ચણાને સ્પર્શેલી વસ્તુ વાપરી લેવી.

હવે ઘણીવાર એવું બને કે એ દોષિત કોરી વસ્તુ અને નિર્દોષ કોરી વસ્તુ એવી રીતે ભેગી થાય કે એમાંથી દોષિત વસ્તુ છૂટી પાડવી ખૂબ અઘરી પડે. એના અમુક અવયવ તો રહી જ જાય. દા.ત. નિર્દોષ મમરામાં દોષિત સેવ ભેગી થઈ, તો બધી સેવ દૂર કરવા છતાં એના અમુક ભાગ તો અંદર જ રહી જાય.

આવા વખતે કપટ વિના, શક્ય હોય એટલા સેવના બધા જ અવયવો દૂર કરવા એ પછી જો થોડાક અંશો રહી ગયા હોય તો પણ એ વાપરવામાં દોષ નથી.

ક્યારેક એવું બને કે દોષિતવસ્તુ અને નિર્દોષ વસ્તુ બંને પ્રવાહીરૂપ હોવાથી ભેગા થયા પછી જુદા પાડી જ ન શકાય. દા.ત. તરપણી ભરીને નિર્દોષ દાળમાં ભુલથી અડધી વાટકી સ્થાપનાદોષવાળી દાળ ભેગી થઈ ગઈ. તો હવે એ અડધી વાટકી દાળ દૂર કરવી શક્ય નથી. એ તો એકમેક થઈ ગઈ છે.

ત્યારે પણ જો દાળ વાપરવી જ પડે એમ હોય તો પછી એ તરપણીમાં કુલ જેટલી દાળ દોષિત હતી, એટલા માપની દાળ જુદી કાઢી પરઠવી દઈ અને બાકીની દાળ વાપરી શકાય.

ક્યારેક એવું બને કે નિર્દોષ સુકી વસ્તુમાં ભીની દોષિત વસ્તુ ભેગી થઈ જાય. ત્યાં પણ એ ભીની વસ્તુ દૂર કરવી શક્ય નથીજ. એટલે ત્યાં શક્ય હોય તો બધું જ પરઠવી દેવું. પણ જો નિર્દોષ સુકી વસ્તુ વાપર્યા વિના ચાલે એમ ન હોય તો પછી એમાં પાણી નાંખીને કે બીજી કોઈક રીતે એ ભીની વસ્તુ નીતારી નીતારીને શક્ય એટલી દૂર કરી દેવી. એ પછી એ સુકી વસ્તુ વાપરી શકાય.

દા.ત. ભાતની અંદર સ્થાપનાદોષવાળું ઘી ઢોળાઈ ગયું. તો એ ભાતમાં પાણી નાંખી

કે દાળ નાંખી બરાબર હલાવી એ પાણી કે દાળ બરાબર દબાવી દબાવીને નીચોવી લેવા એ પછી જે ભાત વધે, એ વપરાય.

ભાતમાં સ્થાપના દોષવાળું દૂધ પડી જાય, રોટલી વગેરેમાં સ્થાપના, ક્રીતાદિ દોષવાળો મુરબ્બાનો રસ ઢોળાઈ જાય, કેરીનો રસ ઢોળાઈ જાય.... આ બધામાં ઉપર પ્રમાણેની વિધિ કે એના જેવી બીજી પણ કોઈક વ્યવસ્થિત વિધિ કર્યા પછી વાપરી શકાય.

રોટલીમાં મુરબ્બાનો રસ દૂર કરવા જો પાણી નાંખીએ તો બધી રોટલી લોંદા જેવી થાય, એ વાપરવી ન પણ ફાવે. આવા વખતે શક્ય એટલા મુરબ્બાના રસવાળા બધા અવયવો દૂર કરી પછી રોટલી વાપરી શકાય એમ લાગે છે.

ક્યારેક એવું બને કે પ્રવાહી સ્વરૂપ નિર્દોષ વસ્તુમાં દોષિત ઘન વસ્તુ પડે. તો ત્યાં પણ વાપરવું આવશ્યક હોય તો પ્રવાહીમાંથી એ ઘનવસ્તુ દૂર કર્યા બાદ પ્રવાહી વાપરી શકાય છે. દા.ત. નિર્દોષ દૂધમાં સ્થાપનાદિ દોષવાળી ખજુર, મુરબ્બો, ગુલકંદ નાંખ્યા બાદ એ દોષિત હોવાનો ખ્યાલ આવે તો શક્ય એટલા ખજુરાદિના બધા જ અવયવો દૂર કરી બાકીનું દૂધ વાપરી શકાય. એમ નિર્દોષ દાળમાં દોષિતભાત પડી ગયા, તો દાળ નીતારી-નીતારીને કાઢી લેવી. એ પછી એ દાળ વાપરી શકાય. ભાત પરઠવી દેવા જોઈએ.

આ બધું જ વિશોધિકોટિ દોષમાં જ સમજવું. [૯૨]અવિશોધિકોટિમાં તો એ દોષિત વસ્તુ અને એને અડેલી નિર્દોષ વસ્તુ પરઠવી દેવાની જ શાસ્ત્રાજ્ઞા છે. એમાં ઉપર મુજબ યતના પાળવાની વાત શાસ્ત્રકારોએ જણાવેલ નથી.

છતાં જો ગાઢ અપવાદે અવિશોધિકોટિવાળી કે એના સંપર્કવાળી વસ્તુ વાપરવી જ હોય તો એમાં પાછળથી પ્રાયશ્ચિત્ત અવશ્ય લેવું જ રહ્યું.

આમ,

૧. નિર્દોષ ભીની=ઢીલી=પ્રવાહી વસ્તુમાં વિશોધિકોટિ દોષવાળી ભીની=ઢીલી= પ્રવાહી વસ્તુ પડે.

૨. નિર્દોષ ભીની=ઢીલી=પ્રવાહી વસ્તુમાં વિશોધિકોટિ દોષવાળી સુકી=કડક=ઘન વસ્તુ પડે.

૩. નિર્દોષ સુકી=કડક=ઘન વસ્તુમાં વિશોધિકોટિ દોષવાળી ભીની=ઢીલી=પ્રવાહી વસ્તુ પડે.

૪. નિર્દોષ સુકી=કડક=ઘન વસ્તુમાં વિશોધિકોટિ દોષવાળી સુકી=કડક=ઘન વસ્તુ પડે.

તો આ ચારેય ભાંગામાં જ્યારે નિર્દોષ વસ્તુ વાપરવી અનિવાર્ય જ હોય ત્યારે ઉપર

બતાવ્યા મુજબ વિશોધિકોટિદોષવાળી વસ્તુના અંશો જેટલા શક્ય હોય એટલા બધાજ બરાબર યતનાપૂર્વક દૂર કરીને પછી નિર્દોષ વસ્તુ વાપરી શકાય. વિશોધિકોટિના થોડાક અંશો ના-છૂટકાના રહી ગયા હોય તોય સંયમીને દોષ ન લાગે.

બીજી એક અગત્યની બાબત એ કે જે સંયમીઓ કારણસર આધાકર્માદિ દોષવાળી ગોચરી વાપરતા હોય તેમણે (૧) પોતાના પાત્રા જુદા જ રાખવા જોઈએ. પોતાના વહોરવાના પાત્રા-તરપણી અને એ વાપરવાના પાત્રા-તરપણી તદ્દન જુદા જ રાખવા. (૨) [૯૭]જો આવું પાલન શક્ય ન હોય તો કે શક્ય હોય તો પણ આધાકર્મી વાપરી લીધા બાદ પાત્રા-તરપણી આંગળીથી જ વધુને વધુ ચોખ્ખા કર્યા બાદ રીતસર ત્રણ પાણીથી એ પાત્રાઓ બરાબર ધોઈ લેવા જોઈએ. જો આ રીતે આંગળીઓથી બરાબર ચોખ્ખા કર્યા બાદ, પુરતા પ્રમાણના ત્રણ પાણીથી એ પાત્રા-તરપણી ધોઈ લેવામાં આવે તો પછી એ પાત્રા-તરપણી બીજાઓ વાપરે એમાં કોઈ જ દોષ ન લાગે.

પણ એ સિવાય જો એ પાત્રા બીજાઓ વાપરે તો એમને પૂતિદોષ લાગે જ. દા.ત. આંગળીઓથી પાત્રા-તરપણી સ્વચ્છ કર્યા વિના જ સીધા ત્રણ પાણીથી ધુએ અથવા આંગળીઓ વડે સ્વચ્છ કર્યા પછી પણ માત્ર એક-બે પાણીથી ધુએ અથવા આંગળીઓ વડે બરાબર સ્વચ્છ કર્યા બાદ પણ ત્રણ પાણી વડે ધુએ તોય એ ઓછા ઓછા પાણીથી ત્રણવાર ધુએ. તો પછી એ પાત્રામાં તદ્દન નિર્દોષ વસ્તુ લાવીને વાપરનારાને પણ પૂતિ નામનો અવિશોધિકોટિનો દોષ લાગે જ.

આપણા નિમિત્તે બીજા સંયમીઓ દોષના ભાગીદાર ન બને તે માટે અવિશોધિકોટિ દોષવાળી ગોચરી વાપરનારાએ આ ઉપર બતાવેલી કાળજી કરવી જ રહી.

વિશાળ સમુદ્ર સમાન છે આ ૪૨ દોષો વગેરેનું શાસ્ત્રીય સ્વરૂપ ! મેં તો ખૂબ જ ટુંકાણમાં આ પદાર્થો બતાવ્યા છે. જેને આ બિંદુનો સ્વાદ જીભે ચોંટ્યો હોય એણે સિંધુ પીવા માટે પિંડનિર્યુક્તિ વગેરે ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કરવો જ રહ્યો.

આજે આ એષણાસમિતિ મરવાના વાંકે જીવી રહી હોય એવી લાગે છે. સંપૂર્ણપણે ૪૨ દોષ અને પાંચ માંડલી દોષ વિનાની ગોચરી વાપરનારા મહાત્માઓ આજે કેટલા હશે ? આંગળીના વેઢા પુરાય એટલા ખરા ? એય પ્રશ્ન થાય છે. મારા સંયમપર્યાયમાં એકપણ વાર ૪૭ દોષ વિનાની ગોચરી મેં વાપરી હોય એવું મારા ખ્યાલમાં નથી.

આજે તો રસોડાઓમાં - વિહારધામોમાં આધાકર્મી વગેરે અતિભયંકર કક્ષાના દોષો પણ સાવ સહજ રીતે સેંકડો હજારો સંયમીઓ સેવે છે. "એ અપવાદમાર્ગ છે." એવું

કહેવાનું મન થતું નથી કેમકે ત્યાં અપવાદના લક્ષણો દેખાતા નથી.

આશ્ચર્ય તો એ છે કે શ્રમણ સંસ્થાના ૧૦,૦૦૦ સભ્યોને ચોપડીમાં જોયા વિના બેંતાલીસ દોષોના માત્ર નામ લખવા આપ્યા હોય તોય એ ૪૨ નામો કેટલા સભ્યો લખી શકે ? એ સંખ્યાની કલ્પના કરતાય ધ્રુજારી છૂટે છે.

શ્રમણ-શ્રમણીઓ પોતાના મૂલભૂત આચારોથી જ જો અજ્ઞાત હોય તો એના કરતા વધુ ખેદજનક ઘટના બીજી શી હોઈ શકે ?

કદાચ આ ૪૨ દોષોના પદાર્થોનું વાંચન કરવામાંય ઘણાને કંટાળો આવશે, એ ૪૨ દોષો યાદ કરવા, એને સમજવા વગેરેમાં પણ ઘણાને ટાઈમ બગડતો લાગશે. અને જો ખરેખર આવું હોય તો પછી સંયમ પ્રત્યેનો પક્ષપાત ક્યાં રહ્યો ? સગી માતાને ભુલી જનારા બિનખાનદાન કુપુત્રોની શ્રેણીમાં આપણે નંબર નથી લગાડવો હોં !

જેને શુદ્ધ સંયમની ઝંખના હોય, જેને દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞાઓ અણિશુદ્ધ પાળવાની તમન્ના હોય, જેને લીધેલા પાંચ મહાવ્રતો સફળ બનાવવાના કોડ હોય એ સૌ સંયમીઓ આ ૪૨+૫ = ૪૭ દોષો બરાબર જાણે, સમજે અને તમામ શક્તિ ફોરવી એ દોષો ત્યાગ કરવાનો સખત પુરુષાર્થ કરે. અપવાદ માર્ગે જ્યારે.દોષો સેવવા પડે ત્યારે ઓછામાં ઓછા દોષથી ચલાવે અને કકળતા હૈયે એ દોષ સેવીને, હૈયાના પશ્ચાત્તાપ સાથે એના પ્રાયશ્ચિત્ત કરે.

જો આવું કંઈક થશે તોજ આ શ્રમણસંસ્થા ઉજજવળ સંયમીરત્નોની ખાણ બની રહેશે. નહિ તો ? સર્વજ્ઞો જ જાણે.

●



## ૭. આદાનભંડમત્તનિક્ખેવણા સમિતિ

શ્રમણ ભગવાન મહાવીરદેવે આ સમિતિનો અર્થ નીચે પ્રમાણે દર્શાવ્યો છે.

**ओहोवहोवग्गहियं भंडगं दुविहं मुणी ।**

**गिण्हंतो निक्खिवंतो य पउंजिज्ज इमं विहिं ॥**

**चक्खुसा पडिलेहित्ता पमज्जिज्ज जयं जई ।**

**आदिए निक्खिविज्जा वा दुहओऽवि समिए सया ॥**

**અર્થ :** મુનિએ ઔઘિક કે ઔપગ્રહિક ઉપધિને ગ્રહણ કરતી વખતે કે મૂકતી વખતે આ વિધિ આદરવી જોઈએ કે પહેલા ચક્ષુથી બરાબર જોઈ અને પછી યતનાપૂર્વક પુંજવું અને પછી એ વસ્તુ લેવી કે મૂકવી. કાયમ માટે આદાન સમિતિવાળો સાધુ બે બે પ્રકારની ઉપધિમાં આ વિધિ કરે.

કલિકાલ સર્વજ્ઞ, મહાબ્રહ્મચારી ભગવાન હેમચંદ્રસૂરિજીએ યોગશાસ્ત્ર ગ્રંથમાં આ સમિતિની વ્યાખ્યા આ પ્રમાણે દર્શાવી છે કે

**आसनादीनि संवीक्ष्य प्रतिलिख्य च यत्नतः ।**

**गृह्णीयात् निक्षिपेद्वा यद्, साऽऽदानसमितिः स्मृता ॥**

**અર્થ :** આસન, પાત્રા વગેરે વસ્તુઓ સારી રીતે જોઈને અને પછી ઓઘાદિ દ્વારા યત્નપૂર્વક એને પ્રમાર્જીને એ વસ્તુઓ લેવી કે મૂકવી એ આદાન સમિતિ કહેવાયેલી છે.

શ્રુતકેવલી-અવધિજ્ઞાની ધર્મદાસગણિ ઉપદેશમાલામાં ફરમાવે છે કે

**पुव्विं चक्खु परिक्खिय पमज्जिय जो ठवेइ गिण्हइ वा ।**

**आयाणभंडमत्तनिक्खेवणाइ समिओ मुणी होइ ॥**

**અર્થ :** પહેલા ચક્ષુથી બરાબર જોઈને, પછી પુંજીને જે મુનિ વસ્તુ મૂકે કે લે, તે આદાન ભંડ નિક્ષેપણા સમિતિવાળો કહેવાય.

આમ આ સમિતિનું સામાન્ય સ્વરૂપ તો એટલું જ છે કે કોઈપણ વસ્તુ લેતા કે મૂકતા પહેલા જુઓ, પછી પુંજો અને પછી એ વસ્તુ લો કે મૂકો.

હવે આ પદાર્થને જરાક વિસ્તારથી જોઈએ.

ધારો કે હાથમાં રહેલો દાંડો દેરાસર કે ઉપાશ્રયમાં ભીંતના ખુણાના ટેકે મૂકવો હોય તો (૧) દાંડાનો સૌથી ઉપરનો ભાગ અને સૌથી નીચેના તળીયાનો ભાગ એ બેય બરાબર

આંખેથી જોવાના કે એમાં કાચું પાણી વગેરે કંઈપણ લાગેલું નથી ને ? (૨) એ જ રીતે દાંડાનો ઉપરનો ભાગ ભીંતના જે ભાગને અડવાનો હોય તે ભાગ અને દાંડાનું તળીયું જમીનના જે ભાગ ઉપર રહેવાનું હોય તે ભાગ પણ આંખથી બરાબર જોઈ લેવો કે એ ભીંત કે જમીનના તે ભાગ ઉપર કાચા પાણીના ટીપા, નિગોદ વગેરે નથી ને ? (૩) આમ કુલ ચાર સ્થાન આંખથી બરાબર જોયા બાદ જો એમાં કોઈપણ જીવ ન દેખાય તો પછી એ ચારેય ભાગોને ઓઘા વડે ધીમેથી વ્યવસ્થિત પુંજવાના. અને પછી એજ ભાગ ઉપર એ દાંડો સ્થાપિત કરવાનો.

જો આ વિધિ બરાબર પળાય તો જ આ સમિતિનું સમ્યક્પાલન કરેલું કહેવાય. જો આમાં કંઈપણ ઓછું કરે કે ઉંધુ કરે તો આ સમિતિમાં અતિચારો લાગે.

અર્થાત્ કુલ ચાર ભાગ જોવાના બદલે એક બે કે ત્રણ ભાગ જ જુએ અથવા ચાર સ્થાન જુએ તો ખરા પણ ધ્યાનથી જોવાને બદલે ગમે તેમ જુએ તથા એ ચાર સ્થાનો પુંજવાને બદલે એક-બે-ત્રણ સ્થાનો જ પુંજે. અથવા ચાર સ્થાન પુંજે પણ ગમે તેમ અવિધિથી પુંજે તો આ સમિતિ અતિચારવાળી, દોષિત બની રહે છે.

એમ હાથમાં રહેલો ઘડો જમીન ઉપર મૂકવો હોય ત્યારે પણ પહેલા ઘડાનો જે નીચેનો ભાગ જમીનને અડવાનો હોય તે ભાગ અને એ જમીન બેય બરાબર જોઈ લેવા અને જો બેમાંથી ક્યાંક કોઈપણ ત્રસ-સ્થાવર જીવ ન દેખાય તો પછી એ બે ય ભાગો ઓઘાદિથી બરાબર પુંજીને પછી એ ઘડો મૂકવો.

ભીંતને ટેકે પડેલો દાંડો લેવો હોય ત્યારે જે હાથથી એ દાંડો પકડવાનો હોય તે હાથનો ભાગ તથા જે જગ્યાએથી દાંડો પકડવાનો હોય, તે દાંડાનો વચ્ચેનો ભાગ તથા દાંડાના ઉપર નીચેના ભાગ... આ બધું બરાબર જોવું. એમાં જો કોઈપણ જીવ ન દેખાય તો પછી એ બધા સ્થાનો બરાબર પુંજવા અને પછી એ દાંડો લેવો.

ટેબલ ઉપર પડેલ પુસ્તક ઉપાડવું હોય તો હાથ અને પુસ્તકનો પકડવાનો ભાગ બરાબર જોઈ, કોઈ જીવ ન દેખાય તો બરાબર પુંજી પછી એ પુસ્તક ઉપાડવું.

આ જુદા જુદા ચાર દૃષ્ટાન્તો બરાબર વિચારવાથી આ સમિતિનું મુખ્ય સ્વરૂપ ખ્યાલમાં આવી જશે. આ બધી જ વિધિ પાછળ કયા રહસ્યો પડેલા છે ? એ આપણે હવે જોઈશું.

(૯૪)શાસ્ત્રકાર ભગવંતોએ પ્રતિલેખન પ્રમાર્જનને લઈને ચાર ભાંગા બતાવ્યા છે.

(૧) પ્રતિલેખન કરે નહિ + પ્રમાર્જન કરે નહિ.

(૨) પ્રતિલેખન કરે નહિ+ પ્રમાર્જન કરે.

(૩) પ્રતિલેખન કરે + પ્રમાર્જન ન કરે.

(૪) પ્રતિલેખન કરે + પ્રમાર્જન પણ કરે.

આ ચાર ભાંગામાંથી પહેલા ત્રણ ભાંગાંઓમાં પ્રાયશ્ચિત્ત દર્શાવ્યું છે. એનો અર્થ જ એ કે એ ત્રણ ભાંગા દોષવાળા છે, અતિચારવાળા છે.

હવે જે ચોથો ભાંગો છે, એના વળી ચાર ભાંગા કર્યા છે.

(૧) અવિધિથી પ્રતિલેખન કરે + અવિધિથી પ્રમાર્જન કરે.

(૨) અવિધિથી પ્રતિલેખન કરે + વિધિથી પ્રમાર્જન કરે.

(૩) વિધિથી પ્રતિલેખન કરે + અવિધિથી પ્રમાર્જન કરે.

(૪) વિધિથી પ્રતિલેખન કરે + વિધિથી પ્રમાર્જન કરે.

આમાં પણ પહેલા ત્રણ ભાંગામાં પ્રાયશ્ચિત્ત દર્શાવેલ છે.

એટલે માત્ર છેલ્લો ભાંગો જ સંપૂર્ણ નિર્દોષ તરીકે ગણેલો છે.

અવિધિથી પ્રતિલેખન એટલે દુષ્પ્રતિલેખન.

અવિધિથી પ્રમાર્જન એટલે જ દુષ્પ્રમાર્જન.

આ દોષ છે, માટે જ તો પગામસિજ્જા સૂત્રમાં આપણે બોલીએ છીએ કે

**अप्पडिलेहिय, दुप्पडिलेहिय, अप्पमज्जिअ दुप्पमज्जिअ.. मिच्छा मि दुक्कडं**

એમાં શુદ્ધ = નિર્દોષ ભાંગા માટે ઉપર ચાર દૃષ્ટાન્તો જોઈ જ ગયા છીએ.

હવે જે છ ભાંગા દોષિત કહ્યા છે. એ શા માટે દોષિત કહ્યા ? એમાં કયા દોષો લાગે છે ? એ દરેક ભાંગામાં સ્વતંત્ર વિચારવાનું છે.

(૧) **અપ્રતિલેખન+અપ્રમાર્જન :** સંયમી કોઈપણ વસ્તુ જોયા વિના, પ્રમાર્જ્યા વિના જ લે-મૂકે તો તો પુષ્કળ સંયમ વિરાધના થવાની જ.

(ક) નીચે ઢગલા બંધ કીડી હોય અને સંયમી જોયા વિના જ ત્યાં પાણીનો ઘડો, પરાત, ટેબલ, પાટ વગેરે મૂકે કે તરત એના ભારથી જ ઘણી બધી કીડી મરી જાય.

(ખ) ચોમાસાના દિવસોમાં બારી બારણામાંથી ઉપાશ્રયની અંદર પણ પાણી આવ્યું હોય અને જમીન ઉપર ઢોળાયેલું હોય. નીચે જોયા વિના ઉપધિ-આસનાદિને મૂકે તો એ બધા જ અપ્કાયજીવોની વિરાધના થાય.

(ગ) ઠલ્લે માત્રુ પરઠવતી વખતે જો નીચેની જમીન બરાબર ન જુએ તો કદાચ ત્યાં નિગોદ થયેલી હોય, કીડીના નગરા હોય, નાના નાના તણખલાઓ ઉગી નીકળેલા હોય તો

જોયા વિના પરઠવનારને આ બધાયની હિંસાનું પાપ લાગે.

(ઘ) પુંજ્યા-પ્રમાર્જ્યા વિના બારણા-બારી બંધ કરે તો એના સાંધામાં રહેલા જીવો એમાં ફસાઈને મરી જાય. ઘણીવાર આ રીતે સાંધાના ભાગમાં ફસાઈને ગરોળી, વાંદા વગેરે મરી જતા હોય છે. એ ઉપરાંત ત્યાં કીડી મંકોડા પડ્યા હોય તો એ પણ પુંજ્યા વિના બારી-બારણા બંધ કરવાથી તેમાં ચગદાઈને મરી જાય.

(ચ) પુંજ્યા-પ્રમાર્જ્યા વિના માત્ર પગ પણ હલાવીએ તોય પગની નજીકમાં જ રહેલ કીડી વગેરે જીવો પગ દ્વારા ઘસાઈને મરી જાય. એમ પુંજ્યા પ્રમાર્જ્યા વિના જ પાટ ખસેડીએ, પાટ ઉપર રહેલા પુસ્તકો ઘસડીને દૂર કરીએ, પાટ પર પડેલું મોટું પુસ્તક ઘસડીને નજીક લાવીએ..... આ બધાયમાં નાના નાના અનેક ત્રસજીવો ઘણીવાર મરી જાય છે.

જો ધ્યાનપૂર્વક જોવામાં આવે તો સંયમીને ખ્યાલ આવી જ જશે કે પ્રતિલેખન, પ્રમાર્જન ન કરવાના કારણે કેટલી બધી વિરાધના-હિંસા થાય છે !

(છ) ભીંત કે જમીન ઉપર જોયા વિના દાંડો મૂકીએ તો કદાચ જમીન ઉપર કાચું પાણી કે નિગોદ હોય, ભીત ઉપર પણ કાચું પાણી-નિગોદ હોય, તો એ બધાની વિરાધના થાય. એમ મૂકેલો દાંડો પણ લેતી વખતે જો ઉપર-નીચે ન જોઈએ તો ક્યારેક એવુંય બને કે કાચા પાણીનો રેલો દાંડાના નીચેના ભાગ પાસે બાઝેલો હોય અને એટલે દાંડો લેતા જ એ પાણી હલે, અસંખ્ય જીવની વિરાધના થાય. એમ ભીંતમાંથી ટપકતું પાણી દાંડાના અગ્ર ભાગ ઉપર કે વચ્ચે પણ બાઝેલું હોય. જોયા વિના એ દાંડો લેવામાં આ બધા જીવોની વિરાધના થાય.

**(૨) અપ્રતિલેખન +પ્રમાર્જન :** જેને આપણે સંયમપાલન માનીએ છીએ, એવી કેટલીક વસ્તુઓ એવી છે કે તે અસંયમ છે.

ઘણા ખરા જયણાપ્રેમી સંયમીઓમાં એ સંસ્કાર છે કે કોઈપણ વસ્તુ લેતા મૂકતા પુંજી તો લે જ છે. પણ તેઓમાં પૂંજ્યા પહેલા ધ્યાનથી જોઈ લેવાના સંસ્કાર ઓછા દેખાય છે.

બંધ ઉપાશ્રયમાં પ્રવેશ કરીને ધડાધડ બધા બારી બારણા ઓઘાથી ફટાફટ પુંજીને ખોલે તો ખરા. પણ એ પહેલા "એ દરેક બારીઓ જોઈ લેવી જોઈએ" એ આચાર પળાતો નથી.

એમ દાંડો લેતી વખતે પણ મુહપત્તી કે ઓઘાથી દાંડો પુજે ખરાં, પણ પુંજતા પહેલા એ દાંડાનો ભાગ જોવાતો નથી. એજ રીતે પાટ હટાવતા, ખુલ્લા બારી બારણા બંધ કરતા, પાણી માટેની પરાતો ગોઠવતા, પાણી લાવવા માટે ઘડાઓ લઈ જવાના હોય ત્યારે... આવા અનેક સ્થાનો છે કે જેમાં જયણાપ્રેમી સંયમીઓ પુંજવામાં તો પાવરધા છે અને એ

ખરેખર પ્રશંસનીય છે પણ તેઓ અજ્ઞાનના કારણે, પહેલેથી એવી વિશિષ્ટ તાલીમ ન મળવાના કારણે "પુંજતા પૂર્વે અવશ્ય પ્રતિલેખન (ધ્યાનથી જોવું) કરવું જ જોઈએ" એ આચાર પાળવામાં ભુલો કરી બેસે છે.

માત્ર પ્રમાર્જન કરીએ, પ્રતિલેખન ન કરીએ તો શું નુકશાન થાય ? એ જોઈએ.

(ક) બંધ બારી-બારણા ઉપર કરોળીઆના જાળાઓ બાઝેલા હોય તો જોયા વિના સીધો ઓઘો-દંડાસન ત્યાં ફેરવવામાં આવે તો એ જાળા તુટી જાય, કરોળીયાનું ઘર ભાંગી નાંખવાનો દોષ લાગે.

(ખ) ત્યાં જો ગરોળી વગેરે જીવો ફરતા હોય તો જોયા વિના પુંજવામાં એ ગરોળી સીધી ઓઘા ઉપર ચોંટીને સંયમી ઉપર જ પડે અથવા તો ધડ કરતી નીચે જમીન ઉપર પડે. આ બેય પરિસ્થિતિમાં ગભરુ સંયમી ચીસ જ પાડી ઉઠે. ગરોળીને ભગાડવા પછી આડેધડ ઓઘો દંડાસનાદિ ફેરવે. બિચારી ગરોળી પણ પુષ્કળ ગભરાઈ જાય. આમ આત્મવિરાધના અને સંયમ વિરાધના બેય દોષો લાગે.

(ગ) કેટલીકવાર ચોમાસામાં કે તે સિવાય પણ પુસ્તક ઉપર, દાંડા ઉપર, જમીન ઉપર, પાટ-પાટલા ઉપર કાચું પાંણી ઢોળાયેલું હોય છે. હવે જો એ વસ્તુઓ / સ્થાનો જોયા વિના જ પુંજીએ તો એ કાચા સચિત્ત પાણીને ઓઘો દંડાસન લાગતા અસંખ્ય અપ્કાય જીવોની વિરાધના થાય.

નીચે કાચા પાણીના પોતા માર્યા હોય અને સંયમી ઉપર જોતો જોતો દંડાસન ફેરવતો ચાલે તો એ દંડાસન કાચા પાણીને લાગતા એની પણ વિરાધના થાય. સંયમીનો પગ પણ એ કાચા પાણી ઉપર પડે.

(ઘ) ચોમાસામાં દાંડા-બારી-બારણા-જુની લાદી વગેરે ઉપર નિગોદ થઈ જવાની ઘણી સંભાવના હોય છે. જો જોયા વિના જ પુંજે તો આ બધી નિગોદોને જ ઓઘો લાગે અને અનંતજીવોની વિરાધના થાય.

(૯૫)(ચ) કીડી વગેરે જીવોને ઓઘાથી દૂર કરવા એ પણ ઉત્સર્ગ માર્ગે તો વિરાધના જ છે. શક્ય હોય તો એ ત્રસજીવોને ઓઘાથી પણ દૂર ન કરાય. કેમકે એમાં તેઓ ભલે મરે નહિ, પણ ત્રાસ તો પામે જ. એ જીવો પોતાના ઈષ્ટ સ્થાને જતા હોય અને આપણે ઓઘા-દંડાસનથી એને કોઈ જુદી જ દિશામાં ધકેલી દઈએ તો એને તો ઘર શોધવાની મુશ્કેલી પડવાની જ.

(૯૬)વળી ત્રસકાયનો સંઘટ્ટો થાય તોય પ્રાયશ્ચિત્ત તો આવે જ છે. એજ દર્શાવે છે કે

કીડી, મંકોડા, ઈયળ વગેરે કોઈપણ ત્રસજીવોને શરીર દ્વારા કે ઓઘા વગેરે દ્વારા સ્પર્શ કરવાનો જ નથી. નાછૂટકે જ એમને ઓઘાદિથી પુંજવાના છે.

હવે જે સંયમી જોયા વિના પુંજે છે, એ તો ઓઘા દ્વારા કીડી વગેરે અનેક ત્રસ જીવોને સંઘટ્ટો, કિલામણા વગેરે ઉત્પન્ન કરવા દ્વારા દોષભાગી બનવાનો જ.

(છ) ઘડા વગેરેના અંદરના ભાગમાં પ્રતિલેખન કર્યા વિના સીધું જ પુંજળીવાળો હાથ નાંખી પ્રમાર્જન કરીએ તો જો એ ઘડામાં ગરોળી-કાચીંડો, સાપ વગેરે રાત્રે ઘુસ્યા હોય તો એ અચાનક પુંજણી વગેરે સ્પર્શવાથી ગભરાય, સાપ ડંખ મારે, ગરોળી વગેરે બહાર નીકળવા ધસી આવે, આ બધા સળવળાટથી ગભરાઈને સંયમી ઘડો ફેંકી દે, ફુટી જાય. ડંખથી મરણ પણ થાય. આ માત્ર કલ્પના નથી પણ આવા પ્રસંગો બન્યા પણ છે.

આવી અનેક બાબતો છે કે જેમાં જોયા વિના સીધું પુંજવામાં અનેક દોષો લાગે છે.

જો આ બધા સ્થાનોમાં સંયમી પહેલા જોઈ લે તો વિરાધનાથી ઘણો બચી જાય.

દા.ત. (ક) બંધ બારી-બારણા ધ્યાનથી જુએ અને કરોળીયાના જાળા દેખાય તો એ જાળાવાળા બારી-બારણા ન ખોલે, બીજા જ બારી બારણા ખોલી હવા ઉજાસ મેળવે. આમ ઘરભંગ વગેરે દોષો ન લાગે.

(ખ) ધ્યાનથી જોતા જો ગરોળી દેખાય તો એ બારી ન ખોલે. અથવા ખોલવી જ પડે તો ગરોળીની બાજુમાં ધીરેથી દંડાસન અફાળી એને ત્યાંથી દૂર ભગાડીને ખોલે. એટલે પછી જે ગરોળી અને સંયમી બેયને અતિભય ઉત્પન્ન થતો હતો, તે ન થાય.

(ગ) સંયમી ધ્યાનથી જુએ અને જમીન પર કાચું પાણી દેખાય, પાટ-પાટલા કે પુસ્તક ઉપર કાચું પાણી દેખાય તો ત્યાં પુંજે જ નહિ. જ્યારે એની મેળે એ પાણી સુકાઈ જાય ત્યારે જ પુંજે. આમ સંયમી દ્વારા જે અસંખ્ય અપ્કાયજીવોની વિરાધના થવાની હતી, તે અટકી જાય.

(ઘ) સંયમી બારીકાઈથી જુએ અને ગીતાર્થ હોય એટલે તે તે વસ્તુઓ ઉપર નિગોદ થયેલી હોય તો એને ખબર પડી જાય. અને એટલે જ્યાં નિગોદ દેખાય ત્યાં સ્પર્શ જ ન કરે, પુંજવાની વાત તો દૂર રહી. આમ નિગોદની વિરાધના પણ અટકે.

(ચ) ધ્યાનથી જોતા જો કીડી વગેરે દેખાય તો જો એ સ્થાનનો વપરાશ કર્યા વિના ચાલતું હોય, ત્યાંથી કીડી વગેરેને દૂર કરવાનું કોઈ ગાઢ કારણ ન હોય તો સંયમી ત્યાં પુંજે જ નહિ. ત્રસજીવોને એમની રીતે જ જીવવા દે.

(છ) જો ઘડામાં પહેલા અજવાળામાં જઈ દૃષ્ટિપ્રતિલેખન કરે અને ગરોળી, કાચીંડો,

સાપ વગેરે દેખાય તો એને પુંજવાનું જ માંડીવાળી બીજો ઘડો જ લઈ શકાય. આમ ત્યાં ઘડો ફુટવો, ડંખ વાગવો, સંયમી અને ગરોળી વગેરેને ગભરાટ થવો..... વગેરે અનેક દોષોથી બચી શકાય. કદાચ દૃષ્ટિથી જોતા સર્પાદિ દેખાય અને ગભરાટથી ઘડો છૂટી જાય તોય ઘડો જ ફુટે. આમ આત્મવિરાધના તો અટકી જ જાય.

આમ પ્રતિલેખન કર્યા વિના પ્રમાર્જન કરવામાં ઘણા દોષો લાગવાની શક્યતા હોવાથી અને તે સ્થાનોમાં પ્રતિલેખન કરવાથી એ દોષો ટળી જતા હોવાથી જ આ બીજો ભાંગો દોષરૂપ છે.

(૩) **પ્રતિલેખન-અપ્રમાર્જન :** સંયમીઓ બરાબર ધ્યાનથી જુએ અને જીવ ન દેખાય એટલે પુંજ્યા વિના જ વસ્તુ લે કે મૂકે તો એ પણ દોષ કહેવાય.

કેટલાક સંયમીઓને એવી ભ્રમણા પણ છે કે સૂર્યનો તડકો પડતો હોય એવા પ્રકાશમાં સંયમી ધ્યાનથી જોઈ લે અને જીવ ન દેખાય તો પછી ત્યાં પુંજવાની જરૂર જ શી છે ? ત્યાં થોડો જીવ મરવાનો છે ?"

એટલે જયણાપ્રેમી કેટલાક સંયમીઓને આવા સંસ્કાર પણ છે કે તેઓ બધી વસ્તુ લેતી મૂકતી વખતે જોઈ તો લેતા જ હોય છે, આસન પાથરતા, ચોપડી લેતા, પ્યાલો ઉંચકતા, પાટ ઉંચકતા, બધે જ દૃષ્ટિપ્રતિલેખન કરતા હોય છે. પણ ત્યાં પુંજતા હોતા નથી. "જીવ છે જ નહિ, તો પછી પુંજવાની શી જરૂર ?" એ એમનો આશય હોય છે.

પણ શાસ્ત્રકારો આને પણ અવિધિ, અતિચાર ગણે છે. કેમકે એમાંય કેટલાક દોષો લાગવાની પાકી શક્યતા છે જ.

(ક) ઘણીવાર એવું બને છે કે ટેબલ ઉપર મોટા સફેદ કાગળમાં લખતા હોઈએ ત્યારે ત્યાં એકદમ ઝીણામાં ઝીણી જીવાતો દેખાય. એ ચાલે ત્યારે જ ખ્યાલ આવે કે આ તો જીવ છે. હવે જો ભરપ્રકાશમાં સફેદ ચોક્ખા કાગળ ઉપર આંખથી માત્ર એક ફુટ દૂર રહેલી જીવાત પણ માંડ માંડ દેખાતી હોય, એ ચાલે ત્યારે દેખાતી હોય તો પછી સ્વાભાવિક છે કે આવી જગ્યાએ જો પેલું જીવડું હલતું ન હોય કે સફેદ કાગળને બદલે બીજા રંગવાળી વસ્તુ હોય તો એના ઉપર રહેલ જીવ ન દેખાય. અને એટલે સંયમીઓ ધ્યાનથી જુએ તો પણ એમને એમ જ લાગે કે અહીં જીવ નથી. અને એટલે ત્યાં પુંજ્યા વિના પુસ્તકાદિ કંઈપણ મૂકે તો એ અત્યંત કોમળ શરીરવાળા જીવ મરી જ જવાના.

(ખ) હવે જો એક ફુટને આંતરે સફેદ વસ્તુ પર રહેલ જીવ દેખાવા ય ભારી હોય તો સફેદ સિવાયના રંગવાળી લાદી વગેરે ઉપર એ નાના-મોટા જીવો પડેલા હોય તે કોઈ સંયમી

ઉભા ઉભા જોવાનો પ્રયત્ન કરે તો શી રીતે દેખાય ? એને તો તે સ્થાન જીવરહિત જ લાગે અને એટલે એ ત્યાં પૂંજયા વિના જ જો સીધું આસન પાથરીને બેસે તો તરત નીચે રહેલા જીવો મરી જાય.

(ગ) ઘડાઓમાં અંદર ગમે એટલું ધ્યાનથી, ભર તડકામાં જોવામાં આવે તોય એમાં મચ્છર વગેરે મોટા જંતુ તો હજી દેખાશે. પરંતુ ઘડાની માટીના જ જેવા રંગવાળા, દળેલા લોટના નાનકડા કણ જેવટા ત્રસ જંતુ તો ખબર જ ન પડે. અને એટલે જ જો સંયમી એ ઘડાનું માત્ર દૃષ્ટિપ્રતિલેખન કરી એને શુદ્ધ માની ગરમ-ઠંડુ પાણી વહોરે તો એમાં કેટલાય જીવો મરી જ જવાના.

ઘણીવાર એવું બને જ છે કે ઘડા સારી રીતે જોયા પછી પાણી વહોરવા છતાં એમાંથી મચ્છર વગેરેના કલેવરો નીકળે છે.

આવા અનેક પ્રસંગોમાં જો પ્રતિલેખન બાદ વ્યવસ્થિત પુંજવામાં આવે તો આ બધી વિરાધના અટકી જાય. અલબત્ત એ ત્રસજીવોનો સંઘટ્ટો કિલામણા થાય, પણ એ મરી તો ન જ જાય. એટલે મોટી વિરાધનાથી તો અવશ્ય બચી જવાય.

એટલે જ ગમે એટલો પ્રકાશ હોય, બપોરના બાર વાગ્યાનો સૂર્યનો પ્રકાશ, તડકો સીધો જ પાટ પર પડેલા સફેદ પુસ્તક ઉપર પડતો હોય અને ત્યાં ધ્યાનથી જોવા છતાં ય ભલે એકે ય જીવ ન દેખાયો હોય તોય આ શાસ્ત્રાજ્ઞા છે કે ત્યાં પુંજીને પછી જ એ વસ્તુ હાથમાં લેવી કે તેના ઉપર બીજી કોઈ વસ્તુ મૂકવી.

એકવાર એવું માની પણ લઈએ કે "આવા પ્રકાશવાળા સ્થાનમાં, ધ્યાનથી જોયા બાદ જો જીવ ન દેખાય તો પુંજયા વિના જ વસ્તુ લે-મૂક કરવામાં કોઈ વિરાધના નથી" પણ તોય ત્યાં પુંજવાની ક્રિયા કરવી જ. (૯૭)કેમકે પરમાત્મા મહાવીરદેવના મંદસંવેગી, જડ વક્ર સંયમીઓ ક્યાં ક્યાં કેવા કેવા કેટલા કેટલા છીંડા કાઢે એની ભાગ્યેજ ખબર પડે. આપણે એવું નક્કી કરીએ કે "બપોરે બાર વાગે સીધો તડકો જયાં પડતો હોય ત્યાં માત્ર પ્રતિલેખન કરો તોય ચાલે. પ્રત્યુપેક્ષણની જરૂર નહિ." અને જડ વક્ર સંયમીઓ પોતાની મેળે એવો અર્થ કરી જ લે કે સીધો તડકો કે પછી તડકાની આજુબાજુનો છાયાવાળો પ્રદેશ.... બેમાં ઝાઝો ભેદ નથી. એટલે ત્યાં પણ માત્ર પ્રતિલેખન ચાલે."

અને એમની આ વાત સાંભળી બીજા જડ-વક્ર તો એમ જ પકડી લે કે "બપોરે બાર-એક-બે વગેરે સમયે તડકાનું સ્થાન, તડકાની આજુબાજુનું સ્થાન કે રૂમ વગેરેનું સ્થાન બધે જ માત્ર પ્રતિલેખન ચાલે."

આમ જડ-વક્રો કયા અનર્થો કરે એની ખબર જ ન પડે. છેલ્લે ત્યાં સુધી પહોંચે કે સવારે પ્હો ફાટે ત્યારથી માંડી સાંજે છેક સૂર્યાસ્ત બાદ પણ અડધો કલાક સુધી પ્રકાશ પડે ત્યાં સુધી માત્ર પ્રતિલેખન-દૃષ્ટિપાત ચાલે, ત્યાં પ્રમાર્જનની જરૂર જ નહિ.

આ બધા અનેક અનર્થો થવાનો સંભવ છે જ.

વળી આવી અનેક જગ્યાએ માત્ર પ્રતિલેખન કરવાની ટેવવાળાઓ તો પછી એ જ સંસ્કાર દૃઢ થયા હોવાના કારણે જ્યાં ખરેખર પ્રમાર્જનની જરૂર હશે ત્યાં પણ દૃઢસંસ્કારથી પ્રેરાઈને એકલું પ્રતિલેખન જ કરશે અને એટલે પ્રમાર્જન ન કરવાના લીધે અનેક વિરાધના થશે.

એટલે જ આવા કુતર્કો બિલકુલ ન કરવા કે "ભરપ્રકાશમાં સ્પષ્ટ દેખાતું જ હોય કે જીવ નથી તો પછી ત્યાં પુંજવાની શી જરૂર છે ?"

કેમકે (૧) જો તમારી વાત માન્ય હોત તો શાસ્ત્રકારો આવું કંઈક નિરૂપણ ચોક્કસ કરત. પણ શાસ્ત્રકારોએ તો પ્રતિલેખન+અપ્રમાર્જન ભાંગામાં પ્રાયશ્ચિત્ત જ દેખાડ્યું છે. (૨) પૂર્વે જણાવ્યું તેમ આવા સ્થાનોમાં પણ ઝીણા ઝીણા ત્રસ જંતુઓ ન દેખાય એ શક્ય છે, અને એટલે ત્યાં પૂંજ્યા વિના વસ્તુ લે-મૂક કરવામાં વિરાધના થાય છે. (૩) જડ-વક્ર પ્રજા અનર્થો ન કરે અને ખોટા સંસ્કાર ન પડે તે માટે ય પ્રતિલેખનની સાથે પ્રમાર્જન આવશ્યક જ છે.

**શિષ્ય :** (૯૮)મેં તો એવું સાંભળ્યું છે કે "શ્રી નિશીથાદિ ગ્રંથોમાં એવું જણાવેલ છે કે જો પ્રતિલેખન ન કરીએ અને સીધું પ્રમાર્જન કરીએ તો સ્થાવરની વિરાધના થાય અને જો પ્રતિલેખન કરીએ અને પ્રમાર્જન ન કરીએ તો ત્રસની વિરાધના થાય."

શું આ વાત સાચી છે ?

**ગુરુ :** નિશીથ વગેરે જિનાગમોમાં લખેલી વાત માટે આવો પ્રશ્ન કરવો પડે ? એ તદ્દન સાચી જ હોય. હા ! એ સાચી શી રીતે ? એ સમજવા માટે ગીતાર્થ મહાપુરુષોનું શરણું સ્વીકારવું પડે.

સ્થાવરજીવો અત્યંત કોમળ-દુર્બળ શરીરવાળા હોય છે. એટલે જ એ જીવોને બીજી કોઈ વસ્તુ માત્ર સ્પર્શે તો પણ એમને ભયંકર પીડા થાય. કેટલાક મરી ય જાય. એટલે જ સ્થાવરજીવોને સંયમીએ શરીર દ્વારા કે બીજી કોઈપણ વસ્તુ દ્વારા લેશ પણ સ્પર્શ કરવાનો જ નથી.

આપણું શરીર કે આપણી ઉપધિ જો સચિત્ત માટી, કાચા પાણી, તેજસકાય, વનસ્પતિને માત્ર સ્પર્શે તો ય એમને સખત પીડા થવાની સંભાવના હોવાથી જ એમને લેશ પણ સ્પર્શ

થવા દેવાનો નથી.

હવે જો આપણે પ્રતિલેખન ન કરીએ અને માત્ર પ્રમાર્જન કરીએ તો ત્યાં રહેલ સચિત્ત માટી, કાચું પાણી, નિગોદ વગેરે બધાને સીધો ઓઘો અડે અને એટલે પુષ્કળ વિરાધના થાય જ. એટલે પ્રમાર્જન સ્થાવરજીવોને બચાવવા માટે સમર્થ નથી. એ તો ઉલ્ટું સ્થાવરજીવોને મારનારું બને છે.

સ્થાવર જીવોને બચાવવાનો મુખ્ય ઉપાય પ્રતિલેખન=દષ્ટિદર્શન છે. સંયમી એકદમ ધ્યાનથી જુએ અને જમીન વગેરે ઉપર સચિત્ત માટી, કાચું પાણી, બીજ, વનસ્પતિ વગેરે દેખાય તો એ ત્યાં પ્રમાર્જન ન જ કરે, એ તે સ્થાન છોડી દે. અને આ રીતે એ જીવોની રક્ષા થાય.

આમ પ્રતિલેખન સ્થાવરજીવોની રક્ષા માટે ઉપયોગી છે, એટલે એ ન કરીએ તો સ્થાવર જીવોની વિરાધના થવાની શક્યતા ઉભી રહે જ છે. આથી નિશીથસૂત્રમાં એમ જણાવ્યું છે કે પ્રતિલેખન ન કરીએ તો સ્થાવરની વિરાધના થાય.

એમ માત્ર પ્રતિલેખન કરીએ તો ય જો ન પુંજીએ તો જે ઝીણા ત્રસ જીવો ન દેખાય એ બધાની વિરાધના થાય. પણ જો પ્રતિલેખન બાદ જીવ દેખાય કે ન દેખાય તોય પુંજી લઈએ તો ઓઘા દ્વારા એ જીવો તે સ્થાનથી દૂર થઈ જાય એટલે પછી ત્યાં વસ્તુ લેવા મૂકવામાં કોઈ દોષ ન લાગે.

હા ! ત્રસજીવોને પણ ઓઘાનો સ્પર્શ ગમતો નથી જ. છતાંય એના દ્વારા તેઓને વધુ પીડા નથી જ થતી. ઓઘાના સ્પર્શથી સ્થાવરને જે પીડા થાય એની અપેક્ષાએ ત્રસને તો ઘણી જ ઓછી થવાની. વળી આ અશક્યપરિહાર જેવું થાય છે. જો ત્રસ જીવો દેખાય તો તો ઉત્સર્ગ માર્ગે એને ઓઘાથી ય દૂર કરવાના નથી જ. પરંતુ અહીં તો ત્રસજીવો દેખાતા નથી અને પછી સૂક્ષ્મત્રસજીવોની વિરાધના ટાળવાના આશયથી જ પુંજાય છે એટલે એમાં તે જીવોને અલ્પ પીડા થાય તો પણ એ અશક્ય પરિહાર હોવાથી એમાં દોષ નથી ગણાતો.

એટલે પ્રમાર્જના એ મુખ્યત્વે ત્રસજીવોની રક્ષા માટે છે અને માટે જ નિશીથસૂત્રમાં એ લખ્યું છે કે "જો પ્રમાર્જના ન કરો તો ત્રસજીવોની વિરાધના થાય."

(૯૯)બાકી ખરેખર તો તે તે પ્રસંગોમાં પ્રતિલેખન પણ ત્રસજીવોની રક્ષા માટે ઉપયોગી જ છે, માત્ર પ્રમાર્જન નહિ.

આમ એ વાત સ્થિર બની કે (૧) અપ્રતિલેખન + અપ્રમાર્જન (૨) અપ્રતિલેખન + પ્રમાર્જન (૩) પ્રતિલેખન + અપ્રમાર્જન આ ત્રણેય ભાંગાઓમાં જાત જાતની ત્રસ-સ્થાવર વિરાધના અને આત્મવિરાધના થવાની શક્યતા હોવાથી શાસ્ત્રકારોએ એ ત્રણેય ભાંગાઓને

દોષ રૂપ ગણ્યા છે.

**શિષ્ય :** આપની વાત સાંભળી હવે મને પણ એની ભાવના થાય છે કે હું ય વસ્તુઓ લેતા-મૂકતા જોયા પછી, પ્રમાર્જવાની વિધિ સાચવું. ગુરુદેવ ! મને એની બાધા જ આપી દો.

**ગુરુ :** તને આવો ભાવ જાગ્યો એ ખૂબ સારી વાત છે. પણ પ્રતિલેખન, પ્રમાર્જન એ બેય કરનારાઓ પણ દોષના ભાગી બને છે, જો તેઓ એ વિધિપૂર્વક ન કરતા હોય. એટલે જ તો હજી બીજા ત્રણ ભાંગાઓ સમજવાની પણ ખાસ જરૂર છે.

**દુષ્પ્રતિલેખન+દુષ્પ્રમાર્જન :** જેટલા ભાગમાં વસ્તુ અડકવાની હોય એ બધોજ ભાગ એકદમ ઉપયોગપૂર્વક જોવો એનું નામ પ્રતિલેખન છે. એજ શાસ્ત્રાનુસારી પ્રતિલેખન છે.

વસ્તુ જેટલા ભાગમાં અડકવાની હોય એના કરતા ઓછા વત્તા ભાગને ધ્યાનથી જુએ કે આખો ભાગ પણ બેધ્યાન બનીને જુએ તો એ દુષ્પ્રતિલેખન જ કહેવાય.

(ક) કાપનું ઢોળાયેલું પાણી લુંછવા સંયમી મોટું ચોરસ લુંછણિયું હાથમાં લઈ જુએ તો ખરો. પરંતુ એના એકે એક ભાગ ઉપર દષ્ટિ પડવી જોઈએ. એમાંય લુંછણિયું મેલું હોવાથી તેમાં જલ્દી જીવ ન દેખાય. માટે એ તો વધુ એક ધ્યાનથી જોવું પડે.

પણ હવે બે સેકંડમાં જ એ લુંછણિયું જોઈ લે અને પાણી લુંછવા માંડે તો એમ માનવું પડે કે આ દષ્ટિ પ્રતિલેખન વિધિસર થયું નથી.

આખા લુંછણિયાના નવ ભાગ કલ્પી કે છેવટે ત્રણ ભાગ કલ્પી એ પ્રત્યેક ભાગ ઉપર ઝીણવટ ભરેલી દષ્ટિ પાડવી જોઈએ. અને એ પણ લુંછણિયાની બંને બાજુ ! એ પછી જ એનો ઉપયોગ કરી શકાય.

એ ઉપયોગ પૂર્વે એ લુંછણિયાને દંડાસનાદિથી પુંજી લેવું પડે. (હાલ તો એ લુંછણિયાને સહેજ ખંખેરી લેવાનો વ્યવહાર ચાલે છે.)

હવે એ રીતે પુંજવામાં કે ખંખેરવામાં ય ગોટા વાળે, એક બાજુ જ પુંજે, બીજી બાજુ ન પુંજે કે ખંખેરતી વખતે જોરજોરથી ખંખેરે અથવા તો એટલું ધીમે ખંખેરે કે લુંછણિયાના બધા ભાગ ઉપર એની અસર જ ન પહોંચે..... આ બધી પ્રમાર્જનાની અવિધિઓ છે.

વળી એ લુંછણિયું પણ ચોક્ખા પ્રકાશમાં જુએ તો સુપ્રતિલેખન બને. બાકી અંધારીયા જેવા ઓરડામાં લુંછણિયું જુએ તો એ દુષ્પ્રતિલેખન જ કહેવાય.

(ખ) જ્યાં વધુ પ્રકાશ આવતો હોય ત્યાં જઈને ઘડો જોવાને બદલે, મંદ પ્રકાશવાળા સ્થાને ઘડો જુએ તો દુષ્પ્રતિલેખન ગણાય. તથા ઘડાની અંદર તળીયાનો ભાગ તો હજી સ્પષ્ટ દેખાય પણ એના ગળાના ભાગથી નીચેનો ભાગ વગેરે સ્થાને ધ્યાનથી જોવા માટે ઘડો ઉંચો-

નીચો , આડો-અવળો કરવો જ પડે. એ સિવાય એ સ્થાનો સ્પષ્ટ ન દેખાય. એટલે જ માત્ર તળીયું વગેરે ઉપરછલ્લી દૃષ્ટિથી જોઈ લેવામાં તો દુષ્પ્રતિલેખન દોષ લાગે.

કેટલાકો વળી પુંજણી ઘડાના અંદરના ભાગોને અડાડીને ઘડો ઉંધો કરીને ખંખેરવાને બદલે માત્ર એના પેટના ખાલી ભાગમાં પુંજણી હલાવી ૨૫ બોલ બોલી દે છે.

જો કદાચ તેઓ એવું માગતા હોય કે "આ ૨૫ બોલ એવો મંત્ર છે કે એ જે વસ્તુ પર બોલવામાં આવે, તેમાંથી બધા જીવો એની મેળે ભાગી જાય." તો આ તેમની ભ્રમણા છે. મહત્ત્વ ૨૫ બોલ કરતાય પ્રતિલેખન-પ્રમાર્જનનું વધારે છે. એના બદલે અહીં તો બોલ જ મુખ્ય બની ગયા. જોવું-પ્રમાર્જવું તો ગૌણ બની ગયું.

(ગ) આજ હાલત વસ્ત્રોના પ્રતિલેખનમાં પણ ઉભી થઈ છે. જેઓ અંધારામાં જ પડિલેહણ કરે છે. તેઓ પ્રતિલેખન શબ્દનો અર્થ જ કંઈક ઉંધો કરતા લાગે છે. ધ્યાનથી જોવું એ પ્રતિલેખન છે. અને અંધારામાં ધ્યાનથી જોવું એ શક્ય ક્યા છે ? "મેં અંધારામાં પ્રતિલેખન કર્યું" એ શબ્દનો અર્થ એવો થાય કે "મેં અંધારામાં વસ્ત્રના બધા ભાગો ધ્યાનથી જોઈ લીધા."

આ વાક્ય મૃષાવાદ ન કહેવાય ?

એટલે અંધારામાં કે આછા પ્રકાશમાં વસ્ત્રોનું પડિલેહણ એ દુષ્પ્રતિલેખન જ ગણાય. આશ્ચર્ય છે કે કોઈક સંયમી ૨૫ બોલ બોલ્યા વિના પડિલેહણ કરે તો બીજા સંયમીઓ એને ખખડાવે કે "અલા ! બોલ વિના પડિલેહણ કરાતું હશે ? તારું પડિલેહણ રદ ગણાય. અમે ફરીથી પડિલેહણ કરશું."

પરંતુ એ બોલ કરતાં ય વધારે મહત્ત્વની જે "વસ્ત્રોના દરેક ભાગો ઉપયોગપૂર્વક નીરખવા" રૂપ ક્રિયા છે, તે ન કરનારાઓને કોઈ કશું કહેતું નથી. રે ! મોઢું પાછળ, આજુ બાજુમાં હોય અને આગળ હાથ વડે વસ્ત્રનું પ્રતિલેખન કરાય, આંખ કંઈક બીજુ જ જોતી હોય, છતાં હાથમાં ધડાધડ વસ્ત્રો ફરતા જાય..... આ બધી જ અવિધિઓ છે.

અત્યારે દરેક દરેક વસ્ત્રો પ્રત્યેક ભાગ ધ્યાનથી જોવા પૂર્વક પ્રતિલેખન કરનારા મહાસંયમીઓના દર્શન ખરેખર દુર્લભ થઈ ગયા છે. નૂતન દીક્ષિતો પણ જુનાઓની અવિધિ, ઉતાવળ વગેરે જોઈ એજ પ્રમાણે ઘડાતા જાય છે. પ્રતિલેખનની મહત્ત્વની શરતો જેમાં પુરી જ નથી થતી એને જ જાણે કે આજે પ્રતિલેખન તરીકે ઓળખાવાય છે.

શું એવું નથી લાગતું ? કે કાં તો બધું વિધિસર કરવાનું શરૂ કરી પ્રતિલેખન નામ સાર્થક કરવું અને નહિ તો પછી પ્રતિલેખન નામ બદલી ધડાધડી, ઝાટકણી, ફેરબદલી એવા કોઈ

નામ આપી દેવા જોઈએ. શું કરવું ? એ તો સંયમીઓ જાતે જ નક્કી કરે.

સાર એટલો જ કે (૧) અજવાળામાં (૨) ઉપયોગપૂર્વક (૩) વસ્તુના તમામ ભાગોને બરાબર જોવા. આ બધી પ્રતિલેખનની વિધિ છે. એમાં જે કંઈપણ ઓછાશ થાય તે બધુ દુષ્પ્રતિલેખન ગણાય.

તથા (૧) વસ્તુના બધા ભાગોને ઓઘો અડે એ રીતે (૨) ઓઘો ધીમેથી જ અડે પણ ઘસારો લાગે એ રીતે નહિ....આમ, જે પ્રમાર્જન કરાય એ વિધિપ્રમાર્જન છે. એ સિવાય બધું જ અવિધિપ્રમાર્જન ગણાય.

(આ સામાન્યથી જાણવું. બાકી તો તે તે વસ્તુ પ્રમાણે તે તે વિધિ જુદી જુદી પણ થાય.)

**દુષ્પ્રતિલેખન+સુપ્રમાર્જન :** ઉપરછલ્લો દૃષ્ટિપાત કરી વિધિપૂર્વક પુંજે ત્યારે આ દોષ લાગે. ધ્યાનથી ન જુએ અથવા અંધારામાં કે આછા પ્રકાશમાં જુએ તો કાચું પાણી, નિગોદ, સચિત્ત માટી, વનસ્પતિના અંકુરા વગેરે ન દેખાય અને પછી બરાબર ઓઘો કે દંડાસન ફેરવે તો એ બધા જ જીવોની વિરાધના થવાની જ.

એટલે દૃષ્ટિપ્રતિલેખન જો બરાબર ન કરવામાં આવે તો ઘણા દોષો લાગે.

ચોમાસામાં કેટલાય સંયમીઓના દાંડા-વસ્ત્રો-ઝોળી-પલ્લા ઉપર નિગોદ થતી હોય છે. એ પરખવી ખૂબજ મુશ્કેલ છે. કાળા રંગના આછા આછા છાંટા કપડા પર લાગેલા હોય છે. શરીરનો મેલ, દાળ-શાકનો ડાઘ અને વાતાવરણનો ભેજ એ ભેગા મળે એટલે નિગોદ ઉત્પન્ન થાય.

હવે જેઓને આ નિગોદની ઓળખાણ નથી તેઓ તો વસ્ત્રાદિને ધ્યાનથી જુએ તોય એ નિગોદને ઓળખી જ શકતા ન હોવાથી એમને તો એની વિરાધના થયા જ કરવાની.

પણ કેટલાક સંયમી એવા છે કે આવી નિગોદને ઓળખે છે, જાણે છે છતાં એમનો પ્રતિલેખનમાં ઉપયોગ જ ન હોવાથી પાંચ - દસ દિવસ થાય તોય એમને પોતાની ઉપધિની નિગોદ ન દેખાય અને એટલે ઉપધિનો વપરાશ ચાલુ રાખે. નિગોદની વિરાધના થયા કરે.

જ્યારે કોઈ બીજો સાધુ એને ઉપધિમાં નિગોદ દેખાડે ત્યારે એને ભાન આવે અને પછી એ વસ્ત્રોને છોડી બીજા વસ્ત્રો વાપરે.

પણ દુષ્પ્રતિલેખનના કારણે ત્યાં સુધીમાં તો પાંચ-છ દિનની વિરાધના થઈ જ ગઈ ને?

**સુપ્રતિલેખન-દુષ્પ્રમાર્જન :** બધું બરાબર ધ્યાનથી જુએ પણ પ્રમાર્જન કરવામાં અવિધિ કરે ત્યારે આ ભાંગો લાગે. આમાં ગમે એટલું ધ્યાનથી જોવા છતાંય જે ઝીણાં જંતુઓ ન દેખાયા હોય એ બધાની વિરાધના થાય, કેમકે પ્રમાર્જન વિધિસર કર્યું નથી.

(ક) આસન પાથરતી વખતે જુએ તો ખરાં, પણ પછી ઓઘો હવામાં જ ફેરવી =જમીનને લગાડ્યા વિના જ ફેરવી આસન પાથરી દે.

(ખ) બારી-બારણા ખોલ બંધ કરતી વખતે પણ કેટલાકો મોરપીંછી અધ્ધર ફેરવનારા મુલ્લાઓની જેમ હવામાં જ ઓઘો ફેરવે.

(ગ) બારણું ખોલતી વખતે આંગળો તો પુંજે પણ બારણા અને ભીંત વચ્ચે જે સાંધાનો ભાગ હોય કે બારણું ખોલતા જેનો ખીલો વગેરે હલવાના હોય, એ ન પુંજે તો એય અવિધિ જ છે.

(ઘ) બારીના સાંધાના દરેકે દરેક ખૂણા બરાબર પુંજવા જ જોઈએ. નાનકડા જીવો તો ગમે ત્યાં રહ્યા હોય. અધકચરો ભાગ પુંજવામાં મિથ્યા આત્મસંતોષ થાય કે "મેં પૂંજ્યું" એ સિવાય બીજો કોઈ વિશેષ લાભ થતો નથી.

આમ કુલ છ ભાંગાઓમાં દોષો લાગે છે માટે સંયમીએ સુપ્રતિલેખન+સુપ્રમાર્જન નામનો સાતમો ભાંગો જ આદરવો જોઈએ.

**શિષ્ય :** જિનશાસન તો ઉત્સર્ગ-અપવાદમય છે. ઉત્સર્ગ માર્ગે આ તમારી વાત બરાબર છે. પણ આમાંય અપવાદ તો હશે જ ને ?

**ગુરુ :** આમ તો સમિતિ પણ અપવાદ જ છે. પણ એમાં ય અપવાદ હોઈ શકે છે. હા ! અપવાદનું નિરૂપણ અત્યંત સુપાત્ર-પરિણત આત્માને જ કરવામાં આવે છે. એટલે જાહેરમાં એનું નિરૂપણ કરવું ઉચિત નથી. છતાં જે પ્રસિદ્ધ અપવાદ છે એ તને જણાવી દઉં.

વિહારમાં આપણે નીચે જોઈ જોઈને જ ચાલીએ છીએ, પણ તે દરેક જગ્યા ઓઘા-દંડાસનથી પુંજતા પુંજતા નથી ચાલતા. એટલે ત્યાં માત્ર પ્રતિલેખન કરીને જ પગ મૂકવાની ક્રિયા કરાય છે. પ્રમાર્જન કરાતું નથી. શાસ્ત્રકારોએ જ ત્યાં પ્રતિલેખન જ કરવાનું વિધાન કરેલ છે. એટલે આ એક પ્રકારનો અપવાદ જ છે.

એમ રાત્રિના સમયે અંધારામાં તો કંઈ દેખાતું જ ન હોય એટલે ત્યારે પ્રતિલેખન કરવું શક્ય નથી. એટલે રાત્રે બારી-બારણા ખોલવા કે બંધ કરવા, આસન પાથરીને બેસવું, પાટ ઉપર કે જમીન ઉપર સંથારો પાથરવો, માત્રુ કરવા જવું.... વગેરે તમામ ક્રિયાઓ પ્રતિલેખન વિના એકમાત્ર પ્રમાર્જનથી જ કરીએ છીએ. ત્યાં પ્રતિલેખન કરવું શક્ય જ નથી.

એટલે આ પણ એક પ્રકારનો અપવાદ જ છે.

હવે જ્યારે વિહારાદિમાં માત્ર પ્રતિલેખન જ કરવાનું હોય ત્યારે તો જીવદયાપ્રેમી સંયમીએ વધુ એકાગ્ર, વધુ ઉપયોગવંત બનીને જ જવું જોઈએ ને ?

એમ રાત્રે જ્યારે પ્રતિલેખન વિના માત્ર પ્રમાર્જન જ કરવાનું હોય ત્યારે પણ જીવદયા પ્રેમી સાધુ વિધિસર, બરાબર જ પ્રમાર્જન કરે ને ?

**શિષ્ય :** પણ આ સમિતિ શું એટલી બધી મહત્ત્વની છે ? કે એના માટે તમે આટલું લાંબુ વર્ણન કરો છો ?

**ગુરુ :** (૧૦૦)એક સાધુ ચારિત્રપાલન માટે ગુરુની રજા લઈને બીજા ગચ્છમાં ગયો, અને તે આચાર્યની નિશ્રા સ્વીકારી ભણવા માટે રોકાયો. પણ એણે થોડા દિવસમાં જ જોઈ લીધું કે એ ગચ્છના સાધુઓ ગોચરી-સ્થંડિલ જતી વખતે દાંડો પુંજ્યા વિના જ ઉપાડતા હતા અને ત્યાંથી આવીને પણ ભીંત, જમીન, દાંડાના બે ભાગ પૂંજ્યા વિના જ મૂકતા હતા.

આ આગંતુક સંયમી એ ગચ્છના આચાર્ય પાસે ગયો. "સાહેબ ! તમારા સાધુઓ દાંડો લેતી મૂકતી વખતે પડિલેહણ-પ્રમાર્જન કરતા નથી. આ અસંયમ ન ચલાવાય. આપ એમને સન્માર્ગે વાળો."

આમ વાતચીત થવા છતાંય બીજા ચાર-પાંચ દિવસ પણ આગંતુક સાધુએ જોયું કે સાધુઓ પ્રતિલેખન, પ્રમાર્જન વિના દાંડો લે છે. એણે બીજીવાર આચાર્યશ્રીને ટકોર કરી. એમ ત્રીજીવાર ટકોર કરી.

આમ ઘણીવાર ટકોર કરવા છતાં ન તો એ આચાર્યશ્રીએ શિષ્યોને આ બાબતમાં ચેતવ્યા કે (ચેતવ્યા હોય તોય) ન તો એ સંયમીઓના અસંયમમાં કોઈ ફેરફાર થયો.

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે આગંતુક સંયમીએ આવા ગચ્છમાં રહેવું નહિ. કેમકે આવા સાધુઓ સાથે રહેવામાં એનું પોતાનું સંયમ પણ જોખમમાં મૂકાય.

જો પ્રતિલેખન-પ્રમાર્જન વિના જ દાંડો લે-મૂક કરવાનાં શિથિલાચારને કારણે એ આખો ગચ્છ ત્યાજ્ય-હેય બની જતો હોય તો એના પરથી સમજી શકાય છે કે પ્રતિલેખન-પ્રમાર્જન એ કંઈ નાનોસૂનો આચાર નથી. એ અતિમહત્ત્વનો, અત્યંત આવશ્યક આચાર છે.

માત્ર દાંડા માટે નહિ, કોઈપણ વસ્તુની લે-મૂકમાં આ આદાનસમિતિનું સમ્યક્ પાલન ન કરનારા ગચ્છનો ત્યાગ કરવાનું શાસ્ત્રોમાં ફરમાવેલું છે.

(૧૦૧) રે ! ઉપદેશપદવૃત્તિમાં તો આ અષ્ટમાતાને મહાવ્રતસ્વરૂપ કહી છે. અને મહાવ્રતોનું મહત્ત્વ તો અપરંપાર છે જ.

"આ તો બધી ચોથા આરાની વાતો છે અત્યારે આ બધી વાતો કરવાનો કશો અર્થ નથી. પ્રેક્ટીકલ વાતો કરવી જોઈએ. આ બધી બાબતો આદર્શ તરીકે ઠીક છે. બાકી એનો કશો ઉપયોગ નથી." આવા વચનો ઉચ્ચારનારાઓ પણ કો'ક મળશે. પણ એને કોણ સમજાવે

કે આ પાદપોપગમન અનશન કરવાની, માસક્ષપણના પારણે માસક્ષપણ કરવાની, વિગઈનું એક ટીપું પણ ન વાપરવાની વાત અમે ક્યાં કરી છે ? આ બતાવેલી સમિતિ તો આ કાળમાં ય સરળતાથી પાળી શકાય એવી જ છે. એને સંઘયણની નબળાઈ પ્રતિબંધક બનતી નથી.

હા ! આપણા પ્રમાદ, સુખશીલતા, અનાદિ ચાલ, સંયમમાં રસનો અભાવ વગેરે દોષોને કારણે આ સમિતિનું પાલન આપણને દુર્લભ લાગે તો એ આપણો દોષ છે. આ કાળનો કે આ સંઘયણનો શો દોષ ?

વળી આ બધી વિધિ ચોથા આરાની કહી આ કાળમાં એનાથી વિપરીત કરાતા અવિધિ-આચરણને ચલાવી લેવાની વાત કરનારાઓને સામે મહામહોપાધ્યાયજીએ લાલઆંખ કરી છે હોં !

સાંભળો તેઓશ્રીના શબ્દો !

**કલિકાલમાં જેમ વિષ મારે, અવિધિદોષ તિમ લાગે. એમ (૧૦૨)ઉપદેશપદાદિક દેખી વિધિરસીયો જન જાગે.**

જેમ ઝેર ચોથા આરાના માણસને ય મારે અને પાંચમાં આરાના માણસને ય મારે. 'આ પાંચમાં આરાનો છે' એમ સમજી ઝેર એને મારવાનું બંધ કરી દેતું નથી. એ જ રીતે અવિધિ સેવન ચોથા આરાના સાધુને પણ દોષ લગાડે અને પાંચમા આરાના સાધુને પણ દોષ તો લગાડે જ. "આ બિચારો પાંચમા આરામાં જન્મ્યો છે, માફી આપી દો એને !" એમ અવિધિ દોષ પાંચમાં આરાવાળાને માફી આપતો નથી.

હા ! શક્તિ જ ન હોવાથી જો વિધિપાલન ન થાય, તો પરિણામ નિર્મળ હોવાથી, પ્રમાદ-સુખશીલતા ન હોવાથી દોષ ન લાગે. પણ "આ સમિતિ પાળવાની વર્તમાન સંયમીઓમાં અશક્તિ છે." એવું તો કોણ કહી શકે ? (૧) જેને બેય હાથે લકવો થઈ ગયો હોય (૨) અતિશયવૃદ્ધત્ત્વને લીધે જેઓ હાથ ઉંચા જ કરી શકતા ન હોય કે જેમના હાથ ધ્રુજતા હોય. (૩) મોટા તપમાં ખૂબ અશક્તિ આવી જવાથી હાથ ઉંચા કરી શકાતા ન હોય. ઓઘો ઉપાડી શકાતો ન હોય.... આવા મહાત્માઓ આ સમિતિ ન પાળે તો કર્મસત્તા એમને માફી આપે.

પણ આવા મહાત્મા આંગળીના વેઢા ગણાય એટલા ય ખરા ? જો ના ! તો એનો અર્થ એ જ થયો કે આ સમિતિ સમ્યક્ રીતે ન પાળનારા સંયમીઓ અશક્તિના કારણે નહિ, પરંતુ (૧૦૩)પ્રાયઃ અજ્ઞાન, પ્રમાદ, સુખશીલતાદિના કારણે જ આ સમિતિ પાળતા નથી.

એટલે આ સમિતિને નાની-સૂની માનવાની ભુલ ભુલમાં ય ન કરીશ.

એક વાત કહી દઉં કે જ્યારે સુપ્રતિલેખન, સુપ્રમાર્જન નામનો ભાંગો જ નિર્દોષ છે ત્યારે સાધુની તમામ ઉપધિ એવી જ હોવી જોઈએ કે એનું સુપ્રતિલેખન, સુપ્રમાર્જન શક્ય હોય. જો ઉપધિ જ એવી હોય કે એનું સુપ્રતિલેખન, સુપ્રમાર્જન થઈ જ ન શકે, તો તો પછી આ સમિતિ તે ઉપધિ વિશે તો નહિ જ પાળી શકાય.

એટલે આ સમિતિ પાળવાની ભાવના હોય તો સૌપ્રથમ તો સંયમીઓએ આજ નક્કી કરવું પડશે કે "સુપ્રતિલેખન, સુપ્રમાર્જન જેમાં શક્ય હોય એવી જ ઉપધિ રાખીશ."

આપણી એવી અનેક ઉપધિઓ છે કે જેમાં આ બેય કપરા છે.

(ક) પુસ્તકાદિ મૂકવા માટેના પાકીટો-તેના ખાનાઓ એ બધાનું વ્યવસ્થિત પ્રતિલેખન શક્ય જ નથી. એના સાંધાના અંદરના ભાગો, ખૂણાના ભાગો, ખાનાની અંદરના ભાગો વગેરે જોઈ શકાતા નથી.

જે કંઈ દેખી શકાય છે એય ઓઘા વગેરે દ્વારા બરાબર પુંજવું અઘરું છે. એ નાના ખાનાદિમાં ઓઘા-પુંજણી ય માંડ માંડ ઘુસતા હોય છે.

(ખ) ઘડાનો રંગ અને ઘડાનો આકાર એવા છે કે એમાંય બરાબર જોવું અને બરાબર પુંજવું અત્યંત કપરું છે. મોટા મોઢાવાળા લોટ-તુંબડા કે મોટા પાતરામાં જે રીતે પ્રતિલેખન-પ્રમાર્જન સરળતાથી સારી રીતે થઈ શકે છે, એવું ઘડામાં નથી જ થતું.

(ગ) પુસ્તકો ય ભયંકર વિરાધનાનું કારણ છે. (૧૦૪)અતિપ્રાચીનકાળમાં તો સંયમીઓ મોઢે મોઢે જ ભણતા હોવાથી પ્રતો કે પુસ્તકો કશું જ ન રાખતા. પડતા કાળમાં પછી પ્રતો શરુ થઈ. પણ પ્રતોના દરેક પાના છુટા હોવાથી, પ્રતો સાંધ્યા વિનાની હોવાથી એને પુંજવી જોવી શક્ય છે. એક એક પાનું જોઈ અને પુંજીને લઈએ, વાંચ્યા બાદ જોઈ અને પુંજીને મૂકીએ, વળી બીજું પાનું એજ રીતે લે-મૂક કરીએ એ બધું જ પ્રતમાં શક્ય હતું. જ્યારે પુસ્તકો તો સાંધાવાળા ચોંટાડેલા હોય છે. એટલે પાનાના ઉપરના ભાગો દેખાય-પૂંજાય. પણ પુંઠા અને પાનાની વચ્ચેના કાણામાં, સાંધાના ભાગોમાં રહેલા અતિ ઝીણા જીવો ન તો દેખાય કે ન તો એને પુંજવા શક્ય બને. એ સાંધાદિમાં નિગોદ કે ફુગ થઈ જાય તો ય ખબર ન પડે.

(ઘ) કપડા કે પ્લાસ્ટીકના આડા-ઉભા પટ્ટાવાળી ખુરશીઓ પણ કેટલાકો વાપરે છે. એમાંય એના બધા જ અવયવો જોવા કે પુંજવા શક્ય હોતા જ નથી. રે ! અત્યારે બધે જ દેખાતી પ્લાસ્ટીકની ખુરશીઓ પણ પાયાના અમુક ભાગમાં દુષ્પ્રતિલેખ્યં અને દુષ્પ્રમાર્જ્ય જ છે. એ કાણા જેવા ભાગો બરાબર જોઈ શકાતા ય નથી કે દેખાય તો પુંજવા તો ખૂબ જ ભારે

છે. (એ ખુરશીની પ્રતિલેખના કરનારા સંયમી આખી ખુરશી ઉંધી કરી પાયાની નીચેના ચાર પાયા જુએ છે કે કેમ ? એ પછીની વાત છે.)

(ચ) વળેલી ધારવાળા પ્લાસ્ટીકના પ્યાલાઓમાં એ વળેલી ધારનો ઉંડો ભાગ બરાબર દેખાતો નથી. કદાચ દેખાય તોય તે બધા ભાગ પુંજવા તો ખૂબજ કપરા પડે. ઘણીવાર માત્રુ કર્યા બાદ એ ભાગો ભીના થયા હોય તો એને લુંછીને કોરા કરવામાં ખૂબ જ કાળજીની જરૂર પડતી હોય છે. એ જ દર્શાવે છે કે એ સુપ્રતિલેખ્યાદિ સ્વરૂપ નથી.

(છ) ચેનવાળી કોઈપણ વસ્તુઓ આ દોષવાળી હોય. એક તો ચેનના અત્યંત ઝીણા બેય બાજુના ભાગો-તિરાડો ધ્યાનથી જોવી કે પ્રમાર્જવી અઘરી જ છે. માટે જ એ ચેન ખોલ બંધ કરવામાં ઘણીવાર કીડી વગેરેની હિંસા થાય છે.

બીજું એ કે ચેનવાળી વસ્તુ એટલે કે બે પડ ભેગા કરેલી વસ્તુ. સંયમીઓનું કોઈપણ વસ્ત્ર સામાન્યથી બે પડ ભેગા કરેલું, ખાના ટાઈપનું ન હોય. (ગાઢ કારણસર જુદી વાત છે) કેમકે એના અંદરના ખૂણાના ભાગો વગેરેનું પ્રતિલેખન-પ્રમાર્જન દુષ્કર જ હોય છે.

(જ) પ્લાસ્ટીક કે એલ્યુમિનિયમની ડોલોમાં ય આ સમિતિનું પાલન કપરુ બની રહે છે. એલ્યુમિનિયમની ડોલોમાં તો અંદર અને સૌથી નીચેના ભાગની ધારના કાણાઓમાં ય પાણી ઘુસી જતું હોય છે. એમાં ઝીણાં જંતુઓ ફસાયા હોય તોય દેખાય નહિ કે એ સ્થાને ઓઘો ય ઘુસે નહિ.

એમ પ્લાસ્ટીકની ડોલોમાં ય વળેલી ધાર, ડોલ પકડવાના હેંડલના બે બાજુનાં કાણાઓ, સૌથી નીચેના ભાગોના ખાંચાઓ... આ બધામાં પાણી ભરાઈ જવું, જીવો ભરાઈ જવા વગેરે શક્યતાઓ નકારી શકાતી નથી. (હા ! વર્ષોથી આજ વસ્તુઓ વાપરીએ છીએ, અને આ જ ફાવે છે, એટલે અણફાવટ ઉભી ન થાય તે માટે આ વસ્તુ ન ત્યાગવા મન બળવો કરે અને એટલે મન આ બધા દોષોનો ઈન્કાર કરે, બહાના કાઢે એ જુદી વાત.)

આવી નાની-મોટી અનેક વસ્તુઓ છે કે જેમાં આ સમિતિ પાળવાની ગમે તેટલી ઈચ્છા હોય તો ય સંપૂર્ણ શુદ્ધ તો પાળી ન જ શકાય.

વળી અંદર કે બહાર નહિ, પણ ડાબે જમણી બાજુ ખસાડીને ખોલાય એવી કાચની બારીઓ, જાળી કે સળીયાવાળી બારીમાં બહારની તરફ ખુલતી તથા જાળીમાંથી હાથ બહાર કાઢી ઓઘાથી માંડ પુંજી શકાય તેવા પ્રકારની બારીઓ, સ્ટોપરો-સ્ટોપરોના કાણાંઓ, તાળું, તાળાના કાણાઓ, આંગળો અને આંગળાના કાણા, વચ્ચે વચ્ચે તીરાડવાળી પાટો, જેનું સન્માઈકા થોડુંક ઉખડી ગયું હોય એવા ટેબલો કે એવી પાટો... આ બધા પણ એવાં સાધનો

છે કે જેમાં સંયમી ઈચ્છે તોય સંપૂર્ણ શુદ્ધ રીતે આ સમિતિપાલન પ્રાયઃ ન જ કરી શકે.

એટલે સૌ પ્રથમ તો જેટલી આવી વસ્તુઓ આપણે કાઢી નાંખવા સમર્થ હોઈએ, એ બધી કાઢી જ નાંખવી. દા.ત. સીવેલા થેલાને બદલે કોથળી, ચેનવાળા થેલાઓને બદલે ખુલ્લા કપડાના પોટલા, વળેલી ધારવાળા પ્યાલાને બદલે સહજ રીતે લુંછી શકાય એવા પ્યાલા, ડોલોને બદલે તપેલા....

હવે જે વસ્તુ છોડવી શક્ય જ ન હોય દા.ત. પુસ્તકો, સંઘે જ ઉપાશ્રયમાં નંખાવેલી બારીઓ... વગેરે. ત્યાં જેટલું શક્ય હોય એટલો પ્રતિલેખન-પ્રમાર્જન કરવાનો પ્રયત્ન કરવો. એમ કરતા જે કંઈક થોડીક ભુલો રહી જશે, તેનો દોષ ઘણો ઓછો લાગશે, કેમકે મનના પરિણામમાં જયણાભાવ-યતનાભાવ પડેલો છે.

અલબત્ત આ કાળમાં બકુશ-કુશીલ ચારિત્ર જ છે. અર્થાત્ અતિચારોથી ખરડાયેલું જ ચારિત્ર છે. એટલે અતિશુદ્ધ આ સમિતિ કોણ પાળશે ? એ મોટો પ્રશ્ન છે.

છતાં આ પદાર્થ જણાવવા પાછળનો મુખ્ય આશય એ છે કે

(૧) શાસ્ત્રીયસંયમ હકીકતમાં શું છે ? એનો બોધ થાય.

(૨) આ બોધ હોય તો પછી પોતાના વડે પળાતી અધકચરી ન્યૂન સમિતિમાં જ જાતને કૃતકૃત્ય માની લેવાની ભુલ ન થાય. અર્થાત્ આ સમિતિના બોધ વિનાના કેટલાક સંયમીઓને પોતાની પ્રતિલેખન પ્રમાર્જનની ક્રિયાનો અહંકાર પણ હોય કે "હું તો આ સમિતિ બરાબર પાળુ છું." પણ આ સ્પષ્ટ બોધ થયા બાદ આ અહંકાર ઓગળી જાય.

(૩) અત્યારે નબળી સમિતિ પાળનારાને પણ લક્ષ્ય=આદર્શ તો કાયમ બની રહે કે "મારે આ જીવન જીવવાનું છે" અને એ સમિતિના સમ્યક્પાલકોને ભાવભરી વંદના કરવાના અધ્યવસાયો જાગે.

આપણાથી આટલી ઉંચી કક્ષાની સમિતિ ન પાળી શકાય તો કમસેકમ એ આદર્શ તરીકે રાખીને કેટલાક આચારો તો પાળીએ.

(૧) કોઈપણ બારી-બારણા ખોલતા કે બંધ કરતા તેના તમામે તમામ સાંધાઓ બરાબર જોઈને પુંજવા.

(૨) પાટ-પાટલા ખસેડતી વખતે નીચેની જમીન ખાસ જોઈ પુંજી લેવી.

(૩) અભ્યાસ માટેનું ટેબલ કે પગ હલાવતી વખતે ઓઘાથી નીચેના પાયાની જગ્યાઓ પુંજી લેવી.

(૪) સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી દંડાસનનો બરાબર ઉપયોગ કરવો. દંડાસનની દશી

એટલી ઓછી ન રાખવી કે દશીઓ સાથે દંડાસનની દાંડી પણ જમીનને સ્પર્શે. અને દિવસે પણ અંધારિયા સ્થાનમાં ઓઘા કે દંડાસનથી પુંજીને જ ચાલવું. દંડાસન હવામાં જ હલતું ન રહે તે ધ્યાન રાખવું.

(૫) ઓઘાની દશીઓ પણ વધારે રાખવી કે જેથી પુંજતી વખતે ઓઘાની દાંડી તે તે સ્થાને ન અડે. માત્ર દશી જ અડે.

(૬) પાત્રા-ઝોળી-પલ્લાના પ્રતિલેખન ખાસ ઉપયોગપૂર્વક કરવા. ભોજનની સુગંધથી તેમાં કીડી વગેરે ફસાઈ જવાની શક્યતા વધારે રહે છે.

(૭) નીચે જમીનને પુંજી-પ્રમાર્જીને જ આસન પાથરવું અને એના ઉપર બેસતી વખતે આસનાદિ પણ પ્રમાર્જ્યા પછી જ ત્યાં બેસવું. આસન ઉપરથી ઉભા થઈ એકાદ અડધી મિનિટ માટે પણ બીજે જઈએ અને પાછા આવીએ તો ફરી આસન ઉંચકી જમીન પુંજી પછી એ જગ્યાએ આસન પાથરી બેસવું.

આવી અનેક યતનાઓ સંયમીઓ જીવનમાં ઉતારી દે એવી અપેક્ષા છે. ચાલો, અંતે આ સમિતિપાલકોના દૃષ્ટાન્તો જોઈ એમની અનુમોદના કરીએ.

(૧૦૫)(૧) એક સાધુએ એવી બાધા લીધી કે "ગચ્છમો કોઈપણ સાધુ બહાર જાય ત્યારે મારે એ સાધુને દાંડો આપવો અને કોઈપણ સાધુ બહારથી આવે ત્યારે મારે એનો દાંડો લઈ બરાબર જોઈ-પ્રમાર્જીને મૂકવો."

એ ગચ્છમાં ૫૦૦ સાધુઓ હતા. એટલે સવારથી જ કો'ક ઠલ્લે, જાય, કો'ક ગોચરી જાય. એમ અવરજવર ચાલ્યા જ કરતી અને આ મહાત્મા લેશ પણ કંટાળ્યા વિના એ ૫૦૦ ય સાધુઓને દાંડા આપવા, લેવા, વિધિસર મુકવા વગેરે કરતા.

(૨) કવિકુલકીરિટ તરીકે પ્રસિદ્ધિ પામેલા પૂજ્યપાદ આચાર્યદેવ બપોરે આરામ કરીને ઉઠે કે તરત મુહપત્તી હાથમાં લઈ ઓઘો પુંજે, ઓઘો હાથમાં લઈ (જો ચશ્મા પહેરવા હોય તો) ચશ્માનું બોક્ષ પુંજી બોક્સ ખોલે, પછી ચશ્માને ઓઘાથી પુંજી ચશ્મા હાથમાં લે, પછી મુહપત્તીથી દાંડીના સાંધાના ભાગો પુંજી દાંડી ખોલે અને પછી કાનના ભાગ મુહપત્તી વગેરેથી પુંજી ચશ્મા પહેરે.

આ કોઈ અતિશયોક્તિ નથી. પરંતુ બપોરના સમયે એમને મળવા ગયેલા એક મહાત્માએ પોતાની નજરોનજર જોયેલી આ વિશિષ્ટ ઘટના છે. અને આ ક્રિયા પણ દેખાડા રૂપ, કષ્ટરૂપ નહિ પણ તદ્દન સ્વાભાવિક હતી એવું જોનારા મહાત્માને સ્પષ્ટ લાગ્યું.

(૩) એક મુનિરાજ પોતાને વંદન કરનારા નાના સાધુઓના હાથ કે મસ્તક ઉપર પુંજ્યા

બાદ જ હાથ મૂકે છે. એટલું જ નહિ, પરંતુ પુસ્તક લેતી-મૂકતી વખતે પણ પુંજણી વગેરેથી પુંજવાનું કદિ ચૂકતા નથી.

(૪) એક સ્વર્ગસ્થ આચાર્યદેવ કાયમ માટે પોતાની પાસે એક નાનકડું મોરપીંછ રાખતા, પ્રતો કે પુસ્તકો વાંચતી વખતે એ મોરપીંછથી જ પુંજી પુંજીને પાનાઓ ખોલબંધ કરતા.

(૫) કીડીના નગરાવાળા એક સ્થાનમાં કાપની ડોલનું પાણી બરાબર જોઈ જોઈને પરઠવતા એક મહાત્માને પાકો એક કલાક થયો. પણ એ થાક્યા-કંટાળ્યા નહિ. એક સાથે બધું પાણી ઢોળી દેવાની નિષ્ઠુરતા ય દાખવી નહિ. બરાબર એક કલાક સુધી જમીન જોઈ જોઈને એમણે આખી ડોલ પરઠવી.

અનંતાનંત વંદન હો, વિષમકાળ રૂપી નાગરાજના મસ્તકે મણિસમ શોભતા આ મુનિરત્નોને !


ખ્યાલ રાખવો કે આ આદાનસમિતિ પણ અપવાદમાર્ગ છે. અર્થાત્ જયારે પુષ્ટ કારણસર કોઈ વસ્તુ લેવી-મૂકવી પડે, બારી-બારણા ખોલવા પડે એ અપવાદ છે, તે વખતે સમિતિ પાળવાની છે. એટલે જેઓ કારણ વિના બારી ખોલબંધ કરે કે વસ્તુ લે-મૂક કરે તેઓ એ વખતે આ આખી સમિતિ બરાબર પાળે તો ય, એ અપવાદમાર્ગ રૂપ બનતી નથી. દા.ત. "બંધ બારીની બહાર શું છે ?" એવા કુતૂહલ માત્રથી પ્રેરાઈને કોઈ સંયમી આ સમિતિ બરાબર પાળીને ખોલે. ઉપાશ્રયની જે રૂમનો સંયમીને કોઈ ઉપયોગ ન હોય, તે રૂમમાં ય "શું પડ્યું છે ?" એવી કુતુહલવૃત્તિથી આ સમિતિ પાળીને એનું બારણું ખોલે. છાપાઓ, મેગેઝીનો વગેરેને આ સમિતિ પાળવાપૂર્વક અગીતાર્થ સંયમી હાથમાં લે કે આ સમિતિ પાળવાપૂર્વક મૂકે. માત્ર શાસ્ત્રાભ્યાસમાં જ લીન બનેલા સંયમીઓ નવા આવેલા પુસ્તકને ગુરુની રજા લીધા વિના માત્ર કુતુહલવૃત્તિથી આ સમિતિ પાળવાપૂર્વક ઉપાડે કે ઉપાડીને પાછું મૂકે. રાત્રે બીજા સંયમીઓ સાથે ગપ્પા મારવા માટે, વિકથા કરવા માટે એમની પાસે સંયમી દંડાસનથી બરાબર જમીન પુંજી-પુંજીને જાય. નિષ્કારણ પુસ્તકો અને ઉપધિઓના પોટલા ભેગા કર્યા બાદ દર પક્ખિ દિવસે કે એ સિવાય પણ જરૂર પડે ત્યારે એ બધા પોટલાઓ, પુસ્તકો, ઉપધિઓ આ સમિતિ પાળવાપૂર્વક બહાર કાઢે અને પછી બરાબર આ સમિતિ પાળવાપૂર્વક અંદર મૂકે.

આવા સ્થાનો અપવાદરૂપ નથી, તેથી ત્યાં પાળેલી આ સમિતિ વિશિષ્ટ ફળદાયક બનતી નથી. પરંતુ ત્યાં પ્રાયશ્ચિત્ત લેવું જરૂરી બની જાય છે.

પૂર્વે એ વાત જોઈ જ ગયા છીએ કે નિષ્કારણ વિધિસર અપવાદ સેવવામાં આવે તોય પ્રાયશ્ચિત્ત આવે છે. એટલે પુષ્ટકારણો વિના ઉપરની બધી પ્રવૃત્તિ કરવી અને એમાં આ સમિતિ પાળવી એ નિષ્કારણ વિધિસર અપવાદ સેવવા રૂપ હોવાથી ત્યાં પણ પ્રાયશ્ચિત્ત તો આવે જ.

હા ! નિષ્કારણ અવિધિસર અપવાદ સેવવા કરતા નિષ્કારણ વિધિસર અપવાદ સેવવો ઓછો ખરાબ છે. એ દૃષ્ટિએ કોઈ આ વિકલ્પને સારો માને તો એ "ન મામા કરતા કાણો મામો સારો." ન્યાયે અસંગત નથી.

•



## ૮. પારિષ્ઠાપનિકા સમિતિ

શ્વેતાંબર કે દિગંબર, સ્થાનકવાસી કે દેરાવાસી, તપાગચ્છ કે ખરતરાદિગચ્છ, ત્રિસ્તુતિક કે ચતુઃસ્તુતિક, એકતિથિપક્ષ કે બેતિથિપક્ષ.... જૈન શ્રમણ સંસ્થાના લગભગ ૧૦,૦૦૦ જેટલા સાધુ-સાધ્વીજીઓ માટે રોજેરોજ માથાના દુઃખાવા રૂપ બની ગયેલો, ગીતાર્થોની ગીતાર્થતાને પણ પડકારતો જો કોઈ વિચિત્ર પ્રશ્ન હોય તો એ છે કે સ્થંડિલ માત્રુની પારિષ્ઠાપનિકા !

છેલ્લા ૫૦-૧૦૦ વર્ષમાં જે રીતે વિજ્ઞાનવાદ ધસમસતો ચોતરફ ફેલાયો છે, જે રીતે સંયમીઓની વિહારપદ્ધતિઓ બદલાઈ ગઈ છે, જે રીતે જૈન પ્રજા મોટા ભાગે શહેરવાસી બની છે, જે રીતે શહેરોની વસ્તી વધુને વધુ ગીચ બની રહી છે, જે રીતે ૮૦ થી ૯૦ ટકા પ્રજા સંડાસમાં જ જવા લાગી છે અને એટલે બહાર સ્થંડિલ માત્રુ જવું વગેરે ઘણું જ ઘટી ગયું છે.... એ બધી પરિસ્થિતિમાં પ્રાચીનકાળની શાસ્ત્રીય પારિષ્ઠાપનિકા સમિતિ કેવી રીતે પાળવી ? એ મેરુ જેવડો મોટો પ્રશ્ન છે.

વર્તમાનકાળમાં આ સમિતિ અંગે શું મુશ્કેલીઓ છે ? અને એના ઉપાય શું હોઈ શકે ? એ બધું જ આપણે છેલ્લે વિચારીશું.

પ્રથમ તો આ સમિતિનું શાસ્ત્રીય સ્વરૂપ શું છે ? એ જ આપણે જાણી લઈએ. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૪માં અધ્યયનમાં એમ ફરમાવે છે કે

**उच्चारं पासवणं खेलं सिंघाण जल्लियं ।**

**आहारं उवहिं देहं, अन्नं वावि तहाविहं ॥**

**અર્થ :** સ્થંડિલ + માત્રુ + કફ + શર્દી + શરીરનો મેલ + આહારાદિ + ઉપાધિ + એવી બીજી કોઈ વસ્તુ (આગળ કહેવાશે તેવા સ્થાનમાં પરઠવવી.)

**अणावायमसंलोए अणावाए चेव होइ संलोए ।**

**आवायमसंलोए आवाए चेव संलोए ॥**

**અર્થ :** (૧) અનાપાત-અસંલોક (૨) અનાપાત-સંલોક (૩) આપાત+અસંલોક (૪) આપાત+સંલોક (સ્થંડિલાદિ પરઠવવાની આ ચાર પ્રકારની ભૂમિઓ હોય. પણ એમાં પહેલી ભૂમિ જ સારી.)

**अणावायमसंलोए परस्सणुवघाइए ।**

**समे अज्झुसिरे वावि अचिरकालकयम्मि य ॥**

**विच्छिन्ने दूरमोगाढे णासन्ने बिलवज्जिए ।**
**तसपाणबीयरहिए उच्चारांईणि वोसिरे ॥**

**અર્થ :** (૧) અનાપાત-અસંલોક (૨) પર-અનુપઘાતિક (૩) સમ (૪) અઝૂષિર (૫) અચિરકાલકૃત (૬) વિચ્છિન્ન (૭) દૂરાવગાઢ (૮) અનાસન્ન (૯) બિલવર્જિત (૧૦) ત્રસ પ્રાણબીજ રહિત.

આવા સ્થાનમાં = ૧૦ ગુણોથી યુક્ત સ્થાનમાં સ્થંડિલાદિ પરઠવવા જોઈએ.

આ જ પદાર્થને લઈને આવશ્યક નિર્યુક્તિ ગ્રંથમાં ચૌદપૂર્વધર ભદ્રબાહુસ્વામીએ પરિષ્ટાપનિકાસમિતિ ઉપર ખૂબ જ વિસ્તારથી નિર્યુક્તિઓ રચી છે. અને સૂરિપુરંદર, ૧૪૪૪ ગ્રંથરચયિતા ભગવાન હરિભદ્રસૂરિજીએ એ નિર્યુક્તિ ઉપર ટીકા રચી છે.

આ સિવાય બૃહત્કલ્પપીઠિકામાં પણ પારિષ્ઠાપનિકા સમિતિનું વિસ્તૃત વર્ણન કરેલ છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી આ સમિતિની વ્યાખ્યા આ પ્રમાણે દર્શાવે છે કે

**कफमूत्रमलप्रायं निर्जन्तुजगतीतले ।**
**यत्नाद् यदुत्सृजेत्साधुः सोत्सर्गसमितिर्भवेत् ॥**

**અર્થ :** કફ-મૂત્ર-મળ વગેરે અશુચિઓ જીવ વિનાની પૃથ્વી ઉપર સાધુ યતનાપૂર્વક જે પરઠવે તે ઉત્સર્ગ સમિતિ કહેવાય.

અહીં "યત્ન" શબ્દથી તમામ પ્રકારની જયણાઓ લઈ લેવાની.

ચાલો, હવે શાસ્ત્રપાઠો જોઈ લીધા બાદ એનું વિસ્તારથી સ્વરૂપ સમજીએ.

**(૧) અનાપાત+ અસંલોક :** સંયમી જ્યાં સ્થંડિલ પરઠવે ત્યાં કોઈનું પણ આગમન થતું હોવું ન જોઈએ. જો એવું કોઈની અવરજવર વિનાનું સ્થાન હોય તો એ અનાપાત કહેવાય.

જે સ્થાને સંયમી સ્થંડિલ કરે તે સ્થાન પાસે નજીકમાં અવરજવર તો ન જ હોય, પણ દૂરથી પણ કોઈની દૃષ્ટિ ત્યાં પડતી ન હોવી જોઈએ. જો આવું સ્થાન હોય તો એ **અસંલોક** કહેવાય.

પ્રાચીનકાળમાં ગામડાઓની બહાર જંગલોમાં આવી જગ્યા સહજ રીતે મળી રહેતી. એ જગ્યાએ કોઈની અવર જવર પણ ન હોય કે નજીક દૂરથી કોઈનો દૃષ્ટિપાત પણ ન થતો હોય. અનાપાત સ્થાન સમજવા માટે આપાતસ્થાન સમજવું જરૂરી છે.

આપાતસ્થાન બે પ્રકારના છે (૧) સ્વપક્ષ-આપાતસ્થાન (૨) પરપક્ષ-આપાતસ્થાન.

જે જગ્યાએ માત્ર સાધુ-સાધ્વીજીઓ સ્થંડિલ માટે આવતા હોય તે પ્રથમ અને જે જગ્યાએ સંસારીઓ સ્થંડિલાદિ માટે આવતા હોય તે દ્વિતીય.

જે સ્વપક્ષ આયાતસ્થાન છે, તે બે પ્રકારે છે. (૧) સજાતીય (૨) વિજાતીય.

સાધુઓની અપેક્ષાએ વિચારીએ તો જયાં માત્ર સાધુઓ જ આવતા હોય એ સ્વપક્ષ સજાતીય આપાતસ્થાન અને જયાં સાધ્વીજીઓ આવતા હોય એ સ્વપક્ષ વિજાતીય આપાત સ્થાન.

આજ વાત સાધ્વીજીઓની અપેક્ષાએ પણ વિચારી લેવી.

જે સ્વપક્ષ સજાતીય આપાત સ્થાન છે, તે પણ બે પ્રકારના છે. (૧) સાંભોગિક (૨) અસાંભોગિક

જયાં આપણા જેવી જ સમાન સામાચારીવાળા સાધુઓ આવતા હોય એ સ્વપક્ષસાંભોગિક સજાતીય આપાતસ્થાન કહેવાય.

એમાં જુદી સામાચારીવાળા સાધુઓ જયાં આવતા હોય ત્યાં સાધુએ સ્થંડિલ ન જવાય. એનું કારણ એ કે બેયની સામાચારી જુદી જુદી હોવાથી બેય પક્ષના અપરિણત આત્માઓ વચ્ચે કલહ થાય, નિંદા-મશ્કરી વગેરે પણ થાય.

પ્રાચીનકાળમાં યોગોદ્વહનાદિમાં ઠલ્લે બેસતી વખતે દાંડો, ઓઘો, તરપણી (પાત્રુ) કયાં કેવી રીતે રાખવા વગેરે વિધિઓ હતી. શક્ય છે કે જુદા જુદા ગચ્છમાં એ વિધિ જુદા જુદા પ્રકારની હોય. એ બધા સંવિગ્ન, શાસ્ત્રાજ્ઞાપાલક હોવા છતાં સામાચારી ભેદ તો હોઈ શકવાનો જ. બે ય પક્ષના અપરિણત સાધુઓ એકબીજાની જુદી જુદી સામાચારી જોઈ કાં તો (૧) ત્યાં જ એક બીજાને ઠપકો આપે કે 'આમ ન કરાય, આવું કરાય.' (૨) અથવા પોતાના ગુરુ કે વડીલોને કહે કે પેલા ગચ્છના સાધુઓ તો ગોટાળા વાળે છે. (૩) અથવા સામેવાળાની વિધિ એને ગમી જાય, ફાવી જાય તો પોતાના ગચ્છની વિધિ છોડી સામેના ગચ્છની વિધિ કરવા માંડે. અને આમ એક જ ગચ્છમાં જુદી જુદી સામાચારી શરુ થવાથી ઘણા વિરોધ-વાંધા ઉભા થાય. (૪) અપરિણત સાધુને પોતાના ગચ્છની સામાચારી બરાબર ન લાગવાથી તે પોતાના આચાર્યાદિ પ્રત્યે અસદ્ભાવવાળો બને.

એટલે બેય ગચ્છો-ગચ્છ સાધુઓ સંવિગ્ન=જિનાજ્ઞાપાલક હોવા છતાંય સામાચારી ભેદને કારણે બેય પક્ષના, અપરિણત આત્માઓને આ બધા દોષો લાગવાની સંભાવના છે. ("જેઓને આવા દોષો લાગતા હોય એ અપરિણત છે" એમ સમજી લેવું.)

એટલે જયાં ભિન્ન સામાચારીવાળાઓ સ્થંડિલ જતા હોય ત્યાં સ્થંડિલ ન જવું. પણ

સમાન સામાચારીવાળા સંવિગ્નો જ્યાં જતા હોય ત્યાં જવામાં વાંધો નહિ.

વર્તમાનકાળની દૃષ્ટિએ પણ આવા ઘણા પ્રસંગો ઉભા થઈ શકે છે.

(ક) મોટા શહેરમાં જુદા જુદા બે ઉપાશ્રયોમાં બે ગચ્છના સાધુઓ ઉતર્યા હોય. એક ગચ્છે એવો વિચાર કર્યો કે નિગોદ, વનસ્પતિ, ઘાસ વગેરેની પુષ્કળ વિરાધનાની શક્યતા હોવાથી નદીકિનારે કે પુલ નીચે સીધા સ્થંડિલ ન જવું, પરંતુ પ્યાલામાં જઈ, ઝોળીમાં પ્યાલો બાંધીને ત્યાં જઈ પરઠવવું. જ્યારે બીજા ગચ્છે એવો વિચાર કર્યો કે પ્યાલામાં જઈ પરઠવવા જવામાં ગમે ત્યારે શાસનહીલના થવાનો ભય છે. શહેરોમાં વાહનની અડફેટ લાગે અને પ્યાલો ઢોળાય તો ? એને બદલે ભલે નિગોદાદિની વિરાધના વધુ થાય તોય સીધા જ સ્થંડિલ જવું. (પ્યાલામાં પરઠવવાનું હોય તો ખૂબ અંદર સુધી જવું ન પડે એટલે વિરાધના ઘણી ઓછી થાય એ સ્વાભાવિક છે.)

હવે બેય ગચ્છના અપરિણત સાધુઓ એકબીજાને ત્યાં નદીકિનારે જુએ છે. સ્વાભાવિક છે કે પ્યાલાનો વપરાશ કરનારા એમ વિચારશે કે "આ સાધુઓ કેટલા નિષ્ઠુર છે ! નિગોદ-ઘાસની આટલી બધી વિરાધના કરાતી હશે ! પ્યાલાનો ઉપયોગ કરવો જોઈએ."

તો સીધા જ ઠલ્લે જનારાઓ પ્યાલાવાળા માટે એમ વિચારશે કે "આ લોકોને કંઈ ભાન છે ? શાસનહીલના થશે તો ? તદ્દન બુદ્ધિ વગરના છે."

બેય ગચ્છના સાધુઓનો આશય સારો, સંયમનો હતો. (બેમાંથી કયો વધુ સારો ? એ હાલ વિચારવાનું નથી. છદ્મસ્થ ગીતાર્થોમાં તે બાબતોમાં આ રીતે મતિભેદ તો રહેવાના જ.) પણ આ રીતે પરસ્પર એકબીજા પ્રત્યે અસદ્ભાવ, ઉપાશ્રયે જઈ બીજાઓ પાસે તે સાધુઓની નિંદા..... વગેરે થવાની ઘણી બધી શક્યતા છે.

(ખ) કોઈક ગીતાર્થે પોતાના સાધુઓને કોઈક કારણોસર પ્લાસ્ટીકની નાની ડબીમાં પાણી રાખી ઠલ્લે જવાની સંમતિ આપી. કારણ એવું હોઈ શકે કે વિહારમાં વહેલી સવારે ઠલ્લે જવું હોય તો શી રીતે જવું ? તરપણી - ચેતનો તો બાંધેલા હોય. ઘડામાં ચૂનાનું પાણી ભરવું ઉચિત ન લાગે. તરપણી બહાર રાખે તો ચેતનો રાખવો-બાંધવો ન ફાવે. જે તરપણીમાં દાળ-દૂધાદિ લાવીએ, એનો જ સ્થંડિલ જવા માટે ઉપયોગ ઉચિત ન લાગે. સંસારીઓ ક્યારેય સંડાસના ડબલાનો પાણી પીવા તો ઠીક પણ સ્નાનમાં પણ ઉપયોગ કરતા નથી....આવા કોઈક કારણોસર ગીતાર્થે પ્લાસ્ટીકની ડબીમાં ચૂનાનું પાણી રાખવાની રજા આપી હોય.

હવે આ સાધુઓ આ ડબી લઈને ઠલ્લે જાય અને ત્યાં જ ભિન્ન સામાચારીવાળા સાધુઓ આવતા હોય કે જે પ્લાસ્ટીકની ડબીનો કદિ ઉપયોગ ન કરતા હોય. હવે બેય પરસ્પર

એકબીજાને જુએ ત્યારે તરપણીવાળાઓને પ્લાસ્ટીક ડબીવાળાઓ ઉપર અસદ્ભાવ જાગે કે "આ બધા જાત જાતના શિથિલાચારો ઉભા કરી શાસનનું નિકંદન કાઢી રહ્યા છે. આવી તે કેવી સુખશીલતા !" અને ઉપાશ્રયે જઈને ભેગા મળી એ ડબીવાળાઓની નિંદા પણ કરે.

ક્યારેક વળી ઉંધુય બને કે તરપણીવાળાઓ ડબીવાળાને જોઈ વિચારમાં પડે કે "આ ડબીની વ્યવસ્થા સારી છે. નાનકડી ડબી વિહારમાં થેલામાં જ રહી જાય. હાથમાં તરપણી પકડવી ન પડે." અને કેટલાકો ડબીનો ઉપયોગ શરુ કરે. આમ એ એક ગચ્છમાં કેટલાક ડબી અને કેટલાક તરપણી વાપરે એટલે એક જ ગચ્છમાં નવી ભિન્ન સામાચારી ઉભી થાય. પછી એ સાધુઓ વચ્ચે જ ચર્ચા, તકરાર વગેરે પણ થાય.

(ગ) પહેલા બધા સાધુઓ બહાર ઠલ્લે જતા, એટલે બહારના સ્થાનની અપેક્ષાએ આપાતની વિચારણા થતી. હવે આજે ઉપાશ્રયમાં પ્યાલામાં જઈ તે તે સ્થાને પરઠવી આવનારા ય ઘણા છે એટલે ઉપાશ્રય અને પરઠવવાના સ્થાનની અપેક્ષાએ પણ આપાતની વિચારણા કરવી રહી.

દા.ત. એક જ ઉપાશ્રયમાં જુદા જુદા ગચ્છના સાધુઓ ઉતર્યા હોય. એમાં કોઈક ગચ્છના સાધુઓ દિવસમાં ગમે ત્યારે પણ ઠલ્લેની શંકા થાય, તોય એ પ્યાલામાં કરી, વહેલી સવારે અંધારામાં પ્યાલો પરઠવી આવતા હોય. કોઈક સાધુઓ ગમે ત્યારે પણ સ્થંડિલ પ્યાલામાં કરી વાડામાં જ મૂકતા હોય. કોઈક સાધુઓ પ્યાલામાં રાખનો ઉપયોગ કરે. કોઈક વળી પ્લાસ્ટીકની કોથળીનો ઉપયોગ કરે, કોઈક વળી પાણીમાં જ સ્થંડિલ જાય તો કોઈક વળી જુના પારિઠાવણી કપડામાં ઠલ્લે જાય.

આવી જુદી જુદી પદ્ધતિવાળા ગચ્છો એક ઉપાશ્રયમાં ભેગા થાય તો પરસ્પર એકબીજાની આ પદ્ધતિ જોઈ અપરિણત સાધુઓ કાં તો સામેવાળા પ્રત્યે અસદ્ભાવ કરી એની નિંદા કરવાના અથવા તો પછી એ પદ્ધતિ ગમી જાય તો પોતાના પક્ષની પદ્ધતિ છોડી ગુરુને જણાવ્યા વિના જ સામેના પક્ષની પદ્ધતિ અપનાવી લેવાના. આમ એકજ ગચ્છમાં સામાચારી ભેદ, પછી ચર્ચાઓ, તકરાર, ઝઘડા વગેરે પણ થાય.

એજ રીતે પરઠવવાની જગ્યા અંગે પણ મુશ્કેલી થાય. કોઈક સાધુઓ કચરાપેટીના ડબ્બામાં નાંખે, કોઈક રેલ્વે પાટે નાંખવા જાય, કોઈક નદી કિનારે જાય, કોઈક વળી ગટરના ખાડામાં ય નાંખી દે, કોઈક જડ સાધુ ઉપાશ્રયની અગાસીમાં ય નાંખી આવે. આ બધું જુદા જુદા ગચ્છના સાધુઓ એકબીજાનું જુએ અને ઉપર મુજબ નુકશાનો થાય.

એટલે ભિન્ન સામાચારીવાળાઓએ ઉપાશ્રયમાં કે ઉપાશ્રયની બહાર એકબીજાની

સ્થંડિલ અંગેની સામાચારી એકબીજા અપરિણતો જાણી ન જાય એ રીતે જ કરવી હિતાવહ છે.

હા ! બેયના ગીતાર્થ આચાર્યો ભેગા મળી, વિચારણા કરી કોઈક એક જ રીત અપનાવી લે કે બે-ત્રણ રીતની સંમતિ આપે તો તો કોઈ વાંધો નથી.

આ ઉપરાંત જ્યાં શિથિલાચારીઓ, અસંવિગ્નો સ્થંડિલ આવતા હોય ત્યાં પણ ન જવું. (૧૦૬)શાસ્ત્રકારો ફરમાવે છે કે શિથિલ સાધુઓ વધારે પાણીથી શુદ્ધિ કરે, પછી માટી લઈ હાથ ધુએ, પગ પણ ધુએ. પુષ્કળ પાણી વાપરે. આ બધુ અપરિણત સંવિગ્ન સાધુઓ જુએ તો એમને પણ એ ગમી જાય. આજે નહિ, તો ભવિષ્યમાં ગમે ત્યારે પણ જરાક વૈરાગ્ય નબળો પડે કે આ બધા દોષો તેઓમાં પણ ઘુસી જાય. માટે શિથિલો જ્યાં સ્થંડિલ આવતા હોય, ત્યાં સ્થંડિલ ન જવું.

વર્તમાનમાં તો "વધુ પાણી વાપરનારાઓ શિથિલ" વગેરે વ્યવહાર થતો નથી કે એ વ્યવહાર ઉચિત પણ લાગતો નથી. કેમકે પ્રાયઃ તમામ સંયમીઓ ઉત્તરગુણોની બાબતમાં તો અનેક પ્રકારની શિથિલતાઓ ધરાવે જ છે. (૧૦૭)હવે કોઈકની એક બાબતને આગળ કરી એમને શિથિલ જાહેર કરી પોતાની જાતને સંવિગ્ન સાબિત કરવી અને બીજી અનેક બાબતોમાં જાતમાં રહેલી ઢગલાબંધ શિથિલતાઓ સામે આંખ-મીંચામણા કરવા એ જાત સાથે છેતરપિંડી સિવાય બીજું કંઈ જ નથી.

છતાંય પોતાની અને પોતાના શિષ્યોની રક્ષા કરવા ઉચિત પગલા તો લેવા જ જોઈએ. કોઈક સજાતીય દોષોમાં ફસાયેલા સાધુ હોય તો એ જ્યાં સ્થંડિલ જાય ત્યાં બીજાઓ ન જ જાય એ ઉચિત છે. ક્યાંક એ સાધુ ફસાવી દે. એમ કેટલાકો સ્થંડિલ બાદ અવશ્ય સાબુથી બરાબર હાથ ધોતા હોય કે માત્ર પગના તળીયા નહિ, પણ પગની ઘુંટણી કે એથી પણ વધુ ઉપરના ભાગ સુધી પગ ધોતા હોય, એ ધોવાનું પાણી ૪૮ મિનિટમાં સુકાઈ જાય એની કાળજી પણ ન કરતા હોય. આવા સાધુઓની આ બધી પ્રવૃત્તિ જો અપરિણત સાધુઓ જુએ તો એમનામાંય આ ખોટા સંસ્કારો ઘુસી જાય.

એટલે આવા પ્રકારની શિથિલતાઓ સાધુઓમાં ઘુસી ન જાય એ માટે તેઓની સ્થંડિલવિધિ આ સાધુઓ ન જુએ એ માટે યથોચિત નિર્ણય લઈ શકાય.

આમ સ્વપક્ષ-સજાતીય આપાતનું સ્વરૂપ જોયું.

(૧૦૮)સ્વપક્ષ વિજાતીય-આપાત અંગે તો શાસ્ત્રકારોનું સ્પષ્ટ ફરમાન છે કે જ્યાં સાધ્વીજીઓ સ્થંડિલ માટે આવતા હોય, ત્યાં સાધુઓથી સ્થંડિલ ન જવાય. એમ

સાધ્વીજીઓએ પણ સાધુ માટે સમજી લેવું.

એક જ સ્થાન અંગે "સાધ્વીજીઓ સવારે જ જાય અને સાધુઓ બપોરે કે સાંજે જ જાય." આવા બધા વિકલ્પો પણ અપનાવવા નહિ. આ પદાર્થ દૃઢ કરી દેવો કે જે સ્થાનમાં સાધ્વીજીઓ દિવસ દરમ્યાન કે રાત્રે, નિશ્ચિત સમયે કે અનિશ્ચિત સમયે જતા હોય ત્યાં એકપણ સાધુએ સ્થંડિલ માટે ન જ જવું.

આમાં બ્રહ્મચર્યવિનાશ, લોકનિંદા વગેરે ઢગલાબંધ નુકશાનો શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે.

આચાર્યશ્રી કે મુખ્ય વડીલે ચોમાસામાં કે શેષકાળમાં પહેલેથી જ એ નક્કી કરી દેવું કે સાધ્વીજીઓ અમુક જગ્યાએ જ સ્થંડિલ માટે જાય અને ત્યાં કોઈપણ સાધુ સ્થંડિલ માટે સીધા કે પરઠવવા ય ન જાય. અને સાધુઓની જગ્યાએ સાધ્વીજીઓ પણ કદિ ન જાય. આ વ્યવસ્થા આચાર્યશ્રી-વડીલ પોતાના સાધુઓને જણાવે અને કડકાઈથી પળાવે, એમ પ્રવર્તિની કે વડીલ સાધ્વીજી પોતાના સાધ્વીજીઓને જણાવે અને કડકાઈથી પળાવે.

આ બહાર સ્થંડિલ જવાની દૃષ્ટિએ વિચારણા કરી.

હવે જો વાડામાં જવાનું હોય તો સાધુ-સાધ્વીજીના વાડાઓ તો પરસ્પર તદ્દન જુદા હોવા જ જોઈએ, વધુમાં એ વાડામાં જવાનો રસ્તો પણ તદ્દન જુદો જ જોઈએ.

જો કોઈ સંઘમાં સાધુ-સાધ્વીજીના વાડા એકજ સ્થાને ભેગા હોય, જ્યાં સાધુ પ્યાલામાં સ્થંડિલ જતા હોય એજ વાડામાં સાધ્વીજી જતા હોય તો આ અતિ-અતિ ભયંકર બાબત કહેવાય. આવા સંઘમાં ચાતુર્માસ તો ન જ રહેવાય, પણ શેષકાળમાં ય ન રહેવાય.

પણ ધારો કે બેય ના વાડા જુદા છે, બે વચ્ચે દિવાલ પણ કરી છે. છતાં બેય વાડાઓ આજુબાજુમાં હોવાથી ત્યાં જવા માટેનો રસ્તો તો એકજ છે. સાધ્વીજીના ઉપાશ્રયથી તે વાડામાં જવાના ૬૦ ડગલામાંથી ૪૦ ડગલા અને સાધુના ઉપાશ્રયમાંથી તે વાડામાં જવાના ૬૦ ડગલામાંથી ૪૦ ડગલા જુદા જુદા સ્વતંત્ર હોય છતાં છેલ્લા ૨૦ ડગલા એકજ હોય તો એ સ્થાને વારંવાર સાધુ-સાધ્વીને ભેગા થવાનું થાય રે ! એ જુદા જુદા ૪૦ ડગલામાં પણ એક બીજા ઉપર દૃષ્ટિ પડે. જતા સાધુને સાધ્વીજી કે જતા સાધ્વીજીને સાધુ સહજ રીતે જોઈ શકે. આ બધું બિલકુલ ચલાવી ન લેવાય.

બેયના વાડા તદ્દન જુદા અને તદ્દન છૂટા હોવા જરૂરી છે. ન તો સાધુ-સાધ્વી વાડામાં ભેગા થાય, ન તો રસ્તામાં કે ન તો દૃષ્ટિથી પરસ્પર એકબીજાને જોઈ શકે.

સ્થંડિલ પરઠવવાનું સ્થાન પણ એક ન હોવું જોઈએ. સાધ્વીજીઓ જ્યાં સ્થંડિલ પરઠવતા હોય ત્યાં સાધુઓ પરઠવવા ન જાય અને સાધુઓના પરઠવવાના સ્થાને

સાધ્વીજીઓ ન જાય.

સ્થંડિલની જેમ માત્રાની કુંડી માટે પણ સમજી લેવું. સાધુ-સાધ્વીજીની માત્રુ પરઠવવાની કુંડી કે સ્થાન એકજ હોય એ તો ખૂબ જ ભયંકર કહેવાય જ, પણ સાધુ-સાધ્વીજીની માત્રુ પરઠવવાની કુંડી જુદી જુદી હોવા છતાં બાજુ બાજુમાં કે સામ સામે હોય તે ય બિલકુલ ન ચાલે.

એક જ સમયે સાધ્વીજી પોતાની કુંડીમાં અને સાધુ પોતાની કુંડીમાં માત્રુ પરઠવવા આવે અને એકબીજાને જોઈ શકે, એવી કુંડીની વ્યવસ્થાવાળા સ્થાનોમાં કદિ રોકાવું નહિ.

સાધુ-સાધ્વીજીઓની માત્રાની કુંડી એવી રીતે અલાયદી હોવી જોઈએ કે એકજ સમયે એક સાધુ અને એક સાધ્વી પોતપોતાની કુંડીમાં માત્રુ પરઠવવા જાય તોય બેમાંથી કોઈપણ એકબીજાને જોઈ ન શકે.

મન-વચન-કાયાથી નિર્મળતમ બ્રહ્મચર્ય પાળવું હોય તો આ તમામ જિનાજ્ઞાઓ બરાબર પાળવી જ રહી.

આમ સ્વપક્ષ આપાતનું સ્વરૂપ આપણે જોયું.

પરપક્ષ-આપાત પણ બે પ્રકારે છે. મનુષ્ય + તિર્યંચ.

જ્યાં સંસારી મનુષ્યોની અવરજવર હોય તે મનુષ્ય પરપક્ષ આપાત કહેવાય.

જ્યાં ભૂંડ, કુતરા, ગધેડા, બળદ વગેરે તિર્યંચોની અવરજવર હોય તે નિર્યંચપરપક્ષ આપાત કહેવાય. એમાં સંસારી મનુષ્ય આપાત પણ ત્રણ પ્રકારે છે. રાજકુળ, શ્રેષ્ઠિકુળ, સામાન્ય કુળ.

જે જગ્યાએ રાજકુળના માણસો આવતા હોય તે રાજકુળપરપક્ષ આપાત કહેવાય. એમ બાકીના બે પણ સમજી લેવા.

આ બધા "સ્ત્રી અને પુરુષ" એમ બે સ્વરૂપે હોય છે. અને એ બધાય પાછા શૌચવાદી, અશૌચવાદી એમ બે બે પ્રકારના હોય છે.

આમાં કોઈપણ સ્થાને સાધુએ સ્થંડિલ ન જવાય. જ્યાં સંસારીઓની અવરજવર હોય ત્યાં સાધુએ સ્થંડિલ જવાય નહિ.

એમાંય જ્યાં સ્ત્રીઓનું આગમન હોય ત્યાં તો બિલકુલ ન જ જવાય. બીજી કોઈ જગ્યા ન જ મળતી હોય તો છેવટે જ્યાં માત્ર પુરુષો આવતા હોય એવા સ્થાનમાં જ સાધુ જાય. સાધ્વીજીઓ માત્ર સ્ત્રીઓ જ જ્યાં આવતા હોય તેવા સ્થાનમાં જ જાય.

સંસારી પુરુષો કે સ્ત્રીઓના આગમનવાળા સ્થાનમાં જો સાધુ સ્થંડિલ જાય તો નીચે પ્રમાણે અનેક દોષોની સંભાવના રહે.

(ક) એ સંસારીઓ રોજ સ્થંડિલ જતા હોય તોય સાધુ એ બધાથી જુદા જ તરી આવે. એટલે સાધુની ચર્યા પ્રત્યે બધાની વિશેષ નજર જાય. એમાં ય હાથમાં દાંડો, તરપણી આ બધુ એ સંસારીઓને આશ્ચર્યરૂપ જ લાગે. હવે એમાં સાધુ પાણી ઓછું વાપરે તો એ બધા જુગુપ્સા કરે જ. કેમકે હલકા લોકો ય સ્થંડિલમાં તો પાણી પુરતું વાપરતા હોય છે. અને જો સાધુ પાણી વધારે વાપરે તો પાણીનો બગાડ થાય. વર્તમાનમાં તો પાણી પણ આધાકર્મી હોવાથી એનો બગાડ ન પોષાય.

(ખ) જયાં ઘણા જતા હોય ત્યાં ચારેબાજુ સંડાસ, ગંદકી પડેલી હોય. એમાં કોઈક જગ્યા શોધી સાધુએ બેસવું પડે. જો ઉચ્ચકુળના શ્રાવકો વગેરેને આ ખબર પડે તો એમને ય સાધુ પ્રત્યે જુગુપ્સા થવાની શક્યતા રહે કે છી ! આવા ગંદા સ્થાનમાં સાધુઓ જાય છે.

(ગ) જયાં બહેનો આવતા હોય ત્યાં સાધુ જાય તો ક્યારેક મોટી હોનારત સર્જાઈ જાય. એક સાધુ બહેનોની અવરજવરવાળા સ્થાનમાં જ સ્થંડિલ બેઠા. બહેનોએ ગામમાં જઈ બધાને સાધુ વિશે કરિયાદ કરી. ગુસ્સે થયેલા ગામવાળા લાકડીઓ લઈને મારવા આવ્યા. મહામુસીબતે એમને સમજાવીને પાછા કાઢવા પડ્યા. આવી સત્યઘટનાઓ અવારનવાર બન્યા જ કરતી હોય છે.

(૧૦૭)(ઘ) બહેનોની અવરજવરવાળા સ્થાનમાં ક્યારેક સાધુને ખરાબ વિચાર આવે કે ક્યારેક બહેનોને ખરાબ વિચાર આવે. ક્યારેક બેયને ખરાબ વિચાર આવે. બધામાં નુકશાન ઘણું જ છે.

(ચ) બહેનોવાળા સ્થાનમાં સાધુને જતો જોઈ લોકોને સાધુ પર શંકા પડે કે "સાધુ શા માટે અહીં જાય છે ? નક્કી કંઈક ગરબડ છે ?"

આવા બધા દોષોની સંભાવના હોવાથી સંસારીઓની અવરજવરવાળા સ્થાનમાં સાધુ સ્થંડિલ ન જાય. પણ ભાઈઓ કે બહેનો કોઈ જયાં ન આવતા હોય તેવા જ સ્થાનમાં સાધુ સ્થંડિલ જાય.

હવે આજે વાડા પદ્ધતિ શરૂ થઈ છે, તો એમાં ય આ વિચાર કરવો જરૂરી છે. વાડા સાફ કરવા આવનાર જો ભંગીયણ હોય તો સાધુથી એ વાડામાં સ્થંડિલ ન જવાય. ટ્રસ્ટીઓને વાત કરી, દબાણ પૂર્વક સમજાવી ભંગીયણને બદલે ભંગીને જ ત્યાં રખાવવો યોગ્ય છે. અલબત્ત સંયમીઓ વૈરાગી જ હોય. છતાં બધી આંગળી સરખી નથી હોતી. કોને ક્યારે કેવા વિચારો આવે ? એની શું ખબર પડે ? એટલે વડીલે આ બધી બાબતમાં બિલકુલ ઢીલ ન મૂકવી.

ટ્રસ્ટીઓ ન જ માને તો વાડા છોડી બહાર જ સ્થંડિલ જવું. એ શક્ય ન હોય તો છેવટે

ભંગીયણ જે સમયે આવતી હોય તે સમયે અને તેની આગળ પાછળનો અડધો અડધો કલાક તો વાડામાં ન જ જવું. કદાચ ભંગીયણ વહેલી કે મોડી આવે તોય અડધો અડધો કલાક આગળ પાછળ છોડ્યો હોવાથી વાંધો ન આવે.

પણ આ અત્યંત જોખમી પગલું છે. શક્ય હોય તો ગમે તે કરીને બહાર જ સ્થંડિલ જવાનો ખાસ આગ્રહ રાખવો. (૧૧૦)નાનકડા છીંડાઓ જ આખાય કીલ્લાના સર્વનાશનું કારણ હોય છે, એ ન ભુલવું.

સાધ્વીજીઓએ આ વાત ભંગીની અપેક્ષાએ સમજવી.

ખરેખર તો વાડામાં જવું એજ મોટું પાપ છે. ભંગી એ બધુ ઉંચકી સંડાસમાં નાંખે, એમાં પુષ્કળ કાચું પાણી રેડે. અસંખ્ય કીડાઓ ઉત્પન્ન થાય.... વિચારતા ય ધ્રુજારી છૂટે એવી અતિભયંકર વિરાધનાઓ આ વાડામાં છે.

પણ આ રાડો કોના કાન સુધી અને છેલ્લે હૃદયથી જીવન સુધી પહોંચશે ? એ ભગવાન જાણે.

હવે તિર્યંચ-આપાતનો વિચાર કરીએ તો :

(ક) પાલિતાણા વગેરે કેટલાક સ્થાનો એવા છે કે જ્યાં ભૂંડો ધસમસતા દોડી આવી સ્થંડિલ બેઠેલા સંયમીને બચકા પણ ભરી દે. ધક્કો લાગવાથી કે ગભરાટથી સંયમી પડી પણ જાય.

(ખ) આવા ભૂંડ, કૂતરા જેવા તિર્યંચોને ભગાડવા માટે સંયમીએ લાકડીઓ મારવી પડે, પથરાઓ પણ ફેંકવા પડે, વારંવાર હટ્ હટ્ કર્યા કરવું પડે. અને આમ છતાં એ ટેવાઈ ગયેલા તિર્યંચો પોતાના ખોરાક માટે ધસમસતા આવ્યા વિના ન રહે. આ બધામાં સંયમીના પરિણામ કેટલા નિષ્ઠુર થાય ? ક્યાં નિગોદાદિ જીવોને સ્પર્શ પણ ન કરવાના ઉત્કૃષ્ટતમ જીવદયાના પરિણામવાળો શાસનશણગાર શ્રમણ ! અને કયા પંચેન્દ્રિય જીવોને લાકડી મારતો, પથરાઓ મારતો, ક્રોધમુદ્રા ધારણ કરતો સાધુ ! આ કંઈ શોભાસ્પદ છે !

(ગ) ગાય-બળદ જો વીફરેલા હોય તો સંયમીને ધક્કો મારીને પાડી તો દે જ, પણ એની ઉપર પોતાના વજનદાર પગ દબાવી ક્યારેક મારી પણ નાંખે. સુરતમાં એક તપસ્વી મુનિરાજનું વહેલી સવારે આજ રીતે બળદ દ્વારા મોત થયું હતું.

(ઘ) સંયમી પથરા કે લાકડીથી એ તિર્યંચોને મારીને ભગાડે તો ક્યારેક તો તેઓ નિગોદ-ઘાસ વગેરે ઉપર જ ભાગે અને એ બધી વિરાધનાનું નિમિત્ત સંયમી બને.

આમ તિર્યંચોના આગમનવાળા સ્થાનમાં પણ અનેક નુકશાનો હોવાથી ત્યાં પણ સાધુ

કે સાધ્વીજીએ જવું નહિ.

આ રીતે ટૂંકાણમાં આપાતનું વર્ણન જોઈ લીધા બાદ સંલોકનું સ્વરૂપ જોઈએ.

કેટલાક સ્થાનો એવા હોય છે કે જ્યાં લોકોની અવરજવર ન હોય પણ દૂરથી તેઓની દૃષ્ટિ પડતી હોય.

દા.ત. (૧) મુંબઈના રેલ્વે પાટાની આજુબાજુની ઝાડીઓમાં ઘણી જગ્યા એવી છે કે ત્યાં કોઈ આવતું નથી પણ પાટાની બેય બાજુ રહેલા મકાનોમાંથી બધાની એ જગ્યાએ દૃષ્ટિ પડતી હોય છે. તેઓ સ્પષ્ટ જોઈ શકે કે "જૈન સાધુ ઝાડીમાં સ્થંડિલ બેઠા છે."

(૨) મુંબઈના દરિયા કિનારાના અમુક ભાગો પણ એવા છે કે જ્યાં કોઈની અવરજવર ન હોય, પણ બાજુમાં જ રહેલા વિરાટ બિલ્ડીંગોમાંથી બધાની ત્યાં નજર પડતી હોય અને તેઓને દેખાતું હોય કે "સાધુ દરિયાકાંઠે સ્થંડિલ બેઠા છે."

(૩) કેટલાક પુલોની નીચે આજુબાજુમાં એવી ઝાડીઓ હોય છે કે ત્યાં સ્થંડિલ જવાય, ત્યાં કોઈની અવર જવર પણ ન હોય છતાં પુલ ઉપર ઉભા રહેલા, પુલ ઉપરથી ચાલતા જતા લોકોની તે સ્થાનમાં નજર પડતી હોય છે.

(૪) કેટલાક સંઘોએ સાધુ-સાધ્વીજી માટે જ સ્થંડિલની વ્યવસ્થા માટે પ્લોટો રાખેલા હોય અને એ પ્લોટોમાં બીજા કોઈની અવરજવર ન હોય પણ આજુ બાજુના બિલ્ડીંગવાળાઓની નજર પડતી હોય.

આ બધા સંલોકવાળા સ્થાનો કહેવાય.

સાધુઓને સ્થંડિલ બેઠેલા જોઈ તેઓ મશ્કરી કરે, નિંદા કરે, જુગુપ્સા કરે.... વગેરે દોષો પણ આમાં સંભવિત છે.

(૧૧૧)વર્તમાનમાં વાડાપદ્ધતિની અપેક્ષાએ વિચારીએ તો સાધુ વાડામાંથી નીકળે કે ઉપાશ્રયમાં જ સ્થંડિલ માટે જુદી રાખેલી રૂમમાંથી સાધુ પ્યાલો લઈને નીકળે અને ગૃહસ્થો જુએ તો એ પણ એક જાતનો સંલોક જ છે. ગૃહસ્થો સમજી તો જાય જ કે "આમાં સ્થંડિલ લઈને જાય છે." ભલે કંઈ ન બોલે, પણ એમના મનમાં દુર્ગંછા તો ઉત્પન્ન થવાની શક્યતા ઘણી જ. "હાથમાં સ્થંડિલ ઉંચકી જવું એ તો ભંગીઓનું કામ છે. રે ! ભંગીઓ પણ હવે આવા કામ કરવાની ના પાડે છે." આવા વિચારો એ જોનારાને આવે તો કોઈ જ નવાઈ નથી. રે ! સંયમીને પોતાના સ્થંડિલ માટે પણ જો જુગુપ્સા થતી હોય, તે ગૃહસ્થોને જુગુપ્સા ન થાય એ શી રીતે શક્ય બને ?

એક મહારાજ પ્યાલો લઈને નીકળ્યા અને ગૃહસ્થને શંકા પડી. તે પણ પાછળ પાછળ

ગયો. મહારાજે તદન અનુચિત સ્થાને સ્થંડિલ પરઠવ્યું. શ્રાવકને ખૂબ આઘાત લાગ્યો. એ શ્રાવકે મહારાજના ગુરુને પત્ર લખ્યો કે "તમારો સાધુ આવી ગંદકી કરે છે. આવા ગંદા છે તમારા સાધુ !"

'સાધુ સીધા સ્થંડિલ બેસે કે સાધુ પ્યાલામાં સ્થંડિલ લઈ જાય' આ બેય પ્રક્રિયા કોઈપણ ગૃહસ્થ ન જ જુએ એ અત્યંત હિતાવહ છે, સ્વ માટે, પર માટે અને શાસન માટે !

આમ સાધુઓ અનાપાત-અસંલોક સ્થાનમાં જ સ્થંડિલ જાય.

(૧૧૨)સાધ્વીજીઓ માટે શાસ્ત્રકારોએ આપાત-અસંલોક નામના બીજા ભાંગાવાળા સ્થાનમાં સ્થંડિલ જવાની આજ્ઞા ફરમાવી છે. પણ અનાપાત-અસંલોક સ્થાનમાં જવાનો નિષેધ કર્યો છે.

જ્યાં બીજાઓની અવરજવર હોય પરંતુ સ્થંડિલ બેઠેલા સાધ્વીજીને કોઈ જોઈ ન શકે તો એ આપાત+અસંલોક નામનો ભાંગો ગણાય.

(ક) રસ્તાની બેય બાજુ ઝાડી હોય એ ઝાડીની પાછળ સ્થંડિલ બેસી શકાતું હોય. રસ્તા ઉપર લોકોની અવર જવર હોય. આવા સ્થાનમાં સાધ્વીજીના સ્થંડિલ સ્થાનથી નજીકમાં જ લોકોની અવરજવર છે, એટલે આપાત કહેવાય. પરંતુ કોઈને ઝાડીના કારણે સાધ્વીજી દેખાય નહિ એ અસંલોક કહેવાય.

(ખ) ટ્રેનના પાટાની આજુ બાજુ દિવાલો હોય એ દિવાલ પાસે સ્થંડિલ બેસી શકાતું હોય, દિવાલની બાજુમાં જ રસ્તો હોય, ત્યાં બધાની અવર જવર હોય. આમ અહીં પણ સાધ્વીજીના સ્થંડિલ સ્થાનની નજીકમાં જ આપાત છે. પણ દિવાલને કારણે કોઈ જોઈ શકતું નથી તો આ ય આપાત અસંલોક કહેવાય.

(ગ) સાધ્વીજીના ઉપાશ્રયની નજીકમાં જ સંઘે સ્થંડિલ માટેનો પ્લોટ રાખેલો હોય કે ત્યાં જ વાડાઓ રાખેલા હોય. આજુ બાજુ ૧૦૦-૨૦૦ ડગલામાં લોકો રહેતા હોવાથી અવર જવર પણ હોય. પણ કોઈ સ્થંડિલ બેઠેલા સાધ્વીજીને જોઈ ન શકે. તો આવા સ્થાનો પણ આપાત અસંલોકમાં ગણાય.

સાધ્વીજીઓએ આવા જ સ્થાનોમાં સ્થંડિલ જવું. સ્થંડિલ પરઠવવા જવું પડે તો પણ આવા જ સ્થાનમાં પરઠવવા જવું.

**શિષ્ય :** સાધુઓને અનાપાત-અસંલોકની અને સાધ્વીજીઓને આપાત-અસંલોકની આજ્ઞા ફરમાવી. આવા ભેદ શા માટે ?

**ગુરુ :** શાસ્ત્રકાર ભગવંતોની આજ તો મહાનતા છે કે તેઓ સૂક્ષ્મતમ બાબતની પણ

કાળજી કરે છે. સાધ્વીજીઓને શીલરક્ષાનો પ્રશ્ન જેટલો ગંભીર છે, એટલો સાધુઓને નથી. એટલે કે સાધ્વીજીઓને દુષ્ટ પુરુષો દ્વારા શીલ પર આક્રમણ થવાના જેટલા વધુ જોખમો છે, એના લાખમાં ભાગે ય સાધુઓને પોતાના શીલ પર આક્રમણ થવાનો ભય નથી. સાધુ શક્તિમાન હોવાથી કોઈક દુષ્ટ સ્ત્રી ખોટા પ્રયત્ન કરે તોય સાધુ પોતાની જાતને બચાવવા સમર્થ છે. જ્યારે સાધ્વીજીઓ તો અબળા હોવાથી દુષ્ટ પુરુષોના હાથમાંથી છટકવું એમના માટે દુષ્કર છે.

હવે જો સાધ્વીજીઓ અનાપાત-અસંલોકમાં જાય અને દુષ્ટ પુરુષો લાગ જોઈ ત્યાં જ એમના પર આક્રમણ કરે તો એમને બચવું ભારે પડે. જાતે તો પોતાને બચાવી ન શકે. અને સુમસામ-અનાપાત સ્થાન હોવાથી એમની બુમો સાભળીને એમને સહાય કરવા આવનાર પણ કોઈ ન મળે.

જો ઉપર બતાવ્યા પ્રમાણેનું આપાતવાળું સ્થાન હોય તો ત્યાં તો કોઈ સાધ્વીજી ઉપર આક્રમણ કરવાનો પ્રયાસ જ ન કરે અને છતાં જો કોઈક કરે તો સાધ્વીજીની બુમો સાંભળી નજીકમાં અવર જવર કરનારાઓ બચાવવા માટે આવી શકે. સાધ્વીજી બચી જાય.

રે ! સ્થંડિલ બેઠેલા સાધ્વીજી ઉપર કોઈની નજર પડતી હોય તો એ ઓછું ખરાબ છે. પણ તદ્દન નિર્જન સ્થાનમાં સ્થંડિલ જવું એ સાધ્વીજીઓ માટે અતિશય ભયંકર બાબત છે.

આ શાસ્ત્રાજ્ઞાને ધ્યાનમાં રાખી સાધ્વીજીઓએ કદિ પણ સૂમસામ સ્થાનોમાં સ્થંડિલ જવાનું સાહસ કદિ ન કરવું. ટૂંકમાં જે સ્થાનમાં સાધ્વીજીએ પાડેલી બુમોને કેટલાકો સાંભળી શકે અને સાંભળવાથી બચાવવા આવા શકે, તેવા જ સ્થાનોમાં સ્થંડિલ જવું.

એ જ રીતે સ્થંડિલ પરઠવવા જવું હોય તો પણ અત્યંત સૂમસામ સ્થાનોમાં કદિ ન જવું. સાબરમતી સ્ટેશન ઉપર અનાપાત સ્થાનમાં સ્થંડિલ ગયેલા નૂતનદીક્ષિત ભરયુવાન સાધ્વીજી ચાર ગુંડાઓનો ભોગ બન્યા અને મૃત્યુ પામ્યા.

(૧૧૭)શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન પરલોક તો બગાડે જ, પણ આ લોકમાં પણ અનેક અનર્થોની હારમાળા સર્જી દે.

આનો અર્થ એ ય નથી કે ગમે ત્યાં બેસી જવું કે ગમે ત્યાં પરઠવવું. આપાત+અસંલોક સ્થાનમાં જ જવું કે પરઠવવું. અત્યારે કેટલાક સાધ્વીજીઓ લોકો જોતા હોય ત્યારે ય સ્થંડિલ પરઠવતા હોય છે. લોકો નજરે નજર જુએ કે "સાધ્વીજીએ ત્યાં કંઈક નાંખ્યું." શરૂઆતમાં શંકાઓ કરે અને પછી તો નિશ્ચય જ થઈ જાય કે "સાધ્વીજીઓએ સ્થંડિલ જ નાંખેલ છે" એ પછી ગાળાગાળી, બોલચાલ, તિરસ્કાર, સાધ્વીજીઓનો બહિષ્કાર...વગેરે અનેક

મુશ્કેલીઓ ઉભી થાય.

લોકો જુએ એ રીતે કદિ ન પરઠવવું કે પરઠવ્યા પછી પણ લોકો એ સ્થાન જોઈને અનુમાન કરી શકે કે "સાધ્વીજીએ પરઠવ્યું છે." એ રીતે પણ કદિ ન પરઠવવું.

આમ આપાત-અસંલોકની વિચારણા કરી.

અનાપાત-સંલોક અને આપાત-સંલોક બે ય ભાંગામાં સાધુ કે સાધ્વીજીથી સ્થંડિલ ન જવાય. (આગળ બતાવેલ પુલ વગેરે સ્થાનો અનાપાત સંલોક સ્થાન કહેવાય.)

એમાં ય જો બીજી કોઈ આપાત અસંલોકવાળી જગ્યા ન મળે તો સાધ્વીજીઓ જ્યાં માત્ર બહેનો આવતા હોય એવા સ્થાનોમાં સ્થંડિલ જાય. ભલે એ આપાત+સંલોક હોય. પણ પુરુષોના આગમન કે સંલોકવાળા સ્થાનમાં ન જાય.

આપણે આપણી કે આપણા સંયમની જેટલી કાળજી નથી કરતા એના કરતા હજાર ગણી કાળજી શાસ્ત્રકાર ભગવંતો આપણી અને આપણા સંયમની કરે છે. માટે જ તો નાની નાની તમામે તમામ બાબતો એકદમ વિસ્તારથી, ઝીણવટ પૂર્વક આપણને સમજાવે છે.

આ શીલરક્ષા નામનાં અતિગંભીર મુદ્દા માટેની કાળજીઓ છે. એમાં રખે ને કોઈ પ્રમાદ કરે ! જો આમાં પ્રમાદ કર્યો અને ૧૦-૧૫ મિનિટ માટે પણ કોઈકના હાથમાં ફસાયા તો પછી પસ્તાવાનો પાર નહિ રહે. ૨૦-૩૦-૪૦ વર્ષનું સંયમજીવન પણ જાણે નિરર્થક ગયેલું લાગવા માંડશે.

આવું કંઈ જ ન થાય એ માટે ખૂબ ખૂબ અપ્રમત્ત બનવું.

આમ "સાધુઓ માટે અનાપાત+અસંલોક સ્થાન અને સાધ્વીજીઓ માટે આપાત+અસંલોક સ્થાન ઉચિત છે." એ શાસ્ત્રાજ્ઞા આપણે જોઈ ગયા અને એમાં કેટલાક અપવાદ પણ જોઈ ગયા.

(૨) **અનુપઘાતિક** : જે સ્થાનમાં સ્થંડિલ જવાથી સંયમનો ઘાત, આત્માનો સ્વનો ઘાત કે શાસનનો ઘાત ન થાય તેવું સ્થાન **અનુપઘાતિક** કહેવાય.

**સંયમના ઘાતવાળા સ્થાનો :**

(ક) તાજા ખેડેલા ખેતર વગેરેમાં સ્થંડિલ જઈએ તો પૃથ્વીકાયની વિરાધના થાય.

(ખ) જે ઝાડનું થડ હાથીના પગ જેટલું જાડુ હોય, તેવા ઝાડની ચારેબાજુ એક એક હાથ સુધીમાં સ્થંડિલ જઈએ તો ત્યાંની સચિત્ત, મિશ્ર માટીની વિરાધના થાય.

(ગ) નદી કાંઠાની કે તળાવ કાંઠાની ભીની રેતીમાં સ્થંડિલ જઈએ તો ત્યાં મિશ્રજલની વિરાધના થાય.

(ઘ) ચાલુ વરસાદમાં/વરસાદ બંધ થયા પછીય ભીની જમીનમાં/સ્થંડિલ સ્થાને પહોંચવા પાણી વગેરેમાંથી ચાલીને જવું પડે. એ બધામાં અપ્કાયની વિરાધના થાય.

(ચ) ચોમાસામાં નિગોદ ઉપર ચાલીને કે નિગોદ ઉપર બેસીને સ્થંડિલવિધિ કરવી પડે.

(છ) વાડામાં સ્થંડિલ જઈએ તો એ બધુ ભંગી ઉપાડી સંડાસમાં નાંખે. પુષ્કળ કાચું પાણી નાંખે. ઢગલાબંધ કીડાઓ ઉત્પન્ન થાય.

(જ) કચરાપેટીમાં પરઠવીએ તો તેમાં પડેલા કાગળો વગેરે ઉપર સ્થંડિલ પડતા, અડતા જ્ઞાનની આશાતના થાય. આવી કચરાપેટીમાં જ પુષ્કળ કીડાઓ, મચ્છરો ઉત્પન્ન થતા હોય. એમાં આ સ્થંડિલ પણ નિમિત્ત બને. આ બધો જ કચરો સરકારી કામદારો લઈ જાય અને એને સળગાવે કે કોઈક સ્થાને નાંખી આવે. એમાં અગ્નિકાયની વિરાધના પણ થાય.

"પરઠવી દીધા બાદ ગમે તે થાય તોય સાધુને કોઈ દોષ ન લાગે" આવી જે કેટલાકોની સમજણ છે, એ ભુલ ભરેલી છે. આ વાત ત્યાં જ લાગે જ્યાં પરઠવ્યા પછીની વિરાધના અટકાવવાનો બીજો કોઈ ઉચિત વિકલ્પ ન હોય. દા.ત. શુદ્ધ ભૂમિમાં સ્થંડિલ ગયા બાદ તેમાં ૪૮ મિનિટ બાદ સંમૂર્ચ્છિમ મનુષ્યો થાય, કીડા થાય તો એ વિરાધના અટકાવવાનો કોઈ બીજો ઉપાય ન હોવાથી ત્યાં આ નિયમ લાગે કે પરઠવ્યા બાદ થતી વિરાધનાનો દોષ સંયમીને ન લાગે.'

[114]*પરંતુ જ્યાં વિરાધના અટકાવવાના ઉચિત વિકલ્પો હોય, ત્યાં પણ સંયમી ગમે તેમ* વર્તન કરીને વિરાધનાની ઉપેક્ષા કરે ત્યાં તો પરઠવ્યા પછી થતી વિરાધનાઓ પણ સાધુના માથે જ ચોંટે અને શાસ્ત્રવચન એમાં પ્રમાણ છે.

ટુંકમાં જ્યાં ષડ્જીવનિકાયમાંથી કોઈપણ જીવની વિરાધના થાય એ બધા જ સ્થાનો સંયમોપઘાતક કહેવાય.

**આત્મોપઘાતક :**

(ક) મુંબઈ વગેરે સ્થાનોમાં રેલ્વે પાટાની આજુ બાજુમાં ઠલ્લે જવા માટે રેલ્વે પાટા ઓળંગવા પડે તો એમાં દર દોઢ-બે મિનિટે દોડતી ફાસ્ટ ગાડીઓથી કપાઈને મરી જવાનો ભય પાકો રહે છે. આવા બે ત્રણ પ્રસંગો બન્યા પણ છે. એટલે આ સ્થાનો આત્મોપઘાતક કહેવાય.

(ખ) બગીચા વગેરેમાં સ્થંડિલ જવું એ પણ આત્મોપઘાતક છે. જો ત્યાંના ચોકીદાર વગેરેને ખબર પડે તો સાધુને માર્યા વિના ન રહે. એક બગીચામાં સ્થંડિલ જનારાઓને આની સ્પષ્ટ ધમકી પણ અપાઈ હતી.

(ગ) એવા ગીચ ઝાડીવાળા સ્થાનો કે જ્યાં સર્પોના બિલો હોય, અથવા એવા જંગલી પ્રદેશો કે જ્યાં વાઘ, સિંહ, ચિત્તા, દીપડાનો ભય રહેતો હોય. આ બધા સ્થાનોમાં સ્થંડિલ જવાગાય આત્મવિરાધનાની પાકી શક્યતા છે.

(ઘ) શ્મશાન, પીપળા, આમલીના ઝાડ વગેરે સ્થાનો એવા છે કે જ્યાં સ્થંડિલ બેઠેલાને ભૂતડાઓ વળગી પડે. દિવસો-વર્ષો કે આખી જીંદગી હેરાન કરે.

(ચ) જૈન સાધુઓના દ્વેષીઓ જ્યાં રહેતા હોય ત્યાં સ્થંડિલ જઈએ તો લાગ જોઈને તેઓ સાધુને મારી નાંખે એવું ય બને. કોમી રમખાણો ચાલુ હોય ત્યારે મુસલમાનોની વસ્તીવાળા સ્થાનમાં કે એ સ્થાનમાંથી પસાર થવામાં સાધુને મૃત્યુ સુધીના નુકસાનો થવાની શક્યતા રહે.

**પ્રવચનોપઘાતક :**

(ક) ઉપાશ્રયની અગાસી વગેરેમાં સ્થંડિલ પરઠવવામાં આવે અને પાછળથી ટ્રસ્ટીઓ, સંઘના આરાધકો વગેરેને ખબર પડે તો તેઓ સંયમીઓ પ્રત્યે ક્રોધે ભરાય. સંયમજીવન પ્રત્યેનો આદર-સદ્ભાવ ગુમાવી બેસે, આ એક પ્રકારની પ્રવચન હીલના જ છે.

(ખ) રસ્તા ઉપર માત્રુ પરઠવવું, ચાર રસ્તા વગેરે સ્થાને રહેલા ઉકરડામાં સ્થંડિલ નાંખવું... આ બધું લોકો સાક્ષાત જુએ કે પાછળથી અનુમાન કરી જાણે તો અધર્મ પામે. સાધુ-સાધ્વીઓને ઉપાશ્રયમાં રાખવાની સાફ-સાફ ના પણ પાડી દે.

(ગ) કેટલીકવાર કચરાપેટીનો કચરો લઈ જનારાઓને પણ એમાં સંડાસ જોઈ અને "એ જૈન સાધુ-સાધ્વીઓ નાંખી જાય છે" એ જાણી જૈનધર્મ પ્રત્યે જુગુપ્સા થાય. "છી ! ગંદા સાધુઓ." એવા વિચારો આવે.

(ઘ) સાંજે સ્કૂલમાં ઉતર્યા હોઈએ અને અંદર કંપાઉન્ડમાં કે કંપાઉન્ડની બહાર પણ નજીકમાં જ સ્થંડિલ પરઠવવામાં આવે તો સવારે એ ગંદકી જોઈને સ્કૂલવાળા ક્રોધે ભરાય. "જૈન સાધુઓને કદિ સ્કૂલ ઉતરવા ન આપવી" એવો નિર્ણય કરે.

ટૂંકમાં જે સ્થાનમાં સ્થંડિલ માત્રુ પરઠવવાથી લોકોમાં જૈન ધર્મ પ્રત્યે, જૈન સાધુ-સાધ્વીઓ પ્રત્યે ધિક્કાર, અસદ્ભાવ, અરુચિ, જુગુપ્સાની લાગણી ઉત્પન્ન થતી હોય એ બધાય સ્થાનો પ્રવચનોપઘાતક કહેવાય.

સંયમીએ આવા સંયમ, આત્મા કે પ્રવચન ત્રણમાંથી એકેયનો ઘાત ન કરનારા સ્થાનમાં જ સ્થંડિલ જવું-પરઠવવું જોઈએ.

**સમ :** જે ભૂમિ ઉંચી નીચી ન હોય, સીધી હોય તેવા સ્થાનને સમ કહેવાય. ઉંચી-નીચી,

આડા-ટેકરા વાળી ભૂમિ વિષમ કહેવાય. ઉંચી-નીચી ભૂમિ પર સ્થંડિલ બેસીએ તો માત્રુ સરકતું સરકતુ દૂર સુધી જાય અને દૂર રહેલ વનસ્પતિ-નિગોદ વગેરેમાં ઘુસે. પુષ્કળ વિરાધના થાય. એમ આવા ઉંચા નીચા સ્થાનમાં સ્થંડિલ પણ મૂળસ્થાનેથી સરકીને વનસ્પતિ વગેરે ઉપર પડે.

તથા આવા વિષમસ્થાનમાં બેસવાનું પણ ન ફાવે. જો સંયમી જરાક ચૂકે તો સીધો ગબડી જ પડે. સાંભળ્યું છે કે સાબરમતી નદીના કિનારે આવા જ કોઈ સ્થાને બેઠેલા સાધ્વીજી ગબડ્યા અને નદીમાં ડુબીને કાળધર્મ પામ્યા.

એક સાધુ રસ્તાની બે બાજુ જે આડા ઢળાવ હોય, ત્યાં સ્થંડિલ બેઠો, ચૂક્યો અને ગબડતો ગબડતો છેક નીચે સુધી પહોંચ્યો. તરપણીનું બધું જ પાણી ઢોળાઈ ગયું. એટલું સદ્ભાગ્ય કે મોટા પથરાઓ પડ્યા હોવા છતાં વાગ્યા નહિ. પણ આવા સ્થાનોમાં આત્મોપઘાત થવાની શક્યતા ઘણી રહે.

ઓછામાં ઓછી ૨૪ અંગુલ=૧ હાથ=બે વેંત લંબાઈ પહોળાઈવાળી ચોરસ લાદીના જેટલી જગ્યા તો સમ-સીધી-સપાટ હોવી જ જોઈએ. નહિ તો ઉપર બતાવ્યા પ્રમાણે નુકશાનો થાય.

જો સમ હોય તો માત્રું સ્થંડિલ સરકે નહિ અને સંયમી પણ પોતાનું શરીર સાચવી શકે.

**અઝૂષિર :** જમીન ઉપર સૂકા પાંદડાઓ વેરાયેલા પડ્યા હોય અથવા કચરો વેરાયેલો પડેલો હોય, તુટેલા ફુટેલા લાકડાઓના નાના મોટા ટુકડાઓ પડ્યા હોય કે કાંકરી પથરા વગેરે પડેલા હોય. આવા સ્થાનો ઝૂષિર કહેવાય.

આ બધામાં અંદર થોડી થોડી ખાલી જગ્યાઓ હોય, એમાં કીડી, મંકોડા, વીંછી, સાપ વગેરે નાના મોટા ત્રસજીવો પણ હોય. એ જીવો પાંદડા, કચરા, લાકડાદિથી ઢંકાઈ ગયેલા હોવાથી સ્પષ્ટ દેખાય નહિ અને એટલે સંયમી એના પર બેસે એટલે એના ભારથી, સ્થંડિલ પડવાની કે માત્રુના પ્રવાહમાં એ નાના નાના ત્રસજીવો મરી જાય કે પુષ્કળ કિલામણા પામે.

સંયમીઓ ઈંટાળાવાળી, કપચી વાળી, મોટી કાંકરીવાળી, રેતીવાળી જે માત્રાની કુંડીઓ કરાવે છે એ બધી ઝૂષિર કહેવાય. કેમકે એમાં અંદર પુષ્કળ જગ્યા હોય છે અને માટે જ તો એમાં માત્રુ નાંખતા જ તરત એ અંદર ઉતરી જાય છે.

જે સીધી જમીન હોય છે, તે આવી ઝૂષિર નથી હોતી. માટે જ ત્યાં માત્રુ પરઠવો, તો એ ઝડપથી અંદર નથી ઉતરતું. કપચી વગેરેની અપેક્ષાએ ઘણું ધીમે ધીમે ઉતરે છે.

વળી કપચી, કાંકરી, રેતી માત્રાને ચૂસતા નથી. માટે જ તો કુંડીનો ઉપરનો ભાગ જલ્દી

સૂકાઈ જાય છે. જયારે સીધી જમીન માત્રાને બરાબર ચૂસે છે એટલે જ એ જમીન જલ્દી સુકાતી નથી.

મૂળ વાત એ કે આવી ઝુષિર કુંડીઓમાં અંદર ખાલી જગ્યા રહેવાથી થોડાક જ દિવસોમાં માત્રુ વગેરે અનુકૂળ દ્રવ્યો મળવાથી પુષ્કળ કીડા ઉત્પન્ન થતા હોય છે. ઉપર એકપણ કીડો ન દેખાય પણ નીચે હજારો ઈયળો ખદબદતી હોય છે.

તાજેતરમાં જ એક ગ્રુપે માત્રુની કુંડીની ઉપરની રેતી ઢાંકણ વડે દૂર કરીને ૮-૧૦ આંગળ ઉંડે નજર કરી તો ઢગલાબંધ ઈયળો-કીડીઓ દેખાઈ. એક અઠવાડિયું ત્યાં માત્રુ પરઠવવાનું સંપૂર્ણ બંધ કર્યા બાદ પાછુ રેતી દૂર કરી જોયું તોય નીચેની રેતી ભીની ભચ અને કીડીઓનું ખદબદ થવું પણ ચાલુ જ દેખાયું.

એટલે આવા ઝુષિર સ્થાનોમાં સ્થંડિલ માત્રુ જવાથી પુષ્કળ વિરાધના થાય છે એ નિશ્ચિત હકીકત છે.

હવે જો આવા ઝુષિર સ્થાનોમાં નીચે સાપ-વિંછી હોય તો સાધુ બેસે કે તરત તેઓ ગભરાઈને કે ગુસ્સે થઈને ડંખ પણ મારી દે, એક સાધુ સુકા ઘાસથી ઢંકાયેલી જમીન પર સ્થંડિલ બેસવા જતો હતો કે ઘાસની નીચે સળવળાટ થયો, એકજ હાથ જેટલા અંતરે કાળોતરો દેખાયો. સાધુ ગભરાઈને ભાગ્યો.

ટૂંકમાં જે જમીન ઉપર આવું સુકું ઘાસ, કચરો, કપચી, રેતી વગેરે ઝૂષિર પદાર્થો પડેલા હોય તે જગ્યાએ સંયમ અને આતમ બેયની વિરાધના શક્ય હોવાથી ત્યા સ્થંડિલ ન બેસવું.

**અચિરકાલકૃત :** પૂર્વકાળમાં બે બે મહીનાની કુલ છ ઋતુ એક વર્ષમાં ગણાતી હતી. બે મહિનાની એક ઋતુ પૂર્ણ થાય અને બીજી ઋતુ શરુ થાય ત્યારે ઋતુના પ્રભાવે પૃથ્વી સચિત્ત બને. એ પછી સૂર્યના તાપ, ભઠ્ઠીની આગ વગેરે દ્વારા બે-ચાર દિવસે પાછી એ પૃથ્વી અચિત્ત બને અને બે મહિનાની એ ઋતુ પુરી થાય ત્યાં સુધી અચિત્ત રહે. વળી પાછી નવી ઋતુ શરૂ થાય ત્યારે એ પાછી સચિત્ત બને.

આમાં જે સીધી પૃથ્વી હોય તેની જ વિવક્ષા કરવી યોગ્ય લાગે છે. ડામરના રોડો, સીમેન્ટના રોડો, પાકેલી ઈંટના બનેલા સ્થાનો વગેરે તો અચિત્ત જ રહેતા હોય એમ લાગે છે. વર્તમાનકાળમાં આ રીતે બે બે મહિને પૃથ્વી અચિત્ત થઈ જવાનો કોઈ વ્યવહાર દેખાતો નથી. એટલે આ અંગેની વાસ્તવિકતા તો ગીતાર્થમહાપુરુષો જાણે.

ભગવાન હરિભદ્રસૂરિજી આની ટીકા લખે છે કે **"चिरकालकृते हि पुनः संमूर्च्छन्त्येव पृथ्वीकायादयः"** **અર્થ :** જે પૃથ્વીને અચિત્ત થયાને લાંબો કાળ થઈ ગયો હોય એમાં તો ફરી

પૃથ્વી વગેરે જીવો ઉત્પન્ન થાય જ છે.

હવે આમાં ચિરકાળ એટલે કેટલો કાળ લેવો ? કઈ પૃથ્વી માટે આ વિવક્ષા સમજવી અને કઈ પૃથ્વીઓ માટે ન સમજવી ? પૃથ્વી અચિત્ત બન્યા બાદ ફરી પાછી કેટલા કાળમાં સચિત્ત બને ? એના કોઈ ચોક્કસ કાળમાપો મારા જાણવામાં આવ્યા નથી. એટલે આ અંગે ગીતાર્થ મહાપુરુષો જે કહે એ જ મારે પ્રમાણ છે. બે માસની ઋતુ વગેરે જે બાબતો બૃહત્કલ્પાદિ ગ્રંથોમાંથી જાણવા મળી છે, તે તે મુજબ લખી છે.

છતાં આમાં કંઈપણ સૂત્ર વિરુદ્ધ પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધ ત્રિવિધ ક્ષમાપના માંગું છું.

**વિસ્તીર્ણ :** સ્થંડિલભૂમિની જગ્યા ઓછામાં ઓછી એક હાથ લાંબી - પહોળી ટાઈલ્સના માપ જેટલી તો હોવી જ જોઈએ કે જેમાં કોઈપણ જીવ-જંતુ વગેરે ન હોય.

આટલી વિસ્તીર્ણભૂમિ ઉંચી-નીચી પણ હોઈ શકે છે, પણ એ ન ચાલે. માટે જ આગળ સમ ભૂમિની વાત પણ દર્શાવી દીધી છે.

ચક્રવર્તીનું સૈન્ય જ્યાં પડાવ નાંખે, એ બારયોજના જેટલી વિશાળભૂમિ સંપૂર્ણ અચિત્ત બની જાય. સ્થંડિલ માટે ઉપયોગી થાય. આ સર્વોત્કૃષ્ટ સ્થંડિલભૂમિ કહેવાય.

**દૂરાવગાઢ :** જમીન ઉંડાઈમાં ઓછામાં ઓછી ચાર આંગળી જેટલી તો અચિત્ત હોવી જ જોઈએ. એનો લાભ એ કે માત્રુ જમીનમાં ઉતરે તોય જમીન સખત-અઝૂષિર હોવાથી ચૂસાતું ચૂસાતું ઉતરે. એટલે બે-ત્રણ-ચાર અંગુલથી વધારે નીચે એ માત્રુ ન જાય. પરીક્ષા કરવી હોય તો આવી શુધ્ધ જમીન પર માત્રુ કર્યા બાદ બે મિનિટ પછી એ જમીન ખોદીને જોઈ લેવી કે કેટલા આંગળ સુધી ભીની થઈ છે.

હવે જો એ જમીન એક-બે આંગળ જ અચિત્ત હોય અને પછી મિશ્ર-સચિત્ત હોય, તો પછી એ માત્રુ બે આંગળથી વધુ ઉંડે જાય કે તરત એ સચિત્તપૃથ્વીની હિંસા થાય. એટલે જ ઓછામાં ઓછી ચાર આંગળ તો એ જમીન અચિત્ત હોવી જ જોઈએ.

કઈ માટી સચિત્ત કે અચિત્ત ? એનું સ્થૂલ ગણિત એટલું જ છે કે નીચે ખોદતા જ્યાંથી માટીમાં ભીનાશ અનુભવાય ત્યાંથી એ માટી મિશ્ર-સચિત્ત ગણી લેવી. જ્યાં સુધી એ સુકી અનુભવાય ત્યાં સુધી એ અચિત્ત તરીકે જાણી શકાય.

હા ! એકજ જમીન પર વારંવાર માત્રુ-પાણી પરઠવાય તો તો એ ચાર આંગળીથી પણ નીચે જવાનું જ અને તેથી ત્યાં પૃથ્વીની પણ વિરાધના થવાની જ.

(૧૧૫)એટલે જ વિશુદ્ધસંયમ પાળવું સરળ નથી. આવી તો નાની-મોટી વિરાધનાઓ

ડગલે ને પગલે થતી જ રહેવાની. ખૂબ જાગ્રતિ રાખીએ તો જ એ વિરાધનાથી બચી શકાય.

ઓછામાં ઓછી ચાર અંગુલ પણ જે જમીન ઉંડાઈમાં અચિત્ત હોય તે દૂરાવગાઢ કહેવાય.

વર્તમાનકાળમાં જમીનમાં બે-ચાર ફૂટના ખાડાઓ ખોદાવી પછી એમાં ચૂનો-ઈંટની ભૂકી, કોલસાની ભૂકી, દરિયા કે નદીની રેતી-કપચી વગેરે નંખાવીને જે કુંડીઓ બનાવાય છે. એ બધી અચિત્ત વસ્તુ જ નાંખી હોવાથી એ બે-ચાર ફુટ સુધીની તો અચિત્ત હોય. પણ એ ઝૂષિર હોવાથી એમાં માત્રુ ઝપાટાબંધ નીચે ઉતરતું હોય છે. એટલે ૮-૧૦ દિનમાં જ ત્યાં પરઠવાતું માત્રુ બે-ચાર ફુટ પસાર કરી એની નીચેની સચિત્ત ભૂમિને પણ ઓળંગી જતુ હોય તો એ શકયતા નકારી શકાય તેવી નથી.

અને જો એમ થાય તો તો એ કુંડીઓમાં પૃથ્વીની વિરાધના થવાની શક્યતા રહે જ છે. જે કુંડીઓ અગાસીમાં, જમીન સાથે સંબંધ વિનાની બનાવવામાં આવે છે. તેમાં જો કે સચિત્ત પૃથ્વીની વિરાધનાનો સંભવ નથી. પણ આ બધી કુંડીઓની માત્રુ ગ્રહણ કરવાની મર્યાદા ઘણી જ ઓછી હોય છે. જો ૧૫-૨૦ સાધુ હોય તો અગાસીની કુંડીઓ ૮-૧૦ દિવસમાં તો ભીની-ભચ થઈ નીતરવા પણ માંડે છે. એમાંય ચોમાસામાં તો એ કુંડીઓમાંથી માત્રાના પ્રવાહ બહાર નીકળે અને ત્યાં નિગોદના થર પણ બાઝી જાય.

એટલે આ બધી વિરાધનાઓને શી રીતે અટકાવવી ? એનો કોઈક સમ્યગ ઉપાય ગીતાર્થ મહાપુરુષોએ શોધવો જ રહ્યો.

**અનાસન્ન :** સ્થંડિલભૂમિ ગામ, બગીચા વગેરેથી દૂર હોવી જોઈએ. લોકોના ઘરો, સ્કુલો, બગીચાઓ વગેરેની નજીકમાં જ જો સ્થંડિલ પરઠવવામાં આવે તો એની દુર્ગંધ-ગંદકી વગેરેથી બધાને ત્રાસ થાય. એમાંથી મચ્છરો પણ ઉત્પન્ન થાય અને રોગચાળો પણ ફેલાય.

આજે પણ એવો અનુભવ થાય છે કે ૨૦-૨૫ સાધુઓ જે જગ્યાએ એકજ સ્થાને માત્રુ પરઠવતા હોય, ત્યાં થોડા દિવસમાં તો પુષ્કળ દુર્ગંધ મારવા માંડે છે. ત્યાં રહેનારાઓ તો રોજના ટેવાઈ ગયેલા હોવાથી કદાચ એમને કંઈ દુર્ગંધ ન લાગે. પણ બહારથી આવનારાએ તો તરત નાક ઉપર રૂમાલ ઢાંકવો પડે એવી ય પરિસ્થિતિ ક્યારેક સર્જાય.

વળી ઘર-બગીચા વગેરેની નજદીકમાં જ સ્થંડિલ જવામાં કે પરઠવવામાં આત્મવિરાધના, શાસનહીલના વગેરે થવાની ય શક્યતા છે જ. (એના સત્ય દૃષ્ટાન્તો આગળ જણાવીશું.)

(૧૧૬)બીજો અર્થ એ પણ છે કે સ્થંડિલની પાકી શંકા થાય પછી જ જવું એ આસન્ન

કહેવાય. જ્યારે સ્થંડિલની એક અંશભાર પણ શંકા થાય કે તરત નીકળી જવું એ અનાસન્ન કહેવાય.

કેટલાક સંયમીઓ સ્વાધ્યાયના મોહમાં, મળવા આવેલા સ્વજનો કે ભક્તોના મોહમાં કે એવા કોઈક કારણોસર થોડો વખત સુધી શંકાને દબાવી રાખતા હોય છે અને પછી મધ્યમ શંકા થાય કે ન જ રહેવાય એવી શંકા થાય ત્યારે ઉભા થઈને દોડા દોડી કરતા હોય છે.

આમાં અનેક દોષો લાગવાના જ. સ્થંડિલની તીવ્ર શંકાને લીધે દોડાદોડ કરવી પડે, એટલે ઈર્યાસમિતિ ન પળાય, બારી-બારણા ખોલ બંધ કરવામાં પુંજવાદિ ક્રિયા ન સચવાય. ખૂબ ઉતાવળના લીધે દૂર સુધી પહોંચી ન શકાવાથી છેવટે ઘાસવાળા સ્થાનમાં કે એવા ગમે તે સ્થાનમાં સ્થંડિલ માટે બેસી જવું પડે. એમાં સંયમ વિરાધના તો થવાની જ અને એ સ્થાન જો કોઈ ઘર-બગીચાની નજીકમાં હોય તો માર પણ ખાવો પડે.

વળી આવી ઉતાવળ થવાથી ક્યારેક બહાર સ્થંડિલભૂમિમાં જવાની ઈચ્છા હોય તો પણ ન જવાય. તરત પ્યાલામાં જ જવું પડે અને પછી એ પ્યાલો પરઠવવાની વ્યવસ્થિત જગ્યા ન હોય તો ગમે ત્યાં પરઠવવામાં હિંસા-શાસનહીલના-નિષ્ઠુરતા વગેરે અનેક દોષો ઉત્પન્ન થાય. આ બધું થવાના ભયથી જો ન પરઠવે તો છેવટે વાડામાં મૂકી દેવું પડે.

વળી આવી તીવ્ર શંકા થયા બાદ દોડનારને ક્યારેક રસ્તામાં જ સ્થંડિલ થઈ જાય, બધા કપડા બગડે. એ બધાનો કાપ કાઢવામાં પુષ્કળ સમય બગડે, પાણી પરઠવવાદિ બધી જ વિરાધનાઓ ઉભી થાય.

એટલે લેશભાર પણ શંકા થાય કે તરત સંયમી સ્થંડિલ માત્રુ માટે નીકળી જ જાય.

(૧૧૭)એ ય ન ભુલવું કે શંકા થયા બાદ જેટલી વધારે વાર સ્થંડિલ માત્રુ રોકીએ એટલી વધારે તબિયત બગડે.

ખરેખર તો સંયમીની રોજીંદી જીવનચર્યા એવી સ્થિર થઈ ગઈ હોય કે અમુક ચોક્કસ સમયે એ સ્થંડિલ માટે નીકળી જ જાય અને એની મળશુદ્ધિ થઈ જ જાય. એને શંકા થાય એની રાહ જોવાની જરૂર જ ન રહે.

**બિલવર્જિત :** સ્થંડિલ માત્રુ પરઠવવાની ભૂમિમાં નાના-મોટા કોઈપણ બાકોરા કાણા-બિલ-દર ન હોવા જોઈએ. આવા કાણામાં સ્થંડિલ માત્રુ પડે તો અંદર રહેલા ઉંદર, ઈયળ વગેરે જીવોની વિરાધના થાય. જો એ બિલમાં સાપ-વિંછી વગેરે હોય તો બહાર નીકળી સંયમીને ડંખ મારી દે.

સુક્ષ્મદષ્ટિથી જોઈએ તો ઘણીવાર જમીનમાં સોંયના અગ્રભાગ કરતા જરાક મોટા

કાણાઓ પણ દેખાશે. આ કાણાઓ જ કીડીના નગરા કહેવાય. આવા એક કાણાની અંદરના ભાગમાં તો હજારો-લાખો કીડીઓ પણ હોય. એટલે જ જો આવા કાણાઓમાં માત્રુ જાય તો હજારો કીડીઓની વિરાધના થાય.

એટલે જ ઉપરછલ્લી દષ્ટિથી વસ્તી જોવામાં કોઈ જ વિશેષ લાભ નથી.

(૧૧૮)આવા ઝીણા ઝીણા કાણાઓ-નગરાઓ બરાબર જોઈ શકાય, એ માટે જ તો સૂર્યાસ્તથી લગભગ ૪૮ મિનિટ પૂર્વે જ માત્રાદિની વસ્તી જોઈ લેવાની શાસ્ત્રાજ્ઞા છે. કેમકે એ વખતે સૂર્ય પ્રકાશ હાજર હોવાથી એ નગરા વગેરે નીચે નમીને બરાબર ધ્યાનથી તપાસી શકાય.

કો'ક વળી બે-ત્રણ-ચાર વાગે માત્રુ પરઠવવા જાય ત્યારે સાથે સાથે સાંજની વસ્તી જોઈ લેતા હોય છે. પણ આ બરાબર નથી જો સૂર્યાસ્તની ૪૮ મિનિટ પૂર્વે જોઈએ, તો ત્યારે સૂર્યપ્રકાશ પુરતો મળે અને એ વખતે છાંયડો થઈ ગયો હોવાથી - પ્રકાશ ઠંડો થઈ ગયો હોવાથી નગરાની અંદર રહેલ કીડી વગેરે જીવો પણ અંદર-બહાર અવર-જવર કરતા લાગે, એટલે એકદમ સૂક્ષ્મ કાણાઓ સીધા ન દેખાય તો ય આ અંદર બહાર અવરજવર કરતા કીડી વગેરે જીવોને જોઈને તો એ ખ્યાલ આવી જ જાય કે અહીં નગરા છે. અને એટલે જયણા પાળી શકાય.

જ્યારે બે-ત્રણ-ચાર વાગે સૂર્યપ્રકાશ ગરમાટાવાળો હોવાથી ત્યારે એ નગરાના જીવો બહાર અવર જવર ન કરે. અંદર જ ભરાઈ રહે. અને એટલે એ વખતે વસ્તી જોઈએ તો ત્યાં કોઈ જીવ ન દેખાય અને સૂક્ષ્મકાણાઓ પણ જલ્દી નજરમાં ન આવે એટલે તે વસ્તી નિર્દોષ જ લાગે. અને એટલે પછી રાત્રે ત્યાં માત્રુ પરઠવે ત્યારે કીડી વગેરેની વિરાધના થાય.

એટલે સૂર્યાસ્તથી ૪૮ મિનિટ પૂર્વે જ વસ્તી જોવી અને એમાં આવા નગરા વગેરે નથી ને ? એ ખાસ જોઈ લેવું.

**ત્રસ-પ્રાણ-બીજ-રહિત :** ત્રસપ્રાણ એટલે બેઈન્દ્રિય વગેરે જીવો અને બીજ શબ્દથી બધા જ એકેન્દ્રિય લઈ લેવા. જે જગ્યાએ બેઈન્દ્રિયાદિ કોઈપણ જીવો કે એકેન્દ્રિયજીવો ન હોય તેવા સ્થાનમાં જ સ્થંડિલ માત્રુ જવું.

કીડીના નગરાદિ ન હોય તો પણ જ્યાં કીડી-મંકોડા-ઈયળ વગેરે જંતુઓ ફરતા હોય, જ્યાં એકદમ ઝીણા અંકુરાઓ ફુટી નીકળેલા હોય, જ્યાં ઘાસ-નિગોદાદિ હોય એ બધા જ સ્થાન છોડી દેવા જોઈએ. જે કુંડીમાં નીચે ઈયળો થઈ ગઈ હોય ત્યાં પણ માત્રુ-કાપનું પાણી વગેરે ન પરઠવાય.

જે ઘાસ શિયાળા-ઉનાળામાં સુકાઈ ગયું હોવા છતાં એ જો જમીન સાથે સંબંધવાળું હોય તો તે ઘાસ પણ કમસેકમ મિશ્ર તો ગણાય જ એટલે એવા જમીન સંબદ્ધ સુકા ઘાસવાળું સ્થાન પણ સ્થંડિલાદિ માટે અયોગ્ય છે.

ટૂંકમાં એ જગ્યા ઉપર ષટ્કાયમાંથી એકપણ જીવની હાજરી હોવી જોઈએ નહીં.

આમ આ ૧૦ ગુણોવાળી જે ભૂમિ હોય ત્યાં જ ઠલ્લે-માત્રુ પરઠવી શકાય.

હવે કોઈક જગ્યા એવી હોય કે જેમાં આ દસેય ગુણો હોય, તો એ સંપૂર્ણ શુદ્ધ ભાંગો ગણાય. પણ કેટલીક ભૂમિ એવી હોય કે જેમાં પહેલા નવ ગુણ હોય, પણ દસમો ન હોય, અથવા તો નવમા સિવાયના બાકીના નવ ગુણ હોય. અથવા તો આઠમા સિવાયના બાકીના નવ ગુણ હોય. આમ નવ-નવગુણવાળા કુલ ૧૦ ભેદ મળે.

કોઈ જગ્યા એવી હોય કે જેમાં કોઈપણ આઠ ગુણ હોય, કોઈ પણ બે ન હોય. તો એના પણ અનેક ભાંગા મળે. એમ કોઈક જગ્યા એવી હોય કે જેમાં એકેય ગુણ ન હોય. આવો સૌથી છેલ્લો ભાંગો ગણાય.

અહીં ૧૦ ગુણોના આવા બધા ભાંગા કરીએ તો કુલ ૧૦૨૪ ભાંગા થાય છે.

આ ભાંગા કાઢવાની પદ્ધતિ એકદમ સરળ છે. જે પદાર્થોના ભાંગાઓ કાઢવા હોય એને ક્રમશઃ ગોઠવી દેવા. પછી સૌથી છેલ્લા પદાર્થમાં ૧ ખરુ, ૧ ખોટુ, ૧ ખરું, ૧ ખોટુ... એમ કરવું. છેલ્લેથી બીજા પદાર્થમાં બે ખરા- બે ખોટા - બે ખરા-બે ખોટા... એમ કરવું. છેલ્લેથી ત્રીજા પદાર્થમાં ચાર ખરા, ચાર ખોટા, ચાર ખરા, ચાર ખોટા... એમ કરવું. છેલ્લેથી ચોથા પદાર્થમાં આઠ ખરા, આઠ ખોટા, આઠ ખરા, આઠ ખોટા... એમ કરવું.

એમ છેલ્લેથી દશમાં પદાર્થમાં એટલે કે પ્રથમ પદાર્થમાં ૫૧૨ ખરા અને ૫૧૨ ખોટા કરવા. પહેલા પદાર્થમાં કુલ ૧૦૨૪ લીટી સુધી ખરા-ખોટા થવાના એટલે એની પછીના પદાર્થોમાં પણ ત્યાં સુધી ઉપર બતાવ્યા પ્રમાણે ખરા-ખોટા કરવા.

જો કોઈ નવ પદાર્થના ભાંગા કાઢવા હોય તો એ ૫૧૨ થશે. આઠ પદાર્થના ભાંગા ૨૫૬ થશે. એમ બધે જ સમજવું.

સરળતા ખાતર ચાર પદાર્થના ભાંગાઓ જોઈ લઈએ.

| | જ્ઞાની | તપસ્વી | વ્યાખ્યાનકાર | લેખક |
|---|---|---|---|---|
| ૧ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨ | ✓ | ✓ | ✓ | ✗ |
| ૩ | ✓ | ✓ | ✗ | ✓ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ✓ | ✓ | ✗ | ✗ |
| ૫ | ✓ | ✗ | ✓ | ✓ |
| ૬ | ✓ | ✗ | ✓ | ✗ |
| ૭ | ✓ | ✗ | ✗ | ✓ |
| ૮ | ✓ | ✗ | ✗ | ✗ |
| ૯ | ✗ | ✓ | ✓ | ✓ |
| ૧૦ | ✗ | ✓ | ✓ | ✗ |
| ૧૧ | ✗ | ✓ | ✗ | ✓ |
| ૧૨ | ✗ | ✓ | ✗ | ✗ |
| ૧૩ | ✗ | ✗ | ✓ | ✓ |
| ૧૪ | ✗ | ✗ | ✓ | ✗ |
| ૧૫ | ✗ | ✗ | ✗ | ✓ |
| ૧૬ | ✗ | ✗ | ✗ | ✗ |

આમાં જ્યાં "✓" ખરુ નિશાની છે ત્યાં એ વ્યક્તિમાં એ ગુણની હાજરી ગણાય. જ્યાં "✗" ખોટાની નિશાની છે. ત્યાં એ વ્યક્તિમાં એ ગુણની ગેરહાજરી ગણાય. પહેલો વ્યક્તિ ચારેય ગુણવાળો છે. છેલ્લો વ્યક્તિ બધા ગુણના અભાવવાળો છે,

આ પદ્ધતિથી અહીં પણ ૧૦ સ્થાનોના ૧૦૨૪ ભાંગા કલ્પવા.

આમાં ૧૦૨૪મો સૌથી છેલ્લો ભાંગો સૌથી વધુ ખરાબ ગણાય. અને પ્રથમ ભાંગો સૌથી વધુ સારો ગણાય. જ્યારે પહેલો ભાંગો ન મળે, ત્યારે ગૌરવ-લાઘવનો વિચાર કરી સૌથી ઓછા દોષવાળો ભાંગો અપવાદ માર્ગે સેવી શકાય.

ખ્યાલ રાખવો કે શાસનહીલના સૌથી મોટો દોષ છે. આત્મોપઘાત મધ્યમદોષ છે. અને સંયમોપઘાત જઘન્ય દોષ છે. એટલે જે ભાંગામાં શાસનહીલના કે આત્મોપઘાત થવાનો સંભવ હોય એ ભાંગા તો ન જ સેવવા. બીજો કોઈ નિર્દોષ ભાંગો ન મળે તો શક્ય એટલી ઓછી સંયમવિરાધના જેમાં થાય તેવા જ સ્થાનોમાં સ્થંડિલ માત્રુ જવું.

આ ઉપરાંત સ્થંડિલ માટેની બીજી પણ કેટલીક વિશેષ બાબતો નીચે પ્રમાણે છે.

(૧) સૂર્યાસ્ત બાદ સ્થંડિલ માત્રુ જવું પડે તો દક્ષિણ દિશાને પીઠ થાય તે રીતે ન બેસવું. એમ કહેવાય છે કે સાંજના સમયે દક્ષિણદિશા તરફથી અનેક હલકા દેવો આવતા હોય છે. તેઓ પોતાને પીઠ થયેલી જોઈને ગુસ્સે થાય, વળગી પડે, પરેશાન કરે.

(૨) સૂર્યને પીઠ થાય કે ગામને પીઠ થાય એ રીતે ન બેસવું.

(૧૧૯)જો કે શ્રીનિશીથમાં લખેલું છે કે "લોકમાં સૂર્ય પૂજનીય છે એટલે એને પીઠ કરીને સાધુ બેસે તો લોકો ગુસ્સે ભરાય. એમ સાધુ ગામને પીઠ કરે તો ય ગામવાળા ગુસ્સે થાય માટે ત્યાં પીઠ ન કરાય. પણ જે જગ્યાએ આવું કંઈ થવાનું ન હોય, થતું ન હોય તો અપવાદ માર્ગે તે તરફ પણ પીઠ કરવામાં દોષ નથી."

આ પાઠ અનુસાર વિચારીએ તો વર્તમાનમાં સૂર્ય તરફ પીઠ કરનારાને લોકો ગાળો બોલે, એવું પ્રાયઃ કશે બનતું નથી. ખુદ લોકો પણ આજે આવી સમજણ ધરાવતા દેખાતા નથી. એટલે એ દૃષ્ટિએ આ કાળમાં આ રીતે પીઠ કરે તોય શાસ્ત્રાજ્ઞા મુજબ કોઈ દોષ જણાતો નથી. છતાં સૂર્ય+ગામને પીઠ ન થાય એ રીતે બેસી શકાતું હોય તો વધુ સારું.

(૩) જે દિશામાંથી પવન આવતો હોય, તેને પીઠ કરીને ન બેસવું. દક્ષિણમાંથી પવન આવતો હોય અને દક્ષિણ તરફ પીઠ કરીને બેસીએ તો દક્ષિણથી ઉત્તર તરફ જતો પવન આપણા જ સ્થંડિલની ગંધ લઈને આપણા કાનમાં ઘુસે અને એના કારણે મસા વગેરે થવાની પણ શક્યતા રહે.

(૪) જેને સ્થંડિલમાં કરમિયા પડતા હોય, એણે છાંયડામાં જ બેસવું અને એ છાંયડો પણ સ્થંડિલ ઉપર ૪૮ મિનિટ સુધી ટકે તેવો હોવો જોઈએ. સૂર્યના ભ્રમણને કારણે એ છાંયડો ૧૦-૨૦-૩૦ મિનિટમાં જ ત્યાંથી દૂર થઈ જવાનો હોય અને તે સ્થંડિલના કરમિયા ઉપર સીધો તડકો પડવાનો હોય તો એવો છાંયડો ન ચાલે.

જો આવી છાંયડાવાળી જગ્યા ન મળે, તો એ સ્થંડિલ ઉપર કપડાનો ટુકડો ઢાંકી દેવો જરૂરી છે. જેમને કરમિયા ન પડતા હોય તેઓ તડકામાં સ્થંડિલ બેસે.

(૧૨૦)(૫) શ્રી નિશીથસૂત્રમાં કહ્યું છે કે સંયમી સ્થંડિલ બેસતા પૂર્વે બે-ત્રણ પત્થરો શોધીને લઈ લે. એ પત્થરોમાં નિગોદ ન હોવી જોઈએ કે એ પત્થરોમાં કાણા પણ ન હોવા જોઈએ. એ પછી સ્થંડિલ કર્યા બાદ સૌ પ્રથમ એ પત્થર દ્વારા મળશુદ્ધિ કરે. જેમને ઢીલો મળ પડતો હોય તેઓને વધારે પત્થર જોઈએ. બીજાઓને એક-બે પત્થરમાં પણ શુદ્ધિ થઈ જાય.

પત્થરથી શુદ્ધિ થઈ ગયા બાદ પાણી વડે શુદ્ધિ કરે. આમાં મોટા લાભ એ છે કે પત્થરથી બધો ભાગ શુદ્ધ થઈ ગયો હોવાથી પછી પાણીનો વપરાશ ખૂબજ ઓછો કરવો પડે. વળી આ રીતે કરવાથી હાથ ઉપર મળ ન લાગે, હાથ ન બગડે. એટલે હાથમાં મળની ગંધ પણ ન આવે. એટલે જ પછી માટી વગેરેથી હાથ ધોવાની પણ જરૂર ન પડે.

આજે તો પત્થરનો ઉપયોગ કોઈ કરતું નથી. એટલે આધાકર્મી પાણીનો શુદ્ધિ વખતે

પણ વધારે ઉપયોગ કરવો પડે છે અને એ પછી હાથમાં લાગેલ દુર્ગંધ દૂર કરવા સાબુ-માટીથી એ હાથ ધોવામાં પણ પુષ્કળ પાણીનો વપરાશ કરવો પડે છે.

શાસ્ત્રકારોએ પત્થરના સ્થાને જુના નકામા વસ્ત્રના નાના નાના ટુકડાઓ વડે શુદ્ધિ કરીને પછી પાણીથી શુદ્ધિ કરવાની પણ રજા આપી છે.

આમ વિસ્તારથી છતાં શાસ્ત્રીય નિરૂપણની અપેક્ષાએ ટુંકાણમાં સ્થંડિલ માત્રુની પરિષ્ઠાપનાની વિધિ આપણે જોઈ ગયા.

કફ-શર્દી માટે તો ખેરીયા અને રાખના પ્યાલાનો ઉપયોગ સંયમીમાં પ્રચલિત જ છે. રાખના પ્યાલામાં કફ કાઢ્યા બાદ ઝાડુની સળી વગેરેથી તે કફ રાખમાં હલાવી દેવો કે જેથી એમાં સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ ન થાય. કફ ઓછો નીકળતો હોય તો પંદર દિવસે અને વધુ નીકળતો હોય તો ૫-૭ દિવસે પણ એ રેતી-રાખ બદલતા રહેવી. ટુંકમાં રેતી-રાખ ભીની થવા લાગે એ પૂર્વે જ પરઠવીને નવી રેતી-રાખ ભરવી.

રોજીંદા વિહારમાં આવા પ્યાલા ઓછા ફાવતા હોવાથી અત્યારે ખેરીયાનો ઉપયોગ વધુ જોવા મળે છે. પણ એમાંય આ કાળજી ખાસ કરવી કે ઉનના એ કપડામાં કફ થુંક્યા બાદ કફ બરાબર ઘસી લેવો. જો બરાબર ન ઘસાય તો એમાં સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ થવાની સંભાવના રહે.

એમ કફની ગંધથી કીડીઓ પણ ખેંચાઈ આવે એ શક્ય છે. આ ખેરીયું તડકામાં રાખવાથી કફ જલ્દી સુકાઈ જાય. ખેરીયું કે પ્યાલો ન હોય અને કફ થુંકવો પડે તો નીચે શુદ્ધ ભૂમિ જોઈ ત્યાં થૂંકી પછી પગ વડે એ બરાબર ઘસી લેવો. જો બરાબર પગ વડે માટીમાં ભેળવી દેવામાં ન આવે તો એમાંય સંમૂર્ચ્છિમની શક્યતા રહે.

હા ! જ્યાં લોકોની નજર પડતી હોય તે સ્થાને આવો થુંકેલો કફ ઘસવામાં લોકો અધર્મ પામવાનો, જુગુપ્સા પામવાનો ભય રહે છે. લોકોમાં આ રીતે કફને પગથી ઘસવો એ હલકું-ખરાબ કાર્ય ગણાય છે.

આવા સમયે લોકોને ખબર ન પડે એ રીતે થુંકતાની સાથે જ એના પર બે સેકંડમાં જ પગ ઘસી ચાલતા જ થવું. ઉભા રહીને વધુ સમય સુધી ઘસવા રૂપ સંવિગ્નતા ત્યાં ન દેખાડવી. કદાચ એમાં એ કફ બરાબર ન પણ ઘસાય અને થોડીક વિરાધના પણ થાય. પણ એના કરતાંય લોકો જિનધર્મ-જૈન સાધુ પ્રત્યેક અરુચિ-જુગુપ્સાવાળા ન બને. એ વધુ ગંભીર ઘટના છે. એટલે ત્યાં ગૌરવ-લાઘવનો વિચાર કરી લોકો અધર્મ પામે એ રીતે ઘસવાનું છોડી દેવું એજ વધુ યોગ્ય છે.

કોઈક આચાર્ય ભગવંતો એમ પણ કહે છે નીચે થુંકેલા કફ ઉપર તરત જ પગથી ધુળ નાંખી દઈએ તોય વાંધો નહિ. ભલે એ કફ ધુળમાં એકમેક ન થાય અને ધુળ એ કફ ઉપર જ ઉપર ઉપરથી અડે તોય એ ધુળ વગેરેની સખત ગરમીના કારણે કફમાં સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ ન થાય.

જો આ હકીકત હોય તો ઘસવા કરતા માત્ર પગથી ધુળ નાંખી દેવી એ વધુ સરળ માર્ગ છે. છતાં આ અંગે પોતાના ગીતાર્થ ગુરુજનોને પુછી એમની સલાહ મુજબ પ્રવૃત્તિ કરવી.

શરીરમાંથી નીકળતી મુખ્ય ચાર અશુચિઓ સ્થંડિલ, માત્રુ, કફ, શર્દી પરઠવવાની શાસ્ત્રીય અને પરંપરાગત વિધિઓ જોઈ.

પણ ભગવાન ભદ્રબાહુ સ્વામીએ તો આપણને આશ્ચર્ય થાય એવી અનેક પ્રકારની પારિષ્ઠાપનિકા બતાવી છે. આવશ્યક નિર્યુક્તિ ગ્રંથના ચોથા આવશ્યકના વિવેચનમાં **"पडिक्कमामि पंचहिं समिइहिं"** શબ્દનો અર્થ વર્ણવતી વખતે તેઓએ વિરાટ પારિષ્ઠાપનિકાસમિતિની નિર્યુક્તિ રચી છે. આપણે તેમાંથી અતિ ઉપયોગી કેટલીક બાબતો જ અહીં લેશું.

(૧) કેટલીકવાર ભુલથી કાચું મીઠું વહોરાઈ જાય, ખાંડને બદલે શ્રાવિકા ભુલથી કાચું મીઠું આપી દે અને પાછળથી ખબર પડે તો એ મીઠું જે ઘરમાંથી, જે બરણી વગેરેમાંથી વહોરેલ હોય ત્યાં જ એ પાછુ મૂકી દેવું. એ મીઠાનું પોતાનું સ્વસ્થાન છે. ત્યાં એ સારી રીતે જીવી શકે.

પણ જો શ્રાવિકા આ રીતે કાચું મીઠું પાછું ન લે, બરણી વગેરેમાં મૂકવા ન દે તો પછી ઉપર બતાવેલ ૧૦ ગુણોવાળા સ્થાનમાં એ પરઠવી દેવું. પણ એને રેતી વગેરેમાં કે રાખ વગેરેમાં મિશ્ર કરીને ન પરઠવવું. એ મીઠુ સચિત્ત હોવાથી રાખ વગેરે સાથે ઘસવામાં તો સાક્ષાત્ સચિત્તની હિંસાનો દોષ લાગે. એટલે ૧૦ ગુણવાળા સ્થાનમાં એ મીઠું સુકા-મધુર એવા ઘડાના ઠીકરામાં નાંખીને મૂકી દેવું.

આવું ઠીકરું ન હોય તો વડ કે પીપળાના સુકાઈ ગયેલા પાંદડામાં તે મીઠું લઈ એ નિર્દોષ સ્થાનમાં મૂકી દેવું. એ પછી જે કંઈપણ થાય તેનો દોષ સંયમીને ન લાગે.

(૨) ભુલથી કાચું પાણી વહોરાઈ જાય અથવા ઉકાળેલું પાણી વહોર્યા બાદ એનો કાળ થતા પહેલા જ ચૂનો કરવાનો ભુલી જવાય તો એ પાણી અંગેની શાસ્ત્રીયવિધિ એ છે કે એ પાણી જ્યાંથી લાવ્યું હોય, ત્યાં જ પાછું નાંખી દેવું. દા.ત. ટાંકીમાંથી જ એ પાણી લઈને ઉકાળેલું હોય કે કાચુ જ વહોરાવી દીધું હોય તો આ પાણી એજ ટાંકીના પાણીમાં એકદમ

ધીમેથી પાછુ નાંખી દેવું. પાણીનું એ પોતાનું સ્વસ્થાન હોવાથી એ સુખેથી જીવી શકે. હવે ધારો કે ગામડાઓમાં એ પાણી નદી કે તળાવમાંથી લાવેલા હોય અને સાધુને કાચું વહોરાવી દીધું હોય તો એ પાણી નદી-તળાવના પાણીમાં એકદમ નીચે નમી ધીમેથી પરઠવી દેવું.

જો એ તળાવાદિના પાણી સુકાઈ ગયેલા હોય તો પછી વડ કે પીપળાના પાંદડાના આધારે એના દ્વારા એવી રીતે પરઠવે કે એ પાણીના પ્રવાહ ન થાય.

એવા પાંદડા ન હોય તો છેવટે એકદમ નીચે નમી ઘડા વગેરેનો અગ્રભાગ છેક જમીન સુધી લઈ જઈ ધીમેથી પરઠવી દેવું.

જો એ પાણી કુવાનું હોય તો એ કુવામાં પરઠવવું પડે. હવે જો કુવાના કાંઠાના ભાગો ભીના હોય તો એ ભીના ભાગ ઉપર જ ધીમે ધીમે પરઠવી દે.

હવે જો કુવાના કાંઠાના ભાગો સુકા હોય તો કુવાના અંદરના પાણીમાં પરઠવવા માટે સીધું ઉપરથી પાણી ન નંખાય. કેમકે એમાં તો જોરદાર ઘા લાગવાથી નીચેના પાણી અને નંખાતા પાણી એ બેયની પુષ્કળ વિરાધના થાય.

આ વખતે એ પાતરુ સીકા જેવા વાસણ ઉપર રાખી, એને બેય બાજુથી દોરીથી બાંધી દોરી વડે ધીમે ધીમે નીચે ઉતારવું. છેક પાણીની નજીક પહોંચે, ત્યારે એક બાજુથી દોરી ઉંચી કરી લેવી એટલે પાત્રુ નમી જાય અને બધું પાણી ધીમે ધીમે મુળસ્થાનમાં ભેગુ થઈ જાય. પાત્રુ દોરીથી બાંધેલું હોવાથી પડી ન જાય. પછી દોરી વડે એ પાત્રુ પાછુ લઈ લેવાય. (ત્યારે સંયમીઓ ઘડા વાપરતા ન હતા, બાકી ઘડામાં ય આ જ વિધિ જાળવી શકાય.)

અલબત્ત આ વિધિ વર્તમાનકાળમાં પળાતી નથી અને ગીતાર્થો એ વિધિ પાળવાનું દર્શાવતા પણ નથી. એટલે અત્યારે તો આવુ કાચું પાણી વહોરાઈ જાય કે વહોરેલું પાણી પાછળથી કાચું થઈ જાય તો ઉપરની કોઈપણ વિધિ ન અપનાવવી, પરંતુ સમુદાયના ગીતાર્થ વડીલોને પુછી એમની સૂચના પ્રમાણે જ પ્રવૃત્તિ કરવી.

(ક) કેટલાકો આવા કાચા પાણી જો ટાંકીના હોય તો ટાંકીમાં ધીમેથી પરઠવવાની રજા આપે છે.

(ખ) કેટલાકો વરસાદના પાણીની અંદર એ કાચુ થયેલું પાણી ધીમે ધીમે પરઠવવાનું જણાવે છે.

(ગ) કેટલાકો ભીની જમીનમાં એ કાચુ થયેલું પાણી પરઠવવાની વિધિ જણાવે છે.

મુખ્ય સિદ્ધાંત એ છે કે દરેક જીવને પરકાય એ વધુ મારક બને. સ્વકાય ઓછું મારક બને. પાણી જો રેતી-માટીમાં પરઠવાય, તો પાણી માટે એ રેતી-માટી વધારે શસ્ત્ર બને.

જ્યારે પાણી જો પાણીમાં જ પરઠવાય તો એ રેતી-માટી જેવું શસ્ત્ર ન બને.

પાણીમાંય જુદી જુદી જાતના પાણી એકબીજાના શસ્ત્ર બને. પણ સરખે સરખા પાણી એકબીજાના શસ્ત્ર ન બને કે ખૂબ ઓછા બને.

આ પદાર્થ ગીતાર્થો પાસેથી ખૂબ જ વિસ્તારથી સમજવા જેવો છે. અમે તો માત્ર સ્થૂલ બોધ કરાવવા જેટલું જ વર્ણન કર્યું છે.

(૧૨૧)(૩) અપાત્ર વ્યક્તિને દીક્ષા અપાઈ જાય અને પાછળથી ખબર પડે કે આ સર્વવિરતિ માટે લાયક નથી. તો શિષ્યના મોહમાં તણાયા વિના એને પાછો ઘર ભેગો કરવો એ પણ પારિષ્ઠાપનિકાસમિતિ છે.

કોઈક સંયમી દીક્ષા લીધા બાદ અહીં આવી અપાત્ર બને. મૂલગુણોમાં ભયંકર ભુલો કરે. બે-ત્રણ વાર પ્રાયશ્ચિત્ત આપવા છતાં ન સુધરે. નિષ્ઠુર બનીને મૂલગુણોનો ઘાત કરે. આવા સંયમીઓ ગમે ત્યારે મોટી શાસનહીલનાનું કારણ બનવાની પાકી શક્યતા હોવાથી તેમની દ્રવ્ય દયા ખાધા વિના એને સંસારમાં મોકલી દેવા, એમનો સાધુવેશ લઈ લેવો એ પણ પારિષ્ઠાપનિકાસમિતિ કહેવાય.

(૧૨૨)જેઓ પોતાની શિષ્યસંખ્યા ઘટી ન જાય તે માટે, અપાત્ર શિષ્ય પ્રત્યેના મમત્વભાવથી, લોકોમાં પોતાના માટે થનારી મિથ્યા નિંદાના ભયથી.... એ અપાત્ર શિષ્યોને ઘર ભેગા નથી કરતા અને તેમને સાચવે છે, બધી જાતની અનુકૂળતા કરી આપે છે. તેઓ શાસન શત્રુ જાણવા.

ગચ્છાચાર પયન્નાની સાક્ષી સાથે મહોપાધ્યાયજી સાફ-સાફ કહે છે કે **નિર્ગુણીનો ગુરુ પક્ષ કરે જે, તે ગચ્છ ત્યજવો દાખ્યો. તે જિનવર મારગનો ઘાતક ગચ્છાચારે ભાખ્યો.**

***અર્થ :*** જે ગુરુ નિર્ગુણી સાધુનો પક્ષપાત કરે તે ગુરુનો ગચ્છ છોડી દેવો. આવા ગુરુ (સ્વયં મહાસંવિગ્ન હોય તો પણ) જિનેશ્વરપ્રભુના માર્ગના ઘાતક જાણવા.

સંબોધસિત્તરીમાં કહ્યું છે કે :

**मूलगुणेहिं विमुक्कं बहुगुणकलियंपि लद्धिसंपन्नं ।**

**उतमकुलेवि जायं निद्धाडिज्जइ तयं गच्छं ॥**

***અર્થ :*** જે સાધુ મૂલગુણો વિનાનો હોય. (અર્થાત્ નિષ્ઠુર બનીને જાત જાતની હિંસામાં જોડાતો હોય, અબ્રહ્મ સેવન સુધી પહોંચ્યો હોય) તે ભલે ને ઘણા બધા ગુણોવાળો હોય, ભલે ને લેખન શક્તિ, વ્યાખ્યાન શક્તિ વગેરે ગુણોથી સંપન્ન હોય, ભલે ને અનેક લબ્ધિઓનો સ્વામી હોય, તો પણ જે ગચ્છ એને ગચ્છમાંથી કાઢી શકે છે. એ જ સાચો ગચ્છ છે.

કેટલાકો એવો ભય વ્યક્ત કરે છે કે "આવા મૂલગુણ ભ્રષ્ટોને જો ઘર ભેગા કરી દઈએ, તો ગુસ્સે ભરાયેલા તેઓ સંવિગ્નો ઉપર જ ખોટા આરોપો મૂકે, જેમ તેમ બોલી શાસનની અપભ્રાજના કરે. એટલે જ જેવા તેવા ય એમને સાચવી લેવા."

આનો શું જવાબ દેવો ?

(૧) આવા શિથિલાચારીઓની વાતો ઉપર શિષ્ટ પુરુષો કદિ વિશ્વાસ નથી કરતા. એ ભલે ગમે તે બોલે, એનું સાંભળનારા અને એને પ્રોત્સાહન આપનારાઓ એની જ જમાતના હોય છે. અને એવા લોકોની નિંદાથી જિનશાસનને ઉની આંચ પણ આવવાની નથી. આવા દુર્જનો તો કાયમ માટે વિશ્વમાં રહેલા સુંદર પદાર્થોને ખાંડવાનું જ કામ કરવાના. એમની એ ખાંડણનીતિને લક્ષમાં જ લેવાની શી જરૂર છે ?

(૨) વળી એ ગચ્છ બહાર કઢાયેલા શિથિલાચારીઓ થોડોક ટાઈમ બોલ બોલ કરશે, પણ જો એના સામે કોઈ જ જવાબ ન આપવામાં આવે તો એકપાક્ષિક યુદ્ધથી કંટાળીને છેવટે એ શિથિલો ૧૦-૧૫ દિવસે કે મહિને તો મુંગા થઈ જ જવાના.

(૧૨૭)એને બદલે જો એમને ગચ્છમાં સંઘરી રાખવામાં આવે તો વર્ષો સુધી તેઓ સાધુવેષના પડછાયામાં અનેક પાપલીલાઓ આચરી, કેટલાય જીવોને દુર્લભલોધિ બનાવી, અતિભયંકર શાસન હીલનાઓનું પણ કારણ બની શાસનમાં મહાશત્રુ તરીકે જીવન વીતાવનારા બને. શું આ માન્ય છે ?

(૩) ધારો કે કોઈક કારણોસર એ શિથિલાચારીઓને ઘર ભેગા કરવા શક્ય ન બને. પરંતુ ગુરુ તરફથી એની ઘોર ઉપેક્ષા તો થઈ શકે ને ? એ શિથિલોના પુસ્તકોના ઉદ્ઘાટન ગુરુ કરે, એ શિથિલોની પ્રવૃત્તિની ગુરુ પ્રશંસા કરે, એ શિથિલોને ધનબળ, શિષ્યબળ, ભક્ત બળ પુરુ પાડવામાં ગુરુ અગ્રેસર બને, એ શિથિલોના કાર્યક્રમોમાં ગુરુ હાજરી આપે.... આ બધું શું સૂચવે છે ?

જો ભ્રષ્ટાચારીઓને ઘેર ભેગા કરવા શક્ય ન હોય તો છેવટે એની ઘોર ઉપેક્ષા, એને બિલકુલ સહાય ન કરવી, એ તો આદરી શકાય છે.

બાકી એ હકીકત છે કે વર્તમાનકાળમાં જે ભ્રષ્ટાચારીઓ બિન્ધાસ્ત જીવી શકે છે, એની પાછળ એમને મળતું ગુરુબળ-ભક્તબળ જ અગત્યનો ભાગ ભજવે છે. જો સંવિગ્ન આચાર્ય ભગવંતો શિષ્યની શેહમાં તણાયા વિના એની ઘોર ઉપેક્ષા કરવાનો નિર્ણય કરે તો એ શિથિલાચારીઓને મોટો ફટકો પડ્યા વિના ન રહે. ભલે, તેઓ પોતાના ભક્તબળ ઉપર કૂદાકૂદ કરવા પ્રયત્ન કરે, તોય તેઓને બહુ ફાવટ ન આવે.

જરાક નિહાળીએ જિનશાસનની ઉજ્જવળ પરંપરાના ભવ્ય ઈતિહાસને !

[૧૨૪]ચૌદપૂર્વધર યશોભદ્રસૂરિ જાણતા જ હશે કે વરાહમિહિરને આચાર્યપદવી નહિ આપું, તો એ ભડકશે, દીક્ષા છોડશે, શાસનનો પ્રત્યનીક બનશે. છતાં એની અપાત્રતાને લીધે એને આચાર્યપદવી ન આપી તે ન જ આપી. એક અતિવિદ્વાન, શક્તિશાળી શિષ્ય દીક્ષા છોડી ઘર ભેગો થઈ ગયો તો પણ આર્ય યશોભદ્રસૂરિએ એની પરવા ન કરી.

[૧૨૫]કરોડો જિનબિંબની પ્રતિષ્ઠા કરનારા, સંપ્રતિ મહારાજાના મહાન ગુરુ આર્ય સુહસ્તિસૂરિજીને પણ એમની નાનકડી ગોચરી અંગેની ભુલ બદલ વડીલ શ્રીઆર્ય મહાગિરિજીએ એમને માંડલી બહાર કર્યા.

સાતે સાત નિહ્નવો સુંદર ચારિત્ર પાળતા હોવા છતાં એક એક જિનવચનમાં વિપરીત પરૂપણા કરનારા બન્યા કે તરત શ્રમણસંઘે એમની લેશ પણ દયા ખાધા વિના સંઘની બહાર કાઢી મૂક્યા.

તો મૂલગુણોમાં ય બેફામ બની જીવનારા, સંવિગ્નપાક્ષિકતાના લક્ષણો વિનાના એવા ભ્રષ્ટાચારીઓની શેહ-શરમ શા માટે ?

અપાત્ર શિષ્યોની હકાલપટ્ટી કરી પારિષ્ઠાપનિકા સમિતિનું પાલન કરનારા ગુરુજનો અને ગચ્છો ઈન્દ્રોને ય વંદનીય બને જ એ નિશ્ચિત હકીકત છે.

(૪) પ્રાચીનકાળમાં સાધુ-સાધ્વી કાળધર્મ પામે તો એમનો દેહ ગૃહસ્થોને સોંપાતો ન હતો કે એને અગ્નિદાહ પણ થતો ન હતો. પણ ઉચિત સ્થાનમાં એ મૃતદેહ પરઠવી દેવાતો હતો. પ્રાચીનકાળની એ વિધિ શું હતી ? એ આવશ્યક નિર્યુક્તિમાં ભગવાન હરિભદ્ર સૂરિજીએ વિસ્તારથી વર્ણવેલી છે. એ ત્યાંથી જ જાણી લેવી. વર્તમાનમાં તો મૃતદેહને વોસિરાવવા રૂપે પારિષ્ઠાપનિકા થાય છે, પછી ગૃહસ્થોને સોંપી દેવાય છે, અને તેઓ જ તેનો અગ્નિદાહ કરે છે. એટલે હવે મૃતદેહની પારિષ્ઠાપનિકા સાધુઓ કે સાધ્વીઓએ કરવાની રહેતી નથી.

(ગ) ગોચરી વધી પડે કે ભુલથી આધાકર્માદિ દોષવાળી ગોચરી વહોરાઈ જાય કે ગ્લાનાદિ માટે વહોરેલ આધાકર્માદિ વધી પડે. તો એને વિધિપૂર્વક પરઠવવી પડે.

(૧) ઝેરવાળી, મંત્ર-તંત્રવાળી, વશીકરણવાળી ગોચરી પરઠવવી પડે ત્યારે એને રાખ સાથે બરાબર મિશ્રિત કરીને જીવ રહિત સ્થાનમાં પરઠવવી અને ત્રણવાર બોલવું એ "આ ગોચરી ઝેર, મંત્ર, તંત્ર, વશીકરણીવાળી છે માટે પરઠવું છું."

(૨) આધાકર્માદિ અવિશોધિકોટિ દોષવાળી ગોચરી પરઠવવાની હોય તો એ બધી

ગોચરી પૂર્વે બતાવેલા ૧૦ ગુણવાળા ક્ષેત્રમાં એક ઢગલા રૂપે મૂકી દેવી. એને રાખ વગેરેમાં મિશ્રિત કરીને પરઠવવાની નથી.

(૩) જો સ્થાપનાદિ વિશોધિકોટિદોષવાળી ગોચરી પરઠવવાની હોય તો એ બધી ગોચરી ઉચિત સ્થાનમાં બે ઢગલા રૂપે મૂકી દેવી. રાખ-રેતી વગેરેમાં મિશ્રિત ન કરવી.

(૪) જો એ ગોચરી નિર્દોષ જ હોય, પણ વધી પડવાથી પરઠવવી પડતી હોય તો ઉચિત સ્થાનમાં ત્રણ ઢગલા રૂપે એ પરઠવી દેવી પણ રાખ વગેરેમાં મિશ્રિત ન કરવી.

(૧૨૬)રાખમાં મિશ્રિત ન કરવા પાછળનો આશય એ છે કે બીજા કોઈ ગચ્છના સાધુઓને તે દિવસે કે બીજા દિવસે તે તે વસ્તુની અત્યંત જરૂર પડી. હવે તેઓ પણ શાસ્ત્ર ભણેલા હોય અને સ્થંડિલાદિ માટે આવા અનાપાત-અસંલોક સ્થાનમાં જતા હોય. એટલે ત્યાં તેઓ પરઠવેલી ગોચરી જોઈ જો તેઓને જરૂર હોય તો લઈને વાપરી શકે.

આમાં ગીતાર્થો શાસ્ત્રજ્ઞાતા હોવાથી એક ઢગલો જોઈને સમજી જાય કે આ પરઠવેલી ગોચરી આધાકર્માદિ મોટા દોષવાળી છે. હવે જો એમને એવી જ કટોકટિ હોય કે આવા મોટા દોષવાળી પણ ગોચરી લેવી પડે, તો એ પરઠવેલી વસ્તુ લઈને વાપરે-વપરાવે.

એમ બે ઢગલા જોઈ સમજી જાય કે આ વિશોધિકોટિ દોષવાળી છે અને ત્રણ ઢગલા જોઈ સમજી જાય કે આ તદ્દન નિર્દોષ છે.

આમ જાણી જ્યારે જેની જરૂર હોય ત્યારે તેનો ઉપયોગ કરે. આ કારણસર જ એ પરઠવાતી ગોચરીને રાખ વગેરેમાં મિશ્રિત કરાતી ન હતી.

ઝેર વગેરેવાળી ગોચરી તો કોઈને પણ નુકસાનકારી જ હોવાથી એ કોઈનેય ન અપાય. માટે જ એને રાખાદિમાં મિશ્રિત કરીને પરઠવતા.

(૧૨૭)યતિજીતકલ્પમાં જણાવ્યું છે કે વર્તમાનકાલમાં તો હવે આ જ પરંપરા છે કે કોઈપણ પ્રકારની ગોચરી-પાણી પરઠવવા પડે તો એ રાખ વગેરેમાં બરાબર મિશ્રિત કરીને જ પરઠવવા.

દૂધ-ઘી-શીરો-દૂધપાક વગેરે વિગઈઓ શક્ય હોય ત્યાં સુધી ન પરઠવવી. પરંતુ એ વધી જ પડે અથવા આધાકર્માદિ દોષવાળી હોય તો એ પરઠવવી જોઈએ. એ વખતે એમાં વધુ પ્રમાણમાં રાખ નાંખવાથી-સર્ફ વગેરે નાંખવાથી પાછળથી ત્રસજીવની વિરાધના અટકાવી શકાય છે.

કેટલાકો આ બધી વિગઈઓ આધાકર્મી હોય તો પણ પરઠવવામાં મોટો દોષ માની વાપરી જવાની માન્યતાવાળા છે. આ અંગે મારુ મન્તવ્ય એવું છે કે વર્તમાનકાળની દૃષ્ટિએ

સ્થાપનાદિ દોષવાળી વિગઈઓ પરઠવવાને બદલે વાપરવી વધુ ઉચિત છે. પણ આધાકર્મી-મિશ્ર વગેરે અવિશોધિકોટિ દોષવાળી વિગઈઓ તો પરઠવવી જ ઉચિત છે. કદાચ એમાં થોડીક વિરાધના થાય તોય એ ક્ષન્તવ્ય છે. પણ જો આ રીતે આધાકર્માદિ વાપરવાની શરૂઆત થશે તો નિષ્ઠુરતા પેસવા દ્વારા ભાવવિરાધના થવાની અને તે બિલકુલ ચલાવી ન શકાય.

જેઓ આધાકર્મી વાપરે જ છે, તેઓ પણ પુષ્ટકારણસર જ આધાકર્માદિ વાપરતા હોય તો તેઓ માટે આવી ભુલથી આધાકર્મી વહોરાયેલ વસ્તુ કારણ વિના વાપરવી યોગ્ય નથી જ. ઘણીવાર એવું બને છે કે કોઈ ગ્લાન માંદગી વગેરે કારણસર કોઈક વસ્તુ આધાકર્મી લેતો હોય. હવે માંડલીમાં બીજા કોઈ સાધુનું આધાકર્મી વધે કે ભુલથી આધાકર્મી આવી જાય તો સાધુઓ પેલા ગ્લાનને જ કહેતા હોય છે કે તમે તો આધાકર્મી લો જ છો તો આ વધેલું વાપરી જાઓને !"

આ ઉચિત જણાતું નથી. એ ગ્લાન કારણસર આધાકર્મી વાપરે એનો અર્થ એવો તો નથી જ કે આવા નિષ્કારણના આધાકર્મી વાપરવામાં એને દોષ ન લાગે.

એટલે આવી મોટા દોષવાળી ગોચરી તો વિગઈ હોય તો પણ પરઠવવી ઉચિત છે. અને વિશોધિકોટિના દોષવાળી વિગઈઓ વધે, તો એ વાપરી જવી ઉચિત ભાસે છે.

વિગઈ વિનાની વસ્તુઓ સેવ, મમરા, રોટલી, ભાત વગેરે તો વિશોધિ કે અવિશોધિ કોઈપણ દોષવાળી હોય એ પરઠવી જ દેવી જોઈએ, કે જેથી દોષિત વસ્તુ વાપરવાના સંસ્કાર ન પડે.

જેઓ બિન્ધાસ્ત આધાકર્માદિ દોષવાળી ગોચરી પણ વાપરે છે, તેઓ માટે આ બધો ઉપદેશ નકામો જ બની રહેવાનો.

• • •

વર્તમાનકાળમાં સાધુ-સાધ્વીઓને સ્થંડિલ-માત્રુ પરઠવવાનો પ્રશ્ન ખૂબજ મુંઝવી રહ્યો છે. આપણે શાસ્ત્રદષ્ટિએ તો પારિષ્ઠાપનિકા સમિતિનું અનેક પ્રકારનું સ્વરૂપ નિહાળી લીધું. પણ હવે આ સ્થંડિલ માત્રુ પરઠવવા અંગે ખાસ વિચાર કરવાની જરૂર છે જ. ચાલો, હવે એનો વિચાર કરીએ.

શ્રમણજીવનનું અત્યંત આવશ્યક જો કોઈ કર્તવ્ય હોય તો એ છે ષટ્કાયની રક્ષા ! પોતાના કારણે પ્રમાદથી એકેય જીવ ન મરી જાય એ માટેની કાળજી સંયમીએ ખૂબ ખૂબ રાખવાની છે. આપણે બધાં વાહનો વગેરેનો ઉપયોગ કરવાને બદલે ખુલ્લા પગે ચાલીને જ

બધે ફરીએ છીએ, લોચ કરાવીએ છીએ... આપણા સેંકડો-હજારો સંયમ યોગો પાછળનો જો કોઈ આશય જોવા નીકળશો તો મોટે ભાગે આ એક જ વાત દેખા દેશે "ષટ્કાયની રક્ષા."

શ્રી મહાનિશીથસૂત્ર વગેરે ગ્રન્થોમાં તો સાફ સાફ જણાવી દીધું છે કે

**पुढविदगअगणिमारुअवणस्सइ तह तसाणं जीवाणं । मरणंते वि न पीडा कीरइ मणसा तयं गच्छं ।**

**અર્થ :** પૃથ્વી, પાણી, અગ્નિ, પવન અને વનસ્પતિ જીવોને જે ગચ્છમાં મનથી પણ પીડા કરાતી નથી, મરણ આવી પડે તો ય આ જીવોની હિંસાના ભોગે જીવી લેવાનો વિચાર સુધ્ધા કરતો નથી, તે ગચ્છ છે.

**सव्वे जीवा न हन्तव्वा......... सव्वे जीवा वि इच्छन्ति जीविउं न मरिज्जिउं......** વગેરે ઢગલા બંધ પાઠો આ ષટ્કાયરક્ષા નામના પદાર્થને જ જાહેર કરી રહ્યા છે.

એટલે પ્રત્યેક સંયમીએ ષટ્કાયરક્ષા માટે, પોતાના પ્રમાદથી ષટ્કાયની વિરાધના ન થઈ જાય તે માટે અત્યંત જાગ્રત રહેવાનું છે એ નિશ્ચિત હકીકત છે.

પણ,

જિનશાસનમાં ષટ્કાયરક્ષા કરતા પણ વધુ મહત્ત્વની ચીજ દર્શાવાઈ છે **"પ્રવચનરક્ષા"** જો એકબાજુ ષટ્કાયની વિરાધના થવાની શક્યતા હોય અને બીજી બાજુ શાસનની હીલના = જૈનધર્મની નિંદા = સાધુઓ પ્રત્યે અસદ્ભાવ = જૈનધર્મ પ્રત્યે અરુચિભાવ ઉત્પન્ન થવાની શક્યતા હોય તો એ વખતે કોઈપણ ભોગે પ્રવચનરક્ષા કરવાનું ઠેર ઠેર શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે.

શ્રમણસંઘ ઉપર આવેલી આફત અટકાવવા નમુચિમંત્રીનો વધ કરનાર વિષ્ણુકુમારને કોણ નથી જાણતું ?

પુલાક લબ્ધિધારી સાધુઓ સંઘ ઉપર આવેલી મુશ્કેલીઓ દૂર કરવા રાજાના સૈન્યને પણ યમલોક ભેગું કરી નાંખે, એ કોને નથી ખબર ?

પ્રવચન હીલના ન થાય તે માટે જ પોતાનો ઓઘો-ઉપધિ વગેરે બધું જ બાળીને રાખ બનાવી દઈ, એ રાખ શરીર પર ચોપડી, હાથમાં ચીપીયો લઈ, આબેહુબ બાવો બની "અલખ નિરંજન..." બોલતા, વેશ્યાની સાથે પુજારીની રૂમમાંથી બહાર નીકળી શ્રેણિક રાજા વગેરે હજારો લોકોમાં ઉત્પન્ન થનાર ઘોર શાસનહીલના અટકાવનાર મહાગીતાર્થ મુનિથી કોણ અજાણ છે ?

ચૌદપૂર્વધર, શ્રુતકેવલી ભગવાન ભદ્રબાહુસ્વામીનું સ્પષ્ટ શબ્દોમાં ફરમાન છે કે

**छक्कायदयावंतो वि दुल्लहं कुणइ बोहिं । आहारे निहारे दुगुंछिए पिण्डग्रहणे य ।**

**અર્થ :** ષટ્કાયની દયાવાળો સાધુ પણ દુર્લભબોધિ બને, જો એ જુગુપ્સિત આહાર, જુગુપ્સિત નીહાર (સ્થંડિલ-માત્રુ) અને જુગુપ્સિત ગોચરીગ્રહણ કરે તો.

અર્થાત્ જે સાધુ એવી રીતે આહાર વાપરે, એવી રીતે સ્થંડિલ-માત્રુ જાય, એવી રીતે ગોચરી વહોરે કે જેનાથી ગૃહસ્થો વગેરેને જૈન સાધુઓ પ્રત્યે અરુચિ થાય. "છી ! જૈન સાધુઓ આવા ! આવી રીતે વર્તે છે !..." તો આવી જૈનધર્મ પ્રત્યેની, સાધુઓ પ્રત્યેની અરુચિ પ્રગટાવનાર સાધુ દુર્લભબોધિ બને. આવતા ભવોમાં એ જિનશાસન પામી ન શકે, રે ! કદાચ આ પાપના પ્રતાપે અનંતસંસારી બની જાય.

ષટ્કાયની રક્ષા કરવા જતા અનંતસંસારનું ભેટણું પામી બેસે.

આપણે વાત કરવી છે, સ્થંડિલ-માત્રુ અંગે !

આખી ય શ્રમણસંસ્થા જાણે છે કે "મનુષ્યના સ્થંડિલ-માત્રુ વગેરેમાં ૪૮ મિનિટ બાદ અસંખ્ય સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થતા હોય છે." અને માટે જ એ વિરાધના અટકાવવા સંયમીઓ સંડાસમાં જવાના બદલે ખુલ્લી જગ્યામાં જ સ્થંડિલ-માત્રુ જાય છે અને એ રીતે વિરાધના અટકાવે છે.

જો સંડાસમાં જાય તો એ સ્થંડિલ-માત્રુ ૪૮ મિનિટ કે દિવસોના દિવસો સુધી, કદાચ મહીનાઓ સુધી પણ ન સુકાય... એમાં પુષ્કળ સંમૂર્ચ્છિમજીવોની ઉત્પત્તિ થાય. વળી સંડાસમાં તો કાચા પાણીનો વપરાશ કરવો પડે. હાય ! અતિ અતિ ભયંકર પાપ બંધાય. એટલે સંડાસમાં તો સંયમી કોઈપણ ભોગે ન જાય.

પણ હવે આ ષટ્કાયવિરાધના અટકાવવા માટે સંયમી જે પગલા ભરે છે, એમાં જો શાસનહીલના - સાધુઓની નિંદા - લોકોમાં જૈનધર્મ પ્રત્યે અરુચિભાવ પ્રગટ થતા હોય તો ?

જરાક વાંચો નીચેના પ્રસંગો !

(૧) અમદાવાદ પાલડી વિસ્તારના એક ઉપાશ્રયની પાછળ રહેલા વાડા જેવા ખુલ્લા ભાગમાં એક સાધુ સાંજે માત્રાદિ પરઠવવા માટેની જગ્યામાં "કીડી વગેરેના નગરા નથી ને ?" એ જોવા ગયા. એ જગ્યાની ચારે બાજુ સંઘે પતરા બાંધી દીધેલા. પણ બે પતરાની વચ્ચેની તિરાડોમાંથી અને પતરાના કાણાઓમાંથી અંદરવાળા બહારનું અને બહારવાળા અંદરનું દશ્ય જોઈ શકતા હતા. એ પતરાઓની બહાર સામેની બાજુ ગરીબોના ઝૂંપડાઓ હતા. ઝુંપડાના છોકરાઓ બહાર રસ્તા ઉપર રમતા હતા અને એ છોકરાઓએ પતરાની

તિરાડમાંથી પેલા વસતિ જોવા આવેલા સાધુને જોયા અને તિરસ્કાર સાથે જોરથી બોલ્યા "જુઓ, જુઓ ! પેલા સાધુ "ઘુ" નાંખવા આવ્યા..." આ શબ્દો સાધુના કાને સ્પષ્ટ રીતે સંભળાયા, એ અત્યંત શરમાઈ ગયા. "હાંથમાં પ્યાલો વગેરે કશું ન હોવા છતાં ય મને અહીં આવેલો જોવા માત્રથી આ છોકરાઓ બોલે છે કે – સાધુ વિષ્ટા નાંખવા આવ્યા – તો શું આ બધાને ખબર છે કે જૈન સાધુ-સાધ્વીઓ આ રીતે પ્યાલામાં વિષ્ટા નાંખવા આવે છે !"

હાય ! ગંદા-ગોબરા ઝૂંપડપટ્ટીવાળાઓને પણ જો સાધુ-સાધ્વીઓની આ પ્રક્રિયા માટે ભયંકર અસદ્‌ભાવ થતો હોય તો રોજેરોજ સ્નાન કરનારા, ચોફ્ખાચટ કપડા પહેરનારા, હાઈ-ફાઈ સોસાયટીના આપણા શ્રાવક-શ્રાવિકાઓ અને એમની આજુબાજુ રહેનારા અજૈનોને આ બધામાં શું કુવિચારો નહિ આવતા હોય ? શું તેઓ આ બધાથી અજાણ છે ?

(૨) આજથી લગભગ ૧૩ વર્ષ પૂર્વે સુરત ગોપીપુરાના એક એપાર્ટમેન્ટમાં રહેતા જૈનકુટુંબના બહેન વહેલી સવારે સાડા પાંચ વાગે પાણી ભરવા ઉઠ્યા. બીજે માળે એમનો ફ્લેટ હતો. એ વખતે સુરતમાં મચ્છરોને કારણે મેલેરિયા-ઝેરી મેલેરિયાનો ભયંકર ઉપદ્રવ ચાલુ હતો. ચોમાસાના દિવસો ચાલતા હતા. એ બહેનના ઘરે ય પુત્ર માંદગીમાં પટકાયો હતો, દવા ચાલુ હતી.

ગમે તે કારણે એમની નજર બારીની બહાર ઠેઠ નીચે ગઈ. અને એ હેબતાઈ ગયા. પોતાની ઘરની બારીની નીચે જ એક સાધ્વીજી સ્થંડિલ માટે બેઠા હતા. એક તો મેલેરિયાનો ઉપદ્રવ, ઉપરથી પોતાના જ ઘરે પુત્રની માંદગી અને એમાં આ રીતે પોતાના ઘર નીચે જ આ પરિસ્થિતિ જોઈ એ બહેનનો ક્રોધ આસમાને પહોંચ્યો. અને એ જૈન શ્રાવિકાએ ઉપરથી એક ડોલ ભરીને પાણી સીધું જ એ સાધ્વીજી ઉપર નાંખ્યું. અપશબ્દો ઉચ્ચાર્યા, સાધ્વીજી જતા રહ્યા.

(૩) ખંભાતની એ સોસાયટીમાં ઘણા બધા જૈનો અને અજૈનો રહેતા હતા. સોસાયટીમાં જ એક સ્થાનમાં સાધ્વીજી પણ રહેતા હતા. પણ પૂર્વે બનેલા પ્રસંગોને કારણે સોસાયટીવાળાઓએ સખત નિર્ણય લીધેલો કે સોસાયટીમાં કે એની નજીકમાં બિલકુલ સ્થંડિલ-માત્રુ પરઠવવા નહિ.

પણ એક સાધ્વીજી ભુલ કરી બેઠા અને એમણે ઉપાશ્રયની બહાર આવી સોસાયટીમાં જ માત્રુ પરઠવ્યું, વિવેક ન રાખ્યો. અને આ દશ્ય એક જૈનભાઈએ જોઈ લીધું. એ ભયંકર આવેશમાં આવી ગયા. તરત જ દોડીને ત્યાં પહોંચ્યા અને જોર જોરથી ચીસો પાડતા હોય એ રીતે સાધ્વીજીને અત્યંત ખરાબ અપશબ્દો બોલવા માંડ્યા.

"એ સાધ્વી ! તને ના પાડી છે કે અહીં સોસાયટીમાં કશું જ નાંખવાનું નહિ. તે કેમ આ માત્રુ અહીં નાંખ્યું. હવે જો તને કહું છું ! તારે આ બધું માત્રુ ચાટી જવું પડશે, પીવું પડશે..." નાદાન સાધ્વીજી પણ માફી માંગવાને બદલે સામે ગુસ્સે થઈ જેમ તેમ બોલવા લાગ્યા.

માણસો ભેગા થયા, આશ્ચર્ય તો એ થયું કે એમાં ઘણા ખરા જૈનો હોવા છતાં કોઈએ સાધ્વીજીનો પક્ષ ન લીધો, તે ન જ લીધો.

ઝઘડો પુરો થયો, ક્રોધથી ધમધમતા સાધ્વીજી ઉપાશ્રયમાં ગયા. ગમે તે કારણ હોય પણ, એ દિવસથી જ એમને સ્થંડિલ સાથે લોહી પડવા લાગ્યું. અતિભંયકર વેદના અને રોગે એમના શરીરને ઘેરી લીધું.

(૪) મુંબઈ ગોવાલિયાટેંકથી સાધુઓ એક અતિ વિરાટ બગીચામાં સ્થંડિલ માટે જતા હતા. શરુઆતમાં તો ત્યાંના લોકોને ખબર ન પડી, પણ અંતે આ વાતનો અંદાજ આવતા એ બગીચાની બહાર રહેલા મંદિરના સંન્યાસી વગેરેએ બે-ચાર સાધુઓને પાસે બોલાવી રીતસર ધમકી આપી કે "જો આજ પછી અહીં ફરક્યા છો, અહીં સંડાસ જવા આવ્યા છો, તો હાથ-પગ ભાંગી નાંખીશું. આ બગીચો છે, ઉકરડો નથી..."

(૫) મુંબઈ મરીનલાઈન્સના રેલયાર્ડના પાટાઓ ઉપર સાધુ સ્થંડિલ ગયા. સાધુ બેઠા અને ત્યાં જ આંટો મારતા બે પોલીસ આવ્યા, સાધુ તરત ઉભા થઈ ગયા પણ પોલીસોએ જોયા અને તરત પાસે આવી ધમકાવી નાંખ્યા, **"ये तुमलोग क्यां सब गंदा कर डालते हो ? हमारे बुट ये तुम्हारी विष्टा से गंदे हो जाते हैं । तुम को शरम नहि आती ?"** કાંઈપણ બોલ્યા વિના સાધુ ઉપાશ્રયે પાછા આવી ગયા.

(૬) સુરત શહેરના એક સંઘમાં સાધુઓ રોકાયા. પ્યાલામાં સ્થંડિલ જઈ એક સાધુ પરઠવવા નીકળ્યો. શહેરમાં સીધી જગ્યા તો શી રીતે મળે ? પણ એ સાધુએ એક જુનો બંગલો જોયો. બહારથી એ બંગલો અત્યંત સુમસામ બંધ જેવો જ લાગ્યો. સાધુને થયું કે "આમાં કોઈ રહેતું નથી લાગતું. એની દિવાલ પાસે પરઠવી દઈશ, તો કોઈને કશી જ ખબર નહિ પડે."

અને સાધુએ પરઠવ્યું. પણ સાધુ જ્યારે પરઠવતા હતા ત્યારે જ એ બંગલાનું બારણું ખુલ્યું. હકીકતમાં એ બંગલામાં માણસો રહેતા હતા. એ બારણું ખોલી બહાર આવતા માલિકે સાધુને પોતાની દિવાલ પાસે કશુંક નાંખતો જોયો. એને શંકા ગઈ. સાધુ તો ઝટપટ ચાલીને ઉપાશ્રયે પહોંચ્યા. પણ આ બાજુ પેલો અજૈન ભાઈ બહાર આવ્યો. જોયું તો

'સ્થંડિલ' દેખાણું. એનો ક્રોધ એવો તો આસમાનને આંબ્યો કે પહેરેલે કપડે એ સીધો ઉપાશ્રય તરફ ચાલવા લાગ્યો. ઉપાશ્રયમાં પ્રવેશતા જ એને સાધુના દાંડાઓ નજરે ચડ્યા અને એણે એક દાંડો ઉઠાવી લીધો, ત્યાં એની નજર એક બાજુ સવારનું પ્રતિલેખન કરવા બેઠેલા સાધુ પર પડી (આ સાધુ બીજો હતો, સ્થંડિલ પરઠવનાર નહિ) અને કશું ય બોલ્યા-વિચાર્યા વિના એ ભાઈ દાંડાથી સાધુ પર તુટી પડ્યા. દાંડો તુટ્યો, સાધુને લોહી નીકળ્યું. સાધુઓ અને બીજા શ્રાવકો પણ દોડી આવ્યા. શ્રાવકો એ ભાઈને મારવા જતા હતા, પણ સમજદાર સાધુએ પોતાની ભુલ સ્વીકારી લઈ શ્રાવકોને અટકાવ્યા, માફી માંગી. મહામુશ્કેલીએ એ ભાઈને ઠંડા પાડી પાછા મોકલ્યા.

(૭) ત્રણ-ચાર સાધ્વીજીનું નાનકડું ગ્રુપ રોજેરોજ વિહારો કરતું હતું. રોજ નવા સ્થાને, નવી વ્યવસ્થા ! સાધ્વીજીઓ સંખ્યા ઓછી હોવાથી ગોચરી-સ્થંડિલ એકલા એકલા જ જતા. સંઘાટક વ્યવસ્થા શી રીતે પાળે ?

અને એક સાધ્વીજી બપોરે એકલા બહાર સ્થંડિલ જવા નીકળ્યા. ઝાડી જેવા સ્થાનમાં પહોંચ્યા પણ એમની પાછળ જ એક માણસ ત્યાં આવી ચડ્યો. સાધ્વીજી સ્થંડિલ બેસવા જ જતા હતા, ત્યાં જ એ માણસ આવી ચડ્યો. સાધ્વીજી ગભરાયા, અટકી ગયા. "કેમ ? અહીં કેમ આવ્યા છો ?" હિંમત કરીને પૃચ્છા કરી.

એ માણસ ખંધુ હાસ્ય હસ્યો "તું સ્ત્રી છે કે પુરુષ ?"

સાધ્વીજી એની તગતગતી આંખો જોઈ ગભરાયા. એક પળની રાહ જોયા વિના ત્યાંથી ભાગી ગયા, એ માણસથી બચી ગયા, ઉપાશ્રયે પહોંચ્યા ત્યારે એમને શાંતિ થઈ.

(૮) સુરતમાં એક સંઘમાં સાધુઓ ૧૦ માળના મોટા બિલ્ડીંગની અંદરના કંપાઉન્ડમાંથી પસાર થઈ, એ કંપાઉન્ડની જાળી ખોલી પાછળ આવેલી તાપી નદીના કાંઠે સ્થંડિલ માટે જતા હતા. રોજેરોજ આ રીતે સાધુઓને પોતાની બિલ્ડીંગના કંપાઉન્ડમાંથી જ નીકળી, એ જાળી ખોલીને જતા જોઈ બિલ્ડીંગના ગૃહસ્થો વીફર્યા. એમણે ગુરખા દ્વારા સાધુઓને અટકાવ્યા, સ્પષ્ટ જણાવી દીધું કે "આ બધા સાધુઓ અહીં કંપાઉન્ડમાંથી નીકળી નદી કિનારે બેસે છે, પણ એ અમારા બિલ્ડીંગના કમ્પાઉન્ડની જ દિવાલ છે. અને ત્યાં બેસે એટલે અમને બધાને છેક ઉપર સુધી વાસ આવે છે. માટે કોઈએ અહીં આવવું નહિ."

દૂરની જગ્યાની નીચેની દુર્ગંધ છેક દશમા માળ વગેરે સુધી પહોંચે એ આપણા મનમાં ય ન બેસે, પણ એ ગૃહસ્થોને આ વસ્તુ પ્રત્યે જ તિરસ્કાર હોવાથી ગમે તે રીતે ય એ સાધુઓને અટકાવ્યા. આમાં આપણા જૈન શ્રાવકો પણ સામેલ હતા, ઘણી સંખ્યામાં હતા.

(૯) ૧૦-૧૦ માળની પાંચ બિલ્ડીંગવાળા એક સંકુલમાં જૈનોના ઘરો ઘણા હતા. વચ્ચે એક ભવ્ય દેરાસર હતું. પણ ઉપાશ્રય ન હોવાથી સાધુઓનો સંગ મળતો ન હતો. મુખ્ય વ્યક્તિઓએ પૈસા ભેગા કરી એ સંકુલમાંનો જ એક ફલેટ ખરીદવાનું નક્કી કર્યું કે જેથી સાધુ-સાધ્વીજીઓના ઉપાશ્રય તરીકે એ કામ આવે અને એ રીતે બધાને સાધુ-સાધ્વીજીનો લાભ મળે.

પણ આ વાતની ખબર અજૈનોને અને કેટલાક જૈનોને પડતા તેઓએ સખત વિરોધ કર્યો, કારણ માત્ર એક જ કે "આ બધા સ્થંડિલ-માત્રુ આપણા સંકુલમાં નાંખે... બધુ બગાડે..." અને ના-છૂટકે શ્રાવકોએ એ યોજના રદ કરવી પડી.

(૧૦) વાપીની બાજુના એક ગામમાં સોસાયટીના લોકોએ શિખરબંધી દેરાસર અને ઉપાશ્રય બનાવવાનો નિર્ણય કર્યો. ૫૦ લાખ રૂા. ભેગા કરી લીધા. પણ ત્યાં પણ આ જ મુશ્કેલી ઉભી થઈ. સોસાયટીના અજૈનોએ કહ્યું કે "તમે દેરાસર બનાવો, એમાં અમારો કોઈ વિરોધ જ નથી. ભગવાનના કામમાં વચ્ચે ન આવીએ. પણ ઉપાશ્રય બનાવવા નહિ દઈએ. કેમકે સાધુ-સાધ્વીઓ સ્થંડિલ-માત્રુ બધે પરઠવે. સોસાયટી ગંદી થાય, વાસ મારે..." અંતે કેસ ચાલ્યો. હજી સુધી શ્રાવકો ઉપાશ્રયની મંજુરી મેળવી શક્યા નથી.

(૧૧) એક સંઘના ઉપાશ્રયમાં કેટલાક સાધ્વીજીઓએ પ્રવેશ કર્યો, થોડી જ વારમાં આ ખબર મળતા ત્યાંના મુખ્ય ભાઈ ઉપાશ્રયે આવ્યા, યોગ્ય વિવેક કર્યા બાદ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવી દીધું કે "જુઓ ! સાધ્વીજી ભગવંતો ! મહેરબાની કરી આ ઉપાશ્રયના કંપાઉન્ડની બહાર કશું પણ પરઠવશો નહિ. સાબુનું કે કાપનું પાણી પણ નહિ. થોડા દિવસ પૂર્વે જ અહીં માત્રુ પરઠવવા સંબંધમાં મોટો ઝઘડો થયો છે અને કોર્ટમાં કેસ દાખલ થયો છે. એટલે તમારે ઉપાશ્રયની બહાર ક્યાંય કંઈ જ નાંખવું નહિ."

સાધ્વીજીઓ શું બોલે ?

(૧૨) ઢગલાબંધ સ્થાનોમાં હવે સ્કુલવાળાઓએ સાધુ-સાધ્વીઓને રાત્રે સ્કૂલમાં રોકાવાની વ્યવસ્થા આપવાનું બંધ કરી દીધું છે. કોઈક સાધુ-સાધ્વીઓ ખૂબ આગ્રહ કરે તો પછી મોઢા ઉપર ચોપડાવે છે કે "તમારા લોકો તો આ સ્કુલના મેદાનમાં જ પેશાબ નાંખી જાય છે. આજુબાજુ સંડાસ નાંખી જાય છે. એમનામાં કંઈ વિવેક છે કે નહિ ? ગમે ત્યાં સંડાસ કરવા બેસી જવું એ નાના બાળકોનું કામ છે ! તમે બધા નાદાન છોકરાઓ છો ?..."

(૧૩) સાંભળ્યું છે કે અમદાવાદ મ્યુનિસિપલમાં અત્યારે સાધુ-સાધ્વીજીઓના સ્થંડિલ-માત્રા પરઠવવા સંબંધમાં ૪૦ કેસો નોંધાયેલા પડ્યા છે.

(૧૪) કેટલાક સ્થાનોમાં એવું ય બન્યું છે કે કો'ક સંયમી સ્થંડિલ પરઠવ્યા બાદ પકડાયો, અને લોકોએ ગુસ્સે થઈ એના જ હાથે એ સ્થાનેથી સ્થંડિલ ઉંચકાવડાવ્યું.

હાય ! શ્રમણત્વની કેટલી ઘોર અવહેલના !

(૧૫) કેટલાય સાધ્વીજીઓના અનુભવ છે કે તેઓ જ્યારે પ્યાલો લઈને માત્રુ કે સ્થંડિલ પરઠવવા જતા હોય ત્યારે રસ્તા પર રહેલા લોકોના કે આજુબાજુના લોકોના મોઢા ચડી જાય. બધા એમની સામું જુએ. ક્યાંક નાંખવા જાય કે બુમ પડે "એ મહારાજ ! અહીં નહિ. આગળ દૂર જાઓ. અહીં ગંદકી નહિ કરવાની..." અને આવા અપમાનો અનેકોની વચ્ચે સહીને એ સાધ્વીજીઓ આગળ પરઠવવા જાય. બધા નિંદા કરે, ગંદા શબ્દો બોલે.

(૧૬) કેટલાય સાધ્વીઓના અનુભવ છે કે એ જ્યારે સ્થંડિલ-માત્રુ પરઠવવા નીકળ્યા હોય ત્યારે તરત એ વાત જાણી ગયેલા અજૈનો વગેરેએ એમને પથરાઓ મારી મારીને ભગાડ્યા છે.

(૧૭) એક સાધ્વીજીને ૧૦૦-૧૦૧ ડીગ્રી તાવ હતો, સ્થંડિલની શંકા થઈ, પ્યાલામાં જઈ તો આવ્યા. પણ પરઠવવાનું સ્થાન અડધો-પોણો કી.મી. દૂર હતું. વાડાની વ્યવસ્થા ન હતી. બીજા સાધ્વીજીઓ દૂર પરઠવવા જઈ શકે તેમ ન હતા. ચોમાસાનો સમય હતો. હિંમત કરીને પ્યાલો ઝોળીમાં બાંધીને સાધ્વીજી પરઠવવા નીકળ્યા. અડધે રસ્તે પહોંચ્યા અને ધોધમાર વરસાદ તુટી પડ્યો.

સાધ્વીજી ગભરાયા. આગળ કે પાછળ ક્યાંય ન જવાય એવી પરિસ્થિતિ સર્જાણી. એક દૂકાન/ઘરના પતરાના ભાગ નીચે ઉભા રહ્યા. પણ મનમાં ભારે ચિંતા થવા લાગી. "હાથમાં સ્થંડિલનો પ્યાલો હતો. એનું શું થશે ? ક્યારે પરઠવાશે ? વરસાદ ક્યારે ધીમો થશે...?" સાધ્વીજી ખૂબ જ ગભરાઈ ગયા. રીતસર આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા. પણ કોણ સહાય કરે ?

થોડીવાર બાદ વરસાદ ધીમો પડતા જ એ ઝટપટ નીકળી સ્થંડિલ પરઠવી પાછા ઉપાશ્રયમાં આવ્યા. તાવ હોવા છતાં એ વખતે એમને હાશકારો અનુભવાયો.

(૧૮) કેટલાક સ્થાનો એવા હોય છે કે જેમાં વહેલી સવારથી મોડી રાત સુધી તો ક્યાંય સ્થંડિલ પરઠવી જ ન શકાય. ચારે બાજુ ગીચ વસ્તી હોય અને પુષ્કળ અવરજવર હોય.

આવા સ્થાનોમાં રાત્રે વહેલી સવારે ૪-૫ વાગે જ સ્થંડિલ પરઠવવા જવું પડે. આવા સ્થાનોમાં રહેલા કેટલાક સાધ્વીજી તો આના કારણે એટલા ભયભીત હોય છે કે તેઓ રાત્રે ઉંઘમાં ઝબકી ઝબકીને જાગે છે. "જો ભુલેચૂકે ઉઠવામાં મોડું થઈ ગયું તો પછી સ્થંડિલ

પરઠવવું ક્યાં ? આ સ્થાનમાં તો વહેલી સવારથી જ છાપાવાળા, દૂધવાળા, ટ્યુશનવાળા...ની અવરજવર શરુ થઈ જાય...." એટલે મોડું ન થઈ જાય એ માટે વારંવાર ઝબકીને જાગે છે.

આ શ્રમણી ભગવંતોની કેવી માનસિક ભયભીત દશા !

(૧૯) એક સાધ્વીજી સવારે સ્થંડિલ પરઠવવા તો નીકળે પણ ચારેબાજુ વસતિ હોવાને લીધે રોજ ભય રહે. રોજેરોજ એમને ગભરાટ થાય. જ્યારે એ પરઠવીને ઉપાશ્રયમાં આવે, ત્યારે એમના મુખ પર પરમ આનંદ તરવરી ઉઠે.

એક દિવસ તો મહામુસીબતે પરઠવીને ઉપાશ્રયે પહોંચ્યા અને બધા સાધ્વીજીઓની વચમાં જ બોલ્યા "અત્યારે ત્રણ જગતમાં મારા જેટલી સુખી વ્યક્તિ કોઈ નહિ હોય. મને અત્યારે પરમ હાશકારો થયો છે..."

એક માત્ર સ્થંડિલ પરઠવાઈ જવાથી જો ત્રણલોકની સૌથી સુખી વ્યક્તિ પોતાની જાત લાગતી હોય તો એનો સીધો અર્થ એ જ છે ને ? કે સ્થંડિલ જ્યાં સુધી ન પરઠવાય ત્યાં સુધી ભય-શંકાશીલતાદિને કારણે ત્રણલોકની સૌથી દુ:ખી વ્યક્તિ પણ પોતાની જાત જ લાગતી હશે !

(૨૦) જ્યાં સીધું સ્થંડિલ જવાય કે જ્યાં સ્થંડિલ પરઠવાય એ બે ય સ્થાનો લગભગ ઉકરડા જેવા, નદી કિનારા જેવા કે એવા જ કોઈક સ્થાનો હોય છે કે પ્રાય: એની આજુબાજુ મુસલમાનો-માછીમારો-ગરીબો-નીચલી કોમના માણસોની ઝૂંપડપટ્ટીઓ હોય. સાધ્વીજીઓ આવી વસતિમાંથી પસાર થઈ સ્થંડિલ-માત્રુ પરઠવવા જાય. એ બિલકુલ ઉચિત નથી. સંઘાટક તરીકે જાય તો પણ છેવટે તો બે ય સ્ત્રીજાતિ જ ને ! એમાં યુવાન હોય, રૂપવાન હોય એ ય શક્ય છે.

પેલા નીચકોમના માણસો ! બધી રીતે ખરાબ સંસ્કારવાળા હોય, તેઓ વિકારી નજરે સાધ્વીજીઓને જુએ, ક્યારેક મશ્કરી પણ કરે, ....

સાધ્વીજીઓ મુંગા મુંગા આ બધું સહન કરે. કોને કહે ? શું કરે ?

રે ! કેટલાક અકથનીય પ્રસંગો બન્યા હશે તો ય કોણ એ જાહેર કરવાનું છે ! બધું દટાઈ જાય. કોણ પોતાની સાથે બનેલા અણઘટિત બનાવોને જાહેર કરે !

(૨૧) દીક્ષા વખતની હાથ ઉપરની મહેંદીના રંગ પણ જેના સુકાયા ન હતા, વડીદીક્ષા ય જેની થઈ ન હતી, હૃદયમાં સંયમ પાળવાના - સાધના કરવાના ઉમંગો તો હજી ઉછળી રહ્યા હતા એવા ૧૮ વર્ષના શ્રીમંતઘરના યુવાન નૂતન દીક્ષિત સાધ્વીજી સાબરમતીના રેલ્વે

પાટે વહેલી સવારે બીજા કોઈક સાધ્વીજી સાથે સ્થંડિલ ગયા.

ત્યાં ચાર ગુંડાઓ આવી ચડ્યા. નૂતન દીક્ષિતને પકડી લીધા, બીજા જુના સાધ્વીઓ ગમે તે રીતે ભાગી ગયા પણ આ સાધ્વીજી છટકી ન શક્યા.

અંતે ચારે યના બળાત્કારનો ભોગ બન્યા. એક મહાન સંયમિની સાધ્વીજી આ શી રીતે સહન કરી શકે ? આ બલાત્કારો જીરવવાની શક્તિ ન તો એમના શરીરમાં હતી કે ન તો એમના મનમાં ! એમને સખત લાગ્યો, એ જ દિવસે મૃત્યુ પામ્યા.

ક્યાં અનંતસંસારનો ક્ષય કરવાની એક માત્ર તમન્નાથી મહાભિનિષ્ક્રમણના પંથે ડગ માંડનારી શ્રીમંતઘરની વૈરાગી કન્યા ! અને ક્યાં થોડા જ દિવસોમાં બલાત્કારનો ભોગ બની અનંતની યાત્રાએ નીકળી પડેલ કોહીનૂરરત્નતુલ્ય સાધ્વીજી !

આંખોમાંથી દડદડ આંસુ ન પડી જાય ? આ ઘટના સાંભળીને !

(૨૨) એક ઉપાશ્રયમાં નવા આવેલા સાધ્વીજીઓને ટ્રસ્ટીએ નમ્રતાપૂર્વક છતાં સ્પષ્ટ શબ્દોમાં ચોકૂખું કહી દીધું કે “જો અહીં રહેવું હોય તો ફરજિયાત સંડાસમાં જ જવું પડશે. અહીં સ્થંડિલ-માત્રુ ક્યાંય પરઠવાશે નહિ. વાડાની કોઈ વ્યવસ્થા નથી.”

તરત જ એ સાધ્વીજીઓ ત્યાંથી ચાલ્યા ગયા.

(૨૩) અમદાવાદ-વાડજ વિસ્તારમાં એક સાધ્વીજી રોજ ઉપાશ્રયની સામેના મેદાનમાં કે “જયાં ભરવાડો વગેરે ઝૂંપડી બાંધીને રહેતા હતા.” ત્યાં જ પરઠવી આવતા. ભરવાડોને આ બધી ખબર પડી કે આ સાધ્વીજી અહીં આવું ગંદુ નાંખી જાય છે, અને એક દિવસ બધાએ પરઠવવા આવેલા સાધ્વીજીને ખૂબ ખખડાવ્યા. “મહારાજ ! અમે બધા અહીં રહીએ છીએ, તમને કંઈ ભાનબાન છે કે નહિ ?”

સાધ્વીજી ગુસ્સે ભરાયા. ત્યાં તો કંઈ બોલી ન શક્યા, પણ ઉપાશ્રયે આવી ટ્રસ્ટીઓને બોલાવીને કહે કે “તમને શાસન ઉપર રાગ છે કે નહિ ? પેલા ભરવાડો મને ગમેતેમ બોલે અને તમે એમની સામે કંઈ ન કરો ? મારી તરફેણમાં તમે એમનો ઉધડો લઈ લો.”

બિચારા ટ્રસ્ટીઓ શું બોલે ?

ઉપર બતાવેલા ૨૩ પ્રસંગો એ કંઈ મનઘડંત કલ્પનાઓ નથી. એ તદ્દન વાસ્તવિક હકીકતો છે. નકરું સત્ય છે. કોઈ આને ગપ્પા-જુટ્ઠાણું માનવાની ભુલ ન કરે.

આટલા બધા પ્રસંગો દર્શાવવાનું કારણ પણ એ જ છે કે આ પ્રશ્નને કોઈ સામાન્ય કે ક્યારેક જ બનનારા તરીકે ન સમજે. આ ઘણો વ્યાપક બનેલો સળગતો પ્રશ્ન છે.

આવા ઢગલાબંધ પ્રસંગો જ્યારે જાણવા મળ્યા ત્યારે હૈયું રડી ઉઠ્યું. કોઈપણ સમુદાયના

સાધ્વીજી હોય, એ મારા જિનશાસનના સાધ્વીજી છે. મારા સાધર્મિક છે. સંસારત્યાગી સર્વવિરતિધર મહાત્મા છે. મારાથી આ શી રીતે સહન થાય ?

ઉપરના પ્રસંગો ઉપરથી કેટલીક બાબતો ઉઘાડી દેખાય છે.

(૧) સ્થંડિલ-માત્રુ પરઠવવાના પ્રશ્ને જૈનો અને અજૈનોમાં સાધુ-સાધ્વીજીઓ પ્રત્યે અરુચિ-અસદ્ભાવ-તિરસ્કાર પેદા થઈ રહ્યો છે. "જૈન સાધુઓ ગંદા-ગોબરા છે" એવી લાગણી તેઓના મનમાં પ્રવર્તવા લાગી છે.

(૨) સ્થંડિલ-માત્રુ પરઠવવાના સંબંધમાં જિનશાસનની નિંદા-હીલના વ્યાપક બની રહી છે.

(૩) સાધ્વીજીઓનું શીલ જોખમમાં મૂકાઈ રહ્યું છે.

(૪) સાધ્વીજીઓ ખૂમારી સાથે સંયમ પાળવાને બદલે ભયભીત બની - ચોરી છૂપીથી સંયમ પાળી રહ્યા છે.

(૫) કાં તો સંયમીઓ નિષ્ઠુર બની સંડાસનો વપરાશ કરવા તરફ આગળ વધી રહ્યા છે. કાં તો ગમે ત્યાં પરઠવી શાસનહીલનામાં નિમિત્ત બની રહ્યા છે.

પૂજનીય તમામ ગચ્છાધિપતિશ્રીઓ, શાસન પ્રભાવક આચાર્ય ભગવંતોને મારી વિનંતિ છે કે શ્રાવક-શ્રાવિકાઓના ઉત્થાન-આરાધના માટે આપણે સહુ કરોડો રૂપિયા-અબજો રૂપિયા ખર્ચાવીએ છીએ. કરોડો-અબજો રૂપિયાના નૂતન તીર્થો, પ્રાચીન તીર્થોના જીર્ણોદ્ધારો, છ'રીપાલિત સંઘો, ઉપધાનો, શિબિરો વિગેરે ઘણું-ઘણું શ્રાવક-શ્રાવિકાઓની આરાધનાદિ માટે આપણે કરીએ છીએ. અને એ યોગ્ય છે. એનાથી શ્રાવક-શ્રાવિકાવર્ગમાં આરાધનાઓ વધી છે.

પણ એની સાથે આપણા હજારો શ્રમણ-શ્રમણીઓના માથાનો દુ:ખાવો બની રહેલા આ વિકટ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે પણ આપ સહુ પ્રયત્નશીલ બનો.

દરેક ગચ્છાધિપતિશ્રીઓનું પોત પોતાનું વિશિષ્ટ પુણ્ય છે. તેઓ ધારે ત્યારે કરોડો રૂપિયા ખર્ચાવી શકે એવા તેમની પાસે ભક્તો છે. તેઓ માત્ર આ પ્રશ્ન અંગે ગંભીર બને અને વહેલામાં વહેલી તકે એનો ઉકેલ લાવે.

ઉપરના ૨૩ દૃષ્ટાન્તો માત્ર આ પ્રશ્નની ગંભીરતા દર્શાવવા માટે જ જણાવ્યા છે.

શાસ્ત્રોમાં બતાવેલ સંપૂર્ણ દોષરહિત શુદ્ધભૂમિની વ્યવસ્થા કરવી એ તો આજે મને ખૂબ જ કપરી જણાય છે. પણ (૧) સાધુ-સાધ્વી-શાસનની નિંદા-હીલના થતી અટકે (૨) સંડાસાદિ અત્યંત હિંસાસ્પદ ઉપાયો અજમાવવા ન પડે, એ પાપ આખાય શ્રમણસંઘમાં

ફેલાઈ ન જાય (૩) સાધ્વીજીઓને શીલનો ભય ન રહે એવી કોઈક વ્યવસ્થા આપણે ગોઠવવી જોઈએ.

આ વિષયમાં સમુદાય ભેદ, માન્યતાભેદને જોઈ મધ્યસ્થ રહેવું બિલકુલ ઉચિત નથી. કેમકે (૧) આ પ્રશ્ન કોઈ એક સમુદાય, ગચ્છ પુરતો નથી. પણ તમામે તમામ ગચ્છો-સમુદાયોને સ્પર્શી રહેલો આ પ્રશ્ન છે. (૨) સ્થંડિલાદિ પરઠવવામાં ભુલ-ગરબડ સ્થાનકવાસીથી થાય કે દેરાવાસીથી, ખરતરગચ્છીય સંયમીથી થાય કે તપાગચ્છીયસંયમીથી થાય ત્રિસ્તુતિક સાધુથી થાય કે ચતુઃસ્તુતિક સાધુથી થાય. નિંદા કરનારાઓ તો જૈનશાસનની જ, તમામ જૈન સાધુ-સાધ્વીની જ નિંદા કરે છે.

એટલે સ્થાનકવાસીઓ એમ વિચારે કે "આ તો દેરાવાસી સાધુથી શાસનહીલના થઈ છે, આપણા સાધુથી નહિ." કે દેરાવાસીઓ પણ આવો વિચાર કરી ઉપેક્ષા કરે તો એ ગંભીર ભુલ કહેવાય. કેમકે નુકશાન તો બેયને વહાલા જિનશાસનને જ થાય છે. નિંદા કરનારાઓ "સ્થાનકવાસીનું જૈનશાસન ખરાબ છે, સ્થાનકવાસી સાધુ-સાધ્વીઓ ખરાબ છે." એવી રીતે કે પછી દેરાવાસીના શાસન-સાધુ-સાધ્વીની નિંદા નથી કરતા. તેઓ તો બધાને જૈન ગણી, સંપૂર્ણ જૈનશાસનની અને સંપૂર્ણ જૈનસાધુસંસ્થાની જ નિંદા કરે છે.

નુકશાન કોના નિમિત્તે થાય છે ? એ મહત્ત્વનું નથી. પણ નુકશાન કોને થાય છે એ મહત્ત્વનું છે. નુકશાન આપણને બધાને થાય છે, અને માટે ભલે ગમે તે દ્વારા એ નુકશાન થતું હોય, તે અટકાવવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

આપણા ઘરને આગ મુસલમાન લગાડે કે હિન્દુ લગાડે આપણે તો બે ય ને અટકાવવા જ પડે. કેમકે આગથી ઘર તો આપણું જ બળે છે.

એમ શાસનહીલના - સાધુનિંદા સ્થાનકવાસીના નિમિત્તે થાય કે દેરાવાસીના નિમિત્તે થાય, બે ય ને અટકાવવાની ફરજ આપણી બની રહે છે. કેમકે શાસન + સાધુસંસ્થા તો આપણી જ છે.

મારા ક્ષયોપશમ પ્રમાણે આ પ્રશ્ન અંગે કંઈક સમાધાન હું આપીશ. છેલ્લે તો પૂજનીય ગચ્છાધિપતિશ્રીઓ જ આનો યોગ્ય નિર્ણય કરે.

(૧) "સ્થંડિલ કાં તો સીધા જ જવાય અથવા તો પ્યાલામાં જઈને પછી પરઠવી અવાય." એમ સ્થંડિલ માટેના બે વિકલ્પો છે. એમાં જો સીધા જ જવું હોય તો એ માટે લોકોની નજર ન પડે, અવરજવર ન હોય તેવી જગ્યા જોઈએ. આજે મોટા શહેરોમાં આવી જગ્યાઓ જલ્દી મળતી નથી. ધારો કે આવી નિર્જન જગ્યાઓ મળે તો પણ ત્યાં મવાલીઓ

- હલકા માણસો આજુબાજુ રહેતા હોય છે. તેઓની પાસેથી પસાર થઈને આવી જગ્યાએ જવાનું થાય છે. વળી એ બધા પણ આવી જગ્યાએ સ્થંડિલ જતા હોય.

હવે આવા નીચ લોકોના એરિયામાંથી પસાર થઈને સ્થંડિલ ભૂમિમાં જવું એ સાધ્વીજીઓ માટે અત્યંત જોખમ ભરેલું છે. દારુ પીનારા, ગંદા પીક્ચરો જોનારા, જેલમાં જવાથી ય નહિ ગભરાનારા આ બધા લોકો ક્યારે શું કરી બેસે એ કહી ન શકાય.

વળી "આવા નિર્જન સ્થાનમાં સાધ્વીજી જાય છે" એવી તેઓને ખબર પડે તો તેઓ ત્યાં જ છૂપાઈને સાધ્વીજીને પકડી લે. ત્યાં એમની રક્ષા કોણ કરે ?

હવે તો આવા મવાલીઓ ય જાણી ગયા છે કે "સાધ્વીજીઓની રક્ષા કરનાર કોઈ એમની સાથે નથી. અને અહિંસાપ્રિય સાધ્વીજીઓ આક્રમક બની શકતા હોતા નથી." એટલે આ બધા તત્ત્વોથી સાધ્વીજીઓને ખૂબ જોખમ રહે છે.

સાંભળ્યું છે કે દક્ષિણ ભારતમાં એક સ્થળે વેશ્યાનો ધંધો ચલાવનારી અક્કાએ રસ્તા ઉપર ચાલતા રૂપવાન સાધ્વીજીને માણસો દ્વારા અપહરણ કરાવી રીક્ષામાં બેસાડી દીધા. રીક્ષા પુરપાટ આગળ વધવા લાગી. પણ સાધ્વીજીએ એટલો બધો સખત પ્રતીકાર કર્યો કે છેવટે તે અક્કા હાંફી ગંઈ. ચાર કિ.મી. દૂર જંગલ જેવા વિસ્તારમાં ચાલુ રીક્ષામાંથી એ સાધ્વીજીને નીચે નાંખી દઈ અક્કા પોતાના માણસો સાથે ચાલી ગઈ.

ગિરનાર સહસાવનની યાત્રા કરી એકલા સાધ્વીજી (આમ તો મોટું ગ્રુપ હતું. પણ કોઈક કારણસર તે ૫૦૦ ડગલા પાછળ એકલા રહી ગયા.) નીચે ઉતરી રહ્યા હતા. તદ્દન સુમસામ રસ્તો હતો. અચાનક સંપૂર્ણ નગ્ન કોઈક પુરુષ ધસી આવ્યો. એણે સાધ્વીજીને નીચે પટકી બલાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો.

પણ ભગવાનનો પાડ માનો કે એ સાધ્વીજી પુષ્કળ પ્રતીકાર કરી, જોરથી ધક્કો-લાત મારી એ પુરુષને પાડી દઈ સડસડાટ ભાગી ગયા, બચી ગયા.

આ બધી પરિસ્થિતિઓમાં સાધ્વીજી નિર્જન સ્થાને = અવરજવર + નજર વિનાના સ્થાને સ્થંડિલ જાય એ ભારે જોખમ ભરેલું છે.

હવે જો આનાથી બચવા પ્યાલામાં જઈને પરઠવવાનો વિકલ્પ અપનાવે તો શાસનહીલનાનો પ્રશ્ન નડે છે. જો આજુબાજુમાં - કચરાપેટીમાં નાંખે અને લોકોને ખબર પડે (ખબર પડી જ જાય છે. છાનું કંઈ રહેતું નથી.) તો શાસનહીલનાનો મોટો ભય છે.

અને જો પ્યાલો છેક દૂર સુધી પરઠવવા જાય તો રસ્તામાં ક્યાંય પ્યાલો પડી ન જાય એની સખત કાળજી કરવી પડે. રસ્તો ઓળંગતા કે ગમે તે રીતે કોઈની ટક્કર, ધક્કો લાગે,

પ્યાલો પડી જાય તો મુશ્કેલીનો પાર નહિ.

આણંદમાં એક સાધુ રાખમાં સ્થંડિલ જઈ સામેના ઉકરડામાં નાંખવા જતા હતા ત્યાં જ બાજુમાં જ મુસલમાનની દુકાન હતી. મુસલમાન છોકરાએ પૂછ્યું કે **"अेय ! क्या डालता हैं यहाँ ? मुझे दिखाओ ।"** કોન્વેન્ટની હોંશિયારીવાળા સાધુએ જવાબ આપ્યો કે **"इसमें हमारी मंत्रित राख है, देखनी हैं, बहुत नुकशान होगा तेरे को ।"** મુસ્લિમ ગભરાઈ ગયો એટલે સાધુ બચી ગયા.

વળી "આવી રીતે સ્થંડિલવાળો પ્યાલો આ જૈન સાધુઓ લઈ જાય છે." એવી જૈનો કે અજૈનોને ખબર પડે એટલે સાધુ-સાધ્વીઓ પ્રત્યે કેટલો દુર્ભાવ થાય ! "આ તો ભંગીનું કામ છે. આ ઉંચીકોમના સાધુઓ આવા ભંગીના કામ કરે છે ?" એવા વિચારો આવે જ. અને અમદાવાદમાં આ જ બન્યું છે. નીચલી કોમના માણસોની ઝૂંપડપટ્ટીમાંથી પસાર થઈને સાધુઓ રોજ સ્થંડિલનો પ્યાલો પરઠવવા જતા. થોડા દિવસ બાદ તે બધાને ખ્યાલ આવી ગયો. સાધુઓને આવવાની ના પાડી. 'નિંદા કરી હશે જ.' એ કલ્પી શકાય છે.

અને હવે તો ઘણા બધા આ જાણતા થઈ ગયા છે કે "જૈન સાધુ-સાધ્વીઓ આવી રીતે પ્યાલામાં સ્થંડિલ લઈને પરઠવતા હોય છે."

આ બધી પરિસ્થિતિમાં પ્યાલામાં લઈને દૂર પરઠવવા જવું કેટલું ઉચિત ? એ ગંભીર પ્રશ્ન છે.

મને લાગે છે કે શાસ્ત્રકારોની બાંધેલી મર્યાદાઓ આપણે ભાંગી નાંખી, માટે જ આ બધા પ્રશ્નો ઉભા થયા છે. આપણે શ્રાવકોને કહીએ છીએ કે "તમે તમારી શ્રાવકજીવનની મર્યાદામાં રહો. એનું ઉલ્લંઘન તમે ન કરી શકો." પણ આપણે જ શાસ્ત્રની મર્યાદાઓ આપણી અજ્ઞાનતાને લીધે ઓળંગીને પેટ ચોળીને શૂળ ઉભું કર્યું છે.

બૃહત્કલ્પમાં સાધુઓને માટે માસકલ્પની સામાચારી દર્શાવતી વખતે ભદ્રબાહુસ્વામીએ અને ટીકાકારે જણાવ્યું છે કે "સાધુઓને એક એક મહિનો એક-એક સ્થાને રહેવા સ્વરૂપ માસકલ્પ છે. પણ સાધ્વીઓ માટે એક સ્થાને બે મહિના રહેવું એ જ માસકલ્પ ગણવો. અર્થાત્ શેષકાળમાં કુલ ૪ સ્થાનોમાં ૨-૨ મહિના રહીને ૪ માસકલ્પ સાધ્વીજીઓએ કરવા.

ત્યાં પ્રશ્ન થયો કે સાધુઓને માટે ૮ સ્થાનમાં એક એક માસ રહેવા રૂપ ૮ માસકલ્પ અને સાધ્વીજીઓને ૪ સ્થાનમાં બે-બે માસ રહેવા રૂપ ૪ માસકલ્પ.. આવો ભેદ શા માટે પાડવામાં આવ્યો ?

તો શાસ્ત્રકારોએ ફરમાવ્યું કે સાધ્વીજીઓના શીલ-સંયમની રક્ષા માટેના અનુકૂળ સ્થાનો

જલ્દી ન મળે, ઓછા મળે. એટલે તેમને માટે ૮ સ્થાનો શોધવા ખૂબ અઘરા પડે. માટે જ્યાં શીલ-સંયમની રક્ષા થાય તેવા ચાર જ સ્થાનોમાં શેષકાળના આઠ મહિના પસાર કરવા."

આ શાસ્ત્રપાઠ જોયા પછી એવું સ્વીકારવું જ પડે કે સાધ્વીજીઓ વધુ વિહાર કરે, વધુ ક્ષેત્રોમાં ફરે તે શાસ્ત્રકારોને બિલકુલ માન્ય નથી.

જો બ્રહ્મચર્ય મહાવ્રત નિરપવાદ ગણાતું હોય, તેમાં કોઈપણ જાતના અપવાદ અપાયા ન હોય તો પછી બ્રહ્મચર્યની જ રક્ષા માટે શાસ્ત્રકારોએ જે મર્યાદાઓ બાંધી છે એનું ઉલ્લંઘન શી રીતે કરાય ? એ મર્યાદાઓ પણ અપવાદ વગર જ કટ્ટરતાથી પાળવી ન જોઈએ ?

જે સ્થાનો એવા હોય કે ડાયરેક્ટ સ્થંડિલ જવામાં સાધ્વીજીઓને પણ ભય ન રહેતો હોય અને પરઠવવાની વ્યવસ્થિત જગ્યા પણ હોય એવા સ્થાનોમાં જ બે-બે મહિના રહીને શીલરક્ષા-સંયમરક્ષા ન કરવી જોઈએ ?

કે એને બદલે આજે ૪ સ્થાનમાં ૮ માસ પસાર કરવાની વાત તો દૂર રહી. પણ ૪૦ સ્થાનોમાં કે કદાચ ૮૦ સ્થાનોમાં ૮ માસમાં સાધ્વીજીઓ ફરતા હશે. પુષ્કળ વિહારો, રોજેરોજની સ્થાન બદલી, ત્યાં સાધ્વીજીઓના સંયમ-શીલ માટેની વ્યવસ્થાઓની ખામી... આ બધું થાય એટલે પછી સંયમ કે શીલમાંથી એકાદનો ભોગ લેવાય. નિર્દોષ ભૂમિ શોધવા જાય તો શીલના જોખમ અને શીલ સાચવવા વાડા-સંડાસાદિનો ઉપયોગ કરે તો સંયમનું કચ્ચરઘાણ નીકળે. એ બે ય થી બચવા ગમે ત્યાં સ્થંડિલ જવાનું કે પરઠવવાનું કરે તો જિનશાસનનો ભોગ લેવાય. આપણે શાસ્ત્રમર્યાદાઓ તોડીએ અને પછી મુશ્કેલીમાં મૂકાઈએ એમાં શાસ્ત્રકારોનો શું દોષ ?

વળી હજારો વર્ષો પૂર્વે પણ કે જ્યારે શ્રમણ ભગવાન મહાવીર વગેરેની દેશનાના શબ્દો ચારેબાજુ ગુંજતા હતા, ત્યારની પ્રજા તો કેવી ધર્મિષ્ઠ-સંસ્કારી હશે ! ત્યારે ટી.વી. - વીડીયોના, બિભત્સવસ્ત્રાદિના દૂષણો જ ક્યાં હતા ? છતાં જો ત્યારે પણ સાધ્વીજીઓના શીલની રક્ષા માટે આ મર્યાદા જળવાતી હતી તો આજે ચારેબાજુ સેક્સનો ભરપૂર પ્રચાર ચાલી રહ્યો હોય ત્યારે, વ્યભિચાર એ માનવનો સહજ સ્વભાવ ગણાવા લાગ્યો હોય ત્યારે, પુરુષોની આંખો સતત શિકાર શોધતી થઈ હોય ત્યારે એ શાસ્ત્રમર્યાદાઓ વધુ કટ્ટરતાથી પાળવી જરૂરી નથી ?

જો સાધ્વીજીના વિહારો ગચ્છાધિપતિશ્રીઓના આદેશથી જ થતા હોય તો પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીઓને મારી વિનંતિ છે કે તેઓ ઉપરની મર્યાદા સાધ્વીજીઓ પાસે પળાવે.

અને જો સાધ્વીજીઓ પોતાની ઈચ્છા પ્રમાણે વિહારાદિ કરતા હોય તો એમને મારી

ખાસ ખાસ ટકોર છે કે સ્થાનનો, ફરવાનો મોહ છોડી સુરક્ષિત સ્થાનોમાં જ બે-બે માસ પસાર કરો. ત્યાં જ લોકોને ધર્મ પમાડો, ત્યાં જ શાસનપ્રભાવના કરો. સ્થાનો સાચવવાનો, સંઘોની કે સ્વજનોની વિનંતિઓ સાચવવાનો મોહ ત્યાગી માત્ર જાતના સંયમ અને શીલને સાચવવાનો જ એકમાત્ર નિર્ધાર કરો.

(૨) "ગોચરી વહોરવા જતી વખતે સાધુઓ બે-બેના ગ્રુપમાં જાય અને સાધ્વીજીઓ ત્રણ-ત્રણના ગ્રુપમાં જાય" એવી વ્યવસ્થા શાસ્ત્રકારોએ ફરમાવી છે કે જેને સંઘાટક વ્યવસ્થા કહેવાય છે. સાધ્વીજીઓ ત્રણ-ત્રણના ગ્રુપમાં જાય. એમાં ય બે સાધ્વીજી પીઢ મોટી ઉંમરના (૪૦-૪૫થી ઉપરના સમજીએ.) હોય અને એક સાધ્વીજી નાની ઉંમરના (૧૫થી માંડી ૪૦ સમજીએ.) હોય.

ત્યાં પણ પ્રશ્ન થયો કે "સાધુઓ બે-બે અને સાધ્વીઓ ત્રણ-ત્રણ વહોરવા જાય." આવું શા માટે ? અને એમાં ય બે મોટી ઉંમરના સાધ્વીજી... આવું શા માટે ?

બૃહત્કલ્પમાં આનું સમાધાન ખૂબ જ વિસ્તારથી જણાવેલ છે. જેમાં મુખ્ય ઉદ્દેશ શીલરક્ષાનો બતાવ્યો છે.

હવે ઘરોમાં તો બહેનો ય લગભગ હાજર જ હોય અને વહોરવા માટે ઘરોમાં જ જવાનું છે. નિર્જનસ્થાનમાં નહિ, તેમ છતાંય જો હજારો વર્ષ પૂર્વેના વિકૃતિ વિનાના કહેવાતા કાળમાં પણ શીલરક્ષા માટે એક કે બે નહિ પણ ત્રણ-ત્રણ સાધ્વીજીઓએ ગોચરી વહોરવા ભેગા જવાનું શાસ્ત્રકારો કહેતા હોય તો તદ્દન સ્વાભાવિક છે કે નિર્જન સ્થાનમાં સ્થંડિલ જતી વખતે ત્રણ સાધ્વીજી તો સાથે હોવા જ જોઈએ. આ કાળની દૃષ્ટિએ છૂટ આપીએ તો ય બે સાધ્વીજી તો હોવા જ જોઈએ. સાધ્વીજીથી કોઈપણ ભોગે એકલા સ્થંડિલ ન જવાય.

પણ આ વ્યવસ્થાનું પાલન કરવા માટે સાધ્વીજીઓએ મોટી સંખ્યામાં સાથે રહેવું પડે. જે બે-બે, ત્રણ-ત્રણ સાધ્વીજીના ગ્રુપો ચોતરફ વિહાર કરે છે, તેઓને સાથે સ્થંડિલ જવું કેટલું ફાવે ? બધા એકલા એકલા સ્થંડિલ જાય એમાં ક્યાંક હોનારત થયા વિના ન રહે. (અને થઈ પણ હશે. પણ જેઓને એ હોનારત થઈ હશે. એ કહેવાના ખરા ?)

શાસ્ત્રોની પ્રાચીન વ્યવસ્થા હતી **જાત-સમાપ્તકલ્પ.** શેષકાળમાં ઓછામાં ઓછા ૫ સંયમીઓ સાથે હોવા જોઈએ અને ચોમાસામાં ઓછામાં ઓછા ૭ સંયમીઓ સાથે હોવા જોઈએ. અને એમાંય એક સંયમી શાસ્ત્રજ્ઞાતા = વિદ્વાન = ગીતાર્થ હોવો જોઈએ. જેથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નિહાળી યોગ્ય નિર્ણય લઈ શકે.

આજે આ વ્યવસ્થા ય આપણે જ ભાંગી નાંખી. આશ્ચર્ય તો ત્યારે થયું કે જ્યારે તદ્દન

યુવાન એકલા સાધ્વીજી એક સાઈકલવાળા માણસ સાથે વિહાર કરતા ય સાંભળવા મળ્યા. અને એ સાંભળેલી વાત તદ્દન સત્ય હતી. કેમકે વિહારધામોના ચોપડામાં સાધ્વીજીએ જ પોતાના હાથે પોતાનું નામ અને સંખ્યા (૧) લખેલી.

એમ એક સાંજે સૂર્યાસ્ત બાદ અમે સ્થાન પર પહોંચવાની તૈયારીમાં હતા, ત્યારે રસ્તામાં બે યુવાન સાધ્વીજીઓ મળ્યા. જેઓને મુકામે પહોંચવા બે-ત્રણ કિ.મી. હજી ચાલવાના હતા. મને આશ્ચર્ય સાથે દુઃખ પણ થયું કે "આ બે એકલા સાધ્વીજીઓ આ અંદરના સુમસામ રસ્તે એકલા અંધારામાં પહોંચશે." પણ શું કરું ? મારું ત્યાં શું ચાલે ?

આવા તો બે-બે, ત્રણ-ત્રણના ગ્રુપો ચારે બાજુ ફરતા દેખાય છે. મારી એ સાધ્વીજીઓને હૃદયની પ્રેરણા છે કે "આ જોખમ ન ખેડો. તમે ક્યાંકને ક્યાંક ફસાયા જ છો અથવા તો ગમે ત્યારે ફસાઈ જશો. આ જિનેશ્વરદેવોની મર્યાદાઓ ઓળંગ્યા પછી શી રીતે બચશો ? અને આ તો વળી બ્રહ્મચર્ય માટેની મર્યાદા છે.

ઓછામાં ઓછા પાંચ સાધ્વીજીઓ સાથે રહે, અને વિહારમાં પણ સાથે જ ચાલે. છૂટા છૂટા ન ચાલે. વહેલા-મોડા ન નીકળે. કોઈની ઝડપ ધીમી હોય તો બીજાઓ પણ ધીમા ચાલે. બધા એકબીજાને શીલરક્ષા માટે મદદગાર બને.

જો ઓછામાં ઓછી પાંચની સંખ્યા જળવાશે, તો પછી સ્થંડિલ માટે પણ સંઘાટક વ્યવસ્થા શક્ય બનશે. સાધ્વીજીઓ નિર્ણય કરે કે "અમે બધા એકબીજાને આ બાબતમાં સહાય કરશું. કોઈપણ સાધ્વીજીને એકલા તો સ્થંડિલ નહિ જ થવા દઈએ."

અરે ! ધારો કે બે સાધ્વીજી બહાર સ્થંડિલ જઈ આવી ઉપાશ્રયમાં પ્રવેશ જ કરતા હોય અને એક સાધ્વીજીને બહાર જવાની ઉતાવળ થાય તો એમની સાથે પણ સ્થંડિલ ભૂમિ સાથે જવાની તૈયારી - ઉત્સાહ એ હમણાં જ બહારથી આવેલા સાધ્વીજીઓએ રાખવો જ જોઈએ.

પણ આ બધું તો જ શક્ય બનશે કે જ્યારે "સંયમરક્ષા-શીલરક્ષા આપણો પ્રાણ છે" એ સમજાશે. "મારા ગુરુભાઈઓ - ગુરુબહેનોને હું કોઈપણ ભોગે બધી રીતે સહાય કરીશ." એવો વાત્સલ્યભાવ, એવી લાગણી પ્રત્યેક સંયમી પ્રત્યે કેળવાશે.

મુંઝવણ છે, ચોમાસાની. ચોમાસામાં સંઘો સાચવવા, સંઘોની આરાધનાઓ સાચવવા બે-બે, ત્રણ-ત્રણના ગ્રુપમાં નીકળી જવું પડે છે.

મને લાગે છે કે ક્ષેત્રો સાચવવા કરતા આપણો ક્ષેત્રજ્ઞ (આત્મા) સચવાય, આપણું સંયમ-શીલ રક્ષાય એની કિંમત અબજોગણી છે. આપણી પ્રત્યેકની દીક્ષા સૌપ્રથમ માત્ર - માત્ર સ્વહિત માટે જ છે. સ્વહિતના જોખમ સાથેની કોઈપણ પરહિતની પ્રવૃત્તિ ત્રિકાળમાં

શાસ્ત્રકારોએ માન્ય રાખી નથી, રાખતા નથી કે રાખવાના નથી.

છતાં ય જો ચોમાસાના ક્ષેત્રો સાચવવા અનિવાર્ય થઈ પડતા હોય, તો ય સૌ પ્રથમ એ ક્ષેત્રોમાં સ્થંડિલ-માત્રા માટેની સંપૂર્ણ અનુકૂળ વ્યવસ્થાની તપાસ કરી જ લેવી. જ્યાં લેશ પણ શાસનહીલના ન થાય, શીલનો લેશ પણ ભય ન રહે અને સંડાસ જેવું મોટું પાપ સેવવું ન પડે (વાડા ચલાવી લેવા પડે તેવું આ કાળ જોઈને લાગે છે.) તેવા જ સ્થાનમાં સાધ્વીજીઓને અલ્પસંખ્યામાં ચાતુર્માસ મોકલવા.

પણ શેષકાળ = ૮ માસ તો આવા છૂટક વિહારો સદંતર બંધ થવા જ જોઈએ. જે માત્ર સ્વચ્છંદતાના પોષક છે, ગુરુપારતન્ત્ર્યના ઘાતક છે, શીલના ભંજક છે.

આત્માર્થી સંયમીઓ આ વાત ગંભીરતાથી વિચારે અને અમલમાં મૂકે:

(૩) સાધ્વીજીઓ શીલરક્ષા માટે વિહારો ઘટાડીને સુરક્ષિત સ્થાનોમાં બે-બે માસ રોકાય અને વધુ સંખ્યામાં સાથે રહી સંઘાટક તરીકે જ સ્થંડિલ બહાર જાય. એ બે બાબતો ઉપર જોઈ ગયા.

પણ આ બે બાબતો બધા પાળશે કે કેમ ? એ મોટો પ્રશ્ન છે. વળી બધે જ બહાર સ્થંડિલની જગ્યા પણ મળવી જોઈએ ને ? વૃદ્ધો, ગ્લાનો, સ્વાધ્યાયની ઝંખનાવાળાઓ શહેરોમાં જ રહે છે. કેમકે ત્યાં જ એમને પોતપોતાની સુવિધા મળી રહે છે. અને ત્યાં બહાર સ્થંડિલભૂમિનો દુકાળ છે. કાં તો એ જગ્યાઓ દૂર હોવાથી પ્રમાદના કારણે પણ સંયમીઓ જતા નથી હોતા અને જલ્દી પતાવવાના બહાને ગમે ત્યાં પરઠવી દે છે. કાં પછી ખરેખર તેઓ દૂર સુધી જઈ શકવા સમર્થ નથી હોતા માટે પરઠવવાનો વિકલ્પ પકડે છે. ટુંકમાં (૧) સ્થંડિલભૂમિ જ ન હોવી. (૨) એટલી બધી દૂર હોવી કે રોજ જવું-આવવું શક્તિ બહાર થઈ પડે. (૩) શક્તિ પહોંચતી હોવા છતાં ય પ્રમાદાદિને કારણે એક-બે કિ.મી. દૂર જવું ન ફાવે. સુખશીલતા - આળસ નડે. (૪) શીલ વગેરેના ભયને લીધે પણ સાધ્વીજીઓ તેવી ભૂમિમાં જવા તૈયાર ન થાય.

આવી ઘણી બધી મુશ્કેલીઓના કારણે એક એવી વ્યવસ્થા વિચારવી જોઈએ કે એકાદ કિ.મી. સુધી દૂર ન જનારાઓ પણ શાસનહીલનાદિ વિના જ સ્થંડિલ પરઠવી શકે. જેમાં આપણે ચોરી-છૂપીથી કશેંક નાંખી આવવું ન પડે. સંડાસનો ઉપયોગ કરવો ન પડે અને છતાં સ્થંડિલનું કામ પતી જાય.

("બધાએ પ્રમાદ છોડી દૂર જવું જોઈએ" એ આદર્શ સાચો છે. પણ બધા માટે શક્ય ક્યાં છે ? અને સેવા કરનારા સાધ્વીજીઓએ વડીલોના પ્યાલા દિવસમાં બે-ચાર વાર પણ

પરઠવવાના આવે, ત્યારે શું ? વળી જ્યાં શીલના જોખમો હોય ત્યાં તો જવાય જ નહિ. એટલે આ બધા વિકલ્પો પણ નજર સામે રાખવા પડે.)

આના માટે દરેક સંઘમાં ટ્રસ્ટીઓ નાનકડો પ્લોટ ખરીદી લે, એની ચારેબાજુ મોટી દિવાલ કરી દે અને દુર્ગંધ ન ફેલાય તેવા પ્રકારના રસાયણો પણ અંદર રાખી મૂકે. આની ચાવી સાધુ-સાધ્વીજીઓના ઉપાશ્રયોમાં જ રહે. એટલે જ્યારે જેણે જવું હોય તે જઈ શકે.

આ જગ્યા એવા સ્થાને રાખવી કે જ્યાં આજુ બાજુ એકદમ નજીકમાં વસ્તી ન હોય, ઉંચા એપાર્ટમેન્ટ ન હોય. શ્રી સંઘે આમાં માત્ર જમીન ખરીદવાનો અને ઈંટની પાકી દિવાલ બનાવવાનો ખર્ચો કરવો પડશે. અને સ્થંડિલ જલ્દી સુકાઈ જાય, એનો પર્યાય જલ્દી થાય તેવા કોઈક રસાયણોનો માટી-ચૂનાદિનો ખર્ચો કરવો પડશે. પણ જો આ કામ થઈ જાય તો પછી કોઈ જ મુશ્કેલી ન પડે. વળી લગભગ દરેક સ્થાને શ્રીસંઘની મિલ્કત અઢળક હોય છે. આવી જમીન મેળવવી ન પડે, સંઘ પાસે હોય જ. અને ન હોય તો ય એને ખરીદવા માટે દરેક સંઘ પ્રાયઃ સમૃદ્ધ છે.

હા ! એ આખા પ્લોટમાં વચ્ચે એક આડી દિવાલ કરવી પડે, જેથી અડધા પ્લોટમાં માત્ર સાધુઓ જ જાય અને અડધા પ્લોટમાં સાધ્વીજીઓ જાય. બે ય ભેગા ન થાય. બે યના દરવાજા પણ જુદા જ રહે.

મને ખ્યાલ છે ત્યાં સુધી વઢવાણમાં ઉપાશ્રયની બાજુમાં જ સંઘની માલિકીની આવી નાનકડી જગ્યા છે. જ્યાં સાધુઓ ઉપાશ્રયમાંથી સીધા પ્રવેશી સ્થંડિલાદિ જઈ શકે, પરઠવી શકે.

આમાં આપણી પ્રેરણા-દબાણની જરૂર છે. આપણી પ્રેરણાઓથી ઠેરઠેર દેરાસરો-ઉપાશ્રયો બને જ છે. કરોડો નહિ, અબજો રૂપિયા ક્યાં ખર્ચાઈ ગયા છે એ ય ખબર પડી નથી. તો હવે આ બાબતની સખત પ્રેરણા કરીએ તો કામ થયા વિના ન રહે.

(૪) માત્રુ પરઠવવા અંગે જો કે સ્થંડિલ જેટલી ભયંકર તકલીફ નથી. છતાંય એમાં પણ યોગ્ય ઉપાયો જરૂરી છે. ઉપાશ્રયો અતિવિશાળ બનાવાય અને એમાં માત્રુ પરઠવવાની તો જગ્યા જ ન મળે. હમણાં જ એક મોટા ઉપાશ્રયમાં આવો અનુભવ થયો. આવી હાલતમાં સંયમીઓ બહાર રસ્તા ઉપર પરઠવવા માટે પ્રેરાય અને એમાં પાછી મોટી ધમાલ થાય.

જુનાગઢમાં જ એક સાધુએ બહાર રસ્તા ઉપર માત્રુ પરઠવ્યું. એક અજૈન સંન્યાસી જોઈ ગયો. ત્યારે તો કંઈ ન બોલ્યો, પણ પછી પેઢીના મુનિમને બોલાવીને કહી દીધું કે "**बनिये ! तेरे महाराज को समझा देना कि रास्ते में ये गंदा पानी मत डाले, वर्ना दंगा-फसाद हो जाएगा ।**"

માત્રુ પરઠવવા અંગે આવા ઢગલાબંધ પ્રસંગો બન્યા છે.

આપણી શ્રમણસંસ્થાની શાન કેટલી રહી ?

હવે તો ટ્રસ્ટીઓ જ કહેવા લાગ્યા છે કે, "સાહેબ ! તમે બધા સંડાસનો ઉપયોગ શરુ કરી દો. નહિ તો મુશ્કેલીમાં મૂકાશો. તમારા કારણે અમારે સહન કરવું પડે છે."

વિહારના ગામડાઓમાં સાધુ-સાધ્વીઓને સ્કુલ રાત્રે ઉતરવા માટે મળતી હતી. પણ હવે કેટલાક સ્થાનોમાં આ જ સ્થંડિલ-માત્રાદિના કારણે સ્કુલમાં ઉતરવા દેતા નથી.

ઢગલાબંધ ઉપાશ્રયોમાં બોર્ડ વાંચવા મળે છે – "મહેરબાની કરીને આજુબાજુ ક્યાંય માત્રુ વગેરે પરઠવશો નહિ..."

વાંક કોનો ? તેઓનો કે આપણો ? એક સાધ્વીજીએ તદ્દન સાચી વાત લખી છે કે સંયમીને જો પોતાના જ સ્થંડિલ-માત્રુ પ્રત્યે ભયંકર જુગુપ્સા થતી હોય, સહવર્તી સંયમીઓના સ્થંડિલાદિ જોતા-પરઠવતા ચિતરી જો સંયમીને જ થતી હોય તો પછી રોજ સ્નાન કરનારા, ચોક્ખા રહેનારા જૈનો પણ સંયમીઓ પ્રત્યે આ બધાના કારણે ઉદ્વેગવાળા, તિરસ્કારવાળા બને એમાં દોષ એમનો નથી, આપણી અનુચિત પ્રવૃત્તિનો = પ્રમાદનો છે.

એટલે સ્થંડિલની જેમ માત્રા માટે પણ યોગ્ય વ્યવસ્થા જરૂરી છે. અલબત્ત એ વ્યવસ્થા સ્થંડિલ જેટલી અઘરી તો નથી જ.

(અ) ઉપાશ્રયના કંપાઉન્ડની અંદર જ થોડીક જમીન લાદી નાંખ્યા વિનાની પોચી જ રાખવામાં આવે અને સંયમીઓ ત્યાં માત્રુ પરઠવી શકે. જ્યાં સંયમીઓની વધુ અવરજવર હોય ત્યાં આવી જગ્યા મોટી રાખવી. એક સાધ્વીજીએ લખ્યું છે કે "ટ્રસ્ટીઓને કોણ સમજાવે કે અમને રહેવાનું સ્થાન થોડું નાનું મળશે તો ચાલશે પણ માત્રાદિની વ્યવસ્થા તો બરાબર હોવી જોઇએ ને ? તો જ અમારું સંયમ પળાય."

(બ) ક્યાંક જમીનમાં ખાડો ખોદાવી એમાં ઈંટના ટુકડાઓ, ચૂનો, ઝીણી રેતી, કાંકરી, કપચી વગેરે ભરીને પણ માત્રાની કુંડી કરવામાં આવે છે. જો સીધે સીધી જમીન જ માત્રુ પરઠવવા માટે મળતી હોય તો આ બધું ન કરાવવું. કેમકે એમાં ખાડો ખોદવાની વિરાધના ઉપરાંત આવા ખાડા અંદરથી તો પોલા જ હોવાથી ચિક્કાર ત્રસજીવોની વિરાધના પણ થતી હોય છે. છતાં આવી સીધી જમીન ન મળે ત્યારે અથવા ચોમાસામાં નિગોદ ન થઈ જાય તે માટે કપચીવાળી કુંડી હોય તો ય ચલાવી લેવું પડે.

(ક) જો ઉપાશ્રયમાં નીચે આવી કોઈપણ કુંડી થઈ શકે એમ જ ન હોય તો પછી છેવટે

અગાસીમાં પણ કુંડી કરાવી શકાય. અગાસીની કુંડીની મુશ્કેલી એ છે કે એ જમીન સાથે જોડાયેલી ન હોવાથી અમુક પ્રમાણ સુધી માત્રા-પાણીને ચૂસશે. પણ પછી એમાંથી એ માત્રુ-પાણી બહાર નીતરવા માંડશે. એટલે આ ઉપાય કાયમી ઉપયોગી ન બને. છતાં ઉનાળા-શિયાળા પુરતો તો એ ઉપયોગ કરવામાં પ્રાયઃ વાંધો ન આવે.

(ડ) ઉપાશ્રયની અગાસીમાં લાદી વગેરે ન નાંખવામાં આવે અને સીમેન્ટનું પડ જ રાખવામાં આવે તો એ તરત માત્રુ ચૂસી લેનાર હોવાથી ઉપયોગી થાય.

જો કે કેટલાક એમ કહે છે કે "અગાસીમાં સીમેન્ટના પડ ઉપર માત્રુ પરઠવીએ તો એ સ્લેપ ધીમે ધીમે નબળો પડી જાય. અને પછી વરસાદનું પાણી એમાંથી નીચે હોલમાં ટપકવા લાગે. માટે જ ત્યાં ન પરઠવવું. આથી જ હવે જાણકાર ટ્રસ્ટીઓ જાણી જોઈને અગાસીમાં પણ લીસી ટાઈલ્સ લગાવી દે છે કે જેથી ત્યાં સાધુ-સાધ્વીઓ માત્રુ ન પરઠવે."

આ વાત સાચી હોઈ શકે છે. પણ તો આમાં એવું વિચારી શકાય કે અગાસીમાં જે સ્વાભાવિક સીમેન્ટનો સ્લેપ લગાવાય છે, તેના કરતા બમણો - ત્રણ ગણો સીમેન્ટનો પડ લગાવાય. આખી અગાસી મોટી માત્રાની કુંડી જ બની જાય. આવી રીતે કંઈક થાય તો વાંધો ન આવે એમ લાગે છે. .

આ બધામાંથી શ્રેષ્ઠ ઉપાય તો એ જ છે કે ઉપાશ્રયના કંપાઉન્ડની અંદર જ કેટલીક જમીન પોચી છોડી દેવામાં આવે, તેમાં એક પણ ટાઈલ્સ નાંખવામાં ન આવે અને એ જ માત્રાની કુંડી તરીકે વ્યવસ્થિત તૈયાર કરવામાં આવે.

પણ આ જગ્યા મોટી હોવી જોઈએ. કુલ જમીનમાંથી ૨૫% જમીન આવી ખુલ્લી રાખવી અને ૭૫% જમીન ઉપાશ્રયના બાંધકામમાં લેવી એ શ્રેષ્ઠ ગણાય.

સૌરાષ્ટ્રમાં **દામનગર** ગામનો સ્થાનકવાસી ઉપાશ્રય આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ઉપાશ્રયની કુલ જમીનમાંથી ચારે બાજુ બાંધકામ છે અને વચ્ચે ઘણી વિશાળ ખુલ્લી જમીન રાખવામાં આવી છે.

મુંબઈના કેટલાક ઉપાશ્રયોમાં કુંડી તો રાખી છે, પણ એ કુંડીનું નીચે ગટર સાથે કનેક્શન છે. સંયમીને એમ લાગે કે મેં કુંડીમાં માત્રુ પરઠવ્યું. પણ નીચેથી ધીરે ધીરે એ બધું જ માત્રુ ગટરમાં જતું હોય છે. એમાં ય મોટી સંખ્યામાં સાધુ-સાધ્વી હોય તો પછી માત્રાદિની સંમૂર્ચ્છિમ વિરાધના સામે આંખ મીંચામણા જ કરવા પડે એવી પરિસ્થિતિ સર્જાય છે.

ટુંકમાં હવે કોઈપણ સ્થાને માત્રુ ઉપાશ્રયના કંપાઉન્ડની બહાર ન પરઠવાય એ

ઈચ્છનીય છે.

મારી સમજ પ્રમાણે મેં સ્થંડિલ-માત્રુ પારિષ્ઠાપનિકાની સમસ્યા અને તેના સમાધાન દર્શાવ્યા છે.

પણ સંયમીઓ ! આ બધા ઉપાયો અમલમાં આવે ત્યારે આવે, ત્યાં સુધી આપણે સૌ અત્યંત જાગ્રત બનીએ. જે શાસનના ઋણથી આપણે દબાઈ ગયેલા છીએ, જે શાસનના અચિન્ત્ય ઉપકારો આપણા ઉપર થયા છે, જે શાસન ત્રિલોકપૂજ્ય છે, આપણી વિચિત્ર પ્રવૃત્તિથી તે શાસન નિંદાય, તે શાસન મશ્કરીપાત્ર બને એ આપણને ન જ શોભે.

એ સાથે આપણે સંયમરક્ષા પણ કરવી છે. અલબત્ત સંયમરક્ષા કરતા ય શાસનરક્ષા મહાન છે એ હકીકત છે. શાસનહીલના અટકાવવા માટે ઓઘો બાળી દેનારા ગીતાર્થોના દૃષ્ટાન્તો મોજુદ છે. શાસનહીલના નિવારવા રાજસૈન્યને મારી નાંખનારા પુલાક લબ્ધિધરના દૃષ્ટાન્તો મોજુદ છે, પણ એ તો જયારે સંયમરક્ષા કે શાસનરક્ષા બેમાંથી એક જ બચાવી શકાય તેવી પરિસ્થિતિ હોય ત્યારની વાત છે. આપણે હાથે કરીને આવી જ પરિસ્થિતિમાં જીવીએ અને પછી શાસનહીલના નિવારણના બહાને ગમે તેવા અસંયમો સેવીએ એ ન જ ચાલે.

એકબાજુ આપણી સુખશીલતાદિ પોષવા શહેરો પકડી રાખીએ અને બીજી બાજુ શાસન હીલના અટકાવવાના બહાને સંડાસાદિનો ઉપયોગ કરીએ એ યોગ્ય નથી જ.

આપણી અત્યારની ફરજ આ છે કે –

(૧) શક્ય હોય તો સૌ પ્રથમ શહેરો છોડી દો. વૃદ્ધ-ગ્લાન-વૈયાવચ્ચી આદિ જેઓને શહેરોમાં રહેવું અત્યંત આવશ્યક હોય, તેઓ ભલે રહે, બાકીના બધા જ મધ્યમ ગામડાઓમાં નીકળી જાય. સૌરાષ્ટ્ર-કાઠિયાવાડ-બનાસકાંઠા-મધ્યપ્રદેશ-રાજસ્થાન-મેવાડ વગેરે ઢગલાબંધ સ્થાનોમાં સાધુ-સાધ્વીઓને ભગવાનની જેમ પૂજનારા સેંકડો ગામો છે. એ તરફ એકવાર ડગ માંડો. શરુઆત થોડી આકરી ભલે લાગે. પણ એક-બે વર્ષ બાદ તેમાં જ સાચી મસ્તી અનુભવાશે.

(૨) સાધ્વીજીઓ ભલે ચોમાસામાં ત્રણ-ત્રણના ગ્રુપમાં સંઘોમાં આરાધના કરાવે, પણ ચોમાસા બાદ તો શેષકાળમાં વધુમાં વધુ સાધ્વીજીઓ સાથે રહે. વિહારો ઘટાડી તે તે યોગ્ય સ્થાનોમાં જ એક-બે મહિના સ્થિરતા કરી સંયમ-સ્વાધ્યાય-સ્વભાવ-સમર્પણ-શુદ્ધિનો યજ્ઞ માંડે.

(૩) સ્વાર્થને તિલાંજલિ આપે. કમસેકમ ઉપાશ્રયની બહાર જનારા કોઈપણ સાધ્વીજી સાથે ગમે ત્યારે પણ સંઘાટક તરીકે જવા તૈયાર રહે. કોઈપણ સાધ્વીજી એકલા સ્થંડિલ ન

જાય એવી વ્યવસ્થાને બધા સહકાર આપે.

જેની જ્યાં જેટલી શક્તિ પહોંચે, તે લગાડી સ્થંડિલના પ્લોટનો ઉપાય, ખાડાનો ઉપાય... વગેરે બધા સંઘોમાં શરુ કરાવે.

સાધ્વીજીઓ માટે તો તેઓ બહાર સ્થંડિલ ન જાય એ જ વધુ ઈષ્ટ છે. એ અંગેનો શાસ્ત્રપાઠ પણ પૂર્વે જોઈ ગયા છીએ. જો એવો જ કોઈક ઉપાય અજમાવાય કે જેમાં સાધ્વીજીઓએ સ્થંડિલ માટે બહાર જવું જ ન પડે તો ખૂબ જ સરસ.

જો ગચ્છાધિપતિશ્રીઓ આ માટે ગંભીર બની જાય તો એમના માટે આ ડાબા હાથનો ખેલ છે. પ્રત્યેક ગચ્છાધિપતિ પાસે ધનશક્તિ - ભક્તશક્તિ - પુણ્યશક્તિ છે.

બધા સંયમી એક માળા (!) ગણે – "ગમે તે થઈ જાય, મારા નિમિત્તે હું શાસનહીલના-શાસન નિંદા-સાધુનિંદા કદિ નહિં જ થવા દઉં."

ભદ્રબાહુસ્વામીજીની આ વાત રગેરગમાં વસાવી દ્યો કે –

**छज्जीवनिकायदयावंतो वि दुल्लहं कुणइ बोहिं । आहारे निहारे दुगंछिए पिण्डगहणे य॥**

ષડ્જીવનિકાયની ઉત્કૃષ્ટ દયા પાળતો સાધુ પણ દુર્લભબોધિ (કદાચ અનંતાભવો સુધી પણ ચારિત્ર તો નહિ, પણ જૈનધર્મ સુધ્ધા ન પામે) થાય. જો તે બીજાઓને જુગુપ્સા (સાધુ પ્રત્યે તિરસ્કાર, શાસન પ્રત્યે અરુચિ) થાય તે રીતે આહાર કે નિહાર (સ્થંડિલ-માત્રુ) કરે.

હવે જો આપણી પ્રવૃત્તિથી જૈનો-અજૈનો દુર્ગંછા પામતા હોય તો એ પાળેલી જીવદયાનું આપણને શું ફળ ? દુર્લભબોધિતા જ ને ?

દુર્લભબોધિતા એટલે દુર્ગતિઓની પરંપરા શરુ થવાની ભૂમિકા જ ને ?

આપણે સૌ ખૂબ ગંભીર બની વિચારીએ.

ખાસ સૂચન કે અહીં દર્શાવેલા ઉપાયો એ કંઈ અંતિમ ઉપાય રૂપ નથી. 'એ સંપૂર્ણ નિર્દોષ ઉપાય જ છે' એવું પણ એકાંતે કહી શકતો નથી. મારા ક્ષયોપશમ પ્રમાણે એ દર્શાવેલ છે. એમાં ક્ષતિ પણ હોઈ શકે છે. ગીતાર્થો અન્ય પણ ઉપાયો - વધુ સારા ઉપાયો દર્શાવી શકે છે. 'કોઈપણ ભોગે શાસનહીલના અટકવી જોઈએ' એ વાત તો તમામ ગીતાર્થો એકમતે માને જ છે. એટલે એના માટે બધા ઉચિત પ્રયત્ન કરશે જ.

**કાયગુપ્તિના અપવાદ રૂપે આ પારિષ્ઠાપનિકા સમિતિ જાણવી.**

•

## ૯. મનોગુપ્તિઃ

પાંચ સમિતિઓ રૂપી અપવાદ માર્ગ જોઈ લીધા બાદ હવે ત્રણ ગુપ્તિઓ રૂપી ઉત્સર્ગ માર્ગ જાણીએ.

શ્રમણ ભગવાન મહાવીરદેવ ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫માં અધ્યયનમાં ફરમાવે છે કે –

**सच्चा तहेव मोसा य, सच्चामोसा तहेव य ।**

**चउत्थी असच्चमोसा य, मणगुत्ती चउव्विहा ।**

**संरंभसमारंभे, आरंभे य तहेव य ।**

**मणं पवट्टमाणं तु नियत्तिज्ज जयं जई ॥**

**અર્થ :** મનોગુપ્તિ ચાર પ્રકારની છે : (૧) સત્યા (૨) અસત્યા (૩) સત્યામૃષા (૪) અસત્યા-અમૃષા. (આનો સાર એટલો જ કે) સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવર્તતા મનને સાધુએ સમ્યક્ રીતે પાછુ વાળવું જોઈએ (આ જ મનોગુપ્તિ છે.)

કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરિજી યોગશાસ્ત્રના પહેલા પ્રકાશમાં ફરમાવે છે કે –

**विमुक्तकल्पनाजालं समत्वे सुप्रतिष्ठितम् । आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ।**

**અર્થ :** તમામ કલ્પનાઓના સમૂહોથી મુક્ત બનેલ, સમભાવમાં અત્યંત સ્થિર બનેલ, આત્મામાં જ લીન બનેલ મન એ વિદ્વાનોએ મનોગુપ્તિ કહી છે.

સમિતિઓ પ્રવૃત્તિસ્વરૂપ હોવાથી તેને સમજવા માટે ઘણું જ વિચારવું પડે. જ્યારે ગુપ્તિઓ નિવૃત્તિ સ્વરૂપ હોવાથી તેના માટે લાંબો વિચાર કરવો ન પડે.

જેણે "કંઈ જ કરવું નથી" એને તો કશો લાંબો વિચાર કરવો જ ન પડે. પણ જેણે કંઈક કરવું છે એણે તો હજારો ક્રિયાઓ હોવાથી કઈ ક્રિયા કરવી ? એ વિચારવું જરૂરી બની રહે છે.

એટલે સમિતિઓ કરતાંય ગુપ્તિઓનું સ્વરૂપ સરળ છે, પણ એ સમજવા માટે જ ! પાળવા માટે તો સમિતિઓ કરતા ગુપ્તિઓ ઘણી જ અઘરી છે.

હા ! આત્માનો સ્વભાવ તો ગુપ્તિ જ છે. છતાં અનાદિકાળથી જીવ પ્રવૃત્તિ કરવા જ ટેવાયેલો હોવાથી ગુપ્તિપાલન એના માટે કપરુ થઈ પડે છે. માટે જ તો યોગાસનના જાણકારો કહે છે કે બધા જ આસનો કરતાંય 'જેમાં કંઈ જ કરવાનું નથી, માત્ર ચત્તાપાટ મડદાની માફક સુઈ રહેવાનું છે.' એ શવાસન જ સૌથી વધુ કપરું છે.

આજ દેખાડે છે કે ગુપ્તિ અઘરી છે,સમિતિ સહેલી છે.

જુઓ ! જિનકલ્પીઓ, પરિહારવિશુદ્ધિક ચારિત્રીઓ મુખ્યત્વે ગુપ્તિપ્રધાન જીવન જ જીવે છે. જ્યારે સ્થવિરકલ્પીઓ તેઓની અપેક્ષાએ સમિતિપ્રધાન જીવન જીવે છે. અને સૌ જાણે છે કે જિનકલ્પ કેટલો કપરો છે. ન એમાં શરીરનું કંઈપણ પ્રતિકર્મ કરવાનું કે ન કોઈને ઉપદેશ આપવાનો.

ઉત્તરાધ્યયનસૂત્ર પ્રમાણે વિચારીએ તો સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવર્તતા મનને અટકાવવું એ મનોગુપ્તિ છે.

સંરભ એટલે માનસિક હિંસાદિ વિચારો, સમારંભ એટલે બીજાને પીડા થાય તેવા પ્રકારની પ્રવૃત્તિ, અને આરંભ એટલે બીજા જીવો મરી જાય તેવી પ્રવૃત્તિ.

આ સંરંભ, સમારંભ કે આરંભનો વિચાર કરતા મનને અટકાવવું એજ મનોગુપ્તિ. દા.ત. (ક) "આવતી કાલે ૧૦ કિ.મી.નો વિહાર છે. વહેલા પહોંચીએ તો દૂધ-ચા ગરમાગરમ મળે. વહેલા પહોંચી જવા માટે સવારે પાંચ વાગે નીકળવું પડશે. સાડા ચારે પડિલેહણ શરૂ કરવું પડશે. એટલે ૪ વાગે ઉઠવું પડશે.... આ બધા નિષ્કારણ અંધારામાં પ્રતિલેખન વિહારાદિ કરવાના વિચારો.

(ખ) સખત ઉંઘ આવે છે, રાત્રિના ત્રણ વાગ્યા છે. છેક બે માળ ઉતરીને કોણ માત્રુ પરઠવવા જાય એના કરતા આ દિવાલની ધાર ઉપર જ માત્રુ પરઠવી દઉં." આ વિચારો.

(ગ) "સ્થંડિલભૂમિ એક કી.મી. દૂર છે. આટલે દૂર કોણ જાય ? એના કરતા વાડામાં જઈ આવું."

(ઘ) "બહાર તડકો છે, દૂર ગોચરી જઈશ તો દાઝીશ. એના કરતા સામેના જ બે-ત્રણ ભક્તોના ઘરમાંથી ગોચરી ઉઠાવી લાવું. દોષિત હશે, પણ એ બધા સાધુને ક્યાં ખબર પડવાની છે !"

(ચ) "સાઈકલવાળા/લારીવાળા માણસને મારી ઝોળી થેલો આપી દઉં, બધાએ આપી જ દીધા છે, પછી મારે આપવામાં શું વાંધો ? આ બધુ ઉંચકીને ચાલવું ફાવતું નથી. જો વજન વિના ચાલવાનું હોય તો મજા આવે."

(છ) "બહાર ગામમાં અજૈનોમાં નિર્દોષ ગોચરી તો મળે છે. પણ એ માટે અડધો કિ.મી. જવું પડે છે. વળી એ જાડા રોટલા-રોટલી મને ન ફાવે. દાળ-શાક તો પાછા ત્યાં મળે નહિ. તો પછી આ રસોડાનું જ વાપરી લઉં. કંઈ બહારથી લાવવું-મંગાવવું નથી.

આપણે એ નિર્દોષ વાપરનારાની અનુમોદના કરશું એટલે આપણને લાભ મળી જશે."

(જ) "બધાએ પોતપોતાના ભક્તોની સહાયથી ફલેટો ખરીદી લીધા છે, ટ્રસ્ટો બનાવી દીધા છે. મારા તો કોઈ ભક્ત જ નથી. હું પણ હવે શ્રાવકો સાથે પરિચય કરું, સારા-પુસ્તકો વાંચી નવા નવા વ્યાખ્યાનો કરી મારું સ્ટેટસ બનાવું. બાકી તો મારી કાણી-કોડીની કિંમત નહિ રહે."

(ઝ) "પેલા ગુરુભાઈના ચોમાસામાં ૧૦ લાખ રૂપિયાનું ફંડ થયું, બીજા ગુરુભાઈના ચોમાસામાં ૧૨ લાખનું ફંડ થયું. વળી તેઓના ચોમાસામાં ૨૦૦-૩૦૦-૪૦૦ અઠ્ઠાઈઓ થઈ. વ્યાખ્યાનમાં તેઓને ૧૦૦૦-૨૦૦૦ માણસ થતા હતા. એ બધાના ચોમાસા સફળ ગણાયા. ગુરુ પણ એમની ખૂબ અનુમોદના કરે છે. હવે હું પણ આ સંઘના શ્રીમંતોને પકડી પકડીને ગમે તે રીતે ૮-૧૦ લાખનું ફંડ કરી લઉં. ફંડ દ્વારા મોટી પ્રભાવનાઓ નક્કી કરાવી, મંત્રિત વાસક્ષેપાદિની શ્રદ્ધા ઉભી કરાવી, ગમે તે રીતે ૩૦૦ અઠ્ઠાઈઓ કરાવું. વ્યાખ્યાન માટેના મોટા પોસ્ટરો તૈયાર કરાવી, ટીવી ઉપર જાહેરાત અપાવડાવી, છાપાઓમાં જાહેરાતો અપાવી મોટી સંખ્યામાં માણસો ભેગા કરું."

(ટ) "પેલા સાધુની એના શિષ્યો કેટલી બધી સેવા કરે છે ! પડિલેહણ, માત્રુ-સ્થંડિલ પરઠવવા, આસન પાથરવું. પાત્રા ધોવા, સંથારો પાથરવો.... બધી જ સેવા શિષ્યો કરે છે. એ સાધુને તો લીલાલહેર છે. મારે એકેય શિષ્ય નથી. શિષ્ય હોય તો આપણને પણ શાંતિ રહે. પછી બીજાની અપેક્ષા ન રહે. ગમે તે રીતે એક શિષ્ય થઈ જાય તો સારું."

(ઠ) આ ગુરુ સાથે રહેવામાં કંઈ મજા આવતી નથી. ખાવા-પીવાના નિયંત્રણ સખત છે અને રોજ બે-ચાર શિક્ષા સાંભળવી પડે. ગુરુની સેવા કરવી પડે. એના બદલે ગમે તે બહાના હેઠળ જુદા વિચરવા મળે તો મજા પડે.

હે ભગવાન !

એમ કહેવાય છે કે અજૈનોના ભગવાન શંકર જ્યારે અતિ પ્રસન્ન થાય ત્યારે એ તાંડવનૃત્ય કરે. ખરેખર મોક્ષની એકમાત્ર ઈચ્છાથી શ્રમણ ભગવાન મહાવીરના અતિવિષમ સંયમમાર્ગે પ્રયાણ કરી ચૂકેલા, બડભાગી સંયમીઓ આવા-આવા હજારો સંકલ્પ વિકલ્પો કરી મહામૂલા સંયમજીવ રૂપી કલ્પવૃક્ષના મૂળમાં જ કુઠારા ઘા કરી રહ્યા હોય ત્યારે આ અતિપ્રસન્ન મોહરાજનું ભયંકર તાંડવનૃત્ય જ લાગી રહ્યું છે.

કલિકાલસર્વજ્ઞશ્રીએ પ્રથમ વિશેષણ ખૂબજ માર્મિક મૂક્યું છે. "**विमुक्तकल्पनाजालं**"

અનંત ચીકણા કર્મો બંધાવનારા જાતજાતના વિકલ્પો જ્યાં સુધી મનમાં ચાલ્યા કરતા હોય ત્યા સુધી એ મનોગુપ્તિ કહેવાય જ શી રીતે ? ઉપર બતાવેલા અને બીજા ય હજારો પ્રકારના વિકલ્પોમાંથી છટકી ગયેલ મન જ મનોગુપ્તિ બની શકે.

**શિષ્ય :** મનમાં કોઈપણ પ્રકારના સંકલ્પ-વિકલ્પો જ ન હોય, તો એ મન કેવું હોય ?

**ગુરુ :** એ મન સમભાવમાં અત્યંત સ્થિર બની ગયેલું હોય.

દૂધ ગરમ મળે કે ઠંડુ એ બધુ મનમાં સમાન જ હોય. ન ગરમ દૂધની ઈચ્છા કે ન ઠંડુ દૂધ મળવાનો ખેદ ! સંયમપાલન સહજ થઈ ચૂક્યું હોવાથી સંયમીના મનમાં બે માળ ઉતરવામાં કંટાળાનો ભાવ, માત્રુ ગમે ત્યાં નાંખી દેવાનો ભાવ કદિ ઉપસ્થિત ન થાય. નીચે ઉતરવું કે નહિ એવો વિચાર જ ઉપસ્થિત ન થાય. એક, બે, ત્રણ કિ.મી. દૂર સ્થંડિલ જવામાં સંયમીને કદિ ઉદ્વેગ ન થાય. શરીર ભલે થાકે, પરસેવા પાડે પણ સંયમીની પ્રસન્નતા એના હસતા-ખીલતા મુખ ઉપર ઉભરાતી દેખાતી હોય. તડકામાં પગની ચામડી ભલે બળે, સંયમીનું મન ન બળે. કદાચ ગૌરવ લાઘવનો વિચાર કરી સંયમી ભર તડકામાં જોડા પહેરે તોય એમાં તડકાના દુ:ખનો દ્વેષ ન હોય. પણ વધુ નુકશાનથી થનારી સંયમહાનિને અટકાવવાનો જ નિર્મળતમ પરિણામ એના મનમાં રમતો હોય. ટાઢ કે તડકો, નિંદા કે પ્રસંસા, લુખું કે સુકું, ઠંડુ કે ગરમ, મખમલ કે પત્થર, શિષ્ય કે શત્રુ, આ બધાય દ્વન્દ્વોની બરાબર વચ્ચે રહેલો મધ્યસ્થ એ સંયમી હોય.

આનંદઘનજી મહારાજના શબ્દોમાં એ મનોગુપ્તિધર મહાત્માનું આંતરસ્વરૂપ જોઈએ તો

**માન-અપમાન ચિત્ત સમ ગણે સમ ગણે કનક-પાષાણ રે.**
**વંદક નિંદક સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે.**
**સર્વજગજન્તુને સમ ગણે, ગણે તૃણમણિ સમભાવ રે.**
**મુક્તિ-સંસાર બેઉ સમ ગણે, ઈસ્યો હોય તું જાણ રે.**

જ્યાં મોક્ષની ઈચ્છા ય મરી પરવારે અને સંસારનો દ્વેષ પણ કાળધર્મ પામે એવી સર્વોત્તમ કોટિની મનોગુપ્તિ, સમતા વર્તમાનકાળમાં પણ અધ્યાત્મસુખમાં લીન બની જતા મહાત્માઓ 'ભલે સ્વલ્પકાળ માટે ય પણ' અનુભવે તો છે જ.

સ્વાધ્યાયમાં, પરમાત્મભક્તિમાં, શાસ્ત્રીય પદાર્થોના સૂક્ષ્મતમ ચિંતનમાં એટલા કાળ માટે મનની દશા લગભગ આવી સમતાને સ્પર્શનારી હોય છે. એ અવર્ણનીય આનંદનું વર્ણન કરવું શી રીતે ? આ સાકરની મીઠાશ વળી શબ્દથી શેં વર્ણવાય ? જાતે જ ચાખો અને અનુભવો એ મીઠાશને !

વૈરાગ્ય, જિનશાસનભક્તિ વગેરે પરિણતિઓ કરતા પણ અનેકગણી ચડિયાતી આ સમભાવની પરિણતિ છે. મહોપાધ્યાયજીનું વચન છે કે –

**ज्ञानी तपस्वी परमक्रियावान् सम्यक्त्ववानप्युपशान्तिहीनः ।**

**प्राप्नोति तं नैव गुणं कदापि समाधिशाली लभते शमी यम् ॥**

**અર્થ :** જ્ઞાની, તપસ્વી, સમ્યક્ત્વી, ઉત્કૃષ્ટ ક્રિયાવાન એવો પણ જે આત્મા સમભાવ વિનાનો છે, તે આત્મા તે ગુણને નથી જ પામતો કે જે ગુણને સમાધિમાન સમતાધારી આત્મા પામે છે.

ખંધક મુનિની જીવતા છાલ ઉતરી, છતા સમતાનો અંશ પણ ન તૂટ્યો.

સંગમે કરેલા બાવીસ ઉપસર્ગમાં એક ઉપસર્ગ વખતે અત્યંત ઉપકારી ત્રિશલા-સિદ્ધાર્થ માતા-પિતા નજર સામે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા, ચીસો પાડવા માડ્યા. પણ સમાધિશાલી ભગવાન મહાવીરના મનમાં નાનકડો પણ સંકલ્પ, માતા-પિતાને બચાવવાનો વિચાર ઉપસ્થિત ન થયો.

ઘાણીમાં શરીરના હાડકા પીંસાવા લાગ્યા, લોહી-માંસ છૂટા પડતા ગયા. છતાં આ બધુ ૫૦૦ મહામુનિઓના મનને સ્પર્શી ય ન શક્યું. માટે સ્તો ક્ષપક શ્રેણી લાગી.

આવા હજારો, કરોડો, અબજો મહામુનિઓએ જિનશાસનને શોભાવ્યું છે, પોતાના સમત્વના પ્રકાશથી ! કેટલાના નામ લઈએ ? જીવન પુરુ થાય પણ આવા મહામુનિવરોની નામાવલિનો લાખમો ભાગ પણ બોલાઈ ન રહે.

આપણો આદર્શ આ સમભાવ છે, પરમમાધ્યસ્થ્ય છે. એને નજર સામે રાખી જે કંઈ નાના મોટા અંશમાં મનને સમભાવથી ભાવિત કરીએ એ પણ અંશતઃ મનોગુપ્તિ કહેવાય.

ટુંકમાં રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પના પ્રસંગોમાં મનને સમજાવી એને રાગદ્વેષ કરતું અટકાવી દઈએ તો એ મનોગુપ્તિની સિદ્ધિ થઈ કહેવાય.

આ આપણે '**समत्वे सुप्रतिष्ठितं**' શબ્દનો કંઈક વિચાર કર્યો.

આના જ પરમાર્થભૂત અંતિમ વિશેષણ છે. '**आत्मारामं**'

અહો ! એ પરમપવિત્ર દિન ક્યારે આવશે ? જ્યારે આપણું મન આત્મારામ બનશે બસ! માત્ર આત્મામાં, શુદ્ધ આત્મસ્વરૂપમાં, રાગદ્વેષાદિ બાહ્યભાવોથી તદ્દન અલિપ્ત ચેતનમાં મન ચોંટી ગયું હોય ! એ જ આપણું પરમ સૌભાગ્ય છે.

આનંદઘનજી એ દિનની કલ્પનામાં જ જીવી રહ્યા હતા ને ?

**તુજ મુજ અંતર અંતર બાધશે, વાજશે મંગલતૂર !**

**જીવ સરોવર અતિશય વાધશે, આનંદઘન રસપુર.**

ઓ પ્રભો ! એક દિવસ એવો ઉગશે કે જે દિવસે આપણા બે વચ્ચેનું આ અતિવિરાટ અંતર તુટી ગયું હશે. હું ખુદ પરમાત્મા બન્યો હોઈશ. આત્મસુખનો સ્વામી બન્યો હોઈશ. એ દિવસે દેવો-માનવો મારા આત્મસુખપ્રાપ્તિના આનંદના મંગલ વાજીંત્રો વગાડતા હશે.

અને આ આતમ સરોવરમાં આનંદરસ વાંભ વાંભ વધતો જ જતો હશે.

હાય ! આપણે તો કંઈ કેટલીય ભ્રમણાઓમાં જીવીએ છીએ.

કોઈનો આદર્શ છે, ત્રણસો ઓળી પુરી કરવાનો !

કોઈનો આશય છે, વિશ્વના બધા જ કતલખાના બંધ કરાવવાનો !

કોઈનો અભિલાષ છે, સેંકડો પ્રાચીન તીર્થોનો જીર્ણોધ્ધાર કરવાનો !

કોઈની ભાવના છે, ઐતિહાસિક બની રહે એવા નૂતન તીર્થો બનાવવાનો !

આવા કંઈક કેટલાય આશયો લઈને કેટલાય સંયમીઓ તે ઈચ્છાને સિદ્ધ કરવા તનતોડ-મન તોડ - જીવનતોડ પ્રયત્ન કરી રહ્યા છે, કરી ચૂક્યા છે.

પણ આ બધાય કરતા સર્વોત્તમ, શાસ્ત્રકારોને સૌથી વધુ માન્ય, સર્વવિરતિનું એકમાત્ર લક્ષ્ય – "મારે આત્મરમણ બનવું છે, મારે તપસ્વી-ટીકાકાર-વ્યાખ્યાનકાર, શાસન પ્રભાવક, તીર્થોદ્ધારક, તીર્થનિર્માતા વગેરે બધી પ્રશસ્ત ઉપાધિઓથી પણ રહિત, નિરૂપાધિક બનવું છે, આત્મસુખમાં સદૈવ રમતા આનંદઘન બનવું છે." – અને એ માટેનો સખત પુરુષાર્થ કરનાર આતમ તો આ બધાયથી ચડિયાતો છે, હોં !

જુઓ, ઉપાધ્યાયજી મહારાજના શબ્દો !

**"જે જે અંશે નિરુપાધિકપણું, તે તે જાણો રે ધર્મ."**

પ્રશસ્ત ભાવો, પ્રશસ્ત વિશેષણો પણ અંતે તો ઉપાધિ જ છે. એ બધી જેમ જેમ ઓછી થતી જાય તેમ તેમ શુદ્ધ ધર્મ પ્રગટતો જાય.

**આતમરામ અનુભવ ભજો, ત્યજો પરતણી માયા.**
**એહ છે સાર જિનવચનનો, વળી એહ શિવછાયા.**

જિનશાસનનો સાર આટલો જ છે કે આત્મસુખની અનુભૂતિ કરો. સારી કે નરસી બાકી બધી પારકી પંચાત છોડી દો. આજ મોક્ષસુખની છાંયડી છે.

**એમ જાણીને જ્ઞાનદશા ભજી, રહીએ આપસ્વરૂપ.**
**પરપરિણતિથી ધર્મ ન છાંડીએ, નવિ પડીએ ભવકૂપ.**

શુદ્ધ ધર્મનું સ્વરૂપ જાણીને હે જીવો ! તમે જ્ઞાનદશા પામી આત્મામાં લીન બનો.

પારકાઓના વિચારો વગેરેથી તમારા શુદ્ધ ધર્મને ન છોડો. સંસાર કૂવામાં ન પડો.

**શિષ્ય :** તો શું સર્વજીવોનું કલ્યાણ કરવાની ભાવના ખોટી છે ? તીર્થંકરોની જનેતા એવી આ ભાવનાનેય તમે ખરાબ કહેવા તૈયાર થયા છો ? મને સમજણ પડતી નથી.

(૧૨૮)**ગુરુ :** શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ તો કરુણાભાવના વગેરે પણ મોક્ષના પ્રતિબંધક તત્ત્વો જ છે. તું જ વિચાર, તમામ તીર્થંકરો પૂર્વથી ત્રીજા ભવે કરુણાભાવના ભાવી જિનનામ કર્મ નિકાચિત કરે છે અને પરિણામે ત્રીજા ભવે તીર્થંકર બની મોક્ષે જાય છે.

હવે નિકાચિત જિનનામ કર્મ જીવને ત્રણ ભવ સુધી સંસારમાં જકડી રાખનાર બન્યું જ ને ? જો પૂર્વથી ત્રીજા ભવમાં તીર્થંકરના આત્માઓ આ કરુણાભાવના ઉપર ચડવાના બદલે મધ્યસ્થભાવના પર ચડી ગયા હોત તો કદાચ એજ ભવમાં મોક્ષે ય જતા રહેત. પણ એમની ભવિતવ્યતા જ એવી કે એમણે કરુણાભાવના ભાવી, જિનનામ નિકાચિત બંધાયું અને પરિણામે ત્રણ ભવનો સંસાર વધી ગયો.

એટલે જિનનામ જગત માટે ઉપકારી છે એ વાત કબુલ, એ જિનનામ બાંધનારા આત્માઓને પણ એ દુર્ગતિમાં નથી જવા દેતું એય કબૂલ, પણ જિનનામ એ આત્માઓનો અમુક કાળ માટે તો મોક્ષ અટકાવી જ દે છે એ વાત તો માનવી જ રહી.

અને માટે જ આત્મસુખની દૃષ્ટિએ વિચારીએ તો કર્મ બાંધી આપનાર, તમામ પદાર્થો હેય હોવાથી જિનનામ બાંધી આપનાર કરુણાભાવના પણ હેય બની રહે છે.

તું જ કહે. (૧૨૯)પાપકર્મોને લોઢાની બેડીની અને પુણ્યકર્મોને સોનાની બેડીની ઉપમા આપવામાં આવી છે, એનો અર્થ એજ છે ને ? કે તીર્થંકરત્વની ભેટ ધરનાર તીર્થંકર નામકર્મ વગેરે પુણ્યકર્મ પણ સોનાની બેડી,બંધન, હેય જ છે. અને તો પછી એને લાવી આપનાર કરુણાભાવના પણ હેય જ છે.

(૧૩૦)બૌદ્ધદર્શનમાં કહ્યું છે કે ભગવાન બૌદ્ધને એવી ભાવના પ્રગટી હતી કે "આ વિશ્વના સર્વજીવોના પાપો મારા આત્મામાં આવી જાઓ કે જેથી એ જીવોને એ પાપકર્મોના ભયાનક વિપાકો ભોગવવા ન પડે. અને મારા પુણ્યકર્મો તેઓમાં જતા રહો કે જેથી તેના પ્રતાપે તેઓનો મોક્ષ થાય."

એક અપેક્ષાએ વિચારીએ તો જૈનદર્શને માનેલા તીર્થંકરોની કરુણાભાવના કરતા પણ આ બુદ્ધની કરુણાભાવના વધુ વિશિષ્ટ છે. તીર્થંકરો તમામજીવોને શાસનરસી બનાવવા મોક્ષ પમાડવાની ભાવના ભાવે છે. પણ તમામ જીવોના પાપકર્મો પોતે સ્વીકારી લેવાની ભાવના ભાવતા નથી. જ્યારે બુદ્ધે તો એ સર્વજીવોના મોક્ષની ભાવના તો ભાવી જ. પણ એની સાથે

એ બધાયના પાપકર્મો પોતાનામાં સ્વીકારી લેવાની પણ ભાવના ભાવી.

કોઈક વળી કહે કે "બીજાના પાપો કંઈ બીજામાં પરિવર્તન થોડા પામે ? બુદ્ધની તો આ મૂર્ખતા છે. તીર્થંકરો આ સત્ય હકીકત જાણતા હતા કે 'બીજાના પાપો મારામાં ન આવે.' અને એટલે જ એમણે એવી બુદ્ધ જેવી ભાવના ન ભાવી."

પણ આવું કહેનારા એ ભુલી જાય છે કે જેમ બીજાના પાપો બીજા જીવમાં પરિવર્તન ન પામે એમ સર્વજીવો પણ કદિ મોક્ષ ન જ પામે. અભવ્યો તો ન જ પામે પણ અનંતાનંત ભવ્યો પણ કદિ મોક્ષ ન જ પામે. તીર્થંકરો તો એ પણ સારી રીતે જાણતા જ હતા ને ? છતાં એમણે સર્વજીવોને મોક્ષમાં પહોંચાડવાની ભાવના ભાવી જ છે ને ? તો એ શું એમની મૂર્ખતા કહેવાય ?

જેમ તીર્થંકરો બધું જાણતા હોવા છતાં આવી ભાવના ભાવે તોય એ પ્રશંસનીય ગણાય. તેમ બુદ્ધની ભાવના પણ પ્રશંસનીય જ બની રહે છે.

(અલબત્ત દેવાધિદેવની કરૂણાભાવના અને બુદ્ધની કરૂણા ભાવનામાં આભ-ગાભનું અંતર પણ છે જ, એ ન ભુલવું.

(૧) બુદ્ધને બધા જીવોના પાપો સ્વીકારી લેવાની ભાવના ભલે થઈ, પણ તમામ જીવો પાપબુદ્ધિથી જ મુક્ત બની કાયમ માટે પાપ કરતા અટકે... એવી ભાવના નથી પ્રગટી. જ્યારે તીર્થંકરોની ભાવના સર્વજીવોને પાપબુદ્ધિથી જ મુક્ત કરી દેવાની છે. ભુખ્યા ગરીબને જોઈ એક વ્યક્તિ એને ખાવાનું દઈ દે પણ એ ભુખના દુઃખનું મૂળ કારણ ગરીબીનો જ નિકાલ ન કરે તો ? બુદ્ધની ભાવના આના જેવી છે. જ્યારે બીજો વ્યક્તિ એ ભુખ્યા ગરીબને નોકરી-ધંધે લગાડી ભુખના દુઃખનું મૂળ કારણ ગરીબાઈને જ મીટાવી દે છે. તીર્થંકરોની ભાવના આના જેવી છે.

(૨) બુદ્ધની ભાવના એવી નથી કે 'બધાં જીવો મોક્ષ માટે પુરુષાર્થ કરે' વગર પુરુષાર્થે બધાને મોક્ષમાં પહોંચાડવાની છે. જ્યારે તીર્થંકરોની ભાવના તો બધા જીવોને મોક્ષ માટે જ્ઞાનાદિત્રિકમાં પુરુષાર્થ કરતા કરી દેવાની છે.

(૩) બુદ્ધ 'પોતાનો મોક્ષ અટકે તોય ચાલશે' એવી ભાવનાવાળા છે. જેમાં અવિવેક છે. જ્યારે તીર્થંકરો તો પોતાના સહિત તમામનો મોક્ષ કરવાની ઇચ્છાવાળા છે... આમ બે યની ભાવનામાં વિવેક-અવિવેકનો મોટો તફાવત છે.)

પણ છતાં [૧૩૧]અષ્ટક પ્રકરણકાર ભગવાન હરિભદ્રસૂરિજીએ તીર્થંકરોના જેવી કે એક અપેક્ષાએ તેનાથી પણ વધુ ઉત્તમ એવી ય બુદ્ધભાવનાનું ખંડન કર્યું છે. તેઓ કહે છે કે

"બુદ્ધનો આ શુભ પરિણામ સમભાવ, સામાયિક ન કહેવાય. અને મોક્ષનું ઉત્કૃષ્ટ કારણ તો સમભાવ જ છે."

આના ઉપરથી પણ એ સ્પષ્ટ થાય છે કે જીવોને તારી દેવાની કરુણાભાવના પણ પરમાર્થથી તો હેય જ છે. કેમકે એ મોક્ષ લાવનારી નથી, મોક્ષ અટકાવનારી છે.

એટલે જ "હું તપસ્વી બનું, હું ટીકાકાર બનું, હું વ્યાખ્યાનકાર બનું. હું શાસનપ્રભાવક બનું, હું તીર્થોદ્ધારક, તીર્થનિર્માતા, તીર્થરક્ષક બનું.... આ બધી કહેવાતી પ્રશસ્ત ભાવનાઓ પણ સમભાવ, માધ્યસ્થ્યભાવ રૂપ આત્મપરિણામની સામે તો કાણી કોડી જેટલી જ કિંમત ધરાવે છે. માધ્યસ્થ્યભાવમાં, સમભાવમાં ક્યાંય કર્તૃત્ત્વભાવ છે જ નહિ. એમાં કશું કરવાની, કશું બનવાની ભાવના જ નથી. એમાં તો માત્ર આત્મસુખમાં લીનતા છે. ખરાબ કે સારી કોઈપણ ભાવનાઓ આ સમભાવમાં ઘુસતી નથી.

જુઓ મહોપાધ્યાયજીની અનુભવવાણી !

**विकल्पहीनां स्वदयां वदन्ति वैकल्पिकीमन्यदयां बुधास्तां । तत्रादिमोक्ता किल मोक्षहेतुः, परा पुनः स्वर्गसमृद्धिदात्री ।**

**અર્થ :** સ્વદયા, અંતર્મુખતા, આત્મલીનતા વિકલ્પરહિત્ત છે, અવશ્ય મોક્ષ આપનાર છે. જ્યારે અન્યદયા, બીજી જીવોને બચાવવા, પમાડવા રૂપ દયા એ વિકલ્પવાળી છે. અર્થાત એ આત્મહિત સાધે એવો નિયમ નથી.

એમાં સ્વદયા એ મોક્ષનું કારણ છે જ્યારે પરદયા એ સ્વર્ગાદિ સમૃદ્ધિને આપનાર છે.

મોક્ષસુખની સામે સંસારના સર્વોત્તમ સુખો કાણી કોડીની કિંમતવાળા જ છે. અને માટે જ બધાને વ્યાખ્યાન-પુસ્તકાદિ દ્વારા પમાડવા, કતલખાનાના જીવોને બચાવવા, હજારો લાખો ગરીબોના પેટ ભરવા, હજારો સાધર્મિકોને સ્થિર કરવા.... આ બધું આત્મરમણતાની સામે કાણી કોડીની કિંમતનું જ બની રહે એ સ્વાભાવિક છે.

એ જ મહોપાધ્યાયજી ફરમાવે છે કે

**હું કર્તા પરભાવનો, એમ જિમ જિમ જાણે, તિમ તિમ અજ્ઞાને પડે, નિજકર્મને ઘાણે.**

**અર્થ :** મેં વ્યાખ્યાન દ્વારા હજારોને ધર્મમાર્ગે વાળ્યા, મેં ૨૦૦ ઓળી કરી, મેં ૪૫ આગમોનો અભ્યાસ કર્યો, મેં હજારો ગરીબોના પેટની આગ ઠારી, મેં ગુરુની સર્વોત્કૃષ્ટ સેવા કરી, મેં સેંકડો પુસ્તકો લખ્યા, મે અનેક તીર્થોનો ઉદ્ધાર કર્યો, મેં શાસનપ્રભાવના કરી.... આવા અનેક વિચારોમાં જીવ પોતાની જાતને એ કાર્યોના કર્તા તરીકે અનુભવે છે.

અને જ્યાં સુધી જીવ પોતાને પરભાવોના કર્તા તરીકે માનતો રહેશે ત્યાં સુધી તે

અજ્ઞાનમાં ખૂંપતો રહેશે. "જીવ પરભાવનો કર્તા છે જ નહિ." એ વાસ્તવિક હકીકત છે. અને છતાં જો જીવ પોતાને પરભાવનો કર્તા માને. માન્યા જ કરે તો એ તેનું અજ્ઞાન વધતું જ જાય છે.

અને આવી અજ્ઞાનતાના કારણે એ જીવ પોતાના કર્મોને વધુને વધુ તગડા કરે છે.

પરમાર્થથી તો જીવ માત્ર પોતાના શુદ્ધ સ્વભાવનો જ કર્તા છે. રાગ-દ્વેષ વિનાની માધ્યસ્થ્યભાવની પરિણામધારા રૂપ શુદ્ધ સ્વભાવ એ જ જીવનું કાર્ય છે. બાકી બધા સારા-નરસા ભાવો એ જીવના પોતાના પરિણામ તો નથી જ.

અને જુઓ આ અજ્ઞાનતાનો હાહાકાર ! આ પરભાવોના કર્તૃત્ત્વભાવને કારણે જ જીવમાં અહંકાર ઉત્પન્ન થયો. એમાંથી અનેક રાગ-દ્વેષની હોળી સળગી.

"મેં આ શિષ્યને ભણાવ્યો, ગણાવ્યો, તૈયાર કર્યો અને છતાં એ જ મારી સામે જેમ તેમ બોલે છે.... મેં આ સંઘ માટે આટલો બધો ભોગ આપ્યો છતાં એ સંઘે મારી નાનકડી વાત પણ ન માની.... મેં આ શાસન પ્રભાવનાના ઉત્તમ કાર્યો કર્યા, છતાં કોઈ મારી અનુમોદના ય કરતું નથી... હું વડીલ છું. છતાં આ નાના સંયમીઓ મારી આમન્યા સાચવતા નથી.... હું આટલો બધો સ્વાધ્યાય કરું છું, છતાં ગુર્વાદિએ ગોચરીમાં મારી કાળજી ન કરી... મેં આટલો ઘોર તપ કર્યો છતાં સહવર્તીઓએ મારી કાળજી ન કરી...

હાય ! આવા ઢગલાબંધ સંક્લેશોમાં કેટલાય સંયમીઓની માનવભવની મુનિભવની અમૂલ્ય પળો સળગીને રાખ બની ગઈ.

આ બધાય સંક્લેશોનું કારણ એ પરભાવની કર્તૃત્ત્વબુદ્ધિ જ છે ને ? પરભાવને પોતાના માની લેવાની અજ્ઞાનતા જ છે ને ?

જાતને પુછો. શું કોણ ? હું અધ્યાપક ? હું ગુરુ ? હું સંઘનું કામ કરનાર ? હું શાસન પ્રભાવક ? હું તપસ્વી ? હું વડીલ ? હું સ્વાધ્યાયી ?...

આમાંની એકેય વાત સાચી છે ?

જુઓ, સિદ્ધોનું જે પ્રગટી ચૂકેલું સ્વરૂપ છે, એ જ આપણું વાસ્તવિક સ્વરૂપ છે. એટલે એ તો નક્કી કે સિદ્ધોના પ્રગટી ચૂકેલા સ્વરૂપમાં જેનો સમાવેશ ન થાય , તે બધુ જ આપણું સ્વરૂપ નથી. એ બધુ પારકું છે, મિથ્યા છે, અવાસ્તવિક છે.

હવે બોલો, સિદ્ધો અધ્યાપક છે ? ગુરુ છે ? સંઘસેવક ? શાસનપ્રભાવક ? તપસ્વી ? વડીલ ? સ્વાધ્યાયી ? છે.

જો ના ? તો આ બધા પારકા સ્વરૂપો છે. અને એ બધાને આપણે આપણા માન્યા, એ

અજ્ઞાનમાં જ વધુ ખુંપતા ગયા અને પરિણામે આ બધી સંકલેશો-કષાયોની હોળી સળગી.

જ્યારે પણ મનમાં સંકલેશ ઉત્પન્ન થાય, રાગ-દ્વેષ ઉત્પન્ન થાય, ત્યારે નક્કી માનજો કે આપણે કોઈ પરભાવને પોતાનો માનીને, અજ્ઞાનમાં ખૂંચીને ઉંધા રવાડે ચડ્યા છીએ. ખૂબ ઉંડાણથી તપાસશો તો એ અજ્ઞાનનું જ્ઞાન થઈ રહેશે.

હું કોણ ? એનો સાચો ઉત્તર બરાબર શોધી કાઢો.

મારું કોણ ? એનો સાચો ઉત્તર બરાબર શોધી કાઢો.

અને પછી એ ઉત્તરને આત્માના પ્રદેશે પ્રદેશે આત્મસાત કરો તો આ તમામ સંકલેશો મુળથી વિચ્છેદ પામ્યા વિના નહિ રહે.

હું કોણ ? એનો ઉત્તર એ છે કે હું શુદ્ધ આત્મા, રાગદ્વેષરહિત આત્મા, સંકલ્પવિકલ્પરહિત આત્મા, સંસારના વિશેષણો વિનાનો આત્મા ! જે સિદ્ધાત્મા છે, તે જ હું છું. જે સિદ્ધાત્માનું સ્વરૂપ છે, એ જ મારું સ્વરૂપ છે.

મારું કોણ ? એનો ઉત્તર આ છે કે જ્ઞાન-દર્શન-ચારિત્ર એ મારા ! શુદ્ધપરિણતિ મારી ! સારા કે ખરાબ તમામ સંકલ્પો વિનાની આત્મરમણતા એ મારી ! જે સિદ્ધોનું, એ જ મારું છે.

આ ભાવ જેટલો વધુ ઘુંટાશે, માત્ર વાણીમાં જ નહિ, પણ મનમાં અને છેવટે આત્માના પ્રદેશે પ્રદેશે ફેલાશે ત્યારે જ આત્મિક સુખની નિર્ભેળ અનુભૂતિ પ્રાપ્ત થશે. બાકી પરભાવના સંયોગથી અનુભવાતી પ્રસન્નતાને આત્માનંદ માની લેવાની મૂર્ખતા કરનારા ય ઘણા છે હોં ! રતિમોહનીયકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી પ્રસન્નતા = ઔદયિક ભાવને આત્માના સહજ આનંદ તરીકે માની ભ્રમણામાં ભવભ્રમણ વધારનારાઓનો ય કોઈ તોટો નથી હોં !

સાધુ-સાધ્વીજીઓને કઠિન શાસ્ત્ર ભણાવતા ભણાવતા અધ્યાપકને કોઈક અદ્ભુત પદાર્થ મનમાં ઉપસી આવે અને એના નિરૂપણને સાંભળી શિષ્યો આફરીન પોકારી જાય, ખૂબ- ખૂબ અનુમોદના કરે... એ પછી એ અધ્યાપકનું મન કેટલું બધું પ્રસન્ન રહે ? બે-ચાર દિવસ એની પ્રસન્નતા ફાટફાટ થતી હોય.

પ્રશ્ન એ છે કે આ મોહનીયના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી પ્રસન્નતા છે ? કે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલા સૂક્ષ્મપદાર્થ વડે શિષ્યાદિ પાસેથી જે પ્રશંસા પ્રાપ્ત થઈ. તેમાં માનકષાયનો ઉદય થયો, ભેગો રતિમોહનો ઉદય થયો અને એના દ્વારા પ્રગટેલ અહંકાર - રતિ રૂપ આ પ્રસન્નતા છે ?

ધારો કે બે-ચાર દિ' બાદ એ જ અધ્યાપકને પાઠમાં પાંચ-છ પંક્તિઓ કોઈપણ હિસાબે

નં આવડે, કલાક સુધી મથવા છતાં પદાર્થ સ્પષ્ટ ન થાય, શિષ્યોના મુખ ઉપર કંટાળાનો ભાવ ઉપસી આવે અને આવી હાલતમાં જ પાઠની પૂર્ણાહુતિ કરવી પડે... ત્યારે એ અધ્યાપકના મનમાં ઉદ્વેગ-મુખ ઉપર ગ્લાનિ ઉપસે છે ખરી ? ચાર દિવસથી જે મુખ ઉપરની લાલી હતી, એમાં ફેરફાર થાય છે ખરો ?

જો હા ! તો એમ કહેવાનું મન થાય કે ચારદિ'ની પ્રસન્નતા માનકષાય + રતિ રૂપ જ હતી ને ? માટે સ્તો આજે માનકષાય ન પોષાતા, રતિનો ઉદય ન થતા અરતિ પ્રગટી.

જો મોહનીયના ક્ષયોપશમજન્ય પ્રસન્નતા હોત તો એ તો પાઠમાં પંક્તિ ન બેઠી હોય, શિષ્યોએ કંટાળો વ્યક્ત કર્યો હોય તો પણ ઓછી ન થવી જોઈએ ને ?

આ જ સૂક્ષ્મ ગણિત બધે જ વિચારવા જેવું છે.

વ્યાખ્યાનનો હોલ ભરાય, એકતાન બનીને લોકો સાંભળે, ધાર્યા પ્રમાણેના ટીપ-ટકોરા થઈ જાય, લોકો વાહ-વાહ કરે... ત્યારે વ્યાખ્યાનકારની પ્રસન્નતા આભને આંબે, ખાવાનું ય ન ભાવે.

અને એ જ વ્યાખ્યાનકારને એવો અવસર આવે કે હોલમાં કાગડા ઊડે, સાંભળનારો ઝોખા ખાય, લોકો અધવચ્ચેથી ઉભા થઈને ચાલવા માંડે, વ્યાખ્યાન બરાબર જામે નહિ... ત્યારે પણ મન ઉદ્વિગ્ન બની જાય, બેચેની વધી જાય, ત્યારે ય ખાવાનું ન ભાવે.

તપસ્વીની લોકો પ્રશંસા કરે, સહવર્તીઓ ખડે પગે સેવા કરે, મહોત્સવ ગોઠવાય... એટલે તપસ્વીને ૩૦માં ઉપવાસે પણ ખૂબ પ્રસન્નતા રહે.

પણ ઉંમરમાં નાના અને ૬૫ ઉપવાસને લીધે તપમાં મોટા બીજા કોઈ તપસ્વીની હાજરીને કારણે એ બીજા તપસ્વીની બોલબોલા વધી જાય, સહવર્તીઓ પણ એના તરફ વધુ લક્ષ્ય આપે; ઉત્સવાદિ પણ એ મોટા તપના જ ગોઠવાય... ત્યારે આ ૩૦ ઉપવાસના તપસ્વીનું મોઢું ચડી જાય, મનમાં અશાતા-ઉદ્વેગ પ્રગટી જાય.

જો આવું કંઈક થતું હોય તો માનવું પડે કે પહેલા જે આનંદ હતો એ મોહનીયના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો આત્માનંદ નહિ, પરંતુ મોહનીયના ઉદયથી ઉત્પન્ન થયેલો ભોગાનંદ હતો.

અને ખરેખર વર્તમાનકાળની પરિસ્થિતિ જોતા આવા જ કોઈ ભોગાનંદને આત્માનંદનું હુલામણું નામ આપીને આપણે મિથ્યા સંતોષમાં જીવી રહ્યા હોઈએ એવું લાગે.

તડકો સહન કરવો ન પડે, માટે અંધારામાં વિહાર કરવાની છૂટ - ભાર ઉંચકવો ન પડે માટે સાઈકલ / માણસ રાખવાની છૂટ - એકલવાયાપણું ન લાગે માટે શ્રાવકો - ભક્તો -

શ્રાવિકાઓ સાથે પણ ઉપદેશાદિના બહાને વાતો કરવાની છૂટ - ભુખના દુઃખ સહેવા ન પડે એ માટે એકાસણું છોડી ત્રણ ટાઈમ વાપરવાની છૂટ - અણગમતી વસ્તુથી મોઢું બગડી ન જાય એ માટે વિગઈઓ, આધાકર્મીઓ, ભક્તોની ગોચરીઓ વાપરવાની છૂટ - એક-દોઢ બે કી.મી. ફરીને, ઘેર ઘેર માંગીને ગોચરી લાવવાનું કષ્ટ સેવવું ન પડે એ માટે રસોડાની ગોચરી વાપરવાની છૂટ -, ચોમાસામાં કે શેષકાળમાં ઘેર-ઘેર ભટકીને પાણી લાવવાની કે ઘેર ઘેર પાણી કરાવવાની ઝંઝટ (!) મટે એ માટે ઉપાશ્રયમાં જ નીચેથી કે છેવટે આંબિલખાતેથી જ એકસાથે બધુ પાણી ઉકાળાવીને લાવવાની છૂટ - મેલાં કપડાથી અપ્રસન્નતા ન થાય, મસ્તી મરી ન જાય એ માટે ઈચ્છા પડે ત્યારે સારામાં સારા સાબુ-સર્ફથી કાપ કાઢવાની છૂટ...

સંયમજીવનના પ્રત્યેક નિર્જરાના યોગોમાં નાની મોટી છૂટો લઈ, કશુંય સહન કર્યા વિના આપણે મસ્તીથી જીવીએ અને એટલે આપણું મન પ્રસન્ન રહે, સંયમમાં સ્થિરતા અનુભવાય એને શું આત્માનંદ ગણી શકાય ? એ ભોગાનંદ ન કહેવાય?

પુષ્કળ અસંયમો સેવવા, તમામ સંયમયોગોમાં નાના-મોટા બાકોરા પાડી આપણી સુખશીલતાઓ પોષી લેવી અને પછી એમ માનવું કે 'હું સંયમજીવનમાં સ્થિર થઈ ગયો છું. મને સંસારમાં જવાની બિલકુલ ઈચ્છા થતી નથી. મને સંયમમાં ખૂબ રસ પડી ગયો છે. અહીં તો કેટલો બધો આનંદ છે' આના જેવી આત્મવંચના, આના જેવી ભયંકર ભ્રમણા, આના જેવી મૂઢતા, આના જેવી અજ્ઞાનતા, આના જેવી મૂર્ખતા બીજી કઈ હોઈ શકે ?

પેલા નાસ્તિકો ! સ્વર્ગીય સુખોનું વર્ણન સાંભળી, એને જ મોક્ષ માની લઈ પછી જોર શોરથી બોલે કે, 'અમે મોક્ષ માટે ખૂબ જ તડપીએ છીએ.'

એવી આપણી હાલત નથી ને ? સંયમજીવનમાં પુષ્કળ અસંયમ = છૂટછાટો ઘુસાડી દઈ, એને જ સંયમ નામ આપી આપણે મુલ્લાઓની જેમ બાંગ પોકારીએ કે 'અમે સંયમમાં ખૂબ સ્થિર છીએ. સંસારીઓ ! તમે એકવાર તો આ સંયમ સ્વીકારો. અહીંનો આનંદ માણ્યા પછી તમને સંસારમાં જવાની ઈચ્છા જ નહિ થાય." એ કેટલું વ્યાજબી ?

રે ! સંસારીઓના સંસાર કરતાય મોટો સંસાર સંયમજીવનમાં જ જો ઉભો કરી દીધો હોય તો પછી કયો મૂર્ખ માણસ એ મોટાસંસારવાળા સંયમજીવનને છોડી નાનકડા સંસારમાં જવાની મૂર્ખામી કરે ?

(૧૩૨)પેલા નાસ્તિકોને જો કહેવામાં આવે કે,'આ તમે જે મોક્ષ માનો છો, એ મોક્ષ નથી એ તો સ્વર્ગ છે. મોક્ષનું સ્વરૂપ તો તદ્દન જૂદુ છે. એમાં સ્વર્ગના એકે ય સુખો નથી....'

તો એ રાડ પાડી ઉઠશે કે ના. આવો મોક્ષ તો અમે સ્વપ્નમાં પણ ઇચ્છતા નથી, જ્યાં સ્વર્ગીય સુખો નહિ, એ મોક્ષ અમારે મન સંડાસ જેવો છે.'

એમ મહાવિદેહક્ષેત્રમાંથી શ્રી સીમંધર સ્વામીના કોઈક મહામુનિ અત્રે આવી ૧૦,૦૦૦ સાધુ-સાધ્વીઓને ભેગા કરી ફરમાન બહાર પાડે કે 'હવે પછી તમારે કષ્ટપ્રધાન જીવન જીવવાનું છે. સંઘયણ પ્રમાણેની છૂટ તમને આપીશ, પણ સુખશીલતા - પ્રમાદની છૂટ તમને નહિ મળે. હવે તમારે સૂર્યોદય પછી જ વિહાર કરવાનો. વિગઈઓ - મીઠાઈઓ - ફરસાણો સંપૂર્ણ છોડી દેવાના. અશક્તિ લાગે તો એક માત્ર ઘી કે ખાંડ વિનાનું દૂધ વાપરવાની છૂટ - ૧૨ મહિનાને બદલે મહિને મહિને કાપ કાઢવાની રજા, પણ એ માત્ર પાણી-ખારમાં જ કાઢવાનો - જ્યાં સુધી ૪૫ આગમો ભણીને ગીતાર્થ ન બનો ત્યાં સુધી કોઈ પણ શ્રાવક સાથે વાતચીત કરવાની મનાઈ, ઉપદેશ આપવાની મનાઈ...

સંવિગ્ન મહાત્માને યોગ્ય આવા કોઈ ફરમાન એ મહામુનિ બહાર પાડે અને આપણા વર્તમાનના સંયમને બદલે આ નવા સંયમને પાળવાની ફરજ પાડે તો શું આપણે પછી પ્રસન્ન રહી શકીશું ખરા ? અત્યારની કહેવાતી પ્રસન્નતા ત્યારે ટકશે ખરી ?

અત્યારે આપણા રોજીંદા જીવનમાં પણ ગુરુ કોઈક કડકાઈ કરી ફેરફાર કરવાનું સૂચન કરે તોય જો અસમાધિ થતી હોય, નાનકડી પ્રતિકૂળતાઓમાં પણ મન પ્રસન્નતા ગુમાવી દેતું હોય... તો એ મહાવિદેહના મહામુનિએ સ્થાપિત કરેલા સંયમમાં આપણી પ્રસન્નતા, રુચિ શેં ટકશે ? જાતને જ પુછીએ.

કદાચ એ નાસ્તિકોની જેમ આપણે ય એ શુદ્ધ સંયમની સામે બળવો તો નહિ પોકારીએ ને ? "અમારે આવું નવું સંયમ જીવવું નથી. અમારે તો જુનું જ સંયમ જીવવું છે' એવું ખુલ્લેઆમ બોલી તો નહિ બેસીએ ને ?

હાય ! આપણા મનને આપણે જ 'આખી જિંદગી પુરી થવા આવી' છતાં પિછાણી શકતા નથી. આપણે શું ગુરુને કે લોકને છેતરવાના ? એમનાથી છાનું-છુપું કરવાના ? એ મનડું જ આપણને ઘણું છેતરી રહ્યું છે. આપણાથી છાની રીતે ઘણા જ ખેલ ખેલી રહ્યું છે.

માટે જ, સંયમીઓ ! મનની પ્રસન્નતાને આત્માનંદ માનવાની ભૂલ ન કરતા. ખૂબ સૂક્ષ્મબુદ્ધિથી બરાબર ચકાસણી કરજો. રતિમોહના ઉદયથી ઉત્પન્ન થયેલા રતિ નામના અધ્યવસાયને જ આત્મિકસુખ માનવાની ભ્રમણા ભવભ્રમણનું છાનું-છૂપું-અપ્રગટ કારણ છે.

મહામહોપાધ્યાયજી કહે છે કે –

**જેહ અહંકાર-મમંકારનું બંધનં, શુદ્ધનય તે દહે દહન જિમ ઈંધનં.**

**શુદ્ધનયદીપિકા મુક્તિમારગ ભણી, શુદ્ધનય આથી છે સાધુને આપણી.**

હું તપસ્વી, સ્વાધ્યાયી, શાસનપ્રભાવક, ગુરુપરતંત્ર, પરમાત્મભક્ત, વિશુદ્ધસંયમી, સિદ્ધહસ્ત લેખક, અનેક શિષ્યોનો ગુરુ, પ્રખર વાચનાચાર્ય.... આ બધા અહંકારો આત્મા માટે બંધન છે.

તો મારા શિષ્યો, મારા ભક્તો, મારી સંસ્થા, મારા ઉત્તમ પુસ્તકો, મારી વાણી, મારું શરીર, મારી ઉપધિ... આ બધા મમકારો ય આત્મા માટે બંધન છે.

આ બધાય બંધનોને સળગાવી નાંખવાની તાકાત શુદ્ધનયમાં છે. શુદ્ધ આત્મસ્વરૂપના ચિંતનમાં છે. 'હું માત્ર આત્મા છું, સિદ્ધ છું, રાગદ્વેષરહિત છું. સંસારની સર્વ ઉપાધિઓથી પર છું... આવા વાસ્તવિક - તાત્ત્વિક સંવેદનમાં છે કે જે વારંવાર પરિશીલન કરવાથી પ્રગટે છે.

અગ્નિ જેમ ઇંધનને બાળે એમ આ શુદ્ધનિશ્ચયનય આ બંધનોને બાળે. માટે જ તો હે શ્રમણો ! આ શુદ્ધનય તો મુક્તિમાર્ગમાં આપણા માટે દીવડી સમાન છે. ક્યાંય આપણે ભુલા ન પડીએ, ઉન્માર્ગે ન ખેંચાઈએ એ માટે આપણી સહાયક છે.

શ્રમણો ! માટે આ શ્રમણ જીવનની આપણી કોઈ પણ કમાણી હોય તો એ આ શુદ્ધનય જ છે. એ જ આપણી મૂડી છે.

કેટલી બધી સાચી વાત ! મર્યા પછી બીજા ભવમાં આ ભવનું ગોખેલું આવવાનું નથી. શિષ્યો કે સંસ્થા ય સાથે આવવાના નથી. આવશે માત્ર એક જ વસ્તુ. આપણે ઘડેલી પરિણતિ !

મહોપાધ્યાયજી ફરમાવે છે કે –

**स्वभावलाभात्किमपि प्राप्तव्यं नावशिष्यते । इत्यात्मैश्वर्यसंपन्नो निःस्पृहो जायते मुनिः ॥**

'મારે મારા શુદ્ધિસ્વરૂપની પ્રાપ્તિ રૂપ એક જ કાર્ય બાકી છે. આ સિવાય મારે કંઈ જ મેળવવાનું બાકી નથી.' આવા આત્માના ઐશ્વર્યથી સંપન્ન મુનિ નિઃસ્પૃહ બની જાય છે.

અને એ જ સ્થળે તેઓ કહે છે કે – **परस्पृहा महादुःखं । निःस्पृहत्वं महासुखम् ।** પરની સ્પૃહા એ જ સૌથી મોટું દુઃખ છે અને નિઃસ્પૃહતા એ જ સૌથી મોટું સુખ છે.

અહીં પૂર્વે તેઓ કહી જ ગયા છે કે 'શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ એ જ એકમાત્ર પ્રાપ્ત કરવાની બાકી છે' આનો અર્થ એ જ કે એ સિવાયની બધી જ વસ્તુઓ પર છે. પારકી છે, અર્થાત્ ધન-સ્ત્રી-પુત્ર-શરીર-મકાન વગેરે તો પારકા છે જ. પણ અધ્યાત્મજગતમાં તો શુદ્ધસ્વરૂપ

સિવાયની બધી જ વસ્તુ પારકી છે. અને એ પારકી વસ્તુની સ્પૃહા એ જ મોટું દુઃખ છે.

'મારે ૧૦૦ ઓળી કરવી છે' એવી જે સંયમીને સ્પૃહા છે, એને ૯૯ ઓળી થયા બાદ એવી સખત તબિયત બગડે કે ડોકટરો એને રોજ ફરજિયાત દૂધ-ઘી લેવાનું કહે, આંબિલ કરવાની સંપૂર્ણ ના પાડી દે અને ખરેખર એવી જ તબિયત થઈ ગઈ હોય તો એ સંયમીને કેટલો ખેદ થાય ? "માત્ર એક ઓળી માટે મારી ૧૦૦ ઓળી રહી ગઈ..." વર્ષો જીવે, તો છેક મૃત્યુ સુધી એને આ વસવસો રહે, કદાચ આર્તધ્યાન પણ થાય.

૧૦૦મી ઓળીની સ્પૃહાએ એને દુઃખી, ખેદવાન, પીડાવાન બનાવી દીધો ને ?

એમ 'મારે અમુક સાધુને જ મારા ગુરુ બનાવવા છે એ મહાન ગીતાર્થ - સંવિગ્ન છે' એવી સારી સ્પૃહા કોઈ મુમુક્ષુ રાખે અને ઘરના કેટલાક દબાણને કારણે કે બીજા કોઈક કારણસર બીજા સારા સાધુને ય એણે ગુરુ બનાવવા પડે તોય આ મુમુક્ષુ રડે,'મને મારા ગુરુ ન મળ્યા' એમ આર્તધ્યાન કરે.

સદ્‌ગુરુની સ્પૃહા પણ છેવટે દુઃખી કરાવનાર બની ને ?

જેને ઢગલાબંધ શાસ્ત્રો ભણી લેવાની સ્પૃહા હોય, પરંતુ તબિયત ન પહોંચવાથી કે અધ્યાપકનો યોગ ન થવાથી ભણવાનું શક્ય ન બને એ પણ કેટલો પીડાય ?

શાસ્ત્રબોધની સ્પૃહા પણ દુઃખનું કારણ બની કે નહિ ?

આત્મસુખ તો સ્વાધીન છે એના માટે કોઈની જરૂર નહિ, જુઓ ને ? ઉપાધ્યાય મહારાજે જ કહ્યું છે કે —

**'निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहूर्मुहुः । तदेव ज्ञानमुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा'**
વારંવાર એક માત્ર નિર્વાણ = મોક્ષ = આત્મશુદ્ધિ પદની ભાવના ભાવવામાં આવે, તો એ જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. વધુ જ્ઞાનનો અમારે કોઈ આગ્રહ નથી.

મનને આત્મારામ = આત્મલીન બનાવવા માટે અર્થાત્ આ મનોગુપ્તિને સાધવા માટે અનિત્યાદિ ૧૨ અને મૈત્રી વગેરે ૪ એમ ૧૬ ભાવનાઓ સતત ભાવવી જોઈએ. એ માટે શાન્તસુધારસ શિરમોર ગ્રન્થ છે. નિરવશાંતિમાં શાંતચિત્તે આ શાંતસુધારસની ઢાળો અર્થચિંતન પૂર્વક, શાસ્ત્રીય રાગ સાથે ગાવામાં આવે તો ખરેખર મન એમાં લીન બની જાય. આત્મામાં રમણ બની જાય.

આ ઉપરાંત રોજ રાત્રે ભણાવાતી સંથારાપોરિસી પણ આ જ ઉત્તમ ભાવોથી ભરેલી છે. રોજીંદી ક્રિયાની જેમ એ સૂત્ર માત્ર બોલી જવા કરતા એક એક ગાથામાં, એના અર્થમાં મનને એકાગ્ર બનાવવામાં આવે તો ખરેખર મનોગુપ્તિની સિદ્ધિ થાય, સાચી આત્માનંદની

અનુભૂતિ થાય. ક્ષયોપક્ષમભાવની પ્રસન્નતા પ્રગટે. દિવસ દરમ્યાન જે કોઈપણ રાગ-દ્વેષ થયા હોય એના અનુબંધો તોડી નાંખવાનું અજોડ શસ્ત્ર છે આ ૧૬ ભાવનાઓથી ભાવિત થવું તે.

ઉપાધ્યાય વિનયવિજયજીએ ખરેખર કમાલ કરી છે, આ ગ્રંથ રચીને ! હા ! એના રાગો આવડવા કે એ ન આવડે તો ય એના અર્થો આવડવા ખાસ જરૂરી છે.

આ ૧૬ ભાવનાઓ કરતા પણ વધુ ઉંચી, વધુ કઠિન છે, આત્મા સ્વરૂપની ભાવના. આત્માના શુદ્ધ સ્વરૂપને નિહાળવું. એનું ચિંતન કરવું એને આત્મસાત કરવું.

પણ એ આત્માના શુદ્ધ સ્વરૂપના સંવેદન માટે અત્યંત ઉપયોગી ૧૬ ભાવનાઓ જ છે. એમાં જીવ ઓતપ્રોત બની જાય તો મનના સંકલેશો જડમૂળથી વિનાશ પામ્યા વિના ન રહે.

મનમાં ઉત્પન્ન થનારા રાગ-દ્વેષોને અટકાવવા કે ઉત્પન્ન થઈ ચૂકેલા રાગ-દ્વેષને શાંત કરવા માટે આ આત્મસ્વરૂપચિંતન, ૧૬ ભાવનાઓ કેવી કેવી રીતે ઉપયોગી થાય છે ? અને એના દ્વારા મનોગુપ્તિની પ્રાપ્તિ થાય છે એ આપણે કેટલાક ટુચકાઓથી જોઈએ.

(૧) સંસ્કૃત ટીકાઓ, ગુજરાતી કાવ્યો, ઐતિહાસિક પુસ્તકો વગેરે રચનારની લોકો ખૂબ અનુમોદના કરે અને એના દ્વારા એ સર્જક જીવને અહંકાર ખૂબ જાગે એ શક્ય જ છે. 'એને પોતાની શક્તિનો અહંકાર છે' એ ઓળખવાની નિશાની એ કે જ્યારે કોઈ એની ટીકામાં, એના કાવ્યોમાં, એના પુસ્તકાદિમાં ભુલ કાઢે ત્યારે એ સહી ન શકે, બેબાકળો બની જાય, ઉદ્વિગ્ન બની જાય.

ભણનારા વિદ્યાર્થીઓએ ગણેલા દાખલાઓમાં શિક્ષક ભુલ કાઢે તો એમાં વિદ્યાર્થીઓને ખોટું નથી લાગતું કે ગુસ્સો પણ નથી આવતો કેમકે એ અવસ્થામાં તેઓને અહંકાર નથી. જ્યારે શિક્ષકે ગણેલા દાખલામાં કોઈ વિદ્યાર્થી ભુલો બતાવે અને ખરેખર એ મહત્ત્વની ભુલ હોય તો શિક્ષક એ વિદ્યાર્થી ઉપર ક્રોધે ભરાયા વિના ન રહે. કમસેકમ અરુચિ તો કરે જ.

એજ પરિસ્થિતિ અહીં સર્જાતી હોય છે.

આવા વખતે કર્તૃત્ત્વભાવને ભગાડી દઈ સાક્ષિત્ત્વભાવને આત્મસાત કરવો એજ શ્રેષ્ઠ ઉપાય છે. મહોપાધ્યાયજી કહે છે કે **पदानि वर्णैर्विहितानि तैश्च वाक्यानि वाक्यैरखिलः प्रबन्धः । इत्थं श्रयन्नैश्चयिकं समाधेर्ग्रन्थं करोमीत्यभिमन्यते कः ।** કોઈક વિદ્વાન મુનિ ઉત્કૃષ્ટ ગ્રંથાદિની રચના કરે અને લોકો એની ખૂબ પ્રશંસા કરે ત્યારે એ મુનિએ આત્માને ભાવિત કરવો જોઈએ કે "ચેતન ! તું ક્યાં આ ગ્રંથનો કર્તા છે ? અક્ષરો ભેગા મળીને પદો બને છે. પદો ભેગા મળીને વાક્યો બને છે. અને વાક્યો ભેગા મળીને ગ્રંથ બન્યો છે. આમાં

તું તો ક્યાંય આવતો જ નથી. તો નાહકનું અભિમાન શીદને કરે કે "મેં આ ગ્રંથ બનાવ્યો ?"

(૨) કોર્ટમાં કેસ લડનાર વકીલ પોતાના અસીલને જીતાડવા માટે તનતોડ પ્રયત્ન ભલે કરે, પણ એક વસ્તુ નિશ્ચિત છે કે એ પોતાનો અસીલ હારે કે જીતે એની સાથે એને ઝાઝી નિસ્બત નથી હોતી. એને તો પોતાની ફી, પોતાની વિજયી તરીકેની છાપ સાથે નિસ્બત હોય છે. અને માટે જ તો કદાચ પોતે હારે તોય અસીલ કરતા ૧૦૦માં ભાગનું દુઃખ પણ વકીલને થતું નથી. જે દુઃખ થાય છે, એ પણ અસીલની હારનું નહિ. પરંતુ પોતે વિજયી ન બનવાથી, હારવાથી પોતાનો ધંધો ઓછો થાય એનું દુઃખ હોય છે.

ટૂંકમાં વકીલનો કેસ લડવા પાછળનો, અસીલને જીતાડવાના તનતોડ પ્રયત્ન કરવા પાછળનો એકમાત્ર આશય પોતાનો ધંધો, આવક જ છે. અસીલની હાર કે જીત સાથે વકીલને સીધી તો કોઈ જ નિસ્બત નથી. એટલે જ જો એ વકીલને કોઈ મોટી લાંચ આપી દે તો એ વકીલ હાથે કરીને હારી જવા ય તૈયાર થાય છે.

ગીતાર્થ સંવિગ્ન સાધુઓને શાસ્ત્રકારો તરફથી આ કામ સોંપાયું છે કે "તેઓ વ્યાખ્યાનો કરે, પુસ્તકો લખે, ટીકાઓ લખે, શાસનપ્રભાવનાદિ કરે."

આમાં એ સાધુ-સાધ્વીઓનો સ્વાર્થ એ જ છે કે આ બધા કાર્યો કરવામાં તેમને પુષ્કળ કર્મક્ષય, પ્રચંડ પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાય છે. અને એટલે જ તેઓ આ સ્વાર્થ સાધવા માટે બધી જ પ્રવૃત્તિ કરે. પરોપકારની ભાવના એ પણ તેઓ માટે સ્વાર્થ જ છે.

(૧૩૭)હવે આ પ્રવૃત્તિ કરવા છતાં લોકો ન પામે, લોકો ધર્મ તરફ અભિમુખ ન થાય તોય એમાં સંયમીને તો કંઈ નુકસાન થયું જ નથી. તો પછી એ દુઃખી શા માટે થાય ?

૨૦૦ અઠ્ઠાઈ કરાવવી હતી અને ૧૦૦ જ થઈ, તો એમાં સંયમીનો સ્વાર્થ ક્યાં ઘવાયો?

૧ લાખનું ફંડ કરવું હતું અને ૬૦ હજાર જ થયા, તો એમાં સંયમીને વાંધો ક્યાં પડ્યો?

૨૦૦૦ માણસોની શિબિર કરવી હતી અને ૮૦૦ પાસ જ ગયા, તો એમાં સંયમીને તકલીફ ક્યાં પડી ?

પરોપકારના કાર્યોમાં સફળતા ન મળવાથી જો સંયમી દુઃખી, દુઃખી થતો હોય તો માનવું પડે કે એ વકીલ નથી, એ અસીલ છે. માનવું પડે કે આત્મશુદ્ધિ એનો સ્વાર્થ નથી, પણ લોકો પામે એ તેનો સ્વાર્થ છે. બાકી આત્મશુદ્ધિ એનો સ્વાર્થ હોત તો તો શાસ્ત્રાનુસારે પરોપકારની પ્રવૃત્તિ કરવા માત્રથી જ તેમનો એ સ્વાર્થ સિદ્ધ થઈ ગયો છે. તો પછી એણે દુઃખી થવાની કંઈ જરૂર નથી.

પોતાની પાસે આવેલો અસીલ વિજય પામે એવી સ્વાભાવિક ઈચ્છા અને પ્રયત્ન બેય વકીલને ભલે હોય, પણ એના પરાજયમાં હાય વોય કરવાનું દુર્ભાગ્ય વકીલના લલાટે હોતું નથી.

સંયમી જાતને જો વકીલ બનાવે, અસીલ નહિ તો એને પછી મળતી નિષ્ફળતાઓમાં સંકલેશ ન થાય.

(૩) વકીલ જેવું જ એક પાત્ર છે, સેલ્સમેન ! એકની વસ્તુ બીજાને વેંચી આપવી અને વચ્ચે પગાર મેળવી જીવન ચલાવવું એજ એનું કામ. ખરીદનાર કે વેચનારને કેટલો નફો-નુકશાન થાય એની ચિંતા દલાલને ન હોય, પણ પોતાને દલાલી કેમ વધુ મળે, એ માટેના પ્રયત્ન ચોક્કસ હોય. પુસ્તકો લખવા, વ્યાખ્યાનો આપવા, શિબિરો કરવી, અનુષ્ઠાનો કરાવવા, શાસનપ્રભાવનાના કાર્યો કરવા..... આ બધી ગુરુઓએ કે શાસ્ત્રકારોએ લોકોને વેંચવા માટે આપેલી વસ્તુઓ વધુ ઉંચી કિંમતમાં વેચવાનો પ્રયત્ન કરવો એ સેલ્સમેન તરીકે આપણી ફરજ છે.

હવે આપણે એ સેલ્સમેનશીપનું કામ કરીએ છતાં લોકો ન પામે, તો નુકશાન તેઓને છે. સેલ્સમેનને તો કંપની તરફથી પગાર મળી જ રહે છે. અર્થાત્ શાસ્ત્રાનુસારે સમ્યક્ પ્રયત્નો કરવાથી સંયમીને તો નિર્જરા મળે જ છે. પછી સંકલેશ શા માટે ?

(૪) શિષ્યો ન માને, સેવા ન કરે, ઔચિત્ય વિનય-વિવેક ન જાળવે, અપમાન કરી નાંખે, ત્યારે ગુરુને ખેદ થાય, આઘાત લાગે, ઉંઘ હરામ બની જાય, આ બધું એટલા માટે જ થાય છે કે ગુરુ એમ માને છે કે "હું ગુરુ છું."

એ જ ગુરુ બીજા ગચ્છના સાધુઓને કોઈ વાત કરે અને તેઓ ન સ્વીકારે તો આ ગુરુ દુઃખી થતા નથી. તે બીજાઓ પાસે પોતાની સેવાદિની ઈચ્છા ય રાખતા નથી. કેમકે ત્યાં "હું ગુરુ છું." એવો અહંભાવ જ નથી. એટલે જો આવા સંકલેશોથી બચવું હોય તો રોજ આત્માને આ પદાર્થથી ભાવિત કરવો કે "હું ક્યાં કોઈનો ગુરુ છં ? હું તો માત્ર શુદ્ધ આત્મા છું. કોઈ મારા શિષ્ય છે જ નહિ. આ તો બધા રસ્તે ભેગા થયેલા મુસાફરો છે. એની પાસે સેવા-વિનયાદિની અપેક્ષા મારે રાખવાની જ ન હોય. રે ! મારો ગુણ તો મૃદુતા છે. એ શિષ્યો પ્રત્યે પણ હું જ નમ્ર ન બની જાઉં ?"

(૫) ૧૦-૧૨ સંયમીના ગ્રુપમાં ક્યારેક એવું બને કે કો'ક સંયમીની કોઈક પુણ્યની ખામી કે હોંશિયારીના અભાવને લીધે કે છેવટે ઈર્ષ્યા ને લીધે એક બાજુ આખું ગ્રુપ અને બીજી બાજુ પેલો એકલો સંયમી ! આખું ગ્રુપ ખાનગીમાં એની નિંદા કરે, એના નાના-મોટા

દોષો કાઢી ખાંડણીમાં ખાંડે.

જ્યારે એ સંયમીને આ પ્રતીતિ થાય કે બધા મારી વિરૂદ્ધમાં છે. મારી ગેરહાજરીમાં મારી નિંદા કરે છે, મને કોઈપણ જાતની સહાય કરવા તૈયાર નથી, મને એકલો પાડી દેવા માંગે છે. ત્યારે એની વેદના કોઈ અકલ્પ્ય જ હોય છે. એના આઘાતનું વર્ણન શબ્દોથી કરવું શક્ય જ નથી. કોઈ એની સાથે વાત ન કરે, એની સાથે હસે નહિ, વિહારમાં ય બીજા બધા સાથે ચાલે અને આ સંયમીને એકલો જ પાડી દે, ગોચરીમાં ય એની કોઈ કાળજી કરવામાં ન આવે. આવા સંયમીને જીવવું ભારે પડી જાય એ નિશ્ચિત હકીકત છે. કેટલીક રાત્રિઓ એ સંયમીની ડુસકાઓ ભરવામાં, આંખના આંસુ જાતે લુંછવામાં, મા-બાપ-ભાઈ-બહેન-મિત્ર-બહેનપણીની યાદોમાં, કદાચ આપઘાતના કે સંયમત્યાગના વિચારોમાં, ઉજાગરામાં પસાર થાય.

અને એમાંય જ્યારે આખુંય શિષ્યવૃંદ પોતાના ગુરુને જ આવી રીતે એકલા પાડી દે ત્યારે તો એ ગુરુની મનોવેદના સામાન્ય સંયમી કરતા લાખ ગણી હોય.

પણ આ રીતે રડવાથી, દુઃખી થવાથી શું વળશે ? નવા કર્મબંધ અને નવા આવા જ પ્રકારના દુઃખો ઉભા થયા સિવાય બીજું શું થવાનું ?

આવા એકલા પડી ગયેલા સંયમીએ કંઈક આવા વિચારો કરવા જોઈએ કે નારકીમાં એકજ જીવ ઉપર પરમાધામીઓ ય તુટી પડે છે. કોઈ એના બે હાથો કાપે, કોઈ એના બે પગ કાપે, કોઈ એની આંખમાં સૂળ ભોંકે, કાન ફાડી નાંખે એવી ચીસો એ નારકીજીવ પાડે. બચાવો...ની બુમો પાડે. પરમાધામીઓને વિનંતિ કરે કે 'મને છોડી મૂકો' છતાં કોઈ એને સહાય કરતું નથી. કોઈ એને આશ્વાસન દેતું નથી. કોઈ એના માથે સ્નેહથી હાથ ફેરવતું નથી. કોઈ એની સાથે મીઠાશથી વાતો કરતું નથી. બે-પાંચ વર્ષ માટે નહિ, પણ અસંખ્ય વર્ષો સુધી આ ભયંકર વેદનાને એ નારકી ભોગવે છે.

આ મારા ગુરુભાઈઓ/ગુરુબહેનો તો મારી માત્ર નિંદા જ કરે છે, મારા હાથ-પગ કાપવાની તો વાત દૂર રહી પણ મને આ લોકો મારતા ય નથી. ભલે ગોચરીમાં મારી વિશેષ કાળજી નથી કરતા, પણ મારું પેટ ભરાય એટલી સાદી ગોચરી તો મને રોજ આપે છે ને? પેલા નારકીજીવની માફક ભોજન માંગતા મને મારુ માંસ કાપીને તો ખાવા નથી આપતા ને? ભલે મારા માટે ઠંડા પાણીનો વ્યવસ્થિત ઘડો તૈયાર ન રાખતા હોય, પણ મને સીસાનો રસ, ગટરનું પાણી તો નથી જ આપતા ને ? ભલે વિહારમાં મારી સાથે ન ચાલે, પણ સાવ એકલો જ પાડીને મારાથી તદ્દન છૂટા તો નથી પડ્યા ને ?

સાંભળ્યું છે કે નારકના જીવોને ત્યાં એટલી બધી ઠંડી હોય છે કે તેઓ જો અહીં

હિમાલયના શિખર ઉપર આવે તો ય પરમસમાધિ પામી ઘસઘસાટ ઉંઘી જાય.

તો હું ય નરકમાં અનંતીવાર જઈ જ આવ્યો છું. ત્યાંની એકલતા, અસહાયતા, તિરસ્કાર, ઉપેક્ષા મેં એવા સહ્યા છે કે આ માનવભવ, મુનિભવમાં મળતી એકલતા, અસહાયતા તો મારા માટે પરમશાંતિ રૂપ જ હોય. મને એમાં ખેદ થાય જ શી રીતે ?

શાસ્ત્રોમાં તો અત્યારે જિનકલ્પ સ્વીકારવાનો નિષેધ કર્યો છે. પણ મારે તો અનાયાસે જિનકલ્પની પ્રેક્ટીસ કરવા મળી ગઈ. તેઓ એકલા જ વિચરે, પાંચ-સાત જિનકલ્પી સાથે રહે તો પણ એકબીજાની કશી અપેક્ષા ન રાખે. સામે મળે તોય ન તો બોલે કે ન હસે. ઘોર માંદગીમાં પટકાય તોય બીજા કોઈની મદદની અપેક્ષા કદિ ન રાખે.

આ બધો જિનકલ્પનો આચાર પરમનિર્જરાનું કારણ છે, અને સહજ રીતે એ બધું જ મને આ સંયમીઓની કૃપાથી પ્રાપ્ત થયું છે. આ બધા મારા કેવા ઉપકારી !"

આ પાંચ ટુચકાઓ ઉપરથી સંયમીઓ બાકીની પણ પરિસ્થિતિઓમાં મનના સંકલેશને અટકાવવાના ઉપાયો-વિચારો-અપેક્ષાઓ સ્વયં વિચારી શકે છે.

મારી દૃષ્ટિએ આ આઠેય પ્રવચનમાતાઓમાં સૌથી શ્રેષ્ઠ જો કોઈ પ્રવચનમાતા હોય તો એ મનોગુપ્તિ છે.

(૧૭૪)મનોગુપ્તિના પણ બે ભેદ પાડી દેવા. અશુભ વિચારો, સંકલેશોને અટકાવી દેવા એ પ્રથમ મનોગુપ્તિ છે. એ માટે સ્વાધ્યાય-વાચના વગેરેમાં મનને લગાડી દેવું એ પણ મનોગુપ્તિ જ છે.

જ્યારે મન તમામ અશુભ વિચારોથી નિવૃત્ત થાય, ત્યારે પછી શુભવિચારોને પણ રુંધીને શુદ્ધસ્વભાવમાં લીન થવું તે ઉત્કૃષ્ટ કક્ષાની મનોગુપ્તિ છે. કલિકાલસર્વજ્ઞશ્રીએ તો આ શ્રેષ્ઠ કક્ષાની મનોગુપ્તિને જ વર્ણવી છે. પણ એને મેળવવા માટે પ્રારંભિક દશામાં પ્રથમ કક્ષાની મનોગુપ્તિ આવશ્યક છે.

**શિષ્ય :** ગુરુદેવ ! મારે ક્યારનોય આપને એક પ્રશ્ન પુછવો હતો પણ આપની અસ્ખલિત ધારા જોઈ મૌન રહ્યો હતો. હવે એ પુછુ છુ કે આપે આગળ જે કહ્યું કે માત્ર આત્મસ્વરૂપની જ ઝંખના રાખવી, બાકી બધું ફોગટ છે. રે ! આપે તો સવિજીવ કરુ શાસન રસીની ભાવનાને ય હેય બતાવી, શાસનપ્રભાવનાના ભાવો, ગુરુસેવા, સ્વાધ્યાય, ઘોર તપ વગેરેના સંકલ્પોને ય આપે તો દુઃખડા દેનારા વર્ણવ્યા, સદ્‌ગુરુની પ્રાપ્તિની ઈચ્છા ય આપે ખાંડી નાંખી.

ઓ ગુરુદેવ ! અત્યાર સુધી મેં જે જે વસ્તુ સારી, આદરવા લાયક, પ્રશંસનીય તરીકે

સાંભળેલી, લગભગ એ બધાને આપે તો મોક્ષ માર્ગમાં કંટક સમાન વર્ણવી દીધી.

શાસ્ત્રકારો મૈત્રીભાવના ભાવવાની કહી જ છે, અને આપ સવિજીવ કરુ.... રૂપ મૈત્રી ભાવનાને સંસારવર્ધક બતાવો છો. શું શાસ્ત્રકારો આવી સંસાર વધારનારી વસ્તુને કર્તવ્ય તરીકે કહે ?

શાસ્ત્રકારો કહે છે કે સ્વાધ્યાય, તપ આદિ શુભયોગોમાં કદિ તૃપ્ત ન થવું. સતત અતૃપ્ત જ રહેવું. રે ! જે મહોપાધ્યાયજીના નામે તમે બધી ઉંચી વાતો કરી છે એજ મહોપાધ્યાયજીના આ શબ્દો છે કે **"જેમ તૃપ્તિ જગ પામે નહિ, ધનહીન લેતો રત્ન. તપવિનય વૈયાવચ્ચ પ્રમુખ તિમ કરતો હો મુનિવર બહુ યત્ન."**

**અર્થ :** જગતમાં જેમ ગરીબ માણસ રત્નો મળે તો એ લેવામાં કદિ સંતોષ ન પામે. એમ મુનિ પણ તપ, વિનય, વૈયાવચ્ચ વગેરે અત્યંત યત્ન પૂર્વક અર્થાત્ સંતોષ પામ્યા વિના જ કરે.

હવે ઉપાધ્યાયજી તો આમ કહે છે અને તમે એમના જ નામે સાવ જુદી જ વાત કરો છો ?

(૧૭૫)શાસ્ત્રકારો કહે છે કે 'સદ્‌ગુરુની શોધ માટે ૭૦૦ યોજન સુધી, ૧૨ વર્ષ સુધી તપાસ કરવી, પણ ગમે તેવાને ગુરુ ન બનાવવા."

અને તમે સદ્‌ગુરુની ઝંખનાને ય દુઃખ ઉત્પન્ન કરનારી બતાવી.

ગુરુદેવ ! આપ કૃપા કરી એ સમજાવો કે આમાં પરમાર્થ શું છે ? આપે જે વાતો કરી છે એમાં આપે શાસ્ત્રપાઠો તો આપ્યા જ છે. એટલે એ ય ખોટી તો ન જ હોય. પણ આ બે વચ્ચેના વિરોધ દૂર શી રીતે કરવા ?

**ગુરુ :** શિષ્ય ! મેં કહેલા પદાર્થો પણ શાસ્ત્રાધારિત છે, અને તે કહેલી વાતો પણ શાસ્ત્રાધારિત છે અને શાસ્ત્રવચનો કદિ ખોટા ન હોય. તને જે વિરોધ દેખાય છે, એનું સમાધાન તને આપીશ.

જિનશાસન એટલે અનેકાન્તવાદ ! જિનશાસન એટલે અપેક્ષાવાદ ! જિનશાસનની પ્રત્યેક વાતો કોઈને કોઈ અપેક્ષાએ હોય છે. એ અપેક્ષા જો ન સમજવામાં આવે તો મોટી ગરબડ ઉભી થાય.

ખરેખર તો માત્ર જિનશાસન જ નહિ, વિશ્વનો પ્રત્યેક જીવ પોતાના વ્યવહારમાં, જીવનમાં અનેકાન્ત વાદનો આશરો લેતો જ હોય છે.

ઉનાળામાં ઓછામાં ઓછા વસ્ત્રો પહેરવાની હરિફાઈ અને શિયાળામાં ધાબડાઓ-

રજાઈઓના ઢગલા !

ઉનાળામાં દહીં-છાશ-ઠંડા આઈસ પાણીનો જ ઉપયોગ અને શિયાળામાં એ બધાનો સદંતર ત્યાગ !

શરીરમાં પરિશ્રમના કારણે અશક્તિ આવે તો ઘી-દૂધ ખાવાનો સખત આગ્રહ અને બે ડીગ્રી તાવ આવે તો ઘી-દૂધનો સખત નિષેધ !

બાળપણમાં માત્ર કપડા જ નહિ, શરીર પણ ધુળીયું થાય તોય આનંદ અને યુવાનીમાં વસ્ત્રમાં સૌથી નીચે ધુળ લાગે તોય અરુચિ !

નાનકડો છોકરો પિતાને કહે કે મારે તમારી દુકાને બેસી ધંધો કરવો છે, તો ગુસ્સા સાથે સ્પષ્ટ ના. અને યુવાન બનેલો એજ છોકરો દુકાને બેસવાની ના પાડે તો અનેક રીતે સમજાવી, પટાવી, ખખડાવીને પણ દુકાને બેસાડવાનો સખત આગ્રહ !

સ્વાસ્થ્ય સારુ હોય ત્યારે ડોક્ટરનું મોઢું જોવું ય ન ગમે અને સ્વાસ્થ્ય કથળે ત્યારે ડોક્ટરના દર્શન પ્રભુદર્શનથી ય વધુ આનંદકારી લાગે.

પરસ્પર વિરોધી દેખાતી આવી અનેક બાબતોને પણ લોકો વિરોધી માનતા જ નથી. ઉલ્ટું તેઓ પણ તે તે અપેક્ષાઓને આગળ ધરી એ વિરોધ દૂર કરી દે છે.

એટલે જ સ્યાદ્વાદ સર્વત્ર વ્યાપેલો છે. ભલે કોઈ કોઈક કોઈક બાબતમાં કદાગ્રહી બને. બાકી તે પણ અનેક બાબતોમાં સ્યાદ્વાદનો અનુભવ કરતા જ હોય છે.

એમ શાસ્ત્રોની ઉપરની બે ય બાબતો ભલે વિરોધી દેખાતી હોય, પણ બેય પાછળની અપેક્ષાઓ વિચારીએ તો એમાં કોઈ જ વિરોધ નહિ લાગે.

(૧૩૧)અષ્ટકપ્રકરણકાર સૂરિપુરંદર હરિભદ્રસૂરિજી ફરમાવે છે કે **अधिकारिवशाच्छास्त्रे धर्मसाधनसंस्थितिः** । શાસ્ત્રોમાં તે તે વ્યક્તિએ પોતાના જીવનમાં ધર્મને સાધવા કયા સાધનો અપનાવવા ? એ આખીય વ્યવસ્થા અધિકારી=પાત્રની અપેક્ષાએ કરાયેલી છે.

એટલે જે વ્યક્તિને જે વસ્તુ અત્યંત હિતકારી હોવાથી ઉપાદેય બને, એ જ વસ્તુ બીજી વ્યક્તિને અત્યંત હેય પણ બની શકે.

સંસારમાં રહેલા પુત્ર-પુત્રીઓ રોજ પોતાના માતા-પિતાને પગે લાગે, એ આવે ત્યારે ઉભા થાય. એ બધુ એમના માટે અત્યંત ઉપાદેય છે. પણ એ જ પુત્ર-પુત્રીઓને દીક્ષા લઈ લીધા પછી માતા-પિતાને પગે લાગવું, એ આવે ત્યારે ઉભા થવું, અત્યંત હેય છે.

(૧૩૭)સામાન્ય સંયમી ગોચરી-પાણી લાવે, ગ્લાનની સેવા કરે, ગ્લાનના સ્થંડિલ માત્રુ પરઠવે એ બધું તેના માટે ઉપાદેય છે. પણ વિશાળ શિષ્યવૃંદના ગુરુ ગોચરી લેવા જાય,

ઘડાઓ ઉંચકીને લાવે, એ તેમના માટે હેય છે.

ગીતાર્થ આચાર્ય ભગવંત આગમોની વાચના આપે એ તેમના માટે ઉપાદેય છે. પણ એ જોઈ નૂતનદીક્ષિત પણ પાટ પર બેસી વાગ્ધારા વહાવે એ એના માટે હેય છે.

પર્યુષણાદિમાં અઠ્ઠમ કરવો એ ઉપાદેય છે. પણ ગુરુ-ગ્લાન-વૃદ્ધ-બાલાદિની ઘણી સેવા કરવાની હોય તે વખતે અઠ્ઠમ કરી બીજાની સેવા લેવા યોગ્ય બની જવું એ હેય છે.

આમ કોઈપણ વસ્તુ એકાંતે હેય કે ઉપાદેય ન હોય. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આ ચારને અનુસારે ઉપાદેય પણ હેય બને અને હેય પણ ઉપાદેય બને.

**દ્રવ્ય :** અત્યંત ગ્લાન સાધુને બપોરે ઉંઘવું, દવાઓ લેવી ઉપાદેય છે. જ્યારે સ્વસ્થ સાધુને બપોરે ઉંઘવું દવાઓ ખાવી હેય છે.

**ક્ષેત્ર :** જ્યાં જૈનોના ઘરો જ ન હોય-અજૈનોને ત્યાં પણ ગોચરી જવાય એવું ન હોય તેવા ક્ષેત્રમાં દોષિતની ગોચરી ઉપાદેય છે. જ્યારે જૈનો-અજૈનોના ઘરે ગોચરીની સુલભતાવાળા સ્થાનમાં રસોડાની આધાકર્મી તો ઠીક, પણ સ્થાપનાદિ દોષવાળી ગોચરી પણ હેય છે.

**કાળ :** શિયાળામાં ઠંડી સહન જ ન થાય એવી પરિસ્થિતિમાં ધાબડા વાપરવા ઉપાદેય છે. પરંતુ અલ્પ ઠંડી હોય ત્યારે કે ઉનાળા-ચોમાસામાં માત્ર સંથારો જાડો કરવા ધાબડા વાપરવા હેય છે.

**ભાવ :** એક ઉપવાસ કરે તોય જેને પુષ્કળ ઉલ્ટીઓ થતી હોય, અસમાધિ ઉત્પન્ન થતી હોય તેવા સંયમીને સંવત્સરીના દિવસે પણ એકાસણાદિ કરીને સમાધિપૂર્વક પ્રતિક્રમણ કરવું ઉપાદેય છે. પણ સક્ષમ સંયમીને સંવત્સરીએ વાપરવું હેય છે.

અહીં મેં જે નિશ્ચયનયની વાતો કરી છે, તે બે કારણસર કરી છે.

(૧૩૮)(૧) જેઓ વ્યવહાર ધર્મમાં સ્થિર થઈ ચૂક્યા છે અને માટે જ જેઓ નિશ્ચયધર્મ માટે યોગ્ય છે તેઓ માત્ર વ્યવહારધર્મને જ સર્વસ્વ ન માનતા નિશ્ચયધર્મને પણ સાધે તે માટે આ પદાર્થો વર્ણવ્યા છે. અર્થાત્ વ્યવહાર ધર્મથી ઉત્પન્ન થતા જે દોષો કે જે નિશ્ચય ધર્મથી ખતમ કરી શકાય છે, એ દોષો ખતમ કરવા એ નિશ્ચયને તે જીવો સાધે.

(૨) જેઓ વ્યવહારધર્મમાં અતિશય આગ્રહવાળા બન્યા છે, વ્યવહારને જ સંપૂર્ણ જિનસાસન માનવાની ભુલ કરી રહ્યા છે, તેવા એકનયના આગ્રહીઓનું એ મિથ્યાત્વ દૂર કરવા માટે આ પદાર્થો વર્ણવ્યા છે.

(૧૩૯)શાસ્ત્રકારો આને નયદેશના કહે છે. ઉપદેશ રહસ્યમાં મહોપાધ્યાયજીએ ફરમાવ્યું

છે કે વક્તા જો સ્યાદવાદ્નો સમ્યગ્ જ્ઞાતા હોય અને શ્રોતાના હિત માટે કોઈપણ એક નયને આગળ કરે અને એ વખતે બીજા નયનું સખત ખંડન પણ કરે તો ય એ વક્તાને કોઈ દોષ લાગતો નથી. પરમાર્થથી તો એની આ ખંડન-મંડનવાળી દેશના પણ સ્યાદ્વાદ દેશના જ જાણવી. કેમકે એના મનમાં તો બધા પદાર્થો સ્પષ્ટ જ છે.

(૧૪૦)જેઓ સ્વાધ્યાયમાં લીન હોય પણ શક્તિ હોવા છતાં બાહ્યતપ ન કરતા હોય તો ગુરુ તેમને બાહ્યતપના લાભો પણ મળે એ માટે, એમના હિત ખાતર બાહ્યતપનું સખત મંડન કરનાર અને બાહ્યતપ વિનાના સ્વાધ્યાયનું ખંડન કરનાર નિરૂપણ પણ કરે. આનાથી એ લાભ થાય કે શિષ્ય સ્વાધ્યાયની સાથે તપ પણ કરતો થઈ જાય અને એટલે એનો આત્મવિકાસ ઝડપી થાય.

એમ જેઓ "સ્વાધ્યાય જ શ્રેષ્ઠ છે, બીજું કશું કરવાની જરૂર નથી." એવી મિથ્યા માન્યતાવાળા હોય તેઓના એ મિથ્યાત્વને દૂર કરવા ગીતાર્થ મુનિ બાહ્યતપાદિનું સખત મંડન અને સ્વાધ્યાયનું સખત ખંડન પણ કરે કે જેનાથી પેલાની મિથ્યાભ્રમણાઓ દૂર થાય.

(૧૪૧)એમ કોઈક સાધુ ઘોર તપસ્વી હોય પણ શાસ્ત્રાભ્યાસ બિલકુલ ન કરે. ષડ્વિગઈનો ત્યાગી ખરો, પણ ષટ્કાયનો, ષટવ્રતનો જ્ઞાની નહિ. આ સાધુનું પણ સંપૂર્ણ હિત થાય તે માટે ગુરુ સ્વાધ્યાયનો અપરંપારમહિમા વર્ણવે. સ્વાધ્યાય વિનાના તપને અતિતુચ્છ ગણી કાઢે. એટલે પેલો તપસ્વી સ્વાધ્યાયમાં પણ ઉદ્યમવંત બને.

કોઈક એવું મિથ્યાત્વ ધરાવતો હોય કે "શરીરને કષ્ટ આપવા સ્વરૂપ તપાદિ ક્રિયાઓથી જ સકળકર્મનો ક્ષય થઈ જાય. માટે બાહ્યક્રિયાઓ ખૂબજ સારી રીતે કરવી. સ્વાધ્યાયાદિની કંઈ જરૂર નથી." તો એના આ મિથ્યાત્વને દૂર કરવા પણ ગુરુ તપાદિખંડન અને સ્વાધ્યાયાદિનું મંડન કરે.

આવી તો હજારો બાબતો છે કે જેમાં ગીતાર્થનું મન તે તે પદાર્થોમાં એકદમ સ્પષ્ટ જ છે. કયો પદાર્થ કોને કેટલા અંશમાં ઉપયોગી છે ? એ બધું તેઓ જાણે જ છે. છતાં શ્રોતાના હિત ખાતર કોઈક પદાર્થનું ખંડન અને કોઈક પદાર્થનું મંડન કરતા હોય તો એમાં ઉંચા નીચા થવાની જરૂર જ નથી.

મુશ્કેલી એ જ થઈ છે કે તે તે નયોથી કરાયેલી તે તે વાતોને જેઓ નથી સમજતા, તેઓ એમાં એકાંત પકડીને ઉન્માર્ગે દોરવાઈ જાય છે. પણ એમાં એ ગીતાર્થ પ્રરૂપકોને કોઈ દોષ નથી. (૧૪૨)દેવાધિદેવની સ્યાદવાદ્દેશનામાંથી જ અનેક મિથ્યાત્વીઓ પ્રગટયા જ છે, એમાં પ્રભુનો શું દોષ ? દોષ એ જીવોની વિચિત્રતાનો છે.

શાસ્ત્રોના કેટલાક વિરોધી દેખાતા પદાર્થો તને દેખાડું.

એક બાજુ "सव्वं किर पडिव्वाई, वेयावच्चं अप्पडिवाइ" બધું જ પ્રતિપાતી છે, વૈયાવચ્ચ અપ્રતિપાતી, ક્યારેય નાશ ન પામનાર-નિષ્ફળ ન જનાર ગુણ છે." એમ કહી બધા કરતા વૈયાવચ્ચની ઉત્કૃષ્ટતા બતાવી છે. બીજી બાજુ "नवि अत्थि नवि होइ, सज्झायसमं तवोकम्मं સ્વાધ્યાય સમાન કોઈ તપ છે નહિ કે થયો નથી" એમ કહી વૈયાવચ્ચાદિ કરતા પણ સ્વાધ્યાયને મહાન ગણાવેલ છે.

(૧૪૩)એક બાજુ "જે તપ-સંયમમાં ઉદ્યમ કરે છે, તેણે ચૈત્ય-કુલ-ગણ-સંઘાદિના તમામ કર્તવ્યો, પોતાની ફરજો નિભાવી લીધી જ ગણવી" એમ કહી એમ દર્શાવે છે કે જે તપ, સંયમમાં લીન છે, એણે ચૈત્ય, કુળ, સંઘાદિના કામ કરવાની જરૂર જ નથી. બધું થઈ જ ગયું છે.

(૧૪૪)બીજી બાજુ ચૈત્ય, કુલાદિના કામમાં ઢીલ કરનારને, "મારે શું ? હું મારું આત્માનું સંભાળું" એવા શુદ્ધ ભાવવાળાને પણ સખત પ્રાયશ્ચિત્ત આપ્યું છે. અનેક દોષો દર્શાવ્યા છે.

એક બાજુ **सव्वे जीवा न हन्तव्या** કહીને વિશ્વના એકેય જીવને ન મારવાનો ઉપદેશ છે. બીજી બાજુ સાધર્મિક ભક્તિ, જિનપૂજા, પુસ્તક છપામણી, ઉપાશ્રયાદિના બાંધકામ વગેરે હિંસાગર્ભિત કાર્યોને કર્તવ્ય તરીકે ગણાવ્યા છે. શાસનશત્રુઓને મારી નાંખવામાં પુલાકસાધુઓને નિર્દોષ ગણ્યા છે.

(૧૪૫)એકબાજુ અનુકંપાદાન-સુપાત્રદાન વગેરે કોઈપણ પ્રકારના દાનની પ્રશંસા કરવાનો કે નિષેધ કરવાનો સ્પષ્ટ નનૈયો ફરમાવ્યો છે.

બીજી બાજુ એ જ અનુકંપાદાન, સુપાત્રદાનાદિનો વિધિસર ઉપદેશ આપવાની, એ સુકૃતોની અનુમોદના કરવાની વાત પણ દર્શાવી છે.

શિષ્ય ! જે અનેકાન્તવાદ-અપેક્ષાવાદને ન અપનાવી શકે એ જિનશાસનને, જિનાગમોના રહસ્યોને સમજી જ ન શકે. એ તો ઉલ્ટુ એ જિનાગમોના પદાર્થોને એકાંત માની લઈ જિનાગમોના જ વિરાધક બને.

કદાચ જિનાગમો-શાસ્ત્રો વાંચતા વાંચતા આપણને તે તે પંક્તિ પાછળની અપેક્ષાઓ ખ્યાલમાં ન આવે, કંઈક વિરોધ દેખાય તોય કોઈપણ શાસ્ત્રપંક્તિમાં ક્યારેય પણ એકાન્તવાદ ધારણ કરવો નહિ. પણ ગીતાર્થ ગુર્વાદિને પૃચ્છા કરીને તેનો રહસ્યાર્થ પામવા પ્રયત્ન કરવો. રહસ્યાર્થ ન મળે તોય એકાન્ત તો ન જ પકડવો.

બાકી જો એકાન્તવાદ પકડવામાં આવે તો મહા અનર્થ થાય.

(૧૪૬)શાસ્ત્રોમાં (૧) ચોમાસા સિવાય પાટ-પાટલા વાપરનારા સંયમીઓને (૨) દૂધ-

ઘી, મિષ્ટાન્નાદિ વાપરનારા સંયમીને (૩) કાતર વડે કપડું વગેરે કાપનારા સંયમીઓને (૪) નાની-મોટી એકાદ પણ વસ્તુનું પ્રતિલેખન ન કરનારા સંયમીને (૫) વિહારમાં માણસો પાસે ઉપધિ વગેરે ઉંચકાવનારા સંયમીઓને (૬) દાળ-ભાત, રોટલી-શાક, દૂધ-ખાખરા વગેરે ભેગા કરીને વાપરનારા સંયમીઓને (૭) વર્ષમાં એકવાર કરતા વધારે વાર કાપ કાઢનારા સંયમીઓને (૮) સૂર્યાસ્ત બાદ ચૂનાનું પાણી-દવાઓ વગેરે પણ પોતાની પાસે ઉપાશ્રયમાં રાખનારા સંયમીઓને....આજ્ઞાભંગ, અનવસ્થા, વિરાધના, મિથ્યાત્ત્વ આ ચારેય દોષો લાગવાની વાત કરી છે.

હવે આજે એકેય સંયમી એવો નહિ મળે કે આવી સેંકડો બાબતો કે જેમાં ચાર દોષો બતાવ્યા છે-તેમાંની એક-બે-પાંચ-દશ બાબતો સેવતો ન હોય. તો શું તમામ સંયમીઓને મિથ્યાત્વી માની લેવા છે ? શાસન ચારિત્રભ્રષ્ટ માનવું છે ?

કોઈ વળી એમ કહે કે "અત્યારે જે દોષો સેવાય છે, એ અપવાદ માર્ગે હોય તો તો એમાં આ ચાર દોષો ન લાગે. કેમકે જે નિશીથાદિગ્રંન્થોમાં આ દોષો સેવનારાઓને આ ચાર દોષો બતાવ્યા છે. એ જ ગ્રંથોમાં અપવાદમાર્ગે આ દોષો સેવનારાને નિર્દોષ જ ગણ્યા છે. એટલે અપવાદ માર્ગે દોષો સેવનારાને દોષ ન લાગે."

તો એનો અર્થ એજ ને ? કે શાસ્ત્રોની ઉપરની વાતો કોઈક અપેક્ષાએ જ કહેવાયેલી છે. "ઉત્સર્ગની અપેક્ષાએ એ ચાર દોષો બતાવ્યા, પણ અપવાદ માર્ગે એ ચાર દોષો ન લાગે." આવી બધી વિચારણા એ અનેકાન્તવાદ જ છે ને ?

વળી, શિષ્ય ! આ બાબતમાં તો એકાન્તવાદ હજુ વધુ ઉંડો છે. હકીકત તો એ છે કે અપવાદ માર્ગે નહિ, પરંતુ સુખશીલતા, પ્રમાદ, આસક્તિ, અજ્ઞાનતા વગેરેને લીધે આવા દોષો સેવાતા હોય તોય ચારિત્ર જતું જ રહે એવો નિયમ નથી. બકુશ, કુશીલ ચારિત્રનો (૧૪૭)અર્થ જ એ છે કે પ્રમાદાદિના કારણે સેવાતા અતિચારોથી ભરપૂર ચારિત્ર. અર્થાત્ આ દોષો અપવાદે નહિ, પણ પ્રમાદાદિથી સેવાય તો ય જો ચારિત્ર પણ ટકી શકતું હોય તો મિથ્યાત્ત્વ પામવાની વાત જ ક્યાં રહી ?

પંચાશકજીના પાઠ સાથે ઉપાધ્યાયજી કહે છે કે **"ઉત્તરગુણ માંહે હીણડા, ગુરુ કાલાદિક પાંખે, મૂલગુણે નવિ હીણડા, એમ પંચાશક ભાખે."**

**અર્થ :** વર્તમાનકાળની દૃષ્ટિએ વિચારીએ તો ઉત્તરગુણોમાં હીન એવા ગુરુ ચાલે. પણ મૂલગુણોમાં હીન ગુરુ ન ચાલે.

ઉપર બતાવેલા દોષોમાંથી લગભગ બધા જ ઉત્તરગુણોના દોષો છે. જો એ દોષો

સેવનારાને મિથ્યાત્ત્વ જ લાગી જતું હોય તો "શાસ્ત્રકારોએ આવા મિથ્યાત્વીને ગુરુ તરીકે ગણવાની છૂટ આપી છે." એમ માનવું પડે ને ?

(૧૪૮)ગુરુતત્વવિનિશ્ચયાદિ ગ્રંથોમાં ઉપાધ્યાયજીએ આગમોની સાક્ષી સાથે દર્શાવેલ છે કે મૂલગુણોના દોષો તરત જ ચારિત્ર હણે, અને ઉત્તરગુણોના દોષો લાંબા કાળે ચારિત્રને હણે.

આનો અર્થ એજ કે ઉત્તરગુણોના દોષો સેવવા માત્રથી તરત ચારિત્ર હણાઈ જ જાય એવો નિયમ નથી જ. અને તો પછી ઉપરના દોષો સેવનારાને સીધું મિથ્યાત્વ જ લાગી જાય તેવું શી રીતે મનાય ?

એટલે જ માત્ર અપવાદ માર્ગે જ નહિ, પણ પ્રમાદાદિથી પણ સેવાતા આ દોષોમાં મિથ્યાત્વ લાગી જ જવાની એકાન્ત પ્રરૂપણા શાસ્ત્ર વિરૂદ્ધ બન્યા વિના રહેતી નથી.

તો એનો અર્થ એ ય નથી કે "એ ચારદોષો જે બતાવ્યા છે એ બધુ બોગસ છે."

આપણે અપેક્ષાઓ શોધવી પડે.

તે અપેક્ષા આવી હોઈ શકે.

(૧) આ બધા દોષો સેવવામાં એકાંતે આ ચાર દોષ લાગી જ જાય તેવું નહિ. પણ આ ચાર દોષો લાગવાની સંભાવના રહે છે. દા.ત. કાતરથી કપડું પાડવામાં ક્યારેક આંગળીમાં ય ચીરો પડવા રૂપ આત્મવિરાધનાની સંભાવના છે એટલે એ દર્શાવે. પણ એનો અર્થ એ નથી કે કપડું ફાડતા અવશ્ય આંગળી કપાઈ જવાદિ રૂપ આત્મવિરાધના થાય જ.

એમ આ દોષો સેવતા જો નિષ્ઠુરતા આવી જાય તો મિથ્યાત્વ આવી જવાની સંભાવના છે. માટે એ દર્શાવ્યું.

(૨) કોઈપણ વસ્તુમાં જો મોટો દોષ લાગવાની સંભાવના હોય, તો એ એક ટકા જેટલી સંભાવના હોય તોય એને આગળ કરીને, દર્શાવીને એ વસ્તુ છોડી-છોડાવી દેવાતી હોય છે. દા.ત. હાઈવે ઉપર દર વર્ષે સાધુ-સાધ્વીજીઓના ત્રણ-ચાર એક્સીડન્ટના પ્રસંગો બને છે. હવે ૧૦,૦૦૦ સાધુ-સાધ્વીજીઓ ૮ મહીના સરેરાશ ૫૦૦-૧૦૦૦ કી.મી.નો વિહાર કરતા હશે. એમાં માત્ર ત્રણ-ચાર-પાંચના એક્સીડન્ટ થયા. છતાં હવે એવું બોલાય છે કે "હાઈવે ના વિહારો છોડી દેવા સારા. એક્સીડન્ટનો ખૂબ ભય રહે છે." ટકાવારી કાઢીએ તો માંડ એક ટકો એક્સીડન્ટ પણ નથી થયા, છતાં એનો ભય આગળ કરાય છે. કેમકે આ ઘણો મોટો ભય છે.

*ઉતરાણમાં પતંગ ચગાવનારાઓમાં દર વર્ષે ૮-૧૦ વ્યક્તિ ક્યાંકથી પડી જઈને મરી* જતી હશે. હવે લાખો-કરોડો પતંગ ચગાવનારાઓમાં માત્ર ૮-૧૦ પડવાના કિસ્સા

સાંભળીને પણ મા-બાપ પોતાના પતંગ ચગાવવા જતા દીકરાને હિતશિક્ષા આપે કે "જો જે બેટા ! સાચવજે. પડી ન જઈશ."

એમ આ મિથ્યાત્વ પણ ઘણો મોટો દોષ છે. આ દોષ ઉપરના ઉત્તરગુણોના અતિચારો સેવનારાઓમાં તાત્કાલિક તો ઘણા ઓછાને લાગતો હોય, તોય શાસ્ત્રકારો તો એનો નિર્દેશ કરવાના જ કે "આ દોષ સેવવામાં મિથ્યાત્વ લાગશે." ભલે એક ટકા જેટલી પણ એની સંભાવના હોય.

(૧૪૯)(૩) આ નિશ્ચયનયનો અભિપ્રાય હોય. નિશ્ચય તો સંયમશ્રેણીના કોઈપણ સંયમસ્થાન પરથી જરાક નીચેના સંયમસ્થાન પર આવનારાને ય મિથ્યાત્વ માની લેનાર છે. એ તો એમ જ માને છે કે સંયમ એજ સમ્યક્ત્વ છે અને એનું કાર્ય તો જીવને ઉપર-ઉપર ચડાવવાનું જ છે. જીવ જો એક ડગલુંય પાછળ રહે તો એ સમ્યક્ત્વ-સંયમનો અભાવ જ ગણાય. કેમકે કાર્ય થયું નથી. એટલે એ તો નાનકડો પણ દોષ સેવનારને મિથ્યાત્ત્વ માની લે. જયારે ખરેખર તો એ મિથ્યાત્વી મનાયેલો આત્મા માત્ર ઉપરના સંયમસ્થાનમાંથી પડી નીચેના સંયમસ્થાનમાં જ ઉભો હોય. અબજો-અબજો (અસંખ્ય) સંયમસ્થાનો હોવાથી આ ચડ-ઉતર ચાલ્યા જ કરતી હોય છે. પરમાર્થથી તે કંઈ પહેલા ગુણસ્થાને ગયો હોતો જ નથી.

આવી કોઈક અપેક્ષાઓથી શાસ્ત્રકારોએ ઉત્તરગુણોમાં દોષો સેવનારાને પણ મિથ્યાત્વ લાગવાની પ્રરૂપણ કરી હોય એવું માનવું યોગ્ય છે, કે જેથી શાસ્ત્રવિરોધ ન આવે.

ક્ષમા કરજે, શિષ્ય ! મનોગુપ્તિના નિરૂપણમાં આ કેટલીક સૈદ્ધાન્તિક બાબતોનું મેં વિસ્તારથી નિરૂપણ કર્યું એ તને અજુગતું લાગ્યું હશે. પણ આ બધુ સમજાવવું એટલા માટે જરૂરી હતું કે મનોગુપ્તિ પરિણતિપ્રધાન છે, નિશ્ચયપ્રધાન છે અને એટલે જ પૂર્વે જે નિશ્ચયમંડન - વ્યવહારખંડન કરેલું, એમાં અપેક્ષાવાદ ખૂબજ મહત્ત્વનો છે એ જણાવવું જરૂરી હતું. કે જેથી કોઈ આ બધું સાંભળી ઉંધુ પકડી ન બેસે.

પ્રસ્તુતમાં એ નિશ્ચય-વ્યવહાર વચ્ચે શું અપેક્ષા છે ? એ વિચારવાનું છે.

એક વાત તો નિશ્ચિત જ છે કે મોક્ષની પ્રાપ્તિ પરિણતિ, નિશ્ચયનયથી થાય છે. એકવાર અપુનર્બંધકતાની પરિણતિ પ્રગટી જાય તો પછી ઝપાટાબંધ એક પુદ્ગલ પરાવર્તમાં મોક્ષ થઈ જાય. પણ જો આ પરિણતિ ન પ્રગટી તો અનંતા અનંતા પુદ્ગલપરાવર્તો સુધી, અનંતાનંત ક્રિયાઓ કરવા છતાંય મોક્ષપ્રાપ્તિ નથી જ નથી.

(૧૫૦)રે ! ખુદ મોક્ષ પોતે જ પરિણતિરૂપ છે, નિશ્ચયરૂપ છે. સંપૂર્ણપણે રાગદ્વેષ વિનાની પરિણતિ એનું નામ જ મોક્ષ.

મહોપાધ્યાયજી કહે છે કે "**भावमोक्षस्तु तद्धेतुरात्मा रत्नत्रयान्वयी**" સકલકર્મોના ક્ષયનું

કારણ એવો રત્નત્રયવાળો આત્મા જ ભાવમોક્ષ છે.

એટલે આ નિશ્ચય-પરિણતિ એ આપણું સાધ્ય છે, લક્ષ્ય છે.

પણ જેમ માટી ગમે એટલી સારી હોય તો પણ કુંભાર-ચક્ર-દંડ વિના ઘડો ઉત્પન્ન ન થાય, મુંબઈ જવાની ગમે એટલી તીવ્ર ઈચ્છા હોય તો પણ ગાડી-ટ્રેનમાં બેસ્યા વિના કે છેવટે પગે ચાલ્યા વિના તો ત્યાં ન જ પહોંચાય. ભોજન કરવાની ગમે એટલી ઈચ્છા હોય તો પણ રસોઈ બનાવ્યા વિના, કોળીયો ઉંચક્યા વિના, મોઢાથી ચાવવાદિ ક્રિયા કર્યા વિના તો તૃપ્તિ પામી શકાતી નથી જ.

એટલે ઘડાની ઈચ્છાવાળાએ દંડાદિ લાવવા જ પડે, મુંબઈની ઈચ્છાવાળાએ ગમનાદિ ક્રિયા કરવી જ પડે. એમ શુદ્ધસ્વભાવ, મોક્ષ, નિર્મળપરિણતિની ઈચ્છાવાળાએ શુભવ્યવહાર, સુંદર ક્રિયાઓ, સદાચાર, શાસ્ત્રીયાચારો બરાબર પાળવા જ પડે. વ્યવહાર વિના નિશ્ચયની પ્રાપ્તિ થઈ શકતી નથી.

જુઓ મહોપાધ્યાયજીના વચનો.

**નિશ્ચયદષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર રે.**

**પુણ્યવંત તે પામશેજી. ભવસમુદ્રનો પાર.**

હૃદયમાં નિશ્ચયદષ્ટિને ધારણ કરી જે વ્યવહારને પાળે તે પુણ્યવંત ભવસમુદ્રનો પાર પામે.

અહીં નિશ્ચય અને વ્યવહાર બેયની મહત્તા સ્થાપિત થાય છે. કુંભાર, દંડ, ચક્ર, માટી વગેરે બધુ ભેગું કરી લે પણ એના મનમાં "મારે ઘડો બનાવવો છે" એવી ઈચ્છા જ ન થાય તો, તો ત્યાં એ ઘડો બનવાનો જ નથી.

એમ હૃદયમાં જો નિશ્ચયદષ્ટિ ન હોય, "શુદ્ધપરિણામ"નું લક્ષ્ય ન હોય તો એકલો વ્યવહાર જડ બનવાની, મોક્ષ-અપ્રાપક બનવાની પાકી શક્યતા છે જ.

એમ ઘડો બનાવવાની ઈચ્છા હોવા છતાં જો માટી-દંડ-ચક્ર વગેરેને ભેગા ન કરે તોય ઘડો ન બને. એ રીતે નિશ્ચયદષ્ટિ, મોક્ષની તીવ્ર લગન, આત્મશુદ્ધિની ઝંખના હોવા છતાં જો વ્યવહાર, સદાચાર, શાસ્ત્રીયાચાર ન પાળે તો એ મોક્ષ પામી ન શકે.

જેઓ માત્ર નિશ્ચયનું પુંછડું પકડીને બેસી રહ્યા છે અને વ્યવહારમાર્ગનો અપલાપ કરે છે તેઓની સખત ઝાટકણી કાઢતા મહોપાધ્યાયજી ફરમાવે છે કે

**હેમ પરીક્ષા જેમ હુએ જી, સહજ હુતાશન તાપ.**

**જ્ઞાનદશા તિમ પરખીએ જી. જિંહા બહુ કિરિયા વ્યાપ.**

અગ્નિના તાપ દ્વારા જેમ સુવર્ણની પરીક્ષા થાય, તેમ કઈ વ્યક્તિમાં જ્ઞાનદશા = સુંદર પરિણતિ છે, એ પરખવાનું બેરોમીટર એક જ છે કે એ "કેટલો વ્યવહાર, ક્રિયા પાળે છે." જેનામાં જેટલી વધારે યથાશક્તિ ક્રિયાતત્પરતા-ક્રિયાપાલકતા દેખાય, તેમાં એટલો જ વધુ પ્રજ્વલિત નિશ્ચય ગણાય.

જુઓ ! સવારે પાંચ વાગ્યાથી ધંધે લાગી જતો પુરુષ છેક રાત્રે ૧૦ વાગે ઘરે આવતો હોય, તો ધંધા માટેની એની આટલી બધી દોડા દોડી જોઈને લોકો કહેશે કે "આને પૈસા કમાવાની ખૂબ ધગશ છે."

કોઈ સાધુ ભણવા માટે રોજ બે બે કિ.મી. દૂરની પાઠશાળામાં જાય, સમયસર પહોંચે, એક ધ્યાનથી સાંભળે, બધું મોઢે કરે..... તો લોકો એની આ ક્રિયાઓ જોઈને કહેવાના જ કે આને ભણવાની લગની લાગી છે.

કોઈ શિષ્ય પોતાના ગુરુના બધાય કામોમાં દોડાદોડી કરે, આસન પાથરવામાં, પ્યાલા પરઠવવામાં, કાપ કાઢવામાં, વસ્તુઓ ગોઠવવામાં, ઠંડુપાણી પહોંચાડવામાં..... બધેજ દોડે. તો એની આ બધી ક્રિયાઓ જોઈને બધા કહેવાના જ કે આને ગુરુ પ્રત્યે અનહદ બહુમાનભાવ છે.

આમ અંદરના ભાવોની પરખ બાહ્યક્રિયાઓથી જ થાય છે.

એમ મોક્ષપ્રાપ્તિ માટે શાસ્ત્રકારોએ સ્વાધ્યાય+વિગઈ ત્યાગ + વિજાતીયપરિચય ત્યાગ + ગુરુસેવા + અપ્રમત્તભાવે ક્રિયાઓ વગેરે વ્યવહારમાર્ગ બતાવ્યો. હવે જે આત્મા આ બધામાં ખૂબ રચ્યો પચ્યો રહે એને માટે એમ ચોક્કસ કલ્પી શકાય કે આને મોક્ષની સાચી લગની છે.

બાકી આખો દિ' ગપ્પા મારનારો બોલે કે "મને ભણવાની ખૂબ ઈચ્છા છે."

કદિ ધંધો ન કરનાર, દુકાને ન જનાર બોલે કે "મારે ખૂબ પૈસા કમાવા છે."

ગુરુના કોઈપણ કામમાં ઉત્સાહ ન દાખવનાર બોલે કે "મને ગુરુ પ્રત્યે અતિશય બહુમાન છે." તો શ્રોતાઓ એની મશ્કરી જ કરે, મહામૃષાવાદી જ માને.

એમ શાસ્ત્રીય વ્યવહારને ન આદરનારાઓ, શાસ્ત્રીય મર્યાદાઓના ભાંગીને ભુક્કા કરનારાઓ, વિગઈઓ ઠોકનારાઓ, વિજાતીયપરિચય ચિક્કાર કરનારાઓ, સ્વાધ્યાયને અભરાઈએ ચડાવી કલાકો સુધી ભક્તોની ભીડ ભાંગનારાઓ, ગુરુને ક્યાંય ખૂણે નાંખી દઈ સ્વચ્છંદી થઈ ફરનારાઓ, ક્રિયાઓ ઝડપી-અવિધિવાળી-વેઠ ભરપૂર કરનારાઓ જો પરિણતિની, શુદ્ધ નિશ્ચયનયની, આત્મશુદ્ધિની વાતો કરે તો તેઓ ગીતાર્થો માટે તો

હાસ્યાસ્પદ જ બની રહે છે. ભલે ગીતાર્થો તેમને કંઈ ન કહે, પણ મનમાં તો સમજે જ કે "આ જાતને જ છેતરનારો મહા કપટી છે."

મહોપાધ્યાયજીના ટંકશાળી વચનો !

**તે નિશ્ચય નવી પામી શકે, જે નવિ પાળે વ્યવહાર રે.**

**પુણ્યરહિત જે એહવા જી, તેહને કોણ આધાર રે.**

તેઓ કદિ નિશ્ચય = શુભ, શુદ્ધ પરિમતિ નહિ પામે કે જેઓ શુભ વ્યવહાર પાળતા નથી. બિચારા પુણ્યહીન એ નિશ્ચયવાદીઓને કોણ આધાર બનશે ?

(૧૫૧)ભરતચક્રી વગેરેના દૃષ્ટાન્તો આપી વ્યવહારનું ખંડન કરનારાઓ પોતાના સમ્યક્‌ત્વનો ઘાત કરનારા છે.

(૧૫૨)વ્યવહાર માર્ગ તો સંસારરૂપી કુવાની ચારેબાજુ બાંધેલી મજબુત પાળ છે કે જે જીવને કુવામાં પડતા અટકાવે છે. આ મજબુત પાળને જ જે ભાંગી નાંખે તે બિચારો નિશ્ચયવાદી કઈ ઘડીએ ભવકૂપમાં પડી જાય એ કંઈ કહી ન શકાય.

આમ મહોપાધ્યાયજીએ નિશ્ચયવાદીઓના મિથ્યાત્વનું ખંડન કરવા માટે એકલા નિશ્ચયનું સખત ખંડન કરી, વ્યવહારનું જબરદસ્ત મંડન કર્યું જ છે. અને એ તે નિશ્ચયવાદીઓની સામે તો એકદમ યોગ્ય જ છે.

પણ આ બધું સાંભળી વ્યવહારનયના આગ્રહીઓ ખુશ થાય, વ્યવહારમાં એકાંતવાળા બને એય શક્ય છે. અને જો આવું થાય તો તેઓના મિથ્યાત્વને તોડવા માટે એકલા વ્યવહારનું ખંડન અને નિશ્ચયનો મહિમા ગાયા વિના છૂટકો જ નથી.

વળી આત્મામાં જાગતા ઘણા દોષો એવા છે કે જે આ નિશ્ચયનયના વિચારોથી ટાળી શકાય છે. એનાથી શુદ્ધિ પ્રાપ્ત થાય છે. એટલે એ દૃષ્ટિએ પણ એ નિશ્ચયના પદાર્થોનું નિરૂપણ આવશ્યક છે.

મુંબઈ જવા નીકળેલો માણસ અમદાવાદથી ભરૂચ સુધીની ટ્રેનમાં બેઠો, ત્યાંથી ટ્રેન બદલીને એણે બીજી ટ્રેન પકડી મુંબઈ જવાનું હતું. પણ ગમે તે કારણે એને એ ભરૂચ સુધીની ટ્રેન ગમી ગઈ. એટલે એ હવે ભરૂચ આવવા છતાં એ ટ્રેન છોડવા તૈયાર જ નથી થતો.

આવો માણસ મુંબઈ પહોંચે શી રીતે ? ભરૂચ સુધીની ગાડીએ એના ઉપર મોટો ઉપકાર કર્યો એ વાત સાચી, પરંતુ મુંબઈ પહોંચવા માટે હવે એ ગાડી છોડ્યા વિના છુટકો જ નથી.

એમ પહેલા અશુભ પ્રવૃત્તિઓ, અશુભ વિચારોથી છૂટવા માટે અવશ્ય શુભપ્રવૃત્તિ, શુભસંકલ્પો જરૂરી છે જ. ગુરુની ઉત્કૃષ્ટ સેવા, અનેક શાસ્ત્રોનો અભ્યાસ, વિધિપૂર્વક તમામ

ક્રિયાઓ, શાસનપ્રભાવનાદિના કાર્યો, ષડ્જીવનિકાયની દયાનું ઝીણવટ ભરેલું પાલન, શાસ્ત્રોએ ફરમાવેલા બધા આચારોનું યથાશક્તિ પાલન..... આ બધું અત્યંત ઉપયોગી છે. આજે હજારો સંયમીઓ આ વ્યવહારમાર્ગમાં જોડાઈને જ અશુભ આચારો વગેરેથી નિવૃત્ત થયા છે.

પણ આપણું લક્ષ્ય આ વ્યવહારમાર્ગ નથી. આપણું લક્ષ્ય તો રાગદ્વેષરહિત શુદ્ધ પરિણતિની પ્રાપ્તિ છે. એ માટે શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતન, સિદ્ધસ્વરૂપનું ચિંતન, બાર+ચાર=સોળ ભાવનાઓનો ખૂબ અભ્યાસ... આ બધું જરૂરી જ છે.

પણ હવે પેલા ભરૂચની ટ્રેનમાં જ રાગી બનેલા માણસની જેમ સંયમીઓ માત્ર આ વ્યવહાર માર્ગમાં જ રચ્યા પચ્યા રહે, પોતાના સાધ્યને ભુલી જાય, એ માટેના પ્રયત્નો પણ ન કરે એ તો કેવું વિચિત્ર કહેવાય ?

સંસારીઓ ધન કમાય છે, મોજ શોખ, આલિશાન બંગલો, ગાડી વગેરે માટે. જો કરોડો રૂપિયા કમાયા પછી પણ ઝૂંપડીમાં જ રહેવાનું હોય, લુખા રોટલા જ ખાવાના હોય, ભોંય ઉપર ઉંઘવાનું હોય તો એ ધન નકામું જ ને ?

જિનાગમો વગેરેનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે ન્યાય, સંસ્કૃતાદિ ભણ્યા, પણ એ પછી એકેય આગમો ન વાંચીએ, જૈનશાસ્ત્રોના પાનાં ન ખોલીએ તો એ સંસ્કૃતાદિનો અભ્યાસ નકામો જ ને ?

ડોક્ટર બનવા માટે ૮-૧૦ વર્ષ સખત મહેનત કરી, વિદેશ ગયા, છેલ્લે પરીક્ષામાં સારામાં સારા ગુણાંક મેળવ્યા. છતાં એ ભાઈ ડોક્ટર બનવાને બદલે કાપડના ધંધે લાગી જાય તો એ બધી વર્ષોની મહેનત નકામી જ ને ?

જો સાધ્ય સિદ્ધ જ ન થાય, તો સાધનની કિંમત કેટલી ?

જો કાર્ય ઉત્પન્ન ન થાય, તો કારણની મહત્તા કેટલી ?

એમ જો શુભ વ્યવહાર આત્મપરિણતિઓને લાવનાર ન બને, તો એનાથી દેવલોક મેળવીને ય આપણે તો ઘણું ગુમાવ્યું જ કહેવાય ને ? કેમકે મોક્ષ તો મળ્યો જ નહિ.

હકીકત એ છે કે અશુભપ્રવૃત્તિઓમાં શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ અશક્ય હતી, એટલે એ પ્રતિબંધક દૂર કરવા માટે બધી શુભપ્રવૃત્તિઓ આપણે અપનાવી. પણ હવે જો એ શુભપ્રવૃત્તિઓને જ સર્વસ્વ માની લઈએ, એમાં જ મોક્ષપ્રાપ્તિની સંપૂર્ણશક્તિ માની લઈએ, તો એ ખોટું જ કહેવાય ને ?

પેલા માણસે તો ભરૂચની ટ્રેન છોડીને નવી ટ્રેન પકડવાની હતી. જ્યારે આપણે જુનો

વ્યવહાર માર્ગ તો આદરવાનો જ, એમાં કંઈ ઝાઝો ફેરફાર નથી કરવાનો. પરંતુ મોટા ભાગે એ વ્યવહારને કટ્ટરતાપૂર્વક પાળવાપૂર્વક જ એ નિશ્ચયને આત્મસાત કરવાનો છે.

અત્યાર સુધી વ્યાખ્યાનો, શિબિરો, શાસન પ્રભાવનાના જે કાર્યો કરતા હતા, એ ભલે ચાલુ રહે. પણ એમાં જે કર્તૃત્ત્વબુદ્ધિ હતી. "હું બધાને તારી દઉં, હું બધાને ધર્મ પમાડી દઉં." એને બદલે માત્ર કર્તવ્યબુદ્ધિ જ રાખવાની. "દેવાધિદેવની આજ્ઞા છે. એટલે આ મારી પાત્રતા હોવાથી આ પ્રવૃત્તિઓ થાય છે. બાકી હું તો માત્ર સાક્ષી છું. ક્રિકેટમેચના એમ્પાયર જેવો છું કે જેને કોઈપણ ટીમ હારે કે જીતે એની નિસ્બત ન હોય. માત્ર સાચો નિર્ણય આપવો એજ એની એકમાત્ર ફરજ હોય."

અત્યાર સુધી જે ઘોરતપ કરતા હતા, એ ચાલુ જ રાખવાનો. પણ એમાં "હું આટલી ઓળી કરું, ૧૦૦-૨૦૦ ઓળી મારા જીવનનું સુકૃત બની જાય." એવા કર્તૃત્વના વિચારો ત્યાગી "ઓળી ૧૦૦-૨૦૦ કે ૩૦૦ થાય કે ન ય થાય, એના કરતા વધારે મહત્ત્વની મારી આહાર સંજ્ઞા છે. મારે મારી આહારસંજ્ઞાના ઘટાડાને જ સતત જોવાનો છે. ઓળીની સંખ્યાને નહિ. રે ! સળંગ ૧૦૦મી ઓળી ચાલતી હોય અને ૧૦૦મી ઓળીના ૧૦૦ આંબિલ થઈ ગયા હોય અને ઉપવાસના દિવસે જ ગુરુ કહે કે 'આજે નવકારશી કર.' તોય સામે લેશપણ પ્રતીકાર નહિ કરું. ભલે મારા લલાટે લખાતું 'સળંગ ૧૦૦ ઓળીના તપસ્વી' વિશેષણ ભુંસાઈ જતું. ભલે મારી ૧૦૦મી ઓળી એકજ દિવસ માટે તુટી જતી. રે ! એમાં મારા આત્માને લેશ પણ નુકશાન છે જ ક્યાં ? આવી પરિસ્થિતિમાં મારુ મન સદાય હસતું જ રહેશે.

દુઃખ તો ત્યારે થશે કે જયારે મારામાં આહાર પ્રત્યે રાગભાવ જાગશે, માથું તો ત્યારે કુટીશ જયારે હું આસકિતથી ભોજન કરીશ.

મારે મન ઓળીની સંખ્યા, તપસ્વી તરીકેનું વિશેષણ સાવ સાવ તુચ્છ છે. મારે મન તો મારી અનાસક્તિ એજ મારો પ્રાણપ્રશ્ન છે."

અત્યાર સુધી રોજ કલાકોનો સ્વાધ્યાય કરતા હતા, એ ભલે ચાલુ રહે. પણ "મેં ગોખેલી ૫૦૦૦ ગાથા તો અકબંધ રહેવી જ જોઈએ. એ કાચી થાય તો મને આર્તધ્યાન થાય. રોજ ૧૦ કલાકનો સ્વાધ્યાય તો થવો જ જોઈએ, ઓછો થાય તો મને ચેન ન પડે. અમુક ગ્રંથો ભણાવનાર ન મળે તો મને ખૂબ દુઃખ થાય." આવી બધી પરિણતિ ત્યાગી "૫૦૦૦ ગાથાં યાદ રાખીશ, પણ એ એટલા માટે કે ભણેલું ભુલી ન જવું એ શાસ્ત્રાજ્ઞા છે. નહિ કે સંખ્યાના લોભથી. તથા રોજ કેટલા કલાક સ્વાધ્યાય થયો એ મહત્ત્વનું નથી. મહત્ત્વનું એ છે કે રોજ કેટલો સમય શુભવિચારોમાં, રાગદ્વેષની મંદતામાં પસાર થયો.

ભલેને માંડલીનું કામ ઘણું આવી પડવાથી, માંદગી આવવાથી, ગ્લાનની સેવા કરવી પડવાથી મારો સ્વાધ્યાય ઓછો થાય. મારે તો એટલું જ જોવાનું કે મારા રાગ-દ્વેષ ઘટ્યા કે વધ્યા ? મેં જિનાજ્ઞા પાળી કે ઉત્થાપી ? સ્વાધ્યાયના કલાકો સાથે મારે શું નિસ્બત ?

ગુરુઓની-વડીલોની વૈયાવચ્ચ ત્યાગી, માંડલીના કામ છોડીને કરાતા ૧૨-૧૪ કલાકના સ્વાધ્યાયની કિંમત વધારે ? કે પછી આ બધું જ સાચવીને જે સમય મળ્યો એમાં સ્વાધ્યાયની કરવાની કિંમત વધારે ?" આવી કોઈક ભાવના ભાવવી જોઈએ.

ટુંકમાં વ્યવહારને અકબંધ રાખવો. પણ એમાં અત્યાર સુધી જે સંકલ્પ-વિકલ્પ ઉત્પન્ન થતા હતા, તે અટકાવવા અને સતત પ્રસન્ન, ઉદ્વેગરહિત, હસમુખા બની રહેવું.

શિષ્ય ! કલિકાલસર્વજ્ઞશ્રી ફરમાવે છે કે

**सत्यां हि मनसः शुद्धौ सन्त्यसन्तोऽपि-सद्‌गुणाः ।**

**सन्तोऽप्यसत्यां नो सन्ति सैव कार्या बुधैस्ततः ।**

ભલે તમારી પાસે તપ, વૈયાવચ્ચ, ગુરુસેવા, સ્વાધ્યાય, વિધિસર ક્રિયા વગેરે ગુણો ન હોય પણ જો મનની શુદ્ધિના તમે માલિક હો તો એ બધા જ ગુણો ન હોવા છતાંય તે ગુણો હાજર જ સમજવા. (શારીરિક શક્તિ ન પહોંચવાથી આ બધા યોગોની તીવ્ર સ્પૃહા હોવા છતાં એનું આચરણ ન કરી શકે ત્યારે આ ઘટના બને.)

જ્યારે આ બધા જ ગુણો હોય પણ મનની શુદ્ધિ ન હોય તો આ ગુણો હોવા છતાં એ ગુણો ન હોવા બરાબર જ જાણવા. (માનસન્માન, યશ, કીર્તિ, પ્રતિષ્ઠા, ચાહના વગેરેના છૂપા આશયથી આ બધુ કરાતું હોય ત્યારે આ પ્રસંગ બને.)

એટલે સાર એટલો જ છે કે આચારમાર્ગને કટ્ટર રીતે વળગી રહેવું, યથાશક્તિ વધુને વધુ આચાર સંપન્ન બનવું પણ એ બધામાં હવે પરિણતિનું શ્રેષ્ઠતમ ઘડતર કરતા જવું.

બસ, શિષ્ય !

ઘણું કહી દીધું. અંતમાં મનોગુપ્તિ સાધવા માટે આવશ્યક માધ્યસ્થ્ય ભાવનાના ઉત્તમ શ્લોકોનો અર્થ જોઈ આનું વર્ણન પુરુ કરીએ.

• આ જગતના લોકો પોત-પોતાના કર્મોની વિચિત્રતાને લીધે જુદા જુદા સ્વભાવવાળા હોય છે. કેટલાકો ખૂબ સુંદર પ્રવૃત્તિ કરે કે કેટલાકો અતિખરાબ પ્રવૃત્તિ કરે. આ બધું અનાદિકાળથી આ સંસારમાં ચાલ્યા જ કરે છે. એમાં હવે વિદ્વાનોએ પ્રસંસા કરવાની કે ગુસ્સે થવાની જરૂર જ ક્યાં છે ? બધુ શાંતચિત્તે જોયા જ કરવું. સારું કે ખરાબ, બધું જ.

• ત્રિલોકગુરુ ગણાતા પ્રભુવીર પોતાના સગા જમાઈ જમાલિને પણ ઉત્સૂત્ર પ્રરૂપણા

કરતા અટકાવી શક્યા ન હતા, કે જે જમાલિ પોતાનો જ શિષ્ય હતો. તો પછી પ્રભુવીર કરતા અનંતમાં ભાગનું સામર્થ્ય ધરાવનારો બીજો તો વળી કોણ કોને પાપથી અટકાવે ? અર્થાત્ બીજાઓને પાપો કરતા અટકાવવા એ આપણા ગજા બહારની વાત છે. જેઓનો જ્યારે કાળ પાકશે તેઓ ત્યારે એની મેળે કોઈને કોઈ નિમિત્ત પામી આત્મકલ્યાણ સાધી લેશે.

• રે ! અરિહંતો પણ કદિ કોઈને પકડીને ધર્મ કરાવતા નથી, ભલે ને તેઓ સ્વયં વિરાટશક્તિના સ્વામી હોય. તેઓ તો એક જ કામ કરે છે. શુદ્ધ ધર્મનો ઉપદેશ આપવાનું ! જેઓ એ સાંભળીને શુદ્ધ ધર્મને આચરે છે, તેઓ દુસ્તર સંસારસાગરને તરી જાય છે.

• હે આત્મન્ ! તમામ કુશળ કાર્યો સાથે સંગમ કરાવી આપનાર, આગમના સાર ભૂત, ઈચ્છિત મોક્ષને આપવા માટે કલ્પવૃક્ષ સમાન ઉદાસીનભાવ=માધ્યસ્થ્ય પરિણામ= રાગદ્વેષરહિત પરિણામને તું અનુભવ. બાકી બધું છોડી દે.

• ચેતન ! શીદને તું પારકી ચિંતાઓ માથે લઈને ફરે છે ? તારા નિર્વિકારી શુદ્ધ સ્વરૂપનું જ ચિંતન કર ને ! રે ! એ બીજા જીવો કાંટાઓ ભેગા કરે કે આંબાની કેરી ભેગી કરે, એમાં તારે શું લાગે-વળગે ? અર્થાત્ એ પારકા જીવો ઉત્તમધર્મ કરે તોય એનાથી તને કંઈ લાભ નથી થવાનો અને તેઓ મહાન અધર્મ કરે તોય એનાથી તને કશું નુકશાન થવાનું નથી.

તો જો પારકાની સારી કે ખરાબ પ્રવૃત્તિઓથી તને કોઈ લાભ-નુકશાન છે જ નહિ. તો એની ચિંતા કરવાની તારે જરૂર શી ?

• ખૂબ જ લાગણીથી, આત્મીયભાવથી તે કો'કને ઉપદેશ આપ્યો, પણ એ દુર્ભાગીએ તારો એ ઉપદેશ ન સ્વીકાર્યો, તોય ચેતન ! તું એના પ્રત્યે ક્રોધ ન કરીશ.

કારણ ?

તું ક્રોધ કરીશ તો તારી પ્રસન્નતા, તારો આત્માનંદ નંદવાશે. અને વળી એ ક્રોધ કરવાથી તને તો બીજો કોઈજ લાભ થવાનો નથી. તો નકામી પારકી પંચાત કરીને તારા આત્મસુખને શીદને ગુમાવે ?

• આત્મન્ ! આ હળાહળ કળિયુગ છે હોં ! અલબેલું જિનશાસન પામીને પણ કેટલાક જડભરતો ઉત્સૂત્રપ્રરૂપણા-ઉત્સૂત્ર આચરણા ય કરશે.

પણ તું જ બોલ ! એમાં આપણે શું કરીએ ?

દૂધના કટોરા ઢોળી દઈ મૂતર પીવાનું જ એ જડભરતોને ગમતું હોય, તો એમાં આપણે કરી પણ શું શકીએ ?

● ચેતન ! તને ખૂબ અભરખાં થાય છે ને કે "બધાને સુધારી દઉં. પેલો ક્રોધી છે, એને શાંત બનાવી દઉં. પેલા અણપઢને વિદ્વાન બનાવી દઉં ! પેલા રાગીને વિરાગી કરી દઉં, પેલા ગુરુદ્રોહીને ગૌતમ બનાવી દઉં...."

પણ ચેતન ! આ બધા પ્રયત્નો કરવામાં તુ ડગલેને પગલે ઠોકર ખાય છે. આસન્ન મોક્ષગામી આત્માઓમાં જ આ બધા સુધારાઓ ઝપાટાભેર થાય અને એવા આત્મા તો લાખમાં એક મળે. આવી પરિસ્થિતિમાં તને સફળતા શી રીતે મળે ?

અને પછી નિષ્ફળ થઈને તું કંટાળે છે, ત્રાસે છે, પેલા ઉપર તને ક્રોધ જાગે છે.

ચેતન ! આ બધુ બરાબર નથી હોં !

એટલું તું કેમ નથી જોતો કે વિશ્વના પ્રત્યેક જીવોની ભવિષ્યની ભવિતવ્યતા નક્કી જ છે. સિદ્ધોના જ્ઞાનમાં દરેક જીવોના આવતા ભવો નિશ્ચિત થઈ ચૂક્યા જ છે. એટલે જ આ બિચારા જીવો તો ભવિતવ્યતાના માર્ગદર્શન પ્રમાણે નાચ નાચે છે. જે ગતિમાં તેઓને જવાનું છે, તે પ્રમાણે જ તેઓ આચાર-વિચાર-ઉચ્ચાર કરનારા બને છે.

હવે એમાં આપણે શું કરી શકીએ ? સિધ્ધોના જ્ઞાનમાં જે જીવોની દુર્ગતિ અને તેના કારણભૂત પાપમય જીંદગી દેખાઈ જ ચૂકી છે, તેને બદલવાની તાકાત તારામાં છે જ ક્યાં? રે ! વિશ્વની કોઈપણ મહાસત્તા આ ભવિતવ્યતાને ફેરવવા સમર્થ નથી. તો તારી તો શી વિસાત ?

ચેતન ! એક વાત માનીશ ? બધું જ છોડીને એક માત્ર હૃદયંગમ = મનોહર, સમતાને જ તું આદર. સર્વત્ર મધ્યસ્થ=રાગદ્વેષરહિત બની જા. "હું ગુરૂ, હું વડીલ, હું સાધુ, હું તપસ્વી, હું વિદ્વાન, હું શાસનપ્રભાવક, હું સિધ્ધહસ્ત લેખક, હું મહાસંયમી, હું ગુરૂપરતન્ત્ર, હું વૈયાવચ્ચી, હું સંચાલક, હું વ્યાખ્યાનકાર, હું અનુભવી.... આ બધી ઉભી કરેલી માયાજાળને સંકેલી લે ને ?

માત્ર "હું આત્મા, શુધ્ધ આત્મા, રાગદ્વેષરહિત આત્મા, સર્વસંગરહિત આત્મા, સિધ્ધસ્વરૂપી આત્મા.... આ વાસ્તવિકતાને જ વધુ ને વધુ આત્મસાત કરતો જા ને ?

વળી ભઈલા ! મારા શિષ્યો, મારા ભક્તો, મારા તીર્થો, મારી સંસ્થા, મારા પુસ્તકો, મારૂં ચિંતન, મારૂં માર્ગદર્શન, મારો અનુભવ, મારા સ્વજનો, મારી શાખ, મારી પ્રતિષ્ઠા.... આ બધા મમત્વના પુંછડાઓ ધારણ કરી પશુ કાં બને ? એકે ય પુંછડા વિનાનો, સાચો માનવ-મહામાનવ બની જા ને ? અનંતજ્ઞાનદર્શનચારિત્રમય શુધ્ધ આત્મા એ જ મહામાનવનું સ્વરૂપ છે.

મારા પરમમિત્ર ! ૬૦, ૭૦, ૮૦ વર્ષની આ જીંદગીમાંથી અડધો પોણો ભાગ તો વિતી ગયો. હવે તો મોતના ભણકારા વાગે છે. આયુષ્ય ખૂબ ઓછું છે. ચેતન ! માટે જ તને કહું છું કે આ પુદ્ગલોની પરાધીનતા છોડી દે.


● બાહ્યતીર્થોને ભેટવાના-ભજવાના તારા દિવસો હવે જતા રહ્યા. હવે તો ચેતન ! તું ઉંચી દશાને પામ્યો છે, એટલે જ હવે તારા જ આત્મામાં રહેલા સર્વોત્તમ તીર્થનું = આત્મસ્વરૂપનું સ્મરણ કર. એના જેવી તીર્થયાત્રા બીજી કોઈ નથી હોં ! ખરેખર કહું છું તને ! શત્રુંજય તીર્થાધિરાજની યાત્રા તો મહાન છે જ પણ એના કરતા ય આ આત્મસ્વરૂપની યાત્રા અનંતગુણી મહાન છે.

શાન્તસુધારસકાર મહોપાધ્યાય વિનયવિનયજી મ. ની આ નાનકડી પ્રસાદીનો આસ્વાદ જો દાઢે વળગે તો લાગી પડજો એ ૧૬ ભાવનાઓના સરોવરમાં સ્નાન કરવા ! અનાદિભવોના મેલ ધોવાઈને જ રહેશે. રોજ એક ભાવના અર્થચિંતનપૂર્વક ભાવ સાથે બોલવામાં આવે તો દર ૧૬ દિવસે એક ભાવનાનો નંબર આવે. આ રીતે રોજ ચિંતન બદલાતું રહેવાથી કંટાળો ન આવે.

(૧૫૭)આ ઉપરાંત સ્તવનો-સ્તુતિઓ-શાસ્ત્રો એ બધા જ મનોગુપ્તિ સાધવાના સુંદર સાધનો છે. આનંદઘનજીના એ વચનો કદિ ન ભૂલશો.

**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, તેહ વાત નહિ ખોટી.**

●



## ૧૦. વચનગુપ્તિ

વચનગુપ્તિની સામાન્ય પ્રસિધ્ધ વ્યાખ્યા એટલી જ છે કે "બોલવું નહિ."

આવી વ્યાખ્યાને નજર સામે રાખીને મૌન થઈ જનારા, મુંગા જ બેસી રહેનારા અને બીજા સમ્યગ્ બોલનારા સંયમીઓને વચનગુપ્તિના ભંજક કહેનારા અપરિપકવ સંયમીઓની આંખ ઉઘાડવા માટે ભગવાન ભદ્રબાહુસ્વામીએ દશવૈકાલિક નિર્યુક્તિમાં ખૂબ જ સુંદર પદાર્થો દર્શાવ્યા છે.

તે આ પ્રમાણે -

**वयणविभत्ति-अकुसलो वओगयं बहुविहं अयाणंतो ।**

**जइवि न भासइ किंची न चेव वयगुत्तयं पत्तोत्ति ।**

**અર્થ :** કયા વચનો બોલવાથી લાભ થાય ? કયા વચનો બોલવાથી નુકશાન થાય ?... આ બધી બાબતો જે સંયમી નથી જાણતો, એ સંયમી તદ્દન મૌન લઈને બેસી જાય, કંઈ જ ન બોલે તોય એ વચનગુપ્તિ પામેલો ન કહેવાય.

અર્થાત્ જો એ મુગ્ધસંયમી બોલે તો એમાં નુકશાનો છે અને એ મૌન ધારીને બેસી રહે તો એમાં ય એને લાભ તો કંઈ જ થતો નથી.

(૧૫૪)ઉલ્ટું ઉપાધ્યાયજી મહારાજ તો જણાવે છે કે આવી રીતે જે મૌન ધારણ કરે, એ ખરેખર તો વચનગુપ્તિધારક કહેવાતો જ નથી, છતાં એ સંયમીને તો અભિમાન જાગવાનું કે "હું મૌની છું, સાધક છું, વચનગુપ્તિનો પાલક છુ." આ અભિમાનના કારણે એને તો વધુ દોષ લાગવાનો.

એટલે મુંગા રહેવા માત્રથી વચનગુપ્તિની સિધ્ધિ થઈ જતી નથી.

એનાથી તદ્દન વિપરીત હકીકત એ કે "શું બોલવું શું ન બોલવું..." વગેરે વચનસંબંધી સૂક્ષ્મ બાબતોનો જાણકાર ગીતાર્થ સંયમી આખો દિ' બોલ્યા જ કરે, ધર્મોપદેશ આપીને લોકોને પમાડ્યા જ કરે તો ય એ વચનગુપ્તિનો ધારક જ કહેવાય.

જુઓ, ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીના વચનો.

**वयणविभत्तीकुसलो वओगयं बहुविहं वियाणंतो ।**

**दिवसं पि भासमाणो तहावि वयगुत्तयं पत्तोत्ति ।**

વચનવિભાગોમાં કુશળ, વચન સંબંધી અનેક ભેદોને જાણતો સંયમી આખો દિવસ બોલ્યા જ કરે, તો પણ વચનગુપ્તિને પામેલો જ ગણાય.

(૧૫૪)વળી મહોપાધ્યાયજીએ એમ પણ કહેલું છે કે "વચનના વિભાગોમાં અકુશળ સંયમી મૌન રાખીને બેસી જાય એટલા માત્રથી એને વાગ્ગુપ્તિની સિદ્ધિ થતી નથી. વળી આ રીતે જો સર્વથા મૌન રાખવામાં આવે, તો વ્યવહારનો જ ઉચ્છેદ થાય. સર્વથા મૌનનો અર્થ તો એ જ થયો કે કોઈ સંયમીના સારા કાર્યોની અનુમોદનાના શબ્દો ય ન બોલવા, કોઈ કામ શરૂ કરતા પહેલા ગુરૂને એ અંગે આપૃચ્છા ય ન કરવી, દેરાસર ઉપાશ્રયમાં પ્રવેશતા નીકળતા નિસીહિ આવસ્સહિ પણ ન બોલવી, કોઈ સંયમીઓ કંઈક પૂછે તો એનો સ્પષ્ટ ઉત્તર પણ ન આપવો, કોઈને ભણાવવા પણ નહિ, રે ! સાક્ષાત ગુરૂ મોટેથી બુમ પાડીને બોલાવે તો ય સામે પ્રતિસાદ શુદ્ધા ય ન આપવો, શ્રાવકોને ધર્મદેશના ય ન આપવી... સંયમજીવનનો આખો વ્યવહાર જ તુટી જાય.

આપૃચ્છાદિ ૧૦ સામાચારીમાં દરેકે દરેકમાં શબ્દો બોલવાના જ છે. અને લગભગ તમામે તમામ સામાચારીમાં ગુરૂને આપૃચ્છા કરવાની વાત તો આવે જ છે. હવે જો સંપૂર્ણ મૌન લેવામાં આવે તો આ બધી સામાચારીઓનું પાલન ખતમ થઈ જાય. એ તો શાસ્ત્રકારો પણ શી રીતે માન્ય રાખે ?

એટલે આવી રીતનું સંપૂર્ણ મૌન સ્થવિરકલ્પીઓને માટે તો શાસ્ત્રકારો કદિ માન્ય ન કરે. એટલે જ જેઓ આવા પ્રકારના સંપૂર્ણ મૌનને ધારણ કરે તેઓ દશ સામાચારી, ઉપબૃંહણા, ઔચિત્ય વગેરે અનેક ગુણોને ગુમાવતા હોવાથી તેઓ દોષના ભાગીદાર બની રહે છે.

ઉપાધ્યાયજી બીજી વાત એ કરે છે કે જે સંયમી ભાષા અંગેનું સ્પષ્ટ જ્ઞાન ધરાવતો નથી, એ તો વચનગુપ્તિનો અધિકારી જ નથી. જેમ એકેન્દ્રિયોને ભાષા અંગેનું કશું ભાન ન હોવાથી તેઓ મુંગા રહેતા હોવા છતાં ય વચનગુપ્તિવાળા નથી કહેવાતા. એમ સંયમીઓ પણ સાવદ્ય-નિરવદ્ય ભાષા વગેરેના બોધ વિનાના હોય તો તેઓ મુંગા રહેવા છતાં વચનગુપ્તિના ધારક ન કહેવાય.

આ બધી વાતનો સાર એ કે ભાષા અંગેની સૂક્ષ્મતમ માહિતી ન હોય તો મુંગા રહેવા છતાં વચનગુપ્તિ નથી, અને જ્ઞાન હોય તો બોલવા છતાં વચનગુપ્તિ છે જ. એટલે કે બોલવું કે બોલવું એ મહત્ત્વનું નથી, પરંતુ ભાષાનું સ્પષ્ટ જ્ઞાન મહત્ત્વનું છે.

પણ આ વાત પણ અપેક્ષાએ છે. આનો અર્થ એ તો ખરો જ કે સંયમીને ૧૦ પ્રકારની સત્યભાષા, ૧૦ અસત્ય ભાષા, ૧૦ મિશ્ર ભાષા, ૧૦ વ્યવહાર ભાષા... આ ૪૦ ભાષાનો બરાબર બોધ હોવો જ જોઈએ. એ વિના તો ન જ ચાલે.

પણ એ સાથે એક બાબત એ પણ છે કે આ બધું જાણનારો સંયમી પણ શક્ય હોય ત્યાં

સુધી મૌન રહે તો એના માટે શ્રેષ્ઠ વસ્તુ છે. કારણ આવે તો બોલે, પણ એ સિવાય ન જ બોલે.

મહોપાધ્યાયજીની પ્રરૂપણા નિશ્ચયનયની અપેક્ષાએ છે. તેની અપેક્ષાએ તો વચનનું સ્પષ્ટ જ્ઞાન આવી ગયું એટલે બોલો કે ન બોલો બધી ગુપ્તિ જ ગણાય.

પણ વ્યવહારમાં તો એવું જ ગણાય કે આ બધા બોધવાળો ગીતાર્થ સંયમી પણ શક્ય હોય ત્યાં સુધી મૌન જ રહે. ગપ્પા-સપ્પા, હસી-મજાક, ઠઠ્ઠા મશ્કરી, ટોલ-ટપ્પાં.... માં કદિ એમની હાજરી-અનુમતિ ન હોય.

આપણે એ વ્યવહારનય પ્રમાણે કલિકાલ સર્વજ્ઞશ્રીએ વચનગુપ્તિની જે વ્યાખ્યા કરી છે તે જોઈએ.

**संज्ञादिपरिहारेण यन्मौनस्यावलम्बनम् ।**

**वाग्वृत्तेःसंवृत्तिर्वा या, सा वाग्गुप्तिरि होच्यते ॥**

હાથ-આંગળી-પાંપણ-મોઢું વગેરે કોઈપણ વસ્તુ વડે સંજ્ઞાદિ ન કરવી અને એ રીતે જે મૌન ધારણ કરવું એ વાગ્ગુપ્તિ છે. અથવા તો પછી માત્ર ભાષાનો નિષેધ કરવો એ વાગ્ગુપ્તિ છે.

પહેલી વ્યાખ્યા વિશિષ્ટ કક્ષાના મૌનની છે.

મૌન સંયમીઓ પણ કાયાની ચેષ્ટા દ્વારા તો ઘણી વાતચીત કરી લેતા હોય છે. (૧) ગોચરી નોંધનારને આંગળીઓ ઉંચી કરી એક-બે જુમ્મા નોંધાવી દે (૨) ફલાણા મહારાજ કે ફલાણી વસ્તુ ક્યાં પડી છે.... એમ પુછનારને આંગળી-ચીંધણુ કરી દે (૩) કોઈકને બોલાવવા હોય, ક્યાંક જતા અટકાવવા હોય તો મોઢાથી ઉંહકારે કરીને અટકાવે, બોલાવે....

આવી કાયિક ચેષ્ટાદિ પણ બિલકુલ ન કરવાપૂર્વક જે મૌન ધારવામાં આવે તે વચનગુપ્તિ કહેવાય.

જ્યારે બીજી વ્યાખ્યામાં કાયિક ચેષ્ટાઓનો નિષેધ નથી. માત્ર ભાષા બોલવાનો જ નિષેધ છે. અને અત્યારે આવા પ્રકારનું મૌન જ પ્રસિદ્ધ છે.

આ મૌનના લાભો ય ઘણાં છે.

(૧) જિનકલ્પીઓ લગભગ મૌન જ રહે છે. કશો ઉપદેશ આપતા નથી. સ્થવિરકલ્પીઓ સાથે તો નહિ જ, પણ જિનકલ્પીઓ સાથે પણ એ જિનકલ્પીઓ વાતચીત નથી કરતા. કાયિક ચેષ્ટાથી ય વાતચીત લગભગ નથી કરતા.

હવે નિશ્ચયની દષ્ટિ લગાડીએ તો તેઓએ તો બધું બોલવું જ જોઈએ ને? કેમકે તેઓ તો મહાગીતાર્થો છે. એટલે તેઓ તો આખો દિવસ બોલે તોય વચનગુપ્તિવાળા જ ગણાય ને? છતાં તેઓ શા માટે નથી બોલતા ? કેમ એ નિશ્ચયદષ્ટિને આગળ નથી કરતા ?

આ જ એમ સૂચવે છે કે અમુક કક્ષામાં આવા નિરવદ્યવચનો પણ આત્મસાધનાના બાધક બનતા જ હશે. એ શાસ્ત્રાનુસારી વચનો, પરોપદેશરૂપ વચનો, હિતકારી વચનો પણ જિનકલ્પી વગેરે માટે એમની સાધનાના બાધકતત્ત્વ જ બનતા હશે અને માટે જ તેઓ પ્રાયઃ સંપૂર્ણ મૌન ધારી લે છે.

(૨) શ્રમણ ભગવાન મહાવીર કે આજ સુધીના અનંતા તીર્થંકરો શું સાવદ્ય-નિરવદ્ય વચનના જ્ઞાતા ન હતા ? હતા જ. છતાં તેઓ છદ્મસ્થ શ્રમણપર્યાયમાં શા માટે તદ્દન મૌન રહે છે ? જો તેઓ બોલત, તો એમના દ્વારા એટલા કાળ દરમ્યાન પણ હજારો-લાખો-કરોડો લોકો ધર્મમાર્ગે વળત ને ?

છતાં તેઓ સંપૂર્ણ વ્યવહારમાન્ય મૌન ધારણ કરે છે, એ દર્શાવે છે કે આ મૌન પણ ઉપયોગી તો છે જ. આત્મ સાધનામાં સહાયક છે જ.

(૩) જેની જીભ વધુ ચાલે એની બુદ્ધિ ઓછી ચાલે એવું સામાન્યથી અનુભવાય છે. ખૂબ બોલનારાઓ ઘણીવાર કંઈક ઉંધુ-ચત્તુ બોલી દે. જે એકદમ પરિણત ગીતાર્થ હોય તેને ઘણું બોલવા છતાંય વાંધો ન આવે. છદ્મસ્થતાને લીધે એનાથી નાનકડી ભુલો થાય તો તે નુકશાનકારી ન બને. પણ બાકી એ સિવાય તો વાણીનો વરસાદ જેટલો ઓછો થાય એટલી લોકોની હૃદયધરતી વધુ પ્રસન્ન રહે એવો અધ્યાત્મક્ષેત્રનો વિચિત્ર ન્યાય છે.

મૌનમાં ક્ષયોપશમ ખૂબ ખીલે, નવા નવા પદાર્થો મનમાં ઉભરાતા જાય, સંવેદનની અનુભૂતિ થાય આત્મસ્વરૂપનું સંવેદન મૌનાવસ્થામાં જલ્દી થાય અને એ તે અવસ્થામાં જ ટકી રહે, વૃદ્ધિ પામે. જેઓ બોલવા મંડે તેઓ ઘણીવાર પ્રાપ્ત થયેલ સંવેદન-અનુભૂતિને ગુમાવી બેસે.

આ સિવાયની અનેક બાબતો ભાષાસમિતિના વર્ણનમાં બતાવી જ દીધી છે.

એક ખ્યાલ રાખવો કે —


**मा मा जंपह बहुयं जे बद्धा चिक्कणेहिं कम्मेहिं ।**

**सव्वेसिं तेसिं जायइ हियोवएसो महादोसो ।**

આ વૈરાગ્યશતક શ્લોકમાં જણાવ્યું છે કે જેઓ ચીકણા કર્મથી બંધાયેલા હોય એને બહુ ઉપદેશ ન આપવો. અર્થાત્ શરૂઆતમાં તો છદ્મસ્થ એવા આપણને ખબર ન પડે કે સામેનો

વ્યક્તિ ચીકણા કર્મથી બંધાયેલો છે કે નહિ ? એટલે સહવર્તી સંયમીઓ કે શ્રાવકો કોઈક ભુલ કરે તો મીઠાશ ભરેલી નિરવદ્યભાષામાં એને ભુલ સુધારવા જણાવાય. છતાં એ ન માને અને બીજીવાર ભૂલ કરે તો વળી પાછો એને સમજાવવો. એમ ત્રણવાર કોઈને પણ જુદી જુદી રીતે સમજાવવો. છતાં જો એ ભુલો ચાલુ જ રાખે તો પછી ચીકણા કર્મો વડે લેપાયેલો જાણી એની ઉપેક્ષા કરવી. નિંદા તો ન જ કરવી. એને કાળના ભરોસે છોડી દેવો. આવા વખતે સામેવાળાની ભુલો દેખાવા છતાં કંઈ જ ન બોલવું એ વિશિષ્ટ કક્ષાની વચનગુપ્તિ કહેવાય. સામાન્યથી આપણી સામે ભુલો કરનારા નાનાઓને તો ફટ દઈને સૂચન કરવાનું, સલાહ આપવાનું કામ થઈ જ જાય છે. આવા વખતે જીભ ઉપર કાબુ રાખવો, કશું ન બોલવું એ આત્માની ગંભીરતા-પરિપક્વતાની નિશાની છે.

●



## ૧૧. કાયગુપ્તિઃ

કલિકાલસર્વજ્ઞશ્રી આ પ્રવચનમાતાની વ્યાખ્યા કરતા ફરમાવે છે કે –

**उपसर्गप्रसङ्गेऽपि कायोत्सर्गजुषो मुनेः । स्थिरीभावशरीरस्य कायगुप्तिर्निगद्यते ।**

**અર્થ :** જ્યારે મુનિરાજ કાઉસ્સગ્ગમાં ઉભા હોય કે બેઠા હોય ત્યારે ગમે તેવા ઉપસર્ગો આવવા છતાં પણ જે મુનિરાજનું શરીર સ્થિર જ રહે, ન હલે કે ન ચાલે... તે મુનિરાજની કાર્યસ્થિરતા જ કાયગુપ્તિ કહેવાય છે.

(૧૫૫)જો કે અન્નત્થસૂત્રમાં ૧૬ આગારો = છૂટો સિવાય પણ કાઉસ્સગ્ગ અંગેની બીજી પણ મોટી આપત્તિ વખતની છૂટો આપવામાં આવી છે. અર્થાત્ આગ લાગે, સર્પભય ઉભો થાય... આવા જીવલેણ ઉપસર્ગો આવે તો ચાલુ કાઉસ્સગ્ગમાં પણ તે સ્થાન છોડી બીજે જવાની છૂટ = રજા આપેલી છે. પણ 'એ છૂટનો ઉપયોગ કરવો જ' એવો નિયમ નથી. ઊંચી કોટિના મહાત્માઓ, સત્ત્વશાળી મહાત્માઓ આવા પ્રસંગે પણ જીવનથી નિરપેક્ષ બની કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ લીન રહી શકે છે. અલબત્ત, આ કાળમાં આવા મહાત્માઓ, સત્ત્વશાળીઓ મળવા દુર્લભ છે. પરંતુ તોય એ જીવલેણ ઉપસર્ગો સિવાયના બીજા અનેક ઉપસર્ગો એવા છે કે જેમાં મરવાનો ભય નથી, પણ એ સહન કરવા માટે સહનશીલતા, દેહ અને આત્માના વિવેકભાવની અનુભૂતિ... આ બધાની અત્યંત આવશ્યકતા રહે છે.

ચાલો, આપણે આવી વિરલવિભૂતિઓના દર્શન કરીએ.

(૧) શ્રમણ ભગવાન મહાવીર દેવ ! એમના કૌવતની તો શી વાત થાય ? આપણે અત્યારે હિમાલયથી ૨ થી ૩ હજાર કિ.મી. દૂર છીએ. ચારે બાજુ સેંકડો મકાનોની વચ્ચે રહેલા ઉપાશ્રયમાં વસીએ છીએ. એટલે જ એ મકાનોના કારણે ઘણી ઠંડી રોકાઈ જાય છે અને મકાનોમાં ઉત્પન્ન થતી ચૂલાની આગ વગેરેની ગરમી પણ વાતાવરણમાં ઠંડીને અલ્પ તો કરે જ છે. આવા ઉપાશ્રયમાં પણ ચાર દિવાલવાળી બંધ રૂમમાં નીચે બે ધાબડા અને ઉપર બે કામળી-ધાબડા પાથરી ઓઢીને સંથારો (!) કરીએ છીએ. અને એમાં ય ટુંટીયું વાળવા દ્વારા ય કંઈક ઠંડીનો પ્રતીકાર કરીએ છીએ.

આટલી બધી સંરક્ષણવ્યવસ્થા વચ્ચે પણ ભયંકર ઠંડીમાં ધ્રુજારી અનુભવાતી હોય છે. આ લગભગ બધાયનો અનુભવ છે.

હવે જરાક આંખો મીંચીને શ્રમણ ભગવાન મહાવીરદેવને નિહાળીએ !

હિમાલયની નજીકનાં પ્રદેશ બિહારમાં પ્રભુનું વિચરણ ! પ્રભુનો રહેવાસ ગામ કે

નગરની અંદર નહિ, પણ વનરાજીની વચ્ચે ! ચારેબાજુ વિરાટ વૃક્ષો અને વચ્ચે પ્રભુનો ધ્યાનસ્થ દેહ ! ચારેબાજુ તો નહિ, પણ એકેય બાજુ દિવાલ નહિ. ધાબડા પાથરવા કે ઓઢવાની વાત તો દૂર રહી, પણ શરીર ઉપર એકપણ વસ્ત્ર સુદ્ધાં નહિ. ટૂંટીયું વાળવાનું તો દૂર રહ્યું, (૧૫૯)ઊલ્ટું ખુલ્લી છાતીએ બે હાથ પહોળા કરીને વધુ ઠંડી સહન કરવા પ્રભુ ઉભા રહેતા.

ક્યાં દેવાધિદેવની આ અપ્રતિમ સાધના !

ક્યાં આપણું સુખશીલ સંયમજીવન !

શરમથી માથું ઝૂકી ન જાય આપણું ?

ઘોર શીતપરિષહમાં ય પ્રભુની કાયગુપ્તિ અખંડિત રહેતી.

(૨) વિહારોમાં ઘણા સ્થાનો આપણે એવા અનુભવતા હોઈએ છીએ કે જ્યાં ડાંસ-મચ્છરનો ત્રાસ બેહદ હોય છે. એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતા ય દમ નીકળી જાય, અધવચ્ચે ઓઘો શરીર પર ફેરવવો પડે એટલો બધો કાતિલ એ ડાંસ-મચ્છરાદિનો ઉપસર્ગ હોય છે. રે ! ક્યાંક તો મચ્છરોનું પ્રમાણ એટલું બધું હોય કે સૂત્રો બોલતા બોલતા જ મોઢામાં એ મચ્છરો ઘૂસી જાય. ના-છૂટકે મચ્છરદાનીમાં બેસીને પ્રતિક્રમણ કરવું પડે એવી ય હાલત સર્જાય.

આ બધી આપણી હાલત ! આપણે તો હાથ-પગ હલાવીએ, ઓઘા-મુહપત્તીથી પુંજી લઈએ, શરીર ઉપર વસ્ત્રો તો પહેરેલા જ હોય, જે ખુલ્લા ભાગ હોય તે પણ બીજા વસ્ત્રોથી ઢાંકી લઈએ. મચ્છરદાની નાંખી લઈએ... આવી ઘણી રીતે મચ્છરોનો પ્રતીકાર કરી લઈએ. અને આ બધું કર્યા પછીય જે મચ્છરો દ્વારા પરેશાની અનુભવવી પડે એમાં મોઢામાંથી શબ્દો નીકળી પડે, 'આજે તો આખી રાત ઉંઘ ન આવી. આ મચ્છરોએ તો ભારે કરી. આવા સ્થાનમાં કદિ આવવું નહિ...'

અપ્રમત્તતાના ટોચ શિખરે બિરાજતા આપણા પરમપિતા દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીર ! અડાબીડ જંગલની વચ્ચે એકલા, નિર્ભય બનીને તદ્દન નિર્વસ્ત્ર દશામાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભા હોય. તે તે ઋતુમાં લાખો-કરોડો જંગલી-મોટા મચ્છરો - ડાંસો સૂર્યાસ્ત બાદ આખા જંગલમાં ફેલાઈ જતા હોય. આમ પણ પ્રભુનું શરીર કોમળ ! એમનું રુધિર મીઠું મધ જેવું જ એ મચ્છરોને લાગતું હોય ને ?

એક પછી એક જંગલી મચ્છરો પ્રભુના દેહ ઉપર પોતાનું સ્થાન જમાવતા જાય, તીક્ષ્ણ મુખ વડે લોહી ચૂસતા જાય. ત્યાં તો એમને અટકાવનાર કોઈ નથી. પ્રભુ તો હાથ સુદ્ધાં ય

હલાવતા નથી, આંખની પાંપણ પણ મટમટાવતા નથી. શરીરમાં ધ્રુજારી ય ઉત્પન્ન થવા દેતી નથી. જાણે કે જડ પત્થર જ જોઈ લો. પછી તો મચ્છરો-ડાંસોને મજા જ પડે ને ?

શું એવું નહિ બનતું હોય ? કે થોડીવારમાં તો આ મિજબાની લુંટવા હજારો મચ્છરો પ્રભુના દેહ ઉપર અડ્ડો જમાવી ચૂક્યા હોય, એક રૂંવાડા જેટલી જગ્યા ય બાકી ન રાખી હોય, પ્રભુનો તેજસ્વી દેહ કાળા મચ્છરોથી એવો તો ઢંકાઈ ગયો હોય કે જાણે આખો કાળો ધાબડો જ પ્રભુએ ઓઢી ન લીધો હોય !

આવી ભયંકર પરિસ્થિતિમાં આખી રાત્રિ પસાર કરવી... એ તો દેવાધિદેવનું જ કામ! આપણું શું ગજું ! એક મચ્છર એક મિનિટ સુધી જોરદાર ચટકા મારીને લોહી પીએ, એ ય સહન કરવાની આપણી તો શક્તિ જ ક્યાં છે ?

(૩) કાઉસગ્ગમાં ઉભા હોઈએ અને અચાનક એક સાથે ૫-૭ ભમરીઓનો એકદમ નજીકમાં ગણ-ગણનો અવાજ થાય કે તરત એ કાનમાં ઘુસી ન જાય એ માટે આપણા હાથ બે કાન ઢાંકવા પરોવાઈ જાય.

તેવા કોઈ સ્થાનમાં ચામાચીડિયાઓ વધુ સંખ્યામાં, એકદમ નીચાણમાં, આપણા મુખાદિ પાસેથી ઉડાઉડ કરતા હોય તોય ગભરાટ છૂટે. નાક ઢાંકી દેવાનું કામ પહેલા કરીએ. કદાચ નીચે બેસી જ જઈએ.

રાત્રિના સમયે ઉપાશ્રયમાં સર્પ નીકળ્યાનો આભાસ જ માત્ર થાય તો તમામ સંયમીઓની ઉંઘ હરામ થઈ જાય. તે ઉપાશ્રયમાં રહેવા કોઈ તૈયાર ન થાય, અડધી રાત્રે ય ઉપાશ્રય છોડી બીજા સ્થાને જતા રહીએ.

ભીંત ઉપર ફરતી ગિરોળીથી હજી સુધી કોઈ સંયમીને કદિ કોઈ નુકશાન પ્રાયઃ થયું નથી, છતાં ભીરુ સંયમીઓ એના દર્શનમાત્રથી ફફડે, ગિરોળીવાળા રૂમમાં બેસતા ય ગભરાય. ભીંતથી દૂર જ બેસે.

ઉપાશ્રયમાં જો ઉંદરડાઓ ફરતા દેખાય તો ય સંયમી ચિંતિત બને. રાત્રે મને કરડી ખાશે તો ? કાનખજુરાઓનો ઉપદ્રવ હોય તો ય મુંઝવણ થાય, મારા કાનમાં પ્રવેશી જશે તો ? મધમાખીઓનો મધપુડો હોય તો ય માથે ભાર રહે 'રખે ને મને કોઈ મધમાખી કરડી ખાશે તો ?' વાંદરાઓનું ટોળું બેઠું હોય તો ય ત્યાં પાસે જતા ય ડર લાગે. 'મારી ઉપર તરાપ મારશે તો ?... વાંદાઓ ફરતા હોય તોય મન આકુળવ્યાકુળ થઈ જાય.

હાય ! ડગલે ને પગલે આપણને આપણા શરીરની ચિંતા ! એની રક્ષાની ચિંતા ! વિહારમાં એક્સીડન્ટ ન થઈ જાય એની ય ચિંતા અને મુસલમાનો - નીચ લોકો મારી ન

નાંખે એની ય ચિંતા !

એક વાત તો નક્કી છે કે આત્મા તો અરૂપી છે. એને તો ઉપરની કોઈપણ વસ્તુ કશું નુકશાન કરવા સમર્થ નથી. તિર્યંચો વગેરે દ્વારા જે કંઈ નુકશાન થાય છે, એ બધું શરીરને થાય છે અને તેમાં આપણે ખૂબ ખૂબ ગભરાટ અનુભવીએ છીએ. તો આનો અર્થ તો એ જ ને ? કે આપણે આત્મા અને શરીરનો ભેદ હોવાની માત્ર વાતો જ કરી છે, અનુભૂતિ તો નહિ જ. સંવેદન તો આપણું એવું જ છે કે "મારું શરીર એ જ હું ! એને કંઈ પણ થાય એ મારાથી સહન ન થાય. એને બચાવવા હું આકાશ-પાતાળ એક કરી દઈશ."

(૧૫૭)શાસ્ત્રકારોએ સ્પષ્ટ નિર્દેશ કર્યો કે 'જિનાજ્ઞાવિરુદ્ધ વર્તશો તો તમારો આત્મા અનંત દુર્ગતિઓમાં અનંતા દુઃખો પામશે.' છતાં આત્માને બચાવવા માટે જિનાજ્ઞાઓમાં સખત પ્રયત્ન આપણે ન કર્યો. બિન્ધાસ્ત બની જિનાજ્ઞાવિરુદ્ધ અનેક પ્રવૃત્તિઓ - વિચારો કરતા જ રહ્યા.

પણ શરીરને નુકશાન થવાની જ્યાં શક્યતાઓ દેખાણી, ત્યાં આપણો અપ્રમાદ - અપ્રમત્તતા એકદમ જાગ્રત થઈ ગઈ.

આનો અર્થ એવો જ થાય ને ? કે "આ આત્મા પારકો છે, એટલે એને ભલે ગમે તેટલા દુઃખો દુર્ગતિમાં પડે, આપણે શું લાગે વળગે ? જ્યારે આ શરીર મારું છે, મારું સર્વસ્વ છે. એને કાંટો ય અડે એ મને ન પરવડે...

હાય ! અનાદિકાળના શરીરના સંબંધના કારણે આ કેવું શીર્ષાસન થઈ ગયું ! જે આપણું છે, જે હું છું, એ આત્મા જ પારકો - પર લાગે છે અને જે તદ્દન પારકું છે, પર છે, એ શરીર મારું - હું લાગે છે.

આ કારણે જ કાયગુપ્તિ સાધવી આપણા માટે અતિશય કપરી છે.

પરંતુ શ્રમણ ભગવાન મહાવીર !

એમનો તો આતમ કંઈક જુદી જ જાતનો હતો.

એક શું ? ૧૦-૧૦ ભમરીઓ કાનમાં ઘુસી ભલેને પડદા ફાડી નાંખે, ચામાચીડિયાના ઝૂંડના ઝૂંડ ભલે ને મોઢા ઉપર ચોંટી નાક ઉતરડી નાંખે - ચામડી ખેંચી કાઢે, આખું ને આખું શરીર ભલેને ઝેરી સાપોલિયાઓથી વીંટળાઈ જાય, સેંકડો ગિરોળીઓ ભીંત પર શું કામ ? ભલે ને મારા શરીર ઉપર જ દોડાદોડ કરે, ઉંદરડાઓ ભલે ને મારા પગને ખૂબ ઉંડે સુધી કોતરી એને જ દર માની એમાં રહેવા લાગે, ચિત્તો-દીપડો-સિંહ-વાઘ ભલે ને મારા શરીરના માંસ ખાય... મારે શું લાગે વળગે ? હું તો આત્મા છું. શરીર સાથે મારે શું સંબંધ ? જેમ સુક્કા

લાકડા કપાતા હોય તો ય મને કંઈ જ ન થાય કેમકે એ લાકડા મારાથી જુદા છે તેમ શરીર પણ મારાથી જુદું જ હોવાથી એને ગમે તે થાય, મારે કશીં એની સાથે નિસ્બત નથી...

આ હતી દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીરદેવની સર્વોત્તમ પરિણતિ !

આ જ છે એમની સાડાબાર વર્ષની અપ્રતિમસાધનાનું એકમાત્ર રહસ્ય ! દેહ-આત્માના ભેદનું માત્ર જ્ઞાન નહિ, સાક્ષાત્ સંવેદન !

આપણે જન્મથી માંડીને ગોખણપટ્ટી તો કરી છે કે આત્મા દેહથી ભિન્ન છે. પણ એની અનુભૂતિ તો કો'ક વિરલાઓ જ પામી શક્યા છે.

(૪) કદાચ મનમાં એમ થાય કે 'તીર્થંકરો તો અચિન્ત્ય શક્તિના ધણી છે, એટલે તેઓ આવા ઘોર ઉપસર્ગો સહી શકે, કાયગુપ્તિ જાળવી શકે એમાં શું આશ્ચર્ય ! આપણી પાસે ક્યાં એમના જેવી શક્તિ છે ?'

પણ, શું દેવાધિદેવ સિવાયના, દેવાધિદેવના શાસનના જ અનેક મુનિરાજોના દૃષ્ટાન્તો આપણે નથી જાણતા ?

(ક) ખંધક મુનિના શરીરની ચામડી એમના જીવતા જ ઉતારી લેવામાં આવી. (ખ) ગજસુકુમાળના મસ્તકે પાળ બાંધીને આગ પ્રગટાવવામાં આવી (ગ) [૧૫૮]અવંતિસુકુમાલના પગના ભાગથી શિયાળણ અને એના બચ્ચાઓએ ખાવાનું શરૂ કર્યું. હાય ! બે-ત્રણ પ્રહર સુધી એ જંગલી પશુઓ ખાતા રહ્યા, અવંતિ સુકુમાલનું છેક જાંઘ-પેટ સુધીનું આખું શરીર ખવાઈ ગયું. છતાં એ કાઉસ્સગ્ગમાંથી ચલિત ન થયા. લેશ પણ આર્તધ્યાન કર્યા વિના મૃત્યુ પામી સ્વર્ગે ગયા. (ઘ) દમદંતરાજર્ષિને દૂર્યોધને એટલા બધા પત્થરાઓ માર્યા કે એના ઢગલામાં એમનો આખો દેહ ઢંકાઈ ગયો. લોહીલુહાણ થઈ જવા છતાં એ દમદંતરાજર્ષિ ન હલ્યા કે ન ચાલ્યા. ન કાઉસ્સગ્ગમુદ્રા છોડી કે ન તો પથરાઓ દૂર કરવાનો પ્રયત્ન કર્યો. (ચ) ૫૦૦ સાધુઓ ઘાણીમાં પીલાયા (છ) ચિલાતિ પુત્રનું આખું શરીર જંગલી કીડીઓએ ચાળણી જેવું ચળી નાખ્યું, કાણા-કાણાવાળું બનાવી દીધું. છતાં એમણે કાઉસ્સગ્ગ ન પાર્યો. (જ) મેતારજ મુનિને માથે બાંધેલી વાધરના કારણે આંખના બે ડોળા બહાર નીકળી ગયા, છતાં એ ધ્યાનથી ચલિત ન થયા...

શાસ્ત્રોમાં આવા સેંકડો ગુપ્તિધર મહાત્માઓના દૃષ્ટાન્તો જોવા મળે છે.

(૫) હજી કદાચ મનમાં એમ થાય કે 'આ બધા મુનિઓ ભલે તીર્થંકર ન હતા, પરંતુ પ્રથમ સંઘયણવાળા તો હતા જ ને ? એટલે તેઓ ઉપસર્ગોની હાજરીમાં પણ કાયગુપ્તિને જાળવી લે... પણ આજે તો બધા છટ્ઠા સંઘયણવાળા છીએ. એટલે આવા ઉપસર્ગો

આપણાથી શી રીતે સહન થાય ?...'

પણ આજે ય એવા મહાત્માઓ છે કે જે ઉપસર્ગોની વચ્ચે પણ કાયગુપ્તિને સાધી રહ્યા છે.

(ક) એક મહાસંયમી - ઘોર તપસ્વી મુનિરાજ રોજ ૧૦૦ લોગસ્સનો ઉભા ઉભા કાઉસ્સગ્ગ કરે છે. તે ઉપયોગપૂર્વક ધીમે ધીમે કાયોત્સર્ગ કરતા હોવાથી ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતા ઓછામાં ઓછો એમને દોઢ કલાક તો થાય જ.

એક વાર માત્ર ૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ થયો હતો અને એમના પગના અંગુઠામાં કંઈક કરડવાનો આભાસ થયો. નીચે દૃષ્ટિ કર્યા વિના માત્ર મનથી જ વિચારતા ખ્યાલ આવી ગયો કે 'ઉપાશ્રયમાં ફરતો ઉંદરડો અંગુઠાને કરડી રહ્યો છે, લોહી પણ નીકળવા લાગ્યું છે.'

જરાક જ પગ હલાવે તો ઉંદરડો તો તરત ભાગી જાય. પણ મુનિરાજની આજે પરિણતિની ધારા ઉછળી રહી હતી. નિર્ણય કર્યો કે ૧૦૦ લોગસ્સ પુરા કર્યા પછી જ કાઉસ્સગ્ગ પારીશ, પગ હલાવીશ. બાકી જે થવું હોય તે થાય.'

અને એ મુનિરાજે ૨૧માં લોગસ્સથી પાછી ગાડી ઉપાડી, ધીરે ધીરે એમનું મન કાઉસ્સગ્ગમાં એકાકાર બની ગયું. દેહનું ભાન નીકળી ગયું.

બરાબર એક કલાક બીજો પસાર થયો, ત્યારે ૧૦૦ લોગસ્સ પુરા થયા, એમણે કાઉસ્સગ્ગ પાર્યો. એ તો ઉંદરનો ઉપદ્રવ ભુલી જ ગયા હતા. કાઉસ્સગ્ગ પારતા જ એમને પગ નીચે ગરમાટ-ભીનાશ અનુભવાઈ. જોયું, તો પુષ્કળ લોહી નીકળીને ત્યાં એકઠું થયું હતું. ત્યારે એમને ઉંદરના ઉપદ્રવનો ઉપયોગ આવ્યો.

કાઉસ્સગ્ગ પાર્યા બાદ એ ઉંડા ઘાના ઉચિત ઉપચાર કર્યા.

આ ઉપજાવેલી કાઢેલી કે વધારે પડતી કલ્પનાવાળી વાર્તા નથી, પણ વર્તમાનમાં જે મહામુનિ આ ધરતી ઉપર વિચરી રહ્યા છે, એમનાં જીવનની તદ્દન સત્ય ઘટના છે.

અને આવો અનુભવ ક્યારેક થાય પણ છે કે શરીર ઉપર કોઈક ઠેકાણે પુષ્કળ ખંજવાળ આવતી હોય અને એ વખતે મનને રોકી, ખંજવાળ ન ખણી બીજા કોઈ કામમાં મન પરોવી દઈએ તો બે મિનિટ બાદ એ ખજવાળ આપમેળે બંધ થઈ ગઈ હોય.

એમ મચ્છરાદિ કરડતા હોય ત્યારે પણ જો ઓઘા વગેરેથી ઉડાડવાને બદલે મનને સમજાવીને કોઈક યોગમાં લીનતા લાવવાનો પ્રયત્ન કરીએ અને એમાં સફળ બનીએ તો પછી મચ્છરોના ચટકા ચાલુ હોવા છતાં ય એની કશી અસર ન રહે. મનનો એની સાથેનો સંબંધ જ તુટી જાય. એટલે આ મહામુનિને ય આવો અનુભવ થયો હોય તો એનો લગીરે નિષેધ કરી ન શકાય.

(ખ) કેન્સરવાળા સાધ્વીજીનો કીટાણુઓથી ખવાયેલો આખો પગ સડી ગયો હતો, એના ખરાબ લોહીની ગંધથી એક રાત્રે ૨૦૦-૫૦૦ કીડીઓ ખેંચાઈને પગ પર ચડી - લોહી પીવા લાગી. એક સાથે ૫૦૦-૫૦૦ કીડીઓના ઘોર ચટકાઓ વચ્ચે પણ એ સંયમિની સાધ્વીજીએ ઉંહકારો ય ન કર્યો. પગ પણ ન અફાળ્યો. જ્યાં સુધી સહનશક્તિ પહોંચી, ત્યાં સુધી બે કલાક સુધી સહન કરતા જ રહ્યા.

અંતે એમણે પોતાના ગુરુબેનોને ઉઠાડ્યા...

(ગ) બે-ચાર વર્ષ પૂર્વે જ મૃત્યુ પામેલા મહાશ્રાવક હિંમતલાલ બેડાવાળા !

ભરશિયાળામાં, ગિરનારના પહાડી પ્રદેશમાં, સહસાવનની ઓરડીમાં રાત્રે ખુલ્લા શરીરે કલાકો સુધી નમસ્કાર મહામંત્રનો જપ ઉભા ઉભા કરતા.

ત્યાં કોઈ જોનાર, ફોટો પાડનાર, નોંધ લેનાર ન હતું કે જેથી આ બધું એમણે એવા કોઈક મલિન આશયથી કરેલું મનાય. આ તો અમદાવાદના એક શ્રાવકે ત્યાં જ એમને આ રીતે ધ્યાન કરતા જોયા અને લોકોને ખબર પડી.

આ માત્ર ત્રણ ટુચકાઓ જોયા. મને તો લાગે છે કે દેહનું મમત્વ ત્યાગી આવા કીડી-ડાંસ-મચ્છરાદિના ઉપસર્ગો કે ઘોર ઠંડી-ગરમીના ઉપસર્ગો વચ્ચે ય કાયોત્સર્ગમાં લીન બની જનારા, આત્મચિંતનમાં ડુબી જનારા શાસનશણગાર મહામુનિઓ, સાધ્વીજીઓ આજેય અનેક હશે જ. શ્રમણ ભગવાન મહાવીરદેવનું શાસન તો ક્ષીરસમુદ્ર છે. એમાં રત્નો ભરેલા ન હોય એ સંભવી જ શી રીતે શકે ?

યોગસારમાં કહ્યું છે કે –

**'दुःसहा विषयास्तावत्, कषाया अतिदुःसहाः**

**परीषहोपसर्गाश्चाधिकदुःसहदुःसहाः ।'**

વિષયસુખો દુઃસહ છે અર્થાત્ પાંચ ઇન્દ્રિયોના વિષયસુખો ત્યાગી દેવા અતિકપરા છે.

કદાચ વૈરાગ્યભાવનાથી એ વિષયસુખો તો ત્યજી શકાય અને દીક્ષા લઈ આંબિલ-બ્રહ્મચર્યાદિ રૂપ વિષય વિનાની આરાધનાઓ પણ સાહજિક રીતે કરી શકાય. પણ એના કરતાં ય કષાય વધારે ભયંકર છે. કષાયોનો ત્યાગ કરવો ખૂબ ભારે છે. ભલભલા વૈરાગીઓ ય કષાયોના ચક્કરમાં ફસાઈ જાય.

ઘોર તપસ્વીઓ ક્રોધી બને, મહાબ્રહ્મચારીઓ શક્તિના અહંકારમાં ભાન ભુલે....

હજી કદાચ કષાયો પણ ત્યાગવા સહેલા પડે પણ આત્મા સાથે ચોંટીને રહેલા આ શરીર ઉપર આવતા પરીષહો અને ઉપસર્ગોને સહન કરવા તો ખૂબ- ખૂબ - ખૂબ અઘરા છે.

નિર્વિષયીઓ અને નિષ્કષાયીઓ પણ આ પરીષહો - ઉપસર્ગોમાં અટવાઈને આત્મહિત ગુમાવી દેતા હોય છે.

એટલે કાયગુપ્તિ સાધવી સહેલી તો નથી જ. વારંવાર અભ્યાસ-પરિશીલન કરવાથી એ આત્મસાત કરી શકાય.

કલિકાલસર્વજ્ઞશ્રી બીજી વ્યાખ્યા પણ બતાવે છે કે –

**शयनासननिक्षेपादानचङ्क्रमणेषु यः । स्थानेषु चेष्टानियमः कायगुप्तिस्तु साऽपरा ।**

ઉંઘવું - બેસવું - વસ્તુ મુકવી - વસ્તુ લેવી - ચાલવું.... આ બધી ક્રિયાઓને વિશે અમુક ચોક્કસ પ્રકારની જ ચેષ્ટાનો નિયમ એ પણ કાયગુપ્તિ કહેવાય.

દા.ત. ઉંઘતી વખતે પગ સંકોચીને ઉંઘવું અને બિલકુલ હલવું નહિ, પડખું બદલવું જ પડે કે પગ લાંબા કરવા જ પડે તો બરાબર પુંજી-પ્રમાર્જીને જ એ ક્રિયાઓ કરવી... આમ દરેક બાબતમાં શરીરની ચેષ્ટાઓ શક્ય એટલી ઓછી કરવી અને કરવી જ પડે ત્યાં પણ ખૂબ જ યતનાપૂર્વક કરવી એ પણ એક પ્રકારની કાયગુપ્તિ જ છે.

●



## ૧૨. 'સમિતિ = શુભપ્રવૃત્તિ અને ગુપ્તિ = શુભપ્રવૃત્તિ કે શુભાશુભનિવૃત્તિ' આવું શા માટે ?

શાસ્ત્રવચન છે કે '**समिओ नियमा गुत्तो गुत्तो समियत्तणम्मि भइयव्वो ।**' જે સમિતિ પાલક હોય તે નિયમા ગુપ્તિપાલક ગણાય જ. પણ જે ગુપ્તિપાલક હોય તે સમિતિપાલક ગણાય કે ન પણ ગણાય.

આનું કારણ એ છે કે સમિતિ શુભપ્રવૃત્તિ રૂપ છે. જ્યારે ગુપ્તિ શુભપ્રવૃત્તિ અને શુભાશુભ નિવૃત્તિ એ બે સ્વરૂપ છે. એટલે જ્યારે કોઈ શુભપ્રવૃત્તિ કરતો હોય, નિર્દોષ ગોચરી લાવતો હોય ત્યારે એ શુભપ્રવૃત્તિવાળો હોવાથી સમિતિવાળો પણ ગણાશે અને શુભપ્રવૃત્તિ ગુપ્તિ પણ હોવાથી એ જ સંયમી ગુપ્તિપાલક પણ ગણાશે.

પણ સંયમી ઉપાશ્રયમાં સ્થિરાસને બેસી સ્વાધ્યાય જ કરતો હોય કે ધ્યાનમગ્ન હોય તો એ વખતે તે પ્રાયઃ બધી પ્રવૃત્તિઓથી નિવૃત્ત થયેલો હોવાથી ગુપ્તિપાલક ગણાશે કેમકે શુભાશુભપ્રવૃત્તિઓથી નિવૃત્તિ એ ય ગુપ્તિ છે, પણ આ સંયમી સમિતિપાલક ન ગણાય, કેમકે એ શુભપ્રવૃત્તિમાન નથી.

પ્રશ્ન એટલો જ થાય કે શાસ્ત્રકારોએ ગુપ્તિને બે પ્રકારની શા માટે બતાવી ? માત્ર એને નિવૃત્તિરૂપ જ કહી હોત તો પદાર્થ એકદમ સ્પષ્ટ રહેતં. શુભપ્રવૃત્તિ એ સમિતિ અને શુભ કે અશુભ બધી પ્રવૃત્તિઓથી નિવૃત્તિ એ ગુપ્તિ. (અલબત્ત ગુપ્તિમાં ય નિવૃત્તિ રૂપ પ્રવૃત્તિ તો છે જ. ધ્યાન કરવું, મૌન રહેવું, ઉપાશ્રયમાં સ્થિર બેસી રહેવું એ પણ એક પ્રકારની પ્રવૃત્તિ જ છે. પણ વ્યવહારમાં આ બધી પ્રવૃત્તિઓ નિવૃત્તિ રૂપ ગણવામાં આવે છે એટલે એ નિવૃત્તિ ગણાય.)

આવી રીતની બે યની શુદ્ધ - ભેળસેળ વિનાની વ્યાખ્યા બનાવવામાં આવી હોત તો ખૂબ જ સારું ન ગણાત ?

આનું સમાધાન એમ લાગે છે કે જો ગુપ્તિ એટલે શુભાશુભ તમામ પ્રવૃત્તિઓથી નિવૃત્તિ અને સમિતિ એટલે શુભપ્રવૃત્તિ... આવી રીતનું વર્ણન કરાત તો સંયમીઓ મોક્ષમાર્ગમાં થાપ ખાઈ જવાની શક્યતા ઉભી થાત. તે આ પ્રમાણે - "ગુપ્તિં એ જ ઉત્સર્ગમાર્ગ છે અને ઉત્સર્ગમાર્ગ ઝડપથી મોક્ષનો સાધનારો થાય છે. એ જ મુખ્યત્વે આદરણીય છે..." આ બધું જાણીને મોક્ષાર્થી અપરિપક્વ સંયમીઓ એને જ પોતાનું લક્ષ્ય માની લે અને મનોગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિમાં જ રત બની જાય.

અર્થાત્ પછી તેઓ પહેલેથી જ ધ્યાનમાં - એક જ પદના જપાદિમાં લાગી જાય પણ આગમોમાં બતાવેલા હજારો પદાર્થોનું વાંચન - ચિંતન - મનનાદિને છોડી દે. કેમકે આ બધું તો શુભપ્રવૃત્તિ રૂપ છે. જ્યારે સંયમી તો મોક્ષ માટે માત્ર ગુપ્તિને જ મુખ્ય માને છે અને એટલે આ બધું છોડી માત્ર ધ્યાનાદિમાં લાગી જાય.

એમાં ય સફળતા મળતી હોત તો વાંધો જ ન હતો. પરંતુ ધ્યાનયોગની સફળતા તો શાસ્ત્રોના હજારો પદાર્થોના વાંચન-ચિંતન-મનનાદિ બાદ પ્રાપ્ત થાય છે.

જુઓ મહોપાધ્યાયજીના શબ્દો :

**कर्मयोगं समभ्यस्य ज्ञानयोगसमाहितः,**

**ध्यानयोगं समारुह्य मुक्तियोगं प्रपद्यते ।**

**અર્થ :** પહેલા (૧) કર્મયોગ = બાહ્ય સદાચારોનો સારી રીતે અભ્યાસ કરો. (૨) એ કરીને પછી પુષ્કળ શાસ્ત્રજ્ઞાન પામી તેના વડે સમાધિમાન બનો. (૩) આ રીતે જ્ઞાનયોગથી સમાધિમાન બન્યા બાદ ધ્યાનયોગ ઉપર આરૂઢ થાઓ (૪) એટલે તમને મુક્તિયોગની પ્રાપ્તિ થાય.

એટલે ધ્યાનયોગની સફળતા માટે જ્ઞાનયોગ અત્યંત આવશ્યક છે. પણ હવે આ મુગ્ધ સંયમી તો શાસ્ત્રાભ્યાસાદિ રૂપ પ્રવૃત્તિ કરતા ધ્યાનાદિ રૂપ નિવૃત્તિને મહાન માનીને પહેલેથી જ એમાં ચોંટી પડે અને છતાં લાકડાની તલવારથી યુદ્ધ લડવા ગયેલા દેશભક્ત સૈનિકની જેમ એમાં સફળતા તો ન જ પામે.

એ જ રીતે વચનગુપ્તિને મહાન = મોક્ષસાધક = ઉત્સર્ગમાર્ગ માની મુગ્ધ સંયમીઓ એવું તો મૌન ધારણ કરે કે સહવર્તી સંયમીઓના ગુણોની અવસરે અવસરે ભરપૂર પ્રશંસા કરવા રૂપ ઉપબૃંહણા નામનો ઉત્કૃષ્ટ સમ્યગ્દર્શનાચાર ગુમાવે, કલાકો સુધી અનેક સંયમીઓને ભણાવવા રૂપ જ્ઞાનદાન - વાત્સલ્યભાવ પણ ગુમાવે, ઈચ્છાકાર સામાચારી વગેરેનું પાલન પણ ગુમાવે... આવા અનેક યોગો ગુમાવી માત્ર મુંગા બેસી રહે અને આ બધા યોગોથી થનારી ઉત્કૃષ્ટ નિર્જરાથી ય હાથ ધોઈ બેસે. એ તો ઠીક પણ આવા અનુચિતવર્તનને કારણે પાપકર્મો બાંધે એ નુકશાન વધારામાં !

એ જ રીતે કાયગુપ્તિને જ પ્રધાન માની કોઈક અતિમુગ્ધ સંયમી પહેલેથી જ સ્થિરવાસ સ્વીકારી લે, કોઈ વળી અતિમોક્ષાર્થી દીક્ષાદિનથી જ અનશન સ્વીકારીને બેસી જાય, કેટલાકો તો ગુરુ-ગ્લાનાદિ હેરાન-પરેશાન થાય તોય તેમના માટે ગોચરી લેવા ન જાય, દેરાસરે દર્શન કરવા જવામાં ય એને પાપ લાગે, ઘણા ઘરે ગોચરી ફરવામાં વધુ કાયપ્રવૃત્તિ

થતી હોવાથી એક ઘરથી જ ધાડ પાડવાનું ય શરૂ કરી દે...

અપરિણત જીવો કયા નિરૂપણનો ક્યારે શું અર્થ કરી બેસે ? એ સમજવું ખૂબ અઘરું છે.

આવા બધા નુકશાનો થતા અટકાવવા માટે શાસ્ત્રકારોએ ગુપ્તિને શુભપ્રવૃત્તિ + નિવૃત્તિ એમ બે રૂપ ગણી. આના દ્વારા શાસ્ત્રકારો એ મુગ્ધ સંયમીઓને ઉપદેશ આપવા માંગે છે કે 'પુષ્ટકારણસર જ્યારે તમે શુભપ્રવૃત્તિઓ કરશો ત્યારે પણ તમે ગુપ્તિના પાલક જ ગણાશો. અર્થાત્ ઉત્સર્ગમાર્ગના આરાધક ગણાશો, અર્થાત્ તમને નિવૃત્તિ રૂપી ગુપ્તિના પાલન જેટલું જ ફળ મળશે. રે ! નિવૃત્તિમાં તો માત્ર ગુપ્તિનું જ ફળ મળતું જ્યારે પ્રવૃત્તિમાં તો સમિતિ + ગુપ્તિ બેય ના ફળ મળશે. એટલે સમિતિને અપવાદ - હલકી - અલ્પફળદાયક માનવાની ભુલ ન કરશો. સમિતિ સેવવાના અવસરે તો સમિતિ જ ઉત્કૃષ્ટફળને આપનારી બને.

**શિષ્ય :** તમે આ સમાધાન આપ્યું, એ શાસ્ત્રાનુસારી છે ? કે તમારું ચિંતન છે ?

**ગુરુ :** જે ચિંતનને શાસ્ત્ર સાથે વિરોધ ન આવે એ ચિંતન શાસ્ત્રમાં ન મળે તોય શાસ્ત્રાનુસારી જ કહેવાય. એટલે કદાચ આ મારું સ્વતંત્ર ચિંતન હોત તો ય તે શાસ્ત્ર સાથે વિરોધી ન હોવાથી એમાં કોઈ વાંધો જણાતો નથી.

અને ખરી હકીકત તો એ છે કે શાસ્ત્રવચનોમાંથી જ આવું સમાધાન ગર્ભિત રીતે પ્રાપ્ત થાય છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ ભાષાના બોધ વિનાના મૌનને નકામું અને ભાષાના બોધવાળા ગીતાર્થના આખા દિવસના ભાષણને પણ ગુપ્તિ કહી એની પાછળ એમનો આશય એવો સ્પષ્ટ જણાય છે કે વચનગુપ્તિને મુખ્ય માની મુંગા રહેનારાઓને ઉન્માર્ગથી અટકાવવા એમણે આખો દિ' બોલનારા ગીતાર્થને વચનગુપ્તિધારક કહ્યો છે...'

વળી આપણે પણ આવો વ્યવહાર જોઈએ જ છીએ.

(૧) ગુરુસેવાદિ કારણોસર કોઈ સંયમી અઠ્ઠાઈની ભાવના હોવા છતાં ન કરી શકે અને એનો ખેદ વ્યક્ત કરે ત્યારે બધા તરત જ કહેશે કે 'ભાઈ ! તે તો ગુરુસેવા કરીને માસક્ષપણ જ કરી લીધું છે. તારે વળી અઠ્ઠાઈની જરૂર શી ?'

(૨) કદિ જે શિષ્યને ગુરુ પાસે રહેવા ન મળતું હોય તે એવો બળાપો કરે કે,'મને ગુરુસેવાનો કશો લાભ મળતો નથી' તો બધા તરત કહેશે કે,'ગુરુની આજ્ઞાથી તું બહાર જાય છે, તેમાં તને ઉત્કૃષ્ટ કક્ષાનો ગુરુસેવાનો લાભ મળી જ ગયો. અમારી સેવા કરતા તારી સેવા ચડી જાય.'

(૩) શારીરિક અશક્તિને કારણે એકાસણાદિ ન કરી શકનાર, વૈરાગી સંયમી જ્યારે

આંસુ સારે કે 'મારું સંયમ નિષ્ફળ ગયું. હું ત્રણ ટાઈમ ખાઉં છું...' ત્યારે બધા કહેશે કે 'તારો જે તપ પ્રત્યેનો આદર છે. એના કારણે તો તું ઘોર તપસ્વી જ ગણાય. ભલે ને નવકારશી કરે...'

એ જ ન્યાય અહીં લાગુ પડે છે કે કારણસર સમિતિ=પ્રવૃત્તિ કરવાના અવસરે સંયમી એમ વિચારે કે હાય ! મેં ગુપ્તિ ગુમાવી... તો એને શાસ્ત્રકારો કહે છે કે,"કારણસર શુભપ્રવૃત્તિ કરે તો ય તું ગુપ્તિધર જ કહેવાય, કેમકે પ્રવૃત્તિ એ ય ગુપ્તિ છે.

સાર એ કે સમિતિને ગૌણ - નકામી માનવાની ભુલ ન કરવી. પણ સમિતિ સેવવાના કારણો આવે ત્યારે અવશ્ય સમિતિ સેવવી જ. અને ગુપ્તિ = નિવૃત્તિના અવસરે ગુપ્તિ જ સેવવી.

**॥ णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स ॥**

•



# પરિશિષ્ટ

**(૧) ધર્મસ્થાનક ધન વાપરી ષટ્કાયને હેતે. પંચમહાવ્રત લેઈને પાળશું મન પ્રીતે.**

શ્રી ઉદયરત્નજી મ.નું સ્તવન. (અહીં ષટ્કાયરક્ષા માટે પાંચ મહાવ્રત લેવાનું વિધાન છે.)

**जन्मजरामरणार्थं जगदशरणमभिसमीक्ष्य निःसारम् । स्फीतमपहाय राज्यं शमाय धीमान् प्रवव्राज ।.... शमाय = स्वमोक्षाय** તત્ત્વાર્થકારિકા.

**અર્થ :** જન્મ, જરા અને મરણથી દુઃખી, અશરણ, નિઃસાર જગતને જોઈને વિશાળ રાજ્ય છોડી પ્રભુએ શમ માટે = સ્વમોક્ષ માટે દીક્ષા લીધી. (વૃત્તિકારે અહીં શમ = સ્વમોક્ષ અર્થ કર્યો છે. અર્થાત્ પ્રભુએ પોતાના આત્માની શુદ્ધિ માટે દીક્ષા લીધી.)

**(૨) ગીતારથ, જયણાવંત, ભવભીરુ જેહ મહંત. તસ વયણે લોકે તરીયે જિમ પ્રવહણથી ભરદરિયે.** સાડા ત્રણસો ગાથાનું સ્તવન. ઢાળ-૪.

**અર્થ :** જે ગુરુ ગીતાર્થ હોય, ષટ્કાયાદિમાં યતનાવાળા હોય, ભવભીરુ અને મહંત (નિઃસ્પૃહતાદિ અનેક ગુણોથી મહાન) હોય. તેમના વચન થકી આ સંસાર તરાય. જેમ ભરદરિયે વહાણની સહાયથી તરાય.

(૩) **कथं पुनरुपस्थापनीयः ? इत्यत आह सूत्रं प्रथमतः पाठयित्वा, तदनन्तरमर्थं कथयित्वा ततः अधिगतोऽनेनार्थः, सम्यक्श्रद्धानविषयीकृतश्च इति परीक्ष्य यदा षट्कं = षड्जीवनिकायान् मनोवाक्कायैर्विशुद्धं भावतः = न परानुवृत्त्या परिहरति.... ( तदा उपस्थापनीयः )** બૃહત્કલ્પ ૪૧૪

**અર્થ :** તેને વડી દીક્ષા કેવી રીતે આપવી ? એ પ્રશ્ન થવાથી હવે કહે છે કે પહેલા એને (ષડ્જીવનિકા સુધીનું) સૂત્ર ભણાવીને, ત્યારબાદ તરત તેનો અર્થ કહેવો. અને પછી "એ અર્થ એણે સમજ્યો કે નહિ? એને એમાં સમ્યક્શ્રદ્ધા થઈ કે નહિ." એ બધી પરીક્ષા કરવી. એ પછી જો એ નૂતનદીક્ષિત બીજાના કહેવાથી નહિ, પણ પોતાની મેળે મન-વચન-કાયાથી શુદ્ધ રીતે ષટ્કાયહિંસાને ત્યાગે તો એને વડી દીક્ષા આપવી.

(૪) **उज्झिज्ज अंतरिच्चिय, खंडिय सबलादउव्व हुज्ज खणं, ओसन्नो सुहलेहड न तरिज्ज व पच्छ उज्जमिउं - ઉપદેશમાલા ૨૫૪.**

**અર્થ :** જે સાધુ ગ્રહણ કરેલા સંયમને વચ્ચે જ છોડી દે કે પ્રમાદથી ક્ષણવાર ખંડિત કરે કે નાના નાના ઘણા અતિચારો લગાડે. તે સુખલંપટ શિથિલ પાછળથી ફરી ઉદ્યમ કરી શકતો નથી.

• **काऊण संकिलिट्ठं सामण्णं दुल्लहं विसोहिपयं - ઉપદેશમાલા ૨૫૩.**

**અર્થ :** જે સાધુ શરુઆતમાં સાધુપણાને સંક્લિષ્ટ (દોષવાળું) બનાવી દે છે, તેને પાછળથી નિર્મલતાનું સ્થાન દુર્લભ બની રહે છે.

(અહીં બે ય પાઠમાં એક વાત છે કે શરુઆતમાં જેઓ શિથિલજીવન જીવે, એ પછી સુધરી ન શકે.)

**(૫-૧) सूत्रेऽसमाप्ते उपस्थाप्यमाने उपस्थापयितुः प्रायश्चित्तं...., अथ सूत्रं प्राप्तस्तथापि**

तस्यार्थमकथयित्वा यदि तमुपस्थापयति तदा तस्य चत्वारो लघुकाः....। अथ कथितोऽर्थः परं नाद्याप्यधिगतः अथवाऽधिगतः परमद्यापि न सम्यक्तं श्रद्दधाति, तमनधिगतार्थमश्रद्धानं वा उपस्थापयतश्चत्वारो लघुकाः । अथाधिगतार्थमप्यपरीक्ष्योपस्थापयति तदा चत्वारो लघुकाः....। न केवलमेतत्प्रायश्चित्तं किन्त्वाज्ञादयश्च दोषाः । तथा सर्वत्र षण्णां जीवनिकायानां यद् विधास्यति, तत्सर्वमुपस्थापयन्प्राप्नोति । तस्माद् यत एवं प्रायश्चित्तमाज्ञादयश्च दोषास्तस्मान्नापठिते षड्जीवनिकासूत्रे नाप्यनधिगतेऽर्थे तस्मिन्नपरीक्षिते उपस्थापना कर्तव्या । બૃહત્કલ્પ-૪૧૧

**અર્થ :** દશ વૈ.ના ચાર અધ્યયન રૂપ સૂત્ર ગોખાયા ન હોય અને વડીદીક્ષા અપાય, તો વડી દીક્ષા આપનારને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે. ધારો કે સૂત્ર ગોખાઈ ગયું પણ એનો અર્થ હજી કહ્યો ન હોય અને વડીદીક્ષા અપાય તો તેમાં ય પ્રાય. આવે. ધારો કે અર્થ પણ કહેવાઈ ગયો, પણ એ શિષ્યને હજી સ્પષ્ટ રીતે જણાયો ન હોય અને દીક્ષા અપાય તો ય પ્રાય. આવે. ધારો કે એને અર્થ પણ બરાબર સમજાઈ ગયો પણ હજી એને એ પાંચમહાવ્રત-ષટ્કાયયતનાદિ પદાર્થો ઉપર શ્રદ્ધા નથી થતી અને જો વડીદીક્ષા અપાય તો પણ પ્રાયશ્ચિત્ત આવે. ધારો કે એ શ્રદ્ધા પણ થઈ પણ એની આ વિષયમાં પરીક્ષા કરવામાં ન આવે અને વડીદીક્ષા અપાય તો ય પ્રાય. આવે.

માત્ર આ પ્રાય. આવે એટલું નહિ, પણ આજ્ઞાભંગ - વિરાધના-મિથ્યાત્વ-અનવસ્થા દોષો પણ લાગે. વળી આવો સાધુ બધે જ ષટ્કાય અંગેની જે કોઈપણ વિરાધના કરશે એ બધું જ એને વડીદીક્ષા આપનાર ગુરુને લાગશે. આમ જે કારણથી આ પ્રમાણે પ્રાય. અને આજ્ઞાદિદોષો લાગે છે, તે કારણથી ષડ્જીવનિકાસૂત્ર ભણાવ્યા, કહ્યા, જણાવ્યા, શ્રદ્ધા કરાવ્યા વિના કે તેની પરીક્ષા કર્યા વિના વડીદીક્ષા આપવી નહિ.

**(૫-૨) કોઈ કહે લોચાદિક કષ્ટે, મારગ ભિક્ષાવૃત્તિ, તે મિથ્યા નવિ મારગ હોવે, જનમનની અનુવૃત્તિ.**

**જો કષ્ટે મુનિ મારગ પાવે, બળદ થાય તો સારો. ભાર વહે ને તાડવે ભમતો ખમતો ગાઢ પ્રહારો...**

**આણા પાળે સાહિબ તુસે, સકલ આપદા ટાળે. આણાકારી જે જન માંગે તસં જસલીલા આપે.** - ૩૫૦નું સ્તવન ઢાળ-૧.

**અર્થ :** કો'ક કહે છે 'લોચ-વિહારાદિ કષ્ટો સહેવા, નિર્દોષ ભિક્ષાચર્યા કરવી એ મોક્ષમાર્ગ છે.' પણ આ વાત ખોટી છે. તે મોક્ષમાર્ગ નથી. એ તો માત્ર લોકોના મનને અનુસરવાનું જ થાય છે.

જો મુનિ કષ્ટ કરવાથી માર્ગ પામતો હોય તો તો એ બળદ થઈ જાય એ ઘણું સારું. કેમકે બળદ ખૂબ ભાર વહે છે, તડકે ભમે છે, ગાઢ પ્રહારો સહે છે (એટલે એ સાચો મોક્ષમાર્ગી બની રહે)....

સાર એ છે કે આજ્ઞા પાળીએ તો પ્રભુ પ્રસન્ન થઈ બધી આપત્તિ દૂર કરે. આજ્ઞાપાલક જે પણ માંગશે, તેને પ્રભુ યશલીલા=મોક્ષ આપશે.

(અષ્ટમાતાદિ એ જ મુનિઓ માટે પ્રભુની સૂક્ષ્મ આજ્ઞાઓ છે.)

**(૬) સુવિહિતગચ્છકિરિયાનો ધોરી, શ્રી હરિભદ્ર કહાય....** ૩૫૦નું સ્તવન. ઢાળ-૧૫

**અર્થ :** શ્રી હરિભદ્રસૂરિજી સુવિહિતગચ્છક્રિયાના ધોરી = અગ્રેસર છે.

(૭) **जे भिक्खू अण्णउत्थियं गारत्थियं वा वाएइ, वायंतं वा साइज्जइ, तस्स णं चाउम्मासियं परिहारट्ठाणं ।** નિથીથસૂત્ર ઉદેશો ૧૯-સૂત્ર-૨૫

**અર્થ :** જે ભિક્ષુ અન્યતીર્થિકને કે ગૃહસ્થને વાચના આપે (આગમસૂત્રોની વાચના આપે) કે આપનારાને અનુમોદે તેને ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત આવે. (ગૃહસ્થોને આગમાભ્યાસનો નિષેધ કરવાના અનેક કારણો છે. તેઓ પાસે ચારિત્ર નથી. વિગઈપ્રતિબદ્ધતા છે... વગેરે.)

(૮) **शृण्वन्नपि सिद्धान्तं विषयपिपासातिरेकतः पापः । प्राप्नोति न संवेगं तदापि यः सोऽचिकित्स्य इति । नैवंविधस्य शस्तं मण्डल्युपवेशनप्रदानमपि । कुर्वन्नेतद् गुरुरपि तदधिकदोषोऽवगन्तव्यः ।** ષોડશક પ્રકરણ : ૧૦ ગાથા-૧૪-૧૫

**અર્થ :** સિદ્ધાન્તને સાંભળતો એવો પણ સાધુ સાંભળવાના સમયે પણ જો વિષયસુખોની લંપટતાના અતિરેકને કારણે સંવેગ ન પામે તો તે અચિકિત્સ્ય = અસાધ્યરોગી જાણવો. આવા સાધુને સૂત્ર માંડલી-અર્થમાંડલીમાં બેસવાની ય રજા આપવી પ્રશંસનીય નથી. જે ગુરુ આવા સાધુને સૂત્રાર્થ-માંડલીમાં બેસાડે તે ગુરુ એ શિષ્ય કરતા પણ વધુ દોષવાળા જાણવા.

(૯) **आमे घडे निहित्तं जहा जलं तं घडं विणासेइ । इय सिद्धंतरहस्सं अप्पाहारं विणासेइ ।** મહાનિશીથસૂત્ર અધ્યયન-૫

**અર્થ :** કાચા ઘડામાં નાંખેલું પાણી જેમ તે ઘડાને ખતમ કરે છે, તેમ સિદ્ધાન્તનું રહસ્ય અલ્પ-આધારને (રહસ્ય પચાવવાની શક્તિ વિનાનાને = અપાત્રને) ખતમ કરે છે. (આ જ ભાવાર્થવાળી ગાથાઓ આવ. નિર્યુક્તિ, અધ્યાત્મસારાદિ અનેક ગ્રન્થોમાં છે.)

(૧૦) **भिन्नग्रन्थेस्तु यत्प्रायो मोक्षे चित्तं भवे तनुः ।**
**तस्य तत्सर्व एवेह योगो योगो हि भावतः ।**
**न चेह ग्रन्थिभेदेन पश्यतो भावमुत्तमं,**
**इतरेणाकुलस्यापि तत्र चित्तं न जायते ।** યોગબિન્દુ ૨૦૩-૨૦૫.

**અર્થ :** સમ્યગ્દષ્ટિનું ચિત્ત વારંવાર મોક્ષમાં જતું હોય છે. શરીર સંસારમાં હોય છે. માટે તેનો બધો જ વ્યાપાર પરમાર્થથી મોક્ષસાધક હોવાથી યોગ છે.

ગ્રન્થિભેદ થવાને લીધે ઉત્તમભાવ = મોક્ષને જોઈ રહેલો સમ્યગ્દષ્ટિ પુત્ર-પત્ની-ધનાદિના રાગથી આકુળ હોય તો પણ એનું ચિત્ત મોક્ષમાં ન જાય એવું ન બને. (તાત્ત્વિક શાસન ચોથાથી મનાય છે, અને તેને મોક્ષાશય જબરદસ્ત હોય છે, એ અહીં જણાય છે. **आकुलस्यापि = दुर्निवारतया कर्मपरिणतेराक्षिप्यमाणस्य** એમ ત્યાં વૃત્તિમાં અર્થ કરીને સ્પષ્ટ જણાવેલ છે કે કર્મપરિણામ દુર્નિવાર હોવાથી પુત્રરાગાદિથી એ ઘેરાય તો ય તેનું મન મોક્ષમાં ગયા વિના ન રહે.)

**(૧૧) ભાવ અયોગી કરણ રુચિ, મુનિવર ગુપ્તિ ધરંત ॥ જઈ ગુપ્તે ન રહી શકે તો સમિતે વિચરંત. ગુપ્તિ એક સંવરમયી ઉત્સર્ગિકપરિણામ.....** શ્રીદેવચંદ્રજી કૃત સજ્ઝાય.

**અર્થ :** વાસ્તવિક અયોગીપણું કરવાની રુચિવાળા મુનિવર ત્રણ ગુપ્તિઓને ધારણ કરે. જ્યારે તે ગુપ્તિ ધારીને રહી ન શકે ત્યારે સમિતિ આદરે. એક માત્ર સંવરસ્વરૂપ એવી ગુપ્તિ તે ઉત્સર્ગમાર્ગ છે.

(૧૨) **द्विविधो मासकल्पः, तद्यथा - जिनकल्पः स्थविरकल्पश्च । पुनरेकैको द्विविधः - अस्थितकल्पः स्थितकल्पश्च । तत्र मध्यमसाधूनां मासकल्पः अस्थितः, पूर्वपश्चिमानां स्थितः । ततः पूर्वपश्चिमाः साधवो नियमात् ऋतुबद्धे मासे मासेन विहरन्ति। मध्यमानां पुनरनियमः, कदाचिन्मासं पूरयित्वाऽपि निर्गच्छन्ति । कदाचित्तु देशोनपूर्वकोटिमप्यत्रासते । बृहत्कल्प ઉદ્દેશો-૬**

**અર્થ :** બે પ્રકારનો માસકલ્પ છે. તે આ પ્રમાણે જિનકલ્પ અને સ્થવિરકલ્પ. તે એકેક વળી બે પ્રકારે છે. અસ્થિતકલ્પ અને સ્થિતકલ્પ. તેમાં મધ્યમ સાધુઓનો માસકલ્પ અસ્થિત છે, પહેલા-છેલ્લા તીર્થંકરના સાધુઓનો માસકલ્પ સ્થિત છે. તેથી પહેલા-છેલ્લા સાધુઓ અવશ્ય ઋતુબદ્ધકાળમાં = શેષકાળમાં મહિને મહિને વિહાર કરે. મધ્યમ = ૨૨ તીર્થંકરના સાધુઓને વળી અનિયમ છે. ક્યારેક એક માસ પુરો કરીને પણ નીકળે, તો ક્યારેક દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી પણ એકસ્થાને રહે.

● **अपडिबद्धो य सया गुरूवएसेण सव्वभावेसु । मासाइविहारेणं विहरिज्ज जहोचिअं नियमा । मोत्तुण मासकप्पं अन्नो सुत्तम्मि नत्थि विहारो । ता कहमाइग्गहणं कज्जे उणाइभावाओ । मुक्त्वा मासकल्पं - मासविहारं अन्यः सूत्रे-सिद्धान्ते नास्त्येव विहारस्तथाश्रवणात्, तत्कथं = कस्मादादिग्रहणमनन्तरगाथायामेतदाशङ्क्याह- कार्ये तथाविधे सति न्यूनादिभावात् - न्यूनाधिकभावात्कारणात्तदादिग्रहणमिति गाथार्थः । પંચવસ્તુક - ૮૯૫-૮૯૬**

**અર્થ :** સર્વપદાર્થોમાં સદા માટે અપ્રતિબદ્ધ સાધુ ગુરુના ઉપદેશ પ્રમાણે અવશ્ય સંઘયણાદિના ઔચિત્ય પ્રમાણે માસકલ્પાદિ વિહાર વડે વિચરે.

**પ્રશ્ન :** માસકલ્પ વિહાર વિના બીજો કોઈ વિહાર તો સિદ્ધાન્તમાં છે જ નહિ. કેમકે એ પ્રમાણે સાંભળવા મળ્યું છે. તો પછી તમે આગળની ગાથામાં **'માસાદિવિહાર'** એમાં **આદિ** શબ્દ કેમ લીધો ?
**સમાધાન :** તેવા પ્રકારનું કોઈક કાર્ય આવી પડે તો માસકલ્પમાં ઓછા-વત્તાપણું પણ થાય. એ દર્શાવવા તે **આદિ** શબ્દ લીધો છે. (આ પાઠોથી સ્પષ્ટ થાય છે કે તેવા પ્રકારના વિશેષ કારણ વિના પહેલા છેલ્લા તીર્થંકરના સંયમીઓ માસકલ્પવિધિ પ્રમાણે વિહાર કરે.)

(૧૩) **ते णं काले णं ते णं समए णं समणस्स भगवओ महावीरस्स अंतेवासी अज्जसुहम्मे नामं थेरे...... पुव्वाणुपुव्विं चरमाणे, गामाणुग्गामं दूतिज्जमाणे, सुहंसुहेणं विहरमाणे.... विहरति ।**

**पूर्वानुपूर्व्या, न पश्चानुपूर्व्या अनानुपूर्व्या वेत्यर्थः, क्रमेणेति हृदयं, चरन् = संचरन् । एतदेवाह - गामाणुगामं दूइज्जमाणे त्ति । ग्रामश्चानुग्रामश्च, विवक्षितग्रामानन्तरग्रामो ग्रामानुग्रामं, तत् द्रवन् - गच्छन् एकस्माद् ग्रामादनन्तरं ग्राममनुल्लङ्घयन्नित्यर्थः । तत्राप्यौत्सुक्याभावमाह तथा सुहंसुहेणं विहरमाणेत्ति - अत एव सुखंसुखेन, शरीरखेदाभावेन संयमबाधाऽभावेन च । જ્ઞાતાધર્મકથા सूत्र-४ શ્રી અભયદેવસૂરિવૃત્તિ**

**અર્થ :** તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના શિષ્ય આર્યસુધર્મસ્વામી નામના સ્થવિર....પૂર્વાનુપૂર્વીથી સંચરતા, ગ્રામાનુગ્રામ વિચરતા, સુખે સુખે વિચરતા..... આત્માને ભાવિત કરતા વિચરે છે.

પૂર્વાનુપૂર્વીથી વિચરે છે. પણ પશ્ચાનુપૂર્વીથી કે અનાનુપૂર્વીથી નહિ. એટલે કે ક્રમશઃ વિચરે છે. એ

જ વાતને કહે છે કે 'ગ્રામાનુગ્રામ વિચરે છે.' એમાં વિવક્ષિતગામની પછીનું તરતનું જ જે ગામ તે ગ્રામાનુગ્રામ કહેવાય. તે રીતે વિચરે છે. આશય એ છે કે એક ગામ પછીના તરતના જ ગામને નહિ ઓળંગતા છતાં વિચરે છે. આ રીતે વિચરવામાં ય એમને ઉત્સુકતા નથી એ વાત હવે કહે છે કે 'સુખે સુખે વિચરે છે.' ગ્રામાનુગ્રામ વિહાર કરતા હોવાથી જ એમને શરીરનો ખેદ નથી અને સંયમની બાધા નથી. આ બે કારણે સુખે સુખે વિચરે છે. (અહીં સ્પષ્ટ દર્શાવ્યું છે કે વિહારમાં આવતા એકેય ગામને ઉલ્લંઘતા નથી. અર્થાત્ એને છોડીને આગળ જતા નથી. અને માસકલ્પવિધિ તો એ સાચવતા જ હતા. એ આગળ બતાવેલા પાઠથી સિદ્ધ છે. માત્ર ગાઢ કારણ હોય તો જ માસકલ્પમાં અપવાદ સેવતા.)

**(૧૪) होइ अगमणे इरियाविसोहिसज्झायझाणमाइगुणा । कारणियं पुण गमणं । સામાચારી પ્રકરણ ગાથા-૪૦**

**અર્થ :** ગમન ન કરવામાં ઈર્યાવિશુદ્ધિ, સ્વાધ્યાય, ધ્યાનાદિ લાભો છે. ગમન તો કારણ આવે ત્યારે કરવાનું છે. (આજ પદાર્થ આવ. નિર્યુક્તિ-પંચાશકાદિ ગ્રન્થોમાં પણ દર્શાવેલો છે.)

**(૧૫) अयुक्तमिदं मासादिविहारेण ग्रामानुग्राममभ्रमणमिति पक्षः । संयमात्मविराधनाहेतुत्वादिति हेतुः । तथाविधकष्टसाध्यसावद्यानुष्ठानादिति दृष्टान्तः........ अनेकगुणकलापोपेतत्वाद् नित्यवासस्य युक्तमेव तत्करणमिति मन्तव्यम्......। अत्रोच्यते । ......... विहारपरिहारेण सर्वदैकत्र निवासवतां प्रासुकैषणीयवसतिलाभाभावाद् गृहस्था इवाश्रयाभावेषु मुक्तसमस्तजीवोपमर्दादयः स्वयंग्रहकरणकारणानुमोदनादौ प्रवर्तन्ते । ततश्चैषणायामपि जीवनिकायानामाकुट्यापि विराधनोत्पद्यते । पडिबंधो लहुयत्तं न जणुवयारो न देसविन्नाणं । नाणाराहणमेए दोसा अविहारपक्खंमि ।... દર્શ. ૪**

**અર્થ : પૂર્વપક્ષ :** માસાદિના વિહાર વડે ગ્રામાનુગ્રામ ભટકવું એ યોગ્ય નથી એ અમારો પક્ષ છે. તેમાં હેતુ એ છે કે આ રીતે વિહાર સંયમાત્મવિરાધનાનું કારણ છે. દા.ત. તેવા પ્રકારના કષ્ટથી સાધ્ય એવું સાવદ્યાનુષ્ઠાન સંયમવિરાધનાદિ હેતુ હોવાથી અયોગ્ય છે. તેમ આ પણ સમજવું.... **ઉત્તરપક્ષ :** વિહાર છોડીને કાયમ એકસ્થાને રહેનારાને નિર્દોષ વસતિ ન મળે. અને એટલે તેઓ આશ્રય ન હોવાથી ગૃહસ્થોની જેમ જ બધી હિંસાદિ પ્રવૃત્તિ સ્વીકારી લઈને જાતે જ સ્થાનો લેવા-કરવા-કરાવવા-અનુમોદવા વગેરેમાં પ્રવર્તે. અને પછી તો ગોચરીમાં પણ ષટ્કાયની નિષ્ઠુરતાથી પણ વિરાધના થાય.... કહ્યું છે કે વિહાર ન કરવાના પક્ષમાં તો (એક જ જગ્યાએ રહેવામાં) રાગ થાય, લોકોમાં લઘુતા = અપમાન થાય. લોકોપકાર ન થાય. તે તે દેશોનું વિજ્ઞાન ન થાય. આજ્ઞાની આરાધના ન થાય. (અહીં ઘણા જ વિસ્તારથી નિત્યવાસના દોષો દર્શાવ્યા છે.)

**(૧૬) बाधकापोद्यो नियम उत्सर्गः, बाधकविधिस्त्वपवादः । ઉપદેશરહસ્ય : ગાથા-૧૪૨**

**અર્થ :** (માંદગી વગેરે) બાધક તત્ત્વો આવી પડે તે વખતે છોડી દેવા યોગ્ય નિયમ (એકાસણાદિ) તે ઉત્સર્ગ કહેવાય. અને બાધકની હાજરીમાં જે કર્તવ્યનું (નવકારશી વગેરેનું) વિધાન હોય તે અપવાદ કહેવાય.

**(૧૭) अर्थव्याख्यानार्पकस्य तु अनुयोगवेलायां तदतिरिक्तकार्येण नेष्टफलावाप्तिः । रत्नजीविनः स्थूलवस्त्रव्यापारेण को लाभः ? न कोऽपीत्यर्थः । तत्रापरिनिष्णातत्वादुपेक्षाभावाच्चेति भावः । एवं**

चानुयोगं मुक्त्वा कार्यान्तरकरणे तस्याऽविवेक इत्युक्तं भवति, यो हि यत्राधिकारी स तमर्थमेव साधयन् विवेकी व्यपदिश्यत इति निगर्वः । સામાચારી પ્રકરણ ગાથા-૭૯.

**અર્થ :** અર્થનું વ્યાખ્યાન આપનારાને વ્યાખ્યાન સમયે વ્યાખ્યાન વિના બીજા (સારા પણ) કાર્ય વડે ઈષ્ટફળની પ્રાપ્તિ ન થાય. રત્નના વેપારીને સ્થૂલવસ્ત્રોના વેપારથી શું લાભ થાય ? કોઈ ન થાય. કેમકે ત્યાં એ હોંશિયાર ન હોય અને એ કાર્યમાં ઉપેક્ષા પણ હોય.

આમ વ્યાખ્યાન છોડીને બીજા કાર્ય કરવામાં તો તેનો અવિવેક દોષ છે એમ અહીં કહેવાયેલું થાય છે. જે ખરેખર જે કાર્યમાં અધિકારી હોય તે તે જ અર્થને = કાર્યને સાધતો હોય તો એ વિવેકી કહેવાય. એ નિષ્કર્ષ છે. (અહીં વ્યાખ્યાનશક્તિવાળો વ્યાખ્યાન છોડી અન્ય કાર્ય કરે તો એ અવિવેકી કહ્યો છે.)

**(૧૮) सावज्जाणवज्जवयणाणं जो ण जाणइ विशेषं । वोत्तुं वि तस्स न क्खमं किमंग पुण देसणं काउं । દશવૈકાલિક નિર્યુક્તિ-૨૩. હારિભદ્રીવૃત્તિ.**

**અર્થ :** સાવદ્ય અને નિરવદ્યવચનોના ભેદને જે જાણતો નથી, તેને તો બોલવાની પણ રજા નથી. તો પછી દેશના આપવાની રજા તો શી રીતે હોય ?

**असमयण्णु धम्मदेसणापवत्तणेण य जिब्भाकुसीले णेए । से भयवं किं भासाए विभासियाए कुसीलत्तं भवति ? गोयमा ! भवइ । से भयवं ! जइ एवं ता धम्मदेसणं कायव्वं ? गोयमा ! सावज्जाणवज्ज.... મહાનિશીથસૂત્ર અધ્યયન-૩-૧૨૩.**

**અર્થ :** શાસ્ત્રનો અજાણકાર = અગીતાર્થ ધર્મદેશના પ્રવર્તાવે તો એ જીભકુશીલ = ભાષાકુશીલ જાણવો. (ભાષાની અપેક્ષાએ ખરાબ શીલ=ચારિત્રવાળો.) **પ્રશ્ન :** ભગવન્ ! શું ભાષા વિભાષિત કરવાથી (બોલવાથી) કુશીલપણું થઈ જાય ? **ઉત્તર :** ગૌતમ ! થાય. **પ્રશ્ન :** તો પછી ભગવન્ ! જો આવું હોય તો ધર્મદેશના કરવી ? (કે નહિ ?) **ઉત્તર :** ગૌતમ ! સાવદ્ય-નિરવદ્યવચનોનો ભેદ જે જાણતો નથી... (ઉપરની જ ગાથા).

**(૧૯) पडिबंधो लहुयत्तं न जणुवयारो न देसविन्नाणं । नाणाराहणमेए दोसा अविहारपक्खंमि । નિશીથસૂત્ર : ઉદ્દેશો - ૨ - સૂત્ર-૩૭.**

**અર્થ :** વિહાર ન કરીને એક સ્થાને કાયમ રહેવામાં આવે તો (૧) તે ક્ષેત્ર ઉપર-શ્રાવકાદિ ઉપર રાગ પ્રગટે. (૨) અતિપરિચયને લીધે લોકોમાં અપમાન-લાઘવ થાય. (૩) ફરી ન શકવાને લીધે લોકો ઉપર ઉપકાર ન થાય. (૪) જુદા જુદા દેશનું વિજ્ઞાન પ્રાપ્ત ન થાય. (૫) આજ્ઞાની આરાધના ન થાય. આ દોષો લાગે.

(૨૦) **से भयवं जया णं सीसे जहुत्तसंजमकिरियाए पवट्टंति, तहाविहे य केई कुगुरु तेसिं दिक्खं परूवेज्जा, तया णं सीसा किं समणुट्ठेज्जा ? गोयमा ! घोर-वीर-तव-संजमे । से भयवं कहं ? गोयमा ! अण्णगच्छे पविसित्ता णं । से भयवं ! जया णं तस्स संतिएणं सिरिगारेणं अलिहिए समाणे अण्णगच्छेसु पवेसमेव ण लभेज्जा तया णं किं कुव्विज्जा ? गोयमा ! सव्वपयारेहिं णं तस्स संतियं सिरियारं फुसावेज्जा । મહાનિશીથસૂત્ર અધ્યયન-૭.**

**અર્થ :** ભગવન્ ! જ્યારે તે શિષ્યો શાસ્ત્રોક્તસંયમક્રિયામાં પ્રવર્તતા હોય, પણ તેવા પ્રકારના કોઈ

કુગુરુ તેઓની દીક્ષાને પ્રરૂપનાઢ્ય હોય (એટલે કે કુગુરુઓ એમના દીક્ષાદાતા ગુરુ બન્યા હોય) ત્યારે તે સુવિહિતશિષ્યોએ શું કરવું ? ઉત્તર : ગૌતમ ! ઘોર-વીર એવો તપ-સંયમ આદરવો. પ્રશ્ન : પણ ભગવન્ ! કેવી રીતે આદરવો ? (કેમકે કુગુરુ પાસે ઘોર તપ-સંયમ આદરવો દુઃશક્ય છે.) ઉત્તર : ગૌતમ ! એ શિષ્યોએ અન્યગચ્છમાં પ્રવેશીને તેમ કરવું. પ્રશ્ન : પણ કુગુરુ શિષ્યોને અન્યગચ્છમાં જવાની સંમતિ (=શ્રીકાર=સ્વીકાર) લખી ન આપે અને એટલે શિષ્યો અન્યગચ્છમાં પ્રવેશ જ ન પામે તો શું કરવું ? શિષ્ય ! સર્વપ્રકારે તે કુગુરુ પાસેથી અક્ષરો લખાવડાવવા.

(૨૧) **गीतार्थो यतनयाऽल्पतरापराधस्थानप्रतिसेवारूपया कृतयोगी=तपःकर्मणि कृताभ्यासः कारणे = ज्ञानादौ सेवते एष प्रथमो भंगः । अत्र च प्रतिसेवमानः कल्पिकप्रतिसेवावानिति कृत्वा निर्दोषः, गीतार्थो यतनया कृतयोगी निष्कारणो एष द्वितीयो भंगः । अत्र सदोषः ।** ઉપદેશરહસ્ય-૧૩૧

**અર્થ :** ગીતાર્થ અને તપકર્મમાં અભ્યાસ કરી ચૂકેલો સાધુ (મોટા અપરાધને છોડવાપૂર્વક) વધુ નાના અપરાધ સ્થાનને સેવવા રૂપ યતના વડે જ્ઞાનાદિ કારણોસર અપરાધ સેવે તો એ પહેલો ભાંગો છે. અહીં દોષ સેવનારો સાધુ કલ્પિક પ્રતિસેવાવાળો છે, માટે નિર્દોષ છે.

ગીતાર્થ, કૃતયોગી સાધુ યતનાપૂર્વક નિષ્કારણ દોષ સેવે તો એ બીજો ભાંગો છે. તેમાં તે સાધુ દોષવાળો બને છે. (મિષ્ટાન્નાદિ વાપરવાનું કોઈ જ કારણ ન હોવા છતાં આધાકર્માદિ મોટા દોષો ત્યાગીને ક્રીતાદિ નાનો દોષ સેવવા રૂપ યતના કરે, તો ય દોષ લાગે.)

(૨૨) **यानि स्थण्डिलानि यस्मिन् ऋतौ प्रतापनादिभिः कृतानि, तानि तस्मिन्नचिरकालकृतानि भवन्ति । यथा हेमन्ते कृतानि हेमन्त एवाचिरकालकृतानि । ऋत्वन्तरव्यवहितानि चिरकालकृतानि, अस्थण्डिलानि तानीति भावः ।** બૃહત્કલ્પ ૪૪૮.

**અર્થ :** જે સ્થંડિલભૂમિઓ (અચિત્ત બની ગયેલી જગ્યાઓ) જે ઋતુમાં સૂર્યતાપાદિ વડે (અચિત્ત) કરાયેલી હોય, તે સ્થંડિલભૂમિઓ તે ઋતુમાં અચિરકાલકૃત હોય. દા.ત. હેમન્ત ઋતુમાં અચિત્ત કરાયેલ ભૂમિ હેમન્તમાં જ અચિરકાલકૃત કહેવાય. જેવી બીજી ઋતુ શરુ થાય કે તરત તે ભૂમિ ચિરકાલકૃત એટલે અસ્થંડિલ = સચિત્ત બની જાય. (બે-બે મહીનાની કુલ છ ઋતુ છે. ઋતુ બદલાતા જ વાતાવરણની અસર બદલાવાના કારણે બધી પૃથ્વી સચિત્ત બની જાય. જો હેમન્તનો દોઢ મહિનો ગયા બાદ કોઈ પૃથ્વી અચિત્ત બની હોય તો ય ૧૫ દિન બાદ બીજી ઋતુ શરુ થતા એ સચિત્ત બની જાય. ઋતુબદલી એ જ આમાં મુખ્ય ભાગ ભજવે છે.)

(૨૩) **ते हि साधवः प्रभातमात्रे एव प्रतिलेखयित्वा उपधिकां पुनश्च वेण्टलिकां कृत्वाऽनिक्षिप्तोपधय एव सूत्रपौरुषीं कुर्वन्ति, चरिमवेलायां पादोनपौरुष्यां पात्रकाणि संयन्त्रयित्वा पुनश्चानिक्षिप्तैरेव पात्रकैरर्थपौरुषीं कृत्वा ततो मध्याह्ने व्रजन्तीति । ते च शोभन एवाह्नि व्रजन्तीति ।** ઓઘનિર્યુક્તિ ભાષ્ય-૭૯

**અર્થ :** તે સાધુઓ સવાર થતાં જ ઉપધિનું પ્રતિલેખન કરીને પછી વીંટીયો બાંધીને, એ ઉપધિનો વીંટીયો નીચે જમીન પર મૂક્યા વિના (ખોળા વગેરેમાં રાખીને) સૂત્રપોરિસી કરે. (નીચે મૂકે તો અંદર કીડી વગેરે ભરાઈ જવાનો ભય રહે. બધી ઉપધિ ફરીથી પ્રતિલેખન કરવી પડે.) જયારે પહેલી પોરિસીનો

ચોથો ભાગ બાકી હોય, ત્યારે પાત્રાઓને બાંધીને પછી તે પાત્રાઓ નીચે મૂક્યા વિના જ અર્થપૌરુષી કરી, ત્યારબાદ મધ્યાહ્ન સમયે વિહાર કરે.

(૨૪) **सव्वभूयप्पभूयस्स सम्मं भूयाइं पासओ । पिहिआसवस्स दंतस्स पावं कम्मं न बंधइ.....। सर्वभूतेष्वात्मभूतः, सर्वभूतात्मभूतः, य आत्मवत्सर्वभूतानि पश्यतीत्यर्थः.... तस्य पापकर्मबन्धो न भवति । દશવૈ. હારિભદ્રીવૃત્તિ અધ્યયન-૪.**

**અર્થ :** સર્વજીવોને વિશે આત્મભૂત થયેલા, જીવોને સમ્યક્ રીતે જોનારા, આશ્રવોને રુંધનારા, ઈંદ્રિયદમન વાળાને પાપકર્મ બંધ ન થાય. જે સર્વજીવોને પોતાના જેવા જ જુએ.... તેને પાપબંધ ન થાય.

(૨૫) **संयमवृद्ध्यर्थं देहपरिपालनमिष्टं=धर्मकायसंरक्षणमभ्युपगम्यते । आह लोकेनाविशिष्टमेतत् तथाहि-चिक्खल्लव्यालस्वापदरेणुकण्टकतृणान् बहुजलांश्च सोपद्रवान् मार्गान्-पथः लोकोऽपि नेच्छत्येव, अतः को नु विशेषो ? लोकात्सका-शाद्भदन्तस्य, येनैवमुच्यते इति ? उच्यते । यतनामयतनां च गृहिणो न जानन्ति, क्व ? सचित्तादौ, न च तेषां गृहिणां वधनिवृत्तिः, अत एव विशेषः । अवि अ जणो मरणभया परिस्समभावा य ते विवज्जेइ, ते पुण दयापरिणया मोक्खत्थमिसी परिहरंति । ઓઘ નિર્યુક્તિ ૪૮-૪૯-૫૦.**

**અર્થ :** સંયમની વૃદ્ધિ માટે દેહ = ધર્મકાયનું પરિપાલન = રક્ષણ ઈષ્ટ છે. **પ્રશ્ન :** આ તો લોકો સાથે સમાનતા થઈ ગઈ. લોકો પણ કાદવ-સાપ-પશુ-ધુળ-કાંટા-તણખલા-ઘણા પાણીવાળા - ઉપદ્રવવાળા માર્ગોને શરીર માટે છોડે છે. (અને સાધુ પણ એ માટે જ આ માર્ગો છોડે તો) બેમાં ભેદ શું ? કે જેથી તમે આવી વાત કરો છો ?

**ઉત્તર :** ગૃહસ્થો સચિત્તાદિ વિશે યતના અને અયતનાને નથી જાણતા. વળી તેઓને હિંસાની વિરતિ નથી. સાધુ પાસે આ બે છે, માટે ભેદ છે. વળી લોકો મરણ ભયથી અને ત્યાં પરિશ્રમ લાગતો હોવાથી તે માર્ગોને છોડે છે. સાધુઓ તો જીવદયાથી પરિણત થઈને મોક્ષ માટે તે માર્ગો છોડે છે. (સ્પષ્ટ દર્શાવ્યું છે કે સાધુ જીવદયા માટે, મોક્ષ માટે યથોચિત આચાર પાળે છે, સંસારીઓ મરણાદિ ભયથી તે પાળે છે. એટલે જો સાધુ પણ માત્ર કાંટા વાગવાદિ ભયથી જ ઈર્યાસમિતિ પાળે, એ વિના ન પાળે તો એ સંસારીતુલ્ય બની જાય છે.)

(૨૬) **आत्मप्रमाणा वीथी तां गच्छन् ध्यायति - इर्यासमितो गच्छति, तदेव चात्र ध्यानं यदीर्यासमितस्य गमनमिति भावः । આચારાંગસૂત્ર-શ્રીશીલાંકાચાર્યવૃત્તિ-અધ્યયન-૯/૫.**

**અર્થ :** માર્ગને વિશે જતા પોતાના શરીર પ્રમાણ માર્ગને ધ્યાવે છે એટલે કે તેમાં ઈર્યાસમિતિ પાળતા જાય. અહીં પ્રભુનું તે જ ધ્યાન છે કે જે પ્રભુનું ઈર્યાસમિતિવાળા બનીને ગમન થાય છે.

(૨૭) **वरदत्तसाहु इरियासमितो सक्कस्स कहवि उवओगो । देवसभाए पसंसा मिच्छद्दिट्ठिस्सऽसद्दहणं । आगम विचारपंथे मच्छियमंडुक्कियाण पुरउत्ति । पच्छा य गयविउव्वण बोलो सिग्धो अवेहित्ति । अक्खोभिरियालोयणगमणमसंभंतगं तहच्चेव । गयगहणुक्खिवणं पाडणं कायस्स सयराहं । णहु भावस्सीसिंपि हु मिच्छा दुक्कड जियाणपीडत्ति । अवि उड्डाणं एवं आभोगे देवतोसो उ.... । ઉપદેશપદ - ૬૦૮-૬૧૧.**

અર્થ : વરદત્ત સાધુ ઈર્યાસમિત છે. કોઈપણ રીતે ઈંદ્રનો ઉપયોગ ગયો. દેવસભામાં પ્રશંસા કરી. મિથ્યાત્વીને શ્રદ્ધા ન થઈ. નીચે આવી માર્ગમાં માખી જેવડી નાની દેડકીઓ સાધુની આગળ વિકુર્વી. પાછળથી હાથી વિકુર્વ્યો. કોલાહલ થયો. "જલ્દી બાજુ પર ખસો." પણ સાધુ ક્ષોભ-ઉતાવળ વિના ઈર્યાસમિતિ પૂર્વક ચાલે. હાથીએ પકડી ઉછાળ્યા. શરીર નીચે પડવા લાગ્યું. પણ ઈર્યાસમિતિનો ભાવ લેશ પણ પડ્યો નહિ. "મારા પડવાથી જીવોને પીડા થશે. મિચ્છામિ દુક્કડં." એમ વિચારે. હવામાં જ પોતાના શરીરને એકદમ સંકોચે છે. જેથી વધુ દેડકીઓ ન મરે....

**(૨૮) સાધુજી સમિતિ બીજી ધરો, વચન નિર્દોષ પ્રકાશ રે. ગુપ્તિ ઉત્સર્ગનો સમિતિ તે, માર્ગ અપવાદ સુવિલાસ રે.** દેવચંદ્રજી કૃત સજ્ઝાય.

**અર્થ** : સાધુજી ! તમે બીજી સમિતિ ધારો કે જે નિર્દોષ વચન બોલવા રૂપ છે. વચનગુપ્તિ રૂપ ઉત્સર્ગના સુંદર અપવાદ માર્ગ રૂપ આ સમિતિ છે.

(૨૯) **कश्चिन्नीरोगतादिगुणयुक्तस्तथाविधादरतीव्रप्रयत्नो वक्ता भिन्नानि = आदाननिसर्गाभ्यां खण्डशः कृतानि भाषाद्रव्याणि निसृजति, परो व्याधिग्रस्ततयाऽनादरतो मन्दप्रयत्नोऽभिन्नानि = तथाभूतस्थूलखण्डात्मकानि तानि निसृजति । तत्र भिन्नानि भाषाद्रव्याणि सूक्ष्मबहुत्वाभ्यामन्यद्रव्यवासकत्वादनन्तगुणवृद्धियुक्तानि सन्ति लोकं यान्ति, षट्सु दिक्षु लोकान्तं प्राप्नुवन्तीत्यर्थः । ભાષારહસ્ય ગાથા-૫.**

**અર્થ** : નીરોગતા વગેરે ગુણવાળો કોઈક પુરુષ તેવા પ્રકારના આદરથી તીવ્રપ્રયત્નપૂર્વક બોલે તો એ શબ્દ પુદ્ગલોને ગ્રહણ કરવા અને છોડવા દ્વારા ટુકડાઓ કરાયેલા તે ભાષાદ્રવ્યોને છોડે. જ્યારે બીજો કોઈ માંદગીથી ગ્રસ્ત હોવાથી અનાદરને લીધે મંદપ્રયત્નવાળો છતાં બોલે તો તે અભિન્ન એટલે કે તેવા પ્રકારના મોટા ટુકડાઓ રૂપી ભાષા દ્રવ્યોને છોડે. તેમાં ભિન્ન ભાષાદ્રવ્યો સૂક્ષ્મ અને ઘણા હોવાથી તથા બીજા દ્રવ્યોના વાસક હોવાથી અનંતગુણાકારે વધતા વધતા લોકમાં પહોંચે એટલે કે છ ય દિશામાં લોકાન્ત સુધી પહોંચે. (પન્નવણાસૂત્રભાષાપદ વગેરેમાં પણ આ પદાર્થ છે.)

• **भो आचार्य ! तत्र वस्त्रे छिद्यमाने शब्दः संमूर्च्छितः छेदनका वा सूक्ष्मावयवा उड्डीयन्ते । एते च द्वयेऽपि विनिर्गता लोकान्तं यावत्प्राप्नुवन्ति...... इदमनन्तरोक्तं सर्वलोकपूरणात्मकमारम्भं सदोषं सूक्ष्मजीवविराधनया सावद्यं विज्ञाय तस्मात्कारणात् यथालब्धं वस्त्रमधितिष्ठेत् । બૃહત્કલ્પભાષ્ય: ઉપદેશરહસ્ય-૧૧૯.**

**અર્થ** : આચાર્ય ! તે વસ્ત્ર છેદવામાં શબ્દ ઉત્પન્ન થાય અથવા તો વસ્ત્રના સૂક્ષ્મ અવયવો ઉડે. આ બે ય નીકળેલા છતાં લોકના અંત સુધી પહોંચે... આ આખો ય લોક પુરાઈ જવા રૂપ આરંભ સૂક્ષ્મજીવોની વિરાધના વડે સાવદ્ય જાણીને વસ્ત્રછેદન ન કરવું. જેવું મળે તેવું વસ્ત્ર વાપરવું. (આ જો કે પૂર્વપક્ષ બોલે છે, પણ ઉત્તરપક્ષમાં આ વાતને સાચી સ્વીકારીને જ બીજો ઉત્તર આપ્યો છે.)

(૩૦) **एकस्यां वसतौ उत्कर्षतः सप्त जिनकल्पिका वसन्ति । ते चैकत्र वसन्तोऽपि परस्परं सम्भाषणं त्यजन्ति, न कुर्वन्तीत्यर्थः ।** બૃહત્કલ્પ-૧૪૧૨

**અર્થ** : એક વસતિમાં ઉત્કૃષ્ટથી સાત જિનકલ્પિકો રહે, તેઓ એક જગ્યાએ રહેતા હોવા છતાં પણ

પરસ્પર વાતચીત છોડે એટલે કે ન કરે.

(૩૧) **एवमादिकारणैः समुत्पन्ने अधिकरणे यः साधुर्यस्य साधोः प्रज्ञापनया उपशाम्यति, तस्य तेन साधुना उपशमनं कर्त्तव्यम् । यः पुनरुपेक्षां करोति तस्य प्रायश्चित्तम् ।.....यथा-उपेक्षायां लघुको मासः । अधिकरणं कुर्वतो दृष्ट्वा मध्यस्थभावेन तिष्ठति, अन्येषामप्युपदेशं प्रयच्छति-परप्रत्ययः कर्मबन्धोऽस्माकं न भवति, परकृतस्य कर्मण आत्मनि सङक्रमाभावात् । अधिकरणनिवारणेन च स्वाध्यायध्यानादेःस्वार्थस्य भङगः पातो भवतो भवति । अतो ज्ञानदर्शनचारित्ररूपे पारमार्थिके स्वकार्ये एव यतध्वम्। मा परकार्ये अधिकरणोपशमनादौ । स्वार्थपरिमन्थकारित्वात्परार्थकरणस्येत्यादिरूपा उपेक्षा तत्र लघुमासः । यतिજીતકલ્પ-૫૮.**

**અર્થ :** આ વગેરે કારણોસર (સાધુઓ વચ્ચે) ઝઘડો ઉત્પન્ન થાય, ત્યારે જે સાધુ જે સાધુની સમજાવટ વડે શાંત થઈ શકતો હોય, તેણે તે સાધુને શાંત કરવો. જે વળી આમાં ઉપેક્ષા કરે તેને પ્રાયશ્ચિત્ત આવે.... તે પ્રમાણે - ઉપેક્ષામાં લઘુમાસ આવે. ઝઘડો કરનારાને જોઈને મધ્યસ્થ બની ઉભો રહે, બીજાઓને પણ ઉપદેશ આપે કે "પારકાના કારણે આપણને કર્મબંધ ન થાય. કેમકે બીજાએ કરેલા કર્મોનો આપણા આત્મામાં સંક્રમ ન થઈ શકે. (એટલે ઝઘડો કરનારાઓને જ દોષ છે, આપણને નહિ.) વળી ઝઘડો અટકાવવામાં પડીએ તો એટલો સમય આપણા સ્વાધ્યાય-ધ્યાનાદિ સ્વાર્થનો ઘાત થાય. માટે જ્ઞાનદર્શનચારિત્ર રૂપ પારમાર્થિક સ્વકાર્યમાં જ યત્ન કરો. ઝઘડો શાંત કરવાદિ પરકાર્યમાં નહિ. કેમકે પરાર્થકરણ સ્વાર્થનાશક છે... આ બધી ઉપેક્ષા કહેવાય. તેમાં લઘુમાસ પ્રાય. આવે.

(૩૨) **परमार्थसाधनप्रवृत्तौ सत्यां जगत्यसहाये सति, असहायस्य मम संयमं कुर्वतः सतः सहायत्वं कुर्वन्ति, अनेन कारणेन नमाम्यहं सर्वसाधूनामिति । આવશ્યકનિર્યુક્તિ-૧૦૧૩. મલયગિરિવૃત્તિ.**

**અર્થ :** મોક્ષના સાધનભૂત ચારિત્રાદિમાં પ્રવૃત્તિ કરતે છતે એમાં જ્યારે આખું જગત સહાયક નથી બનતું. ત્યારે સહાય વિનાના જ, સંયમપાલન કરનારા મને આ બધા સાધુંઓ સહાય કરે છે, એ કારણથી હું સર્વ સાધુઓને નમું છું.

(૩૩) **जे भिक्खू आगंतागारेसु वा, आरामागारेसु वा, गाहावइकुलेसु वा, परियावसहेसु वा अण्णउत्थियं वा गारत्थियं वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा ओभासिय-ओभासिय जायइ, जायंत वा साइज्जइ । નિશીથસૂત્ર ઉદ્દેશો-૩-૧**

**અર્થ :** જે સાધુ ધર્મશાળામાં, બગીચામાં રહેલા ઘરોમાં, ગૃહસ્થોના ઘરોમાં કે તાપસાદિના સ્થાનોમાં (જઈને) અન્યતીર્થિક પાસે કે ગૃહસ્થ પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમની બોલી બોલીને યાચના કરે કે યાચના કરનારાને અનુમતિ આપે (તેને પ્રાયશ્ચિત્ત આવે. અહીં ગૃહસ્થાદિના ઘરે પણ બોલી બોલીને યાચના કરવાનો નિષેધ છે. વિશેષ જાણકારી ગીતાર્થ મહાપુરુષો પાસેથી મેળવી લેવી.)

(૩૪) **मनीषिदीक्षादानार्थं पुनरभ्युद्यते भगवति भगवच्चरणयोर्निपत्य नरपतिरुवाच – भदन्त ! गृहीतैवानेन महात्मना भावतो भागवती दीक्षेति कृतकृत्य एवायमधुना वर्तते, तथापि मनीषिणमुद्दिश्य किञ्चित्सन्तोषानुरूपमाचरितुमिच्छामः, तदनुजानातु भगवानिति । तदाकर्ण्य स्थिता**

**भगवन्तस्तूष्णींभावेन । सुबुद्धिनाऽभिहितं देव ! न पृच्छ्यन्ते द्रव्यस्तवप्रवृत्तिकाले भगवन्तः, अनधिकारो ह्यत्र भगवतां, युक्त एव यथोचितः स्वयमेव द्रव्यस्तवः कर्तुं युष्मादृशां, केवलमेतेऽपि विहितं तमनुमोदन्ते एव द्रव्यस्तवं, ददति च तद्गोचरं शेषकालमुपदेशं, यथा कर्तव्योदारपूजा भगवतां, न खलु वित्तस्यान्यच्छुभतरं स्थानम् इत्यादिवचनसन्दर्भेण, तस्मात्स्वत एव कुरुत यथोचितं यूयं ।.... ઉપમિતિભવ પ્રપંચા કથા – तृतीय प्रस्ताव.**

**અર્થ :** મનીષીને દીક્ષા આપવાને માટે આચાર્યશ્રી તૈયાર થયા એટલે આચાર્યશ્રીના ચરણોમાં પડીને રાજા બોલ્યો "ભગવન્ ! આ મહાત્માએ ભાવથી તો દીક્ષા લઈ જ લીધી છે. એટલે આ તો અત્યારે કૃતકૃત્ય જ છે. તો પણ મનીષીને ઉદ્દેશીને કંઈક સંતોષકારક કામ (મહોત્સવાદિ) કરવાને ઈચ્છું છું. તો આપ એની રજા આપો." આ સાંભળીને આચાર્યશ્રી મૌન રહ્યા. તે વખતે સુબુદ્ધિ મંત્રીએ કહ્યું કે –

રાજન્ ! દ્રવ્યસ્તવ (મહોત્સવાદિ) કરવાના સમયે આચાર્યશ્રીને પૃચ્છા કરાય જ નહિ. કેમકે એમાં એમનો અનધિકાર છે. (અર્થાત્ તેઓ તેમાં અનુમતિ ન આપે.) તમારા જેવાઓને તો જાતે જ ઉચિત દ્રવ્યસ્તવ કરવો ઉચિત છે. (એમાં આચાર્યની રજા લેવાની ન હોય.) હા, એટલું ખરું કે આચાર્યશ્રી પણ તમારા વડે કરાયેલા તે દ્રવ્યસ્તવની અનુમોદના તો કરે જ છે. વળી તેઓ શેષકાળમાં દ્રવ્યસ્તવ સંબંધી ઉપદેશ પણ આપે છે કે 'તીર્થંકરોની ઉદાર પૂજા કરવી જોઈએ. ધન ખરચવા માટેનું બીજું કોઈ શુભ સ્થાન નથી." વગેરે વચનો દ્વારા તેઓ ઉપદેશ આપે છે. તેથી તમે જાતે જ જે ઉચિત લાગે તે કરો.

**(૩૫) तए णं से सूरियाभे देवे.... एवं वयासी.... तं इच्छामि णं जाव उवदंसित्तए ( नृत्यं ) तए णं समणे भगवं महावीरे सूरियाभेणं देवेणं एवं वुत्ते समाणे सूरियाभस्स देवस्स एयमट्ठं णो आढाए, णो परिजाणइ तुसिणीए संचिट्ठइ રાયપસેણીય सूत्र-૫૨-૫૩-૫૪.**

**અર્થ :** ત્યારે તે સૂર્યાભદેવ.... આ પ્રમાણે બોલ્યો કે "....હું નૃત્યપ્રદર્શન કરવા માટે ઈચ્છું છું." ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સૂર્યાભ વડે આ પ્રમાણે કહેવાતે છતે, સૂર્યાભની એ વાતનો આદર-અનુમતિ આપતા નથી. મૌન રહે છે.

**• स्वस्य दर्शनविधौ नेच्छा वीतरागत्वात्, साधूनां गौतमादीनां पुनर्नृत्यदर्शने स्वाध्यायभङ्गः । स चानिष्टः तेषां । सूर्याभस्य च भक्तिः संसारोच्छेदिनी उत्कर्षवती, सा च तस्य बलवत्त्वादिष्टसाधनम् इत्यमुना प्रकारेण गौतमादीनां सूर्याभस्य नृत्यप्रदर्शने समुदायापेक्षया समानहानिवृद्धिकत्वं केवलज्ञानालोकेन कलयता श्रीवर्धमानस्वामिना मौनेन स्थितम् । પ્રતિમાશતક - ગાથા-૧૯**

**અર્થ :** પ્રભુને નૃત્ય જોવામાં ઈચ્છા ન હતી કેમકે એ વીતરાગ હતા. અને ગૌતમાદિ સાધુઓનો નૃત્યદર્શનમાં સ્વાધ્યાય ભંગ થાય. અને તે તેઓને અનિષ્ટ હતો. બીજી બાજુ સૂર્યાભની ભક્તિ સંસારનાશક અને જોરદાર હતી અને તે ભક્તિ બલવાન હોવાથી તેને ઈષ્ટસાધન હતી. આમ આ પ્રકારે ગૌતમાદિ સાધુઓ અને સૂર્યાભ બે યની ભેગી વિચારણા કરવામાં પ્રભુએ નૃત્યપ્રદર્શનમાં સરખું લાભ-નુકશાન કેવલજ્ઞાનના પ્રકાશ વડે જાણીને ત્યારે મૌન રહ્યા.

**(૩૬) यस्तृणमयीमपि कुटीं कुर्याद् दद्यात्तथैकमपि पुष्पम् । भक्त्या परमगुरुभ्यः पुण्योन्मानं कुतस्तस्य । जिनभवनं जिनबिंबं जिनपूजां जिनमतं च यः कुर्यात् । तस्य नरामरशिवसुखफलानि**

करपल्लवस्थानि । ઉપદેશરહસ્ય-૩૬ (શ્રી ઉમાસ્વાતિજીના વચનો)

**અર્થ :** જે મનુષ્ય પ્રભુને માટે ઘાસની બનેલી પણ કુટિર બનાવે, તથા ભક્તિથી પરમગુરુને એક પુષ્પ પણ આપે. તેના પુણ્યનું તો માપ જ કેવી રીતે કઢાય ?

જે જિનભવન, જિનબિંબ, જિનપૂજા અને જિનમતને કરે, તેને મનુષ્ય-દેવ-મોક્ષના સુખરૂપી ફળો હાથમાં જ રહેલા થઈ જાય છે.

• **साधोर्द्रव्यस्तवानुमोदनमात्रस्य युक्तत्वादेव तत्फलभाषा = द्रव्यस्तवफलप्रतिपादिका गीः, प्रज्ञापनी श्रद्धातिशयजनकफलज्ञापनमात्रफला, न चैवाज्ञापनी = त्वं प्रासादार्थं पृथिवीं खन, जलादिकं वाऽऽनयेत्याद्यभिलापेन द्रव्यस्तवांगकर्तव्यतादेशकतया साक्षात्प्रवर्तिका ।** ઉપદેશરહસ્ય-૩૬

**અર્થ :** સાધુને દ્રવ્યસ્તવની માત્ર અનુમોદના જ યોગ્ય છે, માટે જ સાધુની ભાષા દ્રવ્યસ્તવના ફલનું પ્રતિપાદન કરનારી, શ્રોતામાં જોરદાર શ્રદ્ધા જન્માવનાર ફલને જણાવનારી જ માત્ર હોય છે. પણ આજ્ઞાપની ન જ હોય. "તું દેરાસર માટે પૃથ્વી ખણ, પાણી વગેરે લાવ." વગેરે શબ્દો દ્વારા દ્રવ્યસ્તવના અંગોની કર્તવ્યતાનો ઉપદેશ આપવા દ્વારા સાક્ષાત્ દ્રવ્યસ્તવને પ્રવર્તાવનારી ન હોય.

(૩૭) **स्वर्गापवर्गदो द्रव्यस्तवोऽत्रापि सुखावहः । हेतुश्चित्तप्रसत्तेस्तत्कर्तव्यो गृहिणा सदा ।** યોગસાર-૧-૩૧

**અર્થ :** દ્રવ્યસ્તવ = જિનપૂજાદિ એ સ્વર્ગ-મોક્ષને આપનારા છે, અહીં પણ સુખદાયી છે. ચિત્તપ્રસન્નતાનું કારણ છે. માટે ગૃહસ્થે સદા દ્રવ્યસ્તવ આદરવો જોઈએ.

(૩૮) **फलज्ञापनमात्रतात्पर्यकेभ्य एतेभ्यः फलार्थिनां श्रोतॄणां स्वत एव प्रवृत्तेः, श्रोतार इतो द्रव्यस्तवे प्रवर्तन्तामिति तात्पर्याभावेन फलतोऽपि साक्षादप्रवर्तकत्वात् ।** ઉપદેશરહસ્ય-૩૬.

**અર્થ :** (પ્રશ્નઃ 'ફલનું વર્ણન કરનારા વાક્યો એ માત્ર ફલ જણાવનારા જ નથી, પણ ફલ જણાવવા દ્વારા શ્રોતાઓને દ્રવ્યસ્તવમાં સાક્ષાત્ પ્રવૃત્તિ કરાવનારા છે.' આવા પ્રશ્નના જવાબમાં અહીં કહે છે કે) 'દ્રવ્યસ્તવનું ફલ શ્રોતાઓ જાણે' એ જ માત્ર તાત્પર્યવાળા એવા ફલવર્ણનકારી વચનો છે. એના દ્વારા ફલાર્થી શ્રોતાઓ તો જાતે જ એ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરે છે. (સાધુના વચનોએ એને પ્રવૃત્તિ કરાવી, એવું ન કહેવાય. સાધુના વચનો માત્ર ફલનું જ્ઞાન જ કરાવે છે. બળજબરીથી પ્રવૃત્તિ કરાવતા નથી. શ્રોતાઓની ઈચ્છા થાય તો તેઓ સ્વયં પ્રવૃત્તિ કરે...)

"શ્રોતાઓ મારા આ વચનો સાંભળી જિનપૂજાદિ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરે." એવું તાત્પર્ય પણ ઉપદેશકના મનમાં ન હોય. અને એટલે જ તેના વચનો ફલની અપેક્ષાએ પણ સાક્ષાત્ પ્રવૃત્તિકારક બનતા નથી. ('ઉપદેશકના મનનો અધ્યવસાય કેવો હોય ?' એ આ વચનથી સ્પષ્ટ જણાઈ આવે છે.)

(૩૯) **न च "नाटकादिकं प्रदर्शयामीत्यादिगिरा देवादिना पर्यनुयुक्तस्य भगवतः चारित्रग्रहणादिप्रश्नस्थल इव इच्छानुलोमा च भाषा यथासुखमित्याद्याकारा प्रवर्तते, तस्या निसर्गत आप्तेष्टसाधनताज्ञापकत्वेन "इष्टं वैद्योपदिष्टम्" इति न्यायात् साक्षात् प्रवृत्तिहेतुप्रायत्वात् ।** ઉપદેશરહસ્ય-૩૬.

**અર્થ :** "હું નાટકાદિ દેખાડું ?" એમ જ્યારે દેવ વગેરે પ્રશ્ન કરે, ત્યારે ભગવાન જેમ "હું ચારિત્રગ્રહણ કરું ?" વગેરે પ્રશ્ન સ્થલે એની ઈચ્છાને અનુકૂલ ભાષા બોલે છે કે **"यथासुखं, मा पडिबन्धं कुणह"** (તને સુખ પડે તેમ કર. પ્રતિબંધ ન કરીશ.) એવી ભાષા અહીં બોલતા નથી. કેમકે આ **यथासुखं** શબ્દવાળી ભાષા સ્વભાવથી જ "આ નૃત્યાદિ એ મારા આપ્તપુરુષને ઈષ્ટસાધન છે." એમ જણાવવા દ્વારા "જે મને ગમતું હતું એ જ વૈદ્યે કીધું" એ ન્યાયે સાક્ષાત્ જ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિનું કારણ બની જાય છે. (અને એટલે એ ભાષા સાવદ્ય બની રહે છે, માટે પ્રભુ ન બોલે.)

(૪૦) **एताणि ( वाओ वुट्ठं.... ) सरीरसुहहेउं पयाणं वा पुणो पुणो आसंसमाणो कम्हि पुण काले होज्ज इति । वात-वुट्ठ-सीउण्हेहिं वा अप्पणो पयाणं वा पीडणमसहमाणो पंतजणवयरोसेण वा खेम-वाय-सिवाणि रुक्खप्पभंजण-सत्तुप्पिलावण-हिमडहण-सत्तपरितावण-जणवदडहण-लूडण-छुधामरणभयादयो दोसा इति एताणि कया होज्ज ? त्ति णो वदे । तदभावे पुण अतिघम्म-तणभंग-जवानिप्फत्ति-सत्तुपरितावणा-मंतिचारभटवित्तिपरिच्छेद-भिक्खाभावमसाणोपजीवि-पाणातिवित्तिच्छेदादी दोसा इति ( मा वा होज्जति ) णो वदे । ण वा कस्सति वयणेणं भवंति वा ण वा, केवलमधिकरणाणुमोदणं ॥ દશવૈકાલિક અગસ્ત્યસિંહસૂરિ ચૂર્ણિ - અધ્યયન-૭-૫૨**

**અર્થ :** સાધુ જો પોતાના શરીરના સુખ માટે કે પ્રજાના સુખ માટે, પોતાની કે પ્રજાની પીડા સહન ન થવાથી એમ બોલે કે "પવન, વરસાદ.... ક્યારે થશે" તો એ સાવદ્યભાષા બને. કેમકે (૧) પવનથી વૃક્ષો તુટે. (૨) વરસાદથી પુષ્કળ જીવો તણાઈ મરે. (૩) ઠંડી પડવાથી ઘણું બધું બળી જાય. (૪) ગરમીથી જીવો પરિતાપના પામે. (૫) ક્ષેમ (શત્રુ વગેરેના ઉપદ્રવાદિનો અભાવ) થાય તો મંત્રી-ગુપ્તચર-સૈનિકોની આજીવિકાનો વિચ્છેદ થાય. (શત્રુ ન હોવાથી આ બધાની સંખ્યા રાજા ઘટાડી જ નાંખે.) (૬) સુભિક્ષ હોય તો બધાને પુષ્કળ ભિક્ષા મળે (અસંયતાદિનું પોષણ) (૭) શિવ (મારી-મરકી ન હોવા તે) હોય તો સ્મશાનના આધારે જીવનારા ચંડાળ, લાકડાદિનો ધંધો કરનાર વગેરેની આજીવિકાનો વિચ્છેદ થાય. (કોઈ મરે નહિ, એટલે આ બધાનો ધંધો ઠપ થાય.)

હવે વધારે પડતા પવનાદિથી ત્રાસીને કે કેટલાકો ઉપરના રોષને કારણે જો સાધુ એમ બોલે કે "આ પવનાદિ ન થાય તો સારું." તો પણ એને દોષ લાગે. કેમકે (૧) પવન ન હોય તો ખૂબ બફારો થાય. (૨) વરસાદ ન હોય તો ઘાસ ન ઉગે. (૩) ઠંડી ન પડે તો જવ ન ઉગે. (જવની ઉત્પત્તિ ઠંડીથી થાય છે.) (૪) ગરમી ન હોય (ખૂબ ઠંડી હોય તો) સાથવાને પરિતાપના થાય. (ઠંડી હોવાથી જવ ખૂબ થાય. અને એ જવને સેકીને પછી એનો ભુકો કરીને સાથવો બનાવાય. આમ જવને પરિતાપના થાય.) (૫) અક્ષેમ = શત્રુઉપદ્રવ હોય તો લોકોનું બળવાનું થાય, લોકો લુંટાય. (૬) દુર્ભિક્ષ પડે તો ભુખથી બધા મરે (૭) અશિવ હોય - મારીમરકી હોય તો ભય વગેરે થાય.

એટલે આ સાત વસ્તુ "ક્યારે થશે ?" કે "ન થાય તો સારું" એવા એકે ય વચન બોલવા સાધુને ન ખપે. કેમકે બેયમાં વિરાધના છે.

વળી કોઈના વચનથી કંઈ થાય કે અટકે એવું બનતું નથી. માત્ર (વગર ફોગટનો) આ પાપોની અનુમતિનો દોષ લાગે. (અહીં સરળતા ખાતર અક્ષરાર્થને બદલે ભાવાર્થ લખ્યો છે. વિશેષ જાણકારી માટે આ ૫૦મી ગાથાની આ ચૂર્ણિ સ્વયં કે ગીતાર્થ પાસેથી સમજી લેવી.)

(૪૧) वयणविभत्तीकुसलो वओगयं बहुविहं वियाणंतो । दिवसंपि भासमाणो तहावि वयगुत्तयं पत्तो । દશવૈ. निर्युक्ति २९१ અધ્યયન-૭.

અર્થ : વચનના પ્રકારોમાં કુશળ, વાણી સંબંધી ઉત્સર્ગ-અપવાદાદિ અનેક ભેદોને જાણતો સાધુ આખો દિવસ બોલે તો પણ એ વચનગુપ્તિને (ભાષાસમિતિ નથી લખી.) પામેલો જાણવો.

(૪૨) आक्षेपणी विक्षेपणी विमार्गबाधनसमर्थविन्यासा । श्रोतृजनश्रोत्रमनःप्रसादजननी यथा जननी । आक्षिपति = आवर्जयति = अभिमुखीकरोति या सा आक्षेपणी कथा शृंगारादिप्राया, विक्षिपति भोगाभिलाषात् । या कामभोगेषु वैमुख्यमापादयति सा विक्षेपणी । विमार्गः = सम्यग्दर्शनादित्रयविपरीतः सुगतादिप्रदर्शितस्तस्य बाधनं दोषवत्त्वख्यापनं । विमार्गबाधने समर्थः शक्तो विन्यासो रचना यस्याः सा विमार्गबाधनसमर्थविन्यासा । પ્રશમરતિ-૧૮૨

અર્થ : જે કથા શ્રોતાને આવર્જિત કરે, ખેંચે તે શૃંગારાદિના વર્ણનવાળી કથા આક્ષેપણી કહેવાય. તથા જે કથા કામભોગોમાં વિમુખતાને ઉત્પન્ન કરે તે વિક્ષેપણીકથા. સમ્યગ્દર્શનાદિથી વિપરીત જે બુદ્ધાદિ વડે દર્શાવાયેલ દર્શનો છે, તે દર્શનોમાં દોષ દેખાડવા માટે સમર્થ વાક્ય રચનાવાળી આ કથા હોય. આ કથા માતાની જેમ શ્રોતાજનના કાન અને મનને પ્રસન્નતા આપનારી હોય.

(આ ગાથાની પ્રસ્તાવનામાં લખ્યું છે કે एतेष्वेव धीस्थैर्यमिच्छता चतुर्विधा धर्मकथाऽभ्यसनीया = પ્રવચનભક્તિ વગેરે પદાર્થોમાં બુદ્ધિની સ્થિરતાને ઈચ્છનારાએ ચારેય ધર્મકથાઓનો અભ્યાસ કરવો. એટલે શૃંગારાદિના નિરૂપણવાળી કથા પણ કર્તવ્ય બતાવી છે. ધર્મકથા કહી છે.)

• ततो धर्मगुरवश्चिन्तयन्ति – कः पुनर्बोधोपायोऽस्य भविष्यति ? इति । ततः पर्यालोचयन्तो निजहृदये विनिश्चित्यैवं विदधते – क्वचिदवसरे तं साधूपाश्रयमागामुकमवगम्य जनान्तरोद्देशेनाग्रिमतरां प्रारभते मार्गदेशनां, यदुत भो भो लोकाः । विमुच्य विक्षेपान्तरमाकर्णयत यूयं, इह चत्वारः पुरुषार्था भवन्ति । तद्यथा - अर्थः कामो धर्मो मोक्षश्चेति । तत्रार्थ एव प्रधानः पुरुषार्थ इति केचिन्मन्यन्ते....। ततः सादरतरं पुनस्ते ब्रूयुः - भो भो लोकाः । काम एव प्रधानः पुरुषार्थ इत्यन्ये मन्यन्ते...। ઉપમિતિભવપ્રપંચા કથા પીઠબન્ધ

અર્થ : (ઘણા બધા ઉપાયો કરવા છતાં જ્યારે સંસારીજીવ પ્રતિબોધ નથી પામતો ત્યારે) ત્યારબાદ ધર્મગુરુ વિચારે છે કે આને બોધ પમાડવાનો કયો ઉપાય હશે ? ત્યારબાદ વિચાર કરતા કરતા તે પોતાના હૃદયમાં નિશ્ચય કરીને આ પ્રમાણે કરે છે કે "કોઈક અવસરે તે સંસારીને ઉપાશ્રયમાં આવનારો જાણીને બીજા લોકોની સામે ઉંચી માર્ગદેશના પ્રારંભે કે "લોકો ! બીજા વિક્ષેપો છોડીને તમે સાંભળો. અહીં ચાર પુરુષાર્થો છે. તે આ પ્રમાણે - અર્થ, કામ, ધર્મ અને મોક્ષ. તેમાં "અર્થ એ જ પ્રધાન પુરુષાર્થ છે." એમ કેટલાક માને છે. (આમ કહી પછી વિસ્તારથી અર્થકથા કરે. એ વખતે જ આવેલો સંસારી આ બધું સાંભળી ખેંચાય, સાંભળવા બેસે. એને આ રીતે ખેંચાયેલા જાણીને) ત્યારબાદ વધારે આદરપૂર્વક ગુરુ બોલે કે – "લોકો ! 'કામ એ જ પ્રધાન પુરુષાર્થ છે'. એમ કેટલાકો માને છે." (અને પછી વિસ્તારથી કામકથા કરે. એ પછી ધર્મકથા કરીને એ ધર્મને અર્થ-કામના કારણ તરીકે વર્ણવે...આમ અર્થ-કામકથારૂપી આક્ષેપણીકથા દ્વારા સંસારીને ખેંચે, ધર્મમાર્ગે જોડે.)

(૪૩) निरुद्धं = स्तोकमर्थं दीर्घवाक्यैरर्कविटपिकाष्टिकान्यायेन न कथयेत् । निरुद्धं वा स्तोककालीनं व्याख्यानं व्याकरणतर्कादिप्रवेशनद्वारेण प्रसक्तानुप्रसक्त्या न दीर्घयेन्न दीर्घकालिकं कुर्यात् । સૂત્રકૃતાંગસૂત્ર અધ્યયન-૧૪ ગાથા-૨૩.

અર્થ : નિરુદ્ધ એટલે અલ્પ અર્થને મોટાવાક્યો વડે ન કહે. અથવા તો નિરુદ્ધ એટલે થોડા કાળ માટેના વ્યાખ્યાનને વ્યાકરણ-તર્ક વગેરેનો પ્રવેશ કરાવવા દ્વારા પ્રસંગ-અનુપ્રસંગ વડે લાંબાકાળનું ન કરે.

(૪૪) बहुना = भूयोभाषितेन किं ? तद्धि मिथो धर्मकथायामेवोपयुज्यते, न तु स्वल्पसारज्ञानमूलप्रवृत्तय इति तत्र तदुद्वेजकतया नात्यन्तोपयुक्तमुपदेशकर्म । સામાચારી પ્રકરણ ગાથા-૧૦૦

અર્થ : વધારે બોલવા વડે શું ? એ તો પરસ્પર ધર્મકથામાં જ ઉપયોગી છે. પણ અત્યંત અલ્પ, સારભૂત એવા જ્ઞાનથી થનારી પ્રવૃત્તિ માટે ઉપયોગી નથી. એટલે ત્યાં તો ઉપદેશકર્મ શ્રોતાને ઉદ્વેગ પમાડનાર હોવાથી અત્યંત ઉપયોગી નથી.

(૪૫) उच्चैःस्वरेण विवृत्तवदनस्य यद् हसनम्-अट्टहास इत्यर्थः यश्च कन्दर्पः = स्वानुरूपेण सह परिहासः । ये च निष्ठुरवक्रोक्त्यादिरूपा गुर्वादिनाऽपि समं संलापाः....। भ्रूनयनवदनदशनच्छदैः करचरणकर्णादिभिश्च देहावयवैस्तां तां चेष्टामात्मना अहसन्नेव करोति यथा परो हसति एष कायकौत्कुच्यवानुच्यते । वाचा कौत्कुच्यवान् पुनस्तत् किमपि परिहासप्रधानं वचनं जल्पति येनान्यो हसति.... । एयाओ भावणाओ.भावित्ता देवदुग्गइं जंति । ततो वि य चुया संता परिंति भवसागरमणंतं ॥ બૃહત્કલ્પ ગાથા ૧૨૯૬-૯૭-૯૮, ૧૩૨૭.

અર્થ : મોટા અવાજે મોઢું ફાડીને જે હસવું તે અટ્ટહાસ્ય. પોતાના જેવાની સાથે જે મશ્કરી કરવી, ગુરું વગેરેની સાથે નિષ્ઠુરવચનો-કટાક્ષવચનો વગેરે રૂપ વાતો કરવી. ભ્રુકૂટિ-આંખ-મુખ-હોઠ વડે અને હાથ-પગ કાન વગેરે શરીરાવયવો વડે તે તે ચેષ્ટાઓ કરે કે જેમાં પોતે ન હસે પણ બીજાઓ હશે... એવું કોઈ મશ્કરીપ્રધાન વચન બોલે કે જેથી બીજો હશે...(આ કાંદર્પિકી ભાવનાનું વર્ણન છે.)

આ બધી ભાવનાઓ ભાવીને દેવદુર્ગતિમાં = હલકા દેવોમાં ઉત્પન્ન થાય છે, અને ત્યાંથી પણ ચ્યવેલા છતાં અનંત સંસારસાગરમાં ભમે છે.

• सज्झायादिकरणिज्जे जोगे मोत्तुं जो देसकहादिकहाओ कहेति सो काहिओ ।..... कामं खलु धम्मकहा सज्झायस्सेव पंचमं अंगं । अव्वुच्छित्ती अ ततो तित्थस्स पभावणा चेव । तहवि य न सव्वकालं धम्मकहा, जीइ सव्वपरिहाणी । યતિજીતકલ્પ-૨૨૧

અર્થ : સ્વાધ્યાયાદિ કર્તવ્ય યોગોને છોડીને જે દેશકથાદિ કથાઓ કરે છે, તે કાયિક છે... એ વાત સાચી છે કે ધર્મકથા સ્વાધ્યાયનું જ પાંચમું અંગ છે. તેનાથી તીર્થની અવ્યવચ્છિત્તિ અને પ્રભાવના થાય છે. તો પણ બધો જ કાળ ધર્મકથા ન કરાય કે જેના દ્વારા સ્વાધ્યાયાદિ સર્વયોગોની પરિહાનિ થાય.

एएसामण्णतरं जे भिक्खु पसंसए अहव वंदे । सो आण अणवत्थं मिच्छत्तविराहणं पावे । યતિજીતકલ્પ-૨૨૧

અર્થ : આ યથાછંદાદિ ૧૦માંથી ગમે તેને પણ જે સાધુ પ્રશંસે કે વંદે તે આજ્ઞા, અનવસ્થા, મિથ્યાત્વ

અને વિરાધના પામે.

(૪૬) **जो पुण खग्गूडो तंमि आणावि बलाभिओगो वि कीरइ तंमि वि पढमं इच्छा पउज्जति जइ करेइ सुंदरं । अह ण करेइ ताहे बलामोडीए कारिज्जइ ।** આવશ્યક નિર્યુક્તિ ચૂર્ણિ - ૬૭૮-૬૭૯

**અર્થ :** જે શિષ્ય વિચિત્ર હોય, તેને વિશે તો ગુરુ આજ્ઞા પણ અને બળજબરી પણ કરી શકે. ત્યાં પણ પહેલા તો ઈચ્છાકાર કરવો. જો શિષ્ય કાર્ય કરે તો સારું. જો ન કરે તો બળજબરીથી કરાવવું.

• **खरण्टनायां निश्चितं इषद्द्वेषोऽपि न दोषावहः, न श्रामण्यविरोधी प्रशस्त इति हेतोः ।** સામાચારી પ્રકરણ-૧૭.

**અર્થ :** શિષ્યનો દોષ દૂર કરવા માટે ગુરુએ એને ઠપકો આપવો પડે અને તેમાં ગુરુના મનમાં કંઈક દ્વેષ પણ ઉત્પન્ન થાય. પણ એ દ્વેષ દોષકારી નથી. = સાધુતાનો વિરોધી નથી. કેમકે તે પ્રશસ્ત છે.

(૪૭) જુઓ, ૪૫ નંબર.

(૪૮) **एए विसोहयंतो पिंडं सोहेइ संसओ नत्थि । एए अविसोहिंते चरित्तभेयं वियाणाहि ।**
**समणत्तणस्स सारो भिक्खायरिया जिणेहिं पन्नत्ता । एत्थ परितप्पमाणं तं जाणसु मंदसंवेगं ।**
**नाणचरणस्स मूलं भिक्खायरिया जिणेहिं पन्नता । एत्थउ उज्जममाणं तं जाणसु तिव्वसंवेगं ।**
**पिंडं असोहयंतो अचरित्ती नत्थि संदेहो । चरित्तंमि असंते निरत्थिया होइ दिक्खा उ ।**
**चरित्तम्मि असंतंमि निव्वाणं ण उ गच्छइ । निव्वाणंमि असंतंमि सव्वा दिक्खा निरत्थगा ।** પિંડનિર્યુક્તિ-૬૬૯. મલયગિરિ વૃત્તિ

**અર્થ :** આગળ લખ્યા પ્રમાણે સ્પષ્ટ જ છે.

(૪૯) **जं जस्स नत्थि वत्थं, सो उ निवेएइ तं पवत्तिस्स । सो वि गुरूणं साहइ, निवेइ वावारए वा वि । भिक्खं चिय हिंडंता, उप्पायंतऽसइ बिइअपढमासु । एवं पि अलब्भंते, संघाडेक्केक्क वावारे । एवंपि अलभंते मुत्तूण गणिं तु सेसगा हिंडे ।** બૃહત્કલ્પ ગાથા ૬૧૫-૬૧૬-૬૧૭.

**અર્થ :** જેની પાસે જે વસ્ત્ર નથી, તે સાધુ પ્રવર્તક = વ્યવસ્થાપકને તે વસ્ત્રનું નિવેદન કરે. તે પણ આચાર્યશ્રીને કહે, તે આચાર્યશ્રી અભિગ્રહધારીઓને જણાવે (તે ન હોય તો પછી) અથવા તે સાધુને જ વસ્ત્ર માટે મોકલે. તે ગોચરી માટે ફરતા ફરતા જ વસ્ત્રની શોધ કરે. એમ જો ન મળે તો બીજી પોરિસી અને પછી પહેલી પોરિસી છોડીને પણ વસ્ત્ર શોધે. છતાં જો ન મળે, તો પછી ગુરુ ગચ્છના તમામ સંઘાટકોને એ વસ્ત્ર માટે આજ્ઞા કરે. એ બધા પણ ઉપર મુજબ શોધે. છતાં ન મળે તો પછી આચાર્ય સિવાય બધા જ સાધુઓ સાથે વસ્ત્ર લેવા નીકળે. (આ ગાથાઓની વૃત્તિમાં આનો સ્પષ્ટાર્થ દર્શાવ્યો છે.)

(૫૦) **अशनादीनां चतुर्णामपि मध्ये यत् अपरिणतं सत् साधुग्रहणप्रायोग्यं कृतं प्रासुकीकृतमित्यर्थः तं निष्ठितं विजानीत ।..... अत्रायं वृद्धाम्नायः यद्येकं वारं द्वौ वा वारौ साध्वर्थं कण्डितास्तृतीयवारं तु आत्मनिमित्तं कण्डिता राद्धाश्च, तदा साधूनां कल्पते, यदि पुनरेकं द्वौ वा वारौ साधुनिमित्तं आत्मनिमित्तं वा कण्डितास्तृतीयं तु वारं साध्वर्थमेव । तैरेव तन्दुलैः साधुनिमित्तं निष्पादितकूरः स निष्ठितकृत उच्यते । निष्ठितैराधाकर्मतन्दुलै राद्ध इत्यर्थः । स साधूनां सर्वथा न कल्पते**

– हेतुमाह तत्राधाकर्म द्विगुणमाहुस्तीर्थकृदादय इति । પિંડનિર્યુક્તિ-૧૭૨ - શ્રીક્ષમારત્નસૂરિ-અવચૂરિ

**અર્થ :** અશન, પાનાદિ ચારેયમાં જે સચિત્ત હોય અને એ વસ્તુ સાધુ વહોરી શકે એવું અચિત્ત બનાવાય (સાધુ માટે જ.) તે **નિષ્ઠિત** જાણવું....

અહીં વૃદ્ધ પરંપરા આ છે કે શાલિ-ચોખાના ડોંડા એક કે બે વાર સાધુ માટે કંડિત કરાયા અને ત્રીજીવાર ગૃહસ્થે પોતાને માટે કાંડ્યા. અને પોતાના માટે રાંધ્યા તો એ સાધુને કલ્પે. (બે વાર કાંડવા છતાં એ સંપૂર્ણ અચિત્ત નથી થયા, મિશ્ર છે. ત્રીજી વાર કાંડે ત્યારે અચિત્ત થાય. અને તે વખતે સાધુનો આશય નથી અને એ પછી રાંધતી વખતે પણ નથી એટલે કલ્પે.) જો એક કે બે વાર સાધુ માટે કે પોતાના માટે કાંડ્યા. ત્રીજીવાર સાધુ માટે જ કાંડ્યાં. અને એ જ ચોખા વડે સાધુ માટે ભાત બનાવ્યા. એટલે કે આધાકર્મી ચોખા વડે સાધુ માટે ભાત રાંધ્યા તો એ સાધુને સર્વથા ન કલ્પે. કેમકે અહીં તીર્થંકરો બમણું આધાકર્મી કહે છે. (એક તો સચિત્ત ચોખા સાધુ માટે અચિત્ત થયા, અને પછી સાધુ માટે અગ્નિ દ્વારા પાક થયો. આમ બે ય ને અહીં આધાકર્મી ગણ્યાં છે.)

**(૫૧) अत्र विषये ( आधाकर्मणि ) चत्वारो भङ्गा भवन्ति..... तस्य ( साधोः अर्थाय ) कृतं तस्य निष्ठितं, द्वितीयस्तस्य कृतमन्यस्य निष्ठितं, तृतीयोऽन्यस्य कृतं तस्य निष्ठितं, चतुर्थोऽन्यस्य कृतमन्यस्य निष्ठितं । પિંડનિર્યુક્તિ-૧૬૧ મલયગિરિવૃત્તિ.**

**અર્થ :** આધાકર્મ સંબંધમાં ચાર ભાંગા છે. (૧) સાધુ માટે બનાવવાનું શરુ કર્યું, સાધુના ઉદ્દેશથી જ પૂર્ણ કર્યું. (૨) સાધુ માટે શરૂ, બીજા માટે પૂર્ણ (૩) બીજા માટે શરુ, સાધુ માટે પૂર્ણ (૪) બીજા માટે શરુ અને બીજા માટે પૂર્ણ.

**(૫૨) कर्कटिकादयः साधुनिमित्तमुप्ताः क्रमेण निष्पन्ना यावद् दात्रादिना खण्डिताः, तानि च खण्डानि यावन्नाद्यापि प्रासुकीभवन्ति, तावत्कृतत्वमवसेयं, प्रासुकीभूतानि च तानि निष्ठितानि । પિંડ નિર્યુ. ૧૭૧ મલયાગિરિવૃત્તિઃ**

**અર્થ :** કાકડી વગેરે વસ્તુઓ સાધુઓ માટે વાવી, ક્રમશઃ તે ઉગી અને દાતરડા વગેરેથી તેના ટુકડા કર્યા. પણ એ કરેલા ટુકડાઓ જ્યાં સુધી અચિત્ત ન થાય ત્યાં સુધી એ **કૃત** ગણાય. (અર્થાત્ ત્યાં સુધી એમાં આધાકર્મી ન લાગે.) અને અચિત્ત થાય તો એ નિષ્ઠિત થાય. (અર્થાત્ આધાકર્મી ગણાય. કાકડી એક જાતનું ફળ જ છે. અને એમાં સાધુ નિમિત્તે સમારવા છતાં અચિત્ત ન થાય ત્યાં સુધી એને આધાકર્મ ગણેલ નથી. આજે ફળ સમાર્યા બાદ ૪૮ મિનિટ પછી અચિત્ત થવાનો વ્યવહાર છે. એટલે સમાર્યા બાદ ૪૮ મિનિટ ન થાય ત્યાં સુધી તે આધાકર્મી ન બને...)

**(૫૩) इह यस्मिन्दिने यत्र गृहे कृतमाधाकर्म, तत्र तस्मिन्दिने आधाकर्म, व्यक्तमेतत् । शेषाणि त्रीणि दिनानि पूतिर्भवति, तद्गृहं पूतिदोषवद् भवतीत्यर्थः । तत्र च पूतिदोषवत्सु त्रिषु दिनेषु आधाकर्म दिने च सर्वसङ्ख्यया चत्वारि दिनानि यावन्न कल्पते । પિંડ નિર્યુક્તિ ૨૬૮ મલય. વૃત્તિ.**

**અર્થ :** અહીં જે દિવસે જે ઘરમાં આધાકર્મ કરાયેલું, તે ઘરમાં તે દિવસે આધાકર્મ. (અર્થાત્ તે આખું ઘર જ આધાકર્મ ગણવું) *બાકીના ત્રણ દિવસો પૂતિ થાય. એટલે કે તે ઘર પૂતિદોષવાળું બને. તેમાં* પૂતિદોષવાળા ત્રણ દિવસોમાં અને આધાકર્મવાળા પહેલા દિવસે એમ કૂલ ચાર દિન તે ઘરે વહોરવું ન

કલ્પે.

**(૫૪) साधूनामधोगतिनिबन्धनं कर्म अधःकर्म, भवति साधूनामाधाकर्म भुञ्जानानामधोगतिः, तन्निबन्धनप्राणातिपाद्याश्रवेषु प्रवृत्तेः । પિંડ निर्युक्ति - ૯૫ મલય. वृत्ति.**

**અર્થ :** સાધુઓની દુર્ગતિ=અધોગતિનું કારણ એવું જે કર્મ=ક્રિયા તે અધઃ કર્મ. આધાકર્મ વાપરનારા સાધુઓની અધોગતિ થાય, કેમકે તેઓ અધોગતિના કારણભૂત પ્રાણાતિપાતાદિ આશ્રવોમાં પ્રવૃત્તિ કરે છે.

**(૫૫) पढमं जईण दाऊण अप्पणा पणमिऊण पारेइ । असई अ सुविहिआणं भुंजइ कयदिसालोओ ।**

**साहूण कप्पणिज्जं जं नवि दिन्नं कहिंपि किंचि तहिं । धीरा जहुत्तकारी सुसावगा तं न भुंजंति ।**

**वसहीसयणासणभत्तपाणभेसज्जवत्थपत्ताइं । जइऽवि न पज्जत्तधणो थोवाऽविहु थोवयं देई । ઉપદેશમાલા-૨૩૮-૩૯-૪૦.**

**અર્થ :** સૌપ્રથમ સાધુઓને આપી જાતે નમન કરી પછી પારે (ભોજન વાપરે.) જો સુવિહિત સાધુઓ ન હોય તો ચારેય દિશામાં નજર કરી લીધા બાદ વાપરે. જે કંઈક કલ્પનીય વસ્તુ ક્યાંક સાધુને અપાઈ ન હોય, યથોક્તકારી, ધીર સુશ્રાવકો તે વસ્તુ ન વાપરે. પોતે અલ્પધનવાળો હોય તો પણ વસતિ, શયન, આસન, ભોજન, પાન, ઔષધ, વસ્ત્ર, પાત્ર વગેરે પોતાની પાસે જે થોડું પણ હોય તો ય તેમાંથી થોડું સાધુને વહોરાવે.

**(૫૬) पाकनिर्वर्तनसमये आत्मीयभोगार्हादोदनादेर्भिन्ने = अतिरिक्ते देये ओद्रनादौ इयत्तया = एतावदिह कुटुंबायैतावच्चार्थिभ्यः पुण्यार्थं चेति विषयतया पुष्टं = संवलितं संकल्पनं दुष्टम् ।...... स्वशरीरकुटुंबादेर्योग्ये त्वारंभे = पाकप्रयत्ने निष्ठिते = चरमेन्धनप्रक्षेपेणौदनसिद्ध्युपहिते तत् = स्वभोग्यातिरिक्तपाकशून्यतया संकल्पनं "स्वार्थमुपकल्पितमन्नमितो मुनीनामुचितेन दानेनात्मानं कृतार्थयिष्यामीत्याकारं न दोषान्वितम् । द्वात्रिंशद् द्वात्रिंशिका - ६/१६-१७**

**અર્થ :** રાંધતી વખતે પોતાના ભોજન માટે યોગ્ય ભાત વગેરે કરતા જુદા = વધારાના આપવા યોગ્ય ઓદનાદિમાં "આમાં આટલું કુટુંબ માટે અને આટલું યાચકો માટે, પુણ્ય માટે..." એ રીતે સંકલ્પ તે દૂષ્ટ છે. પણ પોતાના શરીર, કુટુંબાદિને યોગ્ય એવો ભોજન રાંધવાનો પ્રયત્ન છેલ્લા ઇંધનના પ્રક્ષેપ કરવા પૂર્વક ઓદનસિદ્ધિથી યુક્ત બને. (અર્થાત્ ભાત રંધાઈ જાય.) તો એ ભોજનમાં સ્વભોગ્યથી વધારાના પાકથી શૂન્ય તરીકેનો આ સંકલ્પ એ દૂષ્ટ નથી કે "આપણા માટે આ અન્ન બનેલું છે. આમાંથી સાધુઓને ઉચિત દાન આપવા વડે જાતને કૃતાર્થ બનાવીશ." એ સંકલ્પ દૂષ્ટ નથી.

**(૫૭) नाना - अनेकप्रकारोऽभिग्रहविशेषात् प्रतिगृहमल्पाल्पग्रहणाच्च पिण्डः - आहारपिण्डः, ...... तस्मिन् रताः । દશવૈ. निर्यु.-१२९. હારિ.वृत्ति.**

**અર્થ :** અભિગ્રહ વિશેષને લીધે અને દરેકેદરેક ઘરમાં થોડું થોડું વહોરવાના કારણે જુદાજુદા પ્રકારનો જે આહારપિંડ મળે તેમાં રત = ઉદ્વેગરહિત સાધુઓ હોય. (આ મધુકરીભિક્ષા કહેવાય.)

**• अज्ञातोञ्छं = परिचयाकरणेनाज्ञातः सन् भावोञ्छं = गृहस्थोद्धरितादि अटित्वाऽऽनीतं भुङ्क्ते, न**

तु ज्ञातस्तद्बहुमतमिति । દશવૈકા. અધ્યયન-૯ ઉદ્દેશો ૩ ગાથા-૪

**અર્થ :** શ્રાવકાદિ સાથે પરિચય ન કરવાને લીધે શ્રાવકાદિ વડે બિલકુલ નહિ જણાયેલો સાધુ ગૃહસ્થોના ઘરે વાપર્યા બાદ વધેલી ગોચરી વગેરેને ફરી ફરીને લાવે અને લાવીને વાપરે. પણ ગૃહસ્થો વડે જણાયેલો છતાં ગૃહસ્થોને બહુમાન્ય સારી વસ્તુઓ લાવીને ન વાપરે.

(૫૮) **पाखण्डं व्रतं, तदस्यास्तीति पाखण्डी** । દશવૈ. નિર્યુક્તિ ૧૫૮ હારિ. વૃત્તિ.

**અર્થ :** પાખંડ એટલે વ્રત, તે જેની પાસે હોય તે પાખંડી.

(૫૯) **निग्गंथसक्कतावसगेरुयआजीव पंचहा समणा** । દશવૈકાલિક અધ્યયન-૧ ગાથા ૩ હારિ. વૃત્તિ.

**અર્થ :** નિર્ગ્રન્થ (જૈન સાધુ), શાક્ય, તાપસ, ગેરુક, આજીવક એ પાંચ શ્રમણો છે.

(૬૦) **आधाकर्म गृह्णतः प्रायश्चित्तं चत्वारो गुरुकाः ।.... विभागोद्देशिके यत् चरमं त्रिकं – समुद्देशकर्म आदेशकर्म समादेशकर्म च । तत्र गृह्यमाणे प्रत्येकं चत्वारो गुरुकाः** । બૃહત્કલ્પગાથા ૫૩૩

**અર્થ :** આધાકર્મ ગ્રહણ કરનારાને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે.... વિભાગોદ્દેશિકમાં જે છેલ્લા ત્રણ ભેદ છે. સમુદ્દેશકર્મ, આદેશકર્મ અને સમાદેશકર્મ. તે ગ્રહણ કરાય તો તે દરેકમાં ચતુર્ગુરુ પ્રાય. છે (બેયમાં સરખું પ્રાય. આપ્યું છે.)

(૬૧) **इन्धनाङ्गारावयवधूमगन्धबाष्पैराधाकर्मसम्बन्धिभिः सम्मिश्रं यत्शुद्धमशनादिकं तत् सूक्ष्मपूतिः । एषा च किल सूक्ष्मपूतिर्नागमे निषिद्ध्यते ।..... इन्धनाग्न्यवयवाः सूक्ष्मा ये धूमेन सहादृश्यमाना गच्छन्ति, तथा धूमो बाष्पोऽन्नगन्धश्च, एते सर्वेऽपि प्रसरन्तः किल सकलमपि लोकं स्पृशन्ति, तत्पुद्गलानां सकलमपि लोकं यावद् गमनसम्भवात्** । પિંડનિર્યુ. ૨૫૭-૨૫૯ મલય.વૃત્તિ.

**અર્થ :** ઇંધન અને અંગારના અવયવો, ધૂમ, ગન્ધ અને બાષ્પ આ બધા આધાકર્મી સંબંધી પદાર્થો છે. તેના વડે મિશ્ર બનેલ જે શુદ્ધ અશનાદિ છે, તે સૂક્ષ્મપૂતિ કહેવાય. આ સૂક્ષ્મપૂતિનો આગમમાં નિષેધ નથી...., ઇંધન (લાકડું વગેરે) અને અગ્નિના અવયવો સૂક્ષ્મ છે કે જે ધૂમની સાથે નહિ દેખાતા છતાં જાય છે. તથા ધૂમ, બાષ્પ અને અન્નની ગંધ... આ બધા પણ પ્રસરતા-પ્રસરતા આખાય લોકને સ્પર્શે છે. કેમકે તે પુદ્ગલોનો આખાય લોક સુધી જવાનો સ્વભાવ છે.

(૬૨) જુઓ, ૫૩ નંબર.

*(૬૩) यत्र परिमितमशनादि द्रव्यं प्रविशति तत्र दशानां मानुषाणां हेतोरुपस्क्रियमाणे एकस्य-* **अपरस्य योग्यं भक्तं भक्तार्थमुद्वरति, स च भक्तार्थ एकस्य साधोः परिपूर्णाहारमात्रारूप एकं दिनं ग्रहीतुं कल्पते । यदि द्वितीयादिषु दिवसेषु गृह्णन्ति, तदा स साधुभिः प्रतिदिवसगृह्यमाणो भक्तार्थो नित्यजेमनमेव तैः श्राद्धैर्गण्यते, ततश्च तदर्थमध्यवपूरकः प्रक्षिप्येत..... यत्र पुनरपरिमितं राध्यते, तत्र दशानां मानुषाणां अर्वागपि = नवाष्टादिसङ्ख्याकानामपि हेतो राद्धे एकस्य योग्यो भक्तार्थ उद्वरति, स च दिने दिने कल्पते इति** । બૃહત્કલ્પ ગાથા ૧૬૧૨-૧૩.

**અર્થ :** જ્યાં માપસર અશનાદિ દ્રવ્ય પ્રવેશે, ત્યાં દશ મનુષ્યો માટે રંધાતા ભોજનમાં વધારાના એક

માણસને ચાલે, એટલું ભોજન વધે, અને એટલે તે ભોજન એક સાધુને સંપૂર્ણ આહારમાત્રા રૂપે એક દિવસ લેવો કલ્પે. જો બીજા, ત્રીજા દિવસે પણ ત્યાં ગ્રહણ કરે, તો સાધુઓ વડે રોજેરોજ ગ્રહણ કરાતો તે આહાર શ્રાવકો વડે નિત્યભોજન જ ગણાવા લાગે. અને એટલે તેઓ સાધુ માટે વધારે નાંખતા થઈ જાય. જ્યાં પુષ્કળ રંધાતું હોય, (સહજ રીતે જ) ત્યાં તો નવ-આઠ-સાત માણસોના માટે બનાવેલા ભોજનમાં પણ એક સાધુને ચાલે એટલો આહાર વધે, અને તે દિવસે દિવસે લેવો કલ્પે. (અત્યારે શ્રાવકો અપરિમિત રાંધે છે ? કે પરિમિત ? તથા તેઓ ઘરમાં કેટલા જણ જમે છે ?... વગેરેની વિચારણા તટસ્થ બનીને કરવી. આગ્રહી બનીને નહિ.)

(૬૪) **अथ ये गृहस्थाः साधुवन्दनार्थमागच्छन्ति, तदानयनेऽसौ न भविष्यति वन्दनार्थागमनस्य गृहस्थप्रयोजनत्वात् साध्वर्थभक्तानयनस्य च प्रासङ्गिकत्वादिति, नैवम् अभ्याहृतदोषाभावेऽपि मालापहृतनिक्षिप्तपिहिताद्यनेकविधदोषप्रसङ्गात्, अथ गृहस्थवचनप्रामाण्यात्तदवगमे तत्परिहारो भविष्यति, सत्यम् । किन्तु गृहस्थहस्तस्थापितादिदोषो दुष्परिहार्यः स्यादिति । અષ્ટપ્રકરણ-વૃત્તિ ૫-૩.**

**અર્થ : પ્રશ્ન :** જે ગૃહસ્થો સાધુને વંદન કરવા માટે આવે છે, તેઓ સાથે ગોચરી લેતા આવે તો એમાં આ અભ્યાહૃત દોષ નહિ થાય. કેમકે વંદન માટે આગમન એ જ ગૃહસ્થનું મુખ્ય પ્રયોજન છે. સાધુ માટે ભોજન લાવવું એ તો પ્રાસંગિક છે. **ઉત્તર :** ના, ભલે એમાં અભ્યાહૃતદોષ ન હોય. તો પણ માલાપહૃત, નિક્ષિપ્ત, પિહિત વગેરે અનેક પ્રકારના દોષો લાગવાનો સંભવ છે (એ વસ્તુ ઉપરના કબાટ વગેરેમાંથી લીધી હોય... તો આ બધા દોષ લાગવાના.) **પ્રશ્ન :** ગૃહસ્થને બરાબર પુછી લેશું અને પછી ગૃહસ્થ જે જવાબ આપે, એ પ્રામાણિક ગણી તેના દ્વારા એ માલાપહૃતાદિ દોષો છે કે નહિ, એ જાણી શકાશે. એ પછી દોષ નહિ હોય તો જ વહોરશું. આ રીતે માલાપહૃતાદિનો પરિહાર થઈ શકશે. **ઉત્તર :** સાચી વાત છે. પણ ગૃહસ્થના હાથમાં એ વસ્તુ સ્થાપેલી હોવાથી સ્થાપનાદિ દોષનો પરિહાર થઈ શકશે નહિ. (ઘરેથી અહીં લાવતા સુધીમાં ગૃહસ્થે સાધુના ઉદ્દેશથી એ વસ્તુ હાથમાં રાખી એટલે સ્થાપના દોષ લાગે જ.)

(૬૫) **नीयदुवारं तमसं कुट्ठगं परिवज्जए । अचक्खुविसओ जत्थ पाणा दुप्पडिलेहगा । દશ વૈ. અધ્યયન ૫-૨૦**

**અર્થ :** નીચા બારણાવાળા, અંધકારવાળા ઓરડાને છોડી દેવો (અર્થાત્ ત્યાં ભિક્ષા ન લેવી) કે જ્યાં ચક્ષુનો વિષય નથી (એટલે કે આંખેથી નીચેની જમીન બરાબર સ્પષ્ટ જોઈ શકાતી નથી.) અને માટે નીચે રહેલા જીવોનું પ્રતિલેખન અઘરું છે.

(૬૬) **सम्प्रत्यपवादमाह कुञ्चिकारहिते, कुञ्चिकाविवररहिते इत्यर्थः, तत्र हि किल पृष्ठभागे उल्ललको न भवति, तेन न घर्षणद्वारेण सत्त्वविराधना, ...... यदुद्घाट्यमानं कपाटं क्रेङ्कारस्वं न करोति, तद्धि पश्चात्क्रियमाणं उर्ध्वाधस्तिर्यग् घर्षत् प्रभूतसत्त्वव्यापादनं करोति, तेन तद्वर्जनं, तस्मिन्नपि किंविशिष्टे ? इत्याह - प्रतिदिवसं-निरन्तरं उद्घाट्यमाने दीयमाने चेत्यर्थः, तस्मिन्प्रायो न गृहगोधिकादिसत्त्वाश्रयसम्भवः, चिरकालमवस्थानाभावात् । इत्थंभूते कपाटे साध्वर्थमप्युद्घाटिते यद ददाति गृहस्थः, तद्गृह्यते । स्थविरकल्पिकानामाचीर्णमेतत् । પિંડનિર્યુ. ૩૫૬ મલયગિરિવૃત્તિ.**

**અર્થ :** હવે અપવાદને કહે છે - ચાવીના કાણા વિનાના બારણાદિમાં કલ્પે. આવા બારણામાં

પાછળના ભાગમાં આંગળો હોતો નથી, તેથી ત્યાં ઘર્ષણ થવા દ્વારા જીવવિરાધના ન થાય... જે ઉઘાડાતું કમાડ = બારણું અવાજ ન કરે, (ત્યાં કલ્પે.) આવું અવાજ કરતું બારણું જ્યારે ખોલીએ ત્યારે તે ઉપર-નીચે-તીરછું ઘસાતું ઘસાતું ખુલે, એટલે ઘણાજીવોની હિંસા કરે. તેથી તેવું બારણું ન જોઈએ. ચાવી વિનાનું - અવાજ વિનાનું પણ જે બારણું રોજેરોજ ખોલબંધ કરાતું હોય તેમાં કલ્પે. કેમકે તેમાં પ્રાયઃ ગિરોળી વગેરે જીવોના સ્થાનોનો સંભવ નથી. કેમકે એ લાંબા કાળ સુધી સ્થિર નથી રહેતું. આવા પ્રકારનું બારણું સાધુ માટે ય ઉઘાડવામાં આવે અને ગૃહસ્થ તેમાંથી વસ્તુ વહોરાવે તો તે ગ્રહણ કરી શકાય. સ્થવિરકલ્પીઓને આ આચીર્ણ = કલ્પ્ય છે.

**(૬૭) यदि पुनः कथमपि चिकित्स्यमानस्यापि तस्यातिशयेन रोगस्योदयः-प्रादुर्भावो भवति, ततोऽहमनेन अतिशयेन रोगीकृत इति सञ्जातकोपो राजकुलादौ ग्राहयति, तथा च सति उड्डाहः = प्रवचनस्य मालिन्यमिति । पिंडनिर्युक्ति ગાથા-૪૬૦ મલયગિરિવૃત્તિ**

**અર્થ :** જો વળી ગમે તે પ્રકારે પણ ચિકિત્સા કરાતા એવા ય તે ગૃહસ્થને વધારે પડતો રોગનો પ્રાદુર્ભાવ થાય, તો "આ સાધુને મને વધારે રોગી કર્યો." એમ ગુસ્સે થઈને સાધુને રાજકુળમાં સૈનિકો પાસે પકડાવે. અને એમ થાય તો પ્રવચનની મલિનતા થાય.

**• एषोऽपि गृहस्थः साधुना चिकित्स्यमानः साधोः संयमप्राणान् हन्ति, शेषांश्च पृथिवीकायादीनिति । (પિં.નિ. ગાથા - ૪૬૦ મલયગિરિવૃત્તિ)**

**અર્થ :** આ પણ ગૃહસ્થ સાધુ વડે ચિકિત્સા કરાતો છતો (સાજો થઈને પુષ્કળ પાપો કરે અને એટલે) સાધુના સંયમ પ્રાણોને અને બીજા પૃથ્વી વગેરે જીવોને હણે.

**(૬૮) गृहस्थस्य वैयावृत्त्यं = गृहिभावोपकाराय तत्कर्मस्वात्मनो व्यावृत्तभावं न कुर्यात्, स्वपरोभयाश्रेयःसमायोजनदोषात् ।...... तथैतद्दोषपरिहारायैव असंक्लिष्टैः = गृहिवैयावृत्त्यकरणसंकलेशरहितैः साधुभिः समं वसेत् मुनिः, चारित्रस्य मूलगुणादिलक्षणस्य येभ्यः साधुभ्यः सकाशात् न हानिः, संवासतस्तदकृत्यानुमोदनादिनेति । अनागतविषयं चेदं सूत्रं, प्रणयनकाले संक्लिष्टसाध्वभावात् । દશવૈ. અધ્યયન-૨જી ચૂલિકા-ગાથા-૯.**

**અર્થ :** ગૃહસ્થને પોતાના સંસારીજીવનમાં ઉપકાર થાય એ માટે તેના કાર્યોમાં સાધુએ પોતે બીજા કાર્યો છોડીને લાગી જવા રૂપ વૈયાવચ્ચ ન કરવું. કેમકે એમાં પોતાને અને ગૃહસ્થને બે ય ને અકલ્યાણમાં જોડવારૂપ દોષ થાય છે... વળી આ દોષ ન લાગે એ માટે જ ગૃહસ્થનું વૈયાવચ્ચ કરવા રૂપ સંકલેશ વિનાના સાધુઓ સાથે મુનિ રહે, કે જે સાધુઓ થકી આ મુનિને મૂલગુણાદિ રૂપ ચારિત્રની હાનિ ન થાય. જો એવા સંક્લિષ્ટ સાધુઓ સાથે રહે તો એમની સાથે રહેવાથી જ એમના અપકૃત્યની અનુમોદનાનો દોષ લાગી જાય અને એટલે સાધુનું ચારિત્ર મલિન બને. આ સૂત્ર ભવિષ્ય સંબંધી જાણવું. કેમકે સૂત્રરચના સમયે સંક્લિષ્ટ સાધુઓ ન હતા.

**• थोवो वि गिहिपसंगो जइणो सुद्धस्स पंकमावहइ । ઉપદેશમાલા - ૧૧૩.**

**અર્થ :** થોડો પણ ગૃહસ્થ સાથેનો સંબંધ શુદ્ધ સાધુને કાદવ લગાડનાર બને છે.

**• जह जउगोलो अगणिस्स णाइदूरे ण आवि आसन्ने । सक्कइ काऊण तहा संजमगोलो**

गिहत्थाणं । દશવૈ.નિ.-૩૭ હારિ.વૃત્તિ.

**અર્થ :** જેમ લાખનો ગોળો અગ્નિની બહુ દૂર કે બહુ નજીક રાખવો શક્ય નથી. (ઘણો દૂર રાખે, તો કામ ન થાય, ખૂબ નજીક રાખે તો પીગળીને બળી જાય.) એમ સંયમગોળો પણ ગૃહસ્થની બહુ નજીક કે બહુ દૂર ન રખાય. (વધુ નજીક જઈએ તો સંયમ રાખ થાય અને ગૃહસ્થપરિચય લેશ પણ ન હોય તો સંયમપાલન આહારાદિ વિના દુષ્કર બને.)

(ઉપરના પાઠોમાં પરિચયાદિનો પણ નિષેધ છે, તો ચિકિત્સાકારણ તો મહાપાપ બની જ રહે.)

(૬૯) **विधिना = उद्गमदोषादिरहितं सारासारविभागेन च यन्न कृतं पात्रके, तद्विधिगृहीतम् । ...... यद् वस्तु मण्डकादि यथैव यस्मिन्स्थाने पतितं भवति, तत्तथैवास्ते, न तु समारयति ।..... गुडादेर्द्रव्यस्य मण्डकादिना प्रच्छाद्य यदेकत्र पात्रकदेशे स्थापनं तदविधिग्रहणम् । ઓઘનિર્યુક્તિ ૫૯૨ થી ૫૯૬.**

**અર્થ :** ૪૨ દોષ વિનાનું વહોર્યું હોય અને પાત્રામાં સારી-નરસી વસ્તુ જુદી જુદી વહોરી ન હોય કે જુદી જુદી કરી ન હોય તે વિધિગૃહીત કહેવાય. મંડક (રોટલી-રોટલા-ખાખરા વગેરે) વગેરે જે વસ્તુ પાત્રામાં જે સ્થાને પડી, તે તેમ જ રહેવા દે. તેને વ્યવસ્થિત ગોઠવે નહિ તે વિધિગ્રહણ છે. જ્યારે ગોળ વગેરે દ્રવ્યને મંડકાદિ વડે ઢાંકી દઈને પાત્રાના એક ભાગમાં સ્થાપવું તે અવિધિગ્રહણ છે.

(૭૦) **छक्कायदयावंतो हि दुल्लहं कुणइ बोहिं आहारे निहारे दुगुंछिए पिंडग्गहणे य । ઓઘનિર્યુક્તિ-૪૪૧**

**અર્થ :** ષટ્કાયની દયાવાળો એવો પણ સાધુ પોતાના બોધિને દુર્લભ બનાવે. જો એ બીજાઓને જુગુપ્સા-અરુચિ થાય એ રીતે આહાર કરે, સ્થંડિલ-માત્રુ જાય કે ગોચરી વહોરે. (શ્રાવકોના ભાવ પડી જાય, એમની આંખો ફાટી જાય એ રીતે વહોરવું તેમાં આ દોષ સ્પષ્ટ છે.)

(૭૧) **इह शङ्कितदोषे चत्वारो भङ्गाः - शङ्कितग्राही शङ्कितभोजी, शङ्कितग्राही निःशङ्कितभोजी..... द्वितीयभङ्गभाविनश्च शङ्कितग्रहणदोषमात्रस्योत्तरशुभपरिणामेन शुद्धिसम्भवात् । યતિજીતકલ્પ-૧૩૦.**

**અર્થ :** અહીં શંક્તિદોષમાં ચાર ભાંગા છે. (૧) શંકિતગ્રાહી + શંક્તિભોજી (૨) શંક્તિગ્રાહી + નિઃશંક્તિ ભોજી........ બીજા ભાંગામાં જો કે શંકિતનું ગ્રહણ કરવાનો દોષ લાગે છે. પણ માત્ર એ જ દોષ લાગે છે. અને એની પણ પાછળથી જે શુભપરિણામ પ્રગટે છે ('આ આધાકર્મી નથી' એવા નિશ્ચય રૂપ પરિણામ) તેના વડે શુદ્ધિનો સંભવ હોવાથી (દોષ નથી.) (અહીં શંકિત વહોરવાનો પણ દોષ તો દર્શાવ્યો જ છે. હા ! એ ભોજન વાપરવા રૂપ અનાચાર અહીં થતો નથી.)

(૭૨) **परमरहस्समिसीणं समत्तगणिपिडगझरिअसाराणं । पारिणामिअं पमाणं निच्छयमवलम्बमाणाणं । ઓઘનિર્યુક્તિ-૭૬૦.**

**અર્થ :** સંપૂર્ણ દ્વાદશાંગીનો સાર પામી ચૂકેલા (માટે જ), નિશ્ચયનું આલંબન કરનારા ઋષિમુનિઓનું પરમરહસ્ય આ જ છે કે પારિણામિક = પરિણતિ = અધ્યવસાય પ્રમાણ છે.

• **अज्झप्पविसोहीए जीवनिकाएहिं संथडे लोए । देसियमहिंसगत्तं जिणेहिं तेलुक्कदंसीहिं । ઓઘનિર્યુક્તિ-૭૪૭.**

**અર્થ :** જીવનિકાય વડે ભરચક ભરેલા આ લોકમાં ત્રિલોકદર્શી જિનેશ્વરોએ અધ્યાત્મની વિશુદ્ધિ વડે અહિંસકતા દેખાડેલી છે. (અર્થાત્ લોકમાં રહેનાર પ્રાયઃ કોઈપણ સંસારી દ્રવ્યહિંસાથી બચી શકતો નથી. સાધુ પણ વાયુકાયાદિની હિંસા તો કરી જ બેસવાનો. એટલે એકે ય જીવ ન મારવા રૂપ અહિંસકતા તો સાધુ માટે શક્ય નથી. પણ એકેય જીવને ન જ મારવાનો નિર્મળતમ પરિણામ અને યથાશક્તિ સખત પ્રયત્ન જ એને સાચો અહિંસક બનાવે.)

(૭૩) **इह सर्वत्रानन्तरनिक्षिप्तं न ग्राह्यं, सचित्तसंघट्टनादिदोषसम्भवात् । परम्परनिक्षिप्तं तु सचित्तसंघट्टनादिपरिहारेण यतनया ग्राह्यमिति सम्प्रदायः । પિંડ નિર્યુ.-૫૫૭ મલયગિરિવૃત્તિ**

**અર્થ :** (પૃથ્વી-પાણી-અગ્નિ વગેરે સચિત્તવસ્તુ ઉપર વહોરાવવા યોગ્ય વસ્તુ અનંતર = સાક્ષાત્ કે પરંપર પડી હોય... એ બધું જ વિસ્તારથી બતાવ્યા બાદ છેલ્લે કહે છે કે) અહીં દરેક સ્થળે અનંતરનિક્ષિપ્ત વસ્તુ ગ્રહણ ન કરવી. કેમકે સચિત્તનો સંઘટ્ટો થવો વગેરે દોષોનો સંભવ છે. જ્યારે પરંપરનિક્ષિપ્ત વસ્તુ તો સચિત્તનો સંઘટ્ટો વગેરે ન થાય એ રીતે યતનાપૂર્વક ગ્રહણ કરી શકાય એ પ્રમાણે સંપ્રદાય છે. (શાકભાજી ઉપર પડેલા ખુલ્લા ડબામાં રોટલી હોય તો એ પરંપરનિક્ષિપ્ત કહેવાય અને શાકભાજીની ઉપર સીધી જ રોટલી પડી હોય તો એ અનંતરનિક્ષિપ્ત કહેવાય અને શાકભાજીની ઉપર સીધી જ રોટલી પડી હોય તો એ અનંતરનિક્ષિપ્ત.... વગેરે બાબતો સૂક્ષ્મબુદ્ધિથી વિચારી લેવી.)

(૭૪) **इहानन्तरपिहितमकल्प्यं, परम्परपिहितं तु यतनया ग्राह्यम् । પિંડ નિર્યુ. - ૫૬૦ વૃત્તિ.**

**અર્થ :** અહીં અનંતરપિહિત અકલ્પ્ય છે, પરંપરપિહિત યતના વડે ગ્રહણ કરી શકાય. (રોટલીની ઉપર જ કીડીઓ ચાલતી હોય તો અનંતર-ત્રસપિહિત, અને કીડીવાળું છીબું રોટલી ઉપર પડેલું હોય, તો પરંપર-ત્રસપિહિત થાય... એમ પૃથ્વીકાયાદિમાં પણ સમજવું.)

(૭૫) **जे जहिं दुगुंछिया खलु पव्वावणवसहिभत्तपाणेसु । जिणवयणे पडिकुट्ठा वज्जेयव्वा पयत्तेणं ।.... ઓઘનિર્યુ.-૪૪૨**

**અર્થ :** જે દેશ વગેરેમાં જે જીવો દીક્ષા-વસતિ-ભોજન-પાણીને વિશે નિંદિત હોય (અર્થાત્ જ્યાં જેઓને ત્યાં ગોચરી-પાણી જવું લોકોમાં નિંદિત બનતું હોય.) તેઓ જિનવચનમાં નિષેધ કરાયેલા છે. પ્રયત્નપૂર્વક તેઓને ત્યાં ગોચરી-પાણી વગેરે માટે જવું વર્જવું.

• **सागारि वणिम सुणए गोणे पुन्ने दुगुंछियकुलाइं हिसागं मामागं सव्वपयत्तेण वज्जेज्जा ।...... जुगुप्सितं-छिम्पकादि..... हिंसागं - सौकरिकादिगृहं ।.... ઓઘ નિર્યુ. ૪૩૬**

**અર્થ :** શય્યાતર, દરિદ્ર, દુષ્ટ કુતરાવાળું, દુષ્ટ ગાયવાળું, પુણ્યની ઈચ્છાથી ઘણું વધારે રાંધી શ્રમણોને આપનારનું ઘર, છિંપક વગેરે નિંદનીય જાતિના ઘર, ભૂંડ મારનારાદિ હિંસકોના ઘર, સાધુને વહોરવા આવવાનો નિષેધ કરનાર ઘર... આ બધા ઘરો સર્વ પ્રયત્નથી છોડી દેવા.

(૭૬) **तथाऽऽपन्नसत्त्वाऽपि यदि..... वेलामासप्राप्ता भवति, नवममासगर्भा यदि भवतीत्यर्थः, तर्हि स्थविरकल्पिकैः परिहार्या, अर्थात् तद्विपरीताया हस्तात्स्थविरकल्पिकानामुपकल्पते इति द्रष्टव्यम् । પિંડ નિર્યુક્તિ ૬૦૧ વૃત્તિ.**

**અર્થ :** ગર્ભવતી સ્ત્રી પણ જો વેલામાસને પામેલી હોય, એટલે કે નવમા મહિનાના ગર્ભવાળી હોય,

તો સ્થવિરકલ્પિકોએ તેના હાથે ન વહોરવું. એનો અર્થ એ કે એ સિવાયની ગર્ભવતી સ્ત્રીના હાથેથી સ્થવિરકલ્પિકોને લેવું કલ્પે.

(૭૭) **भर्जमानाऽपि यत्सचित्तं गोधूमादि कडिल्लके क्षिप्तं, तद् भृष्ट्वोत्तारितमन्यच्च नाद्यापि हस्तेन गृहणाति, अत्रान्तरे यदि साधुरायातो भवति, सा चेद् ददाति तर्हि कल्पते । પિંડ નિર્યુ.** – ગાથા ૬૦૧

**અર્થ :** ઘઉં વગેરેને સેકતી એવી પણ સ્ત્રી જે સચિત્ત ઘઉં વગેરે કડાઈમાં નાંખ્યા હોય, એ સેકીને ઉતારી લીધા હોય, અને બીજા ઘણા હજી પણ હાથથી ગ્રહણ કર્યા ન હોય અને એ વખતે સાધુ આવી જાય અને જો તેણી વહોરાવે તો કલ્પે. (અહીં એટલો સમય અગ્નિ નકામી જ બગડવાની છે. આ જ પદાર્થ રોટલી વગેરેમાં પણ સમજવો.)

(૭૮) **खीर दहि जाउ कट्टर तेल्ल घयं फाणियं सपिंडरसं इच्चाई बहुलेवं पच्छकम्मं तर्हि नियमा । પિંડ નિર્યુક્તિ ૬૨૫**

**અર્થ :** દૂધ-દહી-ખીર-કટ્ટર (દહીંવડા)-તેલ-ઘી-ગોળનું પાણી-અત્યંત રસવાળા પદાર્થો એટલે કે ખજુરાદિ... આ બધા બહુલેપવાળા દ્રવ્યો છે. તેમાં અવશ્ય પશ્ચાત્કર્મ થાય. (દાળ-શાકમાં તેલ-ઘી વગેરે નાંખવામાં આવતા હોવાથી અને તમામ ફળો ખજુરાદિની જેમ અતિરસવાળા હોવાથી બહુલેપકૃત ગણાય.)

• **इह साधुना सदैव ग्रहीतव्यमलेपकृद्-वल्लचनकादि, मा भूवन् लेपकृति गृह्यमाणे दध्यादिलिप्तहस्तादिप्रक्षालनादिरूपा दोषाः, आदिशब्दात्कीटिकादिसंसक्तवस्त्रादिना प्रोञ्छनादिपरिग्रहः । अतो लेपकृन्न ग्रहीतव्यम् ।... પિંડ નિર્યુ. ૬૧૩. મલયગિરિવૃત્તિ**

**અર્થ :** સાધુએ કાયમ માટે અલેપકૃત્ એવા વાલ-ચણાદિ જ લેવા જોઈએ. (જેમાં તેલ-ઘી વગેરેનો વઘાર કે દહીં વગેરે કશું જ ન હોય.) કેમકે જો લેપકૃત ગ્રહણ કરે તો દધિ વગેરેથી ખરડાયેલા હાથ ધોવા, કીડી વગેરે વાળા વસ્ત્રાદિથી હાથ લુંછવા વગેરે રૂપ દોષ લાગે. આથી લેપકૃત્ ન લેવું. વળી કાયમ જો અલેપકૃત્ લઈએ તો રસવાળી વસ્તુના વાપરવા દ્વારા થનારી લંપટતાની વૃદ્ધિ ન થાય. તેથી સાધુએ કાયમ અલેપકૃત જ વાપરવું.

(૭૯) **तिय सीयं समणाणं तिय उण्ह गिहीण तेणणुण्णायं । तक्काइणं गहणं कट्टरमाईसु भइयव्वं । आहार उवहि सेज्जा तिण्णि वि उण्हा गिहीण सीए वि ।**

**तेण उ जीरइ तेसिं दुहओ उसिणेण आहारो । एयाइं चिय तिन्नि वि जईण सीयाइं होंति गिम्हे वि । तेणुवहम्मइ अग्गी तओ य दोसा अजीराई ॥ પિંડ નિર્યુક્તિ ૬૨૦-૨૧-૨૨**

**અર્થ :** સાધુઓને ત્રણ વસ્તુ શીત=ઠંડી છે. ગૃહસ્થને ત્રણ વસ્તુ ઉષ્ણ=ગરમ છે. તેથી સાધુઓને છાશ વગેરેની રજા અપાઈ છે. દહીંવડા વગેરે વસ્તુ લેવામાં ભજના છે. (એ આસક્તિકારક હોવાથી ખાસ કારણ હોય ત્યારે જ વાપરવાના છે, અન્યથા નહિ)

આહાર-ઉપધિ (વસ્ત્રાદિ) – શય્યા (ઘર) આ ત્રણ વસ્તુ ગૃહસ્થોને તો ઠંડીમાં પણ ગરમ હોય છે. (રોજેરોજ વસ્ત્ર ધોવાય, ઘરમાં રોજ ચૂલો પ્રગટે... એટલે એ રીતે વસ્ત્ર અને ઘર ગરમ કહેવાય.) આમ

અંદરની ગરમી અને બહારની ગરમી એ બે ય ગરમીથી તેમને ખાધેલો આહાર પચી જાય. જ્યારે આ જ ત્રણ વસ્તુઓ સાધુઓને ઉષ્ણકાળમાં પણ શીત હોય. (કાપ લાંબાકાળે કાઢવાનો અને ઉપાશ્રયમાં અગ્નિ પ્રગટે જ નહિ. ગોચરી ઠંડી જ આવે.) તેનાથી તેમની અંદરની જઠરાગ્નિ હણાઈ જાય અને એટલે અજીર્ણાદિ દોષો થાય.

(૮૦) **सम्प्रत्युष्णग्रहणे दोषमाह..... यस्मिन्भाजने तदत्युष्णं गृह्णाति, तेन तप्तं सद् भाजनं हस्तेन साधुर्गृह्णन् दह्यत इत्यात्मविराधना । येनापि स्थापितेन स्थानेन सा दात्री ददाति तेनाऽप्यत्युष्णेन सा दह्यत इति ।.....अत्युष्णमिक्षुरसादि कष्टेन दात्री दातुं शक्नोति, कष्टेन च दाने कथमपि साधुसत्कभाजनाद् बहिरुज्झने हानिर्दीयमानस्येक्षुरसादेः । .... भाजनस्य साधुना वसतावानयनायोत्पाटितस्य पतद्ग्रहादेर्दात्र्या वा दानायोत्पाटितस्योदञ्चनस्य गण्डरहितस्यात्युष्णतया झगिति भूमौ मोचने भङ्गःस्यात् तथा च षड्जीवनिकायविराधनेति संयमविराधना । પિંડનિર્યુક્તિ-૫૫૬ મલયગિરિવૃત્તિ.**

**અર્થ :** હવે ગરમવસ્તુ વહોરવામાં દોષ બતાવે છે... જે પાત્રાદિમાં તે અતિ ગરમ વસ્તુ ગ્રહણ કરે, તે વસ્તુથી ગરમ થયેલા પાત્રાદિને હાથ વડે પકડતો સાધુ બળે, આમ આત્મવિરાધના થાય. તથા જે ભોજન વડે (તપેલી વગેરે વડે) તે વહોરાવનાર બહેન ગરમ વસ્તુ વહોરાવે. તે ભોજન પણ અતિગરમ હોવાથી, તેના દ્વારા તે બહેન બળે... અતિ ગરમ શેરડીનો રસ વગેરેને બહેન મુશ્કેલીથી વહોરાવી શકે. અને એ રીતે વહોરાવવામાં જો સાધુના પાત્રાદિની બહાર વસ્તુ ઢોળાય તો એ વહોરાવાતી વસ્તુનો બગાડ જ થાય. વળી એ ગરમ વસ્તુથી ભરેલું પાત્રુ વગેરે ઉપાશ્રયમાં લઈ જવા માટે સાધુ ઉપાડે કે પછી દાત્રી = બહેન વહોરાવવા માટે જ હાથા વિનાના ડોયા વગેરેને ઉપાડેલ હોય તે એ અતિગરમ થઈ ગયું હોવાથી જલ્દીથી નીચે મૂકવા પ્રયત્ન કરે... આ બેયમાં તે પાત્રું - ડોયો તુટી જાય. (વસ્તુ ઢોળાય અને એટલે) ષટ્કાયની વિરાધના થાય. આમ સંયમવિરાધના થાય.

(૮૧) **उष्णं वा भक्तपानं फुत्करोति.....मासलघु प्रायश्चित्तम् । अभीक्ष्णसेवायां च दशवाराभिः पाराञ्चिकम् । યતિજીતકલ્પ-૫૦.**

**અર્થ :** ગરમ ભોજન કે પાણીને ફુંક મારે (ઠંડુ કરવા માટે...) તેમાં માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે. વારંવાર આવું કરે તો દશમી વારે પારાંચિક પ્રાય. આવે.

• **काष्ठपात्र्यादिषु वस्त्राणामास्फालनेनोत्थितवातस्य वधो-विनाशः । પિંડ નિર્યુ. ૨૪ શ્રી વીરગણિવૃત્તિ.**

**અર્થ :** લાકડાની પાત્રી વગેરેમાં (કાપ કાઢતી વખતે) વસ્ત્રોના અથડાવાથી ઉત્પન્ન થયેલા વાયુનો વિનાશ થાય. (ગરમાગરમ પાણી-દૂધ વગેરેને ફુંક ન મારીએ, પણ મોટી પાત્રીમાં હલાવીએ તો પણ એમાં વાયુની ઉત્પત્તિ થાય અને એ રીતે વિરાધના થાય...)

(૮૨) **षड्भिः कारणैः वक्ष्यमाणस्वरूपैः साधुराहारयन्नपि आहारमाचरति धर्मं.....। वेअणवेयावच्चे इरियट्ठाए संजमट्ठाए । तह पाणवत्तियाए छट्ठं पुणधम्मचिंताए ।** પિંડ નિર્યુ. ૬૬૧-૬૨

**અર્થ :** આગળ કહેવાતા છ કારણોસર સાધુ આહાર વાપરે તો પણ ધર્મ આચરે છે... તે કારણો આ પ્રમાણે છે. (૧) વેદના (૨) વૈયાવચ્ચ (૩) ઈર્યાસમિતિ (૪) સંયમપાલન (૫) પ્રાણધારણ (૬) ધર્મચિંતા

**(૮૩) तथा प्रत्याख्यातेऽप्याहारे परीषहपीडितो यद्यसौ कथमप्याहारमभिलषति....समाधिसम्पादनाय किञ्चिदाहारो दीयते, ततस्तद्बलेन परीषहान् परिभूय प्रस्तुतपारगामी भवति । अथ वेदनार्दित आहारं न करोति तदाऽऽर्तध्यानोपगतस्तिर्यक्षु भवनपतिव्यन्तरेषु वा समुत्पद्येत, प्रत्यनीकेषु च भवनपतिव्यन्तरेषूत्पन्नः कोपवशात् कदाचित्पाश्चात्ययतीनामुपद्रवमपि कुर्यादिति । પ્રવચન સારોદ્ધાર - દ્વાર ૭૧- ગાથા-૬૨૯.**

**અર્થ :** આહારનો ત્યાગ કર્યો હોવા છતાં જો ભુખાદિ પરીષહથી પીડિત થયેલો એ અનશની કોઈપણ રીતે આહારની ઈચ્છા કરે તો.... તેને સમાધિ આપવા માટે કંઈક આહાર આપવો. ત્યારબાદ તેના બલથી પરીષહોને જીતીને એ સાધુ પ્રસ્તુત અનશનનો પાર પામે. જો વેદનાથી દુઃખી થયેલો તે અનશની આહાર ન કરે તો આર્તધ્યાનવાળો તે અનશની તિર્યંચોમાં કે ભવનપતિ-વ્યંતરોમાં જાય. અને શત્રુભૂત એવા ભવનપતિ-વ્યંતરમાં જો ઉત્પન્ન થાય તો (આ સાધુઓએ મને છેલ્લે ભોજન ન આપ્યું, એ પ્રમાણે) ક્રોધ પામી પૂર્વભવના સાધુઓને ઉપદ્રવ પણ કરે.

**(૮૪) अकृतयोगी = ग्लानादिकार्ये गृहेषु त्रिःपर्यटनरूपं योगं-व्यापारमकृत्वैव योऽनेषणीयमासेवते । यथाऽसंस्तरादौ त्रीन् वारानेषणीयार्थं पर्यटिताशेषगृहेणाऽप्यप्राप्तैषणीयेन चतुर्थवेलायामनेषणीयं ग्राह्यमित्येवं व्यापारमकृत्वैव प्रथमद्वित्रिवेलास्वप्यनेषणीयं गृह्णाति स तथा। યતિજીતકલ્પ-૧.**

**અર્થ :** અકૃતયોગી એટલે ગ્લાન વગેરેને વૈયાવચ્ચાદિ કાર્યો આવી પડે ત્યારે જે સાધુ ઘરોમાં ત્રણવાર ફરવા રૂપ યોગ= (વ્યાપાર) કર્યા વિના જ દોષિતવસ્તુ (નાના દોષવાળી પણ) સેવે (તો એ દર્પિક પ્રતિસેવા = અતિચારવિશેષ છે.) જેમકે નિર્વાહ ન થતો હોય ત્યારે ત્રણવાર નિર્દોષ ગોચરી માટે તમામ ઘરોમાં ફરવા છતાં પણ નિર્દોષ ન મેળવી શકેલા સાધુએ ચોથીવારમાં દોષિત લેવું... આ પ્રમાણે વ્યાપાર કર્યા વિના જ પહેલી-બીજી કે ત્રીજી વખતમાં પણ જે દોષિત વહોરી લે (તે દર્પિક પ્રતિસેવાવાળો ગણાય.)

**(૮૫) १. दूरे दूरतरे वाऽस्तु, खड्गधारोपमं व्रतम् । हीनसत्त्वस्य हि चिन्ता स्वोदरस्यापि पूरणे।**

**२. यत्तदर्थं गृहस्थानां बहुचाटुशतानि स । बहुधा च करोत्युच्चैः श्वेव दैन्यं प्रदर्शयन्।**

**३. त्वमार्या त्वं च माता मे, त्वं श्वसा त्वं पितृष्वसा, इत्यादिज्ञातिसम्बन्धान् सेवते दैन्यमाश्रितः।**

**४. अहं त्वदीयपुत्रोऽस्मि, कवलैश्तव वर्धितः, तव भागहरश्चैव जीवकस्ते तवेहकः।**

**५. एवमादीनि दैन्यानि क्लीबः प्रतिजनं मुहुः । करोति नैकशस्तानि कः प्रकाशयितुं क्षमः ।**

**६. आगमे योगिनां या तु सैंही वृत्तिः प्रदर्शिता । तस्यास्त्रस्यति नाम्नाऽपि का कथाऽऽचरणे पुनः।**

**७. किन्तु शातैकलिप्सुः सः, वस्त्राहारादिमूर्च्छया कुर्वाणो मन्त्रतन्त्रादि गृहव्याप्तिं च गेहिनाम् ।**

**८. कथयंश्च निमित्ताद्यं लाभालाभं शुभाशुभं कोटिं काकिणीमात्रेण हारयेत्स्वं व्रतं त्यजन् ।**

**९. चारित्रैश्वर्यसंपन्नं पुण्यप्राग्भारभाजनं मूढबुद्धिर्न वेत्ति स्वं त्रैलोक्योपरिवर्तिनम् ।**

**१०. ततश्च भिक्षुकप्रायं मन्यमानो विपर्ययात् भावनिःस्वधनेशानां ललनानि करोत्यसौ ।**

**– યોગસાર: ૧૩૧ થી ૧૪૦**

**અર્થ :** (૧) તલવારની ધાર ઉપર ચાલવા જેવું મહાવ્રતપાલન સત્ત્વહીન સાધુને તો શું થવાનું છે ? એને તો પોતાનું પેટ ભરવાની જ ચિન્તા રહેતી હોય છે. ૨. કેમકે તે પોતાનો નિર્વાહ કરવા માટે કુતરાની જેમ દીનતા દર્શાવતો સેંકડો જાતની ગૃહસ્થોની ખુશામત કરે છે. (૩) દીન બનેલો સાધુ જ્ઞાતિ સંબંધોને પ્રગટ કરે છે કે "તું પૂજનીય છે, તું મા-બહેન-ફોઈ છે." (૪) "હું તારો દીકરો છું, તારા કોળીયાઓથી મોટો થયો છું. તારો ધંધાકીય ભાગીદાર છું. તારો નોકર છું. તારો ચાહક છું." (૫) આવા પ્રકારે તે કાયર પુરુષ પ્રત્યેક મનુષ્ય પાસે વારંવાર અનેક પ્રકારની દીનતાઓને જે રીતે કરે છે, તેને ખુલ્લી કરવા માટે શબ્દોનું સામર્થ્ય નથી. (૬) આગમમાં સાધુઓની જે સિંહ જેવી વૃત્તિ = આજીવિકા બતાવી છે, તેના તો નામથી પણ આ ત્રાસ પામે છે. તો આચરણમાં તો વાત જ શી ? (૭-૮) પરંતુ એક માત્ર સુખનો લાલચુ તે સાધુ વસ્ત્ર આહારાદિની મૂર્છાથી મન્ત્ર, તન્ત્રાદિ, ગૃહસ્થોના ઘરની ચિંતા કરતો તથા લાભ-અલાભ, શુભાશુભ નિમિત્ત કહેતો પોતાના વ્રતને છોડતો માત્ર કાકિણી માટે કરોડ રૂપિયા હારે છે. (૯-૧૦) મૂઢબુદ્ધિવાળો તે ચારિત્રૈશ્વર્યથી સંપન્ન, પુણ્યના ભંડારનું ભાજન, ત્રણલોકમાં અગ્રેસર પોતાની જાતને જ જાણતો નથી. અને તેથી ભ્રમણાને કારણે જાતને ભિખારી જેવી માનતો તે ભાવધન વિનાના ગૃહસ્થોની ખુશામત કરે છે.

(૮૬) **यस्तु विधिगृहीतमविधिभुक्तं काकशृगालादिरूपं भक्तं ददाति, योऽपि गृह्णाति, तयोर्द्वयोरपि निज्जुहणा = निर्द्धारणं क्रियते, ....... अथवा एतद्दोषाकरणतया उपस्थितं दातारं ग्रहीतारं च ज्ञात्वा संगोपायनं क्रियते, कल्याणकं च गुरवो ददति, तच्च ददति तिरस्कृत्य, यदुत त्वया पुनरेवं न कर्तव्यम् । ઓઘનિર્યુક્તિ ભાષ્ય ૨૯૯-૩૦૦.**

**અર્થ :** જે સાધુ વિધિગૃહીત (૪૨ દોષ રહિત) પણ અવિધિભુક્ત એટલે કે કાક-શૃગાલાદિની જેમ વાપર્યા બાદ વધેલું ભક્ત અન્ય સાધુને આપે. (આમાં સંયોજના કરીને વાપરવું.... વગેરે આવી જાય છે.) અને જે ગ્રહણ કરે, તે બે યને ગુરુ ગચ્છમાંથી કાઢી મૂકે. અથવા જો તે બે સાધુ ફરી એ દોષ નહિ સેવવા માટે તૈયાર થાય તો એ બેયને ગચ્છમાં રાખે. પણ ગુરુ તે બેયને કલ્યાણક પ્રાય. આપે. અને એ પણ તિરસ્કાર કરીને આપે કે ફરી આવું ન કરતા.

(૮૭) **तद् भवति भोजनं साङ्गारं यत्तद्गतविशिष्टगन्धरसास्वादवशतो जाततद्विषयमूर्च्छः सन् अहो ! मिष्टं अहो सुसम्भृतं अहो स्निग्धं सुपक्वं सुरसमित्येवं प्रशंसन्नाहारयति । પિંડ નિર્યુ. ૬૫૫**

**અર્થ :** તે ભોજન ઇંગાલદોષવાળું થાય કે તે ભોજનમાં રહેલી વિશિષ્ટ ગંધ અને તેના રસના આસ્વાદને લીધે તેમાં મૂર્ચ્છિત થયેલો સાધુ "શું મીઠાશ છે ! શું મસાલો છે ! શું વિગઈ છે ! શું પકાવ્યું છે ! - કેટલું મજેદાર છે..." એમ પ્રશંસા કરતો કરતો વાપરે.

(૮૮) **बत्तीसं किर कवला आहारो कुच्छिपुरओ भणिओ । पुरिसस्स महिलाए अट्ठावीसं भवे कवला । પિંડ નિર્યુ. ૬૪૨**

**અર્થ :** પુરુષનો ૩૨ કોળીયા આહાર અને સ્ત્રીઓનો ૨૮ કોળીયા આહાર પેટ ભરનારો કહ્યો છે.

• **भक्तपानोदरता पुनरात्मीयाहारादिमानपरित्यागवतो वेदितव्या** । દશ વૈ. નિ. ૪૭ હારિ. વૃત્તિ.

**અર્થ :** પોતાના આહારાદિના પ્રમાણનો પરિત્યાગ કરનારાને (અર્થાત્ રોજીંદા પ્રમાણ કરતા ઓછું વાપરનારાને) ભક્તપાન-ઉણોદરી કહેવાય.

(૮૯) **वर्धन्ते पञ्च कौन्तेय ! सेव्यमानानि नित्यशः । आलस्यं मैथुनं निद्रा क्षुधा क्रोधश्च पञ्चमः** । યતિજીતકલ્પ-૨૨૫

**અર્થ :** હે કુન્તીપુત્ર ! નિત્ય સેવાતી આ પાંચ વસ્તુ વૃદ્ધિ જ પામે છે. (૧) આળસ (૨) મૈથુન (૩) ઉંઘ (૪) ભુખ (ખોરાક) (૫) ક્રોધ.

(૯૦) **बायालीसेसणसंकडंमि गहणंमि जीव ! न हु छलिओ । इण्हिं जह न छलिज्जसि भुंजंतो रागदोसेहिं** । પિંડ નિર્યુ. - ૬૩૪

**અર્થ :** બેતાલીસદોષોના કારણે અત્યંત વિષમ એવા પણ આ ગોચરી-પાણીના ગ્રહણમાં હે જીવ ! તું જરાક પણ ઠગાયો નહિ. અર્થાત્ સંપૂર્ણપણે નિર્દોષ ગોચરી ખૂબ જ પ્રયત્નપૂર્વક લાવ્યો. પણ હવે તું એવું કરજે કે એ ગોચરી વાપરતી વખતે રાગદ્વેષથી ઠગાય નહિ. - પરેશાન ન થાય.

(૯૧) **इह निर्वाहे सति विशोधिकोटिदोषसम्मिश्रं सकलमपि परित्यक्तव्यम्, अनिर्वाहे तु तावन्मात्रं.......** । પિંડ નિર્યુક્તિ - ૩૯૬.

**અર્થ :** જો વાપર્યા વિના ચાલે એમ હોય (કે બીજી શુદ્ધગોચરી મળતી હોય) તો વિશોધિકોટિદોષવાળી વસ્તુથી સંમિશ્ર બનેલ બધી જ વસ્તુ (તદ્દન નિર્દોષ વસ્તુ પણ) પરઠવી દેવી. પણ જો નિર્વાહ ન થતો હોય તો જેટલું વિશોધિકોટિ દોષવાળું છે, તે જ પરઠવવું. (એ અંગેની વિધિ પૂર્વે લખી દીધી છે.) (અવિશોધિકોટિનો તો સ્પષ્ટ જ નિષેધ છે. ત્યાં તો બધું જ પરઠવી દેવું પડે...)

(૯૨) **तत्र यद्दोषस्पृष्टभक्ते तावन्मात्रेऽपनीते सति शेषं कल्पते, स दोषो विशोधिकोटिः, शेषस्त्वविशोधिकोटिः** । પિંડ નિર્યુ. ૩૯૨

**અર્થ :** તેમાં જે દોષવાળું ભોજન એટલા જ પ્રમાણનું દૂર કરાયે છતેં એની સાથે રહેલ બીજું ભોજન વાપરી શકાય તે વિશોધિકોટિનો દોષ કહેવાય. જ્યારે એ સિવાયનો દોષ અવિશોધિકોટિનો દોષ કહેવાય. (જે દોષવાળી વસ્તુ દૂર કરવા છતાં ય એની સાથે રહેલી બીજી વસ્તુ પણ ન ચાલે તે દોષ અવિશોધિકોટિ... એમ અર્થ થાય.)

(૯૩) **प्रतिग्रहं = पात्रं संलिख्य = प्रदेशिन्या निरवयवं कृत्वा** । દશવૈ. અધ્યયન-૫-ઉદ્દેશો-૨-ગાથા-૧

**અર્થ :** (વાપરી લીધા બાદ) પાત્રાને પ્રદેશિની વડે = પહેલી આંગળી વડે નિરવયવ કરીને.... (અહીં સ્પષ્ટ દર્શાવ્યું છે કે પાત્રમાં વાપરેલી વસ્તુનો અવયવ રહી ન જાય એ રીતે પ્રથમ પાત્રાને આંગળીથી જ શુદ્ધ કરવાનું છે.)

• **यस्मिन्भाजने तदाधाकर्म गृहीतं तस्मिन्नाधाकर्मण्युज्झितेऽपि अकृते कल्पे = वक्ष्यमाणप्रकारेणाप्रक्षालिते यद्वा यत्र भाजने पूर्वं शुद्धेऽपि भक्ते गृहीते आधाकर्म स्तोकमात्रं पतितं**

-तस्मिन् भाजने पूर्वगृहीते शुद्धे आधाकर्मणि च सर्वात्मना त्यक्ते पश्चादकृतकल्पे-वक्ष्यमाणप्रकारेणाकृतकल्पत्रये यद् भूयः शुद्धमपि प्रक्षिप्यते, तदभोज्यमवसेयम् । પિંડ નિર્યુક્તિ - ૧૯૬

**અર્થ :** જે પાત્રામાં તે આધાકર્મ લીધું હોય, તે આધાકર્મ પરઠવી દીધા પછી પણ આગળ કહેવાતા પ્રકાર વડે જો ત્રણ કલ્પ દ્વારા એ પાત્રુ ધોવામાં આવ્યું ન હોય (ત્રણવાર પાણી વડે બરાબર ધોવું તે કલ્પત્રય.) તો તેમાં જે ફરી શુદ્ધ પણ વસ્તુ નંખાય તે અભોજ્ય = વાપરવા માટે અયોગ્ય જાણવી. અથવા પહેલા પાત્રામાં શુદ્ધ ગોચરી લીધા બાદ પછી આધાકર્મ થોડુંક પણ પડ્યું હોય, તો એ પૂર્વ લીધેલ શુદ્ધ અને આધાકર્મી બધું પરઠવી દીધા બાદ પણ ત્રણ કલ્પ કર્યા વિના તે પાત્રામાં કોઈ શુદ્ધ વસ્તુ નંખાય તો તે ન કલ્પે. (પાત્રુ આંગળી વડે શુદ્ધ કરવાનું પૂર્વે જણાવ્યું જ છે; ત્યાર બાદ આ ત્રણ કલ્પ કરવાના રહેશે.)

(૯૪) **अप्रेक्षणं चक्षुषा, अप्रमार्जनं रजोहरणेन । तत्र चत्वारो भङ्गा भवन्ति । तद्यथा - दण्डकग्रहणेन न प्रत्युपेक्षते न प्रमार्जयतीत्येको भडगः । न प्रत्युपेक्षते प्रमार्जयतीति द्वितीयः । प्रत्युपेक्षते, न प्रमार्जयतीति तृतीयः । प्रत्युपेक्षते प्रमार्जयतीति चतुर्थः । तत्र चतुर्थे भडगे दुष्प्रेक्षणे दुष्प्रमार्जने चतुर्भडगी भवति । तथा हि – दुष्प्रत्युपेक्षते दुष्प्रमार्जयति, दुष्प्रत्युपेक्षते सुप्रमार्जयति, सुप्रत्युपेक्षते दुष्प्रमार्जयति, सुप्रत्युपेक्षते सुप्रमार्जयति इत्येवं सप्त भङ्गा भवन्ति । एतेषु च सप्तभडगेषु मध्ये त्रिषु आद्येषु भडगेषु लघुमासः, शेषेषु त्रिषु रात्रिन्दिवपञ्चकं प्रायश्चित्तं भवति । यथा दण्डकग्रहणे सप्त भङ्गा दर्शिताः, तथा दण्डकनिक्षेपेऽधस्तात् भूमेस्मरि च दण्डशिरःसम्पर्कविषयभित्तिप्रदेशे अप्रेक्षणाऽप्रमार्जनविषयाः सप्त भडगा वाच्याः...... एवं परेषामप्युपकरणानां ग्रहणे निक्षेपणे च सप्त भडगाः प्रायश्चित्तं च तथैव । યતિજીતકલ્પ ૧૯૮.**

**અર્થ :** ચક્ષુ વડે ન જોવું તે અપ્રેક્ષણ અને ઓઘા વડે ન પ્રમાર્જવું તે અપ્રમાર્જન. તેમાં ચાર ભાંગા થાય. (૧) દાંડો લેતી વખતે પ્રત્યુપેક્ષણ ન કરે અને પ્રમાર્જન ન કરે. (૨) પ્રત્યુપેક્ષણ ન કરે, પ્રમાર્જન કરે. (૩) પ્રત્યુપેક્ષણ કરે, પ્રમાર્જન ન કરે. (૪) પ્રત્યુપેક્ષણ કરે, પ્રમાર્જન કરે. તેમાં ચોથા ભાંગામાં દુષ્પ્રત્યુપેક્ષણ અને દુષ્પ્રમાર્જનને આશ્રયીને ચાર ભાંગા પડે. (૧) દુષ્પ્રત્યુપેક્ષણ કરે, દુષ્પ્રમાર્જન કરે (૨) દુષ્પ્રત્યુપેક્ષણ કરે, સુપ્રમાર્જન કરે. (૩) સુપ્રત્યુપેક્ષણ કરે, દુષ્પ્રમાર્જન કરે. (૪) સુપ્રત્યુપેક્ષણ કરે, સુપ્રમાર્જન કરે. આમ કુલ ૭ ભાંગા થયા. (ચોથા ભાંગાના જ ચાર ભાંગા હોવાથી એ જુદો ન ગણતા પહેલા ૩ અને ચોથાના ૪ એમ ૭ ભાંગા થાય.) એમાં પહેલા ત્રણ ભાંગામાં લઘુમાસ પ્રાયશ્ચિત્ત અને પછીના ત્રણમાં પંચક પ્રાય. આવે. સાતમા ભાંગામાં શુદ્ધ ગણાય, કેમકે વિધિપૂર્વક કરે છે.

જેમ રીતે દાંડો લેવામાં ૭ ભાંગા બતાવ્યા, એ રીતે દાંડો મૂકતી વખતે પણ જમીનની નીચે અને ઉપર દાંડાના અગ્રભાગનો સંપર્ક જ્યાં થવાનો હોય તે ભીંતના સ્થાનમાં પણ આ સાત ભાંગા સમજવા. છ ભાંગામાં પ્રાયશ્ચિત્ત ઉપર મુજબ સમજવું. સાતમો ભાંગો શુદ્ધ છે. આ રીતે બાકીના પણ ઉપકરણોના ગ્રહણ અને નિક્ષેપમાં સાત ભાંગા અને પ્રાયશ્ચિત્ત પણ તે જ પ્રમાણે સમજી લેવું.

(૯૫) **सङघट्टिताः मनाक् स्पृष्टाः । આવ. નિર્યુક્તિ અધ્યયન-૪.**

**અર્થ :** સંઘટ્ટિત એટલે કંઈક સ્પર્શાયેલા. (એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોની ૧૦

પ્રકારની વિરાધનાના વર્ણનમાં આ એક વિરાધના ઇરિયાવહીસૂત્રમાં દેખાડી છે.)

**• पञ्चेन्द्रियाणां संङ्घट्टस्तदहर्जातमूषकगृहकोलिकादिविषयो द्रष्टव्यः । યતિજીતકલ્પ-૫૧.**

**અર્થ :** પંચેન્દ્રિયોનો સંઘટ્ટો તે જ દિવસે જન્મેલા ઉંદર-ગિરોળી સંબંધી જાણવો. (મોટા પંચેન્દ્રિયોને સંઘટ્ટાથી દુઃખ ન થાય, એટલે એ વિરાધના ન ગણાય. માટે આ ખુલાસો લીધો. પણ એનો અર્થ એ કે વિકલેન્દ્રિયોમાં તો કોઈને પણ સંઘટ્ટો કરો એ દોષ તો બને જ.

**(૯૬) विकलेन्द्रियाणां द्विन्द्रिय-त्रीन्द्रिय-चतुरिन्द्रियाणामित्यर्थः । सङ्घट्टनाऽगाढ-परितापगाढपरितापोपद्रवणेषु यथासङ्ख्यं लघुगुरुचतुर्लघुचतुर्गुरुका भवन्ति । યતિજીતકલ્પ-૫૧**

**અર્થ :** વિકલેન્દ્રિયોનો એટલે કે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયોને સંઘટ્ટો કરવામાં લઘુમાસ, અગાઢ પરિતાપમાં (દુઃખ પહોંચાડવામાં) ગુરુમાસ, ગાઢ પરિતાપમાં ચતુર્લઘુ અને મારી નાંખવામાં ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે.

**• अथ तत्कोत्थलकागृहं न सचेतनया मृत्तिकया कृतं, किन्तु पुराणमृत्तिकया, ततस्तां पुराणमृत्तिकां तस्मिन्नेव प्रतिलेखनाकालेऽपनयति यदि तत्र कृमिकास्तया न प्रवेशिता इति । ઓઘ નિર્યુક્તિ – ૨૯૩.**

**અર્થ :** જો પાત્રા/પાત્રસ્થાપન ઉપર કરાયેલ તે ભમરીનું ઘર સચિત્ત માટી વડે ન કરાયું હોય, પણ જુની માટી વડે કરાયું હોય, તો તે માટીને પ્રતિલેખનાકાળે જ દૂર કરી દે. જો એ ઘરમાં ભમરીએ કીડાઓ ન મૂકી દીધા હોય. (અર્થાત્ કીડાઓ મૂક્યા હોય તો એ ઘરને દૂર કરવાનો નિષેધ છે. અને આ જ ગાથામાં કહ્યું છે કે એટલો ભમરીના ઘર વગેરેવાળો પાત્રાદિનો ભાગ તોડીને પરઠવી દે, અથવા તો આખું પાત્ર પણ છોડી દે... આમાં સ્પષ્ટ જણાય છે કે ત્રસજીવોના સંઘટ્ટનાદિ બિલકુલ કરાતા ન હતા.)

**(૯૭) કહે ઉગ્રવિહાર ભાગા સંગમ આયરિઓ, નિયતવાસ ભજે બહુશ્રુત ભણિઓ ગુણદરિઓ....**
**ચૈત્યપૂજા મુક્તિમારગ સાધુને કરવી, જેમ કીધી વયરમુનિવર ચૈત્યવાસ ઠવી....**
**આર્ય અન્નિઆપુત્ત અજ્જા લાભથી લાગા, કહે નિજલાભે અતૃપ્તા ગોચરી ભાગા....**
**વિગઈ લેવી નિત્યસૂઝે, લષ્ટપુષ્ટ પભણે, અન્યથા કિમ દોષ તેહનો ઉદાયન ન ગણે....**
**શિથિલ આલંબન ધરે મુનિ મંદસંવેગી, સંયતાલંબન સુજસ ગુણ તીવ્ર સંવેગી....**

સાડા ત્રણસો ગાથાનું સ્તવન ઢાળ-૩

**અર્થ :** ઉગ્રવિહારથી ભાંગી ગયેલાઓ કહે છે કે સંગમાચાર્ય બહુશ્રુત હતા, છતાં એ નિત્યવાસી બન્યા હતા. અને શાસ્ત્રમાં એમને ગુણભંડાર કહ્યા છે (એટલે સ્થિરવાસમાં કોઈ દોષ નથી.)

જિનપૂજા મોક્ષનો માર્ગ છે, અને સાધુ પણ કરી શકે, જુઓ. વજ્રસ્વામીએ પણ ચૈત્યવાસ સ્થાપીને જિનપૂજા કરી - કરાવી જ છે ને ?

પોતાને મળતા લાભથી તૃપ્તિ ન પામનારા અને ગોચરી પદ્ધતિથી કંટાળેલાઓ બોલે છે કે અર્ણિકાપુત્ર આચાર્ય સાધ્વીજીઓએ લાવેલી ગોચરી વાપરતા જ હતા. (માટે એ વાપરવામાં દોષ નથી.)

આસક્ત સાધુઓ બોલે કે રોજેરોજ વિગઈ વાપરવામાં કોઈ દોષ નથી, જો દોષ હોત, તો ઉદાયનરાજર્ષિ શું કામ રોજેરોજ દહીં રૂપી વિગઈ ખાત ? (માટે વિગઈ રોજ વપરાય.)

(ઉપરના વિચિત્ર અભિપ્રાયો દર્શાવ્યા બાદ મહોપાધ્યાયજી કહે છે કે) મંદ સંવેગી મુનિ આવા હલકા આલંબન જ પકડે. જ્યારે તીવ્રસંવેગી મુનિ ઉત્તમ મુનિઓના આલંબન લે. (સ્પષ્ટ દેખાય છે કે કોણે તે તે પ્રસંગોના કેવા કેવા વિચિત્ર અર્થો કરી પોતાની શિથિલતા પોષવા પ્રયત્ન આદર્યો છે.)

(૯૮) **जति पडिलेहति, ण पमज्जति । एत्थ थावरे रक्खति, ण तसे । अथ ण पडिलेहति, पमज्जति । एत्थ ण थावरे, तसे रक्खति । श्रीनिशीथचूर्णि-१८७०**

**અર્થ :** જો પ્રતિલેખન કરે, પણ પ્રમાર્જન ન કરે, તો આ ભાંગામાં સ્થાવરજીવોની રક્ષા કરે, પણ ત્રસજીવોની રક્ષા ન કરે. હવે જો પ્રતિલેખન કરે નહિ, પણ પ્રમાર્જન કરે તો અહીં સ્થાવરોને ન રક્ષે, પણ ત્રસજીવોની રક્ષા કરે.

(૯૯) **तमपडिलेहंतस्स आणादिया दोसा । इमे संजमदोसा..... घरसंताणगो त्ति अपेहिए लूतापुडगं संबज्झति, पणओ उल्ली अपेहिते भवति । गिहिकोइला पसवति । हियं णट्ठं वाऽसंभारियं भवति ।....... सेड्डयारिया धण्णारियगिहं करेज्जा । जम्हा एते दोसा तम्हा सव्वोवही दुसंझं पडिलेहियव्वो । निशीथचूर्णि-१४३९.**

**અર્થ :** ઉપધિનું પ્રતિલેખન ન કરો તો આજ્ઞાભંગાદિ દોષો લાગે. સંયમદોષો આ લાગે કે, ઉપધિ અપ્રતિલેખિત રહે તો એમાં કરોળીયા બાઝી જાય. અપ્રતિલેખિત ઉપધિમાં નિગોદ થાય. ગરોળી ત્યાં પ્રસવ કરે. પ્રતિલેખન ન કરતા હોઈએ તો એ વસ્તુ ચોરાઈ કે ખોવાઈ.... એ યાદ ન આવે... ભમરી ઘર કરી નાંખે. આ બધા દોષો લાગતા હોવાથી બધી ઉપધિ સવાર-સાંજ બે વાર પ્રતિલેખન કરવી. (આમાં પ્રતિલેખન ન કરીએ તો ત્રસ વિરાધના પણ સૂચવી છે.)

• **अपडिलेहिते ( पासवणुच्चारभूमौ ) जति वोसिरति, ततो दव्वओ छक्कायविराहणा भवति । निशीथचूर्णि-१८५७.**

**અર્થ :** પ્રતિલેખિત ન કરેલી સ્થંડિલ-માત્રાદિ ભૂમિમાં જો પરઠવે, તો ષટ્કાયવિરાધના થાય. (માત્ર સ્થાવર નહિ, પણ ત્રસની પણ વિરાધના સ્પષ્ટ દર્શાવી છે.)

(૧૦૦) **चारित्रार्थं तु यस्योपसम्पदं गृहीतवांस्तस्य चरणकरणक्रियायां सीदन्त्यां ( गणान्तरसंडक्रमणं भवति ) अत्र चतुर्भंगी भवति । १. गच्छः सीदति नाचार्यः २. आचार्यः सीदति न गच्छः ...... कथं गच्छः सीदेत् ? इति चेदुच्यते । साधवः प्रत्युपेक्षणां काले न कुर्वन्ति, ...... दण्डकं निक्षिपन्त आददतो वा न प्रत्युपेक्षन्ते, न प्रमार्जयन्ति.... । यस्तु गच्छमाचार्यमुभयं वा सीदन्तं स्वयं भणन्नन्यैश्च भाणयन्नेवं जानाति, एते भण्यमाना अपि नोद्यमं करिष्यन्ति, तदोत्कर्षतः पक्षमेकं तिष्ठति.... अथ नोद्यमानो गच्छो गुरुरुभयं वा भणेत् - तव किं दुःखम् ? यदि वयं सीदामस्तदा वयमेव दुर्गतिं यास्यामः, तदेवंविधेऽसद्ग्रहे तेषां परिणते परित्यागो विधेयस्ततश्चान्यं गणं संक्रामति । ગુરુતત્ત્વ વિનિશ્ચય - ઉલ્લાસ-૩-ગાથા-૩૭.**

**અર્થ :** ચારિત્રપાલન માટે જે આચાર્યની નિશ્રા સ્વીકારી હોય, તેમની ચરણ-કરણક્રિયાઓ સીદાતી હોય તો એ ગચ્છ છોડી બીજા ગચ્છમાં જવાનું થાય. અહીં ચતુર્ભંગી છે. (૧) ગચ્છ સીદાય, આચાર્ય નહિ. (૨) આચાર્ય સીદાય, ગચ્છ નહિ..... ગચ્છ કેવી રીતે સીદાય ? તે કહે છે કે સાધુઓ યોગ્યકાળે

પ્રતિલેખના ન કરે.... દાંડાને મૂકતા કે લેતા પ્રતિલેખન-પ્રમાર્જન ન કરે.... જે સાધુ ગચ્છ, આચાર્ય કે ઉભય સીદાતા હોવાથી એમને સ્વયં સમજાવતો, બીજા વડે સમજાવતો છતોં પણ એમ જાણે કે "આ લોકો કહેવા છતાં ય સંયમમાં ઉદ્યમ નહિ કરે." તો પછી વધુમાં વધુ ૧૫ દિન રોકાય...... હવે જો સમજાવાતો ગચ્છ, ગુરુ કે એ બે ય કહે કે "તારે શું દુઃખ છે ? જો અમે શિથિલતા આચરીએ છીએ, તો અમે જ દુર્ગતિમાં જશું." તો આવા પ્રકારનો કદાગ્રહ તેઓમાં પરિણમેલો જોઈને તેમનો ત્યાગ કરવો. ત્યાર પછી અન્યગચ્છમાં પ્રવેશ કરે.

(૧૦૧) **गुणठाणगपरिणाम महव्वए तु अहिगिच्च णायाइं । समिईगुत्तिगयाइं एयाइं भवंति णेयाइं ।...... समितिगुप्तीनां महाव्रतरूपत्वेनेत्थमुपन्यासः कृतः ।** - ઉપદેશપદ ગાથા ૯૦૨.

**અર્થ :** વિરતિગુણસ્થાનનો પરિણામ પ્રગટી ચૂક્યો હોય, ત્યારે મહાવ્રતોને આશ્રયીને સમિતિ-ગુપ્તિ સંબંધી આ દૃષ્ટાન્તો જાણવા યોગ્ય છે. (અર્થાત્ આ દૃષ્ટાન્તો તેઓના છે કે જેઓને ગુણસ્થાન પરિણામ પ્રગટી ચૂકેલો છે. અને એટલે જેઓ સમિત્યાદિના પાલક છે.) (**પ્રશ્ન :** મહાવ્રતોને આશ્રયીને દૃષ્ટાન્તો બનાવવાના છે, તો એમાં મહાવ્રતોને લગતા જ દૃષ્ટાન્તો કહેવા જોઈએ ને ? સમિતિ વગેરેના દૃષ્ટાન્તો કહેવાની શી જરૂર ?) ઉત્તર : **સમિતિ-ગુપ્તિઓ મહાવ્રતરૂપ હોવાથી** આ પ્રમાણે ઉપન્યાસ કરાયેલો છે.

(૧૦૨) **मारेइ विसं भुत्तं, जहा चउत्थारए तहा दुसमंमि । तह अविहिदोसजणिओ धम्मो वि य दुग्गइहेउ ।** ઉપદેશપદ.

**અર્થ :** જેમ ચોથા આરામાં ખવાયેલું ઝેર મારનારું બને, તેમ પાંચમા આરામાં ખવાયેલું ઝેર પણ મારનારું બને. એ જ રીતે અવિધિદોષથી ઉત્પન્ન થયેલો ધર્મ પણ દુર્ગતિનું કારણ છે. (પાંચમા આરામાં પણ મારક બને.)

(૧૦૩) **लब्ध्वा = प्रकृतितनुकषायत्वादिगुणसमाजेनावाप्य, सुदुर्लभमज्ञानप्रमाद-दोषप्रभवप्रतिपातेन सुदीर्घैकेन्द्रियादिकायस्थित्य-...... अतिदुरासादपुनरुत्पत्तिकं मनुजत्वम् ।** ઉપદેશરહસ્ય-૨

**અર્થ :** અજ્ઞાન અને પ્રમાદ દોષના લીધે જે પ્રતિપાત = પતન = ગુણસ્થાનભંગ થાય છે, તેનાથી અતિવિરાટ એકેન્દ્રિયાદિ કાયસ્થિતિમાં પરિભ્રમણ કરવું પડે છે અને એ પછી પાછો મનુષ્યભવ મળે છે, માટે મનુષ્યભવ અત્યંત દુર્લભ છે. આવા માનવભવને પામીને.... (અહીં પતનનું અને દ્વારા ઉત્પન્ન થનાર દીર્ઘસંસારનું મૂળ અજ્ઞાન + પ્રમાદ દર્શાવેલ છે.)

(૧૦૪) **पुस्तकपञ्चके च गृहीते चतुर्लघुकाः......। त्रसविराधना च पुस्तकेष्वित्थमुक्ता । यदि तेषां तत्र गतानां = पुस्तकपत्रान्तरस्थितानां जीवानां कुन्थुप्रभृतीनां लोहितं भवेत् । ततः पुस्तकबन्धनादिकाले तेषां गाढतरं पीड्यमानानां तद्रुधिरमक्षराणि स्पृष्ट्वा बहिः परिगलेत् । अत एव....... यावन्मात्रान् वारान् पुस्तकं मुञ्चति-छोटयति, यति वारांश्च बध्नाति, यति वा यावन्ति अक्षराणि लिखति, तति तावन्ति चतुर्लघूनि । यच्च कुन्थुपनकादीनां परितापनमपद्रवणं वा आपद्यते, तन्निष्पन्नं च प्रायश्चित्तं भवति । द्वितीयपदेन तु मेधाधारणादिपरिहाणिं विज्ञाय कालिकोत्कालिक श्रुतस्य दानग्रहणादौ भाण्डागारमेवेदं भविष्यतीत्येवमर्थं पुस्तकपञ्चकमपि गृह्यते ।** યતિજીતકલ્પ - ૨૧૩

**અર્થ :** પાંચ પ્રકારમાંથી કોઈપણ પુસ્તક ગ્રહણ કરવામાં ચતુર્લઘુ પ્રાય. આવે.... પુસ્તકોમાં ત્રસજીવોની વિરાધના આ પ્રમાણે કહેલી છે કે જો પુસ્તકના પાનાઓની અંદર રહેલા કંથવા વગેરેનું લોહી હોય તો, પુસ્તક બાંધતી કે છોડતી વખતે તે જીવો ગાઢતર પીડાય અને તેમનું લોહી અક્ષરોને સ્પર્શીને બહાર ગળે. (લોહીવાળા જીવો ન હોય પણ બીજા જીવો હોય તો એ મરવા છતાં લોહી ન નીકળે. લોહીવાળા જીવો મરે તો ય લોહી ઓછું હોય કે પાનાની વચ્ચે વચ્ચ મર્યા હોય તો પણ લોહી બહાર ન પણ નીકળે.) આથી જ જેટલીવાર પુસ્તક છોડીએ અને જેટલીવાર બાંધીએ, જેટલા અક્ષરો લખીએ તેટલા ચતુર્લઘુ પ્રાય. આવે. આ ઉત્સર્ગમાર્ગ છે.

અપવાદ માર્ગ એ છે કે બુદ્ધિ-ધારણશક્તિ વગેરેની હાનિને જાણીને કાલિક-ઉત્કાલિક શ્રુત બીજાને આપવા કે બીજા પાસેથી લેવા વગેરે કાર્યોમાં એ પાંચ પુસ્તકો પણ "આ ભંડાર જ બનશે." એ પ્રમાણે ગ્રહણ કરી શકાય. (પણ એ પોતાની માલિકીના નથી રાખવાના. ભંડાર રૂપે જ કરવાના છે. એ પણ અપવાદમાર્ગે જ આ વાત છે. આનાથી સ્પષ્ટ થાય છે કે ઘણા જુનાકાળમાં બધું મોઢેમોઢ જ ચાલતુ હશે.)

**(૧૦૫) अण्णोण्णागम णिच्चं अब्भुट्ठाइजोगपरितुट्ठो जत्तेणं हेट्ठुवरिं पमज्जणाए समुज्जुत्तो । जावज्जीवं एवं गेलण्णम्मिवि अपरिवडियभावो । आराहगो इमीए तिगरणसुद्धेण भावेण ॥** ઉપદેશપદ-૬૪૨-૬૩.

**અર્થ :** ગચ્છમાં કાયમ વારાફરતી પુષ્કળ સાધુઓનું આગમન થાય. આ સાધુ તેમના દાંડા લેવા ઉભા થવું વગેરે યોગમા, એકદમ સંતુષ્ટ હતો. યત્નપૂર્વક દાંડા મૂકવાની ઉપર-નીચેની જગ્યા પુંજવાદિમાં ઉદ્યમવંત હોય. આ રીતે આખી જીંદગીમાં માંદગીમાં પણ આ ભાવથી પતન ન પામનાર તે સાધુ આ સમિતિમાં ત્રિકરણશુદ્ધ ભાવ વડે આરાધક થયો.

**(૧૦૬) तथा कुशीलापातेऽपि न गन्तव्यं, यतः प्रचुरेण द्रवेण शौचकरणक्रियामुच्छोलनया दृष्ट्वा कुशीलानां – असंविग्नानां सम्बन्धिनीं पुनश्च सेहादीनामन्यथाभावो भवेत् । यदुतैते शुचयो न त्वस्मत्साधवः, तस्मादेत एव शोभनाः पूज्याश्चेति तन्मध्ये यान्ति । ઓઘનિર્યુક્તિ-૩૦૩.**

**અર્થ :** તથા કુશીલોના આગમનવાળા સ્થાનમાં પણ સ્થંડિલ ન જવું. કેમકે તે અસંવિગ્નો તો પુષ્કળ પાણી વડે ખૂબ સારી રીતે શુદ્ધિકરણની ક્રિયા કરે. અને એ જોઈને નૂતનદીક્ષિતોનો (=અપરિણત સાધુઓનો) પરિણામ ઉંધો થઈ જાય કે "આ બધા પવિત્ર છે, પણ આપણા સાધુઓ નહિ. તેથી આ લોકો જ સારા અને પૂજ્ય છે." અને આમ વિચારી તે શિથિલોમાં જતા રહે.

**(૧૦૭) કોઈ કહે ગુરુ ગચ્છ ગીતારથ સારથ શુદ્ધ, માનું પણ નવિ દીસે જોતા કોઈ વિશુદ્ધ.**
**નિપુણ સહાય વિના કહ્યો સૂત્રે એક વિહાર, તેહથી એકાકી રહેતા નહિ દોષ લગાર.**
**અણજાણંતો આપમાં તે સવિ ગુણનો યોગ, કિમ જાણે પરમાં વ્રત-ગુણનો મૂલવિયોગ.**
**છેદદોષ તાંઈ નવિ કહીયા પ્રવચને મુનિ દુ:શીલ, દોષ લવે પણ થિરપરિણામી બકુશકુશીલ.**

**સાડા ત્રણસો ગાથાનું સ્તવન ઢાળ-૭ ગાથા-૧-૨.**

**અર્થ :** કોઈક એમ બોલે છે કે "હું એમ માનું છું કે ગીતાર્થ ગુરુ અને તેનો ગચ્છ એ જ શુદ્ધ છે. એમાં જ રહેવું જોઈએ. પણ જ્યારે હું બધે નજર કરું છું ત્યારે કોઈ ગુરુ કે ગચ્છ વિશુદ્ધ દેખાતા નથી (કે

જેની સાથે રહેવાય), તો શાસ્ત્રમાં કહ્યું છે કે 'જો કોઈ યોગ્ય સહાય ન મળે તો એકલા રહી શકાય, વિચરી શકાય.' અને માટે મને પણ એકલા રહેવામાં કોઈ દોષ નથી."

આ બિચારો બીજાઓમાં જે ગુણો શોધવા જાય છે, એ એના પોતાનામાં જ નથી. એ પોતાનામાં એ ગુણોનો યોગ જાણતો નથી (છે જ નહિ, તો જાણે કેમ ?) તો પછી બીજા સાધુઓમાં વ્રતો-ગુણોનો મૂળથી જ અભાવ છે, એ શી રીતે જાણે ? (અર્થાત્ બધા દોષી દેખાય છે, ગુણહીન દેખાય છે. પણ પોતાની દોષી-ગુણહીન જાત તો દેખાતી નથી. તો જે જાતને ય નથી ઓળખતો, એ પારકાને શું ઓળખવાનો ?) બાકી છેદ પ્રાયશ્ચિત્ત આવે ત્યાં સુધીના પાપો વાળા સાધુઓ પણ શાસ્ત્રમાં દુઃશીલ (ચારિત્રહીન) નથી કહ્યા. પરંતુ શાસ્ત્રીયદૃષ્ટિએ છેદ સુધીના અલ્પપાપોવાળા એવા ય તે સાધુઓ સ્થિરપરિણામી બકુશચારિત્રી, કુશીલચારિત્રી જ કહ્યા છે.

• **परं पतन्तं पश्यन्ति न तु स्वं मोहमोहिताः । कुर्वन्तः परदोषाणां ग्रहणं भवकारणम् ।** યોગસાર-૫૮

**અર્થ :** સંસારના કારણભૂત એવું પરદોષગ્રહણ કરનારા મોહમોહિત જીવો બીજાઓને પતન પામતા જુએ છે, પણ પોતાની જાત પતન પામતી હોવા છતાં એમને દેખાતી નથી.

(૧૦૮) **संयतीनां त्वापातमेकान्तेनैव वर्जनीयम् । ઓઘનિર્યુક્તિ-૩૦૩.**

**અર્થ :** જ્યાં સાધ્વીજીઓ આવતા હોય, એ સ્થાન તો એકાન્તે જ છોડી દેવું. (અર્થાત્ ત્યાં કોઈપણ હિસાબે સ્થંડિલ ન જવું. ઉપરનો પાઠ સ્થંડિલભૂમિ અંગે જ છે.)

**(૧૦૯) तथा स्त्र्यापाते नपुंसकापाते वा स साधुरात्मपरोभयसमुत्थेन दोषेण स्त्रिया पण्डकेन वा सार्द्धं सङगं कुर्यात् ।** બૃહત્કલ્પસૂત્ર-૪૩૨.

**અર્થ :** બહેનો કે નપુંસકો જે સ્થાનમાં આવતા હોય ત્યાં જો સાધુ સ્થંડિલ જાય તો આત્માના દોષથી કે પારકાના દોષથી કે બેયના દોષથી સ્ત્રી કે નપુંસક સાથે સંગ કરી બેસે.

**(૧૧૦) इन्द्रियैर्विजितो जन्तुः कषायैरभिभूयते । वीरैः कृष्टेष्टकः पूर्वं वप्रः कैः कैर्न खण्ड्यते । યોગશાસ્ત્ર ચોથો પ્રકાશ.**

**અર્થ :** ઈન્દ્રિયો વડે જીતાયેલો જીવ એ પછી કષાયો વડે પણ પરાજિત થાય. જે કિલ્લામાં પહેલા કોઈક વીરોએ ઈંટ ખેંચી કાઢી છે, એ છીંડાવાળો કિલ્લો પછી કોના કોના વડે ખંડિત ન કરાય ?

**(૧૧૧) तच्च मिश्रं स्थण्डिलमध्वनि ग्रामानुग्रामं पथि व्रजतो द्रष्टव्यम् । तत्र मात्रकैर्यतना कर्तव्या । अथ मात्रकाणि न विद्यन्ते, व्युत्सृजतां परिष्ठापयतां च सागारिकसम्पातस्तदा धर्मास्तिकायादिप्रदेशान् निश्रीकृत्य व्युत्स्रष्टव्यम् ।....सचित्तेन पथा सचित्तं गन्तव्यम्... अत्रापि मात्रकैर्यतना कर्तव्या । मात्रकाणामभावे व्युत्सर्गे परिष्ठापने वा सागारिकसम्भवे धर्मास्तिकायादिप्रदेशानां निश्रा कर्तव्या ।** બૃહત્કલ્પસૂત્ર ૪૬૮-૪૬૯.

**અર્થ :** (પાઠનો અર્થ જોતા પૂર્વે પૂર્વભૂમિકા જોઈ લઈએ.

(૧) અચિત્તમાર્ગમાંથી પસાર થઈને અચિત્તસ્થાનમાં સ્થંડિલ બેસવું એ શ્રેષ્ઠ વિકલ્પ છે.

(૨) મિશ્રમાર્ગમાંથી પસાર થઈને અચિત્તસ્થાનમાં સ્થંડિલ બેસવું એ બીજો વિકલ્પ છે.

(૩) સચિત્તમાર્ગમાંથી પસાર થઈને અચિત્તસ્થાનમાં સ્થંડિલ બેસવું એ ત્રીજો વિકલ્પ છે.

(૪) અચિત્તમાર્ગમાંથી પસાર થઈને મિશ્રસ્થાનમાં સ્થંડિલ બેસવું એ ચોથો વિકલ્પ છે.

(૫) મિશ્રમાર્ગમાંથી પસાર થઈને મિશ્રસ્થાનમાં સ્થંડિલ બેસવું એ પાંચમો વિકલ્પ છે.

(૬) સચિત્તમાર્ગમાંથી પસાર થઈને મિશ્રસ્થાનમાં સ્થંડિલ બેસવું એ છઠ્ઠો વિકલ્પ છે.

(૭) અચિત્તમાર્ગમાંથી પસાર થઈને સચિત્તસ્થાનમાં સ્થંડિલ બેસવું એ સાતમો વિકલ્પ છે.

(૮) મિશ્રમાર્ગમાંથી પસાર થઈને સચિત્તસ્થાનમાં સ્થંડિલ બેસવું એ આઠમો વિકલ્પ છે.

(૯) સચિત્તમાર્ગમાંથી પસાર થઈને સચિત્તસ્થાનમાં સ્થંડિલ બેસવું એ નવમો વિકલ્પ છે.

જો પહેલો વિકલ્પ શક્ય ન હોય તો જ બીજો અપનાવાય.... એમ નવે ય ભેદોમાં સમજવું. આમાં માર્ગ મિશ્ર કે સચિત્ત હોય એના કરતાં બેસવાનું સ્થાન મિશ્ર કે સચિત્ત હોય તેમાં વધારે દોષ લાગે. કેમકે માર્ગમાં તો આપણે ચાલવાનું જ છે, ઉભા નથી રહેવાનું. એટલે માર્ગમાં રહેલ સચિત્ત પૃથ્વી વગેરેને ઓછી કિલામણા થાય. પ્રા સેકંડ જેટલો સમય જ તે તે પૃથ્વી વગેરે પર પગ પડે. જ્યારે બેસવાના સ્થાને તો બે-ચાર મિનિટ સ્થિર બેસવાનું હોવાથી વધુ વિરાધના થાય અને એમાં નિષ્ઠુરતા પણ આવે. દા.ત. ધગધગતા ગરમ રસ્તા ઉપર બે મિનિટ દોડવું હજી સહેલું છે, પણ એ જ રસ્તા ઉપર એક જ જગ્યાએ સ્થિર બે મિનિટ ઉભા રહેવું ભારે અઘરું છે. વળી બેસવાનું સ્થાન જો મિશ્ર કે સચિત્ત હોય તો એમાં આપણું સ્થંડિલ દિવસો સુધી પડ્યું રહેવાનું. એનાથી એને કાયમ કિલામણાદિ થાય. માટે માર્ગ સચિત્ત કે મિશ્ર હોય એના કરતા બેસવાનું સ્થાન સચિત્ત કે મિશ્ર હોય એ વધુ ખરાબ છે. જ્યારે કટોકટિ આવે, અને મિશ્ર કે સચિત્ત સ્થાનમાં જ બેસવાનો અવસર આવે ત્યારે ત્યાં સીધા બેસવામાં નિષ્ઠુરતા વગેરે દોષો લાગતા હોવાથી ત્યાં પ્યાલામાં જઈને જ પછી ત્યાં પરઠવવાનું વિધાન છે. આ સિવાય પ્યાલાનો ઉપયોગ કરવાનું જણાવેલ નથી. પણ એ રીતે પ્યાલામાં સ્થંડિલ જવામાં કે પ્યાલામાં સ્થંડિલ ગયા બાદ એ પ્યાલો સચિત્ત મિશ્ર સ્થાને પરઠવવામાં જો કોઈપણ ગૃહસ્થ જોનાર હોય તો ત્યાં પ્યાલો ન જ વાપરવો પણ એ વખતે એવા સ્થાનમાં સીધા જ સ્થંડિલ જવું અને પરિણામ નિષ્ઠુર ન થાય એ માટે "હું તો ધર્માસ્તિકાયના પ્રદેશો ઉપર જ બેઠો છું" એમ કલ્પના કરવી.

સાર એટલો જ કે (૧) સચિત્ત કે મિશ્ર સ્થાનમાં જ સ્થંડિલ બેસવાનું થાય, ત્યારે ત્યાં સીધા ન બેસવું, પણ ઉપાશ્રયાદિમાં જ પ્યાલામાં કરી પછી તે સ્થાને પરઠવવું. પણ (૨) આ રીતે પ્યાલામાં કરવામાં કે પછી પરઠવવામાં જો ગૃહસ્થો જોઈ જવાના હોય, એમને ખબર પડવાની હોય તો પછી પ્યાલાનો ઉપયોગ ન કરતા આવા સ્થાનમાં સીધા જ બેસવું, ધર્માસ્તિકાયની કલ્પના કરવી.

આ જ પદાર્થ ઉપરના શાસ્ત્રપાઠમાં જોવા મળે છે.)

તે મિશ્ર સ્થંડિલમાં બેસવાનો અવસર એક ગામથી બીજા ગામમાં વિહાર કરતી વખતે રસ્તામાં ઉપસ્થિત થઈ શકે છે. ત્યાં પ્યાલાઓ વડે યતના કરવી. (અર્થાત્ પ્યાલામાં જઈ પછી એ મિશ્રાદિ સ્થાનમાં પરઠવવું.) પણ (જો શેષકાળ હોવાથી) પ્યાલા ન હોય અથવા પ્યાલા હોય પણ પ્યાલામાં સ્થંડિલ કરતા કે કર્યા બાદ મિશ્રસ્થાનમાં પરઠવતા જો ત્યાં ગૃહસ્થોનું આગમન થતું હોય, તો ધર્માસ્તિકાયના પ્રદેશોની કલ્પના કરીને પછી તે મિશ્રસ્થાનમાં સીધા જ બેસી જવું.... સચિત્તમાર્ગથી સચિત્તભૂમિમાં સ્થંડિલ જવું.... અહીં પણ પ્યાલાઓ વડે યતના કરવી. પણ જો પ્યાલા ન હોય અથવા પ્યાલામાં સ્થંડિલ કરવામાં કે એ પછી પ્યાલા દ્વારા એ પરઠવવામાં જો ગૃહસ્થોનો સંભવ હોય તો ધર્માસ્તિકાયાદિ પ્રદેશોની નિશ્રા

કરવી. અર્થાત્ એની કલ્પના કરી સીધા સ્થંડિલ જવું. (અહીં એકદમ સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ગૃહસ્થોને એ ખબર પડે કે "સાધુ-સાધ્વીઓ પ્યાલામાં સ્થંડિલ જાય છે, એમાં જઈને પરઠવે છે... એ શાસ્ત્રકારોને બિલકુલ ઈષ્ટ નથી. તેમાં તેઓ અસદ્ભાવ પામે... વગેરે નુકશાનો જ મુખ્ય કારણ છે.)

(૧૧૨) **यदि पुरोहडे विद्यमाने संयत्यो ग्रामाद् बहिर्विचारभुवं गच्छन्ति, ततश्चतुर्ष्वपि स्थण्डिलेषु प्रत्येकं चतुर्गुरुकाः प्रायश्चित्तम् । ग्रामाभ्यन्तरे पुरोहडादौ आपातसंलोकलक्षणं तृतीयं स्थण्डिलं वर्जयित्वा शेषेषु त्रिषु स्थण्डिलेषु गच्छन्तीनां चत्वारो गुरुकाः । बृहत्कल्पसूत्र-२०६४.**

**અર્થ :** જો પુરોહડ હોય (ઉપાશ્રયની પાછળ જ વાડા જેવો ખુલ્લો ભાગ. ગામડાના ઘરોમાં લગભગ બધે ઘરોની પાછળ આવી ખુલ્લી જગ્યા રહેતી.) અને છતાં ય સાધ્વીજીઓ ગામની બહાર સ્થંડિલભૂમિમાં જાય, તો આપાત-સંલોકાદિ ચારે ય ભૂમિઓમાં દરેકે દરેકને વિશે ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે. (અર્થાત્ આવી પુરોહડ જેવી જગ્યા હોય તો સાધ્વીજીઓએ ત્યાં જ જવું.) ગામની અંદર રહેલ આ પુરોહડાદિમાં પણ આપાત-અસંલોકવાળા ત્રીજા સ્થાનમાં જ જવાય. એને છોડીને બાકીના ત્રણ સ્થાનોમાં જનારા સાધ્વીજીઓને ચતુર્ગુરુ પ્રાય. આવે.

● **तृतीयेऽपि स्थण्डिले यत्र पुरुषा वेश्यास्त्रियश्च आपतन्ति तत्र चत्वारो गुरुकाः । यत्र तु कुलजानां स्त्रीणामापातो भवति, तत्र गन्तव्यम् । बृ.કલ્પ ૨૦૬૪.**

**અર્થ :** ત્રીજા પણ સ્થંડિલસ્થાનમાં જ્યાં પુરુષો કે વેશ્યાસ્ત્રીઓ આવતા હોય ત્યાં સાધ્વીજીઓ જાય તો ચતુર્ગુરુ પ્રાય. આવે. જ્યાં કુલવાન સ્ત્રીઓનું આગમન હોય ત્યાં જવું.

(૧૧૩) **आज्ञाव्याकोपस्य महापायनिबन्धनत्वात् । ઉપદેશ રહસ્ય-૨**

**અર્થ :** જિનાજ્ઞા સામે બળવો ભયંકર નુકશાનોનું કારણ છે.

(૧૧૪) **भवनादीनामासन्ने व्युत्सृजतो द्रव्यासन्नं भवति, तत्र संयमात्मोपघातो भवति । तत्र च संयमोपघात एवं भवति-स गृहपतिस्तत्पुरीषं साधुव्युत्सृष्टं केनचित्कर्मकरेणान्यत्र त्याजयति, ततश्च तत्प्रदेशविलेपने हस्तप्रक्षालने च संयमोपघातो भवति । ओघनिर्युक्ति-१८२ ભાષ્ય.**

**અર્થ :** મકાન વગેરેની નજીકમાં સ્થંડિલ પરઠવનારને (જનારને) દ્રવ્યાસન્ન દોષ લાગે. તેમાં સંયમનો અને આત્માનો ઉપઘાત થાય. તેમાં સંયમનો ઉપઘાત આ પ્રમાણે થાય કે તે ગૃહસ્થ સાધુએ પરઠવેલ તે સ્થંડિલને કોઈક નોકર દ્વારા અન્ય સ્થાને ફેંકાવડાવે અને ત્યારબાદ એ જગ્યા પાછી સાફ કરાવે અને એ નોકર હાથ ધુએ... આ બધામાં સંયમની વિરાધના થાય. (કેમકે કાચાપાણી વગેરેનો વપરાશ આ બધામાં થવાનો જ. અહીં જણાઈ જ જાય છે કે સાધુએ પરઠવી દીધા બાદ પણ એ નિમિત્તે પાછળથી જે કોઈ વિરાધના થઈ, એને સાધુના સંયમના ઉપઘાત રૂપે દોષ રૂપે જણાવી છે. એટલે પરઠવી દેવા માત્રથી એમાંથી છૂટકારો નથી થતો. એ પછી શું થવાનું છે ?... એ પણ વિચારવાનું છે. હા ! અશક્ય પરિહારની વાત જુદી છે.)

(૧૧૫) **कालस्स य परिहाणी, संजमजोगाइं नत्थि खेत्ताइं । जयणाए वट्टिअव्वं न हु जयणा भंजए अंगं । ઉપદેશમાલા-૨૯૪.**

**અર્થ :** વર્તમાનકાળની પરિહાનિ થઈ રહી છે. (અવસર્પિણી હોવાથી કાળ વધુ ને વધુ નબળો થાય)

સંયમપાલનને યોગ્ય ક્ષેત્રો વર્તમાનમાં નથી. તેથી યતના પૂર્વક વર્તવું. (જેટલો ઓછામાં ઓછો દોષો અને વધુમાં વધુ ગુણ સેવાય તેમ) યતના એ સંયમરૂપી શરીરને ખતમ નહિ કરે.

**(૧૧૬) भावासन्नं नाम तावत्तिष्ठति मनाग् नागच्छति, ततोऽनधिसहः स्थण्डिलं गन्तुमशक्नुवन् अस्थण्डिले भवनादीनां वा प्रत्यासन्ने व्युत्सृजेत्** । બૃહત્કલ્પસૂત્ર-૪૫૦.

**અર્થ :** ભાવાસન્ન દોષ એટલે સાધુ ત્યાં સુધી રાહ જુએ કે જ્યાં સુધી સંજ્ઞા = સ્થંડિલ કંઈક આવી ન જાય. અને સ્થંડિલ કંઈક આવ્યા પછી (અર્થાત્ શંકા તીવ્ર બન્યા પછી) એને સહન ન કરી શકવાથી નિર્દોષ ભૂમિ સુધી પહોંચવા માટે અસમર્થ તે સાધુ સદોષભૂમિમાં કે મકાનાદિની નજીકમાં જ સ્થંડિલ કરી આવે.

**(૧૧૭) अथास्थण्डिलमिति कृत्वा सागारिको वा तिष्ठतीति संज्ञां धारयति आत्मविराधना, मरणस्य ग्लानत्वस्य वाऽवश्यम्भावात्** । બૃહત્કલ્પસૂત્ર ૪૫૦.

**અર્થ :** હવે જો આ જગ્યા તો અસ્થંડિલ = ઘાસ-પાણી વગેરેવાળી છે એમ વિચારીને કે 'બાજુમાં કોઈક ગૃહસ્થ છે' એ કારણસર જો સાધુ સ્થંડિલની શંકાને રોકે, તો એમાં આત્મવિરાધના થાય. કેમકે આમાં મરણ અથવા માંદગી અવશ્ય થાય.

**(૧૧૮) एवं स्वाध्यायादि कृत्वा पुनश्चतुर्भागावशेषायां चरमपौरुष्यां प्रतिक्रम्य कालस्य ततः स्थण्डिलानि प्रत्युपेक्ष्यन्ते, किमर्थं ? उच्चारार्थं तथा प्रश्रवणार्थं च...** । ઓઘનિર્યુક્તિ-૬૩૨.

**અર્થ :** આ પ્રમાણે સ્વાધ્યાયાદિ કર્યા બાદ જ્યારે છેલ્લી પૌરુષીનો = ચોથાપ્રહરનો ચોથો ભાગ બાકી રહે, ત્યારે કાલપ્રતિક્રમણ કરીને ત્યારબાદ સ્થંડિલભૂમિઓનું પ્રતિલેખન કરે. શા માટે ? તે કહે છે કે સ્થંડિલ પરઠવવા અને માત્રુ પરઠવવા માટે.... (એક પ્રહર ત્રણ કલાકનો હોય તો એનો ચોથો ભાગ ૪૫ મિનિટ થાય.)

**(૧૧૯) गामसूरियादीण व पिट्ठं देज्जा, जत्थ लोगो दोसं ण गेण्हेति** । શ્રીનિશીથચૂર્ણિ-૧૮૭૨.

**અર્થ :** (અપવાદ માર્ગે –) ગામ, સૂર્ય વગેરેને પણ પીઠ કરીને સ્થંડિલ માટે બેસે કે જે સ્થાનમાં લોકો આ રીતે ગામાદિને પીઠ કરવામાં દોષ ન માનતા હોય.

**(૧૨૦) अणिड्डगलिते अतीव लेत्थरियं तं दवेण जुत्तेण थोवेणं ति भणियं होति, तेण ण सुज्झति । अशुद्धे दिट्ठे उड्डाहो, सेहो वा विप्परिणमेज्ज । अह अजुत्तेण - बहुणा दवेण धोवति तो प्लावनादि दोसा । एते अपुंछिते दोसा... । तम्हा पुव्वादाणं कातूणं डगलगाण छड्डेज्जा... । શ્રીનિશીથચૂર્ણિ-૧૮૭૪-૧૮૭૬.**

**અર્થ :** જો સ્થંડિલ ગયા બાદ એ ભાગ લુંછવામાં ન આવે તો એ લાગેલો મળ થોડા પાણી વડે તો શુદ્ધ ન થાય અને એ રીતે અશુદ્ધિ જોઈને લોકમાં ઉડ્ડાહ થાય. નવા સાધુના પરિણામ પડી જાય. (કે છી ! આવા મળવાળા શરીરે રહેવાનું...) અને જો વધારે પાણીથી શુદ્ધિ કરે તો એ પાણીના રેલા ચાલે, એમાં જીવો મરે....એ બધા દોષ લાગે. આમ સ્થંડિલ બાદ એ ભાગ ન લુંછવામાં આ બધા દોષો લાગે.....માટે પહેલા એ ભાગ લુંછવા માટે પથરાઓનું આદાન=ગ્રહણ કરીને પછી સ્થંડિલ બેસવું. (લુંછ્યા બાદ પાણીથી શુદ્ધિ તો કરવાની જ છે.)

• **स्त्रीभक्तादिकथा अकुर्वाणाः अनापातसंलोकलक्षणं स्थण्डिलं व्रजन्ति । तत्र निषद्य = उपविश्य, नोर्ध्वस्थिता इत्यर्थः । उर्ध्वस्थितानां सम्यक्प्रत्युपेक्षणाऽसम्भवात् डगलग्रहणं कुर्वन्ति, ये भूमावसम्बद्धाः, पुतनिर्लेपनार्थं लेष्टुकास्ते डगलकानाददते...तेषां च डगलकानां प्रमाणं वर्चः = पुरीषमासाद्य प्रतिपत्तव्यम् । यो भिन्नवर्चाः, स त्रीन् डगलकान् गृह्णाति, अन्यो द्वावेकं वा ।** બૃહત્કલ્પસૂત્ર-૪૪૧

**અર્થ :** સ્ત્રી, ભોજનાદિ કથાને ન કરતા સાધુઓ અનાપાત-અસંલોક સ્થંડિલમાં જાય, ત્યાં નીચે બેસીને પછી મળને લુંછવા માટેના પત્થરો ગ્રહણ કરે, પણ ઉભા ઉભા ન કરે. કેમકે એમાં બરાબર પ્રતિલેખન ન થાય. તે પત્થરો પણ જમીન સાથે અસંબદ્ધ હોય તે લે. ..... તે પથરાઓનું પ્રમાણ મળને આશ્રયીને જાણવું. જેને ઢીલો મળ થાય, તે ત્રણ પથરા લે, બીજાઓ બે કે એક લે.

(૧૨૧) **न आभोगः, अनाभोगः तेन...नपुंसकादिषु दीक्षितेषु सत्सु भवति 'सचित्ता' इति व्यवहारतः सचित्तमनुष्यसंयतपरिस्थापनिकेति भावना । आदिशब्दाज्जड्डादिपरिग्रहः, तत्र चायं विधिः, योऽनाभोगेन दीक्षितः स आभोगित्वे सति व्युत्सृज्यते** - આવશ્યક નિર્યુક્તિ અધ્યયન-૪-પારિષ્ઠાપનિકાસમિતિ-૧૧.

**અર્થ :** ઉપયોગનો અભાવ તે અનાભોગ. તે અનાભોગ વડે.... એટલે કે અજાણતા નપુંસકાદિને દીક્ષા અપાઈ જાય તો પછી ત્યાં સચિત્તમનુષ્યસાધુની પરિષ્ઠાપનિકા થાય. નપુંસકાદિમાં જે આદિપદ છે, તેનાથી શરીરજડ્ડ, ભાષાજડ્ડ વગેરે લેવા. તેમાં આ વિધિ છે કે જે નપુંસકાદિને અજાણતા દીક્ષા અપાઈ જાય, તેને એ નપુંસકાદિ હોવાની ખબર પડતા કાઢી મૂકવો.

(૧૨૨) **जहिं नत्थि गुणाण पक्खो, गणी कुसीलो कुसीलपक्खधरो । सो य अगच्छो गच्छो, संजमकामीहिं मुत्तव्वो । जहिं नत्थि सारणा वारणा च चोयणा य गच्छम्मि । सो य अगच्छो गच्छो, संजमकामीहिं मुत्तव्वो ।** - ગચ્છાચાર પ્રકીર્ણક

**અર્થ :** જે ગચ્છમાં ગુણોનો પક્ષપાત નથી, આચાર્ય સ્વયં કુશીલ = શિથિલ કે શિથિલોનો પક્ષ લેનારા છે. તે ગચ્છ અગચ્છ છે. સંયમાભિલાષીઓએ તે ગચ્છ છોડી દેવો.

જે ગચ્છમાં ગુરુ તરફથી શિષ્યો પ્રત્યે સારણા, વારણા, ચોયણા, પડિચોયણા (સખત ઠપકો આપવો... વગેરે) નથી થતા, તે ગચ્છ અગચ્છ છે. સંયમાર્થીએ તે ગચ્છ છોડી દેવો.

• **यो गणी तुशब्दादुपाध्यायादिः प्रमाददोषेण - प्रमादरूपो यो दोषस्तेन आलस्येन तथैव च चकारादुक्तशेषैर्मोहादिभिश्च, उक्तं च आलस्स-मोह-वन्ना-थंभा-कोहा-पमाय-किविणत्ता-भय-सोगा-अन्नाणा-वक्खेव-कुउहला-रमणा-एतैर्हेतुभिः शिष्यवर्गं-अन्तेवासिवृन्दं न प्रेरयति मोक्षानुष्ठाने....तेनाचार्येणोपाध्यायेन वा जिनाज्ञा विराधिता ।** - ગચ્છાચાર - ૩૯.

**અર્થ :** જે ગણી કે ઉપાધ્યાયાદિ પ્રમાદ-આળસ-મોહ-માન-ક્રોધ.... વગેરે કારણોસર શિષ્યવર્ગને મોક્ષાનુષ્ઠાનમાં ન જોડે તેમણે જિનાજ્ઞાની વિરાધના કરેલી જાણવી.

• **जे केइ साहू वा साहूणी वा वायामेत्तेण वि असंजममणुचिट्ठेज्जा से णं सारेज्जा, से णं वारेज्जा, से णं चोएज्जा पडिचोएज्जा । से णं सारिज्जंते वा (४) जे णं तं वयणमवमण्णिय**

**अलसायमाणे इ वा अभिनिविट्ठे इ वा न तहत्तिपडिवज्जिय इच्छं पउंजित्ताणं तत्थामो पडिक्कमेज्जा, से णं तस्स वेसग्गहणं उद्दालेज्जा । - श्री મહાનિશીથસૂત્ર અધ્યયન-૫.**

**અર્થ :** જે કોઈ સાધુ કે સાધ્વી વચનમાત્રથી પણ અસંયમ સેવે, તેને ગુરુએ સારણા, વારણા... કરવી. એ કરવા છતાં ય જેઓ તે વચનને અવગણીને આળસુ બને, પોતાના શિથિલાચારમાં કદાગ્રહી બને ગુરુને વાત કરવા છતાં ય જેઓ તે વચનને અવગણીને આળસુ બને, પોતાના શિથિલાચારમાં કદાગ્રહી બને, ગુરુની વાત સ્વીકારે નહિ અને 'ઈચ્છં' કહેવા પૂર્વક પાપનું પ્રતિક્રમણ ન કરે (પાપત્યાગાદિ ન કરે) ગુરુએ તેના પહેરેલા વેષને ખેંચી લેવો.

**(૧૨૩) કોઈ કહે જે ગચ્છથી ન ટળીયા, નિર્ગુણી પણ સાધુ રે, જ્ઞાતિમાંહે નિર્ગુણી પણ ગણીએ, જસ નહિ જ્ઞાતિ બાધો રે.**

**ગુણ-અવગુણ એમ સરખા કરતો તે જિનશાસન વૈરી રે. નિર્ગુણી જો નિજછંદે ચાલે, તો ગચ્છ હોવે સ્વૈરી રે.**

**સાડા ત્રણસો ગાથાનું સ્તવન ઢાળ-૨.**

**અર્થ :** કેટલાકો કહે છે કે "જે સાધુઓ નિર્ગુણી હોવા છતાં ગચ્છમાં જ રહેલા છે, તેમને સાધુ જ જાણવા. જેમ નિર્ગુણી માણસ જ્ઞાતિજનમાંથી બહાર ન હોય પણ અંદર હોય તો એ ખરાબ હોવા છતાં જ્ઞાતિમાં જ ગણાય."

આ રીતે ગુણ અને અવગુણોને સરખા કરનારો તો શાસનનો વૈરી છે. કેમકે એ નથી જાણતો કે જો આ રીતે જો નિર્ગુણીઓને ય સાધુ ગણશો તો ગચ્છમાં રહેલા એ નિર્ગુણીઓ તો સ્વચ્છંદ બની ગમે તેવું વર્તન કરવાના અને એના કારણે આખો ગચ્છ પણ સ્વચ્છંદી બની જાય. (એ નિર્ગુણીઓનો ચેપ બધાને લાગે.)

**(૧૨૪) अन्नम्मि दिणे सूरिपयजुग्गा सुयकेवलिणो मुणिसंभुयविजयभद्दबाहुनामगे मुणिवरे गणहरपए ठाविऊणं सयं सिरिजसभद्दसूरिणो संलेहणं करिय सुरपुरसिरीए अवयंसभावमुवागया । तओ ते ससिसूरुव्व तिमिरं गोवित्थरेण हणंता महिमंडलं पुढो पुढो विहरंति । अह सो वराहमिहिरमुणी अप्पमई चंदसूरपन्नत्तिपमुहे के वि गंथे मुणिऊण अहंकारनट्टिओ सूरिपयमहिलसंतो अज्जुग्गत्ति गुरूहिं नाणबलेण नाऊण न गणहरपए ठाविओ इय सुयवयणं सरंतेहिं 'वूढो गणहरसद्दो गोयममाईहिं धीरपुरिसेहिं । जो तं ठवइ अपत्ते जाणंतो सो महापावो ।...चइत्तु जिणमुद्दं पुणरवि सहावसिद्धं माहणत्तमुवगओ वराहमिहिरो । - કલ્પસૂત્ર.**

**અર્થ :** એક દિવસ આચાર્યપદ યોગ્ય, શ્રુત કેવલી એવા મુનિસંભૂતવિજય અને ભદ્રબાહુ નામના સાધુઓને ગણધર પદ ઉપર સ્થાપીને શ્રી યશોભદ્રસૂરિ જાતે સંલેખના કરી દેવપુરીની લક્ષ્મીના આભૂષણપણાને પામ્યા. ત્યારબાદ તે બે ય આચાર્યો સૂર્યચંદ્રની જેમ વાણીના વિસ્તાર વડે (અજ્ઞાન) અંધકારને હણતા છતાં પૃથ્વીમંડલ પર જુદા જુદા વિચરે છે. હવે પેલો વરાહમિહિર અલ્પમતિવાળો છતાં ચંદ્રપ્રજ્ઞપ્તિ વગેરે કેટલાક ગ્રન્થો જાણીને અહંકારી બનીને આચાર્યપદની ઈચ્છા કરતો હતો, પણ ગુરુએ જ્ઞાનબળથી તેને અયોગ્ય જાણીને શાસ્ત્રનું આ વચન યાદ કરીને એને આચાર્યપદ ન આપ્યું કે "ગણધર

શબ્દ તો ગૌતમસ્વામી વગેરે મહામુનિઓએ વહન કરેલ છે. જે ગુરુ જાણવા છતાં તે શબ્દને અપાત્રમાં સ્થાપે છે, તે મહાપાપી છે... એ પછી વરાહમિહિરે સાધુવેષ છોડી ફરી પાછું સ્વભાવસિદ્ધ બ્રાહ્મણપણું સ્વીકારી લીધું.

(૧૨૫) **'तत्तथार्यसुहस्ती तु दोषयुक्तं विदन्नपि । सेहे शिष्यानुरागेण लिप्तचित्तो बलीयसा ।**
**सुहस्तिनमितश्चार्यमहागिरिरभाषत । अनेषणीयं राजान्नं किमादत्से विदन्नपि ।**
**सुहस्त्युवाच भगवन्यथा राजा तथा प्रजाः । राजानुवर्तनपराः पौरा विश्राणयन्त्यदः।**
**मायेयमिति कुपितो जगादार्यमहागिरिः शान्तं पापं विसम्भोगः खल्वतः परमावयोः।**

**- પરિશિષ્ટ પર્વ સર્ગ-૧૧ ગાથા ૧૧૩ થી ૧૧૬**

**અર્થ :** (સંપ્રતિરાજાએ બધા વેપારીઓને કહ્યું કે તમારે સાધુઓને પુષ્કળ વહોરાવવું. એની રકમ હું ચૂકવી દઈશ.) આર્યસુહસ્તિ એ ગોચરી દોષયુક્ત જાણવા છતાં પણ સાધુઓ પરના બળવાન અનુરાગથી લેપાયેલા ચિત્તવાળા બનીને બધું ચલાવતા હતા. આ બાજુ આર્ય મહાગિરિએ સુહસ્તિસૂરિને કહ્યું કે "આ દોષિત રાજભોજન તું જાણવા છતાં કેમ લે છે ?" સુહસ્તિસૂરિ બોલ્યા કે ભગવન્ ! જેવો રાજા તેવી પ્રજા. રાજા આપણો ભક્ત છે. એટલે એને અનુસરતી પ્રજા પણ આપણને આ વહોરાવે છે. (અર્થાત્ એના પૈસા રાજા આપે છે... એ વાત છુપાવી. પણ આર્યમહાગિરિ તો આ જાણતા હતા એટલે) 'આ માયા છે' એમ વિચારી ગુસ્સે થયેલા આર્ય મહાગિરિએ કહ્યું કે "પાપ શાન્ત થાઓ. હવે પછી આપણા બેનો વિસંભોગ થાય છે. (અર્થાત્ આપણી ગોચરી માંડલી વગેરે બધું જ જુદું થાય છે. આપણે સાથે નહિ વાપરીએ.)

(૧૨૬) **एभिः पूर्वोक्तकारणैर्यद् गृहीतं भक्तं सा अजाता परिष्ठापनिकोच्यते, तस्याश्चाजातायाः साध्वालोके त्रयः पुञ्जाः क्रियन्ते, किमर्थमित्याह-अध्वाने निर्गतास्तदर्थं त्रयः पुञ्जाः क्रियन्ते, आदिग्रहणात्कदाचित्त एव कारणे उत्पन्ने गृह्णन्तीति। ... विहः = पन्थाः, तदर्थं निर्गतानां साधूनां शुद्धतरभक्तपरिज्ञानार्थं त्रयः पुञ्जकाः क्रियन्ते, आदिग्रहणात् वास्तव्यानामेव कदाचिदुपयुज्यते इति कृत्वा परिज्ञानार्थं त्रयः पुञ्जकाः क्रियन्ते । - ઓઘનિર્યુક્તિ-૬૧૫-૬૧૬.**

**અર્થ :** દુર્લભદ્રવ્ય મળી જવું વગેરે પૂર્વે કહેલા કારણો વડે ગ્રહણ કરેલ જે (નિર્દોષ) ભોજન, (વધી પડે) તેને પરઠવવામાં અજાતા પરિષ્ઠાપનિકા કહેવાય. તે અજાતાના ત્રણ પુંજો ત્યાં કરવા કે જ્યાં સાધુઓ જોઈ શકે. શા માટે આમ કરવું ? તે કહે છે કે લાંબા વિહાર કરનારાઓને માટે આમ કરવું. આદિશબ્દથી સમજવું કે ક્યારેક તે જ સાધુઓ કારણ ઉત્પન્ન થાય તો (એ પરઠવેલી ગોચરી પછી) ગ્રહણ કરે... મોટો વિહાર કરવા નીકળેલા સાધુઓને આ ગોચરી શુદ્ધ છે કે અશુદ્ધ છે ? એ બોધ થાય તે માટે ત્રણ પુંજ કરાય છે. (ત્રણ પુંજવાળી શુદ્ધ ગણાય.) એમ ત્યાં રહેલા સાધુઓને પણ ક્યારેક ઉપયોગી બને એમ હોવાથી એ બોધ માટે ત્રણ ઢગલા કરવા.

(૧૨૭) **साम्प्रतं तु सर्वं परिष्ठाप्यं प्रायो भस्माक्रान्तं कृत्वा परिष्ठाप्यते । - યતિજીતકલ્પ-૨૦૮.**

**અર્થ :** વર્તમાનમાં તો પરઠવવા યોગ્ય બધી જ વસ્તુ મોટાભાગે રાખથી મિશ્રિત કરીને પરઠવાય છે.

(૧૨૮) **आरोप्य केवलं कर्मकृतां विकृतिमात्मनि । भ्रमन्ति भ्रष्टविज्ञाना भीमे संसारसागरे । - અધ્યાત્મસાર આત્મનિશ્ચયાધિકાર-૧૬.**

**અર્થ :** જે માત્ર કર્મ વડે કરાયેલા વિકારો છે, તે "આ આત્માના છે" એમ આત્મામાં આરોપ કરીને એ જ્ઞાનથી ભ્રષ્ટજીવો ભયંકર સંસાર સાગરમાં ભમે છે. (સિદ્ધોમાં જે ન હોય એવું જે કંઈપણ સંસારી જીવોમાં છે. એમાં કર્મ મહત્ત્વનો ભાગ ભજવે છે. તીર્થંકરત્વ પણ જિનનામોદયથી જ પ્રગટે છે, એટલે તે કર્મનો વિકાર છે.)

**● નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાત્મ કહીએ રે. જે કિરિયા કરી ચઉગતિ સાધે તે ન અધ્યાતમ કહીએ રે.** - આનંદઘનચોવીશી-શ્રી શ્રેયાંસનાથ સ્તવન.

**અર્થ :** જે ક્રિયા આત્મસ્વરૂપને સાધી આપે તે અધ્યાત્મ કહેવાય. પણ જે ક્રિયા કરીને જીવ ચારગતિને સાધે (અર્થાત્ ચારમાંથી ગમે તે ગતિમાં પરિભ્રમણ કરે) તે ક્રિયા અધ્યાત્મ ન કહેવાય. (કરુણાભાવનાદિ પદાર્થો દેવગતિમાં લઈ જનારા છે અને દેવગતિ ચારગતિમાંથી જ એક ગતિ છે.)

(૧૨૯) **शुद्धा योगा रे यदपि यतात्मनां स्त्रवन्ते शुभकर्माणि । काञ्चननिगडांस्तान्यपि जानीयात् हतनिर्वृतिशर्माणि ॥ - શાન્તસુધારસ આશ્રવભાવના.**

**અર્થ :** સંયમીઓનાં શુદ્ધ યોગો જે વળી (જિનનામ, શાતા, ઉચ્ચગોત્રાદિ) શુભકર્મોને બંધાવી આપનારા બને છે. તે શુભકર્મો ય મોક્ષસુખને હણનારા અને માટે જ સોનાની બેડી જેવા જાણવા.

(૧૩૦) **मय्येव निपतत्वेतज्जगद्दुश्चरितं यथा । मत्सुचरितयोगाच्च मुक्तिः स्याद् सर्वदेहिनाम् । - અષ્ટકપ્રકરણ-૨૯-૩.**

**અર્થ :** (શ્રીબુદ્ધની ભાવના હતી કે) આ જગતના બધા જ પાપો મારામાં આવી પડો અને મારા સુકૃતો એ બધા જીવોમાં જતા રહો કે જેના યોગથી સર્વજીવોની મુક્તિ થાય.

(૧૩૧) **असम्भवीदं यद्वस्तु बौद्धानां निवृतिश्रुतेः । सम्भवित्वे त्वियं न स्यात्तस्यैकस्याप्यनिवृत्तेः । तदेवं चिन्तनं न्यायात्तत्त्वतो मोहसंगतम् । - અષ્ટકપ્રકરણ-૨૯-૪/૫.**

**અર્થ :** તમામ જીવોના પાપો બુદ્ધાત્મામાં આવી જવા એ અસંભવિત છે. તે એટલા માટે કે ઘણાય બૌદ્ધોનો મોક્ષ થયો હોવાની વાત એમના શાસ્ત્રોમાં સંભળાય છે. હવે જો સર્વજીવોના પાપો બુદ્ધની ભાવના પ્રમાણે એમના આત્મામાં સંક્રમી જતા હોત તો તો એકપણ બુદ્ધનો મોક્ષ શક્ય જ ન બનત (અને બધા જીવો મોક્ષે પહોંચી ગયા હોત, પણ એવું દેખાતું નથી) અને તો પછી ઘણા બુદ્ધોની મુક્તિ ન જ થાત. (પણ એમના જ ગ્રન્થોમાં કહી છે) એટલે બુદ્ધનું આ ચિંતન અશક્યવસ્તુના ચિંતન રૂપ હોવાથી પરમાર્થથી વિચારીએ તો અજ્ઞાનસંગત છે.

(૧૩૨) **वरं वृन्दावने रम्ये क्रोष्टुत्वमभिवाञ्छितम् । न त्वेवाविषयो मोक्षः कदाचिदपि गौतम !**

**जइनत्थि सीमंतिणीओ मणहरपियंगुवन्नाओ । ता रे सिद्धन्तिय ! बन्धणं खु मोक्खो न सो मोक्खो ।** - યોગબિન્દુ-૧૩૭-૧૩૮

**અર્થ :** મનોહર વૃંદાવન બગીચામાં શિયાળ થવાની ઈચ્છા રાખવી એ સારી, પણ હે ગૌતમ ! (ગાલવ ઋષિનો શિષ્ય) વિષયસુખ વિનાનો મોક્ષ ઈચ્છવો તો ક્યારેય સારો નથી.

*જ્યાં પ્રિયંગુ વનસ્પતિના જેવા વર્ણવાળી મનોહર સ્ત્રીઓ નથી. હે સિદ્ધાન્તિક ! એ મોક્ષ તો બંધન* જ કહેવાય. તે મોક્ષ ન કહેવાય.

(૧૩૩) **न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति । - તત્ત્વાર્થકારિકા.**

**અર્થ :** સાંભળનારા બધાયને એકાંતે ધર્મપ્રાપ્તિ થાય જ એવો નિયમ નથી (અર્થાત્ તેઓ ન પણ પામે) પણ તેઓ ઉપર ઉપકાર કરવાની બુદ્ધિથી બોલનારા (ગીતાર્થ-સંવિગ્ન) વક્તાનું તો એકાન્તે હિત થાય.

(૧૩૪) **आलम्बनैः प्रशस्तैः प्रायो भाव प्रशस्त एव यतः । इति सालम्बनयोगी मनः शुभालम्बनं दद्यात् ।**

**सालम्बनं क्षणमपि क्षणमपि कुर्यान्मनो निरालम्बम्, इत्यनुभवपरिपाकादाकालं स्यान्निरालम्बम् ।**

**अवलम्ब्यैकपदार्थं यदा न किञ्चिद् विचिन्तयेदन्यत् । अनुपनतेन्धनवह्निवदुपशान्तं स्यात्तदा चेतः । - અધ્યાત્મસાર - અનુભવાધિકાર.**

**અર્થ :** જિનપ્રતિમા, શાસ્ત્રો વગેરે પ્રશસ્ત આલંબનો વડે પ્રાયઃ સારો જ ભાવ પ્રગટે અને માટે આલંબનવાળા યોગનો સ્વામી મુનિ મનને શુભ આલંબનમાં લગાડી દે. ક્ષણવાર મનને સાલંબન કરે, ક્ષણવાર નિરાલંબન કરે (આલંબનમાંથી ઉઠાવી આત્મામાં જોડી દે) આ રીતે કરતા અનુભવનો પરિપાક થઈ જવાથી પછી કાયમ માટે મન નિરાલંબન બની જાય. (અર્થાત્ પછી પ્રતિમાદિ આલંબન વિના પણ મન શુભ-શુદ્ધભાવોમાં જ રમે) એક પદાર્થનું આલંબન લીધા બાદ જ્યારે મુનિ બીજુ કંઈપણ ન વિચારે, ત્યારે ઈન્ધન વિનાની અગ્નિ જેમ શાન્ત થાય તેમ મન શાંત થઈ જાય.

• **प्रथमतो व्यवहारनयस्थितोऽशुभविकल्पनिवृत्तिपरो भवेत् । शुभविकल्पमयव्रतसेवया हरति कण्टक एव हि कण्टकम् ।...तदनु काचन निश्चयकल्पना विगलितव्यवहारपदावधिः । न किमपीति विवेचनसम्मुखी भवति सर्वनिवृत्तिसमाधये... ।- અધ્યાત્મસાર મનઃશુદ્ધિ અધિકાર.**

**અર્થ :** સૌ પ્રથમ તો વ્યવહારનયમાં રહેલા સાધકે શુભવિકલ્પમય એવા વ્રતોનું સેવન કરવા દ્વારા અશુભવિકલ્પોની નિવૃત્તિ કરવામાં તત્પર રહેવું જોઈએ. ખરેખર કાંટો જ કાંટાને કાઢે. (શુભ વિકલ્પો જ અશુભવિકલ્પોને કાઢે.) .... એ પછી વ્યવહારપદની મર્યાદા જેમાંથી ઓગળી ગઈ છે એવી, તથા 'કશું જ નથી' એવા પ્રકારના વિવેચનને સન્મુખ એવી કોઈક નિશ્ચયનયની કલ્પના થાય કે જે સર્વપદાર્થોની નિવૃત્તિ રૂપ સમાધિને માટે થાય.

(૧૩૫) **सल्लुद्धरणनिमित्तं गीयस्सन्नेसणा उ उक्कोसा जोयणसयाइं सत्त उ, बारसवरिसाइ कायव्वा। - પંચાશક-૧૫.**

**અર્થ :** શલ્યોદ્ધાર કરવા = પાપોની આલોચના કરવા ગીતાર્થ (સંવિગ્ન) ગુરુની તપાસ કરવી. ૭૦૦ યોજન સુધી કુલ ૧૨ વર્ષ સુધી આ તપાસ કરવી. (પણ અગીતાર્થાદિની પાસે શલ્યોદ્ધાર ન કરવો.)

(૧૩૬) **यथातुरवशाद् व्याधिचिकित्सा गुणकरी दोषकरी च । तथा मलिनारम्भीतर-लक्षणानुष्ठातृवशाद् द्रव्येतरस्नानरूपे धर्मसाधने गुणदोषकरे । - અષ્ટકપ્રકરણ-૨-૫.**

**અર્થ :** વ્યાધિની ચિકિત્સા જેમ ગ્લાનને અનુસારે ગુણકારી અને દોષકારી બને. (એટલે કે એક જ ગ્લાનને અમુકદવા ગુણકારી અને અમુક દવા દોષકારી બને, અથવા એક જ દવા અમુક ગ્લાનને ગુણકારી

અને અમુકને દોષકારી બને.) તેમ મલિનારંભી = સાવદ્યકાર્યોમાં ખૂંપેલા ગૃહસ્થો અને જૈન સાધુઓ રૂપ અનુષ્ઠાતાઓને અનુસારે દ્રવ્યસ્નાન અને ભાવસ્નાન રૂપ ધર્મસાધનો ગુણકારી અને દોષકારી બને. (દ્રવ્યસ્નાન ગૃહસ્થને દ્રવ્યપૂજાદિ માટે હિતકારી, સાધુઓને અહિતકારી.... આમ અધિકારી પ્રમાણે ધર્મસાધનોની વ્યવસ્થા છે.)

(૧૩૭) **यः स्वयमेव = आत्मनैव भीतः = परस्य वैयावृत्त्यादिकारणे खरण्टनादि-द्वेषप्रसङ्गादवाप्तभयः वैयावृत्त्यं = उपधिप्रतिलेखनाहाराद्यानयनादिकं करोति आचार्यपदस्थः, तेन स्वहस्तेनैव शिष्या अविनीताः क्रियन्ते.....वैयावृत्त्यपरे गुरौ 'अहो ! अनीश्वराः प्रवजिता एते' इति प्रवचनलाघवमप्युपजायते ।...स्वयमेव वैयावृत्त्यकरणं आचार्यस्यानुचितमिति भावः । - સામાચારી પ્રકરણ-૧૮.**

**અર્થ :** જે આચાર્ય એમ વિચારીને ગભરાઈ જાય કે "શિષ્યો પાસે વૈયાવચ્ચાદિ કરાવવામાં ઠપકો આપવાદિ પ્રવૃત્તિ પણ કરવી પડે અને એમાં મારે દ્વેષ કરવો પડે," અને એ ભયથી જાતે જ ઉપધિપ્રતિલેખન, ગોચરી લાવવી વગેરે કાર્યો કરે, એ તો પોતાના હાથે જ પોતાના શિષ્યોને અવિનયી બનાવે છે.

બીજું એ કે, આ રીતે આચાર્ય જાતે વૈયાવચ્ચ કરે તો એમના સૂત્ર અને અર્થ ક્ષીણ થવા માંડે. (પુનરાવર્તનાદિ ન થવાથી) તથા વાદી કે રાજાદિ આવે અને આચાર્યને વૈયાવચ્ચ કરતા જુએ તો "અરે ! આ સાધુઓ અનીશ્વર છે." એમ શાસનનિંદા પણ થાય... માટે જાતે જ વૈયાવચ્ચ કરવી આચાર્ય માટે અનુચિત છે.

(૧૩૮) **व्यवहारं विनिश्चित्य ततः शुद्धनयाश्रितः । आत्मज्ञानरतो भूत्वा परमं साम्यमाश्रयेत् । - અધ્યાત્મસાર-આત્મનિશ્ચયાધિકાર.**

**અર્થ :** તે કારણથી વ્યવહારને વિનિશ્ચિત કરીને શુદ્ધનયને આશ્રિત થયેલો આત્મા આત્મજ્ઞાનમાં લીન બનીને પરમ સમતાને પામે છે. (અહીં વ્યવહારનયમાં નિશ્ચિત થયા બાદ શુદ્ધનયમાં = નિશ્ચયનયમાં આશ્રિત થવાનો ક્રમ સ્પષ્ટ જણાઈ આવે છે.)

(૧૩૯) **व्यवहारनयवासनावन्तो हि क्वचन कार्ये दैवजनितत्वं प्रतिसंदधानास्तुल्य-वित्तिवेद्यतयाऽल्पप्रयत्नजन्यत्वमपि प्रतिसंदधति, ततोऽल्पाभाववचनस्य स्वसंप्रदायसिद्धत्वेनेष्टतया तत्साधनतया ज्ञातं तत्र तदभावज्ञानमिच्छन्ति, ततश्चेष्टतत्साधनसंकल्पप्रवृत्तौ तथा जानन्ति इतीच्छाजन्यमाभासिकं तदभावज्ञानं न तज्ज्ञानप्रतिबन्धकम्, अनाहार्यतदभाववत्ताज्ञानस्यैव तद्वत्ताज्ञानप्रतिबन्धकत्वावधारणात्, युक्तं चैतत् इत्थमेव स्वविषयप्राधान्यस्य संभवात्, आभासिकावधारणस्यैव प्राधान्यपदार्थत्वात् । इत्थमेव नयानामितरनयार्थनिराकरणमुपपद्यते, अन्यथेतरांशप्रतिक्षेपित्वेन दुर्नयत्वापत्तेरिति विवेचितं नयरहस्ये । ઉપદેશ રહસ્ય-૫૩.**

**અર્થ :** (ન્યાયગર્ભિત પંક્તિઓ હોવાથી જરાક ધ્યાનપૂર્વક વાંચવું) વ્યવહારનયની વાસનાવાળાઓ કોઈક કાર્યમાં જ્યારે એમ જાણતા હોય કે "આ કાર્ય ભાગ્યથી થયું છે." ત્યારે ભાગ્યજન્યત્વ અને પ્રયત્નજન્યત્વ બે વસ્તુ એક જ જ્ઞાનથી જણાતી હોવાથી એ સાથે જ આ બોધ પણ કરી જ લે છે કે "આ

કાર્ય અલ્પપ્રયત્નથી પણ જન્ય છે." પણ ત્યારબાદ "જે અલ્પ હોય, તેનો અભાવ કહી શકાય." એ વાત સંપ્રદાયથી સિદ્ધ હોવાથી તેઓને ત્યાં પ્રયત્નનો અભાવ જ ઈષ્ટ બની જાય છે. અને તેનું સાધન એ જ્ઞાન છે કે "અહીં યત્નનો અભાવ છે." અને આમ તેઓ ત્યાં એવો બોધ કરે છે કે "અહીં પ્રયત્નનો અભાવ છે, ભાગ્યથી કાર્ય જન્ય બન્યું છે." આમ અલ્પપ્રયત્ન હોવાનું જ્ઞાન હોવા છતાં ત્યાં પ્રયત્નના અભાવનો બોધ કરવાની ઈચ્છા દ્વારા જ એ પ્રયત્નાભાવનું જ્ઞાન થાય છે માટે તે આભાસિક છે અને તેવું તે પ્રયત્નાભાવજ્ઞાન પ્રયત્ન હોવાના જ્ઞાનનું પ્રતિબંધક ન બને. (રડતા છોકરાને શાંત કરવા મમ્મી બોલે કે "બાવો આવ્યો" તો એ વખતે મમ્મીને બાવાના અભાવનું જ્ઞાન થઈ જ શકે છે. કેમકે "બાવો આવ્યો" શબ્દ તો કોઈક કારણસર જાણવા છતાં બોલાયા છે.) કેમકે અનાહાર્ય એવું તદભાવવત્તાનું જ્ઞાન જ તદ્વત્તાજ્ઞાન પ્રત્યે પ્રતિબંધક બને. (જ્યાં અલ્પપ્રયત્ન હોવાનો ખ્યાલ જ નથી અને પ્રયત્નાભાવનો બોધ થાય તે બોધ અનાહાર્ય...કહેવાય.)

આ વાત યોગ્ય છે. આ રીતે જ નયોની પોતપોતાની વિષયની પ્રધાનતા સંભવે છે. કેમકે બીજાનયનો વિષય અમુક અપેક્ષાએ પ્રધાન હોવાનો બોધ હોવા છતાં સમ્યક્ કારણસર પોતાના વિષયને જ પ્રધાન તરીકે કહેવા રૂપ આભાસિક અવધારણ એ જ પ્રધાનતાપદનો અર્થ છે. અને આ રીતે જ એક નય બીજા નયનું ખંડન કરે એ સંગત છે. બાકી તો એ નય પદાર્થના બીજા સાચા અંશનું ખંડન કરનાર હોવાથી દુર્નય જ બની રહે... એ વાત અમે નયરહસ્યમાં બતાવી છે. (સાર એ કે પુષ્ટ કારણોસર ઈતરનયનું ખંડન કરવા છતાં મનમાં તો એ નયની મહત્તા પણ બરાબર અંકિત થઈ હોવાથી કોઈ દોષ નથી.)*

(૧૪૦) **तित्थयरो चउनाणी सुरमहिओ सिज्झियव्वधुवंमि । अणिगूहियबलविरिओ सव्वत्थामेसु उज्जमई । किं पुण अवसेसेहिं दुक्खक्खयकारणा सुविहिएहिं । होंति न उज्जमियव्वं सपच्चवायंमि माणुस्से । – આચારાંગ નિર્યુક્તિ-૩૪ની વૃત્તિ.**

**અર્થ :** તીર્થંકર ચારજ્ઞાનના સ્વામી, દેવપૂજિત, અવશ્ય મોક્ષગામી હોવા છતાં બલ-વીર્ય ગોપવ્યા વિના જો સર્વશક્તિથી (તપ-સંયમ) ઉદ્યમ કરતા હોય, તો મુશ્કેલીથી ભરેલા માનવભવમાં બાકીના સુવિહિતોએ દુ:ખનો ક્ષય કરવા માટે ઉદ્યમ ન કરવો જોઈએ ? (જ્ઞાનીઓને પણ તપ જરૂરી છે...)

(૧૪૧) **एगदुतिमासखमणं संवच्छरमवि अ अणसिओ हुज्जा । सज्झायझाणरहिओ एगोववासफलंपि न लभिज्जा । -યતિજીતકલ્પ ૨૦૯**

**અર્થ :** એક-બે-ત્રણ મહીના કે એક વર્ષ પણ ઉપવાસ કરે, પણ જો એ સ્વાધ્યાય અને ધ્યાન વિનાનો હોય તો એ એક ઉપવાસનું ફળ પણ ન પામે.

(૧૪૨) **जिनदेशना हि नयशतसमाकुला, नयाश्च कुप्रवचनालम्बनभूताः । - અષ્ટકપ્રકરણ ૨૮-૮.**

**અર્થ :** જિનની દેશના સેંકડો નયોથી યુક્ત હોય, અને નયો કુપ્રવચનોને માટે આલંબનભૂત હોય છે. (અર્થાત્ જિનદેશનામાં રહેલા તે તે નયોને પકડીને કુપ્રવચનો જન્મ પામે છે.)

(૧૪૩) **चेइयकुलगणसंघे आयरिआणं च पवयणसुएसु । सव्वेसु वि तेण कयं तवसंजममुज्जमंतेण । – ઉપદેશરહસ્ય-૩૪.**

**અર્થ :** જે તપ અને સંયમમાં ઉદ્યમવાળો છે, તેણે તો ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન, શ્રુત

આ બધા યને વિશે પોતાનું કર્તવ્ય કરી જ લીધું છે એમ જાણવું.

**(१४४) चोएइ चेइयाणं रूप्पसुवण्णाइं गामगावाइं । मग्गंतस्स हु मुणिणो तिगरणसुद्धी कहं णु भवे ? भण्णइ एत्थ विभासा, जो एयाइं सयं विमग्गेज्जा । न हु तस्स हुज्ज सुद्धी । अह कोइ हरेज्ज एयाइं । सव्वत्थामेणं तर्हि संघेणं होइ लग्गियव्वं तु । सचरित्तचारित्तीणं एयं सव्वेसिं कज्जं तु ॥ - અષ્ટકપ્રકરણ-૨-૫.**

**અર્થ : પ્રશ્ન :** દેરાસર માટેના રૂપ્ય, સુવર્ણ, ગામ, ગાયાદિને માંગતા (એટલે કે દેરાસર માટે આ બધી વસ્તુ ભેગી કરતા, સાચવતા...) મુનિને મન-વચન-કાયાની શુદ્ધિ શી રીતે હોય ?

**ઉત્તર :** અહીં વિકલ્પ છે. જે સાધુ આ બધી વસ્તુઓને જાતે માંગે તો એને શુદ્ધિ ન હોય. પણ જો કોઈ દેરાસર સંબંધી આ વસ્તુઓને ચોરે તો ત્યાં સંઘે સર્વશક્તિ વડે એ બચાવવા લાગી પડવું. આ કાર્ય સાધુ-સંસારી બધાયનું છે.

**• सर्वसावद्यविरतः साधुरपि तत्र ( चैत्यद्रव्यविनाशादौ ) औदासीन्यं कुर्वाणो = देशनादिभिरनिवारयन्ननन्तसंसारिको भणित इति विनश्यच्चैत्यद्रव्याद्युपेक्षा संयतेनापि सर्वथा न कार्या । - દ્રવ્યસપ્તતિકા-૧૯.**

**અર્થ :** તમામ પાપોથી વિરત સાધુ પણ દેવદ્રવ્યવિનાશાદિમાં ઉપેક્ષા કરે એટલે કે દેશનાદિ દ્વારા તેને ન અટકાવે તો એ અનંતસંસારી કહ્યો છે. આ પ્રમાણે નાશ પામતા દેવદ્રવ્યાદિની ઉપેક્ષા સાધુએ પણ કોઈપણ હિસાબે ન કરવી.

**(१४५) जे उ दाणं पसंसंति, वहमिच्छन्ति पाणिणं । जे य णं पडिसेहंति वित्तिछेदं करेंति ते । - સૂયગડાંગ-૧-૧૧-૨૦.**

**અર્થ :** જે મુનિઓ ગરીબાદિને અપાતા દાનને પ્રશંસે છે, તેઓ તે દાનમાં થનારા પ્રાણીઓના વધને ઈચ્છનારા છે. (રસોઈ બનાવવામાં ષટ્કાયવધ થવાનો જ.) અને જેઓ આપવાનો નિષેધ કરે છે, તેઓ ગરીબાદિની આજીવિકાનો વિચ્છેદ કરનારા છે. (માટે દાનની પ્રશંસા કે નિષેધ કશું જ ન કરવું.)

**• धर्मस्यादिपदं दानं दानं दारिद्र्यनाशनम् । जनप्रियकरं दानं दानं सर्वार्थसाधनम् । - યોગબિન્દુ ૧૨૫.**

**અર્થ :** ધર્મનું પ્રથમપદ દાન છે, દાન દરિદ્રતાનો નાશ કરનાર છે. લોકોની પ્રીતિ ઉત્પન્ન કરનાર દાન છે. દાન તમામ અર્થઓનું સાધન છે. (અહીં દાનની ભરપૂર પ્રશંસા જ થઈ રહી છે.) (આ વિરોધનું સમાધાન ઉપદેશરહસ્યમાં ૧૬૮-૧૬૯મી ગાથામાં છે.)

**(१४६) णहदंतादि अणंतरं पिप्पलगादि परंपरे आणा... । अणंतरपरंपरेण छिंदमाणस्स तित्थगरगणहराणं आणाभंगो कतो भवति... । अणवत्थपसंगेण तं दट्ठूण अण्णेवि करेंति छेदादी... । मिच्छत्तं च जणयति ।... वत्थे छिज्जंते छप्पइगादि छिज्जंति एस से संजमविराहणा... । अह छेदणादिकिरियं करेंतस्स हत्थपादादि छेज्जेज्ज, ततो आयविराहणा । - શ્રી નિશીથચૂર્ણિ-૫૦૬.**

**અર્થ :** નખ-દાંત વડે વસ્ત્રાદિ છેદવા તે અનંતરછેદન અને કાતરાદિ વડે છેદવા તે પરંપર. બે ય રીતે છેદનારાને તીર્થંકર ગણધર ભગવંતોની આજ્ઞાનો ભંગ કર્યાનો દોષ લાગે. વળી તેને જોઈને બીજા પણ

છેદાદિ કરે એ અનવસ્થા.... છેદનારો બીજાને મિથ્યાત્વ પમાડે.... વસ્ત્ર છેદવામાં એમાં રહેલ જુ વગેરે છેદાય એ સંયમવિરાધના.... છેદનાદિ કરનારાના હાથ-પગ છેદાય એ આત્મવિરાધના.

**• इत्तरिओ पुण उवधी जहण्णओ मज्झिमो य बोद्धव्वो । सुत्तणिवातो मज्झिमे तमपडिलेहेंते आणादी । - श्री निशीथचूर्णि-१४३५.**

**અર્થ :** ઈત્વરિક ઉપધિ એટલે જઘન્ય (મુહપત્તી વગેરે) અને મધ્યમ (ચોલપટ્ટાદિ) જાણવો. આ ૫૯મું સૂત્ર મધ્યમ ઉપધિ માટે છે. તેનું પ્રતિલેખન ન કરવામાં આજ્ઞાભંગાદિ (આદિ શબ્દથી અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના લેવાય છે.) દોષ લાગે. (નાની ઉપધિના અપ્રતિલેખનમાં પણ આ દોષો લાગે, પણ એમાં પ્રાય. ઓછું આવે. એટલે આ વધુ પ્રાય. દર્શાવનાર સૂત્ર મધ્યમ ઉપધિ માટે જણાવેલ છે.)

(આ બે સ્થાન દર્શાવ્યા. એવા ઢગલાબંધ સ્થાનો શ્રી જિનાગમોમાં દર્શાવ્યા છે.)

**(૧૪૭) सो बउसो चारित्तं बउसं अइआरपंकओ जस्स...मुत्तुं पुट्ठालंबं वत्थाइं अपाउसे वि जो धुवइ... सो बउसो उवगरणे... देहबउसो अकज्जे करचरणणहाइ भूसेइ। - ગુરુતત્ત્વવિનિશ્ચય-ઉલ્લાસ-૪-૧૩-૧૪-૧૬.**

**અર્થ :** તે બકુશ છે કે જેનું ચારિત્ર અતિચારરૂપી કાદવથી બગડેલું છે... જે પ્રવચનહીલના અટકાવવા વગેરેરૂપ પુષ્ટાલંબન વિના શેષકાળમાં પણ વસ્ત્રો ધુએ... તે ઉપકરણબકુશ છે... જ્યારે વિશેષ કાર્ય વિના જે હાથ-પગ-નખાદિને વિભૂષિત કરે તે દેહબકુશ. (આની પાસે ચારિત્ર પણ છે અને ઉપકરણ + દેહ સંબંધી ઘણા અતિચારો ય છે.)

**• सीलं चरणं तं जस्स कुच्छिअं सो हवे होइ कुसीलो... । - ગુરુતત્ત્વવિનિશ્ચય-ઉલ્લાસ-૪-૨૮.**

**અર્થ :** શીલ એટલે ચારિત્ર, તે જેનું કુત્સિત = ખરાબ છે, તે કુશીલ છે. (આ ય ચારિત્રધર તો છે જ.)

**(૧૪૮) मूलगुणाणइयारा खिप्पं उत्तरगुणे णिहंतूणं । चरणं हणंति इयरे कालेणं मूलगुणघाया । - ગુરુતત્ત્વવિનિશ્ચય-પ્રથમોલ્લાસ-૮૪.**

**અર્થ :** મૂલગુણોના અતિચારો ઝડપથી ઉત્તરગુણોને હણીને ચારિત્રને હણે, જ્યારે ઉત્તરગુણોના અતિચારો લાંબાકાળે મૂલગુણોનો ઘાત કરવા દ્વારા લાંબાકાળે ચારિત્રને હણે.

**(૧૪૯) यः पुनः स्तोकोऽपि प्रमाददोषः, स निश्चयेन भङ्गः । सम्यगनावृत्तस्य तु स भङ्ग उत्तरकालमवतिष्ठते इति शेषः । यस्मात् चारित्रे अपकर्षः - अधस्तनस्थानसङ्क्रमलक्षणः । - ગુરુતત્ત્વવિનિશ્ચય-પ્રથમોલ્લાસ-૮૨.**

**અર્થ :** જે વળી થોડોક પણ પ્રમાદદોષ છે, તે નિશ્ચયનયથી તો ચારિત્રનો ભંગ જ છે. જો એ પ્રમાદી સાધુ સમ્યગ્ રીતે એ દોષથી પાછો ન ફરે તો એ ભંગ પછીના કાળમાં પણ રહેવાનો જ. કેમકે અહીં ચારિત્રમાં નીચેના સ્થાનમાં જવા રૂપ અપકર્ષ થાય છે.

**• इत्थं चान्यतरस्थानभङ्गेऽपि निश्चयेन भङ्गोक्तिर्नानुपपन्ना । - ગુ. ત. વિનિશ્ચય પ્રથમોલ્લાસ-૮૨.**

**અર્થ :** આ પ્રમાણે કોઈપણ એકાદ સંયમસ્થાનનો ભંગ થાય તો પણ (નીચેનું સંયમસ્થાન હોવા છતાં પણ) નિશ્ચયનયથી તો એ ભંગ જ કહેવાય અને તે નિશ્ચયની અપેક્ષાએ અસંગત નથી.

**(૧૫૦) द्रव्यमोक्षः क्षयः कर्मद्रव्याणां नात्मलक्षणम् । भावमोक्षस्तु तद्धेतुरात्मा रत्नत्रयान्वयी । - અધ્યાત્મસાર-આત્મનિશ્ચયાધિકાર.**

**અર્થ :** કર્મદ્રવ્યોનો ક્ષય એ તો દ્રવ્યમોક્ષ છે. એ આત્માનું લક્ષણ નથી. જ્યારે ભાવમોક્ષ તો આ કર્મક્ષયના કારણભૂત એવો રત્નત્રયીવાળો આત્મા જ છે.

**(૧૫૧) ચરિત ભણી બહુલોકમાં જી, ભરતાદિકના જેહ રે, છોડે શુભવ્યવહારને જી, બોધિ હણે નિજ તેહ રે.**

**સવાસો ગાથાનું સ્તવન ઢાળ-૫.**

**અર્થ :** લોકમાં ભરત વગેરેના દૃષ્ટાન્તો વારંવાર કહીને જેઓ શુભવ્યવહારને છોડે છે, તેઓ પોતાના બોધિનો = સમ્યક્ત્વનો ઘાત કરે.

**(૧૫૨) આલંબન વિણ જેમ પડે જી, પામી વિષમી વાટ રે, મુગ્ધ પડે ભવકૂપમાં જી, તેમ વિણ કિરિયાઘાટ રે.**

**સવાસો ગાથાનું સ્તવન ઢાળ-૫.**

**અર્થ :** વિષમ માર્ગે આલંબન વિના જેમ મુસાફર ખાડા વગેરેમાં પડી જાય. તેમ મુગ્ધજીવો ક્રિયા=વ્યવહાર=આચાર રૂપ મજબુત ઘાટ=પાળ વિના સંસારકુવામાં પડે.

**(૧૫૩) अभिरूपजिनप्रतिमां विशिष्टवर्णवाक्यपदरचनां च । पुरुषविशेषादिकमप्यत एवालम्बनं ब्रूवते । અધ્યાત્મસાર-અનુભવાધિકાર.**

**અર્થ :** માટે જ તો સુંદર જિનપ્રતિમા, વિશિષ્ટ વર્ણો-વાક્યો-પદોની રચના (શ્લોકાદિ), વિશેષ પુરુષ વગેરેને (પ્રભુવીર વગેરે) મહાપુરુષો આલંબન તરીકે કહેવાય છે. (આ બાહ્યપદાર્થોથી મન-આત્મા અંદર જાય છે એટલે આ બધાનું આલંબન લેવું.)

**(૧૫૪) न च वचनविभक्त्यकुशलस्य मौनमात्रादेव वाग्गुप्तिसिद्धेर्गुणः, सर्वथा मौने व्यवहारोच्छेदात् अनिष्णातस्य गुप्त्यनधिकारित्वाच्च...प्रत्युतावाग्गुप्तस्य वाग्गुप्तत्वाभिमानादिना दोष एव । - ભાષારહસ્ય-૧.**

**અર્થ :** વચનના પ્રકારોને સારી રીતે ન જાણનારાને માત્ર મૌન ધારણ કરી લેવાથી વાગ્ગુપ્તિની સિદ્ધિ દ્વારા લાભ થઈ શકતો નથી. કેમકે સર્વથા મૌન રાખવામાં વ્યવહારનો ઉચ્છેદ થાય. અને ભાષા સંબંધમાં અનિષ્ણાત વ્યક્તિને તો ગુપ્તિનો અધિકાર જ નથી... ઉલ્ટું ખરેખર અવાગ્ગુપ્ત એવા એને તો મૌન રાખવાથી અભિમાન થાય કે "હું વાગ્ગુપ્તિવાળો છું" અને એ અહંકારાદિ દ્વારા તેને દોષ જ લાગે.

**(૧૫૫) अयं च कायोत्सर्ग एतैर्ज्योतिःस्पर्शादिभिः कारणैश्चलनेऽपि न भज्यते, तथा हि...यदाऽग्नेर्विद्युतो वा ज्योतिः स्पृशति, तदा प्रावरणायोपधिग्रहणेऽपि न भङ्गः,...तथा मार्जारमूषकादेः पुरोगमनेऽग्रतः सरतोऽपि न भङ्गः, तथा राजसम्भ्रमे चौरसंभ्रमे वाऽस्थानेऽपि नमस्कारमुच्चारयतो न भङ्गः । तथा सर्पदष्टे आत्मनि परे वा साध्वादौ सहसा उच्चारयतो न भङ्ग इति। - પ્રવચન સારોધ્ધાર દ્વાર-૫.**

**અર્થ :** ઉજઈનો સ્પર્શ વગેરે કારણોસર ચલન કરવા છતાં ય આ કાઉસ્સગ્ગ ભાંગતો નથી. તે આ

પ્રમાણે.... જ્યારે અગ્નિનો કે વિદ્યુતનો પ્રકાશ સ્પર્શે, ત્યારે વસ્ત્ર ઓઢી લેવા માટે ઉપધિનું ગ્રહણ કરીએ તો ય કાઉસ્સગ્ગનો ભંગ ન ગણાય.... બિલાડી-ઉંદર વગેરે આગળથી પસાર થતા હોય તો (આળ પડતી અટકાવવા) આગળ સરકી જવા છતાં ય ભંગ ન ગણાય. તથા રાજભય કે ચોરભયમાં અસ્થાને પણ "નમો અરિહંતાણં" બોલવા છતાં ય ભંગ ન ગણાય. તથા રાજભય કે ચોરભયમાં અસ્થાને પણ "નમો અરિહંતાણં" બોલવા છતાં ભંગ ન ગણાય. પોતાને સાપ ડંસ મારે કે બીજો કોઈ સાધુ વગેરે સર્પથી ડંસાય ત્યારે અચાનક 'નમો અરિહંતાણં' બોલી દે તો પણ ભંગ નથી. (અર્થાત્ જેટલો કાઉસ્સગ્ગ બાકી હોય એટલો જ પછી કરવાનો રહે. આખો કાઉસ્સગ્ગ ફરીથી કરવાની જરૂર નહિ.)

**(૧૫૬) अध्वप्रतिपन्ने शिशिरे सति तद् देवदूष्यं वस्त्रं व्युत्सृज्यानगारो भगवान् प्रसार्य बाहू पराक्रमते, न तु पुनः शीतार्दितः सन् सङ्कोचयति, नापि स्कन्धेऽवलम्ब्य तिष्ठतीति । - આચારાંગસૂત્ર અધ્યયન-૯.**

**અર્થ :** રસ્તામાં સખત ઠંડી પડે ત્યારે તે દેવદૂષ્ય વસ્ત્રને દૂર કરી અણગાર ભગવાન બે હાથ પહોળા કરી પરાક્રમ કરતા. ઠંડીથી દુઃખી થઈને હાથ સંકોચવાની પ્રવૃત્તિ કે હાથથી બે ખભાનું આલંબન લેવાની પ્રવૃત્તિ ન કરતા. (જે આજે ઠંડીથી ધ્રુજનારાઓ કરે છે.)

**(૧૫૭) संसारो अ अणंतो भट्ठचरित्तस्स लिङ्गजीविस्स । पंचमहव्वयतुङ्गो पागारो भिल्लिओ जेणं। - ઉપદેશમાલા - ૫૦૬.**

**અર્થ :** ચારિત્રભ્રષ્ટ અને વેષમાત્રને આધારે જીવન જીવનારાનો સંસાર અનંત થાય છે કે જે ધ્મ૦ પાંચમહાવ્રત રૂપી ઉંચા કિલ્લાને ભાંગી નાંખે છે.

**(૧૫૮) नियपेल्लएहिं सज्जोसंजाएहिं समन्नियाए तओ । अहिय छुहाकिलंता लग्गा सा एगजाणुम्मि । बीयम्मि पेल्लगाइं पहरम्मि दुइज्जगम्मि रयणीए । तइयम्मि दोसु उरुसु चउत्थए उदरदेसम्मि । स महप्पा मेरुगिरिव्व निच्चलो... - ઉપદેશમાલા-૨૧૪.**

**અર્થ :** તત્કાળ જ ઉત્પન્ન થયેલા પોતાના બચ્ચાઓવાળી અને માટે જ અત્યંત ભુખી થયેલી શિયાલણ અવંતિસુકુમાલના એકપગમાં લાગી (અર્થાત્ નીચેથી એક પગ ખાવા લાગી.) બીજા પગને બચ્ચાઓ ખાવા લાગ્યા. રાત્રિના બીજા પ્રહરમાં આ રીતે તેઓ ખાવા લાગ્યા. ત્રીજા પ્રહરમાં બે સાથળોને ખાવા લાગ્યા. (નીચેનું બધું ખવાઈ ગયું...) ચોથા પ્રહરમાં પેટ ભાગને ખાવા લાગ્યા. પણ તે મહાત્મા મેરુપર્વતની જેમ નિશ્ચલ રહ્યા.

•

## એષણાસમિતિમાં કેટલાક સુધારાઓ

પુસ્તક તૈયાર થયા બાદ વિશિષ્ટગીતાર્થ ગુરુભગવંતો પાસેથી કેટલીક મહત્ત્વની બાબતો જાણવા મળી. પુસ્તકમાં એ ઉમેરવી શક્ય ન બનવાથી છૂટા પાના પર આ બાબતો દર્શાવાય છે.

(૧) પાના નં. ૬૪ : આંબિલ માટે ઘરોમાં લુક્ખી રોટલી રખાવીએ, એ શાસ્ત્રીય દૃષ્ટિએ આધાકર્મી તરીકે આ પુસ્તકમાં દર્શાવી છે. કેટલાક વિશિષ્ટ ગીતાર્થોનું એમ સ્પષ્ટ માનવું છે કે, 'આ રીતે રખાવાતી લુક્ખી રોટલીની સ્થાપનાદોષમાં જ ગણતરી કરવી અને સ્થાપના દોષ સામાન્ય હોવાથી એને સ્વીકારીને પણ આંબિલો જ વધુ કરવા અને વિગઈ-આસક્તિ વગેરે મોટા દોષોથી બચવું. આ જ વધુ હિતકારી છે.' તેઓનું આ મન્તવ્ય ઉચિત લાગે છે.

(૨) પાના નં. ૭૦ : પૂતિદોષના વર્ણનમાં વિશેષ બાબત એટલી કે જ્યાં આધાકર્મી બને, એ ઘર ત્રણ દિવસ સુધી પૂતિ ગણાય. પણ જો એ આધાકર્મીનું વાસણ તે જ દિવસે ત્રણવાર ધોવાઈ જાય તો પછી એમાં બનાવેલ વસ્તુ એ જ દિવસે પણ ત્યાં વહોરી શકાય તથા વિશિષ્ટકારણ હોય તો તે આધાકર્મી ગોચરીવાળા ઘરમાં અન્ય ઘરમાંથી લવાયેલ સુકી વસ્તુ વહોરવામાં પણ દોષ નથી. ટુંકમાં આધાકર્મીનો લેશ પણ અંશ અન્ય વસ્તુમાં ભેગો નથી થયો એવો ૧૦૦% વિશ્વાસ હોય તો માત્ર ગીતાર્થો જ કારણવશાત્ એ ઘરે એ વસ્તુ વહોરી શકે. પણ કારણ ન હોય તો એ ન જ વહોરે, અન્યથા અનવસ્થા ઉભી થાય.

(૩) પાના નં. ૭૩ : સાધુ વગેરે દાળ-શાક વહોરી લે અને એટલે પછી શ્રાવક પોતના જ માટે ફરી દાળ-શાક બનાવે તો એ પશ્ચાત્કર્મ ગણાય. સુખડીના છેલ્લા બે-ચાર ટુકડા વધ્યા હોય અને એને સાધુ વહોરી લે તો પછી રોજ સુખડી વાપરનારા શ્રાવકો તરત જ જો સુખડી બનાવે તો એ પશ્ચાત્કર્મ. પણ ૧૫-૨૦ ટુકડામાંથી બે-ચાર વહોરે તો શ્રાવકો કંઈ તરત જ સુખડી નહિ બનાવે, ૧૫-૨૦ ટુકડા ખાલી થાય ત્યારે બનાવશે, એટલે એમાં આરંભ મોડો થતો હોવાથી ત્યાં પશ્ચાત્કર્મ ન ગણાય.

(૪) પાના નં. ૭૪ : ગરીબો માટે બનાવેલ ભોજન નિર્દોષ હોય તો પણ એ માત્ર અનુકંપાદાન રૂપ હોવાથી સાધુઓને ન કલ્પે.

(૫) પાના નં. ૭૮ : કેટલાક વિદ્વાનો આધાકર્મી પાત્રામાં રહેલ ગોચરીને પૂતિદોષવાળી ગણતા નથી. શ્રાવકોના આધાકર્મી વાસણોમાંની વસ્તુને જ પૂતિદોષવાળી ગણે છે.

(૬) પાના નં. ૮૮ : સાધુ માટે રસોઈ વહેલી-મોડી બનાવે, પણ રસોઈનું પ્રમાણ જો વધે નહિ તો એ બાદરપ્રાભૃતિકા ગણાય, રસોઈનું પ્રમાણ વધે તો મિશ્રદોષ લાગે. કેટલાક ગીતાર્થોનું મન્તવ્ય આ પ્રમાણે છે કે સાધુને જોઈને ઉતાવળથી ગ્યાસ ઉપરથી રોટલી ઉતારે તો આધાકર્મી પણ સાધુ વહેલા-મોડા આવવાનું જાણી રોટલી વહેલી-મોડી ઉતારે તો એ બાદરપ્રાભૃતિકા ગણવી.

(૭) પાના નં. ૯૨ : "શ્રાવક આપણી સાથે અજૈનોના ઘરોમાં આવી સાધુઓનો પરિચય કરાવી અજૈનોને આપણા પ્રત્યે સદ્ભાવવાળા બનાવે એ દોષ રૂપ નથી. એ પરભાવકીતમાં ન ગણવું.' એમ પણ કેટલાક વિદ્વાનોનો અભિપ્રાય છે.

(૮) કેટલાક વિદ્વાનો બલવંતને નિર્દોષ ગણે છે.

જોડાઓ.... જોડાઓ.... જોડાઓ....

**સત્સંગની અને સંસ્કરણની સાથોસાથ**
**સમ્યગજ્ઞાન આપતી અજોડ સંસ્થા એટલે...**

શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય**

# પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

પ્રેરણામૂર્તિ : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
**તથા પૂ. સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીના સ્વર્ગીય માતુશ્રી**
**સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ**

પ્રેરણાદાતા : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**

સંયોજક : **પૂ. મુનિશ્રી જિતરક્ષિતવિજયજી મ.સાહેબ**

---

**સંસ્કૃત પાઠશાળાની કેટલીક વિશિષ્ટતાઓ :**

● ૩ કે ૫ વર્ષનો કોર્ષ ● રહેવાનું અને જમવાનું નિઃશુલ્ક ● પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-સંસ્કૃત-પ્રાકૃતાદિનો અભ્યાસ ● અંગ્રેજી-સંગીત-નામું-કોમ્પ્યુટર-પૂજનાદિનો કોર્સ ● વિવિધ પ્રકારની સ્કોલરશીપ અને ઈનામો ● મુમુક્ષુ આત્માઓને સંયમની વિશિષ્ટ તાલીમ ● અભ્યાસ પૂર્ણ થયા બાદ સારી પાઠશાળામાં ગોઠવવા પ્રયત્ન

---

તા.ક.: આ સંસ્થામાં દાન આપવાની ભાવનાવાળા
પુણ્યશાળીઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.

સંપર્કસ્થળ : **પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
**તપોવન સંસ્કારપીઠ**, મુ. અમીયાપુર, પો. સુઘડ,
જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪. ફોન : (૦૭૯) ૨૩૨૮૯૭૩૮, ૨૩૨૭૬૯૦૧-૯૦૨

**લલિતભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૦ ૬૦૦૯૩**
**રાજુભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૫ ૦૫૮૮૨**

---

**નોંધ** : પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, પંડિતવર્યોને પરિચિતોમાંથી વિદ્યાર્થીઓને મોકલવાની પ્રેરણા કરવા વિનંતી છે. તપોવન પધારો તો અવશ્ય સંસ્કૃત પાઠશાળાની મુલાકાત લેવાનું ચૂકશો નહિ.

પૂ.પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના ચિંતનોથી ભરપૂર

# મુક્તિદૂત

## માસિક

**સંપાદક : ગુણવંત શાહ**

**સહસંપાદક : ભદ્રેશ શાહ**

**માસિકના ગ્રાહક બનવાથી આપશ્રીને**

પૂજ્યશ્રીના પરોક્ષ સત્સંગનો લાભ મળશે.

૭૨ વર્ષના અનુભવોનો નિચોડ મળશે.

ધર્મ-સંસ્કૃતિ-રાષ્ટ્ર રક્ષાના ઉપાયો જાણવા મળશે.

**થોડામાં ઘણુ જાણવાનું મળશે.**

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

લવાજમ ભરવાનું સ્થળ :

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જી.પ્ર. સંસ્કૃતિ ભવન ૨૭૭૭, નિશા પોળ,

રિલીફ રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૫૮૨૩

પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની પ્રેરણાને ઝીલીને હવે...

# દેશ વિદેશમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધના કરાવવા માટે યુવાનોની સાથે તપોવનીઓ સુસજ્જ

**જૈન સંઘના અગ્રણી માનનીય ટ્રસ્ટીવર્યો !**

**આપના ગામ કે નગરમાં જો પર્વાધિરાજ પર્યુષણપર્વની આરાધના કરાવવા માટે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો તે માટે**

## અમારા યુવાનો તથા તપોવની બાળકોને દર વર્ષે જરૂરથી બોલાવજો.

**આ યુવાનો તથા તપોવનીઓ આપના જૈન સંઘમાં**

(૧) અષ્ટાહ્નિકા તથા કલ્પસૂત્રની પ્રતનું સુંદર વાંચન કરશે.

(૨) રાત્રે પરમાત્મભક્તિમાં બધાને રસતરબોળ કરી દેશે.

(૩) બન્ને ટાઈમના પ્રતિક્રમણ વિધિ-શુદ્ધિપૂર્વક કરાવશે.

(૪) શ્રીસંઘના ઉલ્લાસ પ્રમાણે રસપ્રદ વિવિધ પ્રવૃત્તિઓ કરાવશે.

**જો આપના સંઘમાં સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો જ નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને ભરીને અમને મોકલી આપો.**

**નમ્ર સૂચન**

આરાધના કરાવવા આવનારને ગાડીભાડું વગેરે શ્રી સંઘે બહુમાનરૂપે આપવાનું રહેશે.

**ફોર્મ ભરીને મોકલવાનું સરનામું**

પર્યુષણ વિભાગ : સંચાલક શ્રી
શ્રીયુત લલિતભાઈ ધામી / રાજુભાઈ
C/o. તપોવન સંસ્કારપીઠ
મુ. અમીયાપુર, પોસ્ટ : સુઘડ
ગાંધીનગર - ૩૮૨૪૨૪.
ફોન : ૦૭૯-૨૩૨૭૬૯૦૧-૨-૩.

# ઓ માતાઓ ! ઓ પિતાઓ !

## તમારો લાડકવાયો

ઉચ્ચ શિક્ષણ સાથે સુસંસ્કાર મેળવે

તેવું તમે ઈચ્છો છો ?

ઘડપણમાં તમારી સેવા કરે

તેવું તમે ઈચ્છો છો ?

વડિલોનો વિનયી બને

તેવું તમે ઈચ્છો છો ?

દેવ અને ગુરુનો ઉપાસક બને

તેવું તમે ઈચ્છો છો ?

જિનશાસનનો સાચો શ્રાવક બને

તેવું તમે ઈચ્છો છો ?

અને તમારા ઘરનો કુળદીપક બને

તેવું તમે ઈચ્છો છો ?

**તો, તેને ત્રણ વર્ષ માટે તપોવનમાં પ્રવેશ આપવો જ રહ્યો.**

**ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના**

**સોપાન સર કરવાના લક્ષને વરેલા**

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વકતૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં **Speech** આપતાં પણ શીખે છે...

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભક્ત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**

णमो तित्थस्स

णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स

**હે શાસન શણગાર !**

**હે હજારો સંયમીઓના હૃદયસિંહાસને બિરાજમાન રાજાધિરાજ !**

**હે નિષ્કામ કરુણાસાગર !**

**હે શ્રમણ ભગવાન મહાવીર !**

આ તારો અમારા પ્રત્યેનો કેવો ગજબનો વાત્સલ્યભાવ ! અમે દીક્ષા લીધી, એ જ દિવસથી અમારા ચારિત્રના રક્ષણ - સંવર્ધન માટે તેં એક-એક નહિ, પણ આઠ આઠ માતાઓ અમારી તહેનાતમાં ગોઠવી દીધી.

પણ **પ્રભો** ! ભીષણકાળના પ્રભાવ હેઠળ અમેય કેવા કપૂત પાક્યા કે તેં દર્શાવેલ લગભગ એક પણ માતાનું સમ્યક્ પાલન કરનારા અમે ન બની શક્યા. સતત એ આઠ માતાઓની ઉપેક્ષા જ કરતા રહ્યાં.

આજના ભૌતિક સુખો પાછળ લંપટ બનેલા યુવાનો જેમ પોતાની સગી માતા સામે નજર સુધ્ધાં પણ ન નાંખે, એમ બહિર્મુખતાના ઘોર પાપમાં ભાન ભૂલેલા અમે પણ અમારી આઠ માતાઓને તો તદ્દન ભૂલી જ ગયા રે ! એના નામ, એનું સ્વરૂપ પણ ભૂલી ગયા.

હે **વર્ધમાન** ! હવે તો એક માત્ર તારો જ આધાર છે.

તું તો અનંતશક્તિ સંપન્ન છે. એવા આશિષ અમારા ઉપર વરસાવ કે અષ્ટપ્રવચન માતાના શ્રેષ્ઠતમ પાલક અમે બનીએ.

અમે એ કદિ ન ભૂલીએ કે<br>
અષ્ટપ્રવચન માતા વિરાટ સમુદ્ર સમાન દ્વાદશાંગીનો સાર છે.<br>
અષ્ટપ્રવચન માતા પાંચ મહાવ્રતસ્વરૂપ છે.<br>
અષ્ટપ્રવચન માતા શ્રમણજીવનનું ધબકતું હૃદય છે.<br>
મારા વ્હાલા મહાવીર !<br>
શું અમારી આટલી વિનંતિ નહિ સ્વીકારો ?

**લિ. વીર શ્રમણ**

बकुशकुशीलनिर्ग्रन्था : श्रुतमपेक्ष्य जघन्येन प्रवचनमातृषु भवन्ति, अष्टप्रवचनमातृपरिपालनरूपे चारित्रे अष्टप्रवचनमातृज्ञानस्यावश्यमपेक्षितत्वेन तदर्थमष्टप्रवचनमातृप्रतिपादकश्रुतस्य जघन्यतो व्यपेक्षणीयत्वात् ।

બકુશ અને કુશીલ સાધુઓ ઓછામાં ઓછું અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન તો ધરાવતા જ હોય, કેમકે અષ્ટમાતાના પરિપાલનરૂપ ચારિત્રમાં અષ્ટમાતાનું જ્ઞાન અવશ્ય અપેક્ષિત હોવાથી તે માટે તેઓને ઓછામાં ઓછુ અષ્ટમાતાનું નિરૂપણ કરનાર જ્ઞાન તો હોવું જ જોઈએ.

***ગુરુતત્ત્વવિનિશ્ચય ઉલ્લાસ ૪ ગાથા-૬૭***

समितिगुप्तीनां महाव्रतरुपत्वेन... અર્થ : સમિતિ અને ગુપ્તિઓ મહાવ્રતરૂપ હોવાથી ...

***ઉપદેશપદ વૃત્તિ ગાથા-૬૦૨***